1939 - ૧૯૩૯ (1)

વાર્ષિક લવાજમ
રૂા. ૨ બે.
સભ્ય માટે
વાર્ષિક રૂા. ૧ એક

# પ્રબુદ્ધ જૈન

છુટક નકલ
દોઢ આનો.

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.

તંત્રી: મણિલાલ મહોકમચંદ શાહ.

વર્ષ ૧ લું. તા૦ ૧-૫-૩૯ અંક ૧ લો.

## વિષયસૂચિ.

| | પાનુ |
|---|---|
| ૧ પ્રબુદ્ધ જૈન ... ... ... કાકા કાલેલકર. | ૧ |
| ૨ કલિકાળસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય ... શ્રી. અમીચંદ | ૨ |
| ૩ લગ્ન: ચારિત્ર્ય ઘડતરનું સાધન શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ. | ૩ |
| ૪ પ્રબુદ્ધ જૈનનું પુનરાગમન. | ૪ |
| ૫ સમગ્ર સુચન ... ... શ્રી પરમાનંદ કાપડિયા. | ૫ |
| ૬ અજાત શત્રુ ? (કાવ્ય) શ્રી ઝવેરચંદ મેઘાણી. | ૮ |
| ૭ શુભેચ્છાના સંદેશાઓ. | ૭ |

## જૈનોના નાણાંનો દુર્વ્યય

### મંદિરો અને ગ્રંથોને બદલે માનવીને ક્યારે પૂજશું ?

જૈન ધર્મની પડતી કેમ થઇ તેનો આજે વિચાર કરકરવાનો છે. ઉપાશ્રયમાં બેસીને જૈન ધર્મની સેવા થઇ શકતી નથી. દહેરાસરોમાં જવાથી અને કપાળે કેસરનો ચાંલ્લો કરવાથી જૈન યાને શ્રાવક થવાતું નથી.

જૈનોની સંખ્યા ઓછી છે. પણ એ ઓછી સંખ્યા જો શક્તિશાળી હશે તો સમસ્ત જનતાને કેળવીને ઉજ્વળ બનાવવા પુરતી છે.

આપણે બાહ્યાચારમાં આબેહુબ જૈનો છીએ. મંદિરો પાછળ લાખો રૂપિઆ વેરીએ છીએ. પણ આપણે મૂળ વસ્તુ એટલે કે ધર્મની તો દરકાર કરતા નથી. ધર્મ હશે તો એ દહેરાઓની ઇમારતો હશે. માટે ધર્મની પ્રથમ રક્ષા કરવી જોઇએ.

કેટલાક જૈનો ગ્રંથોની પુજા કરે છે, પણ તેનો તેઓ અભ્યાસ કરતાજ નથી. આપણે ગ્રંથો રાખવા માટે સોના ચાંદીના કબાટો બનાવીએ છીએ. અલબત્ત એ શ્રધ્ધાનો વિષય છે. આપણે ગ્રંથને શોભાયમાન કરવાનો પ્રયાસ કરીએ તે સાથે ગ્રંથનો અભ્યાસ કરવાની પણ આવશ્યકતા છે.

દિગંબર શ્વેતાંબરના ઝગડા સમાજને સળગાવી રહ્યા છે. જૈનો ઝઘડા પાછળ, બેરીસ્ટરો, વકીલો પાછળ કરોડો રૂપીયા ખરચે છે. એ રૂપિયાનો ઉપયોગ જૈનોના કલ્યાણ માટે થયો હોત તો કેવું સારૂં ?

(મહાવીર જયંતિ પ્રસંગે મુંબઇ સરકારના નાણાં મંત્રી શ્રી લઠ્ઠેના પ્રવચનમાંથી.)

## પ્રબુધ્ધ જૈન.

**કાકા કાલેલકર.**

જ્યારથી યુરોપિયન લોકો આ દેશમાં આવ્યા ત્યારથી એમણે આ દેશને ઓળખવાનો પ્રયત્ન કર્યો છે. મોટા મોટા વિદ્વાનોએ હિંદુસ્થાનમાં શોધખોળ કરી હિંદુ ધર્મ અને સંસ્કૃતિ ઉપર પ્રકાશ પાડ્યો. ત્યાર પછી કર્નલ આલકોટે અને મિસીસ એની બિસેંટે. આ પ્રતિભાશાળી વ્યક્તિઓએ હિંદુસ્થાનની બ્રમ્હવિદ્યાનું અધ્યયન કરવા માટે થિઓસોફીકલ સોસાયટીની સ્થાપના કરી. પણ હિંદુસ્થાનની અસ્મિતાનું ભાન આવ્યું સ્વામી વિવેકાનંદની અમેરિકાની યાત્રા પછી જ. સ્વામી વિવેકાનંદ જ્યારે અમેરિકાથી હિંદુસ્થાન પાછા આવ્યા ત્યારે એમણે પથારીમાં આળોટતો પણ ઉંઘમાંથી ઉઠેલો હિંદુસ્થાન જોયો. જાગેલાને બેઠો કરવા અને ત્યાર પછી પોતાના પગ ઉપર ઉભા રહી ચાલતો કરવા સ્વામી વિવેકાનંદે 'પ્રબુધ્ધ ભારત' કરીને એક માસિક ચલાવ્યું. એમાં વેદાંત ધર્મના પાયા ઉપર સામાજિક, ધાર્મિક, શિક્ષણ વિષયક અને સાંસ્કૃતિક જાગ્રતિની નવી ઇમારત ઉભી કરવાનો એમણે પ્રયાસ કર્યો. વેદાંત પંડિતોના ચર્ચા મંડળમાં છણી કાઢવાનો વિષય નથી, ગુફામાં બેસી પલાંઠી વાળીને ટટાર બેસી નાક પકડીને ઉંઘ તાણવાની સગવડ કરી આપનાર એ દર્શનશાસ્ત્ર નથી. પણ વેદાંત એ એક સાર્વભૌમ જીવનદર્શન છે એમ સિધ્ધ કરી જીવનને અંગે ઉઠતા તમામ સવાલોનો ઉકેલ આણવાની તે એક ગુરૂ કુંચી ( Master Key ) છે, એમ એમણે જોયું અને તે પ્રમાણે હિંદુસ્તાનને પ્રેરણા આપી. આપણે બ્રમ્હ સમાજમાં અને આર્ય સમાજમાં જોઇએ છીએ એજ પ્રેરણા આપણે અરવિંદ ઘોષમાં અને ટાગોરમાં જોઇએ છીએ. અને એજ પ્રેરણાનો અદ્વિતીય વિસ્તાર અહિંસાવાદી ગાંધીજીના કાર્યરાશિમાં આપણે અનુભવીએ છીએ.

**જૈનદર્શન પણ એવું જ એક જીવનવ્યાપી સાર્વભૌમ દર્શન છે. સ્યાદવાદની ભૂમિકા ઉપર અહિંસા અને તપના સાધન વડે આખી દુનિયાનું સ્વરૂપ ફેરવવાની શક્તિ અને અભિલાષા જૈનદર્શનમાં છે અથવા હોવાં જોઇએ. વિનાશની અણી ઉપર આવી પહોંચેલા આ જગતને જો છેલ્લી ઘડીએ બચી જવું હોય તો એણે સ્યાદવાદરૂપી બૌધ્ધિક અહિંસા સ્વીકારવી જ જોઇએ. અહિંસારૂપી નૈતિક સાધના આચરવી જ જોઇએ. અને અને તપરૂપી સંકલ્પ સામર્થ્ય કેળવી ઉપરની સાધનાની પૂર્વ તૈયારી કરવી જ જોઇએ.**

એ સંદેશો શાસ્ત્રી પંડિતો દુનિયાને ન આપી શકે.

( બીજા પાના ઉપર ચાલુ )

# કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય

"શ્રી હેમચન્દ્રાચાર્ય એટલે પ્રખર વિદ્વાન, કવિ, ઇતિહાસકાર, વઇયાકરણુ ને કેશકાર-ગુજરાતના કલિકાળ સર્વજ્ઞ, ગુજરાતની એકતા અને મહત્તાને પોતાની કલ્પનાવડે મૂર્ત કરતા વિશ્વકર્મા."                **ઓ. શ્રી કનૈયાલાલ મુનશી**

ગુજરાતમાં આવેલ વૈરાટ દેશમાં ધંધુકા અંદર વિ. સં. ૧૧૪૪ ના કાર્તિકી પુર્ણિમાના દિવસે 'ચચ્ચ' નામના વણીકને ત્યાં 'પાહીણી' ની કુખે એક તેજસ્વી બાળકનો જન્મ થયો.

પિતા ધર્મે શૈવ છે. માતા ચુસ્ત જૈનધર્મી છે, તેની કુલદેવી ચામુંડા-સચ્ચાઇમાતા છે, એથી કુળદેવીના નામના પહેલા અક્ષર ઉપરથી બાળકનું નામ 'ચાંગ દેવ' પડયું. બાળક માતાની વહાલ સોઇ હુફમાં ઉછરતો ને જૈનધર્મના સંસ્કારી ઘુંટડા પીતો સાત વર્ષનો થયો. તેવામાં વિદ્વાન, વિચારક ને સમર્થ દેવેન્દ્રસુરી નામના આચાર્યની નજરે પડયો. એની ચતુરાઇને લક્ષણો જોતાં સુરીજીને લાગ્યું કે 'જો આ બાળક ક્ષત્રિયકુળનો હશે તો રાજાઓનો રાજા થશે. વાણીયા બ્રાહ્મણ કુળનો હશે તો મહા અમાત્ય બનશે અને જો સાધુ થશે તો મહા પ્રભાવિક થઇ જગતનું કલ્યાણ કરશે.

ચાંગદેવનાં લક્ષણો જોતાં સૂરિજી શિષ્ય કરવા લલચાયા. છતાં અત્યારની પેઠે જે આવ્યો તેને મુંડી નાખી શિષ્યોની જમાત મોટી કરવા પાછળ ઘેલા બનેલાઓની પેઠે ઘેલા બન્યા નહોતા. એટલે ધંધુકાના જૈન સંઘમાંથી પાંચ સાત આગેવાન ગ્રહસ્થોને સાથે લઇ 'ચચ્ચ' ના ઘેર ગયા ચચ્ચ તો બ્હાર ગામ ગયેલો એટલે પાહીણિ દેવી સાથે વાતચીત કરી અને ચાંગદેવની માંગણી કરી. માતાનો પુત્ર પ્રત્યે અતિપ્રેમ છે. એની એ આશા છે. એટલે પુત્ર કેમ સોંપાય! છતાં ભાવિનો વિચાર કરી જગત કલ્યાણ અર્થે ચાંગદેવને સોંપ્યો. ગુરૂની ઇચ્છાનુસાર શિષ્ય તો મળ્યો. પરંતુ તેને મેળવવાની ઉતાવળ ન કરતાં સાથે રાખી અભ્યાસ કરાવવા માંડયો. આમ કરતાં ત્રણ વર્ષ પસાર થયા સૂરિની ઇચ્છા ચચ્ચની રજા સિવાય દીક્ષા આપવાની નહોતી. આખરે એ દિવસ આવી પહોંચ્યો.

દેશાવરથી ઘેર આવતાં ચચ્ચ પોતાના પુત્રની હકિકતથી વાકેફ થતાંજ ધુવાંફુવાં થયો અને જ્યાં દેવેન્દ્રસુરિ ચોમાસુ હતા ત્યાં ખંભાત પહોંચ્યો, પુત્રને સમજાવ્યો, પટાવ્યો. છેવટે ચચ્ચને લાગ્યું કે આ દીક્ષાને જ લાયક છે. એટલે પોતે સંમતિ આપી. આખરે તેની હાજરીમાં વિ. સ. ૧૧૫૪ માં ખંભાત મુકામે દેવેન્દ્ર સુરિએ ચાંગદેવને દીક્ષા આપીને સોમચંદ્ર નામ પાડયું

દીક્ષા લીધા પછી સોમચંદ્રમુનિ બાર વર્ષમાં તો અનેક શાસ્ત્રોમાં પ્રવીણ થયા. છએ દર્શનનો અભ્યાસ કર્યો. સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં નિપુણતા મેળવી. કાવ્ય, નાટક, કલા, તર્ક, ન્યાય, વ્યાકરણ, વિગેરેમાં પારંગત થયાને ચારિત્ર્ય તપ અને બુદ્ધિના કસોટીમાંથી પાર ઉતરતાં એકવીસ વર્ષની ઉમરે વિ. સં. ૧૨૬૬ માં સોમચંદ્રમુનિ મટીને હેમચંદ્રાચાર્ય થયા.

ગુજરાતની પાસે પોતાનાં વ્યાકરણના, દેશી શબ્દોના કોષની ઉણપ હતી. એથી ગુજરાતને બીજાના વ્યાકરણ પર જીવવું પડતું. આ ઉણપ મિટાવવા આજ મહાપુરૂષે કમ્મર કસી. ને બાર માસમાં સવા લાખ શ્લોકનું પંચાંગી 'સિદ્ધહેમ વ્યાકરણ' તૈયાર કર્યું, સિધ્ધરાજનો 'સિધ્ધ' અને હેમચંદ્રાચાર્યનો 'હેમ' શબ્દ લઇ 'સિધ્ધહેમ' નામ રાખ્યું. રાજ્યે તેનું બહુમાન કર્યું ઠેરઠેર પાઠશાળાઓમાં ભણાવવું શરૂ થયું. આજે પણ જગતમાં તે વ્યાકરણ શ્રેષ્ટ કોટીનું ગણાય છે. 'સિદ્ધહેમ' વ્યાકરણની સિદ્ધિ પછી, સમગ્ર ગુજરાત માટે જે કામ મહામુશ્કેલ હતું તે કામ ઉપાડી દેશી શબ્દોનો કોષ તૈયાર કરી 'અભિધાન ચિંતામણી' બનાવ્યું. કવિ તરીકે સંસ્કૃત અને પ્રાકૃતમાં 'દ્વયાશ્રય' કાવ્યને 'કુમારપાળ ચરિત્ર' બનાવ્યું. તેમ શબ્દોનું શાસન, છંદોનું શાસન, કાવ્યોનું શાસન, લિંગોનું શાસન, ધાતુ–પાઠ–વૃત્તિ, પ્રમાણ–મિમાંસા, અલંકાર ચુડામણી, અભિધાન ચુડામણી, વિગેરે લોકોપયોગી ગ્રંથ લખી ગુજરાતનાં 'વિશ્વકર્મા' નું બિરૂદ પ્રાપ્ત કર્યું.

દરેક ધર્મમાં સમભાવ રાખનાર, તેમજ સમગ્ર દેશના સેવાનાં કાર્યો કરનાર આ મહાપુરૂષે કુમારપાળ પાસે કાનુનો કરાવી મદ્યનિષેધ કરાવ્યો, જુગાર બંધ કરાવ્યો, પશુ પક્ષીનાં શિકાર બંધ કરાવ્યાં, પશુ પક્ષીઓની સાઠમારી બંધ કરાવી. અપુત્રોની મિલ્કત રાજાઓ લઇ જતા તે બંધ કરાવી. સમગ્ર દેશમાં 'અમારી' ઘોષણા કરાવી. અહિંસાનું સામ્રાજ્ય જમાવનાર તેમ લોકોની સેવા બજાવનાર આ મહાપુરૂષને સમગ્ર ગુજરાત થોડા સમયથી પુરેપુરૂં ઓળખવા માંડયું એ ગુજરાતના સદ્દભાગ્ય.                **શ્રી અમીચંદ**

---

(૧ લા પાનાનું ચાલુ)

કેમકે દુનિયામાં એમના કરતાં વધારે બુધ્ધિશાળી અને ઓછા પામર લોકો ગમે તેટલા પડેલા છે, એ સંદેશો શબ્દજડ અને ગ્રંથપરતંત્ર સાધુમુનિઓ અને આચાર્યો ન આપી શકે. કેમકે તેઓ પોતાના સમાજના, પોતાના અજ્ઞાનના અને એ બંનેને પોષણ આપનાર રૂઢિઓના અનુયાયી છે. તેઓ વાંચેલી અને સાંભળેલી વાતો કરે છે, અનુભવેલી વાતો નથી કરતા. તેમને સિધ્ધાંતોના અર્થોનું દર્શન ભલે થયું હોય પણ વિશાળ અને ગંભીર માનવજીવનનું દર્શન નથી થયું.

એ સંદેશો ભૂતકાળને ન સમજનાર, ભવિષ્યકાળને ન નિહાળી શકનાર અને વર્તમાન કાળના સંકુચિત સ્થળ કાળથી મર્યાદિત એવા આજકાલના લેખકો અને સંપાદકો, ન્યાતિભૂષણો અને સંસાર સુધારકો ન આપી શકે કેમકે એમની શ્રધ્ધા એમના જીવન જેટલીજ પોચી અને છીછરી છે. તેઓ જીવનના વિદ્યાર્થી ભલે હોય પણ જીવનવીર નથી. પ્રયોગ પરાયણતાથી તેઓ બીએ છે. મહાસાગરમાં પોતાનું અને પોતાના સમાજનું વહાણ હંકારનાર અને એક ધ્રુવને આધારે ગમે તેવા પાણીમાં અકુતોભય સંચાર કરનાર વહાણવટીઆઓ તેઓ નથી.

પણ એ સંદેશો દુનિયા આગળ મુકાયો છે. જેમણે મહાવીરની વાણી પ્રત્યે નિષ્ઠા કેળવી છે તેમનો ધર્મ છે કે તેઓ એ સંદેશો સમજે, આચરે અને એનો વિસ્તાર કરે. 'પ્રબુધ્ધ જૈન' જૈન સમાજને અને એની સાથે ભારતીય સમાજને જાગેલો જોઇ જો બેસતો કરે અને ઉઠીને ચાલવાની પ્રેરણા આપે તો એણે જૈન દર્શનને જીવન દર્શન બનાવ્યું કહેવાય.

એ સંદેશાના મંત્રો જેમણે સાંભળ્યા છે, એ સંદેશાના અવાજથી જેઓ અસ્વસ્થ થયા છે એવાઓની વાણીને એકત્ર કરનાર સ્થાન પ્રબુધ્ધ જૈન બની જાય તો એની હસ્તી કૃતાર્થ થશે.

# લગ્ન : ચારિત્ર્ય ઘડતરનું સાધન

( શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ )

[ મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય હેઠળ મુંબઈ સરકારના સોલીસીટર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે 'આપણી લગ્ન સંસ્થા' એ વિષય ઉપર આપેલ વ્યાખ્યાનનો સાર ]

'લગ્નસંસ્થા'નો વિષય એટલો બધો વ્યાપક અને જટિલ છે કે અગ્રણી વિચારકો સદાય ભિન્ન ભિન્ન મત પ્રગટ કરતા રહયા છે.

લગ્ન તો મનુષ્ય માટેની વસ્તુ છે. આ સંસ્થા દેવ કે પશુ માટે નથી રચાઇ. મનુષ્ય- જાતિના અસ્તિત્વથી આ વિષયની અનેક રૂપાંતરે ચર્ચા થઇ છે અને અંત સુધી થવાની જ.

અત્રે આપણે એટલું જ જોઇશું કે લગ્ન સંસ્થાનું ધ્યેય શું ? અને આજની પરિસ્થિતિમાં એ કઇ રીતે આવી ?

મારા મત પ્રમાણે લગ્ન એ મનુષ્યના ચારિત્ર્ય ઘડતરનું સાધન છે. સામાજિક વ્યવસ્થાનું એ મૂળ છે. વ્યકિત ગમે તેમ રહેવાની વાત કરે પરંતુ આખા સમાજની વ્યવસ્થાનો જ્યાં સવાલ હોય ત્યાં સમાજ વ્યકિત સામે થશે જ.

લગ્નના પ્રકાર ઘણા છે. આપણા જ ઇતિહાસમાં રામ-સીતાનું આદર્શ દમ્પતિ દષ્ટાંત છે; પાંચ પાંડવની એક પત્ની તરીકે દ્રૌપદીનો દાખલો છે. એ ઉપરાંત એક પુરૂષે અનેક પત્ની રાખી હોય એવી વાતો તો તદ્દન સ્હેલાઇથી આપણે મેળવી શકાશું. હજી પણ હિંદુ લગ્નમાં એક પુરૂષને એક કરતાં વિશેષ પત્ની કરવાની કાયદેસર છુટ છે.

એટલું ચોકકસ છે કે કોઇ કાળમાં લગ્ન સંસ્થા સ્થિર કે એક જ ધોરણ પર નથી રહી. સમાજના વ્યવહાર મુજબ એમાં ફેરફારો થયા જ કર્યા છે. જંગલમાં સ્ત્રી પુરૂષ સાથે ભટકતા હોય અને ઇચ્છિત વર્તન કરે એને આપણે લગ્ન નથી ગણતા. લગ્નસંસ્થાની ઉત્પત્તિ તો સામાજિક વ્યવહારના નિયમન અંગે જ છે.

સામાન્યપણે જેને આપણે ધર્મ કે નીતિ સમજીયે છીએ તે કોઇ ઇશ્વરદત્ત આદેશ છે જ નહિ. જે કાળમાં બ્રાહ્મણો સંસ્કારના સ્વામી હતા અને પોતે જે પ્રકારની વ્યવસ્થા ઇચ્છતા હતા એને એમણે ધાર્મિક અને નૈતિક સ્વરૂપ આપ્યું. અન્યથા બધું અધર્મ અને અનીતિમાં ખપ્યું.

ઇતિહાસનાં પાનાં પરની એક ઉપરછલ્લી દ્રષ્ટિ આપણને કહે છે કે પ્રથમ આર્યો હિંદમાં આવ્યા ત્યારે થોડી સંખ્યામાં આવ્યા. બીજે દેશ જીતવા નીકળનારા પ્રથમ અલ્પ સંખ્યામાં જ જાય છે. અહિં આર્યો ઉતરી આવ્યા ત્યારે અનાર્યોની સંખ્યા ખુબ મોટી હતી.

આર્યપુરૂષો માટે સ્ત્રીઓની તદ્દન અછત હતી. આ એક જ ઐતિહાસિક હકીકતે આપણી સામાજિક પરિસ્થિતિનું મૂળ રોપ્યું. આર્યોને પોતાને સ્ત્રીઓ જોઇતી હતી એટલે પુરૂષ હલકી કોમમાં લગ્ન કરી શકે એવી છુટ આપી. એથી સ્ત્રી અનુલોમ લગ્ન ત્યારના વખતનો ધર્મ હતો. વળી આર્યો ખુબ અહંભાવી હતા. પોતાની કન્યાઓ હલકી કોમમાં પરણે એ એમને રૂચતું નહોતું એટલે પ્રતિલોમ લગ્નની બંધી ફરમાવી.

માણસ લગ્ન ન કરે તો એને માટે અનિયંત્રિત વ્યવહારનો માર્ગ રહે છે. લગ્ન એટલે જ અમુક મર્યાદા અને બંધન. પુરૂષની વૃતિ ભ્રમર જેવી છે. એનામાં **Polygamous instinct** મૂળથી છે. એ પર નિયમન ન હોય તો એનો વ્યવહાર વિઘાતક નીવડે. આવા વ્યવહારમાં પડેલી વ્યકિતઓ પોતાની જાતનો નાશ કરે અને સમાજ માટે ભયરૂપ બને એટલે કોઇ ઉપાયે મર્યાદા મૂકવી આવશ્યક છે.

એક પુરૂષ અને એક સ્ત્રી આજીવન સાથે જોડાયેલા રહે. અને પોતાના સંબંધને ક્ષણિક ન માને એ લગ્નની ઉંચામાં ઉંચી કક્ષા છે.

ઉપરની દ્રષ્ટિએ જોતાં લગ્નનો પાયો સંયમ છે. પરંતુ એનું ધ્યેય તો આનંદ છે. પાયો સંયમ અને ધ્યેય આનંદ એ બન્ને વસ્તુ ઘર્ષણ જગાડનારી છે. આપણે વિચાર્યું કે બંધનમર્યાદા તો હોવી જોઇએ. પરંતુ બંધન જો એવાં હોય કે એથી માણસ ત્રાસે તો લગ્નનો પાયો એ ભૂલી જાય છે. એટલે જો બંધનમાં પણ આનંદ જોઇતો હોય તો તે બહારથી લદાયેલાં ન હોવાં જોઉએ. સ્વેચ્છાથી સ્વીકાર્ય થઇ શકે એવી મર્યાદા રહેવી જોઇએ. બહારનાં આકરાં બંધન માણસને લગ્નનાં ધ્યેય (આનંદ) સુધી નથી લઇ જતાં.

સમાજમાં આવું બંધન કે મર્યાદા ચાર વસ્તુના જોરથી પ્રવર્તે છે. (૧) ધર્મ (૨) નીતિ (૩) જાહેરમત અને (૪) કાયદો. આ ચારેય વસ્તુનો ઓછો વધતો હિસ્સો રહેલો છે. વિધિનિષેધો અને જરૂરિયાત મારફત બ્રામ્હણોએ ધર્મ, નીતિ ઉભા કર્યા. કાયદો કદી જાહેરમતથી આગળ જઇ શકતો નથી. **Law is always behind public opinion.** કાયદો જાહેરમતથી આગળ વધે તો અર્થશૂન્ય અક્ષરો તરીકે જ જીવે છે.

( વધુ માટે જુઓ પાનું ૬ ઠું )

---

( ૫ મા પાના થી ચાલુ )

રકમ મંદિરની મૂડીમાંથી આપવાની છે એવો કોર્ટનો ચુકાદો છે. આલકું મોટું બીલ કરવા માટે માત્ર મંદિરના સોલીસીટરોનેજ દોષ દેવો એ યોગ્ય નથી. આવી બાબતોમાં સોલીસીટરોનો સ્વાર્થ ઝગડાઓને લંબાવવામાં અને એ રીતે પોતાનાં બીલ મોટાં બનાવવામાં રહેલો હોય છે એવી લોકમાન્યતા છે એ ખરૂં છે, પણ ઘણી વખત પક્ષકારોને પણ પરસ્પર લડવાનું અને પોતાનો મુદ્દો નામદાર કોર્ટ દ્વારા સાચો પુરવાર કરવાનું એટલું બધું તાન હોય છે કે મોટાં બીલો થવામાં સોલીસીટરોનો જ દોષ કાઢવો એ વ્યાજબી ન ગણાય. પ્રસ્તુત બાબતમાં કોનો કેટલો દોષ છે એની વહેંચણી કરવાનું અમને પ્રયોજન નથી પણ જે દેવ દ્રવ્યના નામે મંદિરોમાં ધન એકઠું થાય છે અને જેની એક પણ પાઇ લોકકલ્યાણના કાર્યમાં વાપરી ન જ શકાય એવો શાસ્ત્રો સમજનાર અને સમજાવનારનો દાવો છે તેનો વ્યય આમ નિરંકુશપણે અને અસ્ખલિત રીતે થયો જ છે. શાન્તિનાથજીના મંદિરનો તો એક દાખલો છે, પણ જ્યાં જ્યા મંદિર કે તીર્થની માલેકી કે વહીવટની સત્તાના ઝગડા ઉભા થાય છે ત્યાં લાખો રૂપિયાનું આમ જ પાણી થાય છે. જ્યાં બે વ્યકિતઓના અંગત ઝગડાઓ હોય છે ત્યાં ત્યાં વૈશ્યોને સુલભ શાણપણ આવા ઝગડાઓની સત્વર પતાવટ શોધી લે છે. પણ જ્યાં કોઇને પણ ઉપયોગમાં ન આવે એવું દ્રવ્ય એકઠું થાય છે ત્યાં કાં તો શોભા શણગાર અને પાષાણમાં અથવા તો વકીલ બેરીસ્ટર અને કોર્ટમાં જ એ દ્રવ્ય પ્રવાહ વહેતો ચાલે છે. જૈન સમાજની આ દિશાએ આંખ ઉઘાડવાની ખાસ જરૂર છે. નહિ તો દેવદ્રવ્યના નામે જમા થયેલું પુષ્કળ ધન અલ્પ સમયમાં કાં તો અંદર અંદરના કોર્ટના ઝઘડાઓને પચી જશે અથવા તો રાજસત્તાના આક્રમણનો ભોગ બની જશે.

**પરમાનંદ.**

सच्चस्स आणाए उव्हाठ्ठिओ मेहावी मारं तरई ।

સત્યની આણામાં રહેનારો બુદ્ધિમાન મનુષ્ય મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

મુંબઈ સોમવાર, તા. ૧ મે ૧૯૩૯.


## 'પ્રબુદ્ધ જૈન'નું પુનરાગમન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈ શહેરની જૈન જનતામાં આજે દશ વર્ષ થયાં કામ કરતી પ્રગતિશીલ વિચારો ધરાવતી બહુ જાણીતી જૈનસંસ્થા છે. આ સંસ્થાના મુખપત્ર તરીકે સૌથી પ્રથમ '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા**' નામનું સાપ્તાહિક કાઢવામાં આવતું હતું. એ તે દિવસો હતા કે જ્યારે દીક્ષાના પ્રશ્ને આખા જૈન જગતને ક્ષુબ્ધ બનાવી દીધું હતું અને જ્યારે એક બાજુએ આખો સ્થિતિચુસ્ત વર્ગ મુનિ રામવિજયજીની સરદારી નીચે અયોગ્ય દીક્ષાની પ્રબળ હિમાયત કરી રહ્યો હતો અને બીજી બાજુએ આખી જૈન યુવક જનતા અયોગ્ય દીક્ષાનો સબળ સામનો કરી રહી હતી. જૈન સમાજમાં નવવિચારનો એ ઉત્થાન કાળ હતો અને એ નવવિચારને યુવક સંઘ પત્રિકાએ ખુબ પ્રેરણા અને પોષણ આપ્યાં હતાં. એ પત્રિકા દોઢ વર્ષ ચાલી હતી અને ત્યાર બાદ અન્તર્ગત મુશ્કેલીઓને લીધે બંધ કરવી પડી હતી ત્યાર બાદ પાંચ છ મહિનાના ગાળે 'પ્રબુધ્ધ જૈન' નો પાક્ષિક પત્ર તરીકે પ્રથમ ઉગમ થયો હતો. આ પત્રે વડોદરા રાજ્યે અયોગ્ય દીક્ષાની અટકાયત કરનારો ધારો પસાર કર્યો તે દરમ્યાન ખુબ વેગવાન પ્રચારકાર્ય કર્યું હતું તેમજ સમાજ તેમજ રાષ્ટ્રના અનેક પ્રશ્નોની નિડરતાપૂર્વક ચર્ચા કરી રહ્યું હતું.

આ અરસામાં દેશમાં મહાત્મા ગાંધીજી અને પંડિત જવાહિરલાલજીના નેતૃત્વ નીચે સંપુર્ણ સ્વાતંત્ર્યને સિધ્ધ કરવા માટે સત્યાગ્રહ અને સવિનયભંગની લડતના મંડાણ મંડાયાં અને સરકારે ચોતરફ દમનનીતિનો અમલ શરૂ કર્યો અને છાપાઓ અને સામયિકો ઉપર વિવિધ પ્રકારનાં આક્રમણો શરૂ કર્યાં. એ વાવંટોળમાં 'પ્રબુધ્ધ જૈન' પણ સરકારી દમનનીતિનો ભોગ થઈ પડ્યું અને તેની પાસે અમુક લેખના અંગે રૂપિયા ત્રણ હજારની જામીનગીરી માંગવામાં આવી. આ સંયોગે '**પ્રબુધ્ધ જૈન**' ને બંધ કરવાની ફરજ પાડી પણ ત્યાર બાદ અલ્પ સમયમાં મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર તરીકે પ્રબુધ્ધ જૈન ના સ્થાને 'તરૂણ જૈન' પ્રગટ થવા લાગ્યું અને તે પત્રે જૈન સમાજની બે વર્ષ સેવા કરી. આજે લગભગ પોણાબે વર્ષના ગાળે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર તરીકે 'પ્રબુધ્ધ જૈન' સામયિક પત્રોની દુનિયામાં પુનઃ પ્રવેશ કરે છે.

મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રનો પ્રથમ ઉદ્‌ભવ થયો અને આજે પુનઃ પ્રગટ થાય છે તે દશ વર્ષના લાંબા ગાળામાં દેશ અને સમાજ અનેકવિધ પરિવર્તનોમાંથી પસાર થયો છે અને તેની પ્રજાજીવનના અનેક અંગો ઉપર બળવાન અસર પડી છે. અસહકારનું વેગવાન આંદોલન આવી જવા છતાં જે સ્વરાજ્યનો સાક્ષાત્કાર દુરનો દુર દેખાતો હતો તે આજે દ્રષ્ટિમર્યાદાના વર્તુલની અંદર આવીને ઉભો છે. સમાજના વિચારો અને દ્દષ્ટિકોણોમાં પણ ભારે મહત્ત્વની ક્રાંતિ થઈ છે. જે પ્રશ્નોની ચર્ચા સાંભળતાં સમાજ ભડકી ઉઠતો હતો તે આજે કશા ક્ષોભ સિવાય ચર્ચી શકાય છે અને તે ઉપર સભાઓ અને પરિષદોમાં ક્રાંતિપોષક ઠરાવો થઈ શકે છે. જૈન સમાજ પણ અનેક ક્ષોભજનક પ્રસંગો અને પ્રકરણોમાંથી પસાર થતાં થતાં નવું ઘડતર પામી રહેલ છે અને વિચાર તેમ વલણના રૂપાન્તરો સ્વીકારી તેમજ પચાવી રહેલ છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ઉદ્‌ગમ અયોગ્ય દીક્ષાના વિરોધમાંથી થયો હતો અને શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગનીજ તે સંસ્થા હતી. આજે સંઘના બાહ્ય તેમજ આન્તર સ્વરૂપમાં અનેક મહત્ત્વના ફેરફારો થયા છે. આ સંઘ હવે માત્ર એકજ વિભાગનો રહ્યો નથી પણ આ સંઘ ત્રણે વિભાગના સભ્યો ધરાવે છે; આ સંઘમાં અનેક બ્હેનો પણ જોડાએલ છે અને સંઘના કામકાજમાં સક્રિય રસ લઈ રહેલ છે. સંઘના ઉદ્દેશ તેમજ નીતિ તેમજ કાર્યપધ્ધતિમાં વિશેષ સ્પષ્ટતા આવી છે. ધર્મ, સમાજ તેમજ રાષ્ટ્રના ચોક્કસ પ્રશ્નો સંબંધમાં સંઘે પોતાના નવા બંધારણમાં ચોક્કસ નિર્ણયો સ્વીકાર્યા છે અને તે નિર્ણયો સ્વીકારનાર અને તેને અનુરૂપ શિસ્તના ચોક્કસ નિયમો અમલમાં મુકનાર વ્યકિત જ આ સંઘનો સભ્ય થઈ શકે છે. જૈન સમાજના દરેક પ્રશ્ન ઉપર આ સંઘ ચોક્કસ દોરવણી આપવાનો દાવો ધરાવે છે. આ દોરવણી આપવાનું કાર્ય સફળતાપુર્વક પાર પાડવા માટે સંઘનું મુખપત્ર હોવું જ જોઈએ એમ સંઘના કાર્યવાહકોને લાગ્યું અને પરિણામે 'પ્રબુધ્ધ જૈન' નો આજે પુનર્જન્મ થાય છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉદ્દેશો તેમજ નીતિ અને કાર્યપધ્ધતિને પોષક વિચારોનો બને તેટલો ફેલાવો કરવો, સમાજના સળગતા પ્રશ્નોની સ્પષ્ટ, સચોટ તેમજ નિડર સમાલોચના કરવી ધાર્મિક તેમજ સામાજિક દંભો તેમજ પાખંડો જ્યાં જ્યાં નજરે પડે ત્યાં ત્યાં ચોક્કસ પ્રમાણ અને પુરાવા સાથે ખુલ્લા પાડવાં, એ આ પત્રનો મુખ્ય ઉદ્દેશ રહેશે. આ પત્રમાં એવું કાંઈ પણ પ્રગટ ન થાય કે જે સત્યથી પર હોય, વાણીની અહિંસાનું ઉલ્લંઘન કરતું હોય અથવા તો સભ્યતા કે ઔચિત્યની મર્યાદાને ઓળંગી જતું હોય—આ બાબતની પુરી સંભાળ તેમજ ચોકી રાખવામાં આવશે. વ્યકિતગત રાગદ્વેષથી પ્રેરાયલા લખાણોને આ પત્રમાં અવકાશ નહિ મળે. આ પત્ર એક કોમનું હોવા છતાં આ પત્રમાં કોમી સંકીર્ણતાને જરાપણ સ્થાન નહિ હોય. જૈન સમાજના અનેકવિધ પ્રશ્નોની ચર્ચા સાથે વિશાળ સમાજ અને પ્રજાજીવન સાથે સંબંધ ધરાવતી અનેક સમસ્યાઓની સમાલોચના આ પત્રમાં હાથ ધરવામાં આવશે. આવા મનોરથ અને ભાવનાપુર્વક રજુ થતું "પ્રબુધ્ધ જૈન" જૈન તેમજ જૈનેતર વિદ્વાનો તથા વિચારકોનો સહકાર માંગે છે, જૈન યુવકો અને યુવતીઓના સાથની પુરી અપેક્ષા રાખે છે. એ સહકાર અને સાથની હુંફવડે પ્રબુધ્ધ જૈન આજે પ્રગટ થાય છે અને જૈન સામાયિક પત્રો તેમજ માસિકોમાં કોઈ જુદીજ ભાત પાડવાની આશા સેવે છે. જે ટેક અને શુભ ભાવનાથી આ પત્રપ્રકાશનનો અમે પ્રારંભ કરીએ છીએ તેને પહોંચી વળવામાં અમે કદિ પાછા પડીએ નહિ અને સત્ય વસ્તુ સત્ય આકારમાં રજુ કરતાં અમે કદી ડરીએ નહિ કે દબાઈએ નહિ એવી અમારી આ પ્રસંગે નમ્ર પ્રાર્થના છે.

# સ....મ....ય સૂ....ચ....ન

**'કાબે અર્જુન લુંટિયો,**
**એહી ધનુષ્ય એહિ બાણ.'**

રાજકોટ પ્રકરણમાં આજે મહાત્મા ગાંધીજીની આવી જ કોઇ દશા થઇ રહી દેખાય છે. જે ગાંધીજીના શબ્દે શબ્દે અંગ્રેજી સલ્તનત કાંપતી હતી તે ગાંધીજીને રાજકોટની પરિસ્થિતિ આખર મુંઝવી રહી છે. અને તેના ગુંચવાયલા કોકડાનો કાંઇ ઉકેલ જ દેખાતો નથી. રાજકોટ તો ગાંધીજીનું વતન અને રાજકોટનું જે પિશાચ મંડળ આજે ગાંધીજીના લોહીનું પાણી કરી રહેલ છે તે આખું મંડળ ગાંધીજીના વતનના જ માણસો. પ્રજાએ સત્યાગ્રહની લડત ચલાવી; રાજાએ થાકીને સરદાર વલ્લભભાઇ પટેલ સાથે સંધિ કરી. એ સંધિનો અમલ કરવા જતાં સલાહકારોની બુરી સલાહથી રાજાની દાનત બગડી. સંધિ તુટી; લડત ફરીને શરૂ થઇ; અમાનુષી અત્યાચારો પ્રજાશકિતને રૂંધવા લાગ્યા, પ્રજા તેમજ ખરૂં કહીએ તો રાજાની સહાયે ગાંધીજી રાજકોટ ગયા. કુટિલતાની મૂર્તિસમા વીરાવાળા અને તેના હાથમાં રમતા ઠાકોરે ગાંધીજીને બે દિવસ રમાડવા પ્રયત્ન કર્યો અને તેમાં નિષ્ફળ જતાં તેઓ હતા તેવા પ્રગટ થયા. ગાંધીજીની શરમ, દુઃખ અને વેદનાનો પાર ન રહ્યો. જ્યાં સુધી કોકડાના ઉકેલનો સાચો માર્ગ ન દેખાય ત્યાં સુધી તેમણે અનશન સ્વીકાર્યું. નામદાર વાઇસરોય વચ્ચે પડયા. વિવાદસ્પદ પ્રશ્ન સર મોરીસ ગ્વાયરને સોંપાયો. તેનો ગાંધીજીના પક્ષમાં નિકાલ આવ્યો. ફરીથી ગાંધીજી રાજકોટના રાજપ્રકરણી પ્રશ્નનું સંતોષકારક સમાધાન શોધવા રાજકોટ ગયા. સમાધાન લાવવા એક પછી એક અનેક ઉપાયો સુચવ્યા. તેમની સામે મુસલમાનો અને ભાયાતોનાં તૂત ઉભાં કરવામાં આવ્યાં. ઠાકોરે અને વીરાવાળાએ સર મોરીસ ગ્વાયરના ચુકાદાના શબ્દોનો દુરૂપયોગ કરીને સમાધાનીના સર્વ પ્રયત્નોને નિષ્ફળ બનાવ્યા. આજે દુનિયાનો મોટામાં મોટો સંત પુરૂષ પોતાના જ વતનથી નિરાશ થયેલો, વચનભંગના આક્ષેપથી અપમાનિત થયેલો, ખોટી ઉશ્કેરણીનો ભોગ બનેલા મુસલમાનો અને ભાયાતોથી હડધુત થયેલો પાછો ફરે છે; કુટિલતા બે ઘડી મલકાય છે; સતની સામે અસત્ય અને છળપ્રપંચ દિગ્વિજયની દુદુંભિ વગાડે છે. રાજ્યનું પાપ પ્રગટી નીકળે છે. આપણે કઇ અધમતાની કોટિ ઉપર ઉભા છીએ તેની આજે આખી દુનિયામાં જાહેરાત થાય છે. કાઠિયાવાડની આમાં અપાર શરમ ભરેલી છે. દુષ્ટતાની અવધિસમા દરબાર વીરાવાળાએ કાઠિયાવાડના કપાળે કદિ ન ભુંસાય એવી કાળી ટીલી ચોડી છે.

### કમનસીબ મહત્વાકાંક્ષા.

રાષ્ટ્રીય મહાસભાની કાર્યવાહક સમિતિના કેટલાક મુખ્ય સભ્યોએ રાષ્ટ્રપતિ તરીકે શ્રી. પટ્ટાભિ સીતારામૈય્યાને ચુંટવાની ભલામણ કરી તેની સામે આજના રાષ્ટ્રપતિ શ્રી. સુભાષચંદ્ર બોઝે પોતાની હરીફાઇ જાહેર કરી ત્યારથી તે આજ સુધીની સુભાષચંદ્ર બોઝની કારકીર્દી કેવળ શરમ અને અને દુઃખની કહાણી છે. રાષ્ટ્રીય મહાસભાના સરનશીન થવા માટે અનેક અસત્યોથી ભરેલાં નિવેદનો પ્રગટ કર્યાં અને કારોબારીમાં સાથે કામ કરતા સાથીઓ ઉપર બીનપાયાદાર આક્ષેપો કર્યા, પોતે કશું કામ ન કરી શકે એવી સ્થિતિમાં હોવા છતાં પોતે ત્રીપુરી આવ્યા અને રાષ્ટ્રીય મહાસભા કશી પણ મહત્વની વિચારણા કરી શકે એવું વાતાવરણ જ ઉભું થવા ન દીધું; શ્રી. ગોવિંદ વલ્લભ પંતનો ઠરાવ પોતે જ રજુ થવા દીધો અને તે ઠરાવ બીન બંધારણસર હતો એમ પાછળથી પોતે જાહેર કર્યું. રાષ્ટ્રીય મહાસભાએ બહુ જ મોટી બહુમતીથી મંજુર કરેલા ગોવિંદ વલ્લભ પંતના ઠરાવનો આજ સુધી જરા પણ અમલ ન કર્યો અને ગાંધીજીની સુચના મુજબ કારોબારીની હજુ સુધી જાહેરાત ન કરી; આખી રાષ્ટ્રીય મહાસભાની સુકાની વિના આમ તેમ ઝોલા ખાતી નૌકા જેવી દશા કરી નાખી. આજ સુધીમાં એક પછી એક ચિત્રવિચિત્ર નિવેદનો તેમણે બહાર પાડયાં. અને રાષ્ટ્રપતિના ગૌરવભર્યા સ્થાનને હાંસી અને ઉપહાસનું પાત્ર બનાવી દીધું. આ બધા પાછળ મહાત્મા ગાંધીજીનો તેજોદ્વેષ અને અંગત મહત્વાકાંક્ષા સિવાય બીજું કશું જ તત્વ નજરે પડતું નથી. રાષ્ટ્રપતિ જેવા મહાન સ્થાન ઉપર આરૂઢ થયેલો માણસ આવી પામરતા દેખાડે તેનાથી વિશેષ શરમાવા જેવું બીજું શું હોય? જ્યારે ગાંધીજીની સરદારી નીચે એકત્ર અને એકસુર બનીને આખા રાષ્ટ્રને સ્વરાજ્યની અતિ સમીપ લઇ જવાની અસાધારણ સુંદર તક ઉભી થઇ છે ત્યારે રાષ્ટ્રપતિ સુભાષચંદ્ર બોઝ પોતાના ચિત્રવિચિત્ર વર્તનથી સમસ્ત દેશના ઐકયને છિન્ન ભિન્ન કરી રહેલ છે એ આપણા દેશની અતિશય દુઃખદ કમનસીબી છે.

### ખોદયો ડુંગર, કાઢયો ઉંદર.

'જૈન' પત્રમાં થોડા સમય પહેલાં શ્રી. ચીમનલાલ વાડીલાલ શાહે એક લાંબી લેખમાળા લખીને મુંબઇમાં કામ કરતી કેટલી સંસ્થાઓની અને તેમાં પણ ખાસ કરીને શ્રી. જૈન શ્વેતાંબર કોન્ફરન્વ અને જૈન યુવક સંઘની વિગતવાર સમાલોચના કરી હતી અને એ બે સંસ્થાઓએ આજ સુધીમાં કશું કર્યું નથી અને હવે પછી કશું કરી શકે તેમ નથી એમ પુરવાર કરવા પ્રયત્ન કર્યો હતો. આ સંબંધમાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી વિગતવાર ખુલાસો બહાર પાડવામાં આવ્યો હતો અને જૈન શ્વેતાંબર કોન્ફરન્સે આવી ચર્ચામાં ઉતરવાનું બીન જરૂરી સમજીને મૌન સેવ્યું હતું. એમની લેખમાળા વાંચતાં એમ આશા સેવાતી હતી કે આજના નિષ્ફળ પ્રયત્નોને ચેલેંજ આપે એવી કોઇ પ્રાણવાન યોજના તેઓ સુચવશે અથવા તો એવી કાર્ય, કાર્ય અને કાર્ય જ કરે એવી કોઇ સંસ્થા તેઓ ઉભી કરશે. પણ એવું કશું ન કરતાં એ લેખમાળાના અંતે તેઓ સૌ કોઇને શ્રી માંગરોળ જૈન સભામાં જોડાવાનું આગ્રહપુર્વક નિમંત્રણ આપીને વિરામ પામતા દેખાય છે. માંગરોળ જૈન સભા સંબંધે વિરૂધ્ધ કે પક્ષમાં કશું જ અહિં કહેવાનું છે જ નહિ. તે પણ એક જાણીતી જૈન સંસ્થા છે અને બીજી સંસ્થાઓ માફક પોતે પસંદ કરેલા ક્ષેત્રમાં ઠીક કામ કરે છે. પણ જ્યારે જે સંસ્થાના પોતે મંત્રી છે તેને જ તેઓ આગળ લાવીને ધરે છે ત્યારે તેમનો આખો પ્રયાસ ડુંગર ખોદી ઉંદર શોધી લાવવા જેવો હાસ્યાસ્પદ લાગે છે.

### દેવદ્રવ્યના દુરૂપયોગની દુઃખદ કહાણી.

સાંભળવા મુજબ મુંબઇમાં આવેલ શાન્તિનાથજીના મંદિરના ટ્રસ્ટીઓ અને સંઘના એક વિભાગ વચ્ચેના કોર્ટે ચઢેલા અને બે વર્ષ સુધી ચાલેલા ઝગડાના પરિણામે સોલીસીટરોનું બીલ રૂ. ૫૩૦૦૦) નું રજુ થયેલ છે અને એ

( વધુ માટે જુઓ પાનું ૩ જું )

## લગ્ન : ચારિત્રય ઘડતરનું સાધન

( ૩ જા પાનાનું ચાલુ )

દાખલા તરીકે કાયદાની દ્રષ્ટિએ વિધવા લગ્નની છુટ અપાઇ. પરંતુ જાહેરમત ન કેળવાયો ત્યાંસુધી એ અત્યંત નિંદનીય કાર્ય ગણાતું. એ જ રીતે હિંદુધર્મના કાયદામાં પત્નિ હૈયાત છતાં બીજી પત્નિ કરવાની છુટ છે. છતાં આપણો અનુભવ છે કે અત્યારે બીજી પત્નિ કરનારની દયાજનક સ્થિતિ થઇ પડે છે. સમાજના સખ્ત રોષને પાત્ર બને છે.

એટલે જાહેરમત વિશેષ મહત્વનો ગણાય છે. સ્ત્રી-પુરૂષનું આકર્ષણ કુદરતી છે. એ શારીરિક જરૂરિયાત છે. એક જ વ્યવહારના બે ભાવ સમાજે શબ્દોથી સર્જ્યા છે. એકનું નામ પ્રેમ છે. બીજાનું નામ વ્યભિચાર છે. એટલે પ્રેમ કોને કહેવો અને વ્યભિચાર કોને ગણવો એ સમાજ નક્કી કરે છે.

અનિયંત્રિત વ્યવહારથી બચવા ખાતર એક સ્ત્રી અને એક પુરૂષના જોડાણને આપણે લગ્ન ગણ્યું છે. એક રીતે બ્રહ્મચર્ય તોડવું એ શરીરનું વિનાશ તત્ત્વ છે. તોય આ તત્ત્વ વિનાશક હોવા છતાં સુખમય છે. આકર્ષક છે. એમાં જ કુદરતે સર્જન શકિત મૂકી છે.

માણસ સ્વભાવે સ્વાર્થી છે. પરંતુ લગ્ન પછી સ્ત્રી, સંતાન એનામાં કુટુમ્બભાવ જગાડે છે. ત્યાગ અને નિઃસ્વાર્થ-વૃત્તિ પ્રેરે છે. સાથે સાથે સંકુચિત દ્રષ્ટિ પણ આવે છે. મારૂં ઘર, મારી સ્ત્રી, મારૂં કુટુમ્બ એમ મારૂં મારૂં કરીને વિશાળતા ભૂલે છે. સાધારણ રીતે સ્ત્રીઓમાં સંકુચિતતા પ્રબળ રહી છે. એનું એક કારણ અભ્યાસનો અભાવ છે.

એક પુરૂષ અનેક સ્ત્રી કરી શકે છે. લગ્નમાં આજે ન્યાતિની કડક મર્યાદાઓ નડે છે. લગ્નવિચ્છેદની છુટ નથી. આમાં કુદરતી કાનુનો કે સારાનરસાપણાનો જેટલો વિચાર થાય છે એથી વિશેષ રૂઢિનો ખ્યાલ કરવામાં આવે છે. હું એટલું ચોકકસ માનું છું કે આપણી મર્યાદા એવા પ્રકારની હોવી જોઇએ કે જેથી સ્ત્રી પુરૂષ બન્નેના દિલમાં એની પ્રસન્નતા ટકે.

લગ્નવિચ્છેદની છુટથી સ્ત્રી પુરૂષનાં જીવન અસંયમી ન થાય એ આપણે જરૂર વિચારીએ. પરંતુ એક બીજા વચ્ચે તિરસ્કાર હોય, એક બીજાને જોઇને ઘૃણા છુટે એટલો સંબંધ બગડ્યો હોય ત્યારે લગ્નવિચ્છેદની છુટ હોવી જોઇએ. કાયદામાં છુટાછેડાની પરવાનગી રાખો. સાથે સાથે જાહેરમત એટલો મજબુત બનાવો કે માણસ સ્વચ્છંદી ન બને.

બની શકે તો વિધવાઓ વિવાહ ન કરે. પરંતુ એમનું જીવન વેડફાઇ જતું હોય તો લગ્ન જ આવશ્યક છે. લગ્ન વધુ સંયમ તરફ લઇ જનાર નિવડે છે.

સંયમ પણ સાધન છે. સાધ્ય નથી. સાધ્ય તો આત્મિક આનંદ છે. સંયમ જ જો ધ્યેય બને તો આનંદ મરી જાય છે. અને માણસ કરમાયેલું કોચલું બને છે.

આપણી લગ્નસંસ્થાએ આ બધી હકીકતો વિચારવી ઘટે.

---

## લેખકોને નમ્ર વિજ્ઞાપન

રાષ્ટ્ર, સમાજ તેમજ ધર્મના પ્રશ્નોમાં રસ લેતા બંધુ ભગિનીઓ ને ' પ્રબુધ્ધ જૈન ' ઉપર જુદા જુદા દ્રષ્ટિ-બિન્દુઓ રજુ કરતા લેખો, ચર્ચાપત્રો તેમજ ટુંકી વાર્તાઓ મોકલવા સાદર નિમંત્રણ આપવામાં આવે છે. કોઇપણ વિષય જુદાં જુદાં દ્રષ્ટિકોણથી ચર્ચાય ત્યારે જ તે વિષયની સાચી સમજણ સમાજને પ્રાપ્ત થાય છે; અને તેથી સત્યને લક્ષ્યમાં રાખી કોઇ પણ મુદ્દાની ચર્ચા થાય એ આવકાર-દાયક છે. લેખો, ચર્ચાપત્રો કે લઘુવાર્તાઓ મોકલનાર ભાઇ બ્હેન નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખે એટલી વિનંતિ છે.

(૧) દરેક લેખ કે ચર્ચાપત્ર બને તેટલું ટુંકુ અને અન્તર્ગત મુખ્ય વિચારને સ્પષ્ટ રીતે રજુ કરતું હોવું જોઇએ. કોઇપણ લેખ કે ચર્ચાપત્ર આ પત્રના બે કોલમથી વધારે મોટું હોવું ન જોઇએ. અસાધારણ અગત્યવાળા કોઇ લાંબા લેખના ભાગ પાડી બે ત્રણ અંકમાં કટકે કટકે પ્રગટ કરવાની તંત્રીને છુટ રહેશે.

(૨) જે કોઇ લેખ કે ચર્ચાપત્ર સત્ય કે સભ્યતાની મર્યાદાની ઉપેક્ષા કરતું તંત્રીને માલુમ પડશે તે લેખ કે ચર્ચાપત્ર પ્રગટ કરવામાં આવશે નહિ.

(૩) કોઇપણ લેખ કે ચર્ચાપત્ર ટુંકાવવાની, તેમાંથી કોઇપણ વાંધા ભરેલા ભાગો રદ કરવાની, કે અમુકજ ભાગ પ્રકાશન માટે પસંદ કરવાની તંત્રીને પુર્ણ સત્તા રહેશે.

(૪) કોઇપણ લેખ કે ચર્ચાપત્ર પ્રગટ કરવું કે નહિ તેનો નિર્ણય કરવાની સત્તા તંત્રીની રહેશે. અને કોઇપણ લેખ કે ચર્ચાપત્ર પ્રગટ નહિ કરવાનાં કારણો આપવાને તેમજ તેવા લેખો કે ચર્ચાપત્રો લેખકોને પાછા મોકલી આપવાને તંત્રી બંધાયલા ગણાશે નહિ.

(૫) લખાણ કાગળની એક બાજુ શુધ્ધ અને સ્પષ્ટ અક્ષરોએ લખાયેલું હોવું જોઇશે.

(૬) સામાજીક હિતને અસંબંધ એવી વ્યકિતગત ચર્ચા કે આક્ષેપોને માટે આ પત્રમાં સ્થાન નથી.

આટલી મર્યાદા ધ્યાનમાં રાખી લેખકબંધુઓ તેમજ બ્હેનો 'પ્રબુધ્ધ જૈન'ને બને તેટલું સમૃધ્ધ બનાવવામાં પુરો સહકાર આપશે એવી આશા રાખવામાં આવે છે. નાનાં કાવ્યો, રમુજી પ્રહસનો તેમજ કટાક્ષ ચિત્રો પણ આ પત્રમાં પુરૂં આદર સ્થાન પામશે.

## સુધારક યુવકોને સૂચના

(૧) તમારા ગામમાં જૈન સમાજમાં બનતા સુધારાના તેમજ પ્રત્યાઘાતી કુધારાના બનાવો લખી મોકલો.

(૨) મુંબઇ જૈન યુવક સંઘની જ્યાં મદદની જરૂર પડે ત્યાં માગવાનું આમંત્રણ છે.

(૩) બાળલગ્ન, કુલગ્ન અને બીજાં સામાજીક અનિષ્ટોની બદી સામે જ્યાં જ્યાં યુવકોએ જેહાદ જગાવી હોય તેના ખબરો પત્રની ઓફીસ ઉપર મોકલી આપો.

(૪) ' પ્રબુદ્ધ જૈન ' ના પ્રગતિશીલ વિચારો સાથે તમે સંમત હો તો તેના ફેલાવામાં મદદ કરો.

(૫) જૈન સમાજમાં બનતા બનાવો વિષે તમારા મન્તવ્યો સાફ અને સ્પષ્ટ ભાષામાં લખી મોકલો.

## વસંત વ્યાખ્યાન માળા.

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી લોકમત કેળવવા માટે વસંત વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી હતી. જેમાં નીચેના વ્યાખ્યાતાઓએ જૈન શ્વેતાંબેર કોન્ફરન્સ હોલમાં (પાયધુની મુંબઇ) નીચેના વ્યાખ્યાને આપ્યા હતાં.

| | વિષય | વ્યાખ્યાતા. |
|---|---|---|
| વ્યાખ્યાન ૧ લું | સ્ત્રી પુરૂષ સંબંધ | કાકા કાલેલકર. |
| વ્યાખ્યાન ૧ જું | આપણી લગ્ન સંસ્થા | ચીમનલાલ ચકુભાઇ શાહ. |
| વ્યાખ્યાન ૩ જુ. | રૂપજીવિની પ્રગતિ શિલકે પ્રત્યઘાતી ? | સ્નેહ રશ્મિ. |
| વ્યાખ્યાન ૪ થું. | હિંદુ સ્ત્રીઓના કાયદેસર અધિકારો, | શ્રી શાંતિલાલ શાહ સોલીસીટર. |

## જૈન એસોસીએશન ઓફઇન્ડીયા.

### તેના ફંડોનાવહિવટ સંબંધી મું. જૈન યુ. સંઘે માગેલ ખુલાસો.

શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયાના સેક્રેટરીઓને તેમના હસ્તકના પંચાયત ફંડો અને બીજા ફંડો હાલ કયાં છે ? તેનો વહિવટ કેવી રીતે ચાલે છે ? ફંડની રકમ કેટલી છે, તેનો શું ઉપયોગ થાય છે વગેરે વિગતોનો ખુલાસો માગનારી નોટીસ મુંબઇ જૈન યુવક સંઘ તરફથી આપવામાં આવી છે.

### શુભેચ્છાના સંદેશાઓ.

( આઠમાં પાનાનું ચાલું.)

આમવર્ગ આજે શારીરિક, આર્થિક તેમજ બીજી અનેક રીતે પ્રતિદિન ઘસાતો જાય છે. માનવપ્રેમી વિશ્વધર્મ જ્ઞાતિઓ પેટા-જ્ઞાતિઓ વાડાઓ અને તડોમાં લુપ્ત થયો છે. ધર્મ, ધર્મ મટી સંપ્રદાયના સડેલા કલેવરમાં કીર્તિવાંચ્છુ ધંધાદારીઓનો ઇજારો બની ગયો છે. કુરૂઢીઓની જાળ આજનો યુવક કે યુવતી હજુ ભેદી શકતો નથી અને અંદર અંદર લડી રહ્યો છે ત્યારે આવા કપરા અને વિચિત્ર ટાણે મુંબઇ જૈન યુવકસંઘ સમાજના બધા અંગોને નવપલ્લવિત કરવાના હેતુથી ૧૯૩૩ ના નવમા મહીનાની નવમી તારીખે "પ્રેસ એકટ" ના પંજામાં સપડાઇ માનભરી રીતે બંધ પડેલા "પ્રબુધ જૈન" પત્રને ફરી શરૂ કરે છે એ એક મારા જેવા એ વખતના એના એક સાથીદારને અતિગૌરવ ભર્યું છે. આશા રાખું છું કે પત્રકારિત્વના વિશાળ અનુભવીના હાથે તૈયાર થઇ બહાર પડતું "પ્રબુધ્ધ જૈન" જૈન જગતમાં અનેરૂં પ્રબુધ્ધત્વ પ્રગટાવે. વર્ષો અગાઉની જાગૃતિની આવેલ ભરતી પાછળ જૈન જુવાનોમાં આવેલી શિથિલતા દુર કરી તેમને કર્તવ્ય પરાયણ થવા પ્રેરશે એટલુંજ નહિ પણ રાષ્ટ્ર પ્રત્યેની જૈન સમા-સંમાજની ફરજોનું વધુને વધુ ભાન કરાવી અધિકતર હીસ્સો આપવા પ્રેરણા આપશે.

**રતિલાલ કોઠારી.**

યુવકોનું મુખપત્ર કહેવડાવે અથવા યુવકોના મુખપત્ર તરીકે શોભે એવું એક પણ પત્ર જૈન સમાજમાં નથી. 'પ્રબુધ્ધ જૈન' એ સ્થાન શોભાવે એવું કોણ નહિ ઇચ્છે ? આપના પ્રયાસને અમે સફળતા ઇચ્છીએ છીએ.

મંત્રીઓ : શ્રી અમદાવાદ જૈન યુવક સંઘ.

## નાસિકમાં શિક્ષણ ફંડ.

નાસિક શહેરમાં શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સમિ;તિના મંત્રી શ્રી મણિલાલ મો. શાહના પ્રયાસથી ત્યાં એક સમિતિ સ્થાપવામાં આવી છે. આ સમિતિએ ૧૩૦) રૂપિયાનું ફંડ પણ એકઠું કર્યું છે, અને ઓધ્ધેદારોની નીમણુક પણ કરી છે.

## લાલબાગમાં ચાલતી વ્યાયામશાળા.

### ટ્રસ્ટીઓની વલણ સામે વિરોધ સભા.

શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના આશ્રય હેઠળ જૈનોની એક જાહેર સભા શ્રી. બી. એન. મહિશરીના પ્રમુખપણા હેઠળ તા૦ ૩૦ મી એપ્રિલના રોજ મળી હતી. મોતીશા લાલબાગના ચેરીટીઝના ટ્રસ્ટીઓએ સ્વયંસેવક મંડળ હેઠળ ચાલતી વ્યાયમશાળાને બંધ કરવા અને જગ્યા ખાલી કરાવવા વગર કારણે જે નોટીસ આપી છે, તેનો સખત વિરોધ સભાએ દર્શાવ્યો હતો, અને આ સમાજ અને રાષ્ટ્ર ઉપયોગી સંસ્થા ચાલુ રાખવા માટે ટ્રસ્ટીઓને સમજાવવા સાત સભ્યોનું પ્રતિનિધિ મંડળ મોકલવાનો સર્વાનુમતે ઠરાવ પસાર કરવામા આવ્યો હતો.

## અખિલ હિંદ સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ.

અખિલ હિંદ સ્થાનકવાસી કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીની બેઠક એપ્રીલ માસની આખરમાં મુંબઇમાં મળી હતી.

## કોન્ફરન્સનું આગામી અધિવેશન.

કોન્ફરન્સનું આગામી અધિવેશન ભાવનગર ખાતે ભરવા માટે સમજુતિના પ્રયાસ કરવાનું શ્રી કાંતિલાલ ઇશ્વરલાલે હાથ ધર્યું હતું, પણ તેનું આખરી પરિણામ હજી જણાયું નથી.

## શ્રી દેવકરણ મુળજી ટ્રસ્ટ ફંડ.

શ્રી દેવકરણ મુળજી ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓની સાથે સસ્તા ભાડાની ચાલી અને હોસ્પીટલ ફંડમાં વાપરવા માટેની રકમોનો ઉપયોગ કરવા માટે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી થયેલ પત્રવ્યવહારમાં ટ્રસ્ટીઓ જણાવે છે કે કોર્ટે આપેલા હુકમ મુજબ દેવકરણ મેન્શન ખરીદવા માટે જેની માગણીઓ આવી હશે તે જુન માસની આખરે કોર્ટ સમક્ષ મૂકી તેનો નિકાલ કર્યા બાદ તુરત ચાલી અને હોસ્પીટલ ફંડનો ઉપયોગ કરવામાં આવશે.

## મહાવીર જયંતિ ઉત્સવ.

શ્રી મહાવીર જયંતિ પ્રસંગે ત્રણે ફીરકાની કોન્ફરન્સ તરફથી હીરા બાગમાં મુંબઇના વડા પ્રધાન શ્રી ખેર સાહેબના પ્રમુખપણા હેઠળ એક ભવ્ય મેળાવડો ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી ખેર સાહેબે શ્રી મહાવીર સ્વામીના સિધ્ધાંતો સમજવા અને જમાના અનુસાર દાન પધ્ધતિમાં ફેરફાર કરવા જૈન જનતાને અનુરોધ કર્યો હતો.

આવીજ રીતે જૈન મહિલા સમાજ તરફથી માંગરોળ જૈન સભામાં બીજો ઉત્સવ ગોઠવાયો હતો, જેમાંમુખ્ય વકતા શ્રી પરમાણંદ કાપડીયાએ શ્રી મહાવીર સ્વામીના જીવન ઉપરથી જૈન જનતાને લેવા યોગ્ય બોધ ઉપર પ્રકાશ પાડયો હતો.

સ્થાનકવાસી રત્ન ચિંતામણી સભાએ શ્રી મોતીચંદ ગીરધર કાપડિયાના પ્રમુખપણા હેઠળ માધવ બાગમાં જયંતિ મહોત્સવ ઉજવ્યો હતો.

## શુભેચ્છાના સંદેશાઓ

"પ્રબુધ્ધ જૈન" ફરી એકવાર અવતાર લે છે તે જાણી આનંદ. સમુદાયને કેળવવા માટે વર્તમાન પત્ર જેવું બીજું ઉચ્ચ સાધન નથી.

**ભીમજી હ. સુશીલ**

સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો ઉપર વિવેકભરી વિચારણા કરવાનું અને સમાજને વિચારશુધ્ધ માર્ગે દોરવવાનું કામ તમે ઉપાડયું છે તે માટે મારા તમને અભિનંદન છે. તમારો 'પ્રબુધ્ધ જૈન' માત્ર જૈન જ નહિ હોય પણ માનવી (હિંદી) હશે એટલે તમારૂં પખવાડિક જૈન કોમને ઉપકારક હશે તેટલુંજ આપણા દેશની તમામ કોમોને ઉપકારક હશે.

**નાનાભાઇ ભટ**
દક્ષિણામૂર્તિ.

### "વિશાળ દ્રષ્ટિ બને."

"પ્રબુદ્ધ જૈન" કાઢવાના તમારા સાહસને હું અભિનંદન આપું છું. 'પ્રબુધ્ધ જૈન' વીર્યશાળી, વિશાળ દ્રષ્ટિ અને કાર્યપ્રેરક થાય એમ ઇચ્છું છું.

**રામનારાયણ વિશ્વનાથ પાઠક.**

### "પ્રબુધ્ધ જૈન" સૌને પ્રબુધ્ધ કરે

"વસુધૈવ કુટુમ્બકમ્" જેવી ઉત્તમને ઉદાર આર્ય ભાવનાના જનક આપણા આ ભારત દેશમાં પરમાત્માના આપણે સૌ કુટુંબીઓને સ્નેહની સાંકળથી જોડવાની પ્રથમ જરૂર છે. દુનિયાના બધા મુખ્ય ધર્મોના મારા અભ્યાસે મને બતાવ્યું છે કે ધર્મોના અંતિમ તત્વો અને સત્યો એકજ છે. મનુષ્ય શરીરના ઘાટ મહોરામાં અનેક બાહ્ય ભિન્નતા હોવા છતાં તેનું મૂળ બીબું જેમ એકજ ઘાટનું વિશિષ્ટત્વ દેખાડે છે; તેમજ પ્રત્યેક મહાન ધર્મના બાહ્ય આચાર વિચારોમાં ભિન્નત્વ હોવા છતાં તેનું અંતિમ અને આંતરિક ધ્યેય તો આત્માની પરમોચ્ચ ગતિ સાધવાનું જ હોય છે. પ્રત્યેક પ્રબુધ્ધ જૈનનો જ નહિ પણ પ્રત્યેક પ્રબુધ્ધ જનનો તેથી ધર્મ છે કે પ્રથમ ટાંકેલી તે ઉદાર આર્ય ભાવનાને પોષી પ્રથમ આપણા ભારત કુટુંબને સ્નેહની સાંકળથી મજબુત જોડીને પ્રત્યેક ભારતજન્મી વ્યકિતને પ્રબુધ્ધ કરવા સદા પ્રયત્નશીલ રહે. એ કાર્યમાં હું તમારા સંઘને વિજય ઇચ્છું છું.

**અરદેશર ફરામરોઝ ખબરદાર.**

### 'સર્વધર્મ સમભાવ ફેલાવવાનું સાધન બને'

'પ્રબુધ્ધ જૈન' પાક્ષિક આયુષ્માન અને યશસ્વી થાઓ તથા સર્વધર્મ સમભાવ ફેલાવવામાં એક પ્રબળ સાધન બનો એવી મારી પ્રાર્થના છે.

**નરહરિ પરીખ**
સાબરમતી આશ્રમ

## અજાત શત્રુ ?

ધરા પર માહરે કોઇ શત્રુ નથી!
કાયરો એ અહંકાર ધરતા;
મર્દ કર્તવ્ય સંગ્રામના જંગમાં
લાખ શત્રુને રકતે નિતરતા.
તું રિપુહીન હોવાની શેખી ન કર,
બંધુ! નિર્વીર્ય એ દર્પ ગાવે;
બ્હાદુરો સત્યને કાજ નિર્મમ બની
મિત્રની શત્રુતા યે વધાવે.
ધર્મને વેશ પાખંડ પૂજાય ત્યાં,
બંધુ! શું ખડગ લઇ તું ન ધાયો?
સત્યના સ્વાંગ પે'રી ઉભું જુઠ ત્યાં
ઝુઝીને મિત્ર! શું નવ ઘવાયો?
સૌમ્ય તું! ભલો તું! સંત ભદ્રિક તું!
ભાઇ એ છે બધી તારી ભ્રમણા;
રંક તું, દીન તું, ભીરૂ કંગાલ તું,
સ્વાદ ચાખ્યા નથી તેં જખમના.

**ઝવેરચંદ મેઘાણી.**

### "જૈન યુવકો પોતે પ્રબુધ્ધ બને"

"ઘણા લાંબા સમયથી સુતેલી જૈન જનતાને "પ્રબુધ્ધ જૈન" પ્રબુધ્ધ કરવા સમર્થ થાય એ આંતર અભિલાષા છે. 'પ્રબુધ્ધ જૈન' જૈન યુવક સંઘનું મુખપત્ર છે; આપણે યુવક સંઘના આત્માઓ પ્રબુધ્ધ ન થઇએ ત્યાં સુધી આપણા મુખપત્રમાં પ્રબોધ કરવાનું સામર્થ્ય આવવાનું ખરૂં? પ્રબોધ માટે ગમે તેટલી અને ગમે તેવી સાહિત્ય સામગ્રી તૈયાર હોય તો પણ સાહિત્ય સામગ્રીના ઉત્પાદકો પ્રબુધ્ધ હોય તોજ તેમણે રચેલી સામગ્રી પ્રબોધક નીવડે, અન્યથા એકલી દ્રવ્યક્રિયા જ થવાની"

**પંડિત બેચરદાસ જીવરાજ દોશી**
અમદાવાદ.

'પ્રબુધ્ધ જૈન' પ્રગટ કરીને જૈન યુવક સંઘે એક ઉપયોગી જરૂરીયાત પુરી પાડી છે. જૈન કોમનું આ વાજીંત્ર જૈન કોમમાં નુતન યુગ પ્રવર્તાવવા સફળ થાય અને જૈનત્વની જ્યોત વધુને વધુ પ્રગટે એવી આશા સાથે ધન્યવાદ.

**કકલભાઇ ભુદરદાસ વકીલ**
સાન્તાક્રુઝ.

૧૯૩૨—૩૩ દરમ્યાન 'પ્રબુધ્ધ જૈન' નું શરૂઆતનું સંચાલન જેમણે કર્યું હતું તે શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી 'પ્રબુધ્ધજૈન' ના પુનર્જન્મને વધાવી લેતાં જણાવે છે કે,

પિતા મહાવીર જેના પુરોગામી છે તે સમાજનો

(વધુ માટે જુઓ પાનું ૭ મું.)

આ પત્ર શશાંક પ્રેસમાં, છપાવી પ્રકાશક અને તંત્રી શ્રી. મણિલાલ મોહકમચંદ શાહે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી મુંબઇ જૈન. યુ. સંઘ માટે પ્રગટ કર્યું છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.

વાર્ષિક લવાજમ
રૂા. ૨ બે.
સભ્ય માટે
વાર્ષિક રૂા. ૧ એક

# પ્રબુદ્ધ જૈન

છુટક નકલ
દોઢ આનો.

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ ૧ લું. | તા૦ ૧૫-૫-૩૯ સોમવાર | અંક ૨ જો.


## વિચાર કણિકા

### અહિંસાનો ઉગમ.

ઘણીવાર માણસોના મનમાં એવો ભ્રમ હોય છે કે અહિંસા મંન પડે ત્યારે ધારણ કરી શકાય છે. અને મન ફાવે ત્યારે દૂર કરી શકાય છે, આ સાચી અહિંસા નથી, પણ અહિંસાનો સ્વાંગ છે. અહિંસાનું નાટકી સ્વરૂપ છે.

અહિંસાનો સાચો ઉગમ તો અંતરમાંથી થાય છે. રોજ બરોજના જીવન વ્યવહારમાં, ધંધા વેપારમાં, સ્ત્રી મિત્રો કે સામાજીક સંબંધોમાં જે માણસ અહિંસાને વાપરે છે તેનાજ જીવનમાં અણિને પ્રસંગે અહિંસા એક શકિત સ્વરૂપે, પ્રચંડ બ્રહ્માસ્ત્ર સ્વરૂપે પ્રગટે છે, આવી અહિંસામાં હારજીત જેવું કશું હોતું નથી, કેમકે અહિંસા એજ વિજય-પરાકાષ્ઠા છે. દિપકથી જેમ પ્રકાશ આપ્યા વગર રહી શકાતું નથી તેમ અહિંસક માણસથી અહિંસા વગર જીવી શકાતું નથી.

પણ રોજના ધંધા વ્યવહાર કે સામાજીક સંબંધોમાં અહિંસાને નેવે મુકીને ચાલનારા ઘણા માણસો સરકાર કે બીજી શાસનપ્રણાલિ સામે બંડ જગાવવા માટે અહિંસા ધારણ કરે છે, અને તેમાં ઘણીવાર ધારેલસિધ્ધિ મેળવવામાં નિષ્ફળતા પ્રાપ્ત કરે છે, ત્યારે અહિંસાને દોષ દે છે. પણ ખરી રીતે દોષ અહિંસાનો નહિ પણ તેમણે ધારણ કરેલા અહિંસાના નકલી સ્વાંગનો હોય છે.

અહિંસામાં નિરાશાને સ્થાન નથી, છતાં જો કાદવીજ હોય તો એમ મુકવી ઘટે કે અહિંસાના નકલી સ્વાંગથી આટલો ફાયદો થયો તો સાચી સુવર્ણ અહિંસાની પ્રતિષ્ઠાથી કેટલો ફાયદો થાય?

**અજ્ઞાત.**

## સાચું સ્મારક: બાવલું નહિ પણ શાળા.

### પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટની અનુકરણીય પસંદગી.

અમેરિકાના પુઅર્ટો રીકો ટાપુના લોકોએ પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટની સેવાની કદર તરીકે ટાપુમાં પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટનું એક બાવલું ઉભું કરવાનો ઠરાવ કર્યો અને તે માટે મોટું ફંડ એકઠું કર્યું. પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટને આ વાતની ખબર પડી. તેમણે તરતજ પુઅર્ટોરીકોના વાસીઓ ઉપર સંદેશો મોકલી જણાવ્યું કે તમારો મારા પ્રત્યેનો જે આદર છે તે માટે હું તમારો અત્યંત આભારી છું. પરંતુ જો તમે મને ખરેખર માન આપવા માગતા હો તો તમે મારૂં બાવલું કે પૂતળું ઉભું કરવાને બદલે તે પૈસામાંથી લોકોની કાયમી સેવા થાય એવી કોઇ સંસ્થા શાળા, લાયબ્રેરી, હોસ્પીટલ કે કલીનીક ઉભું કરશો તો હું મને વધુ માન મળ્યું સમજીશ.

પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટના આ સંદેશાથી લોકો બમણા ઉત્સાહિત થયા અને તેમણે ખેવડું ફંડ ઉભું કરીને બાવલાંને બદલે એક સાર્વજનિક સંસ્થા ઉભી કરી.

## યૌવન અને વૃદ્ધત્વ

યૌવન એ જીવનનો કોઇ ચોક્કસ સમય નથી; પણ માનસની ચોક્કસ પ્રકારની સ્થિતિ છે. તે લાલ ભરાવદાર ગાલ, ગોળમટોળ શરીર કે ધમધમાટભરી વાણીનો વિષય નથી. યૌવન એટલે અડગ ઇચ્છા-શકિત, ગગન વિહારી કલ્પના, ઉન્નત લાગણીઓનો આવિર્ભાવ જીવનના ઉંડાણમાં વહેતાં ઝરણાંમાંથી ઉદ્‌ભવતી કોઇ અનુપમ તાજગી.

અમુક વર્ષોનું જીવન વ્યતીત થવાના કારણેજ કોઇ વૃધ્ધ બની જતું નથી. આદર્શથી ચ્યુત થવા સાથેજ,- ભાવનાઓનો ત્યાગ કરવા સાથેજ-વૃધ્ધત્વનો પ્રારંભ થાય છે. ઉમ્મર વધતાં ચામડીમાં કરચલીઓ પડવા માંડે છે પણ જીવનમાં રસ-ઉલ્લાસ-લુપ્ત થતાં આત્મા કરમાવા માંડે છે. ચિન્તા, આશંકા, પોતાની જાતમાંજ અવિશ્વાસ, ભય અને નિરાશા-આજ સાચું ઘડપણ છે અને આ સર્વનું આક્રમણ થવા સાથે આત્માનું સ્વત્વ નાશ પામે છે અને સદા વિકસતું ચૈતન્ય લુપ્ત થાય છે.

ઉમ્મર સીત્તેર વર્ષની હો કે સોળ વર્ષની, દરેક આત્માના અન્તર્ભાગમાં કુતુહલપ્રિયતા ભરેલી હોય છે, રાત્રીના ઝગમગતા તારાઓ વિષે મધુર વિસ્મય હોય છે, અવનવી વસ્તુઓ અને વિચારો પ્રત્યે કોઇ અજબ પ્રકારનું આકર્ષણ હોય છે; જે કાંઇ બનાવો બને છે તેનો ત્યાં તત્કાલ પડઘો ઉઠે છે, હવે પછી શું એમ સતત પ્રશ્ન પુછતો આતુરતાભર્યો બાલભાવ હોય છે, ઉલ્લાસ હોય છે, જીવનના સુખદુઃખને આનંદથી ઝીલવાની વૃત્તિ હોય છે.

જેટલી તમારામાં શ્રધ્ધા એટલા તમે જુવાન, જેટલી તમારામાં આશંકા એટલા તમે વૃધ્ધ. જેટલો તમારામાં આત્મવિશ્વાસ એટલા તમે તરૂણ; જેટલો તમારામાં ભય તેટલા તમે વૃધ્ધ, જેટલી તમારામાં આશા તેટલા તમે યુવાન, જેટલી તમારામાં નિરાશા તેટલા તમે વૃધ્ધ.

તમારા હ્રદયના મધ્યભાગમાં વિશ્વના આન્દોલનો ઝીલનારૂં યંત્ર છે. જ્યાં સુધી આ સૌન્દર્ય, આશા, ઉલ્લાસ ધૈર્ય, ભવ્યતા અને આધિભૌતિક, તેમજ આધિદૈવિક શકિતના સંદેશાઓ ઝીલવાની તાકાત ધરાવો છો ત્યાં સુધી તમે યુવાન છો.

જ્યારે એ સંદેશા ઝીલનારા તારો તુટી ગયા, અને તમારા હ્રદયના એ યંત્ર ઉપર નિરાશા અને નાસ્તિકતાનાં પાણી ફરી વળ્યાં ત્યારે તમે નિશ્ચયપુર્વક વૃદ્ધ બની ચુકયા. અને એમ બને ત્યારે ઇશ્વર તમારી ઉપર દયા કરો, દયા કરો!

(અંગ્રેજી ઉપરથી અનુવાદિત) **પરમાનંદ.**

# "પ્રબુદ્ધ જૈન"ની જવાબદારી

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી 'પ્રબુધ્ધ જૈન' નામનું પાક્ષિક શરૂ કરો છો તે જાણીને હર્ષ થયો. આપની દેખરેખ અને સંભાળ નીચે એ પત્ર જૈમ કોમની અને તે દ્વારા આખા ભારત વર્ષની સુંદર સેવા કરશે એ ખાતરી છે.

આજના જમાનામાં જૈન કોમ પાસે એક ખાસ જવાબદારી છે. જગતમાં અહિંસાનો સંદેશો આપનાર મહાવીર સ્વામીના તેઓ અનુયાયી છે. તે સંદેશો અપનાવવાનું અને જગતને તેનો જવલંત પાઠ આપવાનું તેમને શિર છે; એમ વિશેષે કહી શકાય.

મહાવીર સ્વામીએ તે સંદેશો વ્યકિતને માટે આપ્યો તે દ્વારા વ્યકિતઓનો મુકિત માર્ગ તેમણે સરળ કરી મૂકયો. અને તે માર્ગે જનારો સમાજને અભયદાન આપે જ એમાં કાંઇ નવાઇ નથી. પરંતુ આજનું જગત અહિંસાનો સંદેશો જરા જુદી રીતે માગે છે. આજનો સમાજ રક્ષક થવાને બદલે ભક્ષક જ વધારે ને વધારે બનતો જાય છે. એક વ્યકિત મંદિરદર્શન, પૂજાપાઠ વગેરે કરે; છતાં તેનો વ્યવહાર જુઓ તો, જાણ્યે અજાણ્યે પણ, સમાજમાં તે ભક્ષણ પોષક હોઇ શકે છે—હોય છે. આ જમાનાના અહિંસાપૂજકોએ આ સામાજિક હિંસાનું નિવારણ શોધવું જ પડશે; નહિ તો સમાજની સાથે વ્યકિત પણ સંડોવાશે ને બેઉ અધોગતિ પામશે.

જૈન યુવકને માથે આ જવાબદારી છે. મહાવીરનો સાચો વારસો પામેલા એ પોતાનું મંથન કરીને આજની સમાજ-હિંસારૂપી ઝેરનું નિવારણ કાઢવાનું છે. "પ્રબુધ્ધ જૈન" માટે આ કાર્ય ખાસ ગણાય. હિંદના અને ખાસ કરીને ગુજરાતના સૌ લોક તેની પાસેથી એ જાતની આશા રાખે છે. પ્રભુ એ આશા પૂરો.

**મગનભાઇ દેસાઈ**

"પ્રબુધ્ધ જૈન" માટે સંદેશો પાઠવવાનું નિમંત્રણ મળતાં સંદેશો પાઠવવા જેવું મારૂં સ્થાન નથી એ હું સારી રીતે જાણું છું એમ છતાં યુવક કોણ હોય, કેવો હોય, કઇ વયનો હોય એ ઉપર લખવાનું મને મન થયું. યૌવનને વય સાથે કાંઇ સંબંધ નથી ઉર્મિશીલતા, પ્રગતિશીલતા, ઉત્સાહ, જોમ, હાથમાં લીધેલું કામ પાર પાડવાની અડગતા, જીવન સાફલ્યની તાલાવેલી અને પરાર્થે બનતું કરવાની વૃત્તિપર યૌવનનો આધાર રહે છે. મેં ૨૫ વર્ષના ઘરડાં જોયા છે અને હમણાંજ ૮૮ વર્ષના યુવાન પ્રવર્તકને પણ જોયા છે. જેનામાં જાગ્રત ઉર્મિ હોય, જેનામાં પ્રશાન્તવાહિતા સાથે પ્રેરણા હોય, જેનામાં વર્તમાન સાથે ભૂતની એક વાકયતા કરવાની આવડત હોય, જેનું ધ્યેય આત્મલક્ષી હોવા સાથે સમાજને કેન્દ્રસ્થાને રાખતું હોય, જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુલક્ષીને માર્ગસૂચન કરવામાં પ્રાવિણ્ય દાખવતો હોય, જેનામાં માનવ પ્રગતિની સાચી તમન્ના ધમધમી રહી હોય તેજ ખરો 'પ્રબુધ્ધ જૈન' કહેવાય અને તેવો 'પ્રબુધ્ધ જૈન' સમાજને સાચી દોરવણી આપવાને સર્વ પ્રકારે યોગ્ય ગણાય.

**મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.**

જૈન યુવકોને માર્ગદર્શક અને સામાજિક તેમજ ધાર્મિક વિષયો ઉપર પોતાના વિચારો બાંધવાનું સુલભ થાય એવા વ્યવહારૂ અને વિચારશીલ લેખો તેમાં આવશે એવી આશા સાથે આપના સાહસને અંતઃકરણપુર્વકના અભિનંદન.

**ડૉ. અમીચંદ શાહ**

(૫ માં પાનાનું ચાલુ)

અનેક લેખોમાં પ્રગટ થતી એક ભ્રમણા સૌ કોઇનું ખાસ ધ્યાન ખેંચે તેવી છે. તેમને આજની જૈન સંસ્થાઓના સંચાલકોમાં કોઇ પણ રીતે પોતાનું સ્થાન જાળવવાની મુંઝવણ અને ચિન્તા અને તે કારણે તેમના હાથે થતી પૈસાદારોની ચાલુ ખુશામતો સિવાય બીજું કશું જ દેખાતું નથી. સંસ્થાને 'મહાન' બનાવવાની કોઇને ચિંતા નથી. પોતાનું 'મહાનપણું' કેમ ટકાવી રાખવું એ એકજ વિચારે સૌ કોઇ બોલે છે, ચાલે છે અને નાચે છે. સમાજ વિવિધરંગી સમૂહ હોઇને તેમાં જાત જાતની સંસ્થાઓ હોય અને ભાત ભાતના કાર્યકર્તાઓ હોય એ સ્વાભાવિક છે. બધું કાંઇ સોળવલ્લું સોનું ન હોય તેમ સર્વ કાંઇ કથીર ન હોય. બધાંને એક જ ત્રાજવે તોળવા અથવા તો એક જ લેબલથી વધાવવા અને માત્ર પોતાની જાતને એ બધાથી અલગ કલ્પવી એમાં આત્મવંચના સિવાય બીજું કાંઇ જોવામાં આવતું નથી. જયારે આસપાસનું આખું જગત એક રંગનું ભાસવા માંડે ત્યારે જગતને એવું કલ્પવાને બદલે પોતાની આંખમાં જ કોઇક દોષ હશે એમ વિચારવું ઘટે છે. જો તેઓ આંખે ચઢેલા ખોટા નંબરના ચશ્મા ઉતારે અને સમભાવ અને સહાનુભૂતિથી આસપાસના જૈન જગતને જોવા માંડે તો તેમને બે સારી સંસ્થાઓ દેખાશે. બે ઉજળા માણસો નજરે પડશે. બે સારી પ્રવૃત્તિઓ પણ દષ્ટિગોચર થઇ આવશે. અને સાથે સાથે પોતે કયાં છે અને શું છે તે પણ તેમના ધ્યાન ઉપર આપોઆપ ઉગી આવશે. આમ થતાં આ બધાં ટોળાંમાં જાણે કે પોતે કોઇ પરદેશી જેવા અન્ય પ્રકારના માનવી હોય એ ભ્રમણા પણ ટળી જશે.

પ.

## વૃન્દાવનમાં ગાંધી સેવાસંઘ.

મહાત્મા ગાંધીજીએ જે ભૂમિમાં સેવાના પ્રથમ પગલાં પાડયા હતા તે ચંપારણમાં વૃન્દાવન ખાતે ગુજરાતના જાણીતા વિચારક શ્રી કિશોરલાલ મશરૂવાલાના પ્રમુખપણા હેઠળ ગાંધી સેવા સંઘની વાર્ષિક બેઠક મળી હતી, જેમાં રાષ્ટ્ર અને સમાજોપયોગી પ્રશ્નોની મહત્વની વિચારણા થઇ હતી.

રાજકારણ કરતાં જીવન વધુ વ્યાપક છે, વધુ મહાન છે એમ માનનારા અને ગાંધીજીના અપરિગ્રહ અને બ્રહ્મચર્યના સિદ્ધાંતો અનુસાર જીવન જીવવા મથતા આજીવન સેવકોનું ગાંધી સેવા સંઘ એક મંડળ છે. ગાંધી સેવા સંઘ નામે રાખવા છતાં કોઇ એકમતવાદને આ મંડળ વર્યું નથી, પણ અહિંસા અને સત્યના સાર્વભૌમ સિદ્ધાંતોથી વિભૂષિત એવા હર પ્રકારના કાર્યક્રમને આ સંઘના ક્ષેત્રમાં સ્થાન છે. સંઘની સર્વગ્રાહી પ્રવૃત્તિઓમાં હરિજન ઉદ્ધાર, ગ્રામોદ્ધાર, ગૃહઉદ્યોગ, કાંતણવણાટ તેમજ રાજકારણ, કિસાન અને કામદાર પ્રવૃત્તિઓને સ્થાન હોવા છતાં સર્વ પ્રવૃત્તિઓને સત્ય અને અહિંસાની મર્યાદામાં રહીનેજ ચલાવવી એવું આ સંઘનું દિશાસૂત્ર છે. સમગ્ર જીવનની શુદ્ધિ અને સાંસ્કારિતા માટે મથતા સમાજને બીજી કોઇ રાજકીય સંસ્થાના અધિવેશન કરતાં આમાંથી વધુ જાણવાનું અને જોવાનું મળી શકે તેમ છે. સભ્યો વચ્ચે નિકટ સંસર્ગ વધારવાના હેતુથી આ વખતે આ બેઠકમાં ઠરાવો બહુ ઓછા કરવામાં આવ્યા હતા.

જ.

# સ્ત્રી પુરૂષ સંબંધ

## કાકા કાલેલકર.

( શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામાજિક વ્યાખ્યાન શ્રેણીમાં પ્રથમ વ્યાખ્યાન શ્રી કાકા સાહેબ કાલેલકરે તા૦ ૨૬-૩-૩૯ ના રોજ આપેલું તેનો ટૂંક સાર નીચે આપવામાં આપવામાં આવ્યો છે.)

જનતાનો આજ સુધીનો ઇતિહાસ જોઇએ તો આપણને માલુમ પડે છે કે મનુષ્ય ખરેખર અણઘડ પ્રાણી છે. કાળે કાળે નવા નવા પ્રશ્નો ઉભા કરે છે અને કોઇ પણ પ્રશ્નનો અન્તિમ ઉકેલ લાવતોજ નથી. અથવા તો એમ પણ કહી શકાય કે સમાજ જીવનનો પ્રવાહ જ કોઇ એવી રીતે વહે છે અને ચોતરફના સંયોગો કાળે કાળે એવા પલટાતા રહે છે કે આજનો ઉકેલ આવતી કાલની સમસ્યા બનીને ઉભો રહે છે.

ઇતિહાસમાં બનતો એક એક બનાવ સમાજ જીવનની ઘટનામાં મહત્વના ફેરફારો કરતો જાય છે. આવી રીતે સ્થિતિ ચુસ્ત હિંદુ સમાજને પલટો આપતા અનેક બનાવો બનતા રહ્યા છે. હિંદુસ્તાનમાં મુસલમાનો આવ્યા અને તેમની સંસ્કૃતિની છાયા હિંદુ સમાજ ઉપર ફેલાવા લાગી તેની એક અસર એ થઇ કે હિંદુ સ્ત્રી જીવનની સ્વાભાવિક સ્વતંત્રતા ઓછી થઇ અને સ્ત્રી વધારે પરતંત્ર અને પરદાનશીન બની. ત્યાર બાદ અંગ્રેજો સાથે મીશનરીઓ આવ્યા અને તેઓએ એવી વિચાર છાયા ફેલાવી કે આપણે બધા જંગલી અવસ્થામાં જ છીએ અને આપણી સ્ત્રીઓ સાથેનો આપણો વર્તાવ અન્યાય અને નિષ્ઠુરતાભર્યો છે અને સ્ત્રી પુરૂષની સમાનતાની આપણને કશી કલ્પના જ નથી. એજ અરસામાં આપણે ત્યાં જે સંસાર સુધારકો પાકયા તેમનું વળણ પણ એવું જ બંધાતું ગયું કે પૂર્વકાળનું એટલું બધું ખરાબ અને ત્યાગવા યોગ્ય અને પશ્ચિમનું એટલું બધું સારૂં અને ગ્રહણ કરવા યોગ્ય. એ વિચાર મોહિનીનાં અનેક સારાં માઠાં પરિણામો આવ્યાં તેમાં બે ખાસ નોંધવા લાયક છે. એક તો એ કે સુધારક વિચારની છાયા નીચે એક પત્નીવ્રત ઉપર ઘણો જ ભાર મુકાવા લાગ્યો અને એક જીવતી હોવા છતાં બીજી પત્ની કરવી તે એકદમ જંગલી, પશુતાભર્યું અને શિષ્ટ મનુષ્યોને કદિપણ ન શોભે તેવું હીનકૃત્ય લેખાવા લાગ્યું. બીજી બાબત કોઇ પણ ધંધાદારી ગાનારી બાઇનું ગાયન સાંભળવા જવું કે નાચનારીનું નૃત્ય જોવા જવું અથવા તો એ માટે ગાનારી કે નાચનારીને ઘેર બોલાવવી એ બહુજ શરમાવનારૂં અને ગ્રહસ્થને ન છાજે તેવું લેખાવા લાગ્યું. આજે એ બન્ને બાબતનાં વલણોમાં ફેરફાર થઇ રહ્યા છે. સારા ગણાતા કેળવાયલા એકની હયાતીમાં બીજી ભણેલી કુંવારી સ્ત્રીને પરણતા અવારનવાર સંભળાય છે. ગાનારી કે નાચનારીના ગાયન કે નૃત્યમાં ભાગ લેવા સંબંધે અપ્રતિષ્ઠાનો ખ્યાલ કમી થતો જાય છે.

આજના સામાજિક નિયમો દેશકાળના ફરવા સાથે યોગ્ય ફેરફારો નહિ પામવાના કારણે તેમાં અનેક પ્રકારની કત્રિમતા અને દંભ આવી ગયા છે. આજના શંકરાચાર્યોનું જીવન પણ મોટે ભાગે એવી કત્રિમતા અને દંભ તેમજ અનૈસર્ગિકતાથી ભરેલું હોઇને સમાજને દોરવાની તાકાત કે યોગ્યતા તેઓએ ગુમાવી દીધી છે. આ કાર્ય આજના સમાજ સેવકોનું છે.

સ્ત્રી પુરૂષ સંબંધની ચોક્કસ મર્યાદાઓ ભૂતકાળમાં જોવામાં આવતી નથી. મહાભારતમાંથી આવી ચોક્કસ મર્યાદાનો કશો ખ્યાલ આવતો નથી. આ સંબંધને લગતી મર્યાદાઓ બંધાય છે અને કાળે કાળે પલટો ખાતી જાય છે. સમાજ પ્રગતિ બગડે નહિ, રૂંધાય નહિ એ આશયથી જ આવા નિયમો અને મર્યાદાઓ બંધાય છે. **જીવતા જાગતા સમાજહિતૈષિ લોકોના અંતરનાદમાંથી** ઉપજતા નિયમો એ જ આ **મર્યાદાઓનું સાચું શાસ્ત્ર છે.** આજના સમયમાં જુનું બધું તોડી શકાય તેમ નથી તેમ જ જુનું બધું રાખી શકાય તેમ નથી. **સ્ત્રી પુરૂષના સંબંધની દ્રષ્ટિએ મનુષ્ય વિકારી છે. એ સત્ય હકીકત આપણે સ્વીકારવી જોઇએ અને નિર્વીકારી થવું એ સાચો આદર્શ છે. એ ધોરણે સર્વ નિયમો અને મર્યાદાઓની રચના થવી જોઇએ એમ ગ્રહણ કરીને આગળ ચાલવું જોઇએ.** ઉપરના આદર્શને અમલમાં મુકવા માટે આપણે સ્ત્રીઓ અસૂર્યપશ્યા બનાવી પરદાનશીન બનાવી અવગુંઠનવતી બનાવી. પણ એ અખતરો તદ્દન નિષ્ફળ ગયો એમ આપણે આજે ચોક્કસપણે કહી શકીએ છીએ. એથી બન્ને વર્ગ વધારે પતિત બન્યા છે અને પરસ્પરનો સ્વાભાવિક સંબંધ વિકાસ પામી શક્યો નથી એમ આપણને લાગે છે.

આજે પરસ્પર વિરોધી બે ભાવનાઓની અથડામણ ચાલી રહી છે. સમાજ શ્રેષ્ટ કે વ્યકિત શ્રેષ્ટ? ત્યાગ શ્રેષ્ટ કે ભોગ શ્રેષ્ઠ? પરમાર્થ શ્રેષ્ઠ કે સ્વાર્થ શ્રેષ્ઠ? આદર્શવાદ શ્રેષ્ઠ કે વાસ્તવવાદ? જે રીતે જે વીચાર ઉપર વધારે ભાર મુકવામાં આવે તે રીતે સ્ત્રી પુરૂષ સંબંધની મર્યાદા અમર્યાદાની ઘટના થાય છે.

આવા નિયમોની રચના પાછળ બે બાબતો સમાજ વિધાયકોએ ખાસ લક્ષમાં રાખવી જોઇએ. એક તો વ્યકતી માત્રનું સ્વાતંત્ર્ય તેમજ અન્ત:સ્ફુર્તિની બને તેટલી રક્ષા થવી જોઇએ. બીજું એક બાજુએ જીવનશુદ્ધિની ઉપેક્ષા જરા પણ થઇ ન શકે તેમજ બીજી બાજુએ જીવનસમૃદ્ધિ એ આપણા સર્વ નિયમ ઉપનિયમોનો હેતુ છે એ કદી ભુલાવું ન જોઇએ. આ શુદ્ધિ અને સમૃધ્ધિનો સાચો મેળ સાધે એ જ સાચું નિયમશાસ્ત્ર.

સ્ત્રી પુરૂષ સંબંધ ચર્ચતાં લગ્ન સંસ્થાનો વિચાર સ્વાભાવિક રીતે સામે આવીને ઉભો રહે છે. લગ્ન સંસ્થા શું છે? કેટલાક કહે છે કે બે પાસે આવે અને એક થાય એ લગ્ન, બીજા કહે છે કે બે પાસે આવે અને ત્રણ થાય એ લગ્ન. આ બે ભાવનાનો સમન્વય થાય તો જ જીવનની શુદ્ધિ જળવાય. **લગ્ન એટલે કેવળ પશુમય જીવન નહી પણ તેમાં પ્રેમમય જીવનનું ઉંડાણ જોઇએ. કેવળ ભોગ પ્રધાન જીવન નહિ ભાવના પ્રધાન જીવન જીવવાની પરસ્પર સહકારી આકાંક્ષા અને પ્રયત્ન એજ સાચું લગ્ન જીવન.**

સ્ત્રી પુરૂષ વચ્ચે જો પરસ્પર તન્દુરતીભર્યા સંબંધની ખીલવણી કરવી હોય તો સામાજિક વ્યયહારને વિકારશૂન્ય બનાવવો જ જોઇએ અને વૈવાહિક જીવનને પરસ્પર નિષ્ઠાવાળું બનાવવું જોઇએ. જયાં પરસ્પર વ્યવહારમાં વિકાર શુન્યતા છે અને લગ્ન જીવનમાં સાચી નિષ્ટા અને પ્રેમનું ઉંડાણ છે ત્યાં સ્ત્રી પુરૂષોનો સંબંધ સદા નિર્ભય છે.

સ્ત્રી પુરૂષના પરસ્પર સંબંધનું નિયંત્રણ કરતા

(વધુ માટે જુઓ પાનું ૬ ઠું)

## જૈન શ્વે. કૉન્ફરન્સ.

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનો આજથી લગભગ પાંત્રીશ વર્ષ પહેલાં ઉદ્દભવ થયો હતો. એ તે સમય હતો કે જ્યારે ભાતભાતની કોમી પરિષદો ભરવાનો આખા દેશભરમાં સખત પવન વાઇ રહ્યો હતો. એ પરિષદોનું સ્વરૂપ આજે કલ્પવામાં આવે છે તેથી તદ્દન ભિન્ન પ્રકારનું હતું. કોમના કોઇ જાણીતા શ્રીમાનને પરિષદના પ્રમુખ તરીકે ચુંટવામાં આવે. પરિષદ જ્યાં ભરાવાની હોય ત્યાં તેમનું ભવ્ય સ્વાગત સરઘસ કાઢવામાં આવે. પરિષદમાં પ્રસ્તુત કોમના સંખ્યાબંધ માણસોની જમાવટ થાય. પ્રમુખના ઘણું ખરૂં કોઇ પાસે લખાવેલા લાંબા ભાષણથી પરિષદની શરૂઆત થાય. વકતૃત્વમાં કુશળ માણસો જ પરિષદના આગેવાનો બની બેસે; ભાષણ કરનારાઓ ભાષણો કરતાં થાકે નહિં, સાંભળનારા સાંભળતા થાકે નહિ. કોમને સ્પર્શતા અનેક સવાલો ઉપર નાના મોટા ઠરાવો થાય. ઠરાવોનું સ્વરૂપ બહુજ નમ્ર અને રૂઢિચુસ્તોને બને તેટલું અનુકૂળ હોય. છેવટે પરિષદના પ્રમુખ તેમજ બીજા કેટલાક સખી ગ્રહસ્થો તરફથી મોટી મોટી સખાવતોની જાહેરાત થાય. અને એ રીતે એક બે વર્ષના ગાળે ફરી મળવાનું નક્કી કરીને પરિષદ વિસર્જન પામે. વચગાળે પરિષદનો પ્રચાર કરવા સિવાય બીજા કોઇ કાર્યક્રમનો કદિ વિચાર કરવામાં આવતોજ નહી. આવી કોમી પરિષદો ભિન્ન ભિન્ન સ્થળોમાં વસતા કોમના આગેવાન માણસોને એકત્ર થવાનું અને પોતપોતાના વિચારોની આપલે કરવાનું બળવાન નિમિત્ત બનતી એ એક મોટામાં મોટો લાભ હતો.

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ આ રીતે દર વર્ષે મળતી અને એક એકથી ચડિયાતાં સંમેલનો ભરતી. આમ કેટલાંક વર્ષ સુધી ચાલ્યું અને પછી બીજી કોમી પરિષદો માફક આ કોન્ફરન્સની પ્રવૃત્તિમાં પણ ધીમે ધીમે શિથિલતા આવવા લાગી. કોન્ફરન્સ કોન્ફરન્સ વચ્ચેના ગાળાઓ વધવા લાગ્યા; લોકોનો રસ કમી થવા લાગ્યો; કેટલાક કોમી સવાલો સંબંધમાં મતભેદો વધારે ને વધારે ઉગ્ર સ્વરૂપ પકડતા ગયા. કેટલાક આગેવાન સાધુઓએ કોન્ફરન્સ વિરૂધ્ધ બારે માસ પ્રચાર કરવા માંડયો. એક વખત જીવતી, જાગતી અને સંખ્યાબંધ જનતાને આકર્ષતી કોન્ફરન્સ કાળાન્તરે અતિશય અલ્પક્રિય દશાને પ્રાપ્ત થઇ. જુન્નર કોન્ફરન્સથી પોતાને સાચો ધર્મશ્રધ્ધાળુ માનતો કેટલોક વર્ગ કોન્ફરન્સની પ્રવૃત્તિથી લગભગ અલગ થઇ ગયો. સામાન્ય જનતામાં પણ કોન્ફરન્સ વિષે એક પ્રકારની ઉદાસીનતા આવી ગઇ.

આ ઉદાસીનતા દુર કરવા માટે તેમ જ અલગ પડેલા વર્ગને સામેલ કરવા માટે આજે કેટલીક મહેનત ચાલી રહી હોય એમ સંભળાય છે. જૈન સમાજ સાથે સંબંધ ધરાવતો કોઇ પણ વર્ગ જન કોન્ફરન્સથી અલગ રહે એ જરા પણ ઇચ્છવા યોગ્ય નથી અને તેથી દુર રહેતા વર્ગને સામેલ કરવા માટે બને તેટલી સમજાવટના પ્રયત્નો થાય એ ખરેખર આવકારદાયક છે. પણ આવા પ્રયત્નો હાથ ધરનારે એ ખાસ ધ્યાનમાં રાખવાનું રહે છે કે કોન્ફરન્સનું વિશાળ અને વ્યાપક સ્વરૂપ ખંડિત થાય એવી કોઇ શરતોથી આવી સામેલગીરી સધાતી હોય તો કદિ પણ સ્વીકારી શકાય જ નહિ. કોન્ફરન્સ એટલે ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુઓ ધરાવતા પ્રતિનિધિઓનું મંડળ. આવા પ્રતિનિધિઓ એકઠા થાય, જૈન સમાજના સામાજિક ધાર્મિક તેમજ આર્થિક સવાલોની ચર્ચા કરે, આખી કોમની પ્રગતિ થાય તેવા નિર્ણયો કરે અને તેને અનુકુળ રચનાત્મક કાર્યક્રમ યોજે, ઉત્તરોત્તર વર્તમાન પરિસ્થિતિ ધ્યાનમાં લઇને આજે અમુક બાબતો ઉપર વિશેષ ભાર મુકે તો આવતી કાલે બીજી બાબતોને આગળ ધરે, કોન્ફરન્સ આગળ રજુ થતા પ્રશ્નો બહુમતિથી નિર્ણય થાય અને સમાજના હિતાહિત સાથે સંબંધ ધરાવતા કોઇ પણ પ્રશ્નનો બહિષ્કાર ન થાય. સૌ સમાન ભાવે મળે અને બહુમતિથી નક્કી થતા ઠરાવોને સ્વીકારીને ચાલે પોતાના મતને પ્રતિકૂળ એવો કોઇ ઠરાવ નક્કી કરવામાં આવે તો તે ઠરાવમાં જરૂરી ફેરફાર કરાવવા માટે યોગ્ય પ્રચાર કર્યા કરે પણ તે ખાતર પોતે કદિ કોન્ફરન્સને છોડવાનો વિચાર ન કરે તેમજ કોન્ફરન્સને તોડવાનો વિચાર પણ કદિ ન સેવે. આ ધોરણ અને નીતિના પાયા ઉપર કોન્ફરન્સ ઉભી છે અને ને પાયા ઉપર જ કોન્ફરન્સનો સાચો વિકાસ સંભવે છે.

જૈન સમાજમાં એક એક છેડે ઉભેલો એક વર્ગ એવો છે કે જેને કોન્ફરન્સ તરફ વાળવો મારી દ્રષ્ટિએ અશકય અથવા તો ખરેખર વિકટ છે. એક તો કેળવાયલો નાનો સરખો વિદ્વાન વર્ગ કે જે પોતાની જાતને જૈન તરીકે ઓળખાવે છે છતાં જેને જૈન સમાજના હિતાહિતમાં જરા પણ રસ રહયો નથી અને જે કાંતો પોતપોતાની દ્રવ્યોપાર્જક પ્રવૃત્તિમાં ખુબ ગુંથાયલો છે અથવા તો કોઇપણ રાષ્ટ્રીય કે સામાજીક પ્રવૃત્તિમાં સારી રીતે ઓતપ્રોત થયેલો છે. બીજી બાજુએ અતિશય કટ્ટર સ્થિતિચુસ્ત વર્ગ કે જેને ડગલે પગલે ધર્મ જોખમમાં દેખાય છે, જે કોઇપણ પ્રકારના મામુલી ફેરફારમાં આખા ધર્મશરીરને છેદાઇ જતું કલ્પે છે અને જેને બહુમતિના નિર્ણય સાથે એકરૂપ થતાં કદિ આવડતું જ નથી અને જે સદાકાળ નાની મોટી બાબતોમાં ધર્મધ્વંસની ભડકથી ભડકતો જ રહે છે. આવા વર્ગને માંડ માંડ સમજાવીને આજે નજીક લાવવામાં આવે તો પણ આવતી કાલે પાછો ભડકીને ભાગી છુટવાનો જ છે. આજે એકતા સાધવા પાછળ સમય અને શકિત ખરચનારા ભાઇઓ આ વસ્તુસ્થિતિ ધ્યાનમાં રાખશે તો ઘણી નકામી મહેનતથી બચી જશે.

પરમાનંદ.

---

## નૃત્યકલા એટલે સાંસ્કારિતાનું પ્રતિક

### મુનિશ્રી વિદ્યાવિજયજીનો જૈન સંઘને ઉપદેશ

(કરાંચીની શ્રી સુંદરલાલજી જૈન વિદ્યાશાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે પ્રમુખસ્થાનેથી મુનિશ્રી વિદ્યાવિજયજીએ પાઠશાળાની બાલિકાઓએ ભજવી બતાવેલા નૃત્ય પ્રયોગોને અભિનંદન આપતાં નૃત્યકળા વિષે કેટલાક મનનીય ઉદ્દગારો કાઢયા હતા, જે અહિં આપવામાં આવે છે.)

બાલિકાઓના નૃત્યના પ્રયોગો સબંધમાં કેટલીક જગ્યાએથી એવા સુરો સંભળાય છે કે ધાર્મિક કેળવણી આપતી પાઠશાળામાં આ તે શું ? પણ નૃત્યની કેળવણી એ આપણા પ્રાચીન સમયની એક મહાન સંસ્કૃતિ હતી. નૃત્ય અને અભિનય એ તો માનસિક વિકાસના ચિન્હો છે આપણે પણ કુદરતી રીતે અભિનય કરીએ છીએ. આપણે બોલ્યા વિના કહેવું હોય તો હાથની સંજ્ઞા કરીએ છીએ. અભિનય કલાનો વિકાસ માનસિક શુધ્ધિમાં અને સ્વચ્છતા પર થાય છે. આપણા બાળકો પ્રફુલ્લ હોય તો જ આવા કુદરતી અભિનયો કે જે જોતાં આપણને સાહજીક આનંદ થાય છે તે રજુ કરી શકાય તેમ છે. પ્રાચીન સમયમાં આ નૃત્યકલા ખુબ જ વિકાસ પામેલી હતી અને ઉચ્ચ સંસ્કારિતા તેને કહેવાતી હતી એમ આપણા જૈન ગ્રંથો પણ બતાવે છે.

# સમય સૂચન

### બુધ્ધ જયન્તી

આ વૈશાખ શુકલ પક્ષની પુર્ણિમાના દિવસે ભગવાન બુદ્ધનો જન્મદિવસ ભારત વર્ષમાં સ્થળે સ્થળે ઉજવાયો. લગભગ એક માસ પહેલાંજ આવી રીતે ભગવાન મહાવીરની જયંતી ઉજવાઇ હતી. આજથી લગભગ પચ્ચીસો વર્ષ પહેલાં ઉદ્‌ભવ પામેલી આ બે વ્યકિતઓએ ભારત વર્ષના સમગ્ર ધાર્મિક જીવનને નવોજ પલટો આપ્યો હતો અને ક્રિયાકાંડ, બાહ્યાચાર, બ્રાહ્મણ વર્ગની આપખુદી, વેદોની સરમુખત્યારી, વગેરે અનેક દિવાલો વચ્ચે રૂંધાતા ધાર્મિક જીવનને મુકત કર્યું હતું. તેમણે આપેલી નૂતન સંસ્કારની છાયા આજે પણ આપણા ધાર્મિક જીવનને પુનિત અને નિર્મળ બનાવી રહેલ છે. ભગવાન મહાવીર કરતાં ભગવાન બુધ્ધનું નામ દુનિયામાં વધારે જાણીતું છે અને તેમની જીવનકથા આજની દુનિયાને વધારે આકર્ષે છે. ભગવાન બુધ્ધના આખા જીવનમાં જે અપૂર્વ કોમળતાનો તંતુ વણાયલો છે, જે એક બાળક જેવો નિર્દોષ મુગ્ધભાવ અનુભવ ગોચર થાય છે તેને લીધે તેમનું જીવન વધારે રોચક લાગે છે. આપણી જેવા મનુષ્ય સ્વભાવને સહજ લાગણીઓથી ભરેલા, ઘડી હસતા ઘડી રડતા, યશોધરામાં આસકત એમ છતાં પણ કોઇ દિવ્ય આવ્હાહનથી સદા ઉન્મુખ અપાર અનુકંપાથી ભરેલા, ભગવાન બુધ્ધ જગતભરના ઇતિહાસમાં અજોડ અને અદ્વિતીય પુરૂષ છે. તેમની સત્યસાધના કોઇ પણ સાધકને દ્રષ્ટાંતરૂપ બને છે. સિધ્ધિ પ્રાપ્ત કર્યા પછીનો તેમનો વિહાર અનેક બોધક પ્રસંગોથી ભરપૂર છે. લોકોને વિકટમાં વિકટ પ્રશ્નો સાદામાં સાદી રીતે સમજાવવાની તેમની પધ્ધતિ પ્લેટોની વિવાદ પધ્ધતિથી પણ વધારે ચઢિયાતી અને નમ્ર દીસે છે. આજે હીંદુસ્થાનમાં બુદ્ધ ધર્મના અનુયાયી ગણ્યાગાંઠયા રહ્યા છે પણ ભગવાન બુધ્ધના જીવનની તેમજ તેમણે ઉપદેશેલા ધર્મની છાયા દેશના ધાર્મિક જીવન ઉપર આરપાર પડેલી છે. આવા મહાન યુગ પ્રવર્તક કરૂણાનિધાન ભગવાન બુધ્ધને આપણાં અનેક વંદન હો ! વંદન હો !

### મદ્યપાન નિષેધ

મુંબઇ સરકારે મદ્યપાન નિષેધની પ્રવૃત્તિ હાથ ધરી છે તેમાં રહેલ સાહસ માટે મુંબઇ સરકારને ખુબ ખુબ ધન્યવાદ ઘટે છે. આ પ્રવૃતિનો પ્રારંભ અમદાવાદથી કરવામાં આવ્યો હતો અને ત્યાં ચોકકસ સફળતા પ્રાપ્ત થયા બાદ હવે થોડા સમયમાં મુંબઇમાં આ પ્રયોગનો પ્રારંભ થાય છે આ સંબંધમાં મુખ્ય વિરોધ પારસી કોમનો છે કારણ કે મદ્યનો આખો વ્યવસાય મોટે ભાગે પારસીઓના હાથમાં છે અને મુંબઇ શહેરમાં મદ્યપાન નિષેધનો અમલ થતાં તે ધંધામાં રોકાયલા માણસોને તત્કાલ બેકારીનો સામનો કરવો પડે તેમ છે. કોઇ પણ એક વર્ગને માથે આવી આફત આવી પડે તે કોઇને પણ આનંદનો વિષય નજ હોય, પણ બહુ મોટા વર્ગના પરમ કલ્યાણનો માર્ગ હાથમાં લેતાં એક નાના વર્ગને સહન કરવાનો સંયોગ ઉભો થાય એ અનિવાર્ય પરિસ્થિતિ ગણી સમાજે નિભાવી લેવીજ જોઇએ.

આ મદ્યવ્યાપાર ઉપરના કરવેરામાંથી સરકારને લાખો રૂપિયાની કમાણી હતી તે ખોટ પુરી કરવા માટે મોટા શહેરોની મિલ્કત ઉપર સરકારે દશ ટકાનો કર નાખ્યો છે તેથી મીલકતવાળાઓ સારી રીતે નારાજ થયા છે. મદ્યપાન નિષેધથી તાત્કાલિક લાભ મદ્યસેવનના ભોગ બનેલા મજુરોને છે પણ સમગ્રપણે તેનો લાભ આખા જનસમાજને થવાનો જ છે. મદ્યપાનમાંથી થતી આવક સરકારે બીજા કોઇ સાધનદ્વારા મેળવવી જ જોઇએ. એમ ન બને તો સરકારી અનેક લોકોપયોગી ખાતાંઓ બંધ કરવા પડે. આ માટે મિલ્કતવાળાઓ ઉપર કર નાખ્યા સિવાય બીજો કોઇ માર્ગ જ નહોતો.

આટલો મોટો કર નાંખીને મદ્યપાનની અટકાયત કરવી એ કેટલાકને મન બીનજરૂરી અને ગાંડપણભર્યું લાગે છે. આવું વલણ ધરાવનારને મદ્યપાનથી થતી મજુરોની પાયમાલીનું કશું ભાન હોતું નથી અથવા તો તે વિષે તેઓ તદ્દન ઉદાસીન હોય છે. મદ્યના ભોગ બનીને અનેક મજુર કુટુંબો પાયમાલ થઇ રહ્યા છે. મીલ કે ફેકટરીમાંથી નાણાં મળે કે તે દારૂના પીઠા તરફ દોડે છે, અને હાથમાં આવેલ નાણાં ફેંકી દે છે. બૈરી છોકરાંની દુર્દશાનો ગમે તેટલી સારી મજુરી મળવા છતાં અન્ત આવતો જ નથી. દારૂના દુર્વ્યસને હિંદુસ્તાનના મજુરોની પાયમાલી કરવામાં જરા પણ બાકી રાખી નથી. એક વર્ષના મદ્યપાનનિષેધે અમદાવાદના મજુરોના જીવન ઉપર ભારે કલ્યાણકારી અસર કરી છે. અને આ નિષેધથી મજુરો સ્વાભાવિક રીતે નાણું બચાવી શકે છે અને તેનો લાભ તેમની સ્ત્રી અને બાળકોને મળે છે એટલું જ નહિ પણ પરચુરણ વ્યાપારીઓને પણ આ નવી પરિસ્થિતિનો ખૂબ લાભ મળી રહ્યો છે. મુંબઇ સરકારની મદ્યપાનનિષેધની અસાધારણ સાહસભરી પ્રવૃત્તિને પૂરી સફળતા મળે એમ આપણે ઇચ્છીએ.

### નિરક્ષરતા નિવારણ

આજે આખા મુંબઇ ઇલાકામાં નિરક્ષરતા નિવારણની હાકલ વાગી રહી છે અને સ્થળે સ્થળે તે દિશાએ ખૂબ પ્રવૃત્તિઓ વ્યવસ્થિત આકાર ધારણ કરી રહી છે. મુંબઇ સરકારનું આ પગલું પણ અનેક ધન્યવાદને યોગ્ય છે. અજ્ઞાન અનેક અનર્થોનું મૂળ છે. અજ્ઞાન જેટલો મોટો પ્રજાનો બીજો કોઇ દુશ્મન નથી. કોઇને પણ વાંચતાં લખતાં શિખવવું એ તેને નવી આંખ આપવા બરોબર છે. સ્થૂળ દુનિયા કરતાં અક્ષર દુનિયા ઘણી મોટી છે. આ દુનિયાના સંપર્કથી અજ્ઞ–નિરક્ષર—માણસ હંમેશને માટે વંચિત રહે છે. જે દુનિયામાં પોતે વસે છે ત્યાં શું બને છે તે દરેક માણસે જાણવું જ જોઇએ. આપણા દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ ૯૨ ટકા જેટલું ભયાનક છે. વાંચતાં લખતાં આવડતું હોય તો દરેક માણસ પોતાને મળતી નવરાશનો કેવો સુન્દર સદુપયોગ કરી શકે ? તે કેટલો સ્વાવલંબી બને ? કોઇ પણ સાદો કે ગહન વિચાર, ગાયન કે ભજન, ભાષણ કે પ્રવચન તેના માટે કેટલું સુલભ બને ? આ શુભ પ્રવૃત્તિને આપણ સર્વેએ બને તેટલો ટેકો આપવાની ખાસ જરૂર છે. દીવાળીમાં ઘેર ઘેર દીવા પ્રગટે છે પણ દીવાળી જતાં એ દીવાઓ ઓલવાઇ જાય છે. આ પ્રવૃત્તિ ઘેર ઘેર એવી દીપમાળ પ્રગટાવે છે કે જે સદાકાળ પ્રજ્વલિત રહે છે અને નજીક તેમજ દૂરના સર્વને પ્રકાશિત કરે છે. જૈન ધર્મ જ્ઞાન પ્રધાન ધર્મ છે. તેથી આ ઘેર ઘેર જ્ઞાન જ્યોત પ્રગટાવવાના કલ્યાણમય કાર્યને જૈનો તો જરૂર અપનાવે અને સરકારને બને તેટલો સાથ આપે.

### દયાપાત્ર ભ્રમણા

શ્રી ચીમનલાલ વાડીલાલ શાહની લેખિની લખ્યા જ કરે છે. તેમની લેખિની વિરામચિહ્ન જાણતી જ નથી. તેમના

(વધુ માટે જુઓ પાનું ૨ જું)

## તકેદારી રાખો.

જૈન સમાજ ઘણી ઉપયોગી સંસ્થાઓને નિભાવે છે, અને અનેક જૈન દહેરાસરોનો વહીવટ ચાલુ જમાનાને યોગ્ય યોજનાઓ કરી ટ્રસ્ટીઓ હસ્તક તેમનો વહીવટ ચલાવે છે. પરંતુ આવા વહીવટોમાં જુદા જુદા દહેરાસરોના વહીવટ અને વ્યવસ્થામાં બાબત ઘણી જાતની ગેરવ્યવસ્થાઓ એક યા બીજારૂપે ચાલે છે. શ્રી ગોડીજી મહારાજના દહેરાસર અંગે ટ્રસ્ટીઓના વહીવટમાં અનેક જાતની ગેરવ્યવસ્થા અથવા બેદરકારી બહાર આવવાથી ૧૯૯૨-૯૩ ની સાલનો આખો વહીવટ તપાસવા દેવસુરસંઘે એક સબકમીટી નીમી અને એ કમીટીએ ઉંડાણથી તપાસ કરવા પછી, ફેલાઇ રહેલી અફવાઓમાં તથ્ય જણાયાથી ટ્રસ્ટીઓ પાસે તેના ખુલાસા માંગ્યા. પરિણામે ટ્રસ્ટીઓની બોર્ડે રાજીનામું આપવાનું ઠરાવ્યાનું બહાર આવ્યું. આવીજ રીતે શ્રી. શાંતિનાથના દહેરાસરનો બીજો દાખલો પણ ધડો લેવા યોગ્ય છે તે એક રીતસરની સ્કીમ તૈયાર કરવા માટે જુના ટ્રસ્ટીઓ પાસે સંઘે અનેક વખત માંગણીઓ કરવા છતાં ટ્રસ્ટીઓએ જરા પણ દાદ આપી નહી, તેથી યોગ્ય દાદ નહી આપવાથી સ્કીમ-યોજના નક્કી કરાવવા માટે એડવોકેટ મારફત કોર્ટમાં દાવો કરવામાં આવ્યો; જેના પરિણામે તેમાંનાજ એક ટ્રસ્ટીના કહેવા મુજબ રૂ. ૬૩૦૦૦) ત્રેસઠ હજારનું મોટું બીલ સોલીસીટરોનું આવ્યું છે, વળી એક નવો ઝઘડો શ્રી નેમીનાથ દહેરાસરના ટ્રસ્ટીઓ થવા માટે શ્રી ઝાલાવાડ સંઘ અને શ્રી જામનગર સંઘ વચ્ચે થયો છે અને કોર્ટમાં દાવો સુધ્ધાં દાખલ થઇ ગયો છે, કોણ જાણે તેમાં કેટલા હઝાર હોમાય ? આવીજ રીતે બીજી નાની મોટી સંસ્થાઓના ટ્રસ્ટીઓની બેદરકારીઓ તો ઉભી જ છે. આ ઉપરથી જૈન સમાજે સવેળા ચેતવાની જરૂર છે. એક યોજના તૈયાર કરી તે પ્રમાણે વહીવટ કરવાનું કબુલવામાં આવે અને તે મુજબ અને સમાજમાં આગેવાન ગણાતા શ્રીમંતોની ટ્રસ્ટીઓ તરીકે નીમણુંક કરવામાં આવે એટલાથી આપણે નિશ્ચિંત થઇ શકીએ છીએ એવી ભ્રમણામાં મૂકાઇ આપણે વહીવટ પ્રત્યે બેદરકારી દેખાડીએ છીએ. આપણે જેમને શ્રીમંતો અને આગેવાનો સમજી ટ્રસ્ટીઓ નીમીએ છીએ તેઓ પોતાની અનેક જંજાળોમાં રોકાયા હોવાથી વખતના અભાવે સેક્રેટરીઓ અથવા કલાર્ક મારફત આખા ટ્રસ્ટનો વહીવટ ચલાવે છે. મહીને છ મહીને કે વર્ષે પણ એ ખાતાઓની વ્યવસ્થા જોવાની, સમાજની તેને અંગેની શું શું ફરિયાદો છે તે જાણવાની તેઓ તસ્દી લેતાજ નથી જેના પરિણામે સેક્રેટરી યા કલાર્ક તદ્દન નિરંકુશ બની આખી યોજનાને અવ્યવસ્થામાં ફેરવી નાંખે છે. સેક્રેટરીઓ સેવાભાવી માનસ વિનાના હોય છે. સંઘના સભ્યોનો અસંતોષ વધતો જાય છે. આપણે પણ આવી વસ્તુસ્થિતિ ધ્યાનમાં આવતાં આખા વહીવટ પ્રત્યે સખ્ત અણગમો દર્શાવીએ છીએ કિન્તુ કસુર આપણી પોતાનીજ હોય છે એ આપણે સમજી શકતાજ નથી. ઘણા લાંબા વખતથી શ્રીમંતાઇ અને શેઠાઇ પ્રત્યે આપણને આંધળી શ્રધ્ધા હોવાથી આવા કાર્યોમાં તેમનેજ નીમવાનો આગ્રહ રાખીએ છીએ. અને જે ખાસ સેવાભાવી હોઇ, રાતદિવસ પરિશ્રમ લઇ પ્રામાણિકતાથી વહીવટ ચલાવી શકે તેવા હોય તેમની સેવાનો આપણે તેમની સાધારણ સ્થિતિના કારણે કશો પણ લાભ લઇ શકતા નથી, જેનું ફળ આપણે અથવા આપણી સંસ્થાઓ ભોગવે છે. આપણે આપણો હક્ક બરાબર ન બજાવીએ અને પછી બીજાને દોષ આપવા તૈયાર થઇએ એ ન્યાય્ય નથી. એટલેજ સમાજે પોતાની જવાબદારીનો પુરો ખ્યાલ કરી ટ્રસ્ટ ખાતામાં વ્યવસ્થિત રીતે વહીવટ કરવામાં જેમનામાં આવડત અને આગ્રહ હોય એવાઓનેજ ટ્રસ્ટીઓ નીમી પોતાના હકનો યોગ્ય ઉપયોગ કરવો જોઇએ. ચાહે પછી તે શ્રીમંત હોય યા સાધારણ કોટીનો હાય તેની દરકાર રાખવાની ન હોય. પરંતુ તે પ્રમાણીક સેવાભાવી છે કે નહી એજ જોવું રહ્યું થોડા વખતમાં શ્રી ગોડીજી મહારાજના દહેરાસરના વહીવટ માટે નવા ટ્રસ્ટીઓની ચુંટણી થવાની છે. શ્રી દેવસુર સંઘના સભ્યોને અમારી સલાહ છે કે તેઓ ટ્રસ્ટીઓ ચુંટતા પહેલાં પુરતી **તકેદારી રાખે.** અને સાચા સેવાભાવી ભાઇઓનેજ અને જેઓ સંઘને પુરા જવાબદાર રહેવા માંગતા હોય તેમનેજ ચુંટી કહાડવાની પુરતી સંભાળ રાખે.

એક વધુ સુચના આવા ટ્રસ્ટોને અંગે કરવાની જરૂર ખાસ લાગે છે. મીલ્કત સહીસલામત રહે અને ખોટી રીતે વેડફાઇ ન જાય તેને માટે વહીવટી સ્કીમમાં નીચે પ્રમાણે યોજના કરવામાં આવે તો ઘણી ફરીયાદો દુર થવા સંભવ છે. ટ્રસ્ટી અને વહીવટી બોર્ડ એમ બે જાતની ગોઠવણ કરવામાં આવે એટલે કે મીલ્કત ટ્રસ્ટીઓના નામ ઉપર રહે અને વહીવટ જુદું વહીવટી મંડળ જે સંઘના સભ્યોએ ચુંટી કાઢેલ હોય એ કરે તે વહીવટી મંડળમાં સંઘના દરેક સભ્યને ઉભા રહેવાનો અને ચુંટાવાનો અધિકાર હોવો જોઇએ. ટ્રસ્ટીઓ પણ ઉમેદવારી કરી શકે. આ વહીવટી મંડળ સંઘની પાસે આખા વર્ષના ખર્ચનું કાચું બજેટ રજુ કરી તેની બહાલી મેળવી લઇ વહીવટી કામ કરે. આવી જાતની ગોઠવણથી ટ્રસ્ટીઓ અને સંઘ વચ્ચે ઘર્ષણ થશે નહી. અને વહીવટ સંઘે ચુંટેલા સભ્યો કામ કરે એટલે સંઘને ફરીયાદ કરવાનું પણ રહેશે નહી. જ્યાં જ્યાં ટ્રસ્ટ થઇ ગયા હોય એમાં આવી જાતના ફેરફાર ટ્રસ્ટીઓ અને સંઘ એકત્ર મળી યોજનામાં ફેરફાર કરાવી લેવાની તકેદારી રાખે એવું અમો ઇચ્છીએ છીએ.

**મણિલાલ એમ. શાહ**

---

## હેમચન્દ્રાચાર્ય જ્ઞાન મંદિર

પાટણ ખાતે હેમ સારસ્વત સત્રની ઉજવણી મુંબઇના ગૃહમંત્રી શ્રી કનૈયાલાલ મુન્શીના પ્રમુખપણા હેઠળ થઇ હતી. આ પ્રસંગે શેઠ હેમચંદ મોહનલાલ અને તેમના ભાઇઓ તરફથી શ્રી હેમચન્દ્રાચાર્યનું નામ કાયમ રહે અને જૈનોના પુસ્તકોના સંગ્રહ અને અધ્યયનની સગવડ માટે ૫૧૦૦૦ ની કિંમતનું એક મકાન ભેટ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. આ મકાનનું નામ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જ્ઞાન મંદિર રાખવામાં આવ્યું હતું.

---

(૩ જા પાનાનું ચાલુ)

નિયમો બહુ આકરા કરવાથી કશો ફાયદો થવાનો નથી. તે નિયમોનો ખરો પાયો કેળવણી છે. ઉગતી પ્રજાને એવી કેળવણી મળવી જોઇએ કે સ્ત્રી પુરૂષના સ્વાભાવિક નિર્મળ સંબંધની ભાવના તેની પ્રકૃતિમાં સચોટ કોરાઇ રહે અને એથી ઉન્મુખ જવાની તેને કદી કલ્પનાજ ન આવે. સાચી કેળવણી એજ સંબંધ વિકાસનો સાચો ઉપાય છે. કેવળ ચોકીની વૃત્તી રાખવાથી દંભજ વધે છે. સદાચારી માણસોનું સારા પ્રમાણમાં અસ્તિત્વ એજ સમાજની સાચી ચોકી છે. દુરાચાર માફક સદાચાર પણ ચેપી છે એ આપણે કદી ભૂલવું ન જોઇએ.

## જાતિભેદ: જન્મથી કે કર્મથી?

એકવાર બુધ્ધ ભગવાન ઇચ્છાનંગલ નામના ગામના ઉપવનમાં રહેતા હતા. તે કાળે પુષ્કળ પ્રસિધ્ધ બ્રાહ્મણો એ ગામમાં રહેતા હતા. એક દિવસ વાસિષ્ઠ અને ભારદ્વાજ નામના બે તરૂણ બ્રાહ્મણો વચ્ચે, માણસ જન્મથી શ્રેષ્ઠ થાય છે કે કર્મથી શ્રેષ્ઠ થાય છે, એ સંબંધે વાદ ઉત્પન્ન થયો.

ભારદ્વાજે પોતાના મિત્રને કહ્યું, "ભો! વાસિષ્ઠ, જેની માતા તરફની સાત પેઢી અને પિતા તરફની સાત પેઢીઓ શુધ્ધ હોય, જેનાં કુલનો સાત પેઢી સુધી વર્ણસંકર ન થયો હોય, તેજ બ્રાહ્મણ શ્રેષ્ઠ ગણાય."

વાસિષ્ઠે કહ્યું, "હે ભારદ્વાજ! જે માણસ શીલસંપન્ન અને કર્તવ્યદક્ષ હોય, તેનેજ હું બ્રાહ્મણ ગણું છું."

પુષ્કળ ચર્ચા ચાલી તો પણ તે બન્ને પરસ્પરનું સમાધાન કરી શકયા નહિ. ત્યારે વાસિષ્ઠે કહ્યું, "હે ભારદ્વાજ, આપણો આ વાદ આ રીતે બંધ નહિ થાય. આ શ્રમણ ગૌતમ આપણા ગામ પાસેજ રહે છે. તે બુધ્ધ છે પૂજ્ય છે અને બધા લોકોના ગુરૂ છે, એવી તેની કીર્તિ ચારે તરફ ફેલાયેલી છે. આપણો મતભેદ તેને કહીએ; અને તેજ કહે તે આપણે માન્ય કરવું." ત્યારે તે બુધ્ધ ભગવાન પાસે ગયા અને કુશળ સમાચાર પૂછીને એક બાજુએ બેઠા. વાસિષ્ઠ બોલ્યો, "હે ગૌતમ, અમે બન્ને સુશિક્ષિત બ્રાહ્મણકુમાર છીએ. આ તારૂક્ષ્યનો શિષ્ય છે, અને હું પૌષ્કરસાદીનો શિષ્ય છું. અમારે જાતિભેદ સંબંધે વિવાદ ઉત્પન્ન થયો છે. આ કહે છે, 'જન્મથી બ્રાહ્મણ થાય છે.' અને હું કહું છું, 'કર્મથી બ્રાહ્મણ થાય છે.' આપની ખ્યાતિ સાંભળીને અમે આપની પાસે આવ્યા છીએ. તો અમારામાં કોનું કહેવું સત્ય છે અને કોનું અસત્ય છે, એ આપ સમજાવો"

ભગવાન બોલ્યા, "વાસિષ્ઠ! તૃણ, વૃક્ષ વગેરે વનસ્પતિમાં જુદી જુદી જાતિ નજરે આવે છે. તેમજ કીડા, કીડીઓ, વગેરે નાનાં પ્રાણીઓમાં પણ જાતિ નજરે પડે છે. સર્પની અનેક જાતિઓ છે, શ્વાપદોની જાતિઓ પણ અનેક છે. પાણીમાં રહેલાં માછલાંઓની અને આકાશમાં ઉડતાં પક્ષીઓની પણ અનેક જાતિઓ જણાય છે. આ બધાં પ્રાણીઓમાં જુદી, જુદી જાતનાં ભેદ બતાવનારાં ચિન્હો સ્પષ્ટ જણાય છે; પણ એવાં ચિન્હો મનુષ્યમાં જણાતાં નથી. વાળ, કાન, આંખો, મોઢું, નાક, હોઠ, ભવાં, ડોક, પેટ, પીઠ, હાથ, પગ વગેરે બધાં અવયવોમાં એક માણસ બીજા માણસથી સાવ ભિન્ન હોઇ શકતો નથી. અર્થાત, પશુપક્ષીઓમાં જેમ આકારાદિથી ભિન્ન જાતિઓ જણાય છે, તેમ મનુષ્યમાં જણાતી નથી. બધાં મનુષ્યોના અવયવો લગભગ સરખાં જ હોવાથી, મનુષ્યમાં આકાર વડે જાતિભેદ ઠરાવવો અશકય છે. પરંતુ કર્મ ઉપરથી જાતિભેદ ઠરાવવો સુલભ છે. કોઇ બ્રાહ્મણ ગાય પાળીને તેના ઉપર નિર્વાહ કરતો હોય, તો તેને ગોવાળજ (ભરવાડ જ) કહી શકાય, બ્રાહ્મણ નહિ કહી શકાય. જે કોઇ શિલ્પકળાથી ઉપજીવિકા ચલાવે, તેને કારીગરજ સમજવો જોઇએ; જે વ્યાપાર કરે તે વાણિઓ; જે દૂતનું કામ કરે તે દૂત; જે ચોરી કરીને ગુજરાન ચલાવે તે ચોર; જે યુધ્ધકલા ઉપર જીવન ગુજારે તે યોધ્ધો; જે યજ્ઞયાગ કરી ઉપજીવિકા મેળવે તે યાચક; અને જે રાષ્ટ્ર ઉપર સ્વામિત્વ ચલાવે એને રાજા સમજવો જોઇએ પરંતુ આ બધાને ફકત જન્મથીજ બ્રાહ્મણ નહિ ગણી શકાય.

"બધા સંસારબંધનો છોડીને જે કોઇપણ પ્રાપંચિક દુ:ખથી બીતો નથી, કોઇ વસ્તુ ઉપર જેને આસકિત નથી, તેને હું બ્રાહ્મણ ગણું છું. બીજાએ દીધેલી ગાળો, વધ, બંધ, વગેરે જે સહન કરે છે, ક્ષમા એજ જેનું બળ છે, તેને હું બ્રાહ્મણ ગણું છું. કમલપત્ર ઉપરના પાણીના બિંદુ માફક જે આ લોકના વિષયસુખથી અલિપ્ત રહે છે, તેને જ હું બ્રાહ્મણ ગણું છું.

"જન્મથી બ્રાહ્મણ થતો નથી કે અબ્રાહ્મણ થતો નથી. કર્મથીજ બ્રાહ્મણ થાય છે કે અબ્રાહ્મણ થાય છે. ખેડુત કર્મ વડે થાય છે, ચોર કર્મથી થાય છે. સિપાઇ કર્મથી થાય છે, યાચક કર્મથી થાય છે, અને રાજા પણ કર્મથી જ થાય છે. કર્મથી જ આ જગત ચાલે છે. ધરી ઉપર જેમ રથ અવલંબે છે, તેમ બધા પ્રાણીઓ પોતાના કર્મ ઉપર અવલંબે છે."

(બુદ્ધચરિત્રમાંથી ઉધ્ધૃત.)

## સાસુ કે શેતાન?

### દાદર પોલીસ કોર્ટમાં નોંધાયલો ચોંકાવનારો કિસ્સો

ધણી અને સાસુના ત્રાસથી હેરાન થયેલી જુવાન હિંદુ બાળાના કરૂણાજનક વિતકની દુ:ખદ કહાણીનો રોમાંચક કિસ્સો મુંબઇની પોલીસ કોર્ટમાં નોંધાયો છે.

પાંચ માસ પહેલાં આ બાળાના લગ્ન થયાં હતાં, પણ તેના ઘાતકી ધણી અને પહેલવાન સાસુએ તેના ઉપર પારાવાર સંકટોની ઝડી વરસાવી હતી. એમ પણ કહેવાય છે કે તેને ઘાતકી રીતે વારંવાર મારવામાં આવતી હતી એટલુંજ નહી પણ હાથ પગ સાંકળથી બાંધીને ધગધગતા ડામ દેવામાં આવતા હતા.

આથી આ દુ:ખીઆરી બાળા એક વખત તક જોઇને નાસીને પાછી તેના માબાપ પાસે ચાલી આવી પણ તરતજ તેનો ધણી પાંચ મવાલીઓ સાથે આવી પહોંચ્યો અને તેને ઢસડીને ટેકસીમાં નાખીને પોતાને ત્યાં પોતાના મકાનમાં હાથ પગ સાંકળથી બાંધીને પુરી રાખી, અને તેને ખાવાનું તો શું પણ પાણી સુદ્ધાં પણ નહોતું આપવામાં આવ્યું હતું એમ કહેવાય છે.

આ દરમ્યાન આ બાળાની માતાએ દાદરની પોલીસ ચોકીએ ફરિયાદ નોંધાવતા પોલીસે તેના ધણીને ત્યાં જડતી વારંટ બજાવ્યું, અને પોલીસની તપાસમાં એક ખુણામાં પગે તાળાવાળી સાંકળથી બંધાયેલી ભૂખે દુર્બળ બનેલી આ બાળા લગભગ બેહોશ હાલતમાં મળી આવી. સાસુ પાસેથી સાંકળના તાળાની ચાવી લઇને બાળાને પોલીસે મુકત કરી હતી અને તેની સાસુની ધરપકડ કરી હતી.

## ગોડીજી દેરાસરના હિસાબોની વ્યવસ્થા

### ટ્રસ્ટીઓએ કમીટીને આપેલ ખાત્રી

શ્રી વિજય દેવસૂર સંઘની તા૦ ૧૦--૫--૩૯ ના રોજ મળેલી સભામાં સાં. ૧૯૯૨-૯૩ ના હિસાબોની બાબત ઉપસ્થિત થતાં, સભાએ એમ ઠરાવ્યું હતું કે દેરાસર તથા સાધારણ ખાતાંના નવાં મકાનોના બાંધકામોના પ્લાનો, સ્પેસીફીકેશનો વિગેરે દરેક સાહિત્ય મેનેજીંગ ટ્રસ્ટીઓએ દેરાસરના એન્જીનીયર મેસર્સ કોરા એન્ડ ભટ પાસેથી મંગાવી લેવા અને હાજર રહેલ ટ્રસ્ટીઓએ તે તપાસના અંગે સંપુર્ણ સહકાર આપવાની ખાત્રી આપવાથી તથા મેનેજીંગ ટ્રસ્ટીઓએ તપાસ સમિતિના દરેક કાર્યમાં સરળતા કરી આપવાનું જણાવવામાં આવ્યાથી, તથા તપાસ સમિતિના એન્જીનીયર તથા દેરાસરના એન્જીનીયરને સાથે રાખી મજકુર બાંધકામોના માપ અને ચેકીંગ કરાવી આપવાની મેનેજીંગ ટ્રસ્ટીઓએ ખાત્રી આપ્યાથી, મજકુર તપાસ સમિતિએ પોતાનું કાર્ય આગળ ચલાવવું.

# પ્રબુદ્ધ જૈન.

તા. ૧૫-૫-૩૯


## પ્રકીર્ણ વર્તમાન.

### શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં ગોટાળો

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં થયેલા મોટા ગોટાળાને અંગે અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટે અમદાવાદના જાણીતા શહેરી અને પેઢીના એક ટ્રસ્ટી શેઠ પ્રતાપસિંહ મોહોલાલને સેશન્સ કમીટ કર્યા હતા. અને સેશન્સ જજે શેઠ પ્રતાપસિંહને રૂ. ૭૫ હજારના જામીન અને તેટલીજ રકમના હાથ મુચરકા પર છોડયા છે. અને અઠવાડિયામાં બે દિવસ કોર્ટમાં હાજરી પૂરાવવાનો હુકમ કર્યો છે.

### દીક્ષાના ખપ્પરમાં

કરાંચીના રહીશ ભાઇ સુખલાલે પોતાની પત્ની સગાંઓ અને મિત્રોની સલાહને અવગણીને મુનિ રામવિજયજી પાસે દીક્ષા લીધી છે. આ દીક્ષા અટકાવવા માટે મુનિશ્રી રામવિજયજીને કરવામાં આવેલી અપીલો બ્હેરા કાનો ઉપર પડી છે.

### 'વીરશાસન' અને મહાત્મા ગાંધીજી

મહાત્મા ગાંધી પ્રત્યે નિંદાજનક શબ્દ પ્રયોગો પોતાનાં પત્રમાં પ્રગટ કરવા માટે 'વીર શાસન' પત્રે દિલગીરી પ્રગટ કર્યા પછી ફરી પાછા સિદ્ધ ચક્ર મહાશય ઝબકયા છે. ભગવાન મહાવીરનો અહિંસાનો પ્રેમ સંદેશ જેણે જીવન વ્યવહારમાં અને રાજકારણ જેવા ધૂળીયા ક્ષેત્રમાં પણ ફેલાવ્યો એવી મહાન વિભૂતિ મહાત્મા ગાંધીને ન સમજનાર માનવીઓ અહિંસાને સમજે છે કે કેમ તે વિષે શંકા ઉપજે છે.

---

તારી જો હાંક સુણી કોઇ ના આવે
તો એકલો જાને રે!
એકલો જાને, એકલો જાને,
એકલો જાને રે! તારી૦
જો સૌનાં મ્હોં સીવાય
ઓ રે ઓ રે અભાગી!
સૌનાં મ્હોં સીવાય;
જ્યારે સૌએ બેસે મ્હોં ફેરવી,
સૌએ ડરી જાય,
ત્યારે હૈયું ખોલી,
અરે તું મ્હોં મુકી તારા મનનું ગાણું
એકલો ગાને રે! તારી૦
જો સૌએ પાછાં જાય—
ઓ રે ઓ રે અભાગી!
જ્યારે રણવગડે નીસરવા ટાણે,
સૌએ ખુણે સંતાય,
ત્યારે કાંટા-રાને,
તો તારે લોહી નીગળતે ચરણે ભાઇ,
એકલો ધાને રે! તારી૦
જ્યારે દીવો ના ધરે કોઇ,
ઓ રે ઓ રે ઓ અભાગી!
દીવોના ધરે કોઇ;
ત્યારે ઘનઘોરી તુફાની રાતે,
બારવાસે તને જોઇ;
ત્યારે આભની વીજે—
તું સળગી જઇ સૌનો દીવો,
એકલો થાને રે! તારી૦
તારી જો હાંક સુણી કોઇ ના આવે—
તો એકલો જાને રે!
એકલો જાને, એકલો જાને,
એકલો જાને રે! તારી૦

(ટાગોરના કાવ્ય ઉપરથી)

**મહાદેવ દેસાઈ.**

---

### માંગરોળ જૈન સભાની મેનેજીંગ કમિટી

એક બહુ ચર્ચાતો પ્રશ્ન.

માંગરોળ જૈન સભાની ગયા વર્ષની મેનેજીંગ કમીટીમાં શ્રી ચીમનલાલ વાડીલાલ શાહ અને તેમના ચાર મિત્રો કેવી રીતે દાખલ થયા તેનો ખુલાસો શ્રી રતિલાલ ભીખાભાઇએ ૬-૫-૩૯ ના 'જૈન જ્યોતિ'માં કર્યા પછી એ વિષયે જૈન સમાજમ પુષ્કળ ઉહાપોહ મચાવ્યો છે.

### શ્રી જૈન શ્વે. કોન્ફ. કેળવણી પ્રચાર

### માલેગાંવમાં શ્રી મણિલાલાં શાહના પ્રયાસો.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફ. કેળવણી કેન્દ્રસ્થ સમિતિ તરફથી શ્રી મણિલાલ મો. શાહ તા૦ ૭-૫-૩૯ના રોજ માલેગાવ જઇ ત્યાં સમિતિનું થંભી ગયેલું કામકાજ આગળ વધાર્યું છે. ત્યાંના જૈન યુવક સંઘના ઉપક્રમ હેઠળ તેમણે 'જૈનોમાં સંગઠન કેમ થાય' એ વિષય ઉપર શ્રી બાલચંદ હિરાચંદના પ્રમુખપણા હેઠળ વ્યાખ્યાન આપ્યું હતું.

### " માલેગાંવમાં જૈન ઔષધાલય

માલેગાંવમાં શેઠ વીરચંદ નેમીદાસે દશ હજાર રૂપીઆ આપી આયુર્વેદિક ધર્માર્થ જૈન ઔષધાલય સ્થાપ્યું છે, જેની ઉદ્ઘાટન ક્રિયા મુંબઇ પ્રધાન મંડળના એક પ્રધાનના હસ્તે થશે. આ ઔષધાલય સર્વ કોમને માટે ખુલ્લું રહેશે.

---


આ પત્ર શશાંક પ્રેસ કોટ, મુંબઇમાં છપાવી પ્રકાશક અને તંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી શ્રી મુંબઇ જૈન યુ. સંઘ માટે પ્રગટ કર્યું છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

Regd. No. B 4266

વાર્ષિક લવાજમ
રૂા. ૨ બે.
સભ્ય માટે
વાર્ષિક રૂા. ૧ એક

# પ્રબુદ્ધ જૈન

છુટક નકલ
દોઢ આનો.

તંત્રીઃ મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ ૧ લું. | ગુરુવાર તા૦ ૧-૬-૩૯ | અંક ૩ જો.

## રોટી કે ઉપદેશ ?

ભગવાન ગૌતમ બુધ્ધ પોતાની શિષ્ય મંડળી સમક્ષ ઉપદેશ આપતા હતા, ત્યાં એકાએક એક માણસ ફીક્કા ચેહરે અને ક્ષીણવદને આવી ચડયો. શિષ્યોની પૂછ પરછમાં માલુમ પડયું કે તે માણસ તથાગત પાસે જ્ઞાન મેળવવા આવ્યો છે.

ગૌતમના પટ્ટશિષ્ય આનંદ તે માણસને બુદ્ધની સમીપે લઇ ગયા અને કહ્યું કે ભગવન્, આ માણસ આપના ઉપદેશ માટે આવ્યો છે. ભગવાન બુદ્ધ બે ક્ષણ તે આગંતુકના ચહેરા સામું જોઇ રહ્યા અને તરતજ કહ્યું કે આને ભોજનશાળામાં લઇ જાવ, તેને જમાડીને પછી લાવજો.

તથાગતના આ વિચિત્ર લાગતા હુકમથી શિષ્યો આશ્ચર્ય પામ્યા. આનંદે પુછ્યું: આપના જ્ઞાનામૃત કરતાં આપે રોટીની કિંમત વધુ આંકી તે અમને સમજાતું નથી.

બુદ્ધ બોલ્યાઃ રોટી કરતાં જ્ઞાનની કિંમત વધુ છે તેમાં શંકા નથી, પણ ભૂખની વેદના એટલી ભયંકર છે કે તેની શાંતિ વિના મારો ગમે તેવો જ્ઞાનોપદેશ નિષ્ફળ જાત. આ માણસના ક્ષુધાથી વ્યગ્ર થયેલા ચિત્તમાં જ્ઞાનજળનું એક પણ ટીપું પડી શકે તેમ હતુંજ નહિ. તેથીજ પહેલાં મેં તેની ભુખનું શમન કરવાનો ઉપાય લીધો છે. દેહની સ્વાભાવિક જરૂરિયાત પ્રાપ્ત કર્યા પછીની સ્વસ્થતામાંજ જ્ઞાન-જળનું ફળદાયી સિંચન થઇ શકે છે. તેના ભૂખ્યા દેહ ઉપર મારો ઉપદેશ કેવળ બોજારૂપ બનત.

ભગવાન બુધ્ધનો આ વાસ્તવદર્શી ઉપદેશ આજના હિંદને કેટલો લાગુ પડે છે ? દર્શનો, આગમો નિગમો, વેદ, ઉપનિષદો અને ગીતામાં સંસ્કૃતિ અને જ્ઞાનની અઢળક સંપત્તિ હોવા છતાં તેનું પરિણામ કેમ કાંઇ નથી જણાતું ? આ પ્રશ્નનો જવાબ બુધ્ધના જવાબમાં આવી જાય છે.

**અજ્ઞાત.**

## જીવનનો ધ્રુવતારક : અહિંસા

સત્યનો, અહિંસાનો માર્ગ જેટલો સીધો છે એટલોજ સાંકડો છે. ખાંડાની ધારે ચાલવા જેવો છે. બજાણિયા જે દોરી ઉપર એક નજર કરી ચાલી શકે છે તેના કરતાં પણ સત્ય અહિંસાની દોરી પાતળી છે. જરા અસાવધાની આવી કે હેઠે પડીએ. પ્રતિક્ષણ સાધના કરવાથી જ તેના દર્શન થાય.

તેથીજ અહિંસા જીજ્ઞાસુને જડી. મારા માર્ગમાં જે મુસીબતો આવે તેને હું સહન કરૂં કે તેને અંગે જે નાશો કરવા પડે તે કરતો જાઉં ને મારો માર્ગ કાપું ? આ પ્રશ્ન જીજ્ઞાસુ પાસે ખડો થયો. જો નાશ કરતો ચાલે તો તે માર્ગ કાપતો નથી પણ હતો ત્યાંજ રહે છે, એમ તેણે જોયું. જો સંકટ સહન કરે છે. તો તે આગળ વધે છે. પહેલેજ નાશે તેણે જોયું કે જે સત્યને તે શોધે છે તે બહાર નથી પણ અંતરમાં છે. એટલે જેમ જેમ નાશ કરતો જાય તેમ તેમ પાછળ પડતો જાય, સત્ય વેગળું જાય.

અહિંસાને આચરતાં આપણને સત્યનું વધારે સ્પષ્ટ દર્શન થાય છે. આમ કરતાં આપણે જગતને મિત્ર બનાવતાં શીખીએ છીએ. ઇશ્વરનો, સત્યનો મહિમા વધારે જણાય છે; સંકટ વેઠતાં છતાં શાંતિસુખ વધે છે; આપણામાં સાહસ, હિમ્મત વધે છે. આપણે શાશ્વત અશાશ્વતનો ભેદ વધારે સમજીએ છીએ, કર્તવ્ય અકર્તવ્યનો વિવેક આવડે છે; અભિમાન ગળે છે, નમ્રતા વધે છે, પરિગ્રહ સહેજે ઓછો થાય છે; દેહની અંદર ભરેલો મેલ નિત્ય ઓછો થતો જાય છે.

આ અહિંસા આજે જે જાડી વસ્તુ જોઇએ છીએ તેજ નથી. કોઇને નજ મારવું એ તો છેજ. વિચારમાત્ર હિંસા છે. ઉતાવળ હિંસા છે. મિથ્યા ભાષણ હિંસા છે. દ્વેષ હિંસા છે, કોઇનું બુરૂં ઇચ્છવું હિંસા છે. જે જગતને જોઇએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે. પણ આપણે ખાઇએ છીએ તે જગતને જોઇએ છે. જ્યાં ઉભા છીએ ત્યાં સેંકડો સુક્ષ્મ જીવો પડયા છે તે કોચવાય છે; એ જગ્યા તેમની છે, ત્યારે શું આત્મહત્યા કરીએ ? તોએ આરો નથી. વિચારના દેહનું વળગણ માત્ર છોડીએ તો છેવટે દેહ આપણને છોડશે. આ અમૂર્છિત સ્વરૂપ તે સત્ય-નારાયણ. એ દર્શન અધિરાઇથી ન જ થાય. દેહ આપણો નથી, તે આપણને મળેલું સંપેતરૂં છે એમ સમજી તેનો ઉપયોગ હોય તે કરી આપણે માર્ગ કાપીએ.

અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. અહિંસા અને સત્ય એવાં ઓતપ્રોત છે, જેમ સિકકાની બે બાજુ અથવા લીસી ચકરડીની બે બાજુ તેમાં ઉલટી કઇ ને સુલટી કઇ ? છતાં અહિંસાને સાધન ગણીએ, સત્યને સાધ્ય ગણીએ. સાધન આપણા હાથની વાત છે તેથી અહિંસા પરમ ધર્મ થયો સત્ય પરમેશ્વર થયું. સાધનની ફિકર કર્યા કરશું તો સાધ્યના દર્શન કોઇ દિવસ તો કરશું જ. આટલો નિશ્ચય કર્યો એટલે જગ જીત્યા.

**મહાત્મા ગાંધીજી.**

# "ભગવાન મહાવીર."

(મુંબઇ રેડીયો સ્ટેશન પર મહાવીર જયન્તીના દિને તા૦ ૨-૪-૩૯ ના રોજ શ્રી હીરાલાલ અમૃતલાલ શાહે 'ભગવાન મહાવીર'ના જીવન વિષે આપેલ વ્યાખ્યાન.)

સમસ્ત હિન્દમાં જૈન ધર્મ જૂનો અને જાણીતો છે. બંગાળ તરફ બિહારમાં, મધ્ય પ્રાન્તમાં, મારવાડમાં ગુજરાતમાં, પંજાબમાં દક્ષિણમાં તથા માઇસોર પ્રાન્તમાં અને હિન્દમાં બીજા ઘણાં સ્થળે જૈનધર્મના અનુયાયી વર્ગો વસે છે. દરેક પ્રાન્તમાં સુંદર શિલ્પવાળા જૈન દેવસ્થાનો આજે પણ મોજુદ છે. વિવિધ પ્રાન્તની ભાષામાં સાહિત્યસેવાનો અને પ્રાકૃત તેમજ સંસ્કૃત ભાષામાં તથા અનેક શાસ્ત્રીય અને લોકોપયોગી વિષયોમાં જૈન સાહિત્યકારોનો ફાળો અપૂર્વ છે. જૈન સમાજનું ઉપરની રીતે તેમજ બીજી ઘણી રીતે દર્શન થાય છે, આવા જૈન સમાજના જીવન પ્રવાહના પ્રેરક અને વિધાયક જૈનધર્મના છેલ્લા અને ચોવીશમા તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામી અથવા શ્રી મહાવીર સ્વામી છે. આજે ચૈ-શુ-૧૩ ના દિને તેમનો જન્મદિન છે. તેમનું આયુષ્ય ૭૨ વર્ષનું હતું એટલે મહાવીર સ્વામીને નિર્વાણ પામ્યાને આજે લગભગ ૨૪૬૬ વર્ષ થયાં છે એટલે બિહાર તરફના પ્રદેશમાં આ મંગલમય જીવનનો આરંભ આજથી ૨૫૩૮ વર્ષ પહેલાં થયો. આજે તે જીવનની કૃતાર્થતા આપણે વિચારીએ.

મહાવીર સ્વામીનું ચરિત્ર બે ભાગમાં વહેંચાય છે. એકમાં તેમના પોતાને લગતી બાબત સમજવાની છે. બીજામાં તેમનું જીવન અનેક પ્રકારની વ્યકિતઓ તથા સમાજની સાથે ગુંથાયેલું નજરે પડે છે. પ્રથમ ભાગમાં પોતાના આત્મગુણોનો ઉત્કર્ષ કેમ થયો તે હકીકતો આવે છે. પછીના ભાગમાં તે ગુણોને અનુસરતો સમાજને જે લાભ મળ્યો છે તે પ્રતીત થાય છે. આત્મગુણોનો વિકાસ એકજ જન્મમાં નહિ પણ અનેક જન્મોમાં અને હજારો વર્ષોમાં જુદી જુદી રીતે થતો આવ્યો છે. તેને પરિણામે મહાવીર સ્વામીને છેલ્લા ભાગમાં ૪૨ વર્ષે કેવળજ્ઞાન થાય છે. જન્મો જન્મથી થયેલી આટલી તૈયારી અને વિશુદ્ધિ પછી તેમનું જાહેર જીવન પ્રકટ થાય છે. આ બીજો ભાગ ત્રીશ વર્ષનોજ છે જેમાં ઉપદેશો-ચર્ચા-ખુલાસા-માર્ગ દર્શન-ધ્યાન ઇ. પ્રવૃત્તિનું દર્શન થાય છે જે પ્રવૃત્તિઓ જનતાની કલ્યાણ કરનારી થઇ છે.

છેલ્લા ભવનું મહાવીર જીવન જાણીતું છે. પ્રથમ તે ટુંકમાં વિચારીએ. બાલ્ય કાળ આઠ વર્ષનો જતાં કિશોર અવસ્થા આવે છે. તેમાં ઘણી તૈયારી થઇ ગયેલી માલુમ પડે છે. બ્રહ્મચર્યના સ્વીકાર પૂર્વક અનેક વિદ્યા તથા કળામાં તે સહેલાઇથી પારંગત થાય છે. પછી માતાપિતાના આગ્રહથી અને પોતાની ખાસ ઇચ્છા નથી છતાં ગૃહજીવન અંગીકાર કરે છે. આ બધો સમય નિર્મળ શાન્ત અસ્ખલિત પ્રવાહની જેમ ચાલ્યો જાય છે અને તેમાં વિનય અને વડીલ વર્ગનો સંતોષ પ્રકટપણે દેખાઇ આવે છે. સંન્યસ્તમાર્ગે વળવાની મનોવૃત્તિ લાંબા વખતથી પ્રાપ્ત થયેલી હતી છતાં (શ્રી હેમચંદ્રાચાર્યના શબ્દોમાં) મારા માતાપિતા જીવતા તેમને મારા વિયોગનું દુઃખ ન થાઓ એવા હેતુથી દીક્ષા લેવા ઉત્સુક છતાં પણ માતાપિતાની હયાતીમાં દીક્ષા ન લીધી, અને કશા પણ અભિનિવેશ વિના ગૃહસ્થાશ્રમ પસાર કર્યો. તેમના પૂર્વ ભવમાં નયસાર ગામેતી કઠીયારા તરીકે જે પોતે જે કરૂણા અને સ્વાર્પણ બુધ્ધિ દેખાડી હતી તેજ બુધ્ધિ આ પ્રસંગોમાં તરી આવે છે. માતાપિતાનો અભાવ ૨૮ વર્ષે થયો પછી રાજ્યગાદી ન લીધી. પોતાના વડીલ બન્ધુના આગ્રહથી અને તેમના સંતોષ અર્થે બીજાં બે વર્ષ વીતાવ્યાં. ત્રીશમે વર્ષે મુનિજનને યોગ્ય ચારિત્રમાર્ગ સ્વીકાર્યો. દીક્ષા પછી ૧૨ વર્ષનો સમય ગયો તેમાં અનેક વિટંબણાઓ આવી તે સમભાવથી સહન કરી અને તે રીતે પૂર્વ જન્મોમાં જે ગલતીઓ કરેલી તેનાં પરિણામ સહન કરી તેમાંથી પાર ઉતર્યા. તે દરમ્યાન દેશ-પરદેશમાં પરિભ્રમણ સાથે તપ, ધ્યાન, જ્ઞાનની વિશુદ્ધ ઉપાસના સાથે પોતે જે જે નિર્મળ સંકલ્પો કર્યા તેનાં વર્ણનો બોધદાયક થાય છે. આ સમયને અંતે ૪૨ મા વર્ષમાં મુમુક્ષુ જીવનની ધન્ય પળ આવી. જ્ઞાનની પરમ સુખદ અવસ્થા "કેવળ જ્ઞાન" તરીકે જાણીતી છે. અનેક ભવોની તપશ્ચર્યાનું પરિણામ આવ્યા પછી મહાવીરસ્વામીનું જાહેર જીવન શરૂ થાય છે. તે જીવન ત્રીસ વર્ષ ચાલે છે. આ ત્રીશ વર્ષો રાગદ્વેષ રહીત જનતાના સંપર્ક વચ્ચે વ્યતીત થાય છે તેમાં અનેક શિષ્યો, મુનિજનો રાજપુરૂષો, ગૃહસ્થ ઇ૦ નો સમાગમ છે જેનાં વર્ણન અત્રે ટુંક વખતમાં કરી શકાય તેમ નથી.

શ્રી હેમચંદ્રાચાર્યના શબ્દોમાંજ નયસારનું ચરિત્ર આપું કારણ કે તેમાં સરળ ને શાન્ત ગૃહસ્થાશ્રમની છાયા છે જે અખંડિત રહી છે તેમજ તે જીવનમાં નયસારની કરૂણા, સ્વાર્પણ બુદ્ધિ તથા સેવા માટેની તત્પરતા છે અને એ ભૂમિકા પર ધર્મના બીજ પડે છે અને ત્યાંથી ભાવિ કલ્યાણની રચનાની શરૂઆત થાય છે. પ્રત્યેક વ્યકિતના ઘડતરમાં આવી કોઇ નિર્મળ ભૂમિકા પર ધર્મનો પ્રવેશ થાય તો ધર્મ તથા સમાજનું અને તે રીતે વ્યકિતઓનું કેવું ઉત્તમ સ્વરૂપ નજરે પડે તે સહેજે સમજી શકાય તેમ છે.

"પ્રતિષ્ઠાન નામના નગરમાં નયસાર નામે એક સ્વામી ભકત ગામેતી હતો તે સાધુ જનના સંબંધ વિનાનો હતો તથાપિ અપકૃત્યથી પરાઙ્મુખ, બીજાના દોષને જોવામા વિમુખ અને ગુણ ગ્રહણમાં તત્પર હતો. એક વખતે રાજાની આજ્ઞાથી તે મોટા કાષ્ટો લેવા માટે ભાતુ લઇ કેટલાક ગાડાં સાથે એક ઘોર જંગલમાં ગયો. ત્યાં વૃક્ષો છેદતાં મધ્યાહ્ન સમય થયો એટલે ઉદરમાં જઠરાગ્નિની જેમ સૂર્ય આકાશમાં અધિક પ્રકાશવા લાગ્યો. તે વખતે નયસારના સેવકો વૃક્ષની નીચે ઉત્તમ રસોઇ લાવ્યા. પોતે ક્ષુધા તૃષાથી આતુર હતો છતાં પણ કોઇ અતિથિ આવે તો હું તેને ભોજન કરાવીને પછી જમું એમ ધારી નયસાર આમ તેમ જોવા લાગ્યો. તેવામાં ક્ષુધાતુર, તૃષાતુર, શ્રાંત, અને પોતાના સાર્થ (સથવારા) ને શોધવામાં તત્પર અને પસીનાથી જેમના સર્વ અંગ વ્યાપ્ત થઇ ગયાં છે એવા કેટલાએક મુનિઓ તે તરફ આવી ચડયા. આ સાધુઓ મારા અતિથિ થયા તે બહુ સારૂ થયું એમ ચિંતવતા નયસારે તેમને નમસ્કાર કરી પૂછયું કે, હે ભગવંત! આવી મોટી અટવીમાં તમે કયાંથી આવી ચડયા? કેમકે શસ્ત્રધારી પણ એકાકીપણે આ અટવીમાં ફરી શકે તેમ નથી. તેઓ બોલ્યા-અમે પૂર્વે અમારા સ્થાનથી સાર્થની સાથે ચાલ્યા હતા પણ માર્ગમાં કોઇ ગામમાં ભિક્ષા લેવાને પેઠા

# રાજુલ અને રહનેમિ

## યોગ અને ભોગનું દ્વન્દ્વ.

( આખ્યાયિકા )

ગિરનારના ગિરીશૃંગો પર આજે પ્રભાતમાંજ પ્રકૃતિએ તાંડવ શરૂ કર્યું છે. વિજલીનો ચમકાર અને કર્ણભેદક ભયંકર ગર્જારવ રૂંવાડા ઉભા કરી દે છે. પવનના સુસવાટ સાથે ચોમેર મુશળધાર વરસાદ વરસી રહયો છે. આ સમયે કેટલીક સાધ્વીઓ ભગવાન નેમનાથ સ્વામીને વાંદવા માટે માટે ગિરનારના પગથીયા ચડી રહી છે. ગાજવીજ અને જલવૃષ્ટિએ આ સાધ્વી સમુદાયને એક એકથી વિખુટા પાડી દીધો છે. મેઘવૃષ્ટિ અને વાયુના યોગે દિશાઓ પણ અંધકાર યુકત ભાસે છે. આ સ્થિતિમાં વિખુટી પડેલ સાધ્વીઓને જ્યાં જ્યાં ઉભવા સ્થાન મલ્યું ત્યાં તે રહી જાય છે. આપણી નાયિકા શ્રીમતી રાજુલદેવી પણ આશ્રય સ્થાન શોધતાં ભાગ્યયોગે એક ગુફા પાસે આવી ચડે છે અને છુટકારાનો શ્વાસ લઇ તેમાં પ્રવેશ કરે છે.

પર્વતો પરની ગુફાઓ એટલે યોગીજનોના એ ઘરજ સમજવા. સિંહાદિક બલિષ્ટ પશુઓના આશ્રયસ્થાન પણ ગુફાઓ. વિપત્તમાં પડેલ આવી સતિઓને રક્ષણ આપનાર પણ ગુફામાતાઓ. પોતાના ઉદરમાં અનેકને રક્ષણ આપનાર એ ગુફાના અંધકારયુકત ખુણામાં એક યોગી દત્તચિત્તે ધ્યાનારૂઢ બની કાર્યોત્સર્ગ મુદ્રાએ ઉભા છે. શ્રીમતી રાજુલ એજ ગુફામાં કોઇ વ્યકિત આહીં નથી એમ જાણી પ્રવેશે છે. જળની ધોધમાર વૃષ્ટિથી રાજુલ દેવીના બધાય ચાવર ભીંજાઇ ગયા છે. એટલે આ એકાંત સ્થાન જાણી સ્ત્રી સુલભ સંકોચનો ત્યાગ કરી ભીંજાએલા વસ્ત્રોને શરીર પરથી ઉતારી બાજુમાં સુકવે છે આણી તરફ કાઉસ્સગમાં રહેલા શ્રી રથનેમિથી આ સર્વ દ્રવ્ય જોવાઇ રહયું છે અને વધતી જતી પ્રત્યેક પળે મન પરિણામનીધારા પતનમાં પરિણમતી જાય છે. દિર્ઘ કાળનું સંયમારૂઢ મન કંદર્પના એકજ પુષ્પશરથી વીંધાય જાય છે. રાજુલાદેવીના વસ્ત્ર વિહીન દેહની કમનિયતાએ વાતાવરણમાં વિજલીક ચમત્કાર પેદા કર્યો. જેનાથી વિશ્વામિત્ર અને શંકર જેવા પરાજય પામ્યા ત્યાં યુવાન રાજપુત્ર રથનેમિ શું બીસાતમાં હોય! આખરે શ્રી રહનેમી લજ્જાનો ત્યાગ કરી સંયમયાત્રાને ત્યાગવા તૈયાર થયા. તપથી શુષ્ક થયેલા દેહમાં કામવાસનાએ ચેતન પુર્યું. વિષયના ઉગ્ર વિચારોએ નસોમાં ગરમ લોહીનું હલન ચાલુ કર્યું. ભારેલા અગ્નિને પવનના ઝપાટાનો યોગ મળતાં ભડકો થતા કેટલી વાર લાગે? ઘડી પહેલાના ઇન્દ્રિય દમન કરી રહેલા યોગીવર શ્રી રથનેમિ – ભગવાન નેમનાથ સ્વામીના ભાઇને ઇન્દ્રિયો દમન કરવા લાગી. છેવટે પુરૂષ સાહજિક વૃત્તિથી નિર્લજ બની શ્રી રથનેમિ દેવી રાજુલના ચરણ પાસે પહોંચી સ્પષ્ટ રીતે વિષયની યાચના કરતા બોલ્યા કે–"હે ભદ્રે, હે સુરૂપે, હે ચારૂભાષિણી, હમણાં તો આપણે ભોગ ભોગવીએ. કારણ કે આ મનુષ્યપણું અતિ દુર્લભ છે. આપણે ભુકત ભોગી થયા પછી જિનમાર્ગને વિષે–સંયમમાર્ગે સંચરશું."

અણકલ્પેલા આ પ્રસંગથી શ્રી રાજીમતિ પ્રથમ તો અસ્વસ્થ બન્યા પછી તુરતજ ભીના વસ્ત્રોને પોતાના દેહપર જેમ તેમ લપેટીને તથા શ્રી રથનેમિને ચારિત્ર ઉપર ભગ્ન પરિણામવાળા જાણી રાજીમતિ પોતાના આત્માને સંવરતાં થકાં વિષય યાચના કરતાં રથનેમિને કહે છે કે જે દેહને તમારાજ બન્ધુએ ત્યાગ્યો છે વમેલ છે–તેનેજ તમે યોગી થઇ ભોગવવા ચાહો છો? વમેલું તો શ્વાન પણ નથી ખાતાં તો તમારા ભાઇથી વમાયેલી એવી મને તમે ભોગવવા ચાહો છો તે યુકત નથી. રથનેમિ! વિચાર કરો! મોહના ચાળાને ત્યાગો! અને શા માટે આ યોગ ધર્યો છે તેનો વિચાર કરો! રાજુમતિના આ ચાબુક વચનો સાંભલી તે સંયતિ મનમાં શોચે છે. અને આખરે અંકુશથી જેમ હાથી વશ થાય તેમ તે પણ આ વચનોથી ધર્મમાં સ્થિત થાય છે. મોહરાજા નાસી જાય છે. પશ્ચાતાપનો પાવનકારી પાવક હૃદયમાં ઉત્પન્ન થાય છે. પરિણામે શ્રી રથનેમિ મિથ્યા દુષ્કૃત દઇ સંયમમાં સ્થિર થઇ કર્મોને ખપાવી સિધ્ધિ ગતિમાં સ્થિત થાય છે અને નવ ભવની પ્રીતિવાળા રાજીમતિ પણ સંયમને સારી રીતે આરાધી સિધ્ધિપદ પામી અનંત અવ્યાબાધ સુખના ભોકતા થયા.

રાજપાલ

---

તેવામાં સાર્થ ચાલ્યો ગયો; અમને ભિક્ષા કંઇ મળી નહિ તેથી અમે તે સાર્થની પછવાડે પછવાડે ચાલ્યા પણ તે સાર્થ તો મલ્યો નહિ અને આ અટવીમાં આવી પડ્યા; નયસાર બોલ્યો અહો! એ સાર્થ કેવો નિર્દય! કેવો પાપથી પણ અભીરૂ! કેવો વિશ્વાસઘાતી! કે તેની આશાએ સાધુઓ સાથે ચાલેલા તેમને લીધા વગર તે પોતાના સ્વાર્થમાંજ નિષ્ઠુર બનીને ચાલ્યો ગયો. પરંતુ આ વનમાં મારા પુણ્યથી તમે અતિથિરૂપે પધાર્યા તે બહુ ઠીક થયું. આ પ્રમાણે કહીને નયસાર તે મહામુનિઓને જ્યાં પોતાનું ભોજન સ્થાન હતું ત્યાં લઇ ગયો પછી પોતાને માટે તૈયાર કરી લાવેલા અન્નપાનથી તેણે તે મુનિઓને પ્રતિલાભિત કર્યા. એટલે મુનિઓએ ત્યાંથી નજીકમાં બીજે જઇ વિધિવડે તેનો આહાર કર્યો ભોજન કરીને નયસાર મુનિઓના પાસે આવ્યો પ્રણામ કરી કહયું કે, હે ભગવંત! ચાલો હું તમને નગરનો માર્ગ બતાવું પછી તેઓ તેની સાથે ચાલ્યા અને નગરને માર્ગે આવ્યા એટલે એક વૃક્ષની નીચે બેસીને તેઓએ નયસારને ધર્મ સંભળાવ્યો તે સાંભળીને આત્માને ધન્ય માનતા નયસારે તેજ વખતે સમકિત પ્રાપ્ત કર્યું, પછી તેમને વંદન કરી પાછો વળ્યો અને બધા કાષ્ટો રાજાને મોકલાવી પોતે પોતાના ગામમાં આવ્યો. પછી મોટા મનવાળો નયસાર સદા ધર્મનો અભ્યાસ કરતો, સાત તત્વને ચિંતવતો અને સમકિત પાળતો કાળ નિર્ગમન કરવા લાગ્યો......'

( અપૂર્ણ )

---

# શ્રી. મુંબઇ જૈન યુવક સંઘનું બંધારણ

## વિચાર વિભાગ

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘનું બંધારણ બે વિભાગમાં વહેંચાયલું છે. એક વિભાગમાં સંઘના ઉદ્દેશો, નીતિ, કાર્ય પધ્ધતિ અને શિસ્તપાલનના નિયમોનો સમાવેશ થાય છે, જ્યારે બીજા વિભાગમા સંઘની ચાલુ કાર્યવાહીનું નિયમન કરતા ધારાઓ મુકેલા છે. પહેલા વિભાગમાં જ મુખ્ય મુદ્દાઓ રજુ કરેલા છે તે સવિસ્તર ચર્ચા તથા સમજાવટની અપેક્ષા રાખે છે. આ નિરૂપણ શરૂ કરવા પહેલાં બંધારણના વિચાર વિભાગમાં કઇ કઇ બાબતો આવેલી છે તે 'પ્રબુધ્ધ જૈન'ના વાંચકોના બરાબર ધ્યાનમાં આવે તે માટે બંધારણનો વિચાર વિભાગ હવે પછી રજુ કરવામાં આવશે.

પરમાનંદ

सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरई।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન મનુષ્ય મૃત્યુને તરી જાય છે.

# પ્રબુદ્ધ જૈન

મુંબઈ ગુરૂવાર, તા. ૧ લી જુન ૧૯૩૯.

## જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ.

( ૨ )

શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની સંસ્થા ઉત્તરોત્તર વિકાસ પામવાને બદલે ઉત્તરોત્તર ક્ષીણતાને કેમ પ્રાપ્ત થઇ ગઇ અને આજે શા કારણે લગભગ મૃતપ્રાય દશાએ પહોંચી છે એ પ્રશ્ન જરા અટપટો છતાં ઉકેલવા યોગ્ય છે. પ્રથમ નજરે એમ માલુમ પડશે કે આજે જે રાષ્ટ્રીયતાનો પ્રબળ વાયુ આખા દેશમાં ચોતરફ ફેલાઇ રહ્યો છે તેણે આવી બીજી અનેક પ્રવૃત્તિઓ માફક કોન્ફરન્સને પણ શિથિલ-મંદપ્રાણ બનાવી દીધેલ છે. પ્રસ્તુત કોન્ફરન્સની પ્રવૃતિને મન્દ બનાવવામાં રાષ્ટ્રીય હીલચાલનો થોડોઘણો ફાળો જરૂર હશે, પણ કોન્ફરન્સની મન્દતાનો પ્રારંભ દેશવ્યાપી રાષ્ટ્રીય ઉત્થાનથી ઘણા સમય પહેલાંથી થયો છે અને તેથી તે મન્દતાનાં અન્ય કારણો શોધવા અને વિચારવા જોઇએ. પ્રથમ તો જે વર્ગનું સ્થળ સ્થળના જૈન સમાજ ઉપર સ્વામિત્વ પ્રવર્તતું હતું તે વર્ગ સાધારણ રીતે કોન્ફરન્સની કલ્પનાને અપનાવી શક્યો નહિ અને તે વર્ગમાં કોન્ફરન્સ વિષે આત્મીય ખ્યાલ કદિ ઉત્પન્ન થયોજ નહિ. આ વર્ગ તે જૈન સમાજના સત્તાધારી શ્રીમાનો અને સાધુઓ. કોન્ફરન્સની પ્રવૃતિ એટલે અલ્પમતિ અને દિન પ્રતિ દિન ક્ષીણ પામતા વર્ગના હિતાહિતને સંભાળતી અને કોમની હકકો અને અધિકારોની રક્ષા કરતી સંસ્થા, આ કલ્પના કે ભાવના તેમના માનસમાં સ્થાન લઇ શકીજ નહિ. કોન્ફરન્સ એટલે તેમના સૈકાઓથી સ્થાપિત થયેલા હકકો ઉપર આક્રમણ કરતી અને કાળાન્તરે તેમને પદભ્રષ્ટ કરવાને સરજાયલી સંસ્થા—આવીજ કોઇ કલ્પના તેમના મગજને ઘેરી વળી. સમાજ ઉપર સારી સત્તા ધરાવનારા કેટલાક સાધુઓએ અને સુરીઓએ કોન્ફરન્સ વિરૂધ્ધ પ્રચાર કાર્ય કર્યાજ કર્યું. મૂળ બંધારણ મુજબ કલ્પાયેલી શ્વે. મૂ. વિભાગની પ્રતિનિધિ સંસ્થા કોન્ફરન્સ કદિ બની શકીજ નહિ. શરૂઆતના ઠાઠમાઠ, ધાંધલ ધમાલમાં કોન્ફરન્સના આગેવાન કાર્યકર્તાઓએ જે સતત પ્રચારકાર્ય કરવું જોઇએ તે કદિ કર્યું જ નહિ અને ભાડુતી પ્રચારકોથી જે કાંઇ થઇ શકે તેટલાથી સંતોષ માન્યો. સામાન્ય જૈન સમાજ કોન્ફરન્સ પ્રત્યે લગભગ ઉદાસીન રહ્યો અને કોન્ફરન્સ ચોક્કસ ધ્યેય, ચોક્કસ કાર્યક્રમ સિવાય વર્ષો વર્ષોના ગાળે નાનાં મોટાં સંમેલનો ભરી ભરીને પોતાની જીવાદોરી ટકાવતી રહી. આવી કોન્ફરન્સ ઉપર એક બાજુએ સુધારક ગણાતા વર્ગનું પ્રભુત્વ વધતું આવ્યું તેમ બીજી બાજુએ ધર્માંધ રૂઢિચુસ્ત વર્ગની ભડક વધતી ગઇ અને ધીમે ધીમે કોન્ફરન્સની પ્રવૃત્તિથી તે લગભગ અલગ બનીને પોતાનાજ ખાસ સંમેલનો ભરવા લાગ્યો. આજ સુધીમાં કોન્ફરન્સે એક પણ ઉદ્દામ ઠરાવ કર્યો જાણ્યો નથી. તેમજ કોઇ પણ પ્રવૃત્તિમાં ઉદ્દામ વલણ ગ્રહણ કર્યું નથી એમ છતાં કોન્ફરન્સ સુધારકોની મંડળી છે, નાસ્તિકોનું વિવાદ સ્થાન છે, ચાલુ ધર્મ પરંપરાની વિરોધી છે, વિધવા વિવાહની સમર્થક છે, દેવદ્રવ્યનો ચાલુ પ્રથાથી અન્ય દિશાએ ઉપયોગ કરવામાં માનનારી છે ઇત્યાદિ ચિત્ર વિચિત્ર ભ્રાન્તિઓ કોંફરંસ સંબંધમાં શાસનપક્ષી સાધુઓ તેમજ પ્રચારકો તરફથી ફેલાવવામાં આવી. પરિણામે કોન્ફરન્સ એવી દશાને પહોંચી છે કે કોન્ફરન્સ આજે કયાં ભરવી તે એક મુંઝવતો પ્રશ્ન બની ગયો છે.

આવી કોન્ફરંસથી અલગ રહેલા કોઇ પણ વર્ગને કોન્ફરન્સમાં સામેલ કરવા માટે જે કાંઇ પ્રવૃત્તિ કે પ્રયત્ન કરવામ આવે તે જરૂર ઇષ્ટ તેમજ આવકારદાયક છે; કારણ કે કોન્ફરન્સમાં ભિન્ન ભિન્ન વિચારો અને વલણો ધરાવનાર કોમના સર્વ વર્ગો જોડાય તોજ આખી કોમની કોન્ફરન્સ સાચી પ્રતિનિધિ બની શકે અને તે માટે બને તેટલી દરેક વર્ગની સગવડ સાચવવાની બાબતમાં તેમજ દરેક વર્ગને પોતાનો અભિપ્રાય રજુ કરવા માટે જોઇએ તેટલી સરળતા આપવાની બાબતમાં કોન્ફરન્સના આગેવાનોએ જરાપણ સંકોચ ન રાખવો જોઇએ. એમ છતાં કોન્ફરંસ એક પ્રગતિશીલ પ્રવૃત્તિ છે, તેનો આશય સૌ કોઇને સમાન સ્થાને સ્થાપવાનો, આપખુદી તોડવાનો અને દેશકાળ ધ્યાનમાં લઇને આખા સમાજને આગળ દોરવાનો છે અને જે વર્ગ કેવળ પ્રગતિ વિરોધી છે, જે વર્ગ પોતાના સમીપવર્તી સ્વાર્થો સાધવા આડે આખી કોમના અસ્તિત્વની કે જોખમી હિતો અને હકકોની રક્ષાની જરાપણ ચિંતા પડી નથી તે વર્ગ કોન્ફરન્સમાં આજે કદાપિ જોડાયલો રહે એ સંભવિતજ નથી. તેથી કોન્ફરંસ ખાતે એકતા સાધવાના આ પ્રયત્નની સફળતા મર્યાદિતજ રહેવાની એ આજના કાર્યકર્તાઓએ ખાસ ધ્યાનમાં લેવું ઘટે છે. તો પછી કોન્ફરન્સને સજીવ અને પ્રાણવાન બનાવવા માટે સાથે સાથે બીજું શું કરવા વિચારવાની જરૂર છે તેનો વિચાર કરવો જરૂરી છે; જેનો વિચાર હવે કરીએ.

વસ્તુસ્થિતિ એમ છે કે ગમે તેવી એકતા સધાય તો પણ આજે જે રીતે કોન્ફરન્સ કામ કરી રહી છે તે રીતે કોન્ફરન્સનું કામ આગળ વધે તેમજ કોન્ફરન્સ જોરદાર સંસ્થા બને એવો સંભવ છેજ નહિ. પ્રથમ તો કોંફરંસની બંધારણ રચનામાં ફેરફાર થવાની ખાસ જરૂર છે, કારણ કે આજની વાસ્તવિક પરિસ્થિતિ સાથે કોન્ફરન્સના બંધારણનો જરાપણ મેળ નથી. મૂળ બંધારણ અનુસાર ગામ ગામનો જૈન સંઘ એ કોન્ફરન્સનું એકમ છે અને દરેક એકમ એટલે કે દરેક સંઘ પોત પોતાના પ્રતિનિધિઓ મોકલે તે પ્રતિનિધિઓનું સમુહમંડળ એકત્ર મળે અને વિચારણા કરે એજ કોન્ફરન્સ ગણાય આવી કલ્પના સ્વીકારવામાં આવી છે. એક કાળ એવો હતો કે કેટલાક ગામના સંઘો પોતપોતાના પ્રતિનિધિઓ ચુંટીને કોન્ફરન્સ ઉપર મોકલી આપતા. આ રીતે કોન્ફરન્સ તે કાળમાં જૈન કોમની પ્રતિનિધિ હોવાનો અમુક અંશે દાવો કરી શકતી. આજે લગભગ દરેક સંઘમાં કોન્ફરન્સ સબંધે મતભેદ હોવાથી કોઇપણ સંઘ પોતાના પ્રતિનિધિઓ વ્યવસ્થિત રીતે ચુંટીને મોકલી શકે તેમ છેજ નહિ. આને લીધે કોન્ફરન્સ સાધારણ રીતે બે ત્રણ દિવસના શંભુમેળા જેવી બની જાય છે અને એ સિવાય મુંબઇનું કોન્ફરંસ મંડળ જેને સ્ટેન્ડીંગ કમીટી તરીકે ઓળખવામાં આવે છે તે અવારનવાર મળ્યા કરે છે અને થોડુ,

ઘણું કામકાજ કર્યા કરે છે. પણ આ ચાલુ કામકાજનું આખી સમાજ ઉપર કશું પ્રભુત્વ પડતું નથી. બંધારણમાં ફેરફાર કરીને ગામે ગામ અને શહેરેશહેર કોન્ફરન્સ સમિતિઓ ઉભી કરવી જોઇએ અને એ સમિતિઓના પ્રતિનિધિઓ વર્ષે બે વર્ષે કોઇ પણ સ્થળે મળે. કોમના ચાલુ પ્રશ્નો ઉપર વિચારણા કરે, નિર્ણયો સાથે ચોક્કસ કાર્યક્રમ યોજે અને તે મુજબ ઉભી કરવામાં આવેલી સર્વ સમિતિઓ પોતપોતાના ક્ષેત્રમાં કામ કરતી થાય આવી બંધારણીય પુનર્ રચના થવી જોઇએ.

આ પુનર્ રચના માત્ર વાતો ઠરાવો કે બંધારણના શાબ્દિક ફેરફારોથી થઇ નહી શકે. આ માટે કોન્ફરન્સની પ્રવૃત્તિમાં રસ ધરાવતા સમાજના પ્રતિષ્ઠાપાત્ર ગૃહસ્થોએ સમયનો ખુબ ભોગ આપવો જોઇએ. ગામેગામ કોન્ફરન્સના પ્રચાર માટે ભટકવું જોઇએ, અને સામાન્ય જનતાને કોન્ફરંસની પ્રવૃત્તિમાં ખુબ રસ લેતી કરવી જોઇએ. બીજી બધી રીતે યોગ્યતા ધરાવતો હોય પણ આર્થિક અગવડ આવી રીતે ઉપયોગી બનાવવામાં જેને આડે આવતી હોય તેવા સાદા દિલના સમાજ સેવકોને કોન્ફરન્સે આર્થિક ટેકો આપીને પ્રચારકાર્યમાં જોડવા જોઇએ. જેની સમાજમાં પ્રતિષ્ઠા હોય અને જેના વિષે લોકોને આદર હોય તે સિવાયના કેવળ ભાડુતી પ્રચારકો આ દિશાએ કશું પણ કરી શકશેજ નહી.

પણ આખા પ્રશ્નની ગુંચ અહીંજ રહેલી છે. આપણે ત્યાં ઉપર જણાવ્યા તેવા કાર્યકર્તાઓ અને સમાજ સેવકોની ભારે ખોટ છે. પોતાના જીવન વ્યવસાયમાં તેમજ કુટુંબની સંભાળ પાછળ સમયનો ઘણો મોટો ભાગ ખરચનારો અને તેમાંથી બચત થોડો સરખો સમય આપનારો કાર્યકર્તાઓથી બીજાં સ્થાનિક નાનાં મોટાં ગમે તે કાર્યો થઇ શકશે. પણ કોન્ફરંસ જેવી આખી જૈન કોમના પ્રશ્નોને પહોંચી વળવાની ઉમેદ ધરનારી સંસ્થાને આગળ ધપાવવાની બાબતમાં તેઓ કશું પણ સંગીન પરિણામ નીપજાવી શકે તેમ નથી અને કમનસીબે કોંફરંસના આજના અગ્રણીઓ લગભગ સર્વ આ પ્રકારના છે. આ પરિસ્થિતિમાં ફેરફાર નહી થાય ત્યાં સુધી કોંફરંસે મૃતપ્રાય દશામાંજ જીવન ખેંચ્યા કરવાનું છે આ વસ્તુસ્થિતિ કોન્ફરંસમાં રસ લેનારા સૌ કોઇ સજ્જનો યથાર્થ રીતે સમજી લે.

પરમાનંદ.

# સામયિક સ્ફુરણ.

## ભાવનગરમાં ગુંડાશાહી.

ભાવનગર પ્રજાપરિષદના પ્રમુખ તરીકે સરદાર વલ્લભભાઇ પટેલની ભાવનગર ખાતે પધરામણી થઇ તે પ્રસંગે તેમના સન્માનમાં ભાવનગરના પ્રજાજનો તરફથી એક ભવ્ય સરઘસ કાઢવામાં આવ્યું હતું. તે સરઘસ ઉપર માર્ગમાં આવતી એક મસજીદમાંથી કેટલાક મુસલમાન ગુંડાઓએ ખુની હુમલો કર્યો હતો જેના પરિણામે બે ભાઇઓના જાન ગયા અને કેટલાક ભાઇઓ ઘાયલ થયા. ઘાયલ થયેલાઓમાં એક દક્ષિણામૂર્તિવાળા શ્રી નાનાભાઇ ભટ્ટ હતા જે ઉપર જણાવેલ મસજીદના દરવાજા પાસેથી સરદાર વલ્લભભાઇ સહી સલામતીથી પસાર થાય એ જોવાને ઉભા હતા અને અને બીજા ભાવનગરના જાણીતા કાર્યકર્તા આત્મારામ ભટ્ટ હતા. એમ અનુમાન થાય છે કે આ હુમલો ખાસ કરીને સરદાર વલ્લભભાઇ પટેલ ઉપર હતો કારણ કે હુમલો થયો તે વખતે સરઘસ મોટે ભાગે શાન્તિથી પસાર થઇ ગયું હતું અને સરદારની મોટર હમણાં આવે છે એમ રાહ જોવાતી હતી. મસજીદમાંથી હુમલાનું સીગ્નલ બે ચાર મીનીટ વહેલું અપાયું જેથી સરદાર સદ્‌ભાગ્યે બચી ગયા અને બીજા માણસોનો ભોગ લેવાયો.

આવા બનાવો આજે અસામાન્ય નથી રહ્યા. જ્યાં ત્યાં એક યા અન્ય પ્રકારના કોમી હુલ્લડો થયાજ કરે છે. જ્યાં હિંદુ મુસલમાનો એકસંપીથી રહેતા હતા અને જ્યાં મહાજનના કામોમાં હિંદુ મુસલમાન આગેવાનો સાથે મળીને ભાગ લેતા હતા ત્યાં કોમી વૈરભાવનાં બીજ રોપાયાં અને પરસ્પરનો સદ્‌ભાવ નાશ પામ્યો. જે ગુંડાઓએ આ ભુંડું કામ કર્યું છે તેમને પોતાના કામનાં ભાવી પરિણામોનો પુરો ખ્યાલ નહિ હોય પણ આવા બનાવોથી લોકોની સહીસલામતીનો નાશ થાય છે. એટલુંજ નહિ પણ અરસપરસ વૈરવૃત્તિ પોષાયછે; અને વિના કારણ અનેક નિર્દોષ માણસોની આહુતિ અપાય છે. હિંસામાંથી હિંસાજ જન્મે છે અને કોમીવાદનું ઝેર સાદી સમજ અને સદ્‌ભાવને રૂંધી નાખે છે. આજે આખા દેશનું જીવન આ કોમી વલણમાં વધારે ને વધારે ઘુંચવાતું જાય છે અને જ્યાં કોમી ભેદભાવની કલ્પના સરખી પણ નહોતી તે પ્રદેશો પણ કોમીવાદની ચુડમાં ઝડપાતા જાય છે. આ રીતે આવતી કાલનું ભાવિ ભારે અંધકારમય દીસે છે.

## કોણ સર્વવ્યાપક ? ઇશ્વર કે મહમદઅલી ઝીણા ?

ભાવનગરની ગુંડાશાહી કેવળ આકસ્મિક નહોતી એમ માનવાને અનેક કારણો છે. એક તો પ્રસ્તુત પ્રસંગે મુસલમાનો ઉશ્કેરાય એવો એક પણ બનાવ બન્યોજ નહોતો. પરિષદના આગેવાનો આ વિષયમાં ખૂબ સંભાળપુર્વક વર્તતા હતા. સરઘસ પ્રસંગે તે સ્થળે કોઇએ વાજીંત્ર વગાડયું એવું પણ બહાનું કાઢી શકાય તેમ નહોતું. જ્યારથી પરિષદ ભરવાની વાત શરૂ થઇ ત્યારથી મુસ્લીમલીગ પ્રતિનિધિઓ પરિષદ તેમજ સરદાર વલ્લભભાઇની વિરૂદ્ધમાં ભાવનગર શહેરમાં તેમજ મહાલોમાં સારી રીતે પ્રચાર કરી રહ્યા હતા. સરઘસ વખતે આવુ કંઇક મુસલમાનો તરફથી બનશે એવી ભીતિ પણ ફેલાયલી હતી. જ્યાં જ્યાં આજે પ્રજાને રાજકીય પંથે આગળ વધારવાની હિલચાલ ચાલે છે ત્યાં ત્યાં મુસલમાની પક્ષ ઉભો થાયજ છે અને ન હોય ત્યાંથી ઘુંચો ઉભી કરે છે આ આ બધી પરિસ્થિતિમાં ભાવનગરનો બનાવ યોજનાપુર્વક બનેલો છે એમાં કોઇપણ પ્રકારનો સંદેહ ધરવાને કારણ નથી. આ બધી હીલચાલો પાછળ મુસ્લીમ લીગની પ્રેરણા જોવામાં આવે છે અને આજની મુસ્લીમ લીગ એટલે મહમદઅલી ઝીણા. આજે જ્યાં જુઓ ત્યાં કોમી અંગાર જલતો કે પ્રજ્વલિત થતો દેખાય છે. લોકો ઇશ્વરને સર્વવ્યાપક માને છે પણ આજના હિંદુસ્તાનમાં તો ઝીણાજ જ્યાં ત્યાં નજરે પડે છે.

## આમ બને ત્યાં કરવું શું ?

આવા બનાવો બને ત્યારે શું કરવું, સ્થાનિક કાર્યકર્તાઓએ શું વલણ ધારણ કરવું, ગુંડાઓના આક્રમણનો ભોગ બનતા વર્ગે કેમ વર્તવું એ એક ભારે મુંઝવતો પ્રશ્ન છે. વૈરની સામે વૈર વાળવાનું કહી શકાતું નથી. કારણ કે તેમ કરતાં કોમી પ્રશ્ન અગણિત ઘુંચો ઉભી કરે છે. બનેલું ભુલી જવું અને કાંઇ બન્યું નથી તેમ વર્તવું એ પણ શક્ય નથી.

તેમજ ઇષ્ટ પણ નથી. આમ કરવાથી ગુંડાગીરીનેજ ઉત્તેજન મળે અને કોમી અત્યાચારોજ વધે. ભાવનગર મહાજનની જાહેર સભામાં આ સંબંધમાં સરદાર વલ્લભભાઇએ ભારે પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. તેમના કહેવાનો સાર એ હતો કે મહાજને આ બાબત ઉપર સુઇ રહેવું કે રાજ્ય ઉપર આધાર રાખીને બેસી રહેવું એ બેમાંથી એક પણ માર્ગ ઇચ્છવા યોગ્ય નથી.. રાજ્ય આ બાબતમાં જે કાંઇ કરવા જેવું હશે તે કરશે એમ આપણે આશા રાખીએ. પણ એમ આપણે ખાત્રીપુર્વક કહી નહિ શકીએ. મહાજનેજ આ બાબતમાં મક્કમપણું દાખવવું જોઇએ અને સામા પક્ષને આ નીચ કૃત્યનો સાચો પશ્ચાત્તાપ ન થાય ત્યાં સુધી નિરાંત વાળીને બેસવું ન જોઇએ. જે કાંઇ બન્યું છે તે આકસ્મિક નથી પણ ચોક્કસ યોજનાનું પરિણામ છે. તેથી તેને મૂળમાંથી ડાંભવું જ જોઇએ. આજે આપણે કોમી વિપ્લવના જવાળામુખી ઉપર બેઠા છીએ એ આપણે ભુલીએ નહિ. જે બીજે છે તે અહિં આવશે અને વખતસર પગલાં નહિ લેવામાં આવે તો આગળ ફેલાશે. આજે કોઇપણ પ્રકારના કાયરપણાને સ્થાનજ નથી. રાજસત્તા નબળી હોય તો ગુંડાઓ તેની ઉપર ચઢી બેસે છે અને પ્રજા નબળી અને કાયર નીવડે તો તેની ઉપર પણ આ ગુંડાગીરી ચઢી બેસવાનીજ છે. આ પ્રસંગે એ રીતે વર્તો અને એવા મક્કમ ઉપાયો લ્યો કે જેથી આજે ઉંચું માથું કરતી ગુંડાગીરીને પોતાની વ્યર્થતાનું સાચું ભાન થાય અને પાકો પશ્ચાત્તાપ થાય.

**ગાંધીજીનું છેલ્લુ નિવેદન**

ગાંધીજીના છેલ્લા નિવેદને પ્રજા માનસ ઉપર ગાઢ નિરાશાની છાયા ઉતારી છે. તેમણે રાજકોટ પ્રકરણમાં આજ સુધીમાં ભાગ ભજવ્યો છે તે સંબંધમાં તેમણે કરેલી સમીક્ષા અહિંસાની દ્રષ્ટિએ બરોબર હશે કારણ કે દુનિયાભરમાં આજે ગાંધીજી જેવો અહિંસાનો બીજો કોઇ સમીક્ષક નથી. પણ સામાન્ય પ્રજાને આ નિવેદનથી સખ્ત આઘાત લાગ્યો છે અને દેશી રાજ્યોમાંની રાજકિય હીલચાલને થોડા વખત માટે ભારે ધક્કો લાગ્યો છે. આખી પરિસ્થિતિનો વિચાર કરતાં એમ લાગે છે કે ગાંધીજીને જે આજે દેખાયું તે તેમને વર્ધાથી રાજકોટ તરફ પ્રયાણ કરતાં દેખાવું જોઇતું હતું પણ રાજકોટ વિષેની તેમની અંગત લાગણીઓ અને મનુષ્ય સ્વભાવ વિષેની તેમની અસાધારણ શ્રધ્ધાએ તેમની સામાન્યત: અસાધારણ વ્યવહારકુશળ બુદ્ધિને જુદુંજ વળાણ આપ્યું, અને એક કરૂણાન્ત નાટક બની ગયું. જેને હૃદય છે કે નહિ એની પણ આપણને શંકા આવે એવા વીરાવાળાના હૃદય પલટાના વમળમાં રાજકોટનું આખું રાજકારણ અટવાઇ ગયું. ગાંધીજીના છેલ્લા નિવેદન ઉપર આજે કાંઇપણ કહેવું તે ધૃષ્ટતા ભર્યું ગણાય કારણ કે તે આર્ષદ્રષ્ટિ મહાપુરૂષ છે તેથી જ્યાં આપણને નિરાશા અને અંધકાર દેખાય ત્યાંથી તેમના કોઇ મહાન પુરૂષાર્થને પ્રારંભ થવાનો હોય એમ પણ બને; પણ આજે જે કાંઇ બની રહ્યું છે એનો આપણી સામાન્ય બુધ્ધિએ સમગ્રપણે વિચાર કરતાં એમ કહ્યા વિના રહી શકાતું નથી કે જો આમજ પરિણામ આવવાનું હતું તો વર્ધાથી રાજકોટ જવાને બદલે રાજકોટનું સૂત્ર સરદાર વલ્લભભાઇના હાથમાં ગાંધીજીએ રહેવા દીધું હત તો આજે આપણી દેશી રાજ્યોને લગતી પ્રવૃત્તિને જેટલી સખ્ત પછાડ લાગી છે તેટલી કદાચ ન લાગત.

**આજનું આપણું રાજકારણ.**

પાંચ માસ પહેલાના અને આજના આપણા આખા દેશના રાજકારણમાં ભારે મહત્વનું અન્તર દેખાય છે. ડીસેંબરના અન્ત ભાગમાં સરદાર વલ્લભભાઇ પટેલ સાથે રાજકોટ ઠાકોરે જ્યારે સંધી કરી ત્યારે ભારતવર્ષની સમસ્ત જનતાને અને ખાસ કરીને દેશી રાજ્યની પ્રજાનાં દિલ કોઇ જુદીજ આશાઓમાં ડોલતા હતા અને જીત ઉપર જીત મેળવવાના પંથે આપણે જોસભેર પ્રગતી કરી રહ્યા છીએ એમ આપણું હૈયું અભિમાન અને ઉત્સાહથી ઉછળતું હતું. ત્યારબાદ રાજકોટ ઠાકોરે કરેલી સંધીનો ભંગ કર્યો. ગાંધીજી રાજકોટ આવ્યા: તેમના જીવનાન્ત અનશનનો વિચિત્ર અન્ત આવ્યો. દેશી રિયાસતોમાં પ્રજાની લડતો મોકુફ રહી. બીજી બાજુએ સુભાષચંદ્ર બોઝની રાષ્ટ્રપતિ તરીકે ચુંટણી થઇ અને તેમાંથી નવી ગુંચો ઉભી થઇ. ત્રિપુરી મહાસભા કશું મહત્વનું કાર્ય કરી ન શકી. કલકત્તાની મહાસભા સમિતિમાં સુભાષ બોઝે રાજીનામું આપ્યું અને 'ફોરવર્ડ' બ્લોક નામના કહેવાતા પણ વસ્તુતઃ ગાંધી વિરોધી પક્ષની સ્થાપના કરી. રાજકોટ બાજુ એક તરફ ઠાકોર અને દરબાર વીરાવાળાનું સંવનન ચાલુ રહયુ અને બીજી તરફ ભાયાતો, મુસલમાનો વિગેરે પ્રત્યાઘાતી બળોને એકત્ર બનવાનો અને વ્યવસ્થિત થવાનો ખૂબ અવકાશ મળ્યો. આજે જ્યાં ત્યાં સભાભંગ અને પરિષદ ભંગાણના સમાચારો સંભળાયાજ કરે છે. પ્રવૃત્તિને પ્રત્યાઘાતી વર્ગ તોડવા જ્યાં ત્યાં હાજરજ હોયછે. કોમી પ્રશ્ન વધારે ને વધારે વિકટ બનતો જાય છે; દેશી રાજ્યોમાં પ્રજાની હીલચાલો આજે સ્તબ્ધ બનીને ઉભી રહી છે. સુભાષબાબુના સ્થાને રાજેન્દ્રબાબુની ચુંટણી થઇ છે એમ છતાં પણ આજની રાષ્ટ્રીય મહાસભા પક્ષભેદોના વાવંટોળમાંથી મુકત થઇ નથી. ધીમે ધીમે અશાન્તિ, અરાજકતા, ગુંડાગીરી, હિંસા તરફ આખો દેશ ઘસડાઇ રહેતો દેખાય છે. આવતી કાલ ખરેખર ભયાનક દીસે છે.

**પરમાનંદ**

## દેવ દ્રવ્યનો ભૂતકાળમાં ઉપયોગ.

### ઇસ્ટ ઈન્ડીયા કંપની સમયના ઇતિહાસની સાક્ષી.

હિંદમાં બ્રિટિશ અમલના હજુ બેસતા દહાડા હતા. આવતી ઇસ્ટ ઇન્ડીયા કંપનીના હાથમાં અણધારી રીતે હિંદનું સ્વામીત્વ આવી પડયું હતું. આ વખતે ઇ. ઇ. કંપનીના ડીરેકટરોની બોર્ડ મદ્રાસના ગવર્નર મનરો ઉપર ખાસ સંદેશો મોકલ્યો કે હિંદીઓ જંગલી છે. તેમને કેળવણી આપો કે જેથી તેઓ આપણી સંસ્કૃતિ અને સાહિત્યથી પરિચિત થાય.

મદ્રાસના અનુભવી ગવર્નર મનરોએ જવાબ વાળ્યો, "તમે ધારો છો એવા હિંદીઓ અબુધ કે જંગલી નથી. હિંદી પ્રજા સંસ્કારી અને વિચક્ષણ છે. કેળવણીની પણ અહિં કમી નથી. **મદ્રાસ ઇલાકામાં એકે એક મંદિર અને એક એક મસ્જિદની સાથે નિશાળ (મકતબ) ચાલે છે.** (Every temple and every mosque has a school attached to it.) **આવી રીતે મદ્રાસ ઇલાકામાં મંદિરો અને મસ્જિદોમાં મળીને પચાસથી સાઠ હજાર પ્રાથમિક શાળાઓ છે. કેળવણીની દૃષ્ટિએ આ લોકો બીલકુલ પછાત નથી.**"

ઉપરનો જવાબ ભુતકાળની પરિસ્થિતિ ઉપર સારૂં અજવાળું પાડે છે. હિંદુસ્તાનમાં જે વખતે બ્રિટિશ સલ્તનતની સત્તા પુરેપુરી ન હોતી જામી ત્યારે હિંદુસ્થાનમાં કેળવણીનું પ્રમાણ શું હતું તેનો ખ્યાલ આપે છે, જ્યારે અત્યારે હિંદુસ્થાનમાં કેળવણીનું પ્રમાણ ૮ ટકા છે.

બ્રહ્મદેશમાં અત્યારે અક્ષર જ્ઞાનનું પ્રમાણ ૯૯ ટકા છે. આનું કારણ એ છે કે દરેક બૌધ્ધ સાધુ (ફુંગી) ધર્મોપદેશકની સાથોસાથ શિક્ષકનું પણ કામ કરે છે. અને મહતી આવકનો મોટો ભાગ શિક્ષણ કાર્યમાંજ વપરાય છે.

આપણા દેશમાં નિરક્ષરતા નિવારણ માટે મંદિરો ઉદાર હાથે નાણાં વાપરે તો ? હિંદનું ચિત્ર કેટલું બદલાઇ જાય ?

**અજ્ઞાત**

# ગોપનાથ

આજે જે સ્થાન ઉપરથી હું લખી રહ્યો છું તે કાઠિયાવાડના પૂર્વ કિનારે ખંભાતના અખાત અને અરબ્બી સમુદ્રની સંધિ ઉપર આવેલું ભાવનગર રાજ્યના તાબાનું ગોપનાથ નામનું હવા ખાવાનું સુપ્રસિધ્ધ સ્થળ છે. આ સ્થળમાં અને અન્ય હવા ખાવાના મથકોમાં કેટલોક મહત્વનો તફાવત છે. બીજા હવા ખાવાના ઠેકાણા ઉપર શ્રીમાનોના અનેક બાગબંગલાઓ હોય છે અને સ્થાનાન્તર થવા છતાં એજ સમાજ અને એનો એજ સભ્યતા વ્યવહાર જોવામાં આવે છે. જરૂરિયાત તેમજ મોજશોખના મોંઘાભાવે પણ બધી ચીજો મળે છે. આ સ્થાન એ રીતે નિરાળું છે. અહિં બાગબંગલાઓ છે જ નહિ. ગોપનાથ મહાદેવનું એક ભવ્ય મંદિર છે. આ મંદિરમાં નરસિંહ મહેતાએ શિવોપાસના કરેલી અને તેમને શિવનો સાક્ષાત્કાર થયેલો એમ લોકકથા બોલે છે. આ મંદિરની આસપાસ ધર્મશાળા છે અને આ ધર્મશાળામાં નાના મોટા ખંડો છે, જયાં આગન્તુક આવે છે, ઉતરે છે, આરામ લે છે અને કેટલાક લાંબા સમય સુધી રહે છે. બાજુએ રાજ્યનું એક મકાન છે જ્યાં રાજ્યાધિકારીઓ આવે ત્યારે ઉતરે છે. અડધોએક માઇલ દુર ઉંચાણમાં દીવાદાંડી છે જેની બાજુએ ઉંચી ભેખડ ઉપર નાનો નાજુક દરબારી બંગલો છે જ્યાં ભાવનગર મહારાજા આવે ત્યારે નિવાસ કરે છે. અહિં ખાસ ખાવાપીવાની સર્વ વસ્તુઓ મળે છે, પણ મોજશોખનાં કોઇ પણ સાધનો સુલભ નથી. અહિં નથી હોટેલો કે નથી આહાર વિહારના સ્થાનો. આ આ સ્થળને એક બાજુએ સાગર ઘુઘવે છે અને બીજી બાજુ સુકો જમીનનો પ્રદેશ છે. મંદિર અને ધર્મશાળાની આસપાસ જટાધારી વટવૃક્ષો તેમજ બીજાં અનેક પ્રકારનાં ઝાડોનો સારો જથ્થો છે. મોર અને ઢેલની અહિં સારી વસ્તી છે અને તેના કેકારવથી આખો પ્રદેશ અવારનવાર ગાજે છે. પોપટ પણ જ્યાં ત્યાં દેખાય છે અને કોયલના ટહુકાર ગ્રીષ્મ ઋતુમાં સારી પેઠે સંભળાય છે. આ સ્થળ કોઇ એવા ખુણા ઉપર આવેલ છે કે ઉનાળામાં લગભગ ચોવીશે કલાક શીતળ પવન વાયા કરે છે અને તેથી ગ્રીષ્મ ઋતુની ગરમી લેશમાત્ર અનુભવાતી નથી. બપોર પછી તો પવનની છોળ ઉડે છે અને ઝાડપાન અને મકાનોને હચમચાવી નાંખે છે. રાત્રીના ઘણી વખત પૃથ્વી અને આકાશ ઉભય પ્રચંડ વાયુથી ગાજી ઉઠે છે.

અહિંનો સમુદ્ર તટ પણ કોઇ જુદાજ પ્રકારનો છે. આખો કિનારો અણીદાર ખડકોથી ભરેલો છે અને ગાળે ગાળે ઝીણી રેતીના સુંવાળા પટો રૂક્ષ ભૂમિતળને મુલાયમ બનાવે છે. ઉંચી ભેખડો અને નાનાં મોટાં કોતરો આખા પ્રદેશની ભવ્યતામાં રૂદ્રતાની પુરવણી કરે છે. સમુદ્રની અપાર લીલા કોઇ પણ ઊંચા ટેકરા ઉપરથી કલાકના કલાક સુધી જોયા કરીએ તો પણ આપણી આંખો થાકતી નથી. ગ્રીષ્મ ઋતુમાં સમુદ્રના પ્રચંડ મોજાઓ ભેખડના પથ્થરો સાથે અથડાય છે અને ચોતરફ ભાતભાતની રચના સરજે છે. અહિં મોટા શહેરોના જીવનમાં સદા દુર્લભ એવી ગાઢ એકાન્ત મળે છે અને અપુર્વ શાન્તિ અનુભવાય છે. આવા સ્થળમાં આવતાં અને આસપાસની કુદરતની ભવ્ય છતાં ભીષણ લીલા અનુભવતાં સહેજે અન્તર્મુખી થવાય છે અને લક્ષ્ય જગતને વીંધીને અલક્ષ્ય તત્વને સ્પર્શવા–સમજવા આપણું ચિન્ત મથે છે. નિર્મળ આકાશમાં રાત્રીના ટમટમતા તારાઓ આંખને કોઇ જુદોજ આનંદ આપે છે અને અનન્ત તત્વ સાથે આપણા મનનું અનુસંધાન કરે છે. આવા સ્થળમાં આવતાં શરીર, મન, ઇન્દ્રિયો કોઇ જુદીજ વિશ્રાન્તિ અને સ્ફુર્તિ અનુભવે છે. જેમ શરીરને શુધ્ધ કરવા માટે, દૈનિક સ્થાન આવશ્યક છે તેમ શારીરિક તેમજ માનસિક આરોગ્ય મેળવવા માટે, ચાલુ બહિર્મુખતાથી છુટા થઇને અન્તર્મુખ થવા માટે અને જીવનની સાધારણ રીતે ન ઉકેલાતી ગુંચો ઉકેલવા માટે આવા સ્થળનો નિવાસ અત્યંત આવકારદાયક બને છે. જે દ્રશ્ય જગતદ્વારા અગમ્ય ઇશ્વર તત્વનું આપણને દર્શન થાય છે તે કેવળ સુરમ્ય નથી. ભીષણ અને ભયાનક પણ છે. આ પ્રદેશ પણ ઇશ્વરના ઉભય સ્વરૂપનો ભાસ કરાવે છે. શીતળ પવનની લહરિઓ ઘડીમાં કલ્પાન્ત કાળની આગાહી આપતા પ્રચંડ ઝંઝાવાતમાં બદલાઇ જાય છે. પ્રાત:કાળે ઉગતા સૂર્યના ઉષ્માદાયી કિરણોને ઝીલતી સમુદ્ર વીચિઓ ઘડીમાં કીનારાની ભેખડોનો ભાંગીને ભુક્કો કરતા અને માનવીને પોતાની પામરતાનું સચોટ ભાન કરાવતા ઘુઘવતા મોજાઓમાં પલટાઇ જાય છે. આ પ્રદેશ સુન્દર છે પણ અહિંનું સૌન્દર્ય ઉપવનનું નથી. અરણ્યનું છે; અહિં ભવ્યતા અને ભીષણતાનો કોઇ અજબ મેળ દેખાય છે. આ એક ખરેખર તીર્થસ્થાન છે કે જ્યાં ઇશ્વર તત્વનો ઉભય સ્વરૂપે સાક્ષાત્કાર થાય છે. આ રીતે ગોપનાથના તીર્થ ધામનો મહિમા કોઇ જુદોજ–ખરેખર અવનવો છે. જેને એકાન્ત જોઇતી હોય, શાન્તિ જોઇતી હોય, સમાજ જીવનની ગડમથલમાંથી થોડી પણ મુકિત જોઇતી હોય તેણે જરૂર અહિ આવવું અને સાચા સ્વાસ્થ્યને પ્રાપ્ત કરવું.

પરમાનંદ

## સ્વદેશીમાં સમાયેલો ધર્મ

પરદેશી કાપડદ્વારા આપણે દેશમાં દુષ્કાળને નોતરીએ છીએ. અપરોક્ષ રીતે ગરીબ લોકોની કતલ કરીએ છીએ. એ વાત આપણા ધર્મગુરૂઓ કયારે સમજશે ? આપલ-પોપલીયામાં પડયા રહેવું–અને ગાડરીયા પ્રવાહ જેવા વાડાના ધર્મો પાળ્યા કરવા– અને ઘાણીના બેલની જેમ રૂઢિની ઘડમાં ફર્યા કરવું–એનું નામ કાંઇ જીવનની સાર્થકતા નથી. કતલખાનામાં પ્રાણીઓની હિંસા થાય છે તે આપણને નજરે જોવી પડતી નથી એમ કહીને આપણે માંસાહાર કરતા નથી. તો સ્વદેશીના ઘાતથી જે અસંખ્ય કુટુંબોનો નાશ થાય છે તેનો વિચાર કરી આપણે પરદેશી કાપડનો ત્યાગ ન કરીએ ? દિવાળીના પડવાએ આપણે ચોપડા પૂજનના પાનાંપર કુમ્કુમ્નો ચાલ્લો કરીએ. ને પોતાના શરીરપર–પરદેશી કાપડ પહેરી–તે દ્વારા દેશના ગરીબોના લોહીનો ચાંલ્લો કરીએ, અને છતાં અહિંસાનો ઇજારો હોય તેમ બોલીએ એ શું દંભ નથી ? સ્વદેશી વ્રતનો ભંગ કરી આપણે જે સ્વરાજ્ય દ્રોહનું પાપ કર્યું છે. તે ધોઇ કાઢવું એ આપણો ધર્મ સમજવો જોઇએ.

મુનિ વિનયવિજય

# પ્રબુદ્ધ જૈન.

વર્ષ ૧લું. તા. ૧-૬-૩૯ અંક ૩ જો.


## ૦ ૦ ૦ પ્ર...કી...ર્ણ વ...ર્ત...મા...ન ૦ ૦ ૦

### કલકત્તામાં જૈન સેવા ભવનની સ્થાપના

કલકત્તા ખાતે કલાકાર સ્ટ્રીટમાં તા. ૧૪-૫-૩૯ ના રોજ બાબુ ભૈરવદાનજી કોઠારીના પ્રમુખપણા નીચે સેવા-ભવનનો પાયો નાખવાનો સમારંભ થયો હતો. આ ભવનના ફંડમાં શ્રી. ગણપતસિંહજી નરપતસિંહજીએ રૂા. ૧૫૦૦૧, બાબુ બહાદુરસિંહજી સિંધીએ રૂા. ૭૫૦૧, રાવતમલજી ભૈરવદાનજી કોઠારી રૂા. ૧૧૫૧, બાબુ મોતીચંદજી રૂા. ૧૧૫૧ વગેરે રકમો ભરાણી છે.

### જૈન યુવકની બહાદુરી

ચીંચબંદર તરફ જતી એક બ્હેનના ગળામાંથી હાર તફડાવીને એક મવાલી નાસતો હતો તેને ભાઇ મણિલાલ ખીમજી નામના એક જૈન યુવાને ચાલતી ટ્રેનમાંથી ઉતરીને તેની પુંઠ પકડીને પોલીસને સ્વાધીન કર્યો હતો.

### સીવીલ મેરેજ હેઠળ પ્રભુતામાં પગલાં

મીયાગામવાળા શ્રી અશોક હીરાલાલ શાહ અને ખેડાના કુમારી બ્હેન કમલા પટેલ બન્નેએ જૈન હોવા છતાં સીવીલ મેરેજ એક્ટ હેઠળ હીરાબાગમાં સાદાઇથી લગ્ન કર્યા છે. લગ્ન નોંધવા માટે રજીષ્ટ્રારને ખાસ બોલાવવામાં આવેલ હતા.

### સ્થાનકવાસી અને મૂર્તિપૂજક સાધુઓનું સ્તુત્ય પગલું

કચ્છ ભચાઉ ખાતે મૂર્તિપૂજક સંપ્રદાયના મુનિ શ્રી. જયંતી વિનયજી અને વિશાળ વિનયજી તથા સ્થાનકવાસી સાધુ છોટાલાલજીએ એકજ જગ્યાએ સાથે મળીને વ્યાખ્યાનો આપ્યાં હતાં અને અને જૈન સમાજની મૂળગત એકતા ઉપર ભાર મૂકયો હતો. ભગવાન મહાવીર પ્રેરિત જૈન ધર્મ સિધ્ધાંતે અને તત્વમાં એક હોવા છતાં સંપ્રદાયના જે કૃત્રિમ વાડાઓ બંધાયાં છે તેને તોડવામાં અને એકતાનું પ્રસ્થાપન કરવામાં આવા પ્રસગો ઘણા ઉપયોગી નીવડે છે.

### દીક્ષાનું નાટક

ગોંડલમાં તેર અને અગીયાર વર્ષની બે બાળાઓએ કોઇના ભમાવ્યા લોભ્ર કરી સાધ્વીજીનાં કપડાં પહેરી લીધા હતાં. ગોંડલના સંઘને આ વાતની ખબર પડતાં ત્યાંના જૈન આગેવાનોએ તેમને સમજાવીને સાધુવેશનો પરિત્યાગ કરાવ્યો હતો અને મૂળ વસ્ત્ર પહેરાવીને પાછા તેમને ઘર મોકલી આપ્યા હતા.

### માલેગામ ખાતે જૈન દેરાસરનો જ્યુબીલી ઉત્સવ

ગયા વર્ષે માલેગાવ ખાતે જૈન દેરાસરની જ્યુબીલી ઉજવવાના પ્રસંગે માલેગાંવના જૈન ભાઇઓએ કકા કાલેલકર, શ્રીમદ શંકરાચાર્ય, પંડિત દરબારીલાલજી અને પુનાના બીજા વિદ્વાનોને ખાસ આમંત્રણ આપી તેમના વ્યાખ્યાનોનો લાભ લીધો હતો. ધાર્મિક સહિષ્ણુતા, રાષ્ટ્રીય એકતા અને કોમી એખલાસ વધારવામાં આવા પ્રસંગોનો ઉપયોગ કેમ કરી શકાય તેનો માલેગાંવના જૈન ભાઇઓએ સુંદર દાખલો બેસાડયો છે.

### શ્રી જૈન યુવક પરિષદ (૧૯૩૨) ની બચત

મું. જૈ. યુ. સંઘને મળેલી ભેટ.

શ્રી જૈન યુવક પરિષદ (૧૯૩૨) ની કાર્યવાહક સમિતિની એક બેઠક એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં શ્રી અમીચંદ ખેમચંદ શાહના પ્રમુખપણા હેઠળ મળી હતી. આ સમિતિએ પરિષદ પાસે પડી રહેલી રૂા. ૪૩૪-૧૪-૦ અને તેના વ્યાજની રકમ શ્રી મુંબઇ જૈન યુવક પરિષદને આપવાનો ઠરાવ કર્યો હતો. અને તે અનુસાર તે નાણાં મું. જૈ. યુ. સંઘને સુપ્રત કરવામાં આવ્યા છે.

### નવ કહેજો એ સુભટને....

રણ વગડા જેણે વીંધ્યા
વહાલી જેને વનવાટ;
જે મરતાં લગ ઝંખેલો
ઘનઘોર વિજન રઝળાટ;
જે ગગન ચુંબતા ગિરિશૃંગે સુણતો હાકલ અવિરામ
એ સુભટ કાજ કો નવ કહેજો: 'પ્રભુ દે એને વિશ્રામ !'

દમ દમ કર્મે મચી રહેતાં
ઉછળે ઉરમાં ધબકાર,
ભલી એ એની વિશ્રાંતિ,
એ સુખ, જીવન આધાર.
એ પડે લડથડે, છતાં ઉઠી ફરી ચડે યુધ્ધ અવિરામ
એ સુભટ કાજ કો નવ કહેજો: 'પ્રભુ દે એને વિશ્રામ !'

ધગધગ ધખતી સહરામાં
એ મહાલે શીતળ સેજ
ઘન ઘન અંધાર નિશામાં
ભાળે ભાસ્કરનાં તેજ;
વંટોળ વિષે પણ પામન્તો ફુલદોલ તણા આરામ,
એ સુભટ કાજ કો નવ કહેજો; 'પ્રભુ દે એને વિશ્રામ !'

જયમ શતશત પહાડ શિખરથી
જળધોધ ધુઘવતો જાય,
જયમ ખુશ ખુશાલ કો જોધ્ધો
નિજ અશ્વ નચવતો જાય;
ત્યમ સત્ય તણો શોધક નિજ પંથે ધસે સદા અવિરામ
એ સુભટ કાજકો નવ કહેજો. 'પ્રભુ દે એને વિશ્રામ !'

**ઝવેરચંદ મેઘાણી**


આ પત્ર શશાંક પ્રેસ, કોટ, મુંબઇમાં છપાવી પ્રકાશક અને તંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી શ્રી મુંબઇ જૈન યુ. સંઘ માટે પ્રગટ કર્યું છે.

Regd. No. B 4266

વાર્ષિક લવાજમ રૂ. ૨ એ.
સભ્ય માટે વાર્ષિક રૂ. ૧ એક

# પ્રબુદ્ધ જૈન

છુટક નકલ દોઢ આનો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર.

તંત્રીઃ મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ ૧ લું. ગુરુવાર તા૦ ૧૫-૬-૩૯ અંક ૪ થો.

## જૈન છાત્રાલયો

જૈન છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓ પાસે ફરજીઆત પળાવવામાં આવતા કેટલાક નિયમોની ચર્ચા આ લેખમાં કરવા ધારી છે.

સામાન્ય રીતે બધાંજ જૈન છાત્રાલયોમાં (૧) રાત્રિ-ભોજન નિષેધ (૨) ધાર્મિક શિક્ષણ અને (૩ મૂર્તિપુજક સંસ્થાઓમાં દેવપુજન આ ચાર વસ્તુઓ ઉપર ખાસ ભાર મુકવામાં આવે છે.

ફરજીઆત ધાર્મિક શિક્ષણ અથવા પુજાથી વિદ્યાર્થીઓને કે ધર્મને ફાયદો થતો હોય એમ હું માનતો નથી. ધર્મના શિક્ષણની અને પુજાની જેને ઇચ્છા હોય તે વિદ્યાર્થીઓ માટે પુરી સગવડ હોવી જોઇએ એટલી વાત મારાથી સમજી શકાય છે. ધર્મ પ્રત્યે પ્રેમ અથવા સહાનુભૂતિ ઉત્પન્ન કરવાનો છાત્રાલયોમાં પ્રયત્ન થાય તેમાં કાંઇ વાંધો લઇ શકાય નહિ, પણ જ્યારે એ વસ્તુઓને ફરજીઆત બનાવવામાં આવે છે ત્યારે એના તરફ પ્રેમ ઉત્પન્ન થવાને બદલે વિદ્યાર્થીના દિલમાં એ પ્રત્યે બેદરકારી, કંટાળો અને કદાચ દ્વેષ પણ ઉપજે છે. એટલે ધર્મના પુસ્તકોનો પાઠ મોઢે કરાવવો–ઝીણવટનો મુખપાઠ કરાવવો–એથી ધર્મ પ્રત્યે રૂચિ ઉત્પન્ન થતી હોય એમ હું માનતો નથી. એનો તો ઉપાય મારી દ્રષ્ટિએ એજ છે કે ઉદાર વિચારના અને વિશાળ દ્રષ્ટિવાળા તેમજ જૈન અને બીજા ધર્મના અભ્યાસી શિક્ષકો મારફત જન ધર્મના શિક્ષણનો પ્રબંધ થવો જોઇએ. આ શિક્ષકો સમાજનાં વહેણ અને વર્તમાન પરિસ્થિતિ તરફ નજર રાખીને ધર્મના સ્થુલ આચાર નહિ પણ એના મૂળમાં રહેલી ભાવનાઓને ખીલવે એવો પ્રબંધ થવો જોઇએ. આજના યુગમાં ધર્મનું આચરણ કેવી રીતે થાય અને કરી શકાય તે શીખવે અને એ વસ્તુઓ પ્રત્યે ભાવ-ઉત્પન્ન કરે. આ રીતે ધાર્મિક શિક્ષણ એ વિદ્યાર્થીના ચારિત્ર્ય તથા વિચારના ઘડતરનો પાયો બની રહે અને એ શિક્ષણ લીધેલો વિદ્યાર્થી સ્થૂલ આચાર કરતાં સિદ્ધાંતને નજર આગળ રાખી જીવન વ્યવહાર ચલાવે એવું શિક્ષણ અપાય તો વધારે યોગ્ય ગણાય. આ શિક્ષણથી એને ધર્મ અને ધર્મગ્રંથો ઉપર રૂચિ ઉત્પન્ન થ.ય, વધારે જાણવાની જીજ્ઞાસા જાગે તો એને એ રસ્તે જવા ઉત્તેજન આપી એનો માર્ગ સરળ કરી આપવો જોઇએ. આ રીતના ધાર્મિક શિક્ષણથી વિદ્યાર્થીઓને વધારે સંતોષ થશે અને એ ધાર્મિક શિક્ષણમાં વધુ રસ લેશે એમ હું માનુ છું.

આજે શહેરોમાં–ખાસ કરીને મુંબઇમાં–કેટલીય શિક્ષણ સંસ્થાઓ સાંજના વર્ગો ચલાવે છે. હવે તો આર્ટસ કોલેજમાં પણ સાંજના વર્ગો શરૂ થયા છે. આ વર્ગમાં જનારા વિદ્યાર્થીઓ પુરતો આ નિયમમાં અપવાદ રાખવાની મારી વિનંતિ છે.

પણ રાત્રિભોજન ત્યાગના નિયમના કડક પાલનનો આગ્રહ રાખવાથી વિદ્યાર્થીઓને થતા બીજા નુકસાન તરફ હું સમાજનું ખાસ ધ્યાન ખેંચવા ઇચ્છું છું.

બધાંજ શહેરોમાં જાહેર વ્યાખ્યાનોનો સમય સાંજનો હોય છે, જે સમય જૈન છાત્રાલયોમાં ભોજનનો હોય છે. એટલે જાહેર પ્રવૃત્તિમાં જૈન વિદ્યાર્થીઓ જોડાઇ શકતા નથી અને એના પ્રવાહોથી દુર રહે છે. પણ આના કરતાં વધારે નુકસાન એમની શારીરિક પ્રગતિને પહોંચે છે. બધીજ શિક્ષણસંસ્થાઓમાં રમત ગમતનો સમય શાળાના સમયના પછી સાંજનો હોય છે. આ વખતેજ જૈન છાત્રાલયોમાં ભોજનનો સમય હોય છે. એટલે જૈન વિદ્યાર્થીઓ શાળાની શારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લઇ શકતા નથી–લેવાની ઇચ્છા અને શકિતવાળા વિદ્યાર્થીઓને છોડી દેવાની ફરજ પડે છે.

આજે આટલાં વર્ષે પણ જૈનોમાં એક પણ વિદ્યાર્થી રમત ગમતમાં આગળ પડતો દેખાતો નથી. ક્રિકેટ ટેનીસ જેવી રમતોમાં કે દોડવા કુદવાની રમતોમાં કોઇ જૈન વિદ્યાર્થીએ નામના મેળવી હોય એવું મારા જાણ્યામાં નથી. આ રીતે વિદ્યાર્થીઓના શારીરિક વિકાસમાં પણ આ નિષેધ આડે આવેછે.

હું આશા રાખું છું કે જૈન છાત્રાલયોના સંચાલકો આ વસ્તુ પર વિચાર કરી ઘટતાં પગલાં લેશે. **શાંતિલાલ હ. શાહ**

## દેશ સેવાથીયે વધુ મહાન.........

( હિંસાવાદી ક્રાંતિકારીઓને ઉદ્દેશીને )

દેશની સેવા કરવા હું તૈયાર છું, પણ હું વંદન તો તે સત્યનેજ કરીશ જે દેશ કરતાં ખુબ ઉંચે આસને વિરાજમાન છે. દેશને જો હું દેવ માનીને વંદન કરૂં તો દેશનું સત્યાનાશ વાળ્યું ગણાય...............દેશને દેવતા ગણાવીને તમે જ્યારે અન્યાયને કર્તવ્ય અને અધર્મને પુણ્ય તરીકે ગણાવી દેવા માગો છો ત્યારે મારા હૃદયને આઘાત થાય છે; માટેજ હું સ્થિર રહી શકતો નથી.

દેશથી પણ ઉચ્ચ સ્થાને ધર્મ રહેલો છે એવું જે લોકો માનતા નથી તેઓ હું કહું છું કે દેશને પણ માનતા નથી. જે તરૂણ યુવકો દેશના કાર્યમાં વળગવા તૈયાર છે, તેમને શરૂઆતથીજ એક જાતના નશાની ટેવ પાડવાના કામમાં મારો જરા પણ હાથ ન હોય તેમ હું ઇચ્છું છુ. મંત્રો કે શબ્દપોકારોથી ભોળવીને જેઓ કામ હાંસલ કરવા માગે છે તેઓ કામનીજ કિંમત આંકે છે, પણ જે માણસના મનને તેઓ ભોળવે છે, તેના મનની કિંમત તેમને કશીજ નથી. આ પ્રમત્તતામાંથી, આ ચકચુર કૈફમાંથી જો દેશને આપણે બચાવી ન શકીએ તો દેશની પુજા એજ દેશનું વિષનૈવેદ્ય બની જશે અને દેશનું કાર્ય વિમુખબ્રહ્માસ્ત્ર માફક પાછું આવીને દેશના હૈયામાંજ વાગશે.

કવિવર ટાગોર.

# "ભગવાન મહાવીર."

(મુંબઇ રેડીઓ સ્ટેશન પર મહાવીર જયન્તીના દિને તા૦ ૨-૪-૩૯ ના રોજ શ્રી હીરાલાલ અમૃતલાલ શાહે 'ભગવાન મહાવીર'ના જીવન વિષે આપેલ વ્યાખ્યાન.)

(ગતાંકથી ચાલુ)

નયસારના ચરિત્ર પછી મહાવીર સ્વામીના પૂર્વભવનું જાણવા જેવું બીજુ ચરિત્ર મરિચિનું છે. તેમાં જ્ઞાન, ધ્યાન, તપ તથા અધ્યયનનો લાંબો પંથ કાપવા માંડયો છે. આ માર્ગ બહુ લાંબો અને કષ્ટ કરનારો લાગ્યો એટલે મરિચિ તેમાં સ્વસ્થતા જાળવી શકયો નહિ. મરિચિએ કિંચિત સુખ-કારક વેશ રાખ્યો. શ્રી હેમચંદ્રાચાર્યના શબ્દોમાં કહીએ; "મરિચિનો નવીન વેશ જોઇ બધા લોકો તેને ધર્મ પૂછતા હતા ત્યારે તે શ્રી જીનોએ કહેલા સાધુ ધર્મને કહેતો હતો. પછી લોકો તેને પૂછતા હતા કે તમે પોતે તેવા સાધુ ધર્મને કેમ આચરતા નથી? ત્યારે તે કહેતો કે મેરૂના ભાર જેવા સાધુ ધર્મને વહન કરવાને હું સમર્થ નથી. પોતાના ધર્મના વ્યાખ્યાનથી પ્રતિબોધ પામી જે ભવ્યજનો સાધુ થવા ઇચ્છતા તેમને મરિચિ પોતાના માર્ગમાં ન ખેંચતા શ્રી રૂષભદેવ પ્રભુને સોંપી દેતો હતો. આ વર્ણનમાં મરિચિનો નિખાલસપણાનો ગુણ વ્યાપક થતો દેખાય છે. મરિચિના ભવ પછી અનેક જન્મોમાં નિર્બળતા દૂર થતી ગઇ તે તથા કોઇ કોઇ વાર કરેલી ગલતીનાં વર્ણનો મળે છે. તે સર્વને અન્તે છેવટનું મહાવીરસ્વામીના પૂર્વ ભવોનું નન્દનનું ચરિત્ર ખુબ સુંદરતાથી ભરેલું છે તે જીવનમાં ગૃહસ્થજીવન વ્યતીત થયા પછી મુનિજીવનની ઉત્તરોત્તર વધતી જતી વિશુદ્ધતા છે. સાથે તપ-અધ્યયન-ધ્યાન તથા નિર્મળ ચર્ચાના અને તે સર્વની વધતી જતી આરાધના કેવાં સ્વરૂપ લે છે, કેવી ચિત્તવૃત્તિ સ્થિર અને નિર્મળ કરે છે તથા કેવા સંકલ્પો તરફ મન વળે છે તે સર્વનાં વર્ણનો છે. નયસારના ભવમાં કરૂણ ને અર્પણની ઉત્તમ ભૂમિકા પર ધર્મનું બીજ પડયું હતું. મરિચિના ભવમાં વધુ પોષણ તથા સંસ્કાર પામ્યું હતું તે નન્દનના જીવનમાં મહાન વૃક્ષ તરીકે ખીલી નિકળેલું દેખાય છે. તેનો પૂરો ફાલ પછીના મહાવીર જીવનમાં આપણને દેખાયછે.

હિમાલયમાં પ્રવેશ કરીએ તો એક ખીણમાંથી બીજી ઉંચાઇ પર ચઢીએ તેમ ઉંચા ઉંચા શિખરો એક પછી એક દેખાવ દે છે ને છેવટના ઉંચા શિખર પાસે જઇએ ત્યારે ભવ્ય હિમાલય તરિકે આપણને પુરી છાપ પડે છે. આ પ્રકારે મહાવીર સ્વામીના પૂર્વભવોનું દર્શન થતાં છેવટે જે ઉત્કર્ષ આપણને સમજાય છે તેનું ગૌરવ આજે આપણે કરીએ છીએ. પરન્તુ હિમાલયની જેમ વીરજીવનની સમગ્ર રચના અનેક ભવોના ચરિત્રમાં જોઇએ ત્યારે મહાવીરસ્વામીની આત્મોન્નતિ સાથે ધર્મનું ઘડાતું જતુ સ્વરૂપ પણ સ્પષ્ટ થાય છે. **આ ધર્મના સ્વરૂપમાં ગૃહસ્થ માર્ગ અને તપસ્વી-માર્ગ વચ્ચે કશું ઘર્ષણ નથી દેખાતું.**

માતાપિતાને દુઃખ ન રહે તથા કુટુંબવર્ગમાં ખિન્નતા ન આવે તે રીતનો મહાવીરસ્વામીનો ગૃહસ્થાશ્રમ છે અને તે ભૂમિકા પર મહાવીરસ્વામીનું પાછીનું ચરિત્ર તથા જાહેરજીવન પ્રકટ થયું છે. અર્થાત આર્યાવર્તની ભૂમિમાં પડેલું બીજ આર્યાવર્તના આશ્રમોની પરાપુર્વની રચનાને અનુસરતું છે. આર્યજીવનનું બંધારણ (૧) બ્રહ્મચર્ય આશ્રમ (૨) ગૃહસ્થ આશ્રમ (૩) વાનપ્રસ્થ આશ્રમ (૪) સંન્યસ્ત આશ્રમ પર છે. તેમાં બીજો આશ્રમ પ્રવૃત્તિનો છે ને ત્રીજો નિવૃત્તિમય પ્રવૃત્તિનો આશ્રમ છે. ચોથાને વિશિષ્ટ પદ આપેલું છે કારણ કે બધા આશ્રમની રચના તે ઘડી આપે છે. પરન્તુ બધા આશ્રમને પોષક ગૃહસ્થ આશ્રમ ગણ્યો છે. ચારે આશ્રમ પરસ્પરથી અવિરૂધ્ધ રહે અને પ્રત્યેક આશ્રમ સિધ્ધ થાય તેમાં જીવનની અને સમાજની સાર્થકતા ગણી છે. મહાવીર ચરિત્રમાં ને પૂર્વભવોનાં ચરિત્રમાં ઉપરની હકીકત મળી આવે છે અને મહાવીરસ્વામીએ ગૃહસ્થધર્મ તથા યતિધર્મ એમ બે પ્રકારે ધર્મ કહયો છે અને એ રીતે દેહ અને પુનર્જન્મની પરંપરામાંથી મહાવીર સ્વામીએ સદાકાળ માટે મુકિત મેળવી છે.

વ્યકિતથી વ્યકિતએ કરેલું કાર્ય છુટું પડતું નથી. વ્યકિતએ કરેલું કાર્ય તેજ જૈન પરિભાષામાં કર્મ છે, અને તેમાં ચડઉતર અવસ્થા રહે છે. શ્રી હેમચંદ્રાચાર્યના શબ્દોમાં કહીએ તો પોતા-નાજ કરેલા કર્મથી વિવેક રહિત થયેલો પ્રાણી કૂવો ખોદનારની જેમ અધોગતિને પામે છે અને શુધ્ધ હૃદયવાળા પુરૂષ પોતાનાજ કર્મથી મહેલ બાંધનારને જેમ ઉર્ધ્વ ગતિને પામે છે. નયસા-રના જીવનમાં કરૂણાપૂર્વકના કર્મથી ધર્મ ગતિમાન થયો છે. પૃથક્કરણમાં ધર્મના પછીના સ્વરૂપો જાહેર થયા છે તેનું મૂળ હાથ આવે છે. સામા પ્રત્યે સમભાવ અને પોતાની જેમ બીજા પ્રત્યે અસાધારણ લાગણીથીજ કરૂણા રહે છે. તેમ બનતાં પોતાની જેમ બીજાની હિંસા બને છે. સ્થૂળ હિંસાની સાથે સૂક્ષ્મ હિંસા જાય છે એટલે બીજાને આઘાત થાય તેવાં કર્મો ત્યાજ્ય થાય છે. આમાં અહિંસા સાથે સત્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય. અપરિગ્રહ ઇ૦ સ્વરૂપ ધર્મના આવે છે. અદત્તા-દાનમાં બીજાએ ન આપેલું તે ન સ્વીકારી શકાય, બ્રહ્મચર્યમાં મર્યાદાથી પણ પોતાના તેજની રક્ષા અને બીજા પ્રત્યેના સંબંધમાં વિશ્વાસભંગનો અભાવ રહે છે. બીનજરૂરી વસ્તુના ત્યાગથી મમતાનો અવકાશ ટૂંકો થઇ જાય છે તથા પ્રવૃત્તિઓ અંકુશમાં આવી અભિનિવેશથી છુટી જવાય છે. આ માર્ગે વળનારી વ્યકિત ધર્મમાર્ગે વળે છે ને તેનાં કર્મ ઉત્કર્ષ કરનારાં થાય છે. અને તેમાં પોતાની સાથે પારકા સાથેના સંબંધો ઉત્તમ માર્ગ પર મૂકાય છે. ઉપરોકત રીતે કર્મ કરનાર ને આત્મોન્નતિ સાધનાર વ્યકિત તે શ્રી મહાવીર છે અને તેમના ચરિત્રોમાં અન્તર્ગત રીતે રહેલો માર્ગ તેજ "આર્હત ધર્મ" અથવા "જૈન ધર્મ" છે. આ ધર્મમાં સૌ કોઇને પોતે હોય ત્યાંથી આત્મોન્નતિને માર્ગે જેટલું આગળ વધાય તેટલું વધવા માટે સતત પ્રેરણા છે. તેમાં પોતાના કલ્યાણ સાથે બીજાના કલ્યાણના રસ્તા ઉઘાડા છે ને તેમાં પરસ્પર વિરોધ નથી પણ વધતો જતો મેળ છે. મહાવીર સ્વામીનાં ચરિત્રો તપાસીએ ત્યારે આ સર્વવસ્તુની આપણને ઝાંખી થાય છે. પોતાને જે માર્ગ દેખાયો તેને અનુસરી ૩૦ વર્ષ સુધી મહાવીર સ્વામીએ સૌને માર્ગ દેખાડયો. તે પાછળના ભાગનું ટુંકુ પણ અમૂલ્ય મહાવીર ચરિત્ર છે. તે માર્ગ યોગ્ય રીતે સમજવા માટે પહેલાનાં સમયનાં સર્વ ચરિત્રો છે. દાખલા તરીકે-દીક્ષા લેવાનો મહાવરસ્વામીનો ઉપદેશ હોય ત્યાં માબાપની કે વડીલોની ઇચ્છા ઉપરવટ થઇને લેવી તેમ અર્થ નજ થઇ શકે.

મહાવીર સ્વામીના વખતમાં બ્રાહ્મણધર્મ યજ્ઞયાગ ઇ૦ ક્રિયાકાંડ પર વધુ ઝોક ખાઇ ગયો હતો. જીવનમાં ચક્ષુબહારનું

# અમરનાથની યાત્રા

અમે સવારના અમરનાથ જવાનાં હતા પણ કોણ જાણે ક્યાંથી વાદળ ઘેરાયું અને મેઘરાજે પોતાનું વરસવું શરૂ કરી દીધું. પણ અમારો વિચાર ચોકકસ હોવાથી મેઘરાજે અમારી ભાવના જાણી લીધી હોય તેમ અગિયાર વાગે વરસાદ બંધ રહ્યો અને અમે પાંચ જણે અમરનાથની યાત્રાનો માર્ગ લીધો. અમારી સાથે બે ડોળીઓ, ત્રણ ઘોડા હતા અને બાકીના સામાન માટે ટટ્ટુઓ લીધા હતા.

પેલગામથી પહેલું સ્ટેશન ચંદનવાડી આવે છે અને તે ત્રણ માઇલ દૂર છે. રસ્તો ઘણો મનોરંજક લાગતો હતો. ખાસ કરીને ચંદનવાડી પહોંચ્યા ત્યારે તો ચારે બાજુએ શુરૂ અને બીજાં જાતજાતનાં ઝાડોનાં જુથના જુથ આવવાં લાગ્યાં અને પુરજોસમાં નદી પ્રવાહ સામે આવીને ઉભો રહ્યો. ઘડીમાં નદી પ્રવાહ ઉપર આંખ ઠેરવીએ અને ઘડીમાં આસપાસનું ઝાડપાનથી ભરપુર દૃષ્ય જોઇએ. આમ આખા રસ્તે જોતાં જોતાં આનંદ મહાલતા આવ્યાં, પણ ખરૂં જોવાનું તો હવેજ આવ્યું અને કદીએ કલ્પનામાં ન આવી શકે તેવો બરફનો પહાડ જોતાં અમે એટલા તો ઘેલા બની ગયા કે અમે એક બીજા ઉપર બરફના ગોળા કરીને રમવા લાગ્યા અને સાંજના પણ અમે ત્યાંજ પડાવ નાખ્યો. અને તંબુઓ તણાવ્યા.

પ્રભાત થયું અને અમે આગળની કૂચ માટેની તૈયારી કરવી શરૂ કરી દીધી. લગભગ આઠ વાગે અમે નીકળ્યા. રસ્તામાં જેમ જેમ આગળ જતાં ગયાં તેમ તેમ બરફના પહાડોનાં દર્શન થવા લાગ્યાં. છેવટે એક મોટો ઘાટ ચઢવાનો આવ્યો. આનું નામ પીશુઘાટ હતું. તેની ચઢાઇ ઘણીજ જબરી હતી. ચઢતાં ચઢતા માણસનો જીવ નીકળી જાય. ઘોડાઓ પણ બિચારા ઘણાજ થાકી ગયા હતા. અમે ધીરે ધીરે ઉપર ચઢીને આવ્યા અને એક ઝાડ નીચે વિસામો કરવા બધા બેઠા અને પછી પાછી ચાલવાની શરૂઆત કરી. રસ્તામાં જોજપાલ કરીને એક સ્થળ આવે છે તેનું પણ દ્રષ્ય સારૂં છે. પછી વાયુજન કરીને આવે છે. આ બધું જોતાં જોતાં છેવટે અમે શેષનાગ આવી પહોંચ્યા.

શેષનાગ નામનું મોટું સરોવર છે. તે સાપના માથાની ફેણ જેવા આકારના સાત પહાડોની વચ્ચે આવેલ હોવાથી તેનું નામ શેષનાગ પડયું છે. તે સરોવરમાં બરફનું અને ઝરણાંઓનું પાણી એકઠું થાય છે. તેના પાણીનો રંગ ઘણો સુંદર જણાય છે. અને તેમાં પહાડોના પ્રતિબિંબ એવાં તો સુંદર પડે છે કે તે આપણે કલાકોના કલાકો સુધી જોયા કરીએ તો પણ થાકીએ નહિ. અમને બધાંને આખા કાશ્મીરમાં શેષનાગની સુંદરતા સઉથી વધારે મોહક લાગી. જોજપાલ મૂકયા પછી તો ઝાડીનું જરાએ નામ નિશાન નહોતું રહ્યું એમ છતાં મ્હોટા મ્હોટા પત્થરોના પહાડો અને વચમાં બરફ પથરાએલો બહુ આકર્ષક લાગતો હતો. જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં કંઇને કંઇ અવનવું નિહાળવા મળે. શેષનાગ તો બહુજ સુંદર, ચારે બાજુએ મ્હોટા મ્હોટા પહાડો અને વચમાં રંગબેરંગી દેખાતા પાણીનું રમ્ય સરોવર આ બધું જોતાં જોતાં કયો માનવી કુદરત પર મુગ્ધ ન બને ?

શેષનાગમાં એક યુરોપીઅને અમારી સારી મ્હેમાનગીરી કરી. અમે પણ થાકેલાં હતાં, અને ચ્હાનો ટાઇમ પણ થયો હતો એટલે તેની સાથે ચ્હા પીવાની મજા આવી. તે બિચારો એકલો હતો. તેની સાથે જે કંપની હતી તે બધી અમરનાથ ચાલી ગઇ અને તેને કુતરૂં કરડવાથી બિચારો ત્યાં એકલો રહી ગયો હતો. તેની સાથે થોડી વાતો કરી થાક ખાધા પછી ત્યાંથી પંચતરણી જવાનો માર્ગ લીધો. એટલે અમે બે વાગે શેષનાગ છોડયું અને પંચતરણી તરફ જવા લાગ્યા.

જેમ જેમ ઉંચે જવા લાગ્યા, તેમ તેમ ચારે બાજુએ બરફના પહાડોથી જ અમે ઘેરાતા ગયા. અમારે બધાને બરફમાંજ ચાલવાનું આવતું હતું. બરફમાં ચાલવાની કોઇક જુદી મજા આવે છે. એક તો રસ્તો લીસ્સો એટલે ઘણીવાર પડી જવાય, અને બીજું બરફમાં તોફાન કરવાનું મન થયા વિના રહેજ નહિ, એટલે થાક પણ સારી રીતે લાગે. આવા સ્થળની અદ્દભુત્તાના હું શું વખાણ કરૂં ? રસ્તામાં જેમ જેમ આગળ વધતા જતા હતા તેમ તેમ કૈલાસમાં જાણે ન ફરતા હોઇએ તેમજ લાગતું હતું. દુનિયાથી પર હોઇએ અને જે શાન્તિ મનને લાગે તેજ શાન્તિ મને તો અનુભવાતી હતી.

અમે લગભગ છ સાતના સુમારે પંચતરણી નદીના કિનારે આવી પહોંચ્યાં. અહીંઆ ઠંડીનો ચમકાર જણાયો. એક તો ચોતરફ પહાડો અને બીજું નદીનો કિનારો એટલે ઠંડી સારી રીતે લાગવા માંડી. અમારો તંબુ નદી કીનારેજ નંખાવ્યો અને રસોઇની શરૂઆત કરી. અહીંઆ અમે ખીચડી જમ્યા, બહુજ ઉંચાઇમાં આવ્યા હોવાથી અમે થાકી બહુ ગયા હતા તેથી રાતના તો અમે ઠંડીમાં નિરાંતે આરામ કરી સુઇ ગયા.

હવે પ્રભાત થયું, અને જેને માટે આટલી મુશ્કેલીઓ વેઠી આવ્યા હતા. તે અમરનાથનાં દર્શન કરવા સઉ જલ્દી જલ્દી તઇયાર થઇ ગયાં. અમરનાથનો ચઢવાનો રસ્તો મને તો ડેન્જર પાથ જેવો લાગ્યો. બહુજ સાંકડો અને ચડાઇ પણ ખરી. જો જરા તક ચુકે તો ખલાસ ! ચડતાં ચડતાં છેવટે અમે અમરનાથની ગુફા નજીક પહોંચી ગયાં.

( જુઓ પાનું ૭ મું )

( બીજા પાનાનું ચાલુ )

જુએ તે બહિર્દષ્ટિ થાય અને પછી માનસિક અને આધ્યાત્મિક ગુણ તપાસતા બહારથી ચક્ષુ દુર થઇ અન્તર તરફ ઢળે તે અન્તર દ્રષ્ટ થાય છે. મનુષ્ય જીવનમાં સદાકાળ બન્ને દ્રષ્ટિ ચાલી આવે છે અને બેમાંથી કઇ ગૌણુ રહે અને કઇ પ્રધાન રહે તે વ્યવસ્થિત કરવાનું કાર્ય ધર્મનું કાર્ય બને છે. બ્રાહ્મણ ધર્મમાં બહિર્દ્રષ્ટિ વધી ગઇ હતી તેવા સમયમાં મહાવીર સ્વામીએ જનતાની નજર અન્તર દ્રષ્ટિ કેળવવા તરફ અને તે માટેના સન્માર્ગ તરફ દોરી. મનુષ્ય સ્વભાવમાં આ દ્રષ્ટિઓ કાયમ હોવાથી કાળાન્તરે પણ અન્તર દ્રષ્ટિનું પ્રધાનપણું જ્યારે જ્યારે આવશ્યક થાય ત્યારે ત્યારે મહાવીર ચરિત્ર અને મહાવીરનો ધર્મ તે માટે જનતાને મદદકારક તથા ઉપકાર કરનાર રહેવાનો છે. મહાવીર જીવનનો સમગ્રપણે ખ્યાલ કરવાથી જૈન ધર્મની રચનાને ઘડતરનો ખ્યાલ આવે છે કારણ કે તે માનસિક તથા આધ્યામિત્ક ગુણોનું અવલંબન લે છે.

(સંપુર્ણ.)

હીરાલાલ.

सच्चस्स आणाए उव्वट्ठिओ मेहावी मारं तरई।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન મનુષ્ય મૃત્યુને તરી જાય છે.

# પ્રબુદ્ધ જૈન

ગુરૂવાર, તા. ૧૫ મી જુન. ૧૯૩૯.

## આપણી ધર્મશાળાઓ

**જ્યાં** જ્યાં જૈનોનાં તીર્થસ્થાન હોય છે ત્યાં ત્યાં ધર્મશાળાઓ હોયજ છે. જૈન શ્રીમાનો આ દિશાએ સારા પ્રમાણમાં દ્રવ્ય ખરચે છે અને યાત્રીઓને બને તેટલી સગવડો પુરી પાડવામાં આવે છે. ધર્મશાળામાં રહેવા ઉપરાંત ગાદલા ગોદડાની તથા ઠામ વાસણોની જરૂરિયાતને બને તેટલી પહોંચી વળવાની ચિન્તા રાખવામાં આવે છે. જ્યાં જ્યાં એક યા બીજા કારણે માણસો સારી સંખ્યામાં એકત્ર થતા હોય ત્યાં ત્યાં તેમને બને તેટલી સગવડો કરી આપવી એ ખરેખર પુણ્ય કાર્ય છે.

પણ આજ ધર્મશાળાઓને અસ્વચ્છતા અને ગંદકીના મોટામાં મોટા મથકો બનેલા જોઇને સભ્યતાની બુદ્ધિવાળા કોઇપણ માનવીને ખેદ અને આઘાત થયા વિના રહેતો નથી. જે શ્રીમાનો લાખો રૂપીઆ ખરચીને ધર્મશાળાઓ બનાવે છે તેમને ધર્મશાળા ચોખ્ખી અને સ્વચ્છ રહે તેની કશી પરવા હોતી નથી. બીજી બાજુએ યાત્રીઓ પણ જે સ્થાનમાં રહેવાની પોતાને આટલી સારી સગવડ મળી છે તેને સ્વચ્છ રાખવાની જવાબદારી જરા પણ સમજતાજ હોતા નથી. પરિણામે આજની ધર્મશાળાઓ અંદરથી તેમજ બહારથી ખુબ ગંદકી અને દુર્ગંધથી ભરેલી જોવામાં આવે છે. ભોંયતળીઆ ઉપર એંઠજુઠ તથા બાળકોના પેસાબને લીધે જાતજાતના નકશાઓ ચિતરેલા જોવામાં આવે છે. ભીંત ઉપર તો પોતપોતાનાં નામઠામ ઠેકાણા ચિતરીને દરેક યાત્રી અમર થવાના ફાંફા મારતો દેખાય છે. ઠામ વાસણ કલઇ વિનાના અને ખુણે ખાંચરે એંઠથી અંકાયલા માલુમ પડે છે. ગાદલા તેમ ગોદડાં ઘણું ખરૂં દુર્ગંધ મારતાજ હોય છે. જરા પણ સ્વચ્છતાની બુદ્ધિવાળો કોઇ પણ માણસ આવાં ઠામ વાસણ કે ગાદલાં ગોદડાંનો ઉપયોગજ કેમ કરી શકે એ સમજાતું નથી. ધર્મશાળાની આસપાસનો ભાગ એંઠવાડ તેમજ મળમૂત્રની દુર્ગંધથી ભરેલો હોય છે. ધર્મશાળા સાથે નાવા ધોવાની તેમજ પાયખાનાની કશી સગવડ હોતીજ નથી. ધર્મશાળાની ખાળો ખુલ્લી વહેતી હોય છે. લઘુ કે ગુરૂશંકા માટે ધર્મશાળાની ભીંત અને આસપાસ સો બસોવારથી દૂર કદિ કોઇ જતુંજ નથી. આ રીતે ધર્મશાળા મૂર્તિમન્ત નરકસ્થાન જ બની ગયેલી કેટલાક ઠેકાણે જોવામાં આવે છે.

આ બાબતનો સચોટ ખ્યાલ હું બે વર્ષ પહેલાં આબુ ગયેલો ત્યારે મને આવેલો. આબુનાં મહાન દેવાલયો આરસની મનોહર કોતરણી માટે આજે જગમશહૂર છે અને જગતભરના લોકો પૂર્વકાળના જૈનોના એ મહાન ગૌરવસ્થાનને નિહાળવા આવે છે અને અદ્દભુત કારીગીરીથી વિસ્મયમુગ્ધ બનીને પાછા ફરે છે. આબુ જેવો ભવ્ય પર્વત અને તેની ગોદમાં લપાઇને પડેલાં આ અપ્રતિમ દેવાલયો એકમેકની આકર્ષકતામાં વધારો કરે છે. આ મંદિરની બાજુએજ ધર્મશાળાનાં બે મોટાં મકાનો છે; જ્યાં યાત્રાળુઓ સારી સંખ્યામાં આવે છે અને જાય છે. આ ધર્મશાળાનો ચોક એંઠ અને ગંદવાડથી ચોતરફ ખરડાયલો દેખાય છે. માણસો, જ્યાં ત્યાં જેમ તેમ પડેલા—રાંધવા કે જમવામાં રોકાયલા અથવા તો ગંદા ગાદલાઓ ઉપર આળોટતા નજરે પડે છે. કેટલાક માણસો લોટા લઇને ધર્મશાળામાંથી બહાર નીકળતા અને નજીકના કોઇપણ ખાડામાં બેસી જતા દેખાય છે. ક્યાં ધર્મ અને કળા—શ્રેય અને પ્રેયનો સુંદર સુમેળ સાધતા—દેવ વિમાન સમાન શોભતાં--જૈન મંદિરો અને ક્યાં બાજુએ આવેલા ગંદકી અને અસ્વચ્છતાનાં ઉપર જણાવેલાં સ્થાનકો. જૈનોનું ગૌરવ અને શરમ બન્ને સાથે લાગાં અહિં એકત્ર થયા દેખાય છે.

પોતાને શિષ્ટ અને સંસ્કારી ગણતા જૈન સમાજે આ શરમનો છેડો લાવવો જોઇએ. કમનસીબે જે શ્રીમાનો મોટી મોટી ધર્મશાળાઓ બાંધે છે તેઓ તે તે ધર્મશાળાની સ્વચ્છતા જાળવવા માટે જે ચાલુ ખર્ચ કરવો જોઇએ તેની કશી યોજના કરતા જ નથી. તેના અભાવે ધર્મશાળાની આસપાસ ગંદકીના ઉકરડા પડેલાજ રહે છે. ચાલુ વપરાતી ધર્મશાળાઓ છ છ મહીને ધોળાવવી જ જોઇએ અને ગાળે ગાળે રંગરોગાન થવાજ જોઇએ જરૂર વખતે યાત્રાળુઓને કામ લાગે તેવા પાયખાનાની સગવડ પુરી પાડવી જોઇએ. જ્યાં ત્યાં માણસો લઘુશંકા કરવા બેસે તેની મનાઇ કરીને તે માટે ધર્મશાળામાં અથવા તો આસપાસ ચોક્કસ સગવડ કરવી જોઇએ; પાયખાનાં તેમજ પેસાબખાનાં સ્વચ્છ રહે અને બરોબર સાફ થાય એ માટે બરોબર વ્યવસ્થા થવીજ જોઇએ અને જરૂરી ખર્ચની ગોઠવણ હોવીજ જોઇએ; નાવા ધોવા માટે અને નકામા પાણીના નિકાસ માટે પણ વ્યવસ્થિત ગોઠવણ હોવી જોઇએ. ઠામવાસણ ચોખ્ખાં રખાવાનો તેમજ ગાળે ગાળે કલઇ કરાવવાનો ચોક્કસ પ્રબંધ થવો જોઇએ. રસોડાની પણ સરખી વ્યવસ્થા હોવીજ જોઇએ.

ગાદલાં ગોદડાં પુરા પાડવાની પધ્ધતિ બંધ કરવી જોઇએ, કારણ કે પ્રમાદી યાત્રાળુઓ પાસે ગાદલાં ગોદડાં ચોખ્ખા રખાવવા એ ઘણુંજ મુસ્કેલીભર્યું કામ છે અને બીજું જાતજાતના માણસોના ઉપયોગમાં આવતા હોવાથી તે અનેક પ્રકારનાં જન્તુઓનાં મથક બની જાય છે. ગાદલાં ગોદડાં એકવાર બનાવ્યા પછી વારંવાર સાફ કરવા લગભગ અશક્ય છે. હિંદુસ્તાન ગરમ દેશ છે. મુસાફરે કે યાત્રાળુએ જ્યાં જાય ત્યાં પોતાનું બીછાનું પોતાની સાથે રાખવુંજ જોઇએ.

સમહમાં રહેતા માણસો આદર્શ સ્વચ્છતા કેમ જાળવે છે તે જોવું હોય તો કોઇ પણ નાની કે મોટી સરકારી જેલમાં જવું. મળમૂત્ર તેમજ ન્હાવા ધોવા માટે ત્યાં જે વ્યવસ્થા પ્રવર્તે છે તે આપણી ધર્મશાળાઓમાં જરૂર દાખલ કરી શકાય. જો ધર્મશાળાના માલીકો અને કારભારીઓ આ બાબત ખરેખર આગ્રહ ધરાવતા થાય તો ધર્મશાળામાં સ્વચ્છતા લાવવી બહુ મુશ્કેલ નથી; પણ તેનો ખરો આધાર ધર્મશાળાનો ચાલુ લાભ લેતા યાત્રિકો ઉપરજ રહે છે. આપણે આપણાં દેવમંદિરો કેટલાં ચોખ્ખાં રાખીએ છીએ? તેવી રીતે ધર્મશાળા પણ એક ધર્મસ્થાન છે એ બુદ્ધિ આપણા સામાન્ય વર્ગમાં આવે તો આપણા ઘર કરતાં પણ ધર્મશાળામાં ચોખ્ખાઇ રાખવા તેમજ જાળવવાની આપણને વધારે કાળજી થાય.

ધર્મશાળા એ એક સામાજિક ઘર છે. એવાં સામાજીક ઘરો જ્યાં સુધી સ્વચ્છ અને સુંદર નહિ બને ત્યાં સુધી સમાજ જીવન મેલું અને અનેક વિકૃતિઓથી ભરેલું રહેવાનું. સમાજ સુધારણાના કાર્યનો ધર્મશાળા સુધારથી આપણે કેમ પ્રારંભ ન કરીએ?

**પરમાનંદ.**

# સામયિક સ્ફુરણ

## 'ફોરવર્ડ બ્લોક'

કલકત્તા ખાતે મે માસમાં મળેલી મહાસભા સમિતિમાં શ્રી. સુભાષચંદ્ર બોઝ રાષ્ટ્રપતિના સ્થાનેથી નિવૃત્ત થયા બાદ તેમણે કોંગ્રેસમાંજ એક નવા પક્ષની સ્થાપના કરી છે જેને તેમણે 'ફોરવર્ડ બ્લોક'નું નામ આપ્યું છે. આજની કોંગ્રેસને બંધારણવાદી મનોદશામાંથી મુકત કરીને સ્વરાજ્ય પ્રાપ્તિ અર્થે સામુદાયિક લડતના માર્ગે જેમ બને તેમ જલ્દીથી લઇ જવી એવો આ પક્ષનો ઉદ્દેશ છે એમ રજુ કરવામાં આવે છે. તેનું આડકતરૂં સૂચન એ છે કે ગાંધીજી અને આજની કોંગ્રેસના અન્ય સૂત્રધારો કેવળ બંધારણવાદી મનોદશાવાળા અને પ્રજાને પીછેહઠ કરાવનારા બની ગયા છે. એ લોકોની જોહુકમીમાંથી પ્રજાને મુકત કરવાની જરૂર છે. ગાંધીજી આજે પ્રજાને જે કાંઇ સૂચવે તે કરતાં બીજું કોઇ આગળ લઇ જનારૂં પગલું હોઇ શકેજ નહિ એમ એકાન્તપણે કહી નજ શકાય; પણ આ ફોરવર્ડ બ્લોક જે રીતે ઉભો થયો છે અને તેમાં આજે જે જે માણસો જોડાઇ રહ્યા છે તે જોતાં તેમજ આ કહેવાતા પક્ષ પાસે બીજો નવો કશો ચોક્કસ કાર્યક્રમ નથી એ વિચારતાં આ ફોરવર્ડ બ્લોક ખરી રીતે ફોરવર્ડ–પ્રગતિવાદી પક્ષ નથી પણ ગાંધી વિરોધીપક્ષ છે અને આજની કોંગ્રેસથી અસંતુષ્ટ બનેલા અને ભિન્ન ભિન્ન કારણે અપ્રતિષ્ઠિત બનેલા માણસોનું સંગમસ્થાન છે. આવો પક્ષ પ્રજાને કદિ આગળ લઇ જઇ શકવાનો નથી પણ રાષ્ટ્રીય મહાસભાને વધારે નિર્બળ બનાવવાનો છે અને એ રીતે દેશ આખાની પ્રગતિનો રોધક બનવાનો છે. એમાં કાંઇ પણ સંદેહ નથી. પંડિત જવાહરલાલ પણ આજ અભિપ્રાયનું સમર્થન કરી રહ્યા છે. દેશનું કમનસીબ છે કે દેશની એક મોટી આશા સમાન શ્રી. સુભાષચંદ્ર બોઝ આજે કોઇ અન્ય માર્ગેજ ઘસડાઇ રહ્યા છે!

પ.

## માતૃભૂમિને ચાહવાનો ભયંકર ગુન્હો!

૨૧ મી મેને દિવસે રાષ્ટ્રપતિ રાજેનબાબુની અપીલ અનુસાર દેશભરમાં રાજદ્વારી કેદી દિન પાળવામાં આવ્યો હતો. મહાસભા સત્તા ઉપર આવ્યા પછી લગભગ ઘણા ખરા રાજદ્વારી કેદીઓનો છુટકારો થઇ શકયો છે; પરંતુ બંગાળ અને પંજાબમાં જ્યાં મહાસભાવાદી સરકાર નથી ત્યાં હજુ પણ ઘણા દેશભકતો જેલમાં સબડે છે. વગર તપાસે અદાલતના કોઇ ફેંસલા વગર સેંકડો હિંદીઓ હજુ કારાવાસમાં પુરાયેલા રહ્યા છે. આ કેદીઓ કોઇ મામુલી અભણ ગુન્હેગારો નથી પણ દેશની આઝાદીથી જેમના દિમાગ તરબતર છે એવા રાષ્ટ્રપ્રેમી ઉર્મિલ ભાવનાશીલ અને કેળવાયેલ રાષ્ટ્રભકતો છે. જેમની રાષ્ટ્રભકિતથી બીજો કોઇપણ દેશ મગરૂર બને, તેમનો હજુ કારાવાસ એ આપણી લાચારી અને અસહાય સ્થિતિની યાદ આપે છે. અને 'દિલ્હી હજી દૂર છે' તેનો ખ્યાલ આપે છે.

## પરદેશ વસતા હિંદીઓ

સંકુચિત રાષ્ટ્રવાદનો ઉદય દરેક રાષ્ટ્રોમાં જેમ જેમ વધતો જાય છે; તેમ તેમ પરદેશ વસતા હિંદીઓની કફોડી સ્થિતિના ખબરો દિનપ્રતિદિન આવ્યા કરે છે. બેલ્જિયન કોંગો, દક્ષિણ આફ્રીકા, પુર્વ આફ્રીકા, સીલોન, એબીસીનીયા અને બ્રહ્મદેશમાં પણ હિંદીઓ માટે સ્વમાન સાથે રહેવાનું દિન-પ્રતિદિન મુશ્કેલ થતું જાય છે. હિંદીઓએ પોતાના સાહસ અને પુરૂષાર્થથી હિંદની બહાર દૂર દૂર જઇને ત્યાંના વેપાર ઉદ્યોગને ખીલવવામાં કિંમતી ફાળો આપ્યો છે. પરંતુ એ બધું હવે ભુલાઇ જઇને તેમને ત્યાંથી હાંકી કાઢવાના સ્વાર્થી દાવપેચો રમાઇ રહ્યા છે, અને દિનપ્રતિદિન ત્યાંના હિંદીઓની હાલત બગડતી જાય છે. હિંદી સરકાર હિંદી હિતોની જાળ-વણીમાં બેદરકાર નીવડી છે. અને મહાસભા નૈતિક સહાનુ-ભૂતિ વગર બીજું સક્રિય પગલું લેવાની સ્થિતિમાં નથી. નમાયા બાળકો જેવી હિંદીઓની સ્થિતિ થઇ પડી છે. હિંદ જ્યાં સુધી આઝાદ ન થાય મુકત ન થાય, ત્યાં સુધી પરદેશમાં હિંદીઓના સ્વમાન અને ગૌરવનું કાયમી રક્ષણ થવાનું નથી. છતાં પણ જો હિંદી સરકાર પોતાની સાવકી મા જેવી સ્વાર્થી અને તટસ્થ ઉપેક્ષા છોડીને પ્રતિવિરોધક પગલાં લ્યે તો તેની થોડી પણ ઉપયોગિતા આજે છે.

આ બધું કહ્યા પછી એક વસ્તુનો સ્વીકાર આવશ્યક છે કે હવે વધુ વખત પરદેશમાં હિંદીઓ માત્ર વેપારમાંથી ધન ઉપાર્જન કરીને તે દેશ પ્રત્યેની જવાબદારીમાંથી બીલ્કુલ મુકત રહે તે આ જમાનામાં નહિ ચાલી શકે. શોષક તરીકે જો આપણે ન ગણાવું હોય તો જે દેશમાંથી માણસ રોટી કે રોજી કમાતો હોય તેની તે દેશ પ્રત્યેની કાંઇક ફરજ પણ પ્રાપ્ત થાય છે. ત્યાંના જીવનમાં પણ તેમણે ફાળો આપવો જોઇશે. માત્ર પરદેશીઓ તરીકે ત્યાંનું ધન લઇને બીજી જવાબદારીમાંથી મુકત રહેવું એ શોષકોની પ્રથા છે. બ્રહ્મદેશ કે આફ્રીકામાં વસતા હિંદીઓ બ્રહ્મદેશ કે આફ્રીકાના પ્રશ્નોમાં રસ લઇને તેમાં ફાળો આપવાની પોતાની જવાબદારી ન સ્વીકારે તો સ્હેજે ત્યાંની મૂળ પ્રજા તેમને પરદેશીઓ તરીકે ગણે અને તે અનુસાર વર્તાવ તેમના પ્રત્યે કરવામાં આવે.

## ગુમાસ્તાઓને રાહત:

### મુંબઇ સરકારનો એક સુંદર ધારો

બંધારણ મારફત દેશનું રચનાત્મક કાર્ય કરવાનું મહા-સભાએ હાથમાં લીધા પછી મુંબઇ સરકારે લોકહિતોપયોગી જે ધારાઓ કર્યા છે તેમાં ગુમાસ્તાધારો એક અત્યંત જરૂરી અને ઉપયોગી ધારો છે. પ્રાણીઓ માથે વધુ ભાર લાદનારને કાયદો સજા કરી શકે છે. પશુઓ ઉપર થતું ઘાતકીપણું અટકાવવા માટે કેટલાક મંડળો છે. પણ બેરહેમ શેઠ અને જંગલી વેપાર પ્રણાલિના સાણસામાં સપડાયેલ બાપડા ગુમા-સ્તાની દશા ગુલામથી બદતર હોવા છતાં તેની ધા આજ સુધી કોઇએ સાંભળી નહોતી. કંગાળ પેટીયું અને ગુલામી મનોદશા હેઠળ વૈતરૂં કરતા આ ગુમાસ્તાઓને તેમના બાળ-બચ્ચાં સાથે હળીમળીને વાત કરવાની પણ ફુરસદ નહોતી. અભ્યાસ, ફરવાહરવાનું કે બીજી અન્ય પ્રવૃત્તિઓ દ્વારા જીવનને વૈવિધ્યમય કે કે રસભર્યું રાખવાના તો સ્વપ્નાં પણ કયાંથી હોય? ગુમાસ્તા તરીકે વૈતરૂં કરી કરીને માલેક બનેલા શેઠોને પોતાના ગુમાસ્તાને એજ ધરેડ અને ઘાણીમાંથી પસાર કરવાની ટેવ પડી ગઇ હોય છે. દુકાનો સવારથી મોડી રાત સુધી ખુલ્લી રાખવાની હિંદી વેપારી પધ્ધતિથી દુકાનોમાં ગુમાસ્તાઓનું શોષણ થઇ રહ્યું હતું. આ પરિસ્થિતિમાં

તાબડતોબ સુધારો લાવવાના મુંબઇ સરકારના પગલાંને ધન્યવાદ ઘટે છે. દુકાનો ઝાઝો વખત ખુલ્લી રાખવાથી વેપાર વધે છે એ માન્યતા ભ્રમજનક છે. તેથી ગુમાસ્તાઓના કામના કલાકો ઉપર અંકુશ મૂકવાના સરકારી પગલાંને વેપારીઓ ગુમાસ્તાઓ અને આમજનતા સૌ વધાવી લેશે. અને સીલેકટ કમીટીમાં તે બીલ સંપૂર્ણ બની ગુમાસ્તાઓને સાચી રાહત અપાવશે તેમજ વેપાર પ્રથાને પધ્ધતિસરની બનાવશે એવી આશા છે.

**માઇસોરના જૈન મંદિરો અને અસ્પૃશ્યતા:**
**જૈન મઠના સ્વામીની પ્રત્યાઘાતી વલણ**

બેંગલોરની પાસે આવેલ શ્રવણ બેલ્ગોલાના જૈન મઠ જ્યાં ગોમતેશ્વરનું પ્રાચીન જઇન મંદિર છે, તેના સ્વામી ચારૂ કીર્તિ પંડિતાચાર્યે મંદિરની અમુક હદમાં હરિજનોને આવવા દેવાના માઇસોર રાજ્યના હુકમ સામે વિરોધ દર્શાવતા તારો માઇસોર નરેશ ઉપર અને દિવાન સર મીરઝાં ઇસમાઇલ ઉપર કરેલ છે એ જાણીને ઘણા પ્રગતિશીલ જૈનોને આશ્ચર્ય સાથે ખેદ થશે. જૈન ધર્મમાં અસ્પૃશ્યતાને કયાંય સ્થાન નથી. ઘણા હરિજનો દીક્ષા લઇને જૈન મુનિ થઇ શકયા છે એ જાણીતી વાત છે. જો કાંઇ અસ્પૃશ્યતા હોય તો તે બીજા હિંદુ સમાજનો સંગદોષ છે. અને હજુ જ્યારે બીજો હિંદુ સમાજ બીજાને નીચા રાખીને પોતે ઉંચા ગણાવાના લઘુ માનસમાંથી મુકત થતો જાય છે, ત્યારે એક જૈન મંદિરના આચાર્ય સમયના પૂરની સામે ચાલવા ચાહે તે જેટલું આશ્ચર્યજનક છે તેટલુંજ ખેદજનક છે. જૈન યુવકો અને જૈન સુધારકોએ આવી પ્રત્યાઘાતી વલણ જ્યાં જ્યાં હોય ત્યાં મકકમપણે સામનો કરીને જઇન મંદિરો અને ઉપાશ્રયોના દ્વાર હરકોઇ જઇન-પછી ભલે તે કહેવાતો હરિજન કે ઢેઢ હોય-માટે ખુલ્લાં મૂકીને જઇન ધર્મની વ્યાપક બિરાદરીને સાર્થક બનાવવી જોઇએ.

**છુટાછેડા-કજોડાં લગ્ન-પ્રેતભોજન પ્રતિબંધ**

થોડું ઘણું પણ સ્વરાજ હાથમાં આવે તો કૃતનિશ્ચય પ્રજા કેટલો સમાજ સુધારો અને આત્મસફાઇ કરી શકે છે તેનો દાખલો મુંબઇના મહાસભાવાદી સભ્યોએ ધારાસભાની છેલ્લી બેઠકમાં સમાજ સુધારાના બીલો લાવીને દર્શાવ્યો છે. તે બેઠકમાં શ્રી. ભોગીલાલ લાલાએ હિંદુ સમાજને અમુક પ્રસંગોમાં છુટાછેડાની છુટ આપનારૂં બીલ રજુ કર્યું હતું. ઘણા કારણોસર લગ્ન જીવન જેમને અસહ્ય થઇ પડયું હોય તેમને છુટાછેડા એક આશીર્વાદરૂપ થઇ પડે છે, પણ છતાં છુટાછેડા કયા સંજોગોમાં કોર્ટ મંજુર કરી શકે એ પ્રશ્ન ધારીએ તેટલો સરળ નથી. બીલમાં છુટાછેડા માટેના કારણોમાં પતિ ગાંડો હોય, નપુંસક હોય, કોઢીયો કે અસાધ્ય રોગથી પીડાતો હોય, સાધુ થઇ ગયો હોય, બીજું લગ્ન કર્યું હોય, ત્રણ કે વધુ વર્ષથી ગુમ થઇ ગયો હોય, પત્નીને મારતો હોય વગેરે કારણો દર્શાવવામાં આવ્યાં છે.

**પ્રેતભોજન કરનારને દંડ**

આવુંજ બીજું અગત્યનું બીલ પ્રેતભોજન અટકાવવા માટેનું શ્રી ફુલસિંહ ડાભીએ રજુ કર્યું હતું. પ્રેતભોજન કરનાર કરાવનારને દંડ તેમજ ન કરનારને નાતીલાઓના ત્રાસમાંથી રક્ષણ આપવાની આ બીલમાં જોગવાઇ કરવામાં આવી છે.

શ્રીમતી લીલાવતી મુન્શીએ મુંબઇ ધારાસભામાં થતાં કજોડા લગ્નને અટકાવનારૂં બીલ રજુ કર્યું હતું. આવીજ રીતે વડી ધારાસભામાં પણ ડૉ૦ દેશમુખે હિંદુ સ્ત્રીઓના છુટાછેડાને લગતું બીલ રજુ કર્યું છે.

અત્યારનો હિંદુ કાયદો હિંદુ સ્ત્રીઓને અન્યાયકારી છે, તેમજ ઘણી ખામીઓભર્યો છે તેમાં બે મત નથી. લગ્નને હિંદુ ધર્મશાસ્ત્રોએ ધર્મના પરમ વિધાનનું સ્વરૂપ આપી તેનું મહત્વ અને ગૌરવ ઘણું વધાર્યું છે, પણ છતાં તટસ્થ નિરીક્ષકને લાગ્યા વગર નહિ રહે કે આ ધાર્મિક અનુષ્ઠાનના વ્યવહારૂ જીવનનો દુઃખમય બોજો નિર્બળ નારીના શિરેજ ઠોકી બેસાડવામાં આવ્યો છે. સ્વતંત્રતા, સમાનતા અને પરસ્પર આદરમાંથીજ સાચું સહજીવન અને સૌખ્ય ઉદભવી શકે. આજના હિંદુ લગ્નો પાછળ આ વસ્તુ છે એમ કયો હિંદુ છાતી ઠોકીને કહી શકશે?

સામાજીક સડો અને રાજકીય ગુલામી બન્ને પરસ્પરાવલંબી છે. એકની શુદ્ધિ બીજાની શુદ્ધિને પોષક છે. હિંદની સામાજીક અને રાજકીય જાગ્રતિના સૂચક આ બીલો આવકારપાત્ર છે.

જ૦

## શ્રી મહાવીર વિદ્યાલયના સંચાલકોને વિનંતિ

**વિદ્યાર્થીઓને ધંધો યા નોકરી મેળવી આપનાર ખાતાની આવશ્યકતા**

મુંબઇ જેવા શહેરમાં કોલેજમાં અભ્યાસ કરવા માટે સાધારણ સ્થિતિના જૈન વિદ્યાર્થીઓને શ્રી મહાવીર જૈન વિદ્યાલય એક ઉપયોગી સંસ્થા પુરવાર થઇ છે. પંદર વિદ્યાર્થીઓથી શરૂ થયેલું આ વિદ્યાલય આજે જૈન સમાજના લગભગ એકસોદસ વિદ્યાર્થીઓને પોતાને ત્યાં રાખે છે. તેઓને કોલેજના અભ્યાસ માટે જોઇતી તમામ સગવડ અને સામગ્રી લોન દ્વારા પુરી પાડે છે અને દરેક વર્ષે વીસ પચીસ વિદ્યાર્થીઓ આ વિદ્યાલયમાંથી જુદી જુદી જાતની ડીગ્રીઓ લઇ પસાર થાય છે. આવા વિદ્યાર્થીઓ અભ્યાસ પૂરો કરી ડીગ્રી સહિત બહાર પડયા પછી તેમને યોગ્ય જગ્યાએ ગોઠવી દેવા માટે એક ધંધો યા નોકરી મેળવી આપનાર ખાતાની જરૂર છે. બેંકો, વીમા કંપનીઓ અને બીજા ઉદ્યોગોમાં લાગવગ ધરાવતા ગૃહસ્થો સાથે મહાવીર વિદ્યાલયના સંચાલકોએ સીધો સંપર્ક સાધવો ઘટે છે. તેમના સહકાર અને લાગવગનો લાભ લઇને ધીમે ધીમે આપણા વિદ્યાર્થીઓ ઠેકાણે પડી જાય એવી જાતની વ્યવસ્થા થવાની ઘણી જરૂર છે અને એ ફરજ શ્રી મહાવીર વિદ્યાલયના સંચાલકોની છે. કારણ કે તેઓમાં ઘણા શ્રીમંતો અને નાણાંશાસ્ત્રીઓ છે. તેઓમાં શેરબજારમાં ધીકતો ધંધો કરનારા છે તેમ તેના ડાયરેકટરો પણ છે; મીલો, વીમા કંપનીઓ સાથે લાગવગ ધરાવનારા પણ છે; સોલીસીટરો બેરીસ્ટરો પણ છે. આવા સભ્યોની લાગવગ મેળવી શકાય, તેમની પાસે વારંવાર સહકાર માટેની માંગણી કરાય તો વિદ્યાલયમાંથી બહાર પડતા વિદ્યાર્થીઓને તુરતમાં ઠેકાણે પાડી શકાય. બીજી કોમોનો દાખલો આપણી સામે પડેલો છે. એવાં ખાતાઓ જ્યાં જ્યાં હોય તેનો અનુભવ લઇ લાગવગ ધરાવતા અને તેમાં સેવાભાવે રસ લેનારા ભાઇઓના સહકારથી આવું એક ઉપયોગી ખાતું ખોલવાની જરૂરીઆત પ્રત્યે હું શ્રી મહાવીર વિદ્યાલયના સંચાલકોનું ધ્યાન ખેંચું છું. અને તેઓ આ દિશામાં કોઇ વહેવારૂ પગલું ભરી વિદ્યાર્થીઓના આશીર્વાદ મેળવશે એવી આશા રાખું છું.

**મણિલાલ મો. શાહ.**

( ત્રીજા પાનાનું ચાલુ )

અહીંઆ પણ જેમ નદીમાં રેતી પથરાએલી હોય અને તેના ઉપર ચાલવાનું હોય તેવીજ રીતે બરફની રેતીના ઢગલા ઉપરજ અમારે ચાલવાનું હતું. પણ આ ઢગલા બહુજ કઠણ હતા અને તેના ઉપર અમે ભાલા જેવી લાકડીથી ચાલતાં હતાં. ચારે બાજુએ પરમ શાન્તિ હતી. આખરે અમે તે પવિત્ર ગુફા સામે આવી ઉભાં રહ્યાં અને અંદર પ્રવેશ કર્યો. આ ગુફા ઘણીજ મ્હોટી છે. ગુફાની ઉપરના ભાગમાંથી અંદર પાણી વહે છે અને તેનો બરફ થઇ જાય છે. આ રીતે મધ્ય ભાગમાં એકઠા થતા બરફના ઢગને અમરનાથ એટલે કે મહાદેવના લિંગ તરીકે ઓળખવામાં આવે છે. આવાજ બાજુએ બીજા ઢગ બંધાયલા છે જે પ્રમાણમાં નાના છે. આમાંથી એકને પાર્વતી તરીકે અને બીજાને ગણેશ તરીકે ઓળખવામાં આવે છે. અહીંઆ આવતાં અમે બધાં આશ્ચર્ય મુગ્ધ થઇ ગયા. અહિં કેટલાક બાવાઓએ પોતાની ધુન લગાવી દીધી હતી. કેટલાક સુંદર રાગે પ્રભુનું કીર્તન કરી રહ્યા હતા. આવા ભકિતપુર્ણ વાતાવરણમાં અમે પણ ભાન ભૂલી ભકિતમાં લીન થઇ ગયા. આવા પવિત્ર વાતાવરણમાં મનને બહુજ શાન્તિ મળી અને જાણે નિરાંતે અહીંઆં બેસી અમરધૂન લગાવીએ એવાજ વિચારો આવવા લાગ્યા. બરફના લિંગની બાવા લોકો અને બીજા શ્રધ્ધાળુઓ ફુલ અને અગરબત્તીથી પુજા કરી રહ્યા હતા. ભકિતથી અને ભાવથી શંકર શંભુના યશોગાન ગાતા હતા. તેથી અમે પણ તેમાંજ મુગ્ધ થઇ રહયા હતા. અને પળવારને માટે તો અમારા સૌના મનમાં હર્ષના આંદોલનો ઉછળી રહયાં. આવી અપૂર્વ શાન્તિ અમે જીવનમાં કદી અનુભવી ન હોતી. અહીઆં બરફ જેવાં શ્વેત રંગના કબુતરો નજરે પડે છે તે પણ જાણે કે ભકિત કરવા આવતા હોય એમ લાગતું હતું. આખા રસ્તે અમે કોઇ ઠેકાણે પક્ષી જોયા નહોતા. અહીંઆ જ આ કબુતરો અમને દ્રષ્ટિગોચર થયા આ કબુતરોને Rock pigeons કહે છે. અહીંઆ બીજીવાર કયારે આવીશું તે તો કોણ જાણે તેથી અમરનાથનાં અત્રે પેટ ભરીને દર્શન કરી લીધાં. આમ છતાં પણ કંઇ અમરનાથની ઝંખના કદી ઓછીજ દિલથી છુટવાની છે? આવા સુંદર સ્થળને છોડતાં કોને દુઃખ ન થાય? પણ શું કરીએ કે આપણને હજુ અમર થવાને વાર છે તેથી આ સ્વર્ગીય ભૂમિ કચવાતે દીલે આખરે અમારે છોડવી તો પડી અને પાછા પેલગામ જવા માટે તેજ રસ્તે કુચ શરૂ કીધી. જે આનંદ અને ઉલ્લાસ અહીં આવતાં અમે અનુભવતાં હતાં તે આનંદ પાછા ફરતાં તેટલો રહેતો નથી. છતાં કુદરત તો મનને શાંતિ આપીજ રહી હતી. વચમાં અમે એક પડાવ જોજપાલ આગળ નાંખ્યો હતો અને ત્યાં રાતનાં રહી સવારના અગીઆર વાગે પેલગામ આવી પહોંચ્યાં. અમારી ચાર દિવસની આ મુસાફરી તો જીંદગીભર યાદગાર રહી જશે.

( સૌ૦ કુસુમબહેન ઝવેરીના એક પત્રમાંથી અવતરિત.)

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

### ઉદ્દેશો

આ સંસ્થાના ઉદ્દેશો નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

(ક) સમાજપ્રગતિને રૂંધતા અનેક ધાર્મિક તેમજ સામાજીક વહેમો તથા કુરૂઢિઓનો જૈન સમાજમાંથી ઉચ્છેદ કરવો અને ધર્મ અને સમાજના નામે ચાલતાં પાખંડો ખુલ્લાં પાડવાં.

(ખ) આજના પ્રગતિશીલ વિચારો અને ભાવનાઓની દ્રષ્ટિએ આપણી કાળજુની સમાજવ્યવસ્થા જે મૌલિક પરિવર્તન માંગી રહેલ છે તેને લગતી સમજણ અને સાહિત્યનો જન સમાજમાં ફેલાવો કરવો.

(ગ) સમાજ ઉન્નતિ તેમજ જનસેવાની પ્રવૃત્તિઓ હાથ ધરવી.

(ઘ) આપણો દેશ સ્વાધીન, સ્વાવલંબી અને સમર્થ બને એ ધ્યેયપૂર્વકદેશભરમાં ચાલી રહેલી રાજકીય તેમજ સામાજીક પ્રવૃત્તિઓને બને તેટલો ટેકો આપવો.

### શિસ્તપાલન

આ યુવક સંઘમાં જોડાનાર સભ્ય પાસે નીચે મુજબના શિસ્તપાલનની અપેક્ષા રાખવામાં આવે છે.

(૧) દરેક સભ્ય રાષ્ટ્રીય મહાસભાનો સભ્ય હોવોજ જોઇએ. (અપવાદઃ–જે સભ્ય યોગ્ય ઉંમરના વાંધાને લીધે રાષ્ટ્રીય મહાસભાનો સભ્ય થઇ શકે તેમ ન હોય તેને આ નિયમ લાગુ પડશે નહિ.)

(૨) દરેક સભ્યે પહેરવેશમાં સ્વદેશી વસ્ત્રોનોજ અને બની શકે તો ખાદીનો ઉપયોગ કરવો જોઇશે.

(૩) દરેક સભ્યે પોતાના જીવન વ્યવહારમાં અસ્પૃશ્યત્વની રૂઢિને તિલાંજલિ આપવી જોઇશે.

(૪) કોઇપણ અનિષ્ટ લગ્નમાં આ સંઘનો સભ્ય ભાગ લઇ શકશે નહિં.

(૫) કોઇપણ ગ્નાતિનુ અધિકારપદ આ સંઘનો સભ્ય સ્વીકારી શકશે નહિ

(૬) કોઇપણ અયોગ્ય દિક્ષામાં આ સંઘનો સભ્ય ભાગ લઇ શકશે નહિ.

(૭) દેવદ્રવ્યના નામે થતી આવકનો જનકલ્યાણના કાર્યમાં ઉપયોગ કરવાનો પ્રબંધ થયો ન હોય એવા મંદિરોની આવકમાં ઘી બોલીને કે તેના ફંડફાળામાં પૈસા ભરીને આ સંઘનો સભ્ય વધારો કરશે નહિ.

(૮) આ સંઘનો સભ્ય એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરી શકશે નહિ.

## શ્રી. મું. જૈ. યુ. સંઘ અને શ્રી મણિલાલ જેમલ શેઠ.

### એક ખુલાસો

જૈન પત્રના તા. ૪–૬–૩૯ના અંકમાં શ્રી. મુંબઇ જઇન યુવકસંઘમાંથી મંત્રી તરીકે ભાઇશ્રી મણિલાલ જેમલ શેઠે રાજીનામું આપ્યાનો જે ઉલ્લેખ થયો છે તે સંબંધી ભાઇ મણિલાલ જેમલ શેઠે નીચે મુજબ ખુલાસો જૈન પત્રને મોકલી આપ્યો છે. "જૈન યુવકસંઘના સિદ્ધાંતો અને બંધારણમાં મને સંપૂર્ણ વિશ્વાસ છે. અને સંઘે જે નવા બંધારણ દ્વારા આપણા સમાજના અનેક ભાગલાઓ સાંધવાનો પ્રયાસ કર્યો છે તેમજ જૈન સમાજ દ્વારા રાષ્ટ્રનો વિકાસ સાધવા માટેના પ્રયાસો થયા છે, એમાંથી મારા જેવા માણસે તો દુર પણ કેમ જવાય? પણ મારી ઉપર આવી પડેલી વધુ જવાબદારીઓમાં ખાસ કરીને મુંબઇ સરકારના દારૂનિષેધના કાર્યને વેગ આપવા માટે મારો બધોએ વખત આપવાનો હોઇ જૈન યુવક સંઘના વિભાગી સમિતિના મંત્રી તરીકે યુવકસંઘનું કાર્યઢીલમાં ન પડે તે માટે મારે દિલગીરી સાથે એ સ્થાનનો બોજો બીજા કોઇ ભાઇ ઉપર મૂકવા નિર્ણય કરવો પડયો છે. આટલો ખુલાસો પ્રસિદ્ધ કરી આભારી કરશો.

તા. ૮–૬–૩૯ લી. મણિલાલ જેમલ શેઠ. ભાઇ મણીલાલ શેઠ ઉપરના કારણે વિભાગિ સમિતિના મંત્રી તરીકે છુટા થયા છે પણ મું. જઇન યુ. સંઘના સભ્ય તરીકે તો પોતે ચાલુજ છે.

મંત્રી મું. જઇન યુવકસંઘ.

# પ્રબુદ્ધ જૈન.

વર્ષ ૧ લું. તા. ૧૫–૬–૩૯ અંક ૪ થો.


## ૦ ૦ ૦ પ્ર...કી...ર્ણ વ...ર્ત...મા...ન ૦ ૦ ૦

### જૈન બ્હેનોમાં વધતી જતી કેળવણી

યુનીવર્સીટીની આ વખતની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ સાથે વિદ્યાર્થીનીઓની સંખ્યા પણ મોટા પ્રમાણમાં પસાર થઇ છે, જેમાં જૈન બ્હેનોનું પ્રમાણ ઘણું મોટું છે એ હર્ષની વાત છે. આ વખતે પસાર થયેલા બ્હેનોમાં કુમારી વિદ્યાબ્હેન પરીખ એ શ્વેતાંબર મૂર્તિપુજક જૈન કોમમાં પહેલવહેલાં એલ. સી. પી. એન્ડ એસ. ની પરીક્ષા આપીને સ્ત્રી ડોકટર થયા છે.

કુ. શારદાબ્હેન મોહનલાલ ગાંધી જેઓ આ પત્રના તંત્રી શ્રી મણિલાલ શાહના પુત્રીના પુત્રી થાય છે તે વડોદરા વીસા શ્રીમાળી જ્ઞાતિમાં આ વર્ષે મેટ્રીકમાં પહેલવહેલા પસાર થનાર બ્હેન છે.

શ્રી. મું. જૈન યુ. સંઘના આગલા મંત્રી શ્રી અમીચંદ ખીમચંદ શાહના પુત્રી કુમારી ચન્દ્રાબ્હેન આ વર્ષે બી. એ. ની પરીક્ષામાં પસાર થયા છે. બેરી. મકનજી મહેતાની પુત્રી કુ. મધુરી બ્હેન પણ બી. એ. માં પસાર થયા છે.

કુ. ચારૂમતિ પરમાનંદ કાપડિયા અત્યંત નાની વયે આ વર્ષે મેટ્રીકની પરીક્ષામાંથી ઉત્તિર્ણ થયા છે. પાર્લાના સૌ. વિણાબ્હેનશાહ, કુ. જયાલક્ષ્મી દેસાઇ જી. એ માં પાસ થયા છે. આ ઉપરાંત બીજી ઘણી જૈન બ્હેનો આ વર્ષે જુદી જુદી પરીક્ષામાંથી પસાર થઇ છે. 'પ્રબુદ્ધ જૈન'ના તેમને સૌ અભિનંદન.

### માંગરોળ જૈન સભાના મંત્રીનું રાજીનામું

શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના મંત્રી શ્રી ચીમનલાલ વાડીલાલ શાહે મંત્રી તરીકે પોતાનું રાજીનામું આપ્યું છે. અને તા. ૧૦–૬–૩૯ ના રોજ મળેલી વ્યવસ્થાપક સમિતિએ તે મંજુર કર્યું છે.

### દેવદ્રવ્યનું આંધણ

શાંતિનાથ દેરાસરના ઝઘડા અંગે સોલીસીટરના ૬૩ હજારના બીલો આવ્યા છે. તેમાંથી કેટલા ચુકવવા તેનો નિર્ણય કરવા માટે ટ્રસ્ટીઓ અને સોલીસીટરોએ લવાદ તરીકે કાંગા એન્ડ કું૦ વાળા ત્રીકમદાસ સોલીસીટરને નીમ્યા છે. નેમનાથ અને ગોડીજીના દેરાસરના કોર્ટના કામકાજ અંગેના સોલીસીટરોના બીલો આવવા બાકી છે. અને આ રકમ પણ મોટી આવશે એમ સંભળાય છે.

લાલબાગ અને બાબુ પન્નાલાલના વાલકેશ્વરના દેરાસરનો વહિવટ ટ્રસ્ટીઓએ લીધો તે વખતે નવા ટ્રસ્ટીઓને વીસથી પચીસ હજારના બીલો ચુકવવા પડયા હતા. બન્ને દેરાસરના મળીને આશરે ૪૦ થી ૫૦ હજારના બીલો આશરે ચુકવાયા હશે.

### એક લગ્ન.

શ્રી. અમૃતલાલ શેઠના પુત્રી કુ. લાભુબ્હેનનાં લગ્ન 'સોપાન'ના ઉપનામથી જાણીતા થયેલા લેખક શ્રી મોહનલાલ મહેતા સાથે શ્રીમાળી સોસાયટી અમદાવાદમાં હમણાંજ થયાં છે. કુ. લાભુબ્હેન શેઠ જી. એ. છે. શ્રી મોહનલાલ મહેતા ભારતી સાહિત્યસંઘના સંચાલક છે. મિત્રો અને શુભેચ્છકોની બહોળી હાજરીમાં લગ્ન સીવીલમેરેજ એકટ હેઠળ નોંધાયાં હતાં.

### બાળ લગ્ન માટે દંડ

કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિમાં શા. રતનશી વીરમના દત્તક પુત્ર ટોકરશી ઉ. વ. ૧૫ અને ભવાનજી લધાભાઇની પુત્રી ઉ. વર્ષ૧૫ ના લગ્ન પાચોરા ખાતે તાજેતરમાં થયા હતા. તેમની સામે સામાજીક કાર્યકર શ્રી દામજી લખમશી હીરજી મહીશરીએ શારદા એકટ મુજબ કેસ કરવાથી તેમાં ભાગ લેનારા વરના માતા બાયાંબાઇને ૨૫૦ રૂા. ના દંડની, વરના પિતા તરીકે ભાગ લેનાર લધુરામજીને ૧૫૦ રૂા. દંડ, કન્યાના પિતા ભવાનજીને ૧૫૦ રૂા. દંડ અને લગ્નમાં અગત્યનો ભાગ લેનાર દશા ઓશવાળ જ્ઞાતિના ઉપ–પ્રમુખ અને રૂના મોટા વેપારી શેઠ લાલજી રામજીને ૫૦૦ રૂા. દંડની સજા થઇ હતી. દંડ ન ભરે તો એક માસની જેલ ભરવાની સજા થઇ હતી.

### માલેગાંવમાં ફ્રી ડીસ્પેન્સરી

માલેગાવમાં શેઠ વીરચંદ નેમીદાસ ફ્રી ચેરીટેબલ ડીસપેન્સરી તા૦ ૨૮ મી મેને રવિવારે સાંજે શેઠ માણેકલાલ ચુનીલાલે બધી કોમ માટે ખુલ્લી મૂકી હતી.

### શ્રી મું. જૈન સ્વયંસેવક મંડળે ખાલી કરેલી વ્યાયામ શાળા.

લાલબાગના ટ્રસ્ટીઓએ શ્રી મું. જૈ. સ્વયંસેવક મંડળ હસ્તક ચાલતી વ્યાયામશાળા જે ખાલી કરાવવા કોર્ટમાં દાવો માંડેલો, તેને અંગે જૈનસંઘની મળેલી સભામાં થયેલ ઠરાવ અનુસાર લાલબાગના ટ્રસ્ટીઓ સાથે ડેપ્યુટેશન વચ્ચે મુલાકાત ગોઠવાણી હતી. જેને પરિણામે જૈન સ્વયંસેવક મંડળે તે જગ્યા લાલબાગના ટ્રસ્ટીઓને ખાલી કરીને સોંપી દેવાનો નિર્ણય કર્યો છે. અને મંડળની સામાન્ય સભાએ આવો ઠરાવ પણ પસાર કર્યો છે.

### વીસા શ્રીમાળી જ્ઞાતિનો કેળવણી માટે પ્રયાસ.

અમદાવાદની વીસા શ્રીમાળી જ્ઞાતિએ પોતાના બાળકોની કેળવણીને ઉત્તેજન આપવા દર વર્ષે લાયક વિદ્યાર્થીઓને ફી, પુસ્તકો, સ્કોલરશીપ આપવા જ્ઞાતિફંડમાંથી આશરે ચાર હજાર, લગ્નાદિ પ્રસંગે કર નાખી બીજા બે હજાર અને શ્રીમંતો પાસેથી દર વર્ષે અમુક રકમના વચનો મેળવીને દર વર્ષે કુલ પચીસ હજાર જેટલી રકમ ઉભી કરવાનો નિર્ણય કર્યો છે.


આ પત્ર શશાંક પ્રેસ, કોટ, મુંબઇમાં છપાવી પ્રકાશક અને તંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી શ્રી મુંબઇ જૈન યુ. સંઘ માટે પ્રગટ કર્યું છે.

Regd. No. B 4266

વાર્ષિક લવાજમ
રૂા. ૨ બે.
સભ્ય માટે
વાર્ષિક રૂા. ૧ એક

# પ્રબુદ્ધ જૈન

છુટક નકલ
દોઢ આનો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર.

તંત્રીઃ મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ ૧. તા૦ ૧-૭-૩૯ શનિવાર અંક ૫.

## રચનાત્મક અહિંસા

અહિંસા જૈનોનો 'પરમ ધર્મ' ગણાય છે. ધર્મ ઇશ્વર અને શ્રધ્ધા રૂપરંગ વિનાના અથવા નિરંજન-નિરાકાર છે; અહિંસાધર્મ દ્વારા ધર્મનો સાક્ષાત્કાર થઇ શકે એમ જૈનોએ સ્વીકાર્યું હોવાથી, જૈનાચાર્યો નિરંતર અહિંસાનું પ્રતિપાદન કરે છે, અહિંસા દ્વારા કર્મનો ક્ષય કરવા મથે છે.

જેમ અહિંસા તેમજ કર્મક્ષયને પણ જૈનો પ્રાધાન્ય આપે છે, કર્મ કરતા થકા કર્મને, મમત્વને, અહંને મારવાનું કાર્ય એ જૈનત્વ છે. કર્મ વડે જ જીવનનાં વિકાસક્રમ યા પતન પારખી શકાય છે.

કર્મ વ્હેલા યા મોડા ફળે જ, એ સનાતન સત્ય છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ જૈનો કર્મવાદી છે. 'कम्मे शुरा, धम्मे शुरा' એ સજીવન સૂત્ર એમ બતાવે છે કે કર્મ વડે જ માણસ અકર્મોને હણે છે અને ધર્મને પામી શકે છે.

એટલે જૈનોની સૃષ્ટિમાં, સાધુ અને શ્રાવકથી વધુ ભેદો નહોતા. બન્ને વર્ગો એક બીજાના પૂરક હતા. સાચા સાધુ પ્રચારક અને સુધારક નહોતા પરંતુ આત્મમાર્ગી હતા. સાચા શ્રાવકો માત્ર ગૃહસ્થી નહોતા પરંતુ જીવનની મર્યાદા જાણનારા હતા. સાધુ-શ્રાવક અહિંસાના ઉપાસક અને આચારના ચોકીદાર હતા. પરિગ્રહ પ્રમાણ બાંધી સત્યને પંથે જનાર પ્રવાસીઓ હતા.

આ પ્રવાસીઓની પ્રતિષ્ઠા સર્વત્ર પ્રસરી; ધર્મ, સમાજ અને રાજકારણમાં તેઓ આગળ આવ્યા અને તેઓને પોતાની પ્રતિષ્ઠા વળગી, એમાંથી અહં જન્મ્યો.

અહંનો જન્મ થયા પછી અહિંસા ઉતરવા માંડે છે, માનવ દયામાંથી જીવદયામાં પડયા, જીવદયામાંથી પરોપકારી પદ પ્રાપ્ત થયું. અને પરોપકાર વૃત્તિમાંથી માણસો માત્ર પાપી અને કર્મી જીવો જણાયા અને સુક્ષ્મ જીવજંતુની રક્ષામાં જીવ પરોવાયો. શ્રાવક સાધુ પ્રત્યે એ મમતા રાખી શકયા પણ એ તો પોતાના પ્રતિષ્ઠા, વ્યવહાર અને સગવડો સાચવવા પૂરતા.

ભૂત દયાની દૃષ્ટિએ, આપણા તરફથી પ્રાણી માત્રને અભય મળવું જોઇએ એમાં કશી શંકા નથી, અને જે વેળાએ કુટુંબ, જ્ઞાતિ અને સમાજના ભારી બંધનો નહોતા, માલેકી હક્ક અને દાવાની લડતો નહોતી ત્યારે પ્રાણી માત્ર પ્રત્યેની મમતા અને સુક્ષ્મ જીવજંતુની રક્ષા શોભી ઉઠતા, પણ માણસને જયારે પોતાની પ્રતિષ્ઠાનો અહં પકડે છે ત્યારે અહિંસા પાછડાય છે, વિવેક-બુદ્ધિ નષ્ટ થાય છે અને જૈનત્વ લજવાય છે.

આજે જૈનો કેવળ, જ્ઞાતિ, પેટા જ્ઞાતિ અને ધંધાદારી વહેવારીયા રૂપે જીવતા હોય એમ જણાય છે. કુળ, ગૌરવ અને પરંપરાને વળગી દાન-પુણ્ય કે ધર્મ-કાર્ય કર્યાનો સંતોષ અનુભવે છે. પરંતુ એ દાન-પૂણ્ય કે ધર્મ-કાર્ય કેટલે અંશે અહિંસામય છે, અથવા અહિંસાનો હ્રાસ છે કે અતિરેક છે, એની તેઓને ભાગ્યે જ ખબર છે.

## ગાંધીવાદનો ઇન્કાર !!!

"કેટલાક યુવાન મિત્રો કહે છે કે 'ગાંધીવાદનો નાશ હો'. પણ હું કહું છું કે ગાંધીવાદ જેવી દુનિયામાં કોઇ વસ્તુ નથી, કેમકે સાર્વભૌમ સત્યોને રોજના જીવનવ્યવહારમાં ઓતપ્રોત કરવા સિવાય મેં બીજું નવીન કહ્યું નથી. છતાં જો આ મિત્રોને 'વાદ' શબ્દ વાપરવોજ હોય તો હું કહું છું કે ગાંધીવાદ એટલે ઇશ્વરમાં વિશ્વાસ, ગાંધીવાદ એટલે સત્યમાં બિશ્વાસ, ગાંધીવાદ એટલે અહિંસા અને પ્રેમમાં અનંત શ્રધ્ધા, ગાંધીવાદ એટલે હિંદના કરોડો કંગાળોને રોટી આપવાનો પુરૂષાર્થ, ગાંધીવાદ એટલે દરિદ્રનારાયણની પુજા. ગાંધી મરશે પણ આ ગાંધીવાદનો નાશ કદી નહિ થાય કેમકે સત્યનો-ઇશ્વરનો નાશ કદી સંભવી શકતો નથી."

લાહોર મહાસભા વખતે ક્રાંતિકારી ભગતસિંહને ફાંસી મળવાથી ઉશ્કેરાયેલા કેટલાક નવયુવાનોએ ગાંધીજી સામે કાળા વાવટાથી કરેલા દેખાવો વખતે ગાંધીજીના આ ઉદગારો હતા.

આજની રાજકિય હવામાં ગાંધીવાદના ઇન્કારની બુમો કયાંય કયાંય ફરી સંભળાય છે. શંકા થાય છે કે આ મિત્રો ગાંધીવાદનો અર્થ સમજતા હશે કે કેમ ? ગાંધીવાદનો ઇન્કાર કરીને તેઓ કઇ વસ્તુનો ઇન્કાર કરવા માગે છે ? શું ગાંધીજીના દલિતો પ્રત્યેના પ્રેમનો, ગાંધીજીની અસ્પૃશ્યતા નિવારણ હિલચાલનો, ગાંધીજીએ ઉઠાવેલી રાષ્ટ્રીય શિક્ષણની ઝુંબેશનો, દુશ્મન પ્રત્યે પણ પ્રેમ રાખવાની ગાંધીજીની અહિંસાનો, સ્ત્રી બાળકોને તેમણે શીખવેલ સ્વતંત્રતાના મંત્રનો, કે ધાંધલ ધમાલને બદલે મુંગા બલિદાનનો તેમણે સુચવેલ માર્ગનો તેઓ ઇન્કાર કરવા માંગે છે ?

સંભવ છે કે ગાંધીજીએ સૂચવેલ રેંટીયાખાદી વિષે કોઇને મતભેદ હોય; સંભવ છે કે તેમણે સૂચવેલ રચનાત્મક કાર્ય કોઇને કંટાળારૂપ લાગતું હોય; સંભવ છે કે તેમનો રાહ કોઇને ધીરો લાગતો હોય અને બીજાઓ ઝડપી કુચની હિમાયત કરતા હોય. પણ તો પછી મતભેદનો મુદ્દો તો કેવળ ગતિ વધારવા વિષે છે એથી વધુ કશો નહિ.

ગાંધીજી પ્રત્યેના આદરના મુદ્દાઓ કેટલા મહાન અને કેટલા વધુ છે ત્યારે મતભેદનો મુદ્દો કેટલો અલ્પ ! **અજ્ઞાત.**

---

જો જૈનોની આજની દાન-પૂણ્ય કે ધર્મ કાર્ય રૂપી કરણીઓ અહિંસામય હોય તો સાધુ-સંસ્થાને પરાણે જીવાડવામાં આવેલાં ન હોત ! જો એ કેવળ અહિંસા હોય તો દાન-પૂણ્ય કે ધર્મ-કાર્ય કેવળ દેરાસર કે ઉપાશ્રયમાં જ ગોંધાઇ ન રહેત.

એટલે અહિંસા ધર્મ, વ્યાપક બનવાને બદલે વણિકના છાબડામાં તોળાઇ રહ્યો છે. સમજુ અને સહૃદય યુવાનોએ, દેશ-કાળને ઓળખીને અહિંસા ધર્મને યોગ્ય સ્થાન આપવા આવરત પ્રયત્નો કરવા પડશે.

'સાધનાને કશું અસાધ્ય નથી'. એક ગાંધી સત્ય અહિંસાના તાંતણા જોડવા અખંડ સાધના કરી રહેલ છે. અનેકના જીવન-વ્હેણ બદલાવી અહિંસાના ઉપાસકો બનાવ્યા છે. આમાંથી રાજદ્વારી સન્યાસીઓ જન્મ્યા છે અને સર્વમાન્ય ધર્મનું સ્વરૂપ ખડું થયું છે.

**લાલચંદ જયચંદ વોરા**

# જૈન સમાજની એકતા

આ વિભાગનો પ્રથમ મુદ્દો જૈન સમાજની એકતાને લગતો છે. આ સંબંધમાં પ્રસ્તુત બંધારણ નીચે મુજબનો અભિપ્રાય રજુ કરે છે.

"પ્રથમ તો આ યુવકસંઘમાં જોડાનાર પોતે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન છે કે સ્થાનકવાસી જૈન છે એવી વિશિષ્ટ રીતે પોતાને ઓળખાવવામાં કશું પણ મહત્ત્વ સમજશે નહિ. પોતે જૈન છે એટલે ભગવાન મહાવીર પ્રરૂપિત જૈન ધર્મ અને સંસ્કૃતિનો વારસ છે એટલીજ ઓળખાણ આ યુવકસંઘમાં જોડાનાર સભ્ય પોતાને માટે પુરતી ગણશે."

આ એકતાના પ્રશ્નને આપણે વિગતથી વિચારીએ.

જૈન સમાજની એકતાની વાતો કેટલાય વખતથી ચાલ્યા કરે છે એમ છતાં પણ એકતા સમીપ આપણે કેટલી ગતિ કરી શકયા છીએ એ એક પ્રશ્ન છે. આજ સુધી એકતાની વાતો પાછળ માત્ર એકજ બુદ્ધિ હતી. આપણે સંખ્યામાં દિનપ્રતિદિન કમી થતા જઇએ તેથી આપણે એકત્ર બનીને આ કમનસીબ પરિસ્થિતિ અટકાવવી જોઇએ આવો ઉપરછલો વિચાર આપણી એકતાની વાતો પાછળ હતો. આવી એકતાની વાતો કરનાર પોતાના વિભાગના પ્રભુત્વનેજ પોતાની નજર આગળ રાખતો, પોતાના વિભાગની અન્ય વિભાગથી જુદી પડતી માન્યતાઓ ઉપર ખૂબ ભાર મુકીને ચાલતો અને પોતાનાં વિભાગના કોઇપણ હક્કની અન્ય વિભાગના કોઇપણ હક્ક સાથે અથડામણ થતાં પોતાના હક્કને સિધ્ધ કરવા માટે અન્ય વિભાગ સાથે ગમે તેટલું લડવામાં તે કદિ પાછી પાની કરતો નહિ. આવું માનસ એકતાની વાતો કરે એ વદતોવ્યાઘાત જેવુંજ લાગે.

સંપ્રદાય ભેદના સતત પોષણથી આપણી બુધ્ધિ અને હૃદય–ઉભય ઉપર ચોક્કસ પ્રકારનાં પડળ બંધાયા છે એ પડળ દૂર ન થાય ત્યાં સુધી સાચી એકતાની વાતોં અર્થ વિનાની છે. બુધ્ધિ ઉપર લાગેલાં આવરણને લીધે આપણે જે વિભાગના હોઇએ તે વિભાગની માન્યતાઓ એકાન્ત સત્ય જેવી લાગે છે. પરસ્પરની માન્યતાઓમાં જે ભવ્ય સામ્ય રહેલું છે તેની આપણે ઉપેક્ષા કરીએ છીએ અને નાના સરખા માન્યતા ભેદમાંજ આખા ધર્મનો સાર આવી રહેલો છે એવી ભ્રાન્તિ આપણે સતત સેવ્યા કરીએ છીએ. હૃદય ઉપર લાગેલાં આવરણને લીધે આપણી જાતને અન્ય વિભાગના અનુયાયીથી એટલે સુધી ચઢિયાતી માનવા પ્રેરાઇએ છીએ કે તે અહંકાર આડે સામેની વ્યકિતનું જૈનત્વ પણ આપણે સ્વીકારવાની ના કહીએ છીએ. આપણે એકજ ઇષ્ટદેવ, એકજ ધર્મ–એકજ જીવન સિધ્ધાન્તોના અનુયાયી હોવા છતાં એકમેકને અપાર ભિન્ન માનીએ છીએ.

તો સાચી એકતા ત્યારેજ જન્મે કે જ્યારે આપણી બુધ્ધિ નિર્મળ બને અને આપણું હૃદય ખોટી સંકુચિતતાનો સદાને માટે ત્યાગ કરે. બુધ્ધિ નિર્મળ ત્યારે બની કહેવાય કે જ્યારે પરસ્પરની ધાર્મિક માન્યતાઓ વચ્ચે રહેલું અપાર સામ્ય યથાસ્વરૂપે આપણા માનસ ઉપર ઉગી નીકળે એટલુંજ નહિ પણ પરસ્પરના નાના સરખા માન્યતા ભેદનો છેદ પણ સ્યાદવાદ અથવા તો અનેકાન્તવાદના પ્રયોગથી ઉડાડી દેવામાં આવે. હૃદયની સંકુચિતતાનો ઉચ્છેદ ત્યારે થાય કે જ્યારે દરેક જૈન વિષે આ શ્વેતાંબર મૂર્તિપુજક છે, દિગંબર મૂર્તિપુજક છે કે સ્થાનકવાસી છે એ રીતે વિચારવાની અને એ રીતે વ્યવહાર કરવાની વૃત્તિ નષ્ટ પામે અને એવી ભેદબુધ્ધિ વિના દરેક જૈનને જૈન તરીકે ઓળખવાની અને એજ રીતે તેના વિષે સ્નેહ, સદ્ભાવ અને આત્મીયતા અનુભવવાની વૃત્તિ અને વલણ ઉભાં થાય.

આપણી વચ્ચે માન્યતા સામ્ય કેટલું છે તે પ્રથમ વિચારીએ દરેક જૈન–પછી તે ગમે તે વિભાગનો હોય-તે ચોવીશ તીર્થંકરના ક્રમને એક સરખી રીતે માને છે અને પોતાની જાતને ભગવાન્ મહાવીરના શાસનના અનુયાયી તરીકે ઓળખાવે છે. આત્માનું અસ્તિત્વ, કર્મનું બંધન, પૂર્વજન્મ અને પુનર્જન્મ, મોક્ષનો આદર્શ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપી સાધન ચતુષ્ટય; અનેકાન્ત અને સ્યાદ્વાદ. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહ એ પાંચ મહાવ્રત, નવકાર મંત્ર, વેદવિરોધ, ઇત્યાદિ અનેક સરખાં તત્વો ઉપર દરેક જૈનની ધાર્મિક માન્યતા રચાયલી છે અને ધાર્મિક જીવન ઘડાયલું છે.

હવે માન્યતા ભેદ કેટલો અને કઇ કઇ બાબતોમાં છે અને તેનો અપેક્ષાવાદથી શી રીતે સમન્વય થઇ શકે તેમ છે તેનો વિચાર કરીએ. પ્રથમ ભેદ મૂર્તિપુજાને લગતો. શ્વેતાંબર તેમજ દિગંબર જૈનો મૂર્તિપુજાને પરમાર્થ પ્રાપ્તિના એક સાધન તરીકે સ્વીકારે છે જ્યારે સ્થાનકવાસીઓ મૂર્તિપુજાની ઉપયોગિતા સ્વીકારતા નથી. પરમાર્થ પ્રાપ્તિનાં અનેક સાધનો સૂચવવામાં આવ્યા છે દાખલા તરીકે શ્રધ્ધા, ભકિત, તપ, જપ, ધ્યાન, સંયમ, સેવા જ્ઞાનોપાર્જન, ત્યાગ, વૈરાગ્ય અને આ બધું સારા પ્રમાણમાં અને સરળતાથી થઇ શકે તે માટે શ્રમણ જીવનનો અંગીકાર. આ બધાં સાધનો સંબંધમાં કોઇને કોઇ સાથે મતભેદ નથી. માત્ર ભકિત અને ધ્યાનની સાધના માટે કેટલાક મૂર્તિપૂજાને અતિ આવશ્યક ગણે છે જ્યારે બીજાઓને તેવી અગત્ય ભાસતી નથી. ભગવાનની ભકિત કે ધ્યાન મૂર્તિના અવલંબન વિના થઇ નજ શકે એ ખ્યાલ ભ્રમણા મૂલક છે. કારણ કે ભગવાનની ખરી ભકિત અને ધ્યાન તેમના નામસ્મરણમાં તેમના ચરિત્ર ચિન્તનમાં અને તેમણે પ્રતિપાદેલા ધર્મના બને તેટલા અનુસરણમાં રહેલ છે અને મૂર્તિપુજાનો આખરી આશય પણ ભગવત્સ્વરૂપ સાથે ચિન્તનું અનુસંધાન કરવાનોજ છે. કોઇ આ અનુસંધાન મૂર્તિના અવલંબન વિના કરી શકે તો કોઇને એ અવલંબનની આવશ્યકતા લાગે. ખાડા ખડીઆ અને ટેકરા ટેકરીવાળા રસ્તે ચાલતાં કોઇને લાકડીની જરૂર લાગે અને કોઇ લાકડી વિના પોતાનો પંથ કાપવાની હિંમત કરે. આમાં લાકડીના ટેકાથી ચાલનાર લાકડી વિનઃ પગલાં માંડનાર સાથે શા માટે લડે, ઝગડે કે તેને પોતાથી ઉતરતો ગણે? આ રીતે વિચારતાં મૂર્તિપુજા વિષેના માન્યતા ભેદમાં એવું કાંઇ પણ મહત્ત્વનું તત્ત્વ નજરે પડતું નથી. કે જેથી એક વર્ગને બીજા વર્ગથી જુદા રહેવાને કે પોતાને ચઢિયાતા કે ઉતરતા કલ્પવાને કિંચિત પણ કારણ હોય.

આ તો મૂર્તિપુજાની તાત્વિક દૃષ્ટિએ ચર્ચા કરી. પણ વ્યવહારમાં આજે આ ભેદ દિનપ્રતિદિન લુપ્ત થતો જોવામાં આવે છે. આજના સ્થાનકવાસીઓ મૂર્તિપુજાના કટ્ટર વિરોધીઓ રહ્યાજ નથી. તેઓ હંમેશા પુજા કરતા થયા નથી, પણ જિન મંદિરે અવારનવાર જતાં આવતાં સંભળાય છે

અને તીર્થ યાત્રાએ તો ઘણીવાર જાય છે. બીજી બાજુએ મૂર્તિપુજક ગણાતા વર્ગમાંથી મૂર્તિપુજા સંબંધી આગળ જેટલો સખ્ત આગ્રહ જોવામાં આવતો નથી. મૂર્તિપુજક ગણાતા ઘણાયે ભાઇ બહેનો નિયમિત પુજા કરતા નથી કે નિયમિત દેવદર્શન કરવાનો નિયમ પાળતા નથી આ રીતે મૂર્તિપુજાના કારણે બે વર્ગો વચ્ચે ઉભી કરવામાં આવેલી અભેદ્ય દિવાલ ધીમે ધીમે તુટવા લાગી છે. મંદિર અને ઉપાશ્રયના ઝગડાઓ આજે ભુતકાળમાં સમાઇ ગયા છે.

આ તો મૂર્તિપુજક અને અમૂર્તિપુજક વર્ગો વચ્ચેના માન્યતાભેદની ચર્ચા કરી. હવે મૂર્તિપુજક ગણાતા બે વર્ગ વચ્ચેના માન્યતા ભેદોનો વિચાર કરીએ. પહેલો ભેદ શ્વેતાંબર અને દિગંબર મૂર્તિ વચ્ચેનો ભેદ શ્વેતાંબર મૂર્તિના કટિ ભાગ ઉપર કચ્છનો આકાર કરવામાં આવે છે. જ્યારે દિગંબર મૂર્તિ તદ્દન નગ્ન હોય છે. ભગવાન મહાવીર નગ્ન-દિગંબર વિચરતા હતા એ બન્ને સંપ્રદાય સ્વીકારે છે. મૂર્તિનો આકાર વિચારતાં એક પક્ષે ભગવાનના મૂળ સ્વરૂપને વળગી રહેવાનો આગ્રહ ધર્યો જ્યારે બીજા પક્ષે નગ્નત્વ સંબંધમાં લોકસ્વીકૃત ઘૃણાને ધ્યાનમાં લઇને ભગવાનની મૂર્તિને કચ્છથી આચ્છાદિત કરી. આમાં કોણ ખોટું અને કોણ સાચું ? દરેક પક્ષ ચોક્કસ દ્રષ્ટિબિંદુથી સાચો છે એમ કોણ નહિ કહે? વિશેષમાં બેઠી મૂર્તિ દિગંબરની હો કે શ્વેતાંબરની હો સમીપ જોનારને સરખીજ લાગે છે. ઉભી મૂર્તિમાંજ આ ભેદ દર્શન કરનારને દ્રષ્ટિગોચર થાય છે. આ મૂર્તિઓની પુજા વિધિમાં બીજો ભેદ ધ્યાન ખેંચે તેવો છે. શ્વેતાંબરો મૂર્તિ ઉપર પુષ્પ ચંદન કેસર વિગેરે ચઢાવે છે અને તે એમ સમજીને કે આ રીતે અજ્ઞ જીવાત્માઓનું મૂર્તિ તરફ અને તે રીતે જૈન ધર્મ તરફ વધારે આકર્ષણ થાય. દિગંબરો જૈન મૂર્તિ ભગવાનના મૂળ સ્વરૂપની બરોબર સૂચક હોવી જોઇએ એ વિચારને બરોબર વળગી રહીને મૂર્તિ ઉપર સાધારણ રીતે કશું ચઢાવતા નથી અને આંગી વિગેરે શણગાર કદિ પણ કરતા નથી. આ પૃથાભેદ પણ દ્રષ્ટિબિંદુઓના તફાવતનુંજ પરિણામ છે. આમ હોવા છતાં પણ શ્વેતાંબર જૈન આજે દિગંબર મૂર્તિને અને દિગંબર જૈન શ્વેતાંબર મૂર્તિને કદિ નમન કરતો નથી. જાણે કે એક પક્ષને અમાન્ય મૂર્તિ કોઇ બીજાજ દેવની હોય. આ કેટલું સંકીર્ણ અને હસવા જેવું છે તેનો ખ્યાલ આખા પ્રશ્નનો જરા પણ બુધ્ધિપુર્વક વિચાર કરતાં સહેજે આવે તેમ છે.

આવોજ એક બીજો ભેદ વસ્ત્રધારી અને દિગંબર સાધુઓને લગતો છે. સાધુઓને અંગીકાર કરવાના વ્રતોમાં એક વ્રત પરિગ્રહ વિરમણનું છે. એ વ્રતને અમલમાં મૂકતાં એક પક્ષ એમ વિચારે છે કે સભ્યતાપાલન અર્થે તેમજ ટાઢ તડકો તેમજ વરસાદથી રક્ષણ મેળવવા પુરતાં વસ્ત્રો અને ભિક્ષાન્ન મૂકવા માટે ભિક્ષાપાત્રો રાખવા ઉપરાંત કશી પણ માલ મિલ્કત કે દ્રવ્ય સાધુઓથી રાખી ન શકાય એ પરિગ્રહ વિરમણનો અર્થ છે, જ્યારે બીજો પક્ષ આટલી વસ્તુઓનો પણ સ્વીકાર પરિગ્રહ વિરમણ વ્રતને બાધક છે એમ આગ્રહપૂર્વક માને છે. વસ્ત્રધારણ પાછળ મુખ્ય આશય ચાલુ સભ્યતાને અનુસરવાનો હોય એમ દેખાય છે. આ દ્રષ્ટિબિંદુએ કોઇ સાધુ વસ્ત્ર ધારણ કરે કે અન્ય દ્રષ્ટિબિંદુનો સ્વીકાર કરીને કોઇ સાધુ વસ્ત્રવિહીન વિચરે એમાં એક સાધુ નીચો કે બીજુ સાધુ ઉંચો એવી ગણના કેવળ અર્થ વિનાની અને સંપ્રદાય ભેદને પોષવાને અર્થે ઉભી કરવામાં આવેલી છે. વ્યવહારમાં તો આજે નગ્નત્વના કાઠિન્યના કારણે દિગંબર સાધુઓ અદ્રષ્ય થતા જાય છે અને તેમનું સ્થાન બ્રહ્મચારીઓ લેતા જાય છે.

આ મુખ્ય મુખ્ય માન્યતાભેદોની ચર્ચા કરી. બીજા કેટલાક નાના ભેદો છે. દાખલા તરીકે કેવળીખાય કે નહિ; સ્ત્રીઓને મોક્ષ હોય કે નહિ, તીર્થંકરો બ્રહ્મચારી હતા કે ગૃહસ્થ જીવનમાંથી પસાર થએલા દેવાનંદાની કુક્ષિમાંથી ગર્ભાપહરણ થયું હતું કે નહિ ઇત્યાદિ. પણ આ નાના ભેદો બહુ મહત્વના નથી એટલુંજ નહિ પણ આજના વિભાગભેદ સાથે તેમને બહુ સંબંધ નથી.

ઉપરની આખી સમાલોચનાનો સાર એ છે કે ત્રણે વિભાગ વચ્ચે માન્યતા સામ્ય કેટલું વિપુલ છે તેનો વાચકોને બરોબર ખ્યાલ આવે અને જે માન્યતાભેદો ત્રણે વર્ગને વર્ષો અને સૈકાઓથી અલગ રાખી રહ્યા છે તે કેટલા સાધારણ અને કેટલી સહેલાઇથી સમન્વિત થઇ શકે તેવા છે એનું પણ વાંચકોને સાચું ભાન થાય.

આ રીતે માન્યતાભેદનો છેદ ઉડાડીને બૌધ્ધિક એકતા હસ્તગત કરવી અને આપણે સૌ એકજ પિતાના સન્તાન છીએ અને એકજ પિતાએ ઉપદેશેલા ધર્મના અનુયાયી છીએ એ પ્રકારનો બંધુભાવ જાગ્રત કરીને હાર્દિક એકતા વિકસાવવી એ મુંબઇ જૈન યુવક સંઘના બંધારણમાં સૂચવાયેલ જૈન સમાજની એકતાનો ખરો આશય છે. આ ઉપરથી સહેજે ફલિત થાય છે કે મું૦ જૈન. યુવક સંઘના દરેક સભ્યે શ્વેતાંબર દિગંબર કે સ્થાનકવાસીના ભેદને પોતાનાં મનમાંથી હંમેશાને માટે તિલાંજલિ આપવી જોઇએ અને આ એકતા અભેદ બુધ્ધિનો પ્રચાર કરવા માટે બને તેટલું કરવા સદા ઉદ્યુકત રહેવું જોઇએ.

(મું૦ જૈ. યુ. સંઘના બંધારણના વિચાર વિભાગની સમાલોચના)

પરમાનંદ.

## શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર

અમદાવાદની જાણીતી જૈન સંસ્થા શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારનું આ વર્ષે મેટ્રીકનું પરિણામ સોએ સો ટકા આવ્યું છે. આ વખતે આ સંસ્થામાં કોઇ પણ જાતના ન્યાત જાત કે ધર્મના ભેદભાવ વગર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિઓને દાખલ કરવામાં આવશે. કન્યાઓ માટે અનુભવી સ્ત્રી શિક્ષિકાઓ રાખવામાં આવી છે. તેમજ સંગીત, ચિત્રકળા વગેરેની ગોઠવણ છે. આ ઉપરાંત સુથારી, બુકબાઇન્ડીંગ, ઇજનેરી, નેતરકામ, દરજીકામ, બાગાયત વગેરે શિખવવામાં આવે છે. શાળાનું નવું સત્ર જુન તા. ૧૫-૬-૩૯ થી શરૂ થાય છે.

## મૃત્યુ એટલે માતાનું બીજું સ્તન

ધાવણા બાળકને માતા એક સ્તન ઉપરથી લઇ લે છે ત્યારે તે રડવા લાગે છે. બાળકને ખબર નથી હોતી કે માતા તેને બીજા સ્તન ઉપર લઇ જવા માટેજ પહેલા સ્તન ઉપરથી છોડાવે છે. કરૂણામયી કુદરતના હાથે થતી જીવન મરણની ક્રિયા પણ માતાના એક સ્તન ઉપરથી બીજા સ્તન ઉપર લઇ જવાની ક્રિયામાત્ર છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોર.

सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरई।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

# પ્રબુદ્ધ જૈન

તા. ૧–૭–૧૯૩૯, શનિવાર.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘની નીતિ અને કાર્યપદ્ધતિ

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘના બંધારણમાંથી સંઘની નીતિ અને કાર્ય પધ્ધતિ સૂચવતો વિભાગ નીચે અવતરિત કરવામાં આવે છે. આ નીતિ અને કાર્યપધ્ધતિના મુખ્ય મુખ્ય મુદ્દાઓ ઉપર શ્રી પરમાનંદ કાપડીઆ વિગતવાર સમાલોચના કરવાના છે, જેને લગતો પ્રથમ લેખ 'જૈન કોમની એકતાના' મથાળા નીચે આ અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે.)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉદ્દેશો અતિ વ્યાપક પ્રદેશને સ્પર્શતા હોઇને ધર્મસંપ્રદાય અને સમાજને લગતા ભિન્ન ભિન્ન પ્રશ્નો સંબંધી આ યુવકસંઘની નીતિ તેમજ કાર્યપધ્ધતિ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

(ક) આ યુવકસંઘમાં ત્રણે વિભાગના જૈન યુવકોને જોડાવાનો અને કાર્ય કરવાનો સમાન અને સંપૂર્ણ અવકાશ આપવામાં આવે છે અને ત્રણે વિભાગના વ્યકિતગત તેમજ સર્વસામાન્ય પ્રશ્નોને ઉપર જણાવેલ ધ્યેય અને નિર્દિષ્ટ કાર્યપ્રદેશ અનુસાર હાથ ધરવાનો આ યુવક સંઘ મનોરથ સેવે છે. આ કાર્ય માટે જૈન સમાજના ત્રણ વિભાગ વચ્ચે રહેલા મુખ્ય માન્યતાભેદો સંબંધમાં આ યુવકસંઘ નીચે મુજબના અભિપ્રાયોને અનુસરીને પોતાની સર્વ પ્રવૃત્તિઓ ચલાવશે.

(ક)૧ પ્રથમ તો આ યુવક સંઘમાં જોડાનાર પોતે શ્વેતાંબર મૂર્તિપુજક જૈન છે, દિગંબર મૂર્તિપુજક જૈન છે કે સ્થાનકવાસી જૈન એવી વિશિષ્ટ રીતે પોતાની જાતને ઓળખાવવામાં કંઈ પણ મહત્વ સમજશે નહિ. પોતે જૈન છે એટલે ભગવાન મહાવીરપ્રરૂપિત જૈન ધર્મ અને સંસ્કૃતિનો વારસ છે એટલી જ ઓળખાણ આ યુવકસંઘમાં જોડાનાર સભ્ય પોતાને માટે પુરતી ગણશે.

(ક)૨ મૂર્તિપુજા સંબંધમાં ત્રણ વિભાગની માન્યતામાં મોટો મતભેદ કેટલાય કાળથી ચાલતો આવે છે. આ યુવક સંઘમાં પણ કેટલાક સભ્યો મૂર્તિપૂજાને ધર્મોપાસનાના એક અગત્યભર્યા સાધન તરીકે સ્વીકારે છે. જ્યારે કેટલાક સભ્યો તેવી અગત્ય સ્વીકારતા નથી; એમ છતાં પણ આજના જૈન સમુદાયનું મોટા ભાગનું ધાર્મિક જીવન મૂર્તિપૂજા સાથે ગાઢપણે સંકળાયેલું છે અને રહેવાનું છે એ પરિસ્થિતિ આ યુવકસંઘ સ્વીકારે છે. સાથે સાથે આજે ચાલી રહેલી મૂર્તિપૂજાની પધ્ધતિમાં જે અનેક વહેમો, દ્રવ્યનો અપવ્યય અને અતિશયતાઓ દાખલ થએલાં છે તે પહેલી તકે દૂર કરવા વિષે પણ આ યુવક સંઘના સર્વ સભ્યો એકમત ધરાવે છે અને તે સંબંધમાં નીચેના ધોરણે સુધારા કરવાની પ્રવૃત્તિ હાથ ધરવા માંગે છે.

(૧) આજે ચાલી રહેલી મૂર્તિપૂજા પાછળના વહેમો અને ખોટી માન્યતાઓ દૂર થવી જોઇએ.

(૨) મૂર્તિને શણગારવાની અને આંગી આભૂષણ ચઢાવવાની પ્રથા જૈન મૂર્તિપૂજાની કલ્પના અને આદર્શ સાથે બંધ બેસતી નહિ હોવાથી તે પ્રથાનો સર્વત્ર નિષેધ થવો જોઇએ.

(૩) બીનજરૂરી નવા મંદિરો બંધાવવા પાછળ તેમજ ચાલુ મંદિરોના બીનજરૂરી શોભાશણગાર પાછળ થતો દ્રવ્યનો પુષ્કળ વ્યય બંધ થવો જોઇએ.

(૪) મંદિરોને સાદી રીતે નિભાવતાં બચતી આવકનો તેમજ એકત્ર થએલી મુડીનો જનકલ્યાણના માર્ગોમાં ચાલુ ઉપયોગ થવો જોઇએ.

(૫) શ્વેતાંબર કે દિગંબર મૂર્તિ એકજ ઇષ્ટદેવને મૂર્ત સ્વરૂપ આપવાનો પ્રયત્ન હોઇને તે બન્ને વચ્ચે આજ સુધી કેળવામાં આવેલી ભેદની દિવાલ અર્થ વિનાની અને બીનજરૂરી છે એ પ્રકારની સમબુધ્ધિ સર્વત્ર કેળવાવી જોઇએ.

(ક)૩. બીજો માન્યતાભેદ સાધુઓ સંબંધમાં પ્રવર્તે છે. તે વિષે આ યુવકસંઘ જાહેર કરે છે કે ભિન્ન ભિન્ન સંપ્રદાયના વેશભેદને આ યુવકસંઘ જરા પણ મહત્વ આપતો નથી. જે સાધુઓ પંચમહાવ્રતને જીવનમાં ઉતારવાનો એકનિષ્ટ પ્રયત્ન સેવતા હોય તથા પવિત્ર અને સમાજને ઉપયોગી જીવન જીવતા હોય તેવા કોઇ પણ જન વિભાગની અંદરના કે બહારના સાધુને આ યુવકસંઘ આદરયોગ્ય ગણશે.

(ક)૪. કેટલાક તીર્થોના ઝગડાઓ આજે શ્વેતાંબર મૂર્તિપુજક અને દિગંબર મૂર્તિપુજક જૈનો વચ્ચે વૈમનસ્ય નિપજાવી રહેલ છે. જૈન સમાજના પેટાભેદો નષ્ટ કરીને સાચી એકતા અને સમાનતાનું માનસ ઉત્પન્ન કરવું એ વિચારભૂમિકા ઉપર આ યુવકસંઘની રચના થયેલી હોવાથી આવા ઝગડાઓ પરત્વે સંભાળપૂર્વક તટસ્થતા જાળવી રાખવી અને એ ઝગડાઓ ચાલુ રહેવાથી આખા સમાજને કેટલું ભારે નુકશાન થઇ રહ્યું છે તેનો લેખો તેમજ ભાષણોદ્વારા જૈન જનતાને સચોટ ખ્યાલ આપવો અને જ્યાં અને જ્યારે શકય હો ત્યાં અને ત્યારે ચાલુ ઝગડાઓની સ્થાયી પતાવટ કરાવવાની દિશાએ પોતાની લાગવગ અને શકિતઓનો ઉપયોગ કરવો—આ પ્રકારનું ધોરણ આ યુવકસંઘ સ્વીકારે છે.

(ખ) જ્યારે કોઇ પણ ધાર્મિક અથવા સામાજિક રૂઢિ કે પ્રણાલિકા દેશ અથવા સમાજના સ્વાસ્થ્ય કે ઉત્કર્ષની બાધક જણાશે ત્યારે તે રૂઢિ કે પ્રણાલિકાનો સામનો કરવાનું આ યુવક સંઘ ચુકશે નહિ. આવી અનિષ્ટ રૂઢિ કે પ્રણાલિકાના સમર્થનમાં રજુ થતા શાસ્ત્રના

Regd. No. B 4266

# પ્રબુદ્ધ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર. તંત્રીઃ મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ ૧. તા૦ ૧૫-૭-૩૯ શનિવાર. અંક ૬.

## ઇચ્છાનું પીંજર.

કેવળ પુસ્તક વાંચીને આપણે કંઇજ સમજી શકતા નથી. શાસ્ત્રોમાં મેં વાંચ્યું હતું કે ઇચ્છા એજ બંધન છે; એ આપણને પોતાને પણ બાંધે છે, અને પારકાને પણ બાંધે છે. પણ કેવળ શબ્દો અતિશય પોકળ લાગે છે. સાચેસાચ જે દિવસે આપણે પંખીને પીંજરમાંથી છોડી મૂકીએ છીએ, તે દિવસે આપણને સમજાય છે કે પંખીજ આપણને મુકત કરતું ગયું. જેને આપણે પીંજરમાં બાંધીએ છીએ તે આપણને આપણી ઇચ્છામાં બાંધે છે.

આ ઇચ્છાનું બંધન સાંકળ કરતાં વધુ સખ્ત હોય છે; પણ દુનિયામાં આ વાત કોઇ સમજતુ નથી. સૌ કોઇ એમ માને છે કે બીજે કયાંક સુધારો કરવાની જરૂર છે. પણ બીજે કયાંય નહિ, ફકત આપણી ઇચ્છા સિવાય, આપણા મન સિવાય બીજે કયાંય સુધારો કરવાની જરૂર નથી.

જ્યાં સુધી આપણે ઇચ્છાના પીંજરમાંથી અભિનવ સુંદર આત્મ-સ્વરૂપને મુકત નથી કરતા ત્યાં સુધી આપણે તેને જોવાજ પામતા નથી.

કવિવર ટાગોર.

---

## હાર........?

આપણે હાર ખાઇએ કે માર ખાઇએ તેમાં આપણી ખરેખરી હાર નથી. આપણી સાચી હાર તો ત્યારે છે કે જ્યારે આપણી હરોળનો છેલ્લો સૈનિક હૃદયમાં નિરાશા સેવીને ધ્વજ અને શસ્ત્રો હેઠાં મૂકી દે.

નેપોલિયન બોનાપાર્ટ.

(આલ્પ્સ પર્વત ઓળગંતા સૈન્યને ઉદ્દેશીને)

## ....મંગલ મંદિર ખોલો !....

જીવન અને મરણ ભગવાનનાં બે રૂપો છે; પરમાત્માની બે વિભૂતિઓ છે. એમાં જીવન એ માણસની કઠોર કસોટી છે. મરણ એ ક્ષમાવાન અને પરમ કારૂણિક દયા છે. મૃત્યુ સમયે માણસને જે જે વેદના થાય છે, તે મૃત્યુને લીધે નહિ. મૃત્યુમાં તો ઉંઘ જેટલી મીઠાશ છે. જે વેદના થાય છે તે જીવનને લીધે થાય છે. જીવન પોતાનો કબજો છોડવા માંગતુ નથી, અને એ લોભની તાણાતાણીમાં વેદના પેદા થાય છે. મરૃત્યુ પાસે ધીરજ છે; એ જીવનને પોતાનાથી બનતું કરવા દે છે. જયારે જીવન હારે છે અને પોતાનો આગ્રહ છોડે છે, ત્યારે મરણ પોતાની પાંખો ફેલાવીને પોતાની છત્રછાયા તળે પ્રાણીને લે છે.

માણસ જીવનને સુખસ્વરૂપ માને છે, અને મરણને મહાસંકટરૂપે જુએ છે; પણ દિવસ પછી જેમ રાત્રિને સ્થાન છે, એની ઉપયોગિતા અને સૌન્દર્ય છે એટલુંજ નહિ પણ વૈભવ પણ છે; એજ રીતે મરણમાં પણ ઉપયોગિતા, સૌન્દર્ય અને વૈભવ છે. ઉપયોગિતા કદાચ આપણે તરત ન સમજી શકતા હોઇએ, પણ મરણની ભવ્યતા અને એની ઉપકારક સુંદરતા તો સ્હેજે ધ્યાનમાં આવવી જોઇએ. આકળો માણસ એ કળી શકતો નથી એ કંઇ મરણનો દોષ નથી.

થાકેલો મજુર વિશ્રામ માગે, નાચીકુદીને લોથપોથ થયેલું બાળક ઉંઘની સોડમાં ભરાઇ જાય, પાકેલું ફળ જમીનમાં વવાઇને નવી યાત્રા શરૂ કરવા માટે વૃક્ષમાતાનો સંબંધ છોડી દે; એ પ્રમાણેજ માણસે જીવન પુરૂં કરી અનાસકત ભાવે એનો ત્યાગ કરતાં શીખવું જોઇએ, અને નવી તક મેળવવાના પરવાનારૂપે મરણને વધાવી લેવું જોઇએ.

જો માણસ પાસે પ્રસન્નતા હોય તો એને જીવતા પણ આવડે છે, શાન્તિ અને શોભા સાથે જીવન પુરૂં પણ કરતાં આવડે છે; અને જેમ બહાદૂરીને અંતે માણસને બહુમાનનો ઇલ્કાબ કે ચંદ્રક મળે છે, એવીજ રીતે મરણની કૃતાર્થતા મેળવવા એ તૈયાર રહે છે.

'મંગલ મંદિર ખોલો' આ નરસિંહરાવ દિવેટિયાનું ભજન મૃત્યુને ઉદ્દેશીને લખેલું છે, એ ન જાણવાથી કેટલાક ગાયકો મંગલ અને મંદિર શબ્દને લીધે વિવાહ જેવા મંગલ ગણાતા પ્રસંગે ગાય છે. વિવાહને મંગલ અને મૃત્યુને અશુભ કે અમંગલ માનનારા સમાજને માટે આમાં ઔચિત્યનો ભંગ છે એ દેખીતી વાત છે.

જે લોકો માને છે કે જીવ જીવ વચ્ચે ખરૂં આકર્ષણ આત્મોપમ્યનું, આત્મૈકયનુંજ હોવું જોઇએ. એ આકર્ષણ આધ્યાત્મિક હોઇ તેમાં વિકારી પાર્થિવ તત્વને અવકાશજ નથી, તેઓ વિવાહને એક લાચારીનું પગલું ગણે છે. ઇન્દ્રિયોએ પોતાનું જોર બતાવ્યું; વાસના પ્રબળ નીવડી એટલે એને ધર્મ માર્ગે વાળવા સારૂ નિષ્ઠામૂલક વિવાહબંધન સ્વીકાર્યું. લાચારીથી જે પગલું ભરવું પડયું તેમાંથીજ શુભ પરિણામ ઉપજાવવાનો જે પ્રયત્ન તેનું નામ વિવાહ. વિવાહ ખરૂં જોતાં એક બંધન છે. એને આપણે સંસ્કૃતિની મદદથી સાધનારૂપ બનાવી શકીએ છીએ. જયારે મરણ એ ખરેખરૂં મુકિતરૂપ છે. વાસના વડે એને કલેશમય અને કલુષિત ન કરીએ તો મરણ એ પરમ મિત્ર છે એ સ્હેજે સમજાશે. મિત્ર હો કે મુરબ્બી હો—એ દયામય છેજ. એના મંદિરના દ્વાર મંગલમય છેજ. લોકો મરણને ગહન અંધારા સાથે સરખાવે છે અને જીવનને પ્રકાશરૂપ માને છે. દિવસના ધોળા અંધારા વિષે અને રાતના કાળા પ્રકાશ વિષે મેં જે લખ્યું છે તે અહીં પણ સાચું છે.

જંગલમાંથી નીકળી જયારે ખુલ્લામાં આવીએ છીએ ત્યારે જેમ હોંશ આનંદ થાય છે, તેમજ જીવનવન વટાવ્યા પછી અને તિમિરમાર્ગ ઓળંગવા પછી જે જયોતિ-લોક આપણને મળે છે, તેના પ્રકાશમાં વાજતે ગાજતે આપણે ભગવાન મૃત્યુના હૃદયમાં સ્થાન મેળવવું જોઇએ. પરદેશમાં પુરૂષાર્થ કરતા યાત્રીને જેમ સ્વદેશનું અખંડ સ્મરણ હોય છે, અને સ્વદેશના નામનું એ અખંડ રટણ કર્યાં કરે છે; તેજ પ્રમાણે માણસ જો મરણ-વિરહમાંજ જીવન પુરૂં કરે તો અંતે તેની તરસ છીપવાનીજ, અને ભગવાન મરણ પાસેથી મળતા અમૃતરસથી એ તરબોળ થવાનોજ. કેમકે મૃત્યુ એ જીવનનું પૂર્ણવિરામ નથી, કિંતુ અમરલોકમાં પ્રવેશ કરવાનું દ્વાર છે. જે મરણનું સ્મરણ રાખી અલિપ્તપણે જીવી શકયો એનેજ એ અમરલોકનો અધિકાર પ્રાપ્ત થાય છે. બાકી બધા જે કોચવાતે મને મરણને ત્યાં આવે છે, તેમને પામર જાણી મરણ ફરી ફરી જીવનક્ષેત્રમાં પાછા કાઢે છે—ધકેલી દે છે.

જે મરણને ઓળખે છે અને જીગરથી ચાહે છે, એનેજ જીવવાનો સાચો રસ્તો અને સાચો આનંદ જડે છે.

કાકા કાલેલકર.

# ભાવિ પ્રજાના ઘડતર વિષે હિટલર

(છેલ્લા વિશ્વવ્યાપી યુધ્ધ પછી મરણોન્મુખ થયેલ જર્મનીને પુનર્જીવન આપનાર અને જગતથી ડરી ગયેલ પ્રજાને પુનરશકિતમાન કરનાર તેના વીરપુરૂષ હેર હિટલર 'મારી લડત' (My Struggle) એ નામના પોતાના પુસ્તકમાં અતિ અગત્યની બાબતો રજુ કરે છે, જે હરકોઇ પડેલા રાષ્ટ્રને અને સમાજને તેટલીજ ઉપયોગી છે. એમાંની થોડીક બાબતોનો નીચે અનુવાદ આપવામાં આવે છે.)

"ભાવિ પ્રજાને માટે કઇ વસ્તુ શ્રેયસ્કર છે તેનો પાયો નાંખવાની મહેનત કોઇ નથી કરતું. જેમ દુનિયા ચાલતી આવી છે તેમ ગાડું ગબડે જાય છે. અત્યારે જીવનના સઘળાં ક્ષેત્રોમાં જે જે ક્ષતિઓ જોવામાં આવે છે તેમાં સુધારો કરવો એ રાષ્ટ્રના શાસકોનું કર્તવ્ય છે.

રાષ્ટ્રનો કિંમતીમાં કિંમતી ખજાનો શું છે?

રાષ્ટ્રનાં બાળકોથી વિશેષ મુલ્યવાન કાંઇજ ન હોઇ શકે. એટલે રાષ્ટ્રના શાસકોએ એવો પ્રબંધ કરવો ઘટે છે કે તંદુરસ્ત મા-બાપોજ સંતતિ ઉત્પન્ન કરે. રોગી મનુષ્યો બાળકોની સંખ્યામાં વૃધ્ધિ કરે એનાથી વધારે શરમભરેલું બીજું કશું નથી. રોગગ્રસ્ત લોકો પ્રજોત્પત્તિ કરતાં અટકે એમાં પ્રતિષ્ઠા મનાવી જોઇએ. સાથે સાથે એ પણ આવશ્યક છે કે નિરોગી બચ્ચાં પેદા કરી શકે એવાં સ્ત્રી પુરુષો "સંતતિનિયમન"ના માર્ગે વળે એ લજ્જાસ્પદ લેખાવું જોઇએ. જે લોકો વંશપરંપરાની વ્યાધિઓથી પીડાતા હોય તેમને કાયદાની મદદ લઇને ગૃહસ્થધર્મથી વિમુખ કરવાની આવશ્યકતા છે. પણ કેવળ આર્થિક અવદશાને કારણે જે દંપતિઓને માટે બાળકો આશીર્વાદસમાન થઇ પડવાને બદલે શ્રાપ જેવાં થઇ પડે છે તેઓને સરકારે સહાયરૂપ થવું જોઇએ. પ્રત્યેક વ્યકિતને એટલે કે દરેક સ્ત્રી અને દરેક પુરૂષને સરકારે સમજાવી દેવું જોઇએ કે રોગી હોવું એ અવશ્ય એક દુર્ભાગ્ય છે, પણ તેમાં અપકીર્તિ સમાએલી નથી. પણ રોગના દુર્ભાગ્યમાં સમાજદ્રોહના પાપનો ઉમેરો કરવો એ તો સાચેજ શરમભરેલું છે, કારણ કે રોગથી પીડાતાં મા-બાપો પોતાના સ્વાર્થને વશ થઇને જ્યારે સંતતિ ઉત્પન્ન કરે છે ત્યારે નિર્દોષ સંતાનોને તેઓ પોતાના દુર્ભાગ્યનો વારસો આપીને રાષ્ટ્ર પ્રત્યે અપરાધ કરે છે. બીમાર માણસો પોતાનાં બચ્ચાં પેદા કરવાની વાત પડતી મૂકીને માતૃત્વ કે પિતૃત્વની ભાવનાનું દાન કોઇ નમાયા કે નબાપા બાળકને ઉછેરવામાં કરે તો તેનાથી વધુ ખાનદાની બીજી કોઇ નથી અને એમાંજ માનવપ્રેમની પરિસીમા પણ આવી જાય છે.

ઉપર જણાવ્યું તે મુજબ પ્રજોત્પત્તિનું કાર્ય થવું જોઇએ. જો તે કામ લોકોને ગમે તો ચાલુ રાખવું જોઇએ અને ધારો કે લોકોને તે ન ગમે તો પણ તે રીતેજ આપણે આગળ વધવું જોઇએ. લોકપ્રિય કે અળખામણા થવાનો વિચાર આમાં આડે આવવો જોઇતો નથી. આજે તો ઘોડાં અને કુતરાં બિલાડાંની ઓલાદ સુધારવા પાછળ લોકો પોતાનું ધ્યાન રોકી રહ્યા છે, પણ માનવકુળની દશા ઉચ્ચતર કરવાની કોઇને નથી પડી, પણ નાઝીરાષ્ટ્રમાં, માણસ જાતનો વેલો સુધારવા માટે કંઇક વિશેષ તેજસ્વી યુગનાં મંડાણ થવાં જોઇએ.

ધર્મને નામે હજારો લોકો બ્રહ્મચર્ય પાળે છે તો મનુષ્યવંશની સુધારણાનું કામ અશકય શા માટે ગણાવું જોઇએ?

આ સિદ્ધાંતો દ્રષ્ટિ સમીપ રાખીને નાઝીરાષ્ટ્રના શિક્ષણ શાસ્ત્રીઓએ કેળવણીની યોજના ઘડવાની છે. વિદ્યાર્થીઓના મગજમાં માહિતી ભરી દેવા કરતાં પહેલાં તો તેઓ સંપૂર્ણ રીતે આરોગ્યવાન હોય એ તેમણે જોવાનું છે. શારીરિક આરોગ્ય પછી માનસિક વિકાસનો વિચાર કરવાનો રહે છે. તનની કેળવણી પછી મનની કેળવણીમાં પણ પ્રથમ સ્થાન તો ચારિત્ર્યના ઘડતરને આપવાનું છે. ચારિત્ર્ય એટલે ઇચ્છાબળ અને નિશ્ચયબળનો વિકાસ.

આટલું થયા પછી વિદ્વત્તાનું શિક્ષણ એટલે કે સાક્ષરતાને માટે અવકાશ રહેવો જોઇએ. નાઝી રાષ્ટ્રમાં અક્ષરજ્ઞાનનો વિચાર કરવા પહેલાં આરોગ્ય અને ચારિત્ર્યની યોજનાનો વિચાર કરવાનો છે. ખૂબ કેળવણી પામેલા માયકાંગલા માણસ કરતાં રાષ્ટ્રને તો વીર્યવાન અને નિશ્ચયવીર મનુષ્ય વિશેષ ઉપયોગી છે.

શારીરિક શિક્ષણનું કાર્ય ફકત માબાપોનુંજ નથી, પણ રાષ્ટ્રના શાસકોનું છે. ગાદીતકીઆ ઉપર કામ કરનારાઓની ઓલાદ ન પાકે પણ ખડતલ માણસોનો રાષ્ટ્ર બને એવી યોજનાનેજ શિક્ષણ કહી શકાય. એટલે વ્યાયામને અંગે શાળાઓએ પુષ્કળ સમય રોકવો જોઇએ. એવો એક પણ દિવસ ન જવો જોઇએ કે જે દિવસે ઓછામાં ઓછી સવારે અને સાંજે એક એક કલાક સુધી વિદ્યાર્થીને તાલીમ અને કવાયત ન મળી હોય. વ્યાયામમાં રમતગમતો અને કસરત બેઉ ગણવાનાં છે. ખાસ કરીને જે મુક્કાબાજીને આજકાલ જંગલી કહેવામાં આવે છે તેને તો સ્થાન હોવું જોઇએજ. કેળવાયેલા માણસોમાં તો મુક્કાબાજી માટે ભારે વહેમો ચાલે છે. લોકો કુસ્તીને આબરૂદાર ગણે છે પણ મુક્કાબાજીને ગામઠી કહે છે.

આમ શા માટે હોય? મુક્કાબાજીથી ધસારો કરવાની જે તાલીમ મળી શકે છે તે બીજી કોઇ રીતે શીખી શકાય એમ નથી. શરીરને તે વજ્ર જેવું બનાવે છે અને સાથે સાથે તેમાં તાબડતોબ નિર્ણય બાંધી લેવાની વૃત્તિ ઘડાય છે, તેમજ એનાથી શરીરમાંથી જડતા નાશ પામે છે. તલવારો વડે મુકાબલો કરવામાં જે જોખમ છે તેના કરતાં વધારે ઘાતકીપણું મુક્કાબાજીમાં શા માટે માનવામાં આવતું હશે?

આજની કેળવણીથી અધિકારીઓ, ન્યાયશાસ્ત્રીઓ અને આ યુગના બુધ્ધિવાદને જીવતો રાખવા માટે અધ્યાપકો નીપજે છે, પણ આજની શિક્ષણપ્રથાથી વીર નથી જન્મતો જો જર્મનીના લોકો શિષ્ટ ગણાવાને બદલે મુક્કાબાજી શીખ્યા હોત તો કદાચ જર્મની મહાયુધ્ધમાં પરાજય પામ્યું ન હોત. જર્મનીમાં બુદ્ધિશાળી પુરૂષો પાકયા છે પણ આપણા નેતાઓમાં નિશ્ચયબળની ખોટ હોવાનું જણાયું છે.

આજે તો જર્મની છિન્નભિન્ન દશામાં છે. સૌ કોઇ આપણને પાટુ મારે છે એટલે આપણને આત્મપ્રતીતિમાંથી ઉત્પન્ન થતા બળની અપેક્ષા છે. શરીરબળ મેળવવાનું કામ નિશાળોમાંજ કરવાનું છે એમ નહિ માનવું જોઇએ. લશ્કરનું કામ ફકત કવાયત શીખવીને બેસી રહેવાનું નથી. યુધ્ધશાળા તો રાષ્ટ્રની મહાશાળા ગણવાની છે. અલબત શસ્ત્રોનો ઉપયોગ કરવાનું ત્યાં શીખવવામાં આવે એ બરાબર છે, પણ યુધ્ધ-

શાળામાં પણ યુવકોને શિક્ષણ આપવાનું બંધ ન પડવું જોઇએ. યુધ્ધશાળામાં યુવકોને પુરૂષો બનાવવાના છે. માત્ર આજ્ઞાનું પાલન કરવું જોઇએ એટલુંજ ત્યાં શીખવવાનું નથી, પણ ભવિષ્યમાં આજ્ઞા આપવાનું કાર્ય પણ ત્યાંજ શીખવવાનું છે. યુધ્ધશાળામાં શિક્ષણ લેતા યુવકોનો દોષ હોય ત્યારે તેમને શિક્ષા થાય એ મૂંગે મોઢે સહન કરવાની આવડત તેમનામાં હોવી જોઇએ એટલુંજ બસ નથી પણ તેમને અન્યાય થઇ જાય ત્યારે પણ તેવીજ રીતે બડબડાટ કર્યા વગર તેમણે સજા વેઠી લેવી જોઇએ. જ્યારે લશ્કરની તાલીમ ખતમ થાય ત્યારે દરેક જુવાન પાસે બે પ્રમાણપત્રો હોવા જોઇએ. પોતે રાષ્ટ્રનો સભ્ય છે તેનું પ્રમાણપત્રજ પુરતું નથી, પણ પોતે નિરોગી અને આરોગ્યવાન હોવાનું પ્રમાણપત્ર પણ મેળવવું જોઇએ. આવાં પ્રમાણપત્રો ધરાવતા જુવાનોનેજ પરણવાનો હક્ક હોય.

મહાવિગ્રહ વખતે એવી ફરીયાદ થઇ હતી કે આપણા લોકો કોઇ વાત છાની રાખી શકતા નથી. આ કારણેજ આપણાં ગુપ્ત રહસ્ય રિપુદળના જાણવામાં આવી જતા હતા.

આનું કારણ શું હતું ?

લડાઇ પહેલાં આપણા સૈનિકોને કોઇએ શીખવ્યું હતું કે મૌનવૃત્તિ એ વીરોનો ધર્મ છે ?

આપણી શાળાઓમાં મૌનનું મૂલ્ય આંકવામાં નથી આવતું. આપણા લોકો વાતો કરતાં કદી થાકતાજ નથી. અને મૌનની કિંમત જાણતા નથી. આ વાતોડીઆપણાથી લડાઇઓ હારી બેસાય છે એટલે આ બધું વિદ્યાર્થીઓને શીખવવાની જરૂર છે. પાછળથી પાંક ઘડે કાંઠા નથી ચઢતા. પ્રત્યેક મહારાષ્ટ્રને મૌન, સ્વાર્પણ અને વિશ્વસનીયતાનો ખપ પડે છે. શાળાઓમાં આજે જે થોથાં ગોખાવવામાં આવે છે તેના કરતાં આ ગુણોનું શિક્ષણ આપવું એ વિશેષ આવશ્યક છે. દુશ્મનો જોડે મુકાબલો કરવા માટે આપણને યુધ્ધની સામગ્રીનો ટોટો નથી, પણ આપણી પાસે નિશ્ચયબળ ધરાવતા નેતાઓ નથી. જે ઠરાવ કરવામાં જોખમ હોય તે ઠરાવ કરવાની હિંમત આગેવાનોમાં હોવી જોઇએ. મને યાદ છે કે એક સેનાપતિએ કહેલું કે '૫૧ ટકા ફત્તેહની ખાત્રી હોય તોજ હું હલ્લો કરૂં' આ "એકાવન ટકા" ખાત્રીની ટેવ વડેજ આપણે લડાઇમાં હારી ગયા હતા.

આજે કોઇ જવાબદારી ઉઠાવવા તૈયાર નથી હોતું આનું કારણ આપણી કેળવણીજ છે. આપણા જાહેર જીવનમાં નિર્ણય કરવાની અશકિત સર્વવ્યાપક બની ગઇ છે; અને એને માટે આપણી પાર્લામેન્ટ (રીચસ્ટાગ) કારણભૂત છે.

---

## મદ્યનિષેધ અને શ્રી. સુભાષબોઝ

મુંબઇના મદ્યનિષેધ સંબંધમાં શ્રી. સુભાષચંદ્રબોઝે એક ભારે આશ્ચર્યજનક નિવેદન બહાર પાડયું છે. આ નિવેદનમાં મુંબઇ સરકારની મદ્યનિષેધની નીતિ અને પદ્ધતિને વખોડવામાં આવી છે; પારસીઓ તેમજ મુસલમાનો પ્રત્યે ખૂબ સહાનુભૂતિ દર્શાવવામાં આવી છે અને મુંબઇ છોડીને સંખ્યાબંધ માણસો ચાલી જશે અને એ રીતે મુંબઇના આજના ગૌરવને ઘણો ધક્કો લાગશે એવી ભીતિ દર્શાવવામાં આવી છે. આ મદ્ય-નિષેધ ખાતર જે આવકનો ભોગ આપવામાં આવે છે અને તે માટે જે મોટો કર નાંખવામાં આવે છે તેનાથી એક પણ ગરીબ માણસનું પેટ ભરાવાનું નથી. એક પણ અભણ ભણવાનો નથી અને એકપણ દુઃખી સુખી થવાનો નથી એમ તેઓ જણાવે છે. મદ્યનિષેધનો અમલ ધીમે ધીમેજ થવો જોઇએ એમ તેઓ સલાહ આપે છે. આ બધું વાંચતાં વિસ્મય તો એ થાય છે કે રાષ્ટ્રપતિપદ ઉપર રહીને જે બાબતને પોતે સંમત કરી હતી અને જે માટે મુંબઇના પ્રધાનમંડળને પોતે ધન્યવાદ આપ્યો હતો તેજ બાબત વિષે આજે તેઓ કાંઇક જુદુંજ જણાવી રહ્યા છે. પારસી કોમ ઉપર આ એક આફત છે એમાં કોઇ ના કહી શકે તેમ નથી. પણ દેશને હાનિકારક કોઇ પણ ધંધો બંધ કરવા જતાં તે ધંધા સાથે સંબંધ ધરાવનાર વર્ગને દેશકલ્યાણ ખાતર ખમવુંજ જોઇએ. વિલાયતી કાપડના બહિષ્કારે કેટલાયે હિંદુ વ્યાપારીઓને પાયમાલ કર્યા છે પણ તેમને ટેકો આપવાની કોઇએ કદિ વાત કરી નથી. મુસલમાનો પ્રત્યે મિલ્કતવેરા સંબંધમાં આટલો બધો પક્ષપાત શા માટે ? શું મુંબઇની મિલ્કતોનો માત્ર મુસલમાનોનોજ ઇજારો છે ? આખા નિવેદન પાછળ પારસીઓ અને મુસલમાનોને પોતાની તરફ એટલે પોતે ઉપસ્થિત કરેલ પક્ષ તરફ આકર્ષવા સિવાય બીજો કોઇ આશય દેખાતો નથી. એક સમયના રાષ્ટ્રપતિ આજે આમ કેમ વર્તે છે ? વિવેકમાર્ગથી સરકતાં ગમે તેવો મોટો માણસ પણ કયાં કયાં ખેંચાતો જાય છે તેની કલ્પના થઇ શકતી નથી.

**પરમાનંદ.**

---

## છાત્રાલયો અને ધાર્મિક નિયમોનું ફરજીયાત પાલન

જે વાત સ્વચ્છતાની એજ ધાર્મિક આચારની. માબાપો અને સંસ્થાના વાલીઓ જે આચારનું પોતે પાલન કરતાં નથી અથવા કરી શકતા નથી, તેનું પાલન નિયમો ઘડી પગારદાર નોકરો મારફત થએલું જોવા માંગે છે. આર્યસમા-જીઓ ઘરમાં ભલે હવન કરતા ન હોય પણ ગૃહપતિઓ અને વિદ્યાર્થીઓ પાસેથી તો તેમ કરાવવાનો આગ્રહ રાખેજ છે. એજ છોકરાઓ ઘેર રજા ઉપર આવે ત્યારે હવન ન કરવાની છુટ. સંસ્થામાં કાંતવાનો આગ્રહ હોવોજ જોઇએ એવા નિયમની તરફેણમાં મત આપનાર લોકોનું પણ આવું નથી દેખાતું એમ નથી. જૈન બોર્ડીંગના જે વ્યવસ્થાપકો સૂર્યાસ્ત પછી ન જમવાના, બટાટા ન ખાવાના વગેરે નિયમો સંસ્થામાં પળાવવાનો ખાસ આગ્રહ રાખે છે તેઓજ પોતાના જીવનમાં એ નિયમના છડેચોક ભંગ કરતા હોવાનો એકરાર પણ કરે છે. આવો પ્રયત્ન તો ગરમ પાણીમાં મડદું રાખી તેની ઉષ્ણતા ટકાવવાના પ્રયત્ન જેવો છે. આપણને જે યોગ્ય જણાય તેનેજ યોગ્ય કહીએ, પણ જેનો અમલ આપણે કરી શકતા નથી તેનો અમલ બીજા પાસે કરાવવાનો આગ્રહ આપણે ગમે તેટલો રાખીએ પણ આપણે હાથે તે થવાનો નથી. એટલું જો જાણીએ તો કૃત્રિમતામાંથી અને દંભમાંથી બચી જઇશું.

**કાકા કાલેલકર.**

---

## કામ: નાનું અને મોટું

"હું ખાઇશ તો પેટભરીને પકવાનજ ખાઇશ નહિંતર ભુખ્યો રહીશ." કોઇ ભૂખ્યો માણસ આમ કહે તો કેવું વિચિત્ર લાગે? કેવું બેહુંદુ લાગે ?

તમે પણ જીવનમાં આવુંજ કાંઇ કરો છો ? કોઇ મંડ-ળના પ્રમુખ કે મંત્રી બનીને ગમે તેટલી જહેમત ઉઠાવવા તૈયાર થાવ. પણ એક અદના સભ્ય તરીકે નાની ફરજ બજા-વવામાં તમને રસ ઉભો નથી થતો એ સાચું ? ફાંસીને માંચડે કે જેલ જવા તૈયાર થાવ છો પણ રોજના જીવનમાં આવી પડતી નાની યાતના વેઠવા તમે તૈયાર નથી એ સાચું ? હજારો માણસોની સભા સમક્ષ ભાષણો આપવા તમે તૈયાર હો છો; માસિકો માટે લાંબા લેખો લખવા તમે તૈયાર હો છો પણ તમારી સ્ત્રીને કે બાળકોને કેળવવા માત્ર અર્ધો કલાક ખર્ચવાની તમારી ધીરજ નથી રહેતી એ સાચું ?

વિચારજો, સાચું હોય તો કેટલું બેહુંદુ, કેટલું વિચિત્ર ?

**અજ્ઞાત.**

सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरई।
સત્યની આણામાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

# પ્રબુદ્ધ જૈન

તા. ૧૫-૭-૧૯૩૯, શનિવાર.

## આપણા આંતરિક કલહો

એક વખતની સમૃધ્ધ ગણાતી જૈન કોમ આજની બીજી કોમોની સરખામણીમાં કેટલી કંગાલિયત ભોગવે છે એનો વિચાર સમાજના આગેવાન હિતેચ્છુઓએ કરવાની જરૂર ઉભી થઇ છે. બીજી કોમોના પ્રમાણમાં આપણા સમાજમાં દરેક વર્ષે હજારો રૂપીઆ ધાર્મિક અંધશ્રધ્ધાથી ખર્ચાય છે, જેનો નાનો સરખો ભાગ પણ સમાજની ઉન્નતિ સાધવાને ખપ લાગતો નથી. વળી ધાર્મિક અંધશ્રધ્ધાએ એવાં ઊંડાં મૂળ ઘાલ્યાં છે કે ગરીબમાં ગરીબ જૈન વ્રતના દિવસે, યાત્રા નિમિત્તે કે પ્રભુભકિત નિમિત્તે બે પાંચ રૂપિયા ખરચ્યા વિના રહી શકતો નથી. તે પ્રભુદર્શને ખાલી હાથે જતો નથી. અનેક પ્રકારની યાતના વેઠી મેળવેલી રકમમાંથી બદામ પાઇ પૈસો પ્રભુ આગળ પૂર્ણ શ્રધ્ધાથી મૂકે છે અને એવા હજારો ગરીબ જૈનોના પ્રભુ આગળ મૂકાયલા પસીનાના પૈસાથી આજે આપણા અનેક દેરાસરો માતબર બની પ્રભુના નામની પેઢીઓ ચલાવી આવકમાં વધારો કર્યે જાય છે; પણ એનો લાભ જૈન સમાજના જૈનોને મળતોજ નથી. પેઢીઓ ચલાવનારા મનસ્વીપણે વહીવટ કરે છે અને ટ્રસ્ટીઓ જુદી જુદી યોજનાઓ યોજી કોર્ટ દ્વારા સત્તા જમાવી બેસે છે, જેના પરિણામે દરેક દેરાસરના ટ્રસ્ટીઓ અને સંઘો વચ્ચે ઘર્ષણ થયાજ કરે છે. મુંબઇ ખાતેનાં અનેક દેરાસરોમાં આ ખટરાગ ચાલુ છે. શ્રી ગોડીજીમહારાજ, શ્રી શાન્તિનાથજી, શ્રી લાલબાગ, શ્રી નેમિનાથ, શ્રી અનંતનાથ વિગેરે દેરાસરોના વહીવટદારો (ટ્રસ્ટી) અને તે તે સંઘના કાર્યકરો વચ્ચેના ઝગડાના પરિણામે દરેક વર્ષે હજારો રૂપીઆ કોર્ટદ્વારા થતા કેસોમાં ખર્ચાય છે. આ આપણા ધાર્મિક ખાતાના આંતરિક કલહો.

હવે સમાજ-ઉપયોગી ખાતાંઓના આંતરિક કલહો તપાસીએ. આશરે દસેક વરસ પહેલાં આપણા સમાજના કમભાગ્યે કેટલાક સાધુઓએ સ્થિતિચુસ્ત અને ધર્માંધ વર્ગને એકત્ર કર્યો. આ વર્ગ ધર્મી વર્ગ તરીકે ઓળખાવા લાગ્યો. તેની આગેવાની શ્રી રામવિજયજીએ લીધી. આ વર્ગે સમાજના સુધારક વિચારકો અને એવા વિચાર ધરાવનાર સાધુઓ સામે ઝગડા શરૂ કર્યા. આના પરિણામે સાધુ અને શ્રાવક વર્ગમાં બે વિભાગો પડી ગયા. એક વિભાગ પોતાને ધર્મી ગણાવા લાગ્યો. બીજો વિભાગ સુધારક તરીકે ગણાવા લાગ્યો. આ કલેશે સમાજ ઉપયોગી કાર્યમાં મોટો વિક્ષેપ નાખ્યો. ધર્મી વર્ગે શ્રી મહાવીર વિદ્યાલયને તોડી પાડવા અનેક જાતનાં જુઠાણાં ઉભાં કર્યાં; પણ વિદ્યાલયના તે વખતના કાર્યકર્તાઓએ અજબ સંયમ વાપરી વિદ્યાલયને વધારે તન્દુરસ્ત બનાવવાના પ્રયાસ કર્યા અને ધર્મી વર્ગની બાજીને ઉંધી વાળી.

આવીજ રીતે ધર્મી વર્ગે શ્રી કોન્ફરન્સ પ્રત્યે પણ વિરોધી પ્રચાર શરૂ કર્યો. તે વખતના કોન્ફરન્સના સુકાનીઓએ જુન્નેર મુકામે તેમનો બરોબર સામનો કર્યો હતો. પણ પછી એ સુકાનીઓ ઠંડા પડી ગયા. પરિણામે કોન્ફરન્સ જે પ્રકારની મંદતા ભોગવતી હતી એજ દશામાં પડી રહી. એ મંદતામાં પ્રાણ આપવા યોગ્ય ભગીરથ પ્રયત્ન તેના સુકાનીઓ અને સ્થાનિક કાર્યકર્તાઓ તરફથી થયો નહિ. ઉલ્લાસપૂર્વક અને ખંતથી પ્રામાણિક પ્રયાસો જો કરવામાં આવ્યા હોત તો કોન્ફરન્સ અત્યારે સમાજની એક ઉપયોગી સંસ્થા પુરવાર થાત.

આ દસ વરસના ગાળામાં એકલી અટુલી અને એકજ દાતાના પ્રયાસે ચાલતી શ્રી પન્નાલાલ હાઇસ્કૂલ દિનપ્રતિદિન વધુ તેજસ્વી બનતી ગઇ. સ્વર્ગસ્થ બાબુ જીવનલાલજીએ એ સ્કુલને લગભગ ત્રીસ પાંત્રીસ હજારની દર વર્ષે અંગત મદદ આપી તેને ખૂબ વિકસાવી અને મુંબઇની હાઇસ્કુલોમાં પહેલી પંકિતએ મૂકી દીધી. આ હાઇસ્કુલની ઝળકતી કીર્તિ પછી આપણા ઘણા ભાઇઓને મુંબઇ માંગરોળ જૈન સભા હસ્તક ચાલતી કન્યાશાળાને વધુ વિકસાવવાનો પ્રયત્ન કરવાનો વિચાર થયો અને શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીઆએ પોતે સાઠ હજાર, શેઠ માણેકલાલ ચુનીલાલે રૂપીઆ સોળ હજાર અને શેઠ કાન્તિલાલ બકોરદાસે રૂપીઆ દશ હજાર આપવાના જાહેર કરી કન્યાશાળાને સંગીન પાયા ઉપર મૂકવા બીડું ઝડપ્યું. વિશેષમાં શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીઆએ પોતાની લાગવગ અને અંગત ઓળખાણનો ઉપયોગ કરીને લગભગ ચાલીસ પેટ્રનો અને ત્રીસેક પુરૂષ લાઇફ મેમ્બરો તેમજ પચીસ સ્ત્રી લાઇફ મેમ્બરો મેળવી આપી લગભગ સાઠ હજાર રૂપીઆ કન્યાશાળા માટે એકઠા કર્યા અને તેમાં કન્યાશાળાને હાઇસ્કુલમાં વિકસાવવાની શરતે પોતાના બીજા પચાસ હજાર રૂપીઆ ઉમેર્યા. અહિં સુધી સભાના મુખ્ય કાર્યકરોમાં ખૂબજ ભાઇચારો રહ્યો, પણ પાછા અંદર અંદર મતભેદો શરૂ થયા અને કન્યાશાળાનું નાવ ડામાડોળ સ્થિતિમાં મુકાયું.

કમભાગ્યે સમાજમાં આવી જાતના આંતરિક કલહોએ કેટલું ભયંકર નુકશાન કર્યું છે એ આપણે સમજી શકતા નથી. દાતાઓએ સંસ્થા, સભા કે મંડળ કોઇને પાછળથી જરાપણ અલવલ ન આવે તેવી રીતની સંગીન યોજનાઓ તે તે કાર્યમાં રસ લેતા મુખ્ય માણસો પાસે સમજપૂર્વક તૈયાર કરાવવી જોઇએ અને પોતાનો ઇરાદો સિધ્ધ થાય તેમ કરવા પ્રયાસ કરવો જોઇએ. હાલમાંજ શ્રી મુંબઇ સરકારના પ્રધાન ઓન. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ શ્રી ભારતીય વિદ્યાભુવન નામની એક સુંદર યોજના તૈયાર કરી છે, જેમાં તેના મુખ્ય દાતા એક ટ્રસ્ટી તરીકે રહ્યા છે, અને સંસ્થાઓને તેમના નામો અપાયાં છે. તેની વ્યવસ્થા માટે જુદીજ ટ્રસ્ટી બોર્ડ સ્થાપવામાં આવેલ છે અને તેમને યોગ્ય લાગે તે કરવાની “સર્વ” સત્તા તે ટ્રસ્ટી બોર્ડને આપવામાં આવી છે. આપણા દાતાઓમાં આવી સદ્‌બુદ્ધિ સુઝે એમ ઇચ્છીએ. આપણાં દરેક ખાતાંઓ આંતરિક કલહે પાંગળા થાય છે. એવા આંતરિક કલહો ઉત્પન્ન ન થાય તેની ચાંપતી દેખરેખ કાર્યકર્તાઓ રાખે, સમયને ઓળખે, જનતાની શકિતનું માપ પીછાને તો જરૂર આપણા આવા આંતરિક કલહો ઓછા વધતા ભાગે કમી થાય અને આપણે બધા એકત્ર થઇ સમાજનું કોઇ ઉજ્વળ ભાવી નિપજાવી શકીએ. વળી

ઉલ્લેખોને જરા પણ બંધનકર્તા ગણવામાં આવશે નહિ. આવી બાબતોમાં જરૂર જણાયે સરકારી કાયદાઓ કરાવવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં પણ આ યુવકસંઘ પાછી પાની કરશે નહિ.

(ગ) આવી જ રીતે સમાજ અને ધર્મ ને લગતા અનેક પ્રશ્નો ઉપર પોતાના વિચારો છુટથી જાહેરમાં રજુ કરવાનો દરેક વ્યકિતને હક્ક છે એમ આ યુવક સંઘ માને છે; અને તેથી જ્યારે જ્યારે આવા હક્ક ઉપર સંઘબહિષ્કાર, જ્ઞાતિબહિષ્કાર, કે એવી બીજી કોઇ રીતે કોઇ પણ સંઘ કે જ્ઞાતિ તરફથી આક્રમણ કરવાના પ્રયત્ન કે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે ત્યારે ત્યારે તેવા પ્રયત્ન કે પ્રવૃત્તિનો બનતો સામનો કરવાનું આ યુવક સંઘ ચુકશે નહિ.

(ઘ) આ યુવકસંઘનું મુખ્ય કાર્યક્ષેત્ર જૈન સમાજ રહેશે એમ છતાં પણ આ યુવકસંઘ રાષ્ટ્ર અને વિશાળ સમાજના હિતને પ્રાધાન્ય આપીને પોતાની પ્રત્યેક પ્રવૃત્તિનું સંચાલન કરશે અને રાષ્ટ્રહિતને બાધક એવી કોઇ પણ પ્રવૃત્તિ આ યુવક સંઘ કદિ હાથ ધરશે નહિ.

(ઙ) સામાજિક પ્રશ્નો પરત્વે આ યુવકસંઘની સર્વ પ્રવૃત્તિઓ નીચે જણાવેલ ધ્યેય અને ધોરણ સ્વીકારીને યોજવામાં આવશે.

(૧) સમાજરચના અને વ્યવહારમાં સ્ત્રી અને પુરૂષની સાર્વત્રિક સમાનતા સ્વીકારાવી જોઇએ.

(૨) જ્ઞાતિબંધનો, અનિષ્ટ લગ્નો, ફરજિયાત વૈધવ્ય, અસ્પૃશ્યત્વ આદિ કુરૂઢિયોનો નાશ થવો જોઇએ.

(૩) વ્યકિતસ્વાતંત્ર્યને સમાજજીવનમાં ખુબ અવકાશ મળવો જોઇએ.

(ચ) રાજકીય બાબતો પરત્વે સંપૂર્ણ સ્વાતંત્ર્યના ધ્યેયને આ યુવકસંઘ સ્વીકારતો હોઇને તે દિશાએ કાર્ય કરતી અને અહિંસા અને સત્યના માર્ગે પ્રજાજીવનનું નિયમન કરતી રાષ્ટ્રીય મહાસભાના વિવિધ કાર્યક્રમને આ યુવકસંઘ બને તેટલો સક્રિય ટેકો આપશે.

---

# સામયિક સ્ફુરણ

## 'આ હું કરૂં, આ મેં કર્યું'
## એ માનવી મિથ્યા વદે.

હું વચગાળે ગોપનાથ રહેતો હોવાથી તા. ૨૮ મી મે નું 'જૈન' મને મોડું જોવા મળ્યું. 'જૈન' પત્રના એ અંકમાં શ્રી ચીમનલાલ વાડીલાલ શાહનો 'સમાજને ચોપડે' એ મથાળા હેઠળ લગભગ નવ દશ કોલમનો એક બહુજ લાંબો લેખ મારા જોવામાં આવ્યો. આખો લેખ વાંચતાં મને ભારે કંટાળો ઉપજ્યો તેમજ ખુબ ગ્લાનિ થઇ. કંટાળો એટલા માટે કે આખા લેખમાં તેમણે કેવળ આપબડાઇની જ વાતો ભરી છે. ગ્લાનિ એથી કે આજ કાલ જુદા જુદા સ્થાને ઓછુંવત્તું કાર્ય કરતા યુવકો માટે સ્થાને સ્થાને તેમણે ફાવે તેવા કટાક્ષો કર્યા છે અને કેટલેક ઠેકાણે તેઓ ઔચિત્યની હદ વટાવી ગયા છે. માંગરોળ જૈન સભા સંબંધમાં તેમનું આખું લખાણ એક બચાવનામા જેવું છે. તેમના આક્ષેપો અને કટાક્ષોનો કશો પણ જવાબ આપવાની હું જરૂર જોતો નથી. કારણ કે સમાજ આજે સૌ કોઇને બરોબર જાણે છે. ઉતર પ્રત્યુત્તરથી કોઇ નવો પ્રકાશ પડવાનો નથી.

તેમની લેખમાળામાં અનેક વાતો તેઓ ઘુંટી ઘુંટીને લખે છે અને ખુબ હૈયાવરાળ કાઢે છે. તે જોઇને મિત્રભાવે એમ સુચવવા મન થઇ આવે છે કે તેમને લખવાની આટલી બધી શકિત સ્ફુરી આવી છે તો તે શકિતનો ઉપયોગ તેઓ સંયમ અને કરકસરથી કરે તો કેવું સારૂં ? એમ કરવાથી તેમને તેમજ સમાજને જરૂર વધારે લાભ થશે. પણ આજે લખ-લખ કરવાના અભખરામાં મારી આ સલાહ તેમને જરાપણ નહિ રૂચે એવો મને ભય રહે છે.

વળી તેઓએ શું શું કર્યું છે અને તેમના લખાણોનાં કેટલાં નોંધવા લાયક પરિણામો આવ્યા છે એ તેઓ વારંવાર ન જણાવે તો શું તેમની સેવા સમાજ વિસરી જવાની છે ? વળી આ બધું મારાથી થયું છે એમ કહ્યા કરવું એ પોતાની અલ્પતાને જ પ્રગટ કરવા બરોબર છે. અનેક સંયોગો અને કારણો એકત્ર મળે છે અને અમુક પરિણામ આવે છે. માનવી તો નિમિત્ત માત્ર છે. આ શ્રી ચીમનલાલને સમજાવવાની જરૂર છે ?

શ્રી ચીમનલાલને બીજી પણ વિનંતિ કરૂં—જો તેઓ માને તો—કે આજના યુવકોને, કાર્યકર્તાઓને, આગેવાનોને આક્ષેપો અને કટાક્ષોથી નવાજવામાં નિડરતા કે બહાદુરી ગણાતી હશે, પણ તેમાં નથી કશું ડહાપણ કે નથી કોઇનું કશું કલ્યાણ. આપણે બધા પામર માટીના માનવીઓ છીએ; અનેક ગુણદોષથી ભરેલા છીએ. સૌ પ્રેમથી મળીએ અને પ્રેમની વાણી વદીએ. બધાં સાથે મળીને જે કાંઇ કરી શકીશું એ એકમેકને ભાંડવાથી નથી થવાનું. તેઓ પણ યુવાન છે. કાંઇ કરવું એવી તમન્નાવાળા છે. તેઓ સમાજને બે નવા વિચાર આપે; સમાજ કલ્યાણનાં બે કામો કરે તો સમાજ તેમને જરૂર આદરથી જોશે અને પ્રેમથી વધાવશે.

'પ્રબુધ્ધ જૈન' ના ઉદ્દગમ અંગે તેઓની એવી કોઇ વિચિત્ર માન્યતા લાગે છે કે આ પાક્ષિક પત્ર માત્ર તેમનો સામનો કરવાનેજ ઉપસ્થિત કરવામાં આવ્યું છે. તેમને જો મારી પ્રામાણિકતામાં વિશ્વાસ હોય તો તેમને હું સ્પષ્ટપણે જણાવી શકું કે આ તેમની માન્યતા તદ્દન ખોટી છે—પાયા વિનાની છે. આ પત્રનું શું ધ્યેય અને કાર્યપ્રદેશ છે અને કઇ પધ્ધતિથી આ ચલાવવામાં આવનાર છે તે વિષે 'પ્રબુધ્ધ જૈન'ના પ્રથમ અંકનો અગ્રલેખ તેમણે જોયો હશે. જે કાંઇ આ પત્રમાં લખાય છે અને હવે પછી લખાશે તે સર્વ તેમાં સુચવેલ આદર્શને અનુરૂપજ છે કે હશે એમ કહેવું એ કદાચ વધારે પડતું ગણાય. પણ આ પત્રનાં સર્વ લખાણોમાં એ આદર્શને પહોંચી વળવાનો નિરન્તર પ્રામાણિક પ્રયત્ન તો રહેશેજ. જ્યારે એ આદર્શને છોડીને વ્યકિતગત આક્ષેપ વિક્ષેપના ચક્રાવામાં આ પત્ર પડી જશે, ત્યારે 'પ્રબુધ્ધ જૈન' પ્રબુધ્ધ જૈન નહિ રહે. આ બાબત ધ્યાનમાં લઇને શ્રી ચીમનલાલ મનઃકલ્પિત ભ્રમણામાંથી મુકત થાય અને નિર્ભય બને એવી મારી તેમને વિનંતિ છે.

( વધુ માટે જુઓ પાનુ છેલ્લું )

# નિર્વાણ ધામ કુશીનારા

બુદ્ધ ભગવાને કહ્યું હશે અથવા એમના કોઇ શિષ્યે એમના મોઢામાં મૂકયું હશે પણ ત્રિપિટક ગ્રંથમાં છે કે તથાગત જ્યાં જનમ્યા; જ્યાં એમને બોધી જ્ઞાન પ્રાપ્ત થયું, જે ઠેકાણે એમણે પોતાના સાથીઓને પહેલવહેલો ધર્મોપદેશ કરી ધર્મચક્ર ચલાવ્યું, અને જ્યાં તથાગતનું પરિનિર્વાણ થયું એ ચાર સ્થાનો બુધ્ધ ભગવાનને મતે અત્યંત પવિત્ર ગણાશે. અને દેશદશાન્તરના લોકો એ સ્થાનોની યાત્રાએ આવશે.

બુધ્ધ ભગવાનને જ્યાં બોધિ પ્રાપ્ત થઇ તે સ્થાન એટલે કે બૌદ્ધ ગયા સૌથી પ્રથમ જોવા પામ્યો હતો. વૈરાગ્યની મસ્તીમાં ઘર છોડી હિમાલય જતા વચમાં જે ત્રિસ્થળીની યાત્રા કરી હતી તે વખતે બૌદ્ધ ગયાનું સ્થાન જોયું હતું. બોધિ વૃક્ષ તળે અથવા એના કોઇ ઉત્તરાધિકારી છોડ તળે જ્યારે ઉત્કંઠ ભકિતથી સાષ્ટાંગ પ્રણિપાત કર્યા ત્યારે ગેબી અવાજ સંભળાયો! કે ત્યાગ કરવો પ્રમાણમાં સહેલો છે પણ એ ત્યાગને છાજે એવું જીવન વીતાડવું એ અઘરૂં છે.

એ દીક્ષા-વચનની અસર તળે જ હું એ ઠેકાણે ગયો જ્યાં બુદ્ધ ભગવાને પોતા પ્રત્યે અશ્રધ્ધા કેળવેલા ચાર સાથીઓને ધર્મોપદેશ કર્યો. સારનાથ એ એ સ્થાનનું આજનું નામ છે. મગદાવ અથવા ઋષિ પત્તન એને પહેલા કહેતા હતા. બનારસથી બહુ દુર નથી. સમ્રાટ અશોકે દુનિયામાં અત્યંત રૂપાળો એવો એક શિલાસ્તંભ ત્યાં ઊભો કર્યો હતો. આજે એ જ ઠેકાણે સ્વર્ગસ્થ અનગારિક ધર્મપાલ જેવાઓના પુરૂષાર્થથી મૂલગંધ કુટિવિહાર સ્થપાયો છે. અને એ વિહારમાં બુધ્ધ ભગવાનના અસ્થિઓના અવશેષ મૂકવામાં આવ્યા છે.

૮૦ વરસની અખંડ સેવાને અંતે બુધ્ધ ભગવાને પોતાનો દેહ જ્યાં છોડયો અને દુનિયાના તમામ સત્વોના અખંડ કલ્યાણની કામના જ પોતાની પાછળ રહેવા દીધી એ સ્થાન કેયારનું બોલાવતું હતું. બુધ્ધ શિષ્ય દિવ્યચક્ષુ અનુરૂધ્ધનો સત્સંગ મારે ત્યાં કરવો હતો.

તથાગતના પરિનિર્વાણનું સ્થાન તે કુશીનારા. ગોરખપુરની પૂર્વે ૩૦-૩૫ માઇલ ઉપર છે.

યુકત પ્રાંતમાં ગંગા માતાની સમૃધ્ધિને કારણે મોટા મોટા શહેરો ઘણાં છે. તેમાંયે ગોરખપુરનું આકર્ષણ વિશેષ છે. રામગઢ નામનાં એક વિશાળ તાલને કાંઠે વસેલું આ શહેર કોઇ પણ સમ્રાટની રાજધાની તરીકે શોભે એવું છે. ગોરખપુરથી કુશીનારાનો રસ્તો બાળકોના હૃદય જેવો સીધો અને યૌવનના ઉલ્લાસ જેવો ઉજ્જવળ છે. ડાંગરની ખેતીનો સમુદ્ર ચારે તરફ પથરાયેલો છે અને એની વચમાં વૃદ્ધ આંબાવાડીના બેટો દુરથી એકબીજા સાથે વાતો કરે છે. એક એક આંબાવાડી જાણે એક એક ધર્મ પરિષદ. એક ઠેકાણે સો બસો કુમાર આમ્રવૃક્ષો વચ્ચે આચાર્ય સમો એક વૃધ્ધ વૃક્ષ હતો. શું એ લોકો બૌધ્ધ ધર્મની ચર્ચા કરતા હશે? કે હિંદુ ધર્મમાં બૌધ્ધ ધર્મનું સ્થાન શું છે એનો નિર્ણય કરતા હશે?

કુશીનારામાં જોવા લાયક ત્રણચાર સ્થાનો છે. નવા સ્થાનોમાં શ્રી. જુગલકિશોર બિરલાએ હમણાં હમણાં બાંધેલી આલીશાન ધર્મશાલા અને ચંદ્રમણી કરીને આરાકાનના સાધુએ બાંધેલો પોતાનો મઠ.

ચંદ્રમણી સાધુ હિંદી ઠીક ઠીક બોલે છે. બૌધ્ધ સાહિત્ય એણે ભકતની નિષ્ઠાથી વાંચ્યું છે. અને જ્યારે અડવી અડવી લાગતી એની હિંદી ભાષામાં બુધ્ધ જીવનના પ્રસંગો એ વર્ણવે છે ત્યારે જાણે બુધ્ધકાલીન કોઇ ભોળો સાધુ ફરીવાર જન્મ ધારણ કરી જાતે જોએલી વાતો જ કહેતો હોય એવા રસથી અને એવી શૈલીથી આપણને એ નહવડાવે છે.

એના મઠમાં જે બુધ્ધની મૂર્તિ છે એનો પણ જાણવા લાયક ઇતિહાસ છે. કોઇ સ્કોટિશ અમલદાર એ મૂર્તિ હિંદુસ્તાનની કારીગરીના નમુના તરીકે વિલાયત લઇ ગયેલો. એના દીકરાના દીકરાને સૂઝી આવ્યું કે આવી પૂજાની મૂર્તિ આપણે ત્યાં એક શોભાની ચીજ તરીકે રાખીએ એ ઠીક નથી. એમણે વિવેકપુર્વક એ મૂર્તિ હિંદુસ્તાન પાછી મોકલી અને હવે એ કુશીનારામાં દેશદેશાંતરના બૌધ્ધ યાત્રીઓને કલ્યાણ ધર્મના આશીર્વાદ દેતી રહી છે. હિંદુસ્તાનમાંથી પરદેશ ગએલી અપ્રતિમ વસ્તુઓ જો આવી જ રીતે સ્વદેશ પાછી આવી જાય તો ઇંગ્લાંડ અને હિંદુસ્તાન વચ્ચે આધ્યાત્મિક બંધુત્વ સહેજે સ્થપાય. એ મૂર્તિ પાછી આપનાર ભાઇ બ્હેનોનો કાગળ જ્યારે મેં વાંચ્યો ત્યારે ઇંગ્લાંડ વિષે મારી વધતી જતી નિરાશા કાંઇક અટકી ખરી.

કુશીનારાની જુની વસ્તુઓમાં એક જૂની સુંદર મૂર્તિ છે. જેને ત્યાંના લોકો માથાકુંવરની મૂર્તિ કહે છે. માથાકુંવરનો કશો અર્થ ન થતો હોવાથી અને આ સ્થાન બુધ્ધ ભગવાનના મરણને કારણે પ્રસિધ્ધ હોવાથી કોઇકે ગોઠવી કાઢયું છે કે માથાકુંવર એટલે મૃતકુમાર.

આવી ઉટપટાંગ વ્યુત્પત્તિ ગળે ઉતરવી અઘરી છે. મેં સૂચવ્યું છે કે માથાકુંવર એ માયાકુંવરનો અપભ્રંશ હોવો જોઇએ. બુધ્ધ ભગવાનની માતાનું નામ માયાદેવી હતું એ તો બધા જાણે છે.

મૂર્તિની આસપાસની પ્રભાવળી ઉપરથી લાગે છે કે એ મૂર્તિ મધ્યકાલિન હોવી જોઇએ. માથાકુંવર કરીને કોઇ બુધ્ધપ્રેમીએ આ બૌધ્ધ મૂર્તિ અહિંના સંઘને અર્પણ કરી હશે. આજે એનો કશો ઇતિહાસ મળતો નથી.

કુશીનારામાં ખાસ તો એ જ વસ્તુ છે. જેમાં બુધ્ધ ભગવાને દેહ છોડયો, તે ઠેકાણે પ્રાચીન કાળમાં એક સ્તુપ હતો. એ ભાંગી ગયો હતો. બ્રહ્મદેશના એક દાની પુરૂષે એ સ્તુપ નવો બનાવી સોનાના વરખથી તેને મઢાવ્યો છે. આજે એ સ્તુપ સુર્યના કિરણોમાં જ્યારે ચળકે છે ત્યારે બૌદ્ધ પુનર્ ઉધ્ધારની અનેક આશાઓ એ આપી દે છે.

એ સ્તુપની આગળ બુધ્ધ ભગવાનની સિંહ શય્યામાં સુતેલી એક મોટી મૂર્તિ છે. એ મૂર્તિ પણ ભાંગીને એના કકડા થયા હતા. મથુરાના લાલ પત્થરની એ બનેલી હોઇ, એના વેરાયેલા કકડા સ્હેજે ભેગા કરી શકાયા. મૂર્તિના સર્જન એક અંગ્રેજે એ બધા ખંડિત અવશેષો એકત્ર કરી જોડી દીધા અને બૌધ્ધ યાત્રીઓએ એ મૂર્તિ પર સોનાનો વરખ ચઢાવી એ મૂર્તિને ફરી જીવતી જેવી કરી.

સિંહશય્યા એ બુધ્ધ ભગવાનનું સુવાનું મનપસંદ આસન હતું. માણસ જ્યારે જમણા હાથનું ઉશીકું બનાવી પડખા ઉપર સુઇ જાય છે અને જમણા પગ ઉપર ડાબો પગ અને એના ઉપર ડાબો હાથ મુકી દે છે ત્યારે એને સિંહશય્યા કહે છે. આ શય્યા પર સુઇ જવાથી ઓછી

નિંદ્રા લેવાથી પણ શરીરને સમાધાન રહે છે અને વૈદકીય દૃષ્ટિએ આ આસનના અનેક સારા ગુણો બતાવ્યા છે.

જે ઓટલા ઉપર આ મૂર્તિ સુવાડી છે એની બાજુ પર ત્રણ મૂર્તિઓ કોતરેલી છે. એમાં એક છે બૌધ્ધકાલિન દેશ વિખ્યાત વૈદ્ય જીવકની, વચલી મૂર્તિ છે તે ત્રિદંડી સન્યાસી સુભદ્રની, કે જે બુધ્ધ ભગવાનની અંતિમ ઘડીએ, એમની આગળ શંકા નિવૃત્તિ માટે આવ્યો હતો. ચરણની બાજુએ ગમગીન મૂર્તિ છે તે બુધ્ધ ભગવાનના અંતેવાસી આનંદની. આ ત્રણે વિષે જાણવા જેવું ઘણું છે. બૌધ્ધ સાહિત્યમાં આ ત્રણે વિષે ઘણું વિસ્તારપૂર્વક લખાયું છે.

આ સ્તૂપ અને આ સૂતેલી મૂર્તિ જોઇને અઢી ત્રણ હજાર વર્ષ પૂર્વેનું વાતાવરણ એકાએક જીવતું થાય છે પણ ચિન્તને વિશણ્ણ કરી પછી શાન્તિ આપનાર સ્થાન તો કુશીનારાથી લગભગ એક માઇલને છેડે આવેલાં ભગ્ન સ્તૂપનું છે.

આ સ્થાને બુધ્ધના અનુયાયીઓએ બુધ્ધ શિષ્ય અનુરૂધ્ધની સુચના પ્રમાણે તથાગતની કાયા લુગડામાં લપેટીને તેલની દોણીમાં મૂકી કશ્યપની આવવાની રાહ જોઇ હતી. કોઇ ચક્રવર્તિના ઠાઠથી કાયાનું દહન કર્યા પછી અગ્નિ અને રક્ષા માટે શિષ્યો અંદર અંદર કપાઇ મરતા બચી ગયા. અને એમણે એના આઠ નવ વિભાગ કરી એ ફુલ વેચી લીધા. સારનાથમાં હમણાં જે સોનાનું વાસણ સ્થપાયું છે તેમાં આ વિભાગના જ કેટલાક અવશેષો છે એમ સિધ્ધ થયું છે.

જ્યાં તથાગતના શરીરને અગ્નિદાહ આપવામાં આવ્યો ત્યાં અસાધારણ ઉંચો એવો એક સ્તૂપ બાંધવામાં આવ્યો હતો. એનું જ ખંડેર આજે એક ટેકરીના રૂપમાં દેખાય છે. અને એને માથે એક વિસ્તીર્ણ અને બહુ ઉંચો પીપળનો વૃક્ષ બૌધ્ધ ધર્મના સ્મારક તરીકે ત્યાંના પવન સાથે રમે છે. એ પીપળના વૃક્ષ જોઇ ગમે તે માણસને ગીતામાં વર્ણવેલા અશ્વત્થ વૃક્ષનું સ્મરણ થાય. એની ઉપર નીચે જનારી શાખાઓ એટલી બધી છે અને તે એટલી બધી ગુંચાળી થઇ ગઇ છે કે એને હિંદુ લોકોના સમાજ શાસ્ત્રની જ ઉપમા આપી શકાય. એ વૃક્ષ તળે એક ચીની સાધુ રહે છે. એનુ નામ સૂર્ય અથવા એવું જ કાંઇક છે. સરકારના પુરાતત્વ ખાતાએ એને ત્યાંથી ખસેડવાનો પ્રયત્ન કર્યો પણ એ પીપળના આશ્રયે રહેતા સરપની પેઠે એ ચીના સાધુને ખસેડવાની કોઇની હિંમત નથી. પીપળને માથે ડાળો વચ્ચે ઠેકાણે ઠેકાણે બેસવાની જગ્યા બનાવી એ સાધુએ પોતાની નિવન્ત રસિકતા પુરવાર કરી આપી છે. અને તુલસી રામાયણના અખંડ પાઠ ચલાવી એ ચીના સાધુએ બૌદ્ધ અને હિંદુ ધર્મની અભિન્નતા એટલી સચોટ રીતે સિધ્ધ કરી આપી છે!!

બુધ્ધ ભગવાનનો ઉપદેશ, એમનું જીવન, એમની પ્રેરણા અને એનો વિસ્તાર એ માનવી ઇતિહાસનો સહુથી મહત્વનો અને સહુથી મોટો ખંડ છે. એના પ્રતીક તરીકે આજે જે સ્થાનો આપણે ત્યાં રહ્યા છે તેમનું મહત્વ સેંકડો અને હજારો વર્ષ થયાં આપણે પૂરતું પારખી શકયા નથી.

બુધ્ધ ભગવાનનું જન્મસ્થાન લુંબીની દેવી હું હજી જોવા પામ્યો નથી એટલે એને વિષે અત્યારે કશું ન લખું. બુધ્ધ માતાના સ્મરણથી જે સ્થાન પવિત્ર થયું છે એનું માહાત્મ્ય મારે મન આ ત્રણે સ્થાનથી વધારે છે.

ઇસામસિહના જેરૂસેલમને કારણે ખ્રિસ્તીઓ અને ઇસ્લામીઓ દીર્ઘકાળ સુધી લડયા. બુધ્ધ ભગવાનના જીવન સાથે સંકળાએલા આ ચાર સ્થાનો માનવી વિગ્રહના કારણ થવાને બદલે તમામ એશીયાવાસીઓને જ નહીં પણ આખી માનવ કોટિને અવેરનો, પ્રેમનો, વિશ્વ કુટુંબત્વનો સંદેશો આપવાનું સાધન થશે એ વિશ્વાસે એ કલ્યાણ ધામોને અને એમની મારફતે વ્યકત થતાં કલ્યાણ ધમ્મને કોટિશઃ પ્રણામ.

પૂના. ૩૦-૫-૩૯ **કાકા કાલેલકર**

# જૈન યુવાનોનું એકીકરણ.

ક્રાંતિકારક વિચારો ધરાવનાર અને સામાજિક સુધારાના કાર્યમાં ફાળો આપી અગ્રપદે રહેનાર જૈન યુવાનોનું ધાર્મિક માનસ કાંઇક જુદી જાતનું જણાય છે. તેઓમાંના ઘણા યુવાનો ધાર્મિક માન્યતાને અને રૂઢીને ચુસ્ત રીતે વળગી રહી ચાલનારા છે. તેમને મન સાધુ મુનિરાજોના વચનો વેદ-વાકય છે; પુજા અને મંદિરોના શણગાર માટે થતો અતિરેક જરૂરનો લાગે છે; દેવદ્રવ્યને સમાજના ઉપયોગી કામમાં નજ વાપરી શકાય તેવી અંધ શ્રધ્ધાવાળો હોય છે. એટલે કે આ યુવાનો રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા હોવા છતાં ધાર્મિક અંધશ્રદ્ધામાં ડુબેલા હોવાથી યુવાનોનું સાચું એકીકરણ થઇ શકતું નથી. વળી આજનો યુવાન એટલે આર્થિક સ્થિતિમાં સંકડાયેલો અને તે મુશ્કેલી દુર કરવા સતત મહેનત કરતો યુવાન મનની અનેક કલ્પનાઓના હવાઇ કિલ્લા રચનારો હોય છે. તેમાંનો એક વર્ગ દિવસ રાત્રિના ચોવીસ કલાકમાં એક કલાકનો વખત પણ સમાજની રચના કરવામાં, તેને લાગુ પડેલા દરદોની સારવાર કરવામાં અને સડેલા દરદો નાબુદ કરવામાં આપી શકતો નથી. આજના યુવાનો મોટાઇ જાળવવામાં અને પોતાના વિચારોની વિરૂધ્ધ વિચાર ધરાવનાર માણસની ટીકા કરવામાં કલાકોના કલાક રસ લેતા હોવાથી યુવાનોમાં એકીકરણ થતું નથી. સૌ પોતાને આગેવાન માને છે અને જેમ ઉપરી અધિકારીઓ હાથ નીચેના અધિકારીઓને હુકમ કરવા ટેવાયેલા હોય તેવી રીતનું માનસ આપણા આ યુવકોનું હોય છે. મુંબઇ શહેરના યુવાનો એવા માનસથી મુકત થઇ સંગીન કાર્ય કરવાની જોખમદારી સ્વીકારી પોતાનું એકીકરણ જમાવે તો તેઓ સમાજને લાગુ પડેલાં અનેક અનિષ્ટોને દુર કરી શકે. મુંબઇનો જૈન સમાજ અત્યારે ઘણીજ દયામય સ્થિતિ અનુભવે છે. તેના પુર્વજોએ અનેક જાતના પ્રયત્નો કરી જૈન સમાજને મુંબઇમાં અગ્ર સ્થાન આપ્યું હતું એ અગ્ર સ્થાન અદ્રશ્ય થતું જાય છે. જૈન સમાજ હસ્તકના અનેક જાહેર ખાતાઓ જનતામાં ચર્ચાનો વિષય થઇ પડયો છે. જૈન એસોસીએશન ઓફ-ઇન્ડીયા, આપણા દેરાસરોનો ગેરવહીવટ અને તેને અંગે થતો સોલીસીટરોનો બેહદ ખરચો સંસ્થાઓ અને મંડળોમાં સત્તાની થતી મારામારી વિગેરે બાબતોમાં રસ લઇ યુવાનો પોતાનું એકીકરણ કરે તો ઘણોજ સુધારો કરાવી શકે તેમ છે. અને દરેક જગ્યાએ જોવામાં આવતી અંધાધુંધી દુર કરાવી શકે તેમ છે. મારા એ યુવાન બંધુઓને હું આગ્રહ કરૂં છું કે તેઓ પોતાનો થોડો સમય પણ યુવાનોનું એકીકરણ કરવામાં ફાજલ પાડે અને પોતાનું સંગઠન બળ વધારે.

**મણિલાલ મો. શાહ.**

## બાળકોના મુક્તિદાતા
## શ્રી. ગિજુભાઇ

ગિજુભાઇના અકાળ અવસાનથી સમસ્ત ગુજરાત કાઠિયાવાડની પ્રજામાં ભારે ગમગીની ફેલાઇ ગઇ છે. ગીજુભાઇને આજે કોણ નહોતું ઓળખતું ? જ્યાં માબાપ અને બાળકનો પ્રશ્ન ત્યાં ગિજુભાઇ હોય જ હોય. તેમની ખોટ માત્ર કુટુંબીજનો પુરતી નથી. બાળકોની દુનિયાએ સાચો પિતા ગુમાવ્યો છે. માબાપોએ સાચો સલાહકાર અને માર્ગદર્શક ગુમાવ્યો છે. છેલ્લાં વીસ વર્ષ દરમ્યાન બાળશિક્ષણના પ્રદેશમાં તેમણે જે ભગીરથ કાર્ય કર્યું છે તેનું આજે માપ આવવું મુશ્કેલ છે. તે વિષયમાં તેમણે આપણી આખી દ્રષ્ટિ પલટાવી નાખી છે. આગળની પેઢીને મન બાળક એક જ ધાટે ઘડાવા યોગ્ય પુદ્‍ગલ પિંડ અથવા તો કશાપણ સ્વત્વ



વિનાનું પ્રાણી હતું. આજે એજ બાળકને આપણે અનેક શક્યતાઓથી ભરપુર એક માનવશક્તિરૂપે જોઇ રહ્યા છીએ— બાળક પશુ મટીને માનવ બનેલ છે. હિંસતાનો અંશ બનેલ છે. આપણી આખી દ્રષ્ટિ અને વલણમાં આવો પલટો લાવનાર ગીજુભાઇ છે. બાળકો પ્રત્યે આપણું વર્તન હિંસા અને જુલમકારથી ભરેલું હતું. આજનો બાળકોને તેમના અહિંસા પ્રેમ, સહાનુભુતિ અને સહકારની બક્ષિસ આપનાર છે. બાલશિક્ષણ તેમજ બાળકો સાથેના આપણા વ્યવહારમાં ગિજુભાઇએ એક નવોજ યુગ પ્રવર્તાવ્યો છે.

આશ્ચર્યજનક તો એ છે કે શિક્ષણની દુનિયા સાથે તેમને લગભગ ત્રીસ વર્ષની વય સુધી લેશ માત્ર સંબંધ નહોતો. ત્યાં સુધી તેમને ભાગ્યેજ કલ્પના હશે કે બાલશિક્ષણનું નવવિધાન તેમના હાથે થવાનું નિર્માયું છે. તેમનો જન્મ કાઠિયાવાડમાં વળા મુકામે ઇ. સ. ૧૮૮૫ માં થયેલો. તેમના પિતા સદ્ગત ભગવાનજી બોટાદ વકીલાત કરતા. તેઓએ ભાવનગરના સ્ટેશન માસ્તર તરીકે જાણીતા થયેલા સુસ્મરણીય શ્રી હરગોવિંદદાસ અજરામર પંડ્યાને ત્યાં રહીને હાઇસ્કુલનું ઉચ્ચ શિક્ષણ સંપાદન કર્યું અને કોલેજના પ્રથમ વર્ષે પ્રીવીયસની પરીક્ષા પસાર કરી. શ્રી રામનારાયણ પાઠક કોલેજમાં તે વખતે તેમના સહાધ્યાયી અને સાથી હતા. પ્રીવીયસની પરીક્ષા પસાર કર્યા બાદ તેમણે કોલેજ છોડી, દ્રવ્યોપાર્જનને નિમિત્તે પૂર્વ આફ્રિકા તરફ તેઓ ઉપડયા અને કોઇ અંગ્રેજ વકીલની નોકરી કરીને ઠીક પૈસા એકઠા કર્યા. પણ આખરે આફ્રિકાના જીવનથી તેઓ કંટાળ્યા અને દેશમાં આવી કોઇ પ્રવૃત્તિ શોધી લેવાનો તેમણે વિચાર કર્યો. દેશ તરફ પાછા ફરીને તેમણે હાઇકોર્ટ પ્લીડરનો અભ્યાસ શરૂ કર્યો. તે વખતે શરૂઆતમાં તેઓ પરેલ ખાતે અરાનબાગમાં રહેતા અને વકીલાતનો અભ્યાસ કરતા. તે વખતે શ્રી રામનારાયણ પાઠક તેમજ શ્રી મહાદેવ દેસાઇ પણ એજ મકાનમાં રહેતા હતા. મહાદેવભાઇ સાથેની તેમની આજ સુધીની અખંડ મૈત્રીનો ત્યારથી પ્રારંભ થયેલો. આગળ ચાલતાં શ્રી પોપટલાલ ચુડગર સાથે પણ તેમની ઓળખાણ થઇ અને તેઓ બન્ને કેટલોક સમય ઘાટકોપરમાં સાથે રહ્યા. હાઇકોર્ટ પ્લીડરની પરીક્ષા પસાર કરીને તેઓએ વઢવાણ કાંપમાં થાણું નાખ્યું અને વકીલાત જમાવી. તે સમય દરમિયાન પોપટલાલ ચુડગર સાથે તેમનો સંબંધ વધારે ગાઢ થયો અને આગળ જતાં તેમની સાથે ભાગીદારીમાં પણ તેઓ જોડાયા. વકીલાતમાં તેઓ ઠીક ઠીક કમાતા. તેમની ઝીણવટભરી બુદ્ધિ અને દક્ષતાને અંગે તેમની ખ્યાતિ વધતી ચાલી. દરબાર ગોપાળદાસ પણ એ વખતે ત્યાંજ રહેતા હતા. અને વસોમાં તેમણે શ્રી છોટાલાલ પુરાણીની પ્રેરણાથી મોન્ટીસોરી પધ્ધતિનું એક બાળમંદિર ઉઘાડયું હતું. ગિજુભાઇ વકીલાત કરતા હતા પણ તેમાં તેમને ચેન પડતું નહોતું. તેમનામાં રહેલી અસાધારણ કાર્યશક્તિ, ભાવનાપરાયણવૃત્તિ, સમાજ તેમજ સાહિત્ય તરફનાં વલણો વઢવાણ કાંપની વકીલાતના નાના કુંડાળામાં પુરાઇ રહેવાની સાફ સાફ ના પાડતાં હતાં. વકીલાતના ધંધાની મેલી બાજુ તરફ તેમની ઘૃણા વધતી જતી હતી. વસોના બાળમંદિરે તેમને નવું દર્શન આપ્યું—નવો જીવનમાર્ગ રજુ કર્યો. વકીલાત છોડી શિક્ષક બનવા તરફ તેમનું મન ઢળવા લાગ્યું. ભાવનગરનું શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન એ વખતે શ્રી નૃસિંહપ્રસાદ કાળીદાસ ભટ્ટ કે જેઓ નાનાભાઇ નામથી ઓળખાય છે—ના નેતૃત્વ નીચે ખુબ ખીલી રહ્યું હતું અને કેળવણીકારોનું ધ્યાન ખેંચી રહ્યું હતું. પંડિત પુરૂષ શ્રી હરગોવિંદદાસ પંડ્યા જેમને ત્યાં રહીને તેમણે હાઇસ્કુલ તથા કોલેજનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું તેઓ પણ આ સંસ્થાના એક મુખ્ય સુત્રધાર હતા. કેળવણી અને શિક્ષણની ચાલુ પ્રથાથી છુટી પડીને આ સંસ્થા નવા પ્રયોગો કરી રહી હતી અને સ્વતંત્ર પધ્ધતિએ શિક્ષણ આપી રહી હતી ત્યાં ગિજુભાઇ આકર્ષાયા.

પરમાનંદ

(પાંચમા પાનાથી ચાલુ)

### શ્રી કાન્તિલાલભાઇ 'રાવસાહેબ'!

નામદાર શહેનશાહના જન્મદિવસ પ્રસંગે જે માનસંજ્ઞાની નવાજેશ કરવામાં આવી છે તેમાં શ્રીમાન કાન્તિલાલ ઇશ્વરલાલને 'રાવસાહેબ' નો ખીતાબ અપાયાની જાહેરાત કરવામાં આવી છે. આ સમાચાર આશ્ચર્યજનક તેમજ ખેદજનક છે. આશ્ચર્યજનક એટલા માટે કે શ્રી કાન્તિલાલભાઇને આજે જનતા જે રીતે જાણે છે તેની સાથે 'રાવસાહેબ' ના ઇલ્કાબનો કશો મેળ મળતો નથી. ખેદજનક એટલા માટે કે આ ઇલ્કાબથી તેમની કિંમત, પ્રતિષ્ઠા તેમજ ઉપયોગિતાને આજના સમયમાં ફાયદો થવાને બદલે નુકશાન પહોંચ્યું છે એમ મને લાગે છે. સરકારી ઇલ્કાબોની આજે કશી કિંમત રહી નથી. આજના પ્રગતિક યુગમાં સરકારી ઇલ્કાબધારીઓ લગભગ અસ્પૃશ્ય જેવી દશા ભોગવતા હોય છે. શુધ્ધ અને સુન્દર ગુજરાતી નામ સાથે 'રાવસાહેબ' નો મેળ પણ કેટલો કઢંગો છે ? રાજ્યસેવા સાધવાના મનોરથ સેવનારને આવા ઇલ્કાબ ગળાની બેડીરૂપ બને છે અને અમુક કરવા ન કરવાથી સરકાર શું ધારશે એવો ભય ઇલ્કાબ ધારનારના મનનો હંમેશાને માટે કબજો લે છે. જો પ્રસ્તુત ઇલ્કાબ ભુલચુકમાં શ્રી કાન્તિલાલભાઇના ગળામાં આવી પડયો હોય તો એ ગુલામી અને પરતંત્રતાની મનોદશાને પોષનારૂં માદળીયું જ્યાંથી આવ્યું હોય ત્યાં સહેલી તકે પાછું મોકલી આપવા શ્રી કાન્તિલાલભાઇને આગ્રહપુર્વક વિનંતિ કરવામાં આવે છે.

પરમાનંદ

આ પત્ર શશાંક પ્રેસ કોટ મુંબઇમાં છાપી પ્રકાશક અને તંત્રી શ્રી મણીલાલ મોકમચંદ શાહે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે પ્રગટ કર્યું છે.

સ્થાનકવાસી જૈન સમાજમાં પણ આવી રીતના આંતર કલહો છે. ત્યાં સાધુ સમુદાય આઠકોરી, દશકોરી, બારકોરી, અને સંપ્રદાયના જુદા જુદા પક્ષોમાં વહેંચાયેલો છે. છેલ્લા શ્રી. મીસરીમલજી મહારાજની બાબતમાં એ સમાજમાં ઉગ્ર વાતાવરણ ઉત્પન્ન થયું હતું અને સ્થાનકવાસી સંઘમાં તીવ્ર મતભેદ ઉત્પન્ન થયો હતો. આવા અનેક કારણોથી એમની કોન્ફરન્સની સ્થિતિ પણ મૂર્તિપૂજક કોન્ફરન્સના જેવીજ થઇ છે. દિગમ્બર જૈન સમાજમાં પણ પંડિત અને બ્રહ્મચારીઓ તેમજ જુના અને નવા વિચાર ધરાવનાર વચ્ચે સામાજીક તથા ધાર્મિક સુધારાના ઘર્ષણ ચાલુ થઇ મતભેદ વધતો જાય છે. આવી રીતે જૈન સમાજના મુખ્ય ગણાતા ત્રણ વિભાગો આંતર કલેશોથી છિન્ન ભિન્ન થતા જાય છે. તેથી સમાજના આગેવાનોને સમયને બરોબર ઓળખવા અને કાર્યની પદ્ધતિમાં સમય મુજબ ફેરફાર કરવા હું વિનંતિ કરૂં છું. સુધારકો અને વિદ્વાન બંધુઓને સમાજના કાર્યમાં રસ લેવા પ્રાર્થના કરૂં છું. અને યુવકોને આવા આંતરિક કલહોના ભોગ ન બનતા આત્મીય સંગઠન સાધીને રચનાત્મક પ્રવૃત્તિઓને બને તેટલું જોર આપવા આગ્રહ કરૂં છું.

મણિલાલ મોકમચંદ શાહ

# સામયિક સ્ફુરણ

## જૈન સમાજમાં આન્તર્જાતીય લગ્ન

જૈન સમાજમાં જેમનું નામ સારી રીતે જાણીતું છે એવા શ્રી હીરાલાલ અમૃતલાલ શાહના બીજા પુત્ર ભાઇશ્રી કાન્તિલાલે ગયા જુન માસની અઠ્ઠાવીસમી તારીખે એક અમેરિકન યુવતી સાથે સીવીલમેરેજ એક્ટ નીચે લગ્ન કર્યું છે. સમાજસુધારાની દ્રષ્ટિએ તેમના કુટુંબમાં આ બીજો બનાવ છે. તેમની મોટી પુત્રી લીલાવતી કેટલાક સમય પહેલાં શ્રી. અનંત પંડયા સાથે પરણેલ છે; અને આજે તેઓ બન્ને લંડનમાં રહે છે. ભાઇ કાન્તિલાલ મુંબઇમાં બી. એસ. સી. ના પહેલા વર્ષ સુધી અભ્યાસ કરીને ટેકસ્ટાઇલ એન્જીનિયરીંગના ખાસ અભ્યાસ માટે અમેરિકા ગયેલા. ત્યાં તેઓ લગભગ પાંચ વર્ષ રહ્યા અને મેસેચ્યુસેટસ યુનીવર્સીટીની એમ. એસ. સી. તથા એમ. ટી. ઇ. ની ડીગ્રી મેળવીને ત્રણ ચાર માસ પહેલાંજ હિંદુસ્થાન તરફ પાછા આવ્યા. અમેરિકાના નિવાસ દરમિયાન નક્કી કર્યાં મુજબ મીસ ગોલ્ડી ફ્રાન્સીસ નામની એક અમેરિકન યુવતી સાથે તેમણે મુંબઇ ખાતે હમણાંજ લગ્ન કર્યું. આવાં લગ્નો આપણે ત્યાં વિરલ થતાં હોવાથી આપણા સમાજમાં ટીકા અને ચર્ચાને પાત્ર બને એ સ્વાભાવિક છે. કેટલાક લોકો આવા બનાવથી ચમકે છે, ભડકે છે અને સમાજ રસાતાળ જવા બેઠો છે એમ કલ્પી નિઃશ્વાસ મૂકે છે. પણ જરાક ઉંડાણથી વિચારતાં આમાં ચમકવા, ભડકવા કે નિઃશ્વાસ નાંખવા જેવું કશુંજ નથી એમ લાગ્યા વિના નહિ રહે. આજે શિક્ષણ સંબંધમાં આપણે જે દિશાએ ગતિ કરી રહ્યા છીએ તેનું આ એક સ્વાભાવિક પરિણામ છે. આપણાં બાળકો આજે બાળલગ્નની બેડીમાંથી છુટાં થતાં જાય છે; છોકરો યુવાન થતા સુધી ભણે છે અને તદર્થે દેશ પરદેશ ભટકે છે. છોકરી પણ મોટી ઉમ્મર સુધી અપરિણીત રહે છે અને અભ્યાસ કરે છે. ભિન્ન ભિન્ન વર્ણના તેમજ ભિન્ન આચાર-વિચારના વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓ સાથે ભણે છે અને એક-મેકના પરિચયમાં આવે છે. સાથે ભણતાં અને ફરતાં હરતાં એકમેકના ઉચ્છેરભેદનો ધીમે ધીમે ઉચ્છેદ થતો જાય છે. અને સમાન કેળવણી, સમાન સંસ્કાર અને સમાન આચાર–વિચારના રંગે તેઓનું ચાલુ જીવન રંગાતું જાય છે. આને લીધે આજની ભણતી આલમમાં નાતજાતનો ભેદ લય પામતો જાય છે. અનુકૂળ પડે તે ખાવું અને ભાવિ સુખની જ્યાં પ્રતીતિ પડે તેની સાથે પરણવું. આવી ભાવના અને કલ્પનાની છાયા તેમના સર્વ આચાર તેમજ વ્યવહાર ઉપર પડતી જાય છે. પરદેશ અભ્યાસ કરવા જતાં આ ભાવના અને કલ્પના ઉગતા યુવક યુવતીના મન ઉપર વધારે સુદ્રઢ બને છે. આજના આન્તર્વર્ણ્ય કે આન્તર્જાતીય લગ્નો આ પ્રકારની સંસ્કાર–પરિસ્થિતિમાંથી ઉભાં થાય છે. આજે જેઓ વર્તમાન કેળવ-ણીના પંથે પોતાનાં બાળકોને વિચરતા કરે છે અને તદર્થે ઠીક ઠીક ઉંમર સુધી તેમને અપરિણીત રાખવાનું ઇષ્ટ ગણે છે તેમણે આ પરિસ્થિતિ બુધ્ધિપૂર્વક સમજી અને સ્વીકારી લેવી એ આવશ્યક છે. અને તે એટલા માટે કે આજે જે અન્યત્ર બને છે તે કદાપિ આવતી કાલે પોતાને ત્યાં બનવાનો પ્રસંગ આવે તો તેને એક સાહજિક પરિણામ તરીકે તેઓ સ્વીકારી લે અને પોતાના બાળકો વિષે અઘટિત ક્રોધ કે તિરસ્કાર ચિન્તવવાની ભૂલમાં તેઓ ન પડે.

પ્રસ્તુત લગ્ન આન્તરજાતિય હોઇને જરા વધારે સમા-લોચના માંગે છે. સાધારણ રીતે જ્યાં જેનાં મન, બુધ્ધિ અને રસવૃત્તિનો મેળ ખાય અને પરસ્પર પ્રકૃતિની અનુકૂળતા લાગે તેની સાથે તે પરણે તેમાં કોઇએ વાંધો ઉઠાવવો ન જોઇએ. તેમજ સમાજે ખોટી આડખીલી નાખવી ન જોઇએ. આવો સિધ્ધાન્ત સ્વીકારીએ તો પણ ઘણું ખરૂં એવાજ યુવક યુવતીઓ લગ્નથી જોડાય છે કે જેઓ એકજ વર્ગના, એકજ ધર્મના, એકજ સંસ્કૃતિના તેમજ સરખા આચાર-વિચારવાળા હોય છે. તેથી જ્યાં આ બધીજ સમાનતાનો લોપ થતો દેખાતો હોય ત્યાં લગ્ન સંભવી શકેજ કેમ અને કદિ એવું લગ્ન થાય તો તેઓ બન્ને દુઃખીજ થાય આવી માન્યતા સ્વીકારીને આપણે ચાલીએ છીએ. આના સમર્થનમાં જે કોઇ આવાં આન્તર્જાતીય દંપતી યુગલો સુખી ન નિવડયાં હોય એ તરફ આપણું ખૂબ ધ્યાન દોડે છે. જે લગ્નસંબંધ આપણા ચાલુ ધર્મ તેમજ આચારવિચારનો લગભગ પરિત્યાગ માંગે તે આપણને ન ગમે તે સ્વાભાવિક છે. આન્તર્જાતીય લગ્ન કરનાર યુગલને અહિંના કે પશ્ચિમનાં સમાજ સાથે ઓતપ્રોત થવામાં અસાધારણ મુશ્કેલીઓ ભોગવવી પડે છે એ રીતે વિચારતાં આવું લગ્ન કરનાર કાંઇક આંધળું સાહસ ખેડે છે એની પણ ના કહી નહિ શકાય. આમ છતાં પણ આવાં લગ્ન કરનાર કોઇ ભારે અધર્મ કે અનીતિ કરી બેસે છે એવી કલ્પના પણ કેવળ અજુગતી છે. વિશેષમાં જે દેશમાં નાતજાત ઘોળ અને વાડાની આટલી બધી જટિલ રચના સમાજવિકાસને રૂંધી રહી છે ત્યાં આવાં લગ્નો જે કોઇપણ કાળે અપવાદરૂપજ રહેવાના છે તે સમાજની આંખ ઉઘાડવા પુરતાં અને આજનો યુગ કઇ દિશા તરફ વહી રહ્યો છે તે દર્શાવવા પુરતા ઉપકારક છે એમ પણ કહ્યા વિના નહિ ચાલે.

પ.

## અખિલ હિન્દ મહાસમિતિઃ રાષ્ટ્રીય પાર્લામેન્ટ

૧૮૮૫ માં જે સ્થળે મહાસભાનો જન્મ થયો હતો ત્યાં મુંબઇના ગોવાળીયાટેંક મેદાનમાં—હિંદની રાષ્ટ્રીય પાર્લામેન્ટ સમી અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુના પ્રમુખપણા હેઠળ જુન માસના છેલ્લા સપ્તાહમાં મળી હતી. વિરોધ, મતભેદો અને આંતરિક કલહના તંગ વાતાવરણ વચ્ચે આ બેઠક મળી હોવા છતાં એકંદરે કાર્યવાહી સંતોષજનક નીવડી હતી. પ્રેક્ષકોની મોટી હાજરીની પ્રચારદ્રષ્ટિએ ગમે તેટલી કિંમત હોવા છતાં ચર્ચાની ગંભીરતા અને અગત્યના મુદ્દાઓની કેન્દ્રલક્ષિતા જાળવવામાં તમાસગીર પ્રેક્ષકોની હાજરી અમુક અંશે વિઘ્નરૂપ નીવડે છે એ સ્પષ્ટ જણાઇ આવતું હતું.

પેહેલા બે દિવસો તો બંધારણને લગતા કંટાળાજનક સુધારાની ચર્ચામાં ગયા. બીજા મંડળોના સભ્યોને મહાસભામાં જોડાવાનો પ્રતિબંધ, અને પ્રતિનિધિઓની ચુંટણીની પ્રથા આ બે તકરારી મુદ્દા ઉપર ઝુંબેશ જાગવાનો સંભવ હતો, પણ આ બન્ને સુધારા પડતા મૂકવામાં આવ્યા હોવાથી બંધારણ તો બહુ મતભેદ વગર પસાર થઇ ગયું. ખાસ સૂચક ફેરફારો બે થયા. એક તો જે માણસ ચુંટણી પહેલાં ૧૨ મહિના અગાઉથી મહાસભાનો સભ્ય નોંધાયો હશે તેનેજ હવેથી મહાસભામાં મતાધિકાર મળશે. અને બીજો સુધારો એ છે કે કોઇ પણ ચુંટણીમાં ઉભો રહેનાર ઉમેદવાર ચુંટણી પહેલાં ત્રણ વર્ષ સુધી ચાલુ સભ્ય હોવો જોઇએ. આ નિયમોથી બરાબર ચુંટણી સમયે ફુટી નીકળતા તકસાધુ ઉમેદવારો અને બીજાના હથિયાર બનતા લાલચુ મતદારો ઉપર અંકુશ રહેશે.

બીજા ઠરાવો પરદેશ વસતા હિંદીઓ—ખાસ કરીને દક્ષિણ આફ્રીકાના હિંદીઓ અને સીલોનને લગતા હતા. દક્ષિણ આફ્રીકાને લગતા ઠરાવમાં ત્યાંના હિંદીઓની વ્યાજબી લડત પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ કરવામાં આવી છે, અને જો ત્યાં હિંદીઓ લડત ઉપાડે તો હિંદના નૈતિક ટેકાનું વચન આપવામાં આવ્યું છે; તેમજ દક્ષિણ આફ્રીકામાં વસતા હિંદીઓને ત્યાંની સરકારે આપેલ વચનો તેમજ સ્મટસ—ગાંધી કરાર, કેપ ટાઉન કરારના થયેલ ભંગને વખોડી કાઢવામાં આવેલ છે. હિંદીઓને દ. આફ્રીકાના શહેરીઓ તરીકેના અધિકારો ભોગવવાનો ન્યાયપુરઃસર હક્ક છે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સીલોનને લગતો ઠરાવ આથી જરા હળવી ભાષામાં છે. સંસ્કાર અને બીજી ઘણી બાબતોમાં હિંદ સાથે સામ્ય ધરાવનાર આ સૈકાજુના પડોશી દેશ સાથે હિંદને કશી દુશ્મનાવટ કે વિખવાદ હોઇ શકે નહિ; તેથી બીજાઓની સ્વાર્થપ્રેરિત ઉશ્કેરણી અને ટૂંકબુદ્ધિથી સીલોન વસતા હિંદીઓ પ્રત્યે જે ગેરવર્તાવ દાખવવામાં આવ્યો છે તેનો માનભર્યો ઉકેલ લાવવા માટે સુલેહના દુત તરીકે પંડિત જવાહરલાલને મોકલવાનું ઠરાવવામાં આવ્યું છે. આશા છે કે સીલોન હિંદની આ શુભેચ્છાની કદર કરશે અને પંડિતજીના પ્રયાસો સફળ થશે; અને સીલોનમાં નોકરી કરતા હિંદીઓને એકાએક રૂખ્શદ આપવાના સીલોન સરકારના નિર્ણયની પુનઃ વિચારણા થશે.

બીજા બે ઠરાવો જેના ઉપર મહાસભાના બન્ને દળો વચ્ચે જબરી કાંડાકસી થઇ હતી એ મહાસભાના ઢીલા સ્ક્રુ (પેચ) ને મજબુત કરવાને લગતા હતા. એક ઠરાવ પ્રાન્તિક સમિતિની પરવાનગી વગર કોઇ પણ મહાસભાવાદી સત્યાગ્રહ કરી ન શકે તેને લગતો હતો. શ્રી જયપ્રકાશ નારાયણ અને આચાર્ય નરેન્દ્રદેવ જેવા સમાજવાદીઓ, સ્વામી સહજાનંદ અને ડો. સન્યાલ જેવા ઉદ્દામવાદીઓ તેમજ શ્રી સુભાષબોઝ અને પ્રોફેસર રંગાએ આ ઠરાવને કિસાન કામદારોના હિતોને ગુંગળાવી નાખનારો અને મહાસભાના વર્તમાન સત્તાધારી પક્ષની સત્તા જમાવવાના પગલાં તરીકે વખોડી કાઢયો હતો. પણ સભાના મોટા ભાગે શ્રી ભુલાભાઇ દેસાઇ અને સરદાર વલ્લભભાઇની વિચાર શ્રેણીને અનુમોદન આપ્યું હતું કે મહાસભાનો એક ભાગ રાજ્ય ચલાવે અને બીજો ભાગ પહેલા ભાગ સામે સત્યાગ્રહ કે બીજી લડત ચલાવે એ અસંગત અને અક્ષમ્ય વસ્તુ છે. પ્રધાનો ઉપર સીધો હુમલો કરી તેમને રાજીનામાં અપાવીએ એ એક વસ્તુ છે, પણ તેમને પ્રધાનપદ ઉપર ચાલુ રાખીને તેમની સામે બળવો કરવો એ કોઇપણ સંસ્થાને તોડી નાખનારી બેહુદી પરિસ્થિતિ છે. ૧૩૦ વિરૂદ્ધ ૬૦ મતની મોટી બહુમતિથી ઠરાવ પસાર થયો હતો. બીજો ઠરાવ પ્રધાનમંડળ સામેનો પ્રાન્તિક સમિતિનો મતભેદ જાહેરમાં ન છણવો તેને લગતો હતો. પ્રધાનમંડળોને પ્રાન્તિક સમિતિના કાબુથી સ્વતંત્ર બનાવવા, અને ચર્ચાથી પર બનાવવા એ વસ્તુ લોકશાસનની દ્રષ્ટિએ અહિતકારી અને પ્રાન્તિક સમિતિઓમાં અણવિશ્વાસ દાખવનારી છે. કારોબારી કે અખિલહિંદ સમિતિની સત્તા પ્રાન્તિક સમિતિઓમાંથી આવે છે. આથી પ્રાન્તિક સમિતિઓમાં અવિશ્વાસ દાખવવો અને તેના કાર્યપ્રદેશને મર્યાદિત કરવો એમાં મૂળ સંસ્થાના હિતને જોખમ છે ઠરાવ કરીને પ્રાન્તિક સમિતિના હાથ અને મ્હોં આવી રીતે બાંધી લેવાને બદલે જે પ્રાન્તિક સમિતિ પ્રધાનમંડળોના કાર્યમાં ગેરવ્યાજબી ડખલ કરતી હોય તેને કારોબારી એક પત્ર દ્વારા સૂચના આપી શકી હોત તો વધુ બ્હેતર હતું. જો કે બેઠકમાં મહાત્માજીએ હાજરી ન હોતી આપી; પરંતુ લગભગ બધા ઠરાવોની પાછળ તેમનું માર્ગદર્શન અને સલાહ સૂચન હોય તેમ જણાઇ આવતું હતું. સભાનું સંચાલન સેવામૂર્તિ રાજેન્દ્રબાબુએ જે કુનેહથી જે મીઠાશથી અને જે ત્વરિતબુદ્ધિથી કર્યું હતું તે તેમને જેબ આપનારૂં અને સર્વપક્ષોને ન્યાય આપનારૂ હતું.

### આંધળો ગોળીબાર

જૂના જમાનાના રજવાડી યુધ્ધોમાં ઘણા એવા બનાવો બન્યા છે કે કિલ્લો લશ્કરના આગલા ભાગે સર કર્યો હોય છતાં એજ લશ્કરનો એક ભાગ—ગોલંદાજ વગેરે ઉત્સાહના આવેશમાં અને આજુબાજુની ધમાધમીની ઘેલછામાં કિલ્લા ઉપર ગોળાઓ ફેંક્યેજ રાખે છે અને પરિણામે પોતાના લશ્કરનેજ હાનિ પ્હોંચાડે છે.

આવુંજ કાંઇ અત્યારે મહાસભાના ઇતિહાસમાં બની રહ્યું છે. હિંદના અત્યાર સુધીના સર્વ દુઃખો—રાજકીય, સામાજીક, આર્થિક—માટે મહાસભા સરકાર ઉપર દોષારોપણ કરતી આવી છે. પ્રજાકીય રોષની તોપનું મોઢું આજ છેલ્લા ૫૦ વર્ષથી સરકાર પ્રત્યેજ ગોઠવાયું હતું; અને એજ લક્ષ્ય ઉપર તોપનો મારો થતો હતો; પણ અત્યારે સરકારી કિલ્લામાં મિત્રો બેઠા હોવાથી તોપનું લક્ષ્ય બદલવું જોઇએ એ વાત આ ઉત્સાહી ગોલંદાજોને ખ્યાલમાં આવી નથી, અને જુની પ્રણાલિ પ્રમાણે તોપના ગોળા—અલબત્ત વાણીના—છોડયેજ જાય છે. આ અતિ ઉત્સાહીઓને કોણ સમજાવે કે નિશાન બદલો; આપણા લશ્કરમાંજ ગાબડાં પડે છે! જ.

# બાળકોના મુકિતદાતા

## શ્રી. ગિજુભાઇ

(ગતાંકથી ચાલુ)

ઇ. સ. ૧૯૧૬ લગભગમાં તેઓ ભાવનગરના શ્રી. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં જોડાયા. શરૂઆતમાં તેઓ વિનયમંદિરમાં શિખવતા, પણ તેમનું ધ્યાન બાલશિક્ષણના પ્રશ્ન ઉપરજ ખેંચાયલું રહેતું એ વખતની નિશાળોમાં થતી બાળકોની દુર્દશા અને દમન જોઇને ગિજુભાઇનો આત્મા ખુબ ત્રાસ પામતો અને એમાંથી કાંઇને કાંઇ માર્ગ કાઢવોજ જોઇએ અને બાળકોને બચાવવા જોઇએ એ પ્રકારનું મંથન તેમના આત્માને હલાવી મૂકતું. ગિજુભાઇ ભાવનગર આવ્યા ત્યારે તેમને એક બાળક હતું. 'બચુ' નામથી તેને સૌ ઓળખતા. આજે તો એ 'નરેન્દ્ર' નામથી ઓળખાય છે અને પિતાની પેઢી સાચવતો હોય તેમ જામનગરનું બાળમંદિર સંભાળે છે. બચુ મોટો થતો ગયો તેમ તેના શિક્ષણનો પ્રશ્ન આગળ આવવા લાગ્યો, તે વખતની ધુળી નિશાળમાં બચુને મોકલવાની ગિજુભાઇની સંસ્કારી બુધ્ધિએ ચોખ્ખી ના પાડી. આવા મુલાયમ છોકરાને ધુળી નિશાળની ભઠ્ઠીમાં કેમ મોકલાય? મેડમ મોન્ટીસરી આધુનિક કાળમાં બાલશિક્ષણની મોટી પ્રણેતા છે. તેની શિક્ષણપધ્ધતિએ યુરોપની બાલશિક્ષણની-પદ્ધતિમાં મોટી ક્રાન્તિ ઉપજાવી છે. તેમનાં પુસ્તકો ગિજુભાઇના વાંચવામાં આવ્યાં. તે પુસ્તકોએ ગિજુભાઇની મુંઝાયલી મતિને નવો માર્ગ દેખાડયો;



બચુને કેળવણી કેમ આપવી એ પ્રશ્નના સંશોધનમાં આખી ગુજરાતની તો શું પણ ભારતવર્ષની આલમના બાળકોની કેળવણીના વિકટ પ્રશ્નનું સમાધાન તેમને જડી આવ્યું. ઇ. સ. ૧૯૧૮ લગભગમાં દક્ષિણામૂર્તિના આશ્રય નીચે તેમણે એક નાનું સરખું બાલમંદિર ખોલ્યું. કોઇ આ પ્રયોગને હસવા લાગ્યા; કોઇ આ પ્રયોગને કુતુહલથી જોવા લાગ્યા. ગિજુભાઇએ પોતાનો પ્રયત્ન ચાલુ રાખ્યો. મોન્ટીસરીનાં પ્રતિપાદનોને જેમ જેમ સતત અવલોકન અને અનુભવનું સમર્થન મળતું ગયું તેમ તેમ તેમની તે પધ્ધતિમાં શ્રદ્ધા દૃઢ થતી ગઇ અને તેમના કાર્યમાં વધારે ને વધારે જોમ આવતું ગયું. અમે બધાં મિત્રો પણ તેમની નવી પ્રવૃત્તિમાં ખુબ રસ લેવા લાગ્યા. તે વખતની તેમની ધુન કોઇ અજબ પ્રકારની હતી. જેમ ગાંધીજી ખાદી અને રેંટિયાની વાતો કરતા થાકે નહિ તેમ તેઓ બાળકો અને બાલશિક્ષણની વાતો કરતાં થાકતાજ નહિ. જ્યારે આ વિષય ઉપર તેઓ બોલવા માંડે ત્યારે અમારે તેમને મુગ્ધ ભાવે સાંભળ્યાજ કરવાના હોય. અમારામાંના એક શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહે શ્રી. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનને એક ટેકરી ઉપર ભવ્ય બાલમંદિર બંધાવી આપ્યું. આ બાલમંદિર બાલશિક્ષણની એક મોટામાં મોટી પ્રયોગશાળા બની ગઇ. ગામ પરગામના દેશપરદેશના લોકોને આ બાલમંદિર એક યાત્રાસ્થાન બની ગયું. ગંદી શેરીઓમાંથી ઉપવનમાં જતાં જે શાન્તિ, સૌરભ અને તાજગીનો અનુભવ થાય છે તેજ ધુળી નિશાળનાં સ્મરણો સંઘરીને આવનારને આ મંદિરમાં થતો. ધીમે ધીમે દક્ષિણામૂર્તિનું બાલમંદિર મોન્ટીસરી પદ્ધતિનું મોટામાં મોટું પ્રચારકેન્દ્ર બની ગયું. તેના ધોરણે સ્થળે સ્થળે એક પછી એક બાલમંદિરો ખુલવા લાગ્યાં. સૌ. તારાબહેન મોદક જેઓ તે વખતે રાજકોટ ટ્રેનીંગ કોલેજમાં કામ કરતાં હતાં તે પણ આ બાલમંદિર તરફ આકર્ષાયાં, અને ગિજુભાઇ સાથે બાલશિક્ષણ કાર્યમાં જોડાયાં. કાળાન્તરે ગિજુભાઇએ મોન્ટીસરી સંઘની સ્થાપના કરી; શિક્ષણપત્રિકા શરૂ કરી. બાલસાહિત્યનો વરસાદ વરસાવવા માંડયો; શિક્ષણવિજ્ઞાન તેમજ મોન્ટીસરી પધ્ધતિ ઉપર ગિજુભાઇએ એક પછી એક ઉપયોગી અને પ્રમાણભૂત ગ્રંથો પ્રગટ કરવા માંડયા: સ્થળે સ્થળેથી ગિજુભાઇને આ નવી પધ્ધતિની સમજુતી આપવા માટે નિમંત્રણો આવવા લાગ્યાં: ગિજુભાઇએ ગામેગામ મોન્ટીસરી પધ્ધતિની ઉદ્ઘોષણા કરી. વ્યાખ્યાનો અને પ્રવચનો, ચર્ચાપત્રો અને પત્રિકાઓ વગેરે વિવિધ સાધનો વડે આખી ગુજરાત તેમજ કાઠિયાવાડની જનતાને જાગ્રત કરી શિક્ષણ પત્રિકાની મરાઠી આવૃત્તિ પણ નીકળવા લાગી. જે સાહિત્યશકિતનું જ્યારે ગિજુભાઇ ઇસ્ટ આફ્રિકામાં હતા ત્યારે પત્રો અને કાવ્યો દ્વારા ગુજરાતની જનતાને કેટલાંય વર્ષો પહેલાં આછું આછું ભાન કરાવેલું. એ સાહિત્યશકિતએ તેમના વિપુલ બાલસાહિત્યને ખુબ સમૃધ્ધ બનાવ્યું. શંકાશીલ મા-બાપોના, નવદીક્ષિત શિક્ષકોના, પુરાણી પ્રથામાં ખુંચી ગયેલા પંતુજીઓના પારવિનાનાં પત્રો આવતા અને તે સર્વને સમાધાનકારક જવાબ આપતાં ગિજુભાઇ થાકતા નહિ. જ્યારે માણસને કોઇ પણ કાર્ય માટે અંદરથી પ્રેરણા ઉઠે છે ત્યારે તે કોઇ જુદીજ કાર્યશકિત દાખવે છે. તેની વાણી અને લેખનમાં કોઇ જુદુંજ જોમ આવે છે. તેના હલનચલનમાં કોઇ જુદીજ ચેતના દેખાય છે. ગિજુભાઇ આવાજ એક મીશનરી બની ગયા અને આખા બાલશિક્ષણને તેમણે નવોજ પલટો આપ્યો.

આ નવી મોન્ટીસરી બાલશિક્ષણ પધ્ધતિ એટલે શું- આગળની પ્રથામાં અને આ પધ્ધતિમાં શું તફાવત-તેનો કાંઇક ખ્યાલ આપવામાં ન આવે ત્યાં સુધી ગિજુભાઇના મહાન કાર્યનો યથાર્થ ખ્યાલ આપવો શકય નથી. મોન્ટીસરી પધ્ધતિનો પુરો ખ્યાલ આપવો અહિં શકય નથી. પણ ટુંકાણમાં કહીએ તો આ મોન્ટીસરી પધ્ધતિ આપણા કેટલાક પૂર્વગ્રહોનો મૂળમાંથી નિષેધ કરે છે અને સાથે સાથે કેટલાક નવા સિધ્ધાન્તો રજુ કરે છે. બાળક સર્વને આપણે લગભગ સરખા માનતા. બાળકના વ્યકિતત્વને આપણે કદિ વિચારતાજ નહિ. કોઇપણ બાળક સ્વેચ્છાએ ભણે એ આપણે સ્વીકારતાજ નહિ. શિક્ષણ કે કેળવણી એ બહારથી અંદર સંચાર કરવાની વસ્તુ છે એમ માનીને આપણે આપણો સર્વ શિક્ષણવ્યવહાર યોજતા. એકજ કાળે એકજ બાબત દરેક બાળકે શિખવીજ જોઇએ એમ આપણે માનતા અને વર્તતા. બાળકનું વલણ કે વૃત્તિનો આપણે કદિ ખ્યાલ કરતાજ નહિ. સમજાવટથી

બાળક ન ભણે ત્યાં બળજોરીથી પણ બાળકને ભણાવવુંજ રહ્યું એ વિચારની આપણા માનસ ઉપર ઉંડી જડ બેઠેલી હતી. મોન્ટીસરી પધ્ધતિ કહે છે કે આ બધું ખોટું અને બાલશકિતનું રૂંધન કરનાર છે. આ પ્રથાએ અનેક ઉગતી શકિતઓને છુંદી નાંખી છે અથવા તો અકાળે કરમાવી દીધી છે. આસપાસનું જ્ઞાન મેળવવું એ બાળસ્વભાવમાંજ રહેલું છે. બાળકનો જન્મ થાય ત્યારથી પોતાના જ્ઞાનમાં બને તેટલો વધારો કરવાને દરેક બાળક પ્રયત્નશીલ હોયજ છે. એટલે આપણે બાળકને ભણાવીએ છીએ એ મિથ્યા અભિમાન છે. દરેક બાળક ભણે છે અને ભણવા માંગે છે. ભૂલ માત્ર ત્યાં થાય છે કે જે વખતે જે વસ્તુ ઝીલવાને--ગ્રહણ કરવાને-તે તૈયાર હોતો નથી તે વખતે તેની ઉપર તે વસ્તુ ઘોંચવામાં આવે છે. પરિણામે બાળકને ભણવા ઉપરજ અણગમો થાય છે અને ભણવાથી તે ભાગે છે. જો યોગ્ય વાતાવરણ ઉભું કરવામાં આવે, અને યોગ્ય સાધનો એકઠાં કરીને તેની વચ્ચે બાળકને મૂકવામાં આવે અને શું કરવું શું ન કરવું તે બાબત બાળકના ઉપર છોડવામાં આવે તો બાળક પોતાનાં વલણ મુજબ એક યા બીજી બાજુએ ખેંચાવાનોજ છે અને આસ-પાસનાં સાધનો દ્વારા કેળવણી પામવાનોજ છે. આ શ્રધ્ધા, ખંત, તેમજ ધીરજ પૂર્વકાળના મા-બાપોમાં કે શિક્ષકોમાં બીલકુલ નહોતી. પરિણામે બાળકો એકજ ઘંટીમાં પીસાતાં અને એકજ ઘરામાં ગોઠવાતાં. મોન્ટીસરી પધ્ધતિથી બાળક ખોટા ત્રાસમાંથી મુકત બને છે, તેની સર્વ પ્રવૃત્તિ સ્વયંપ્રેરિત બને છે; પોતામાં રહેલી વિશેષતાઓ આપોઆપ પ્રગટ કરે છે, અને વિનાશ્રમે જરૂરી કેળવણી પ્રાપ્ત કરે છે. વળી બાળકમાં રહેલી શકયતાઓને વિચક્ષણ શિક્ષક સહેલાઇથી શોધી કાઢે છે, જે તેના ભાવી શિક્ષણનો ક્રમ ઘડવામાં ખૂબ મદદરૂપ બને છે.

બીજું મોન્ટીસરી શિક્ષણ એટલે સર્વાંગી બાલશિક્ષણ. ચાલુ શિક્ષણ પ્રથા બાળકની આંખ તેમજ હાથનોજ મુખ્ય ઉપયોગ હતી અને અંકજ્ઞાન અને અક્ષરજ્ઞાન આપવામાંજ પોતાની કૃતાર્થતા માનતી હતી. મોન્ટીસરી પધ્ધતિ સર્વ ઇન્દ્રિયોના વિકાસ અને કેળવણી ઉપર ખૂબ ભાર મૂકે છે. અને અનેક વિષયો-અથવા પ્રવૃત્તિઓનો બાળકના અભ્યાસ-ક્રમમાં સમાવેશ કરે છે.

ત્રીજું મોન્ટીસરી પધ્ધતિ બાળકની કેળવણી ત્રણ વર્ષની ઉમ્મરથી શરૂ કરે છે જયારે જૂની પ્રથા મુજબ બાળક પાંચ વર્ષનું થાય ત્યાંસુધી બાળકને ભણાવવાનું કોઇ વિચાર સરખો કરતું નથી.

આ પ્રકારની શિક્ષણપધ્ધતિ નીચે ભણતું બાળક સુખપૂર્વક ફાલે છે, ફુલે છે અને આનંદમાં મહાલે છે. આગળની પધ્ધતિ નીચે ભણતું બાળક કરમાય છે, ચગદાય છે, છુંદાય છે. આજે બધી બાળશાળાઓએ મોન્ટીસરી પધ્ધતિનો અંગીકાર કર્યો નથી, પણ તેનાં કેટલાંક તત્ત્વોનો અમલ સર્વત્ર સ્વીકારાયો છે. આજે બાળક હોંશે હોંશે નિશાળે દોડે છે અને અનિચ્છાએ ઘેર પાછો ફરે છે. આજનો બાળક માત્ર એકડા કે ક, ખ, ગ, ઘ, ઘુંટતો નથી, તે ગાય છે, નાચે છે, ચિતરે છે અને માટીનાં પુતળાં પણ બનાવે છે.

બાળશિક્ષણના પ્રદેશમાં આ એક મોટામાં મોટી ક્રાન્તિ છે. આ ક્રાન્તિ નિપજાવવાનો યશ ગિજુભાઇનો છે. આપણા ગુજરાત કાઠિયાવાડમાં મોન્ટીસરી પદ્ધતિ દાખલ કરવાનો પહેલો વિચાર શ્રી છોટુભાઇ પુરાણીને સૂઝ્યો હતો. અને તે મુજબ દરબારસાહેબ ગોપાળદાસની મદદથી તેમણે વસોમાં બાલમંદિર પણ ખોલ્યું હતું અને મોન્ટીસરી પધ્ધતિ ઉપર પ્રથમ પુસ્તક પણ તેમણે લખ્યું હતું. પણ આખા દેશને આ દિશાએ જાગ્રત કરવાનું અને બાળકો સંબંધમાં આખી પ્રજાનું માનસ બદલવાનું કામ તો ગિજુભાઇએજ કર્યું. તેમના અનવરત પ્રયાસ અને સતત પ્રચારના પરિણામે આજે દેશભરમાં મોન્ટીસરી પધ્ધતિએ ચાલતાં અનેક બાલ-મંદિરો ઉભા થયાં છે અને અનેક જુની બાલકેળવણીની સંસ્થાઓ નવો સંસ્કાર પામી છે; સંખ્યાબંધ બાલઅધ્યાપકો તૈયાર થઇ શકયા છે અને પુષ્કળ બાલસાહિત્ય પ્રગટ થયું છે. પહેલાં તો પાંચ વર્ષનું બાળક થયું કે તેને ચાલુ કોઇ પણ ધુળી કે સરકારી નિશાળે ધકકેલી દેવામાં આવતું. આજે દરેક સંસ્કારી મા-બાપ પોતાના બાળકને કેમ કેળવવું એનો ગંભીર-પણે વિચાર કરતા થયેલ છે. આજની બાળશાળા બાળકોનું એકસરખું દમન કરતું કેદખાનું કે કારખાનું નથી રહેલ પણ ગમત સાથે જ્ઞાન આપતું ક્રીડાંગણ બની ગયેલ છે. આ સર્વ પરિવર્તન ગિજુભાઇના તપ અને વીશ વીશ વર્ષની અખંડ સાધનાને આભારી છે.

ગિજુભાઇનો શિક્ષણના પ્રદેશમાં બીજો મહત્વનો ફાળો અક્ષરજ્ઞાનની યોજનાને લગતો છે. બાળકો તો તણાવા લાગ્યા, વિકસવા લાગ્યા પણ મોટી ઉમ્મરના લાખો અભણ સ્ત્રી-પુરૂષોને વાંચતાં લખતાં કેમ કરવાં ? આ માટે તેમણે અક્ષર-જ્ઞાનની યોજના તૈયાર કરી. પ્રૌઢ ઉમ્મરનાં સ્ત્રી-પુરૂષોને નાનાં બાળકોને ભણાવવાની પધ્ધતિથી ભણાવી નજ શકાય. ઘરગતુ શબ્દો તથા વાકયોદ્વારા અક્ષરોની ઓળખ તેમજ પરિચય કરાવી સાદા વાંચન તરફ અભણ માણસોને કેમ લઇ જવા અને સાદી વાતોદ્વારા નવું નવું જાણવા અને તે માટે વાંચ-વાનો રસ તેઓમાં કેમ ઉત્પન્ન કરવો એની આ યોજનામાં ગોઠવણ કરવામાં આવી છે. એ માટે જુદી જુદી કોટિનાં પ્રવેશ પુસ્તકો પણ તેમણે રચ્યા છે. આ યોજનાની મદદથી કોઇપણ સાધારણ શિક્ષણ પામેલો યુવાન કે યુવતી પોત-પોતાનાં ગામનાં અભણ ભાઇબ્હેનોને બહુજ થોડા વખતમાં અને અતિ અલ્પ સાધનો વડે વાંચતાં અને અનુક્રમે લખતાં કરી શકે છે. આજે મુંબઇ સરકાર તરફથી પ્રૌઢશિક્ષણની યોજનાનો બહુ મોટાપાયે અમલ શરૂ થયો છે. અને ગિજુ-ભાઇએ રજુ કરેલ પધ્ધતિ ઉપરજ આ કાર્ય ચાલી રહ્યું છે. ગિજુભાઇની આ સેવા પણ કાંઇ નાનીસૂની નથી.

ગિજુભાઇ શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં વીશ વર્ષની સેવા આપવાની સમજુતિએ આજીવનસભ્ય તરીકે જોડાયા હતા. તે વીશ વર્ષ તેમણે ૧૯૩૭ ના જુન માસમાં પુરાં કર્યાં અને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનથી તેઓ છૂટા થયા. આ પ્રસંગે તેમની અખંડ સેવાની કદરરૂપે તેમના મિત્રો અને પ્રશંસકોએ તેમને રૂ. ૧૦૦૦૦)ની થેલી અર્પણ કરી હતી. આ રકમ પણ તેમણે બાલશિક્ષણના કાર્યમાંજ વાપરવાની ઇચ્છા જાહેર કરી હતી. દક્ષિણામૂર્તિથી છુટા થવા છતાં તેમનું કાર્ય તો તેમણે ચાલુજ રાખ્યું. સદ્દગત સુપ્રસિધ્ધ કેળવણીકાર શ્રી. મોતીભાઇ નરસિંહભાઇ અમીને ગિજુભાઇને નિમંત્રણ આપીને ચરોતર એજ્યુકેશન સોસાયટીના આશ્રય નીચે આણંદમાં બાલ અધ્યાપન વર્ગો ખોલ્યા. અહિં મોતીભાઇએ

તેમનું જે કામ જોયું તેથી તેઓ ખૂબ મુગ્ધ થયા હતા અને તેમની મુકતકંઠે પ્રશંસા કરતા હતા. આવી શકિતનો આખા પ્રાન્તની બાલકેળવણીના નવા ઘડતરમાં કેમ ઉપયોગ થાય તેની યોજના તેઓ વિચારી રહ્યા હતા અને જવાબદાર માણસો સાથે ચર્ચી રહ્યા હતા. દેશના કમનસીબે આજે આપણી વચ્ચે એ બેમાંથી એકની પણ હયાતી ન રહી. છેલ્લું આખું વર્ષ ગિજુભાઇ રાજકોટમાં રહીને મિત્રોની સહાયથી ઉભું કરવામાં આવેલું બાલઅધ્યાપન મંદિર ચલાવી રહ્યા હતા. આ અધ્યાપન-મંદિરમાં ગુજરાત કાઠિયાવાડમાંથી સંખ્યાબંધ ભાઇબહેનો તેમની નીચે તાલીમ લઇ રહ્યાં હતાં. ગયા જાન્યુઆરીમાં વ્યવસાયના કારણે મને રાજકોટ જવાનું બનેલું. તે પ્રસંગે તેમની સાથે મેં બે ત્રણ કલાક ગાળ્યા હતા અને તેઓ જે કાર્ય કરી રહ્યા હતા તે નજરે જોવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. ત્યાંના ધોરણે મુંબઇમાં અધ્યાપન વર્ગો ખોલવાની યોજના અમે વિચારી હતી. ગિજુભાઇ એ વખતે તો ઠીક ઠીક તન્દુરસ્ત લાગતા હતા. દમનો વ્યાધિ તો તેમને વર્ષો થયાં પીડતો હતો અને એને લીધે નાની મોટી માંદગીના હલ્લા તેમની ઉપર અવારનવાર આવ્યાજ કરતા. તેમનું શરીર આમેય તે સુકલકડી હતું. અને માંદગીઓથી પછડાયા કરતું હતું. આમ હોવા છતાં તેમણે કદિ આરામ કે વિરામનો વિચાર કર્યોજ નહોતો. તેમની તપસ્યા એકધારી હતી; તેમનો ઉત્સાહ અદમ્ય હતો. પોતાના કાર્ય પાછળ શરીરને તેઓ ઘસડ્યે જતા હતા. પણ શરીર અને તે પણ ગિજુભાઇનું હાડપિંજર જેવું શરીર-આ ઘસારો કયાં સુધી ખમે? એપ્રિલ માસથી તેમની તબિયતનો કાંટો ખરડાવા લાગ્યો; તાવ આવવો શરૂ થયો; ત્યાંના ડાકટરોએ ક્ષય રોગની ભીતિ દર્શાવી. મે માસમાં રાજકોટ છોડી તેઓ દેવલાલી ગયા; ત્યાં ઠીક નહિ રહેવાથી પંચગની ગયા. જુનની ત્રીજી તારીખે તેમને ડાબા પડખે પક્ષાઘાતની અસર જણાવા લાગી, અને જીભ પણ પકડાઇ; વાણી લગભગ બંધ થઇ. પંચગનીમાં આવા વ્યાધિના ઉપચારનાં સાધનો શું હોય? જુનની પંદરમી તારીખે તેમને મુંબઇ સર હરકીસનદાસ હોસ્પીટલમાં લાવવામાં આવ્યા. મુંબઇ આવ્યા બાદ પ્રારંભમાં થોડો થોડો સુધારો દેખાવા લાગ્યો અને કદાચ આરામ આવી જશે એવી આશા બંધાવા લાગી. હોસ્પીટલમાં તેમના અનેક સ્નેહીઓ અને મિત્રો તેમને મળવા જતા. તેઓ બોલી ન શકતા પણ તેમનું મગજ સ્વચ્છ હતું; આંખો તેમજ કાન બરોબર કામ આપતા હતા. એક બાજુનો હાથ પણ લકવાની અસરથી મુકત હતો. મિત્રોને જોઇને તેમનું હૈયું ભરાઇ આવતું અને કદિ કદિ તેમની આંખોમાંથી બે ચાર આંસુ ટપકી જતા. સ્વસ્થ હાથે લખીને પોતાની જાતને તેઓ વ્યકત કરવા પ્રયત્ન કરતા. મિત્રો અને સ્નેહીઓ પાસેથી જાણે કે છેલ્લી વિદાય માંગતા ન હોય તેમ પાસે પડેલાં ફુલો જે કોઇ આવે તેને તેઓ આપતાજ જતા હતા અને હાથમાં હાથ મેળવીને તેમના અન્તરમાં ભરેલા સ્નેહની પ્રતીતિ આપતા હતા. સુધરતી અને આશા આપતી તબિયતે પાછો પલટો ખાધો; હૃદય તેમનું સુધરવાની શકયતાની હદ વટાવી ગયું; જુન માસની ત્રીશમી તારીખની સાંજે એ દીર્ઘ-તપસ્વીની કાયા ઉપર મૃત્યુની છાયા ફરી વળી. સ્મિત અને પ્રકાશ વિસ્તારતો તેમનો જીવનપ્રદીપ પ્રાણશકિત કમી થતાં એકાએક ઓલવાઇ ગયો.

ગિજુભાઇ પોતાની પાછળ તેમનાં પત્ની તેમજ એક પુત્ર તથા ત્રણ પુત્રીઓને મુકી ગયેલ છે. ભાઇ નરેન્દ્ર જામનગરમાં બાલમંદિર ચલાવે છે; બહેન સુશીલા ભાવનગર રાજ્યકુટુંબના બાલમંદિરમાં ચિત્રકળા શિખવે છે; એક પુત્રી આ વર્ષેજ મેટ્રીકની પરીક્ષામાં પસાર થઇ છે. તેનાથી નાની ભણે છે. આ ઉપરાંત સંખ્યાબંધ મિત્રો અને તેમનાં બાળકો તેમના વિયોગને રડે છે. તેમનો સ્વભાવ ખૂબજ આનંદી અને મિલનસાર હતો; તેમનો સમાગમ એક પ્રકારની સંસ્કાર-યાત્રા હતી. તેમનામાં પ્રેમ અને વાત્સલ્ય ભરપૂર ભર્યાં હતાં. જ્યારે પણ તેમને મળવાનું બને ત્યારે તેઓ હસતાજ હોય, કાં તો પોતાના વિષયમાં તેઓ આપણને ખેંચી જાય અથવા તો આપણા રસના વિષયમાં તેઓ ઓતપ્રોત બની જાય. તેઓ સદા નમ્ર અને નિખાલસ હતા. આજે તેમની વિશેષ-તાઓનો વ્યવસ્થિત ખ્યાલ આપવો અને તેમણે કરેલ કાર્યનું સાચું માપ કાઢવું અશકય છે. આપણા ગુજરાતમાં પોતાનાં ક્ષેત્રની મર્યાદા જાળવીને વર્ષો સુધી એકધારી સેવા આપનાર બહુજ થોડા કાર્યકર્તાઓ છે. આવામાંના એક ગિજુભાઇ હતા. તે ગયા અને ગુજરાત ગરીબ બન્યું. પરમાત્મા એમના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ આપે!!

**પરમાનંદ.**

[આગલા અંકમાં ગિજુભાઇના જીવનચરિત્રની શરૂઆતમાં તેમનો જન્મ ૧૮૮૫માં થયો હતો એમ છપાયું છે, ત્યાં ૧૮૮૫ને બદલે ૧૮૯૫ વાંચવું]

એક વધુ સુધારો. [અગ્રલેખમાં 'કોરી' શબ્દ જ્યાં જ્યાં વપરાયો છે ત્યાં 'કોટિ' શબ્દ જોઇએ.]

## વર્તમાન સાર

વીરપુરવાળા શ્રી રમણીકલાલ મણિલાલ શાહે બી. એસ. સી. ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરી છે અને સર જેમ્સ ફર્ગ્યુસનની રૂ. ૧૨૦૦)ની સ્કોલરશીપ પ્રાપ્ત કરી છે.

—કર્વે વિદ્યાપીઠની જી. એ. ની પરીક્ષામાં કુ. કુમુદબહેન પારેખ પહેલા નંબરે પસાર થયાં છે અને તે પરીક્ષાને લગતાં ઘણાં ખરાં પારિતોષિકો અને શિષ્યવૃત્તિઓ તેમને પ્રાપ્ત થયા છે. આ માટે તેમને ખૂબ અભિનન્દન ઘટે છે.

—શ્રી. સોભાગચંદ પી. શાહે લંડનની એફ. આર. સી. એસ. ને મળતી મુંબઇ યુનીવર્સીટીની એમ. એસ. ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. ભાઇશ્રી સોભાગચંદ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થી હતા અને તેમની વિદ્યાકારકીર્દિ એક સરખી ઉજ્જવલ હતી. ડોકટર તરીકેની ભાવિ કારકીર્દિ પણ એટલીજ ઉજ્જવલ બને એમ આપણે ઇચ્છીએ.

—જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆના સુતેલા વહીવટને જાગ્રત કરવા અને લગભગ પચ્ચાસ હજાર જેટલી પડી રહેલી રકમને સામાજિક હિતના કાર્યોમાં વહેતી કરવાની પ્રવૃત્તિ શ્રી મુંબઇ જૈન યુવક સંઘે હાથ ધરી છે. પ્રમુખ તેમજ મંત્રીની શિથિલતા દૂર કરાવવાનો બીજો કશો માર્ગ નહિ દેખાવાથી આ બાબત એડવોકેટ જનરલ પાસે લઇ જવામાં આવી છે અને ટુંક સમયમાં ઇષ્ટ પરિણામ આવે એવો સંભવ રહે છે.

—શ્રી મુંબઇ જૈન યુવક સંઘની શ્વે. મૂ. વિભાગી સમિતિના એક મંત્રીની ખાલી પડેલી જગ્યાએ શ્રી. વલ્લભદાસ ફુલચંદ મહેતાની ચુંટણી કરવામાં આવી છે અને મહાવીર જૈન વિદ્યાલયની સામાન્ય સમિતિ ઉપર સંઘના પ્રતિનિધિ તરીકે પણ તેઓ ચુંટાયા છે. વિદ્યાલયની મેનેજીંગ કમીટીની આગામી ચૂંટણીમાં તેમણે ઉમેદવારી નોંધાવી છે. તેમની જેવા જાણીતા અને આગળ પડતા વિચારો ધરાવનાર કાર્યકર્તાને મત આપવા વિદ્યાલયની સામાન્ય સમિતિની સભ્યોને વિનંતિ કરવામાં આવે છે.

# કોંગ્રેસમાં અરાજકતા

'ફોરવર્ડ બ્લોક'ની સ્થાપના સાથે રાષ્ટ્રીય મહાસભામાં અરાજકતાનો પ્રારંભ થયો છે. શ્રી. સુભાષચંદ્ર બોઝ રાષ્ટ્રપતિના અધિકારથી છુટા થયા તે પહેલાના તેમના ગાંધીજી સાથેના પત્રવ્યવહારમાં તેમણે સ્પષ્ટ સૂચન કરેલું કે 'મારી વાત સ્વીકારો, નહિ તો કોંગ્રેસમાં 'સીવીલવૉર' આન્તરવિગ્રહ થશે'. આ સૂચન આટલી જલદીથી સાચું પડશે એમ તે વખતે કલ્પના આવતી નહોતી. પણ છેલ્લી ઓલ ઇન્ડીઆ કોંગ્રેસ કમીટીમાં જુદા જુદા ઠરાવો ઉપર તેમજ ખાસ કરીને પ્રાન્તિક મહાસભાની સંમન્તિ સિવાય કોઇ પણ રાષ્ટ્રીય મહાસભાના સભ્યથી સત્યાગ્રહ થઇ શકશે કે યોજી શકાશે નહિ એ ઠરાવ ઉપર જે ભાષણો થયાં હતાં તે આવતા તોફાનની આગાહી આપી રહ્યાં હતાં. જ્યાં કલ્પના ન હોય ત્યાં હેતુઓનો આરોપ કરવામાં આવે અને અમુક ઠરાવ બહુમતિથી મંજુર થશે તો પણ અમે તો અમુક જ રીતે વર્તવાના એમ આગેવાન વ્યકિતઓ વ્યાસપીઠ ઉપરથી કહેવા માંડે ત્યારે સમજવું કે અંદરથી બળવાની શરૂઆત થઇ છે. કોંગ્રેસે પ્રાન્ત પ્રાન્તના રાજ્યવહીવટો સંભાળવાનું માથે લીધું અને ભિન્ન ભિન્ન પ્રાન્તમાં પ્રધાનમંડળો ઉભાં કર્યાં ત્યારથી અમુક અમુક વ્યકિતઓ તેમ જ વર્ગમાં અસંતોષનો પ્રારંભ થયો હતો. પરદેશી સત્તાને માથે રાજ્યવહીવટની જવાબદારી હોય ત્યારે આપણું જે વર્તન હોય તેવું વર્તન વહીવટી જવાબદારી આપણા માથે લીધા પછી ચાલી ન શકે, આપણી સરકારને બને તેટલો સહકાર આપીને પુષ્ટ કરવી એ જ આપણો રાજકીય ધર્મ ગણાય. પણ આ સ્થિત્યન્તર મહાસભાવાદીઓમાંના કેટલાક સ્વીકારી શકયા જ નહિ. આજના વાતાવરણમાં આજના અમુક યુવક વર્ગોમાં ગાંધીવાદ સામે અણગમો વધતો જતો નજરે પડે છે; અહિંસાની વાતોમાં તેમને રસ રહયો નથી; વાસ્તવિકતાની ભૂમિકા ઉપર પગ મૂકીને ચાલવા જેટલી ધીરજ નથી; સંભાળપૂર્વક વર્તવાની કે શકયાશકયતાનો લાંબો વિચાર કરવાની તેમનામાં વૃત્તિ નથી; 'આગે કદમ'ની કોઇ વિચિત્ર ઘેલછા તેમના મગજને ઘેરી રહી છે. આજની અરાજકતાનો જન્મ આ મનોદશામાંથી થઇ રહયો છે. ઓલ ઇન્ડીઆ કોંગ્રેસ કમીટીએ સારી બહુમતીથી પસાર કરેલા ઠરાવો સામે દેશભરમાં જાહેર વિરોધ કરવા માટે જુલાઇની નવમી તારીખ શ્રી સુભાષચંદ્ર બોઝે જાહેર કરી. રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ તેમને સમજાવવા અટકાવવા ઘણો પ્રયત્ન કર્યો. પણ તેઓ પોતાની વાતને વળગી રહ્યા અને મુંબઇ તેમજ અન્ય અનેક સ્થળોએ જાહેર સભાઓ ભરવામાં આવી. આ પ્રવૃત્તિ પાછળ રહેલા શિસ્તભંગ તરફ રાજેન્દ્ર બાબુએ સૌ કોઇનું ધ્યાન ખેંચ્યું; પંડિત જવાહિરલાલ નહેરૂએ પણ આ દેખીતા શિસ્ત ભંગને ખૂબ વખોડી નાંખ્યો; એમ છતાં પણ સુભાષ બાબુએ તો આવી રીતે વિરોધ જાહેર કરવાનો સૌ કોઇને હક્ક છે અને એ હક્ક ઉપર આક્રમણ કરવામાં આવશે તો પછી વિચાર સ્વાતંત્ર્ય જેવું કશું રહેશે નહિ અને નવા બળ નવા પ્રાણનો સંચાર થશે નહિ એ વિચાર આગળ ધરીને જાહેર પ્રજાની સભાઓદ્વારા એ. આઇ. સી. સી. ના ઠરાવોનો વિરોધ કરવાનું આખા દેશની પ્રજાને આવ્હાહન કર્યું. જો ફોરવર્ડ બ્લોકમાં અનેકપક્ષો જોડાયલા છે, તેમાનાં ઘણા આગેવાનો આ શિસ્તભંગની પ્રવૃત્તિમાં સામેલ થયા નથી એટલું આવકારદાયક છે, પણ જેટલી આગેવાન વ્યકિતઓએ આ પ્રવૃન્તિમાં ભાગ લીધો છે તેમના સંબંધમાં અને ખાસ કરીને સુભાષચંદ્ર બોઝનાં સંબંધમાં શું કરવું એ પ્રશ્ન રાષ્ટ્રીય મહાસભાની કાર્યવાહક સમિતિ સમક્ષ આવીને ઉભો રહયો છે. કોઇ પણ આગેવાન વ્યકિતઓ સામે શિસ્તભંગ સંબંધમાં પગલાં લેવાનો પ્રસંગ ઉભો થાય એ રાષ્ટ્રીય મહાસભાનું મોટું દુર્દૈવ ગણાય. જે મહાસભાના પ્રમુખસ્થાનને બબ્બે વખત જેણે શોભાવ્યું તેજ આગેવાન પુરૂષ શિસ્તની અવગણના કરી રાષ્ટ્રીય મહાસભા પ્રત્યે બળવો જાહેર કરે એ પણ મોટી કમનસીબી ગણાય.

પ્રસ્તુત પ્રકરણ પરત્વે બે ગેરસમજુતીઓ ફેલાવવામાં આવે છે તે વિષે પુરી ચોખવટ થવાની જરૂર છે. એક તો એમ કહેવામાં આવે છે કે સત્યાગ્રહ જેવો પ્રજાનો કિંમતી હક્ક રાષ્ટ્રીય મહાસભા આજે છીનવી લેવા ઉભી થઇ છે. આમ સાદી સીધી વાત સાંભળીને કેટલાક છેતરાય છે અને સુભાષચંદ્ર બોઝના વિરોધને સંમતિ આપવાને આકર્ષાય છે. પણ આ બાબત જરા ઉંડાણથી વિચારવી ઘટે છે. સત્યાગ્રહ એવી કોઇ અબાધિત વસ્તુ નથી કે એ તો કોઇ પણ સ્થળે કોઇપણ વ્યકિત સામે કોઇપણ સંયોગોમાં વાપરવામાં વાંધોજ ન ગણાય. સત્યાગ્રહ કાંઇ સુદર્શનચુર્ણ નથી કે જે શિયાળે, ઉનાળે કે ચોમાસે કોઇપણ રૂતુમાં વાપરો તો પણ લાભજ થાય. સત્યાગ્રહની પણ મર્યાદા છે અને એ મર્યાદા જાળવવામાં ન આવે તો એ સત્યાગ્રહ કેવળ દુરાગ્રહ બની જાય અને સત્યને પોષવાને બદલે અસત્ય, અન્યાય અને બળજોરીનો પોષક બની જાય. બીજું એમ કહેવામાં આવે છે કે સૌ કોઇને અમુક ઠરાવ સંબંધમાં પોતાનો વિરોધ જાહેર કરવાનો જન્મસિધ્ધ હક્ક છે. પણ આપણ એવોજ એકાન્તિક વિચાર છે. જે કાંઇ અયોગ્ય લાગતું હોય તે સામે વિરોધ રજુ કરવાનો સૌ કોઇને હક્ક છે એ બરોબર છે પણ એ વિરોધ કયાં અને કેવી રીતે રજુ કરવો એની પણ મર્યાદાઓ વિચારવી ઘટે છે. કોંગ્રેસે કરેલા ઠરાવનો કોંગ્રેસ બહાર જઇને વિરોધનો પોકાર ઉઠાવો એથી તો કોંગ્રેસ વિરોધી તત્વોનેજ જોર મળે અને પરિણામે કોંગ્રેસ જ નબળી પડે અને આવી વસ્તુસ્થિતિ લાંબો વખત ચાલે તો કોંગ્રેસજ છિન્નભિન્ન થઇ જાય.

આજે કોંગ્રેસના માથે આ જોખમ ઉભું થયું છે. આજની દેશ જનતા આવતા પ્રવાહ સાથે ઘસડાવાને બદલે આખા પ્રશ્નનો, પરિસ્થિતિનો અને પરિણામોનો પૂરી ગંભીરતાથી વિચાર કરશે અને સંભાળીને ચાલશે તોજ આવેલી આફતમાંથી કોંગ્રેસ પાર ઉતરી શકશે. અને નહિ તો કોંગ્રેસનું નાવ મતભેદ, પક્ષાપક્ષી અને મારામારીના ખડકો સાથે અથડાઇને શીર્ણવિશીર્ણ થઇ જશે; અને પરદેશી સત્તાની જડ વધારે મજબુત બનશે.

**પરમાનંદ**


**"પ્રબુદ્ધ જૈન"**

જૈન સમાજના પ્રગતિશીલ વર્ગનું આ પત્ર દર મહિનાની ૧ લી અને ૧૫ મી તારીખે બહાર પડે છે.

વાર્ષિક લવાજમ રૂ. ૨) છુટક નકલ દોઢ આનો

શ્રી. મું. જૈન યુવક સંઘના સભ્ય માટે વાર્ષિક લવાજમ રૂ. ૧) ગ્રાહક થવા માટે સત્વર લખો.

**"પ્રબુદ્ધ જૈન" કાર્યાલય**

૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.


આ પત્ર શશાંક પ્રેસ, કોટ, મુંબઇમાં છપાવી પ્રકાશક અને તંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી શ્રી મુંબઇ જૈન યુ. સંઘ માટે પ્રગટ કર્યું છે.

Regd. No. B 4266

# પ્રબુદ્ધ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર. | તંત્રીઃ મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ ૧. અંક ૭. | તા૦ ૧–૮–૩૯ મંગળવાર. | વાર્ષિક લવાજમ રૂ. ૨ બે. સભ્ય માટે રૂ. ૧. છુટક નકલ દોઢ આનો.

## ક્રાન્તિકાર મહાવીર

એ આવ્યો ત્યારે એની ચોમેર ગાઢ તિમિર હતું, અને વધારે અંધકાર ફેલાવનારાઓથી જગત થાકયું હતું. લોકો અનેક દુઃખોથી પીડાઇ રહ્યા હતા. કોઇને ખબર નહોતી કે આ બધું શું થઇ રહયું છે અને કોણ કરી રહયું છે.

વ્યકિગત મોજમજાહ અને વિલાસની જાણે લેહ લાગી હતી. સામાજિક અનેક રૂઢિઓના નાગપાશથી લોકો જકડાઇ રહ્યા હતા. એ રૂઢિઓ સામે કોઇથી ઉંચી આંખે જોઇ પણ શકાતું નહિ.

રાજા લોકોની વાતો અને એમના રાજસી વૈભવોની પાશવી લાલસા અને એને સંતોષવાની રાક્ષસી રમતો બળતામાં ઘી ઉમેરી દાવાનળ સતેજ કરતી હતી. રાજસત્તા એ ઇશ્વરી સત્તાનું બીજું રૂપ ગણાતું. એની રીત ઉપર વિચાર સરખોય કરવો એ ભયંકર ગુન્હો ગણાતો.

અને ધર્મ ક્ષેત્ર? એને તો સમાજની રૂઢ અને રાજ્યની આપખુદ સત્તાને ઓથે નભવાનું હતું. એટલે એ તેજહીન ધર્મઅંસ્થાઓ લોકોને વધારે ઉંડા પાણીમાં ખેંચતી હતી; આ લોકના સુખ કરતાં પરલોક સુધારવાની વિચિત્ર વાતો એના સાધુ–સંતો ઉપદેશતા. તેઓ ફકત ઉપદેશતા એટલુંજ; અને જ્યારે એમનું જગત પરલોક બનતું એટલે આ જગતની આપદાઓનો કોઇજ માર્ગ એમની પાસે હતો નહિ. ધર્મને નામે પુણ્ય કમાવી આપનારાઓ સાધુ, મહંતોના ઠેકાઓની પણ કંઇ ખામી નહોતી, અને સંસારથી કંટાળેલા જંગલસેવી ત્યાગીઓ અનેક રીતે કાયા કલેશ સિવાય બીજો કોઇ ધર્મ જાણતા ન હતા.

ચોમેર આવોજ અંધકાર વધારે ને વધારે ગાઢ બનતો જતો હતો. એવે વખતે એ આવ્યો. એણે બધું જોયું, સાંભળ્યું અને એ બળી રહયો. આ દુઃખોમાંથી માર્ગ કાઢવાને એ ઉતાવળો થયો.

એણે એના આંતરિક ત્યાગના દૃષ્ટાન્તથી વ્યકિતગત મોજમજાહ અને વિલાસો છોડાવ્યા. પોતાના તપાગ્નિથી સામાજિક રૂઢિઓને ડામી દીધી. પુણ્યપ્રકોપથી રાજાઓની સાન ઠેકાણે આણી. વૈજ્ઞાનિક સત્યથી ધર્મના ઠેકેદારોને થથરાવી મૂકયા.

કોઇએ એને માન્યો. કોઇએ એને અપનાવ્યો. કોઇએ એને પોતાનો ગણ્યો. કોઇએ એને દેવ તો કોઇએ પરમાત્મા માન્યો. અને બીજા એવાય ઓછા ન હતા કે જેમણે એને ન માન્યો હોય, એનો તિરસ્કાર ન કર્યો હોય, એની છડેચોક નિંદા ન કરી હોય, અને એને દેહ કષ્ટ આપવામાં મણા ન રાખી હોય.

પણ એતો મહાન હતો. એણે સાચો રાહ જાણ્યો હતો. એ અડગ રહયો. લોકોને નિર્ભયતાથી પોતાનો માર્ગ બતાવ્યો. એનો રાહ જગશાન્તિનો હતો.

એ આવ્યો અને દુઃખ માત્રથી છુટવાનો રાહ બતાવી ચાલ્યો ગયો. એને જે સમજ્યા અને અનુસર્યા તે ધન્ય થઇ ગયા.

એ ક્રાન્તિકારને આપણે આજે અઢી હજાર વર્ષેય મહાવીર કહીને પૂજીએ છીએ.

ફરીને આજે આપણે ત્યાં એ સમય કરતાંય વધારે અંધકાર ફરી વળ્યો છે. જગતમાં કોઇનેય કળ નથી. એવે સમયે એક બીજા ક્રાન્તિકાર–પૂજ્ય ગાંધીજી આપણા પરમ સદ્ભાગ્યે આપણી વચ્ચે આવી ઉભા છે. આપણામાંથી જેઓ એને સમજશે અને અનુસરશે તે ધન્ય બનશે.

કાન્તિલાલ મૂ. ઝવેરી.

## દેવ તારે કાજે

પત્થર ગારો ને ઝાડવાં પૂજ્યાં; પૂજ્યાં વડનાં પાન  
પૂજ્યા ઉંદરડાને ગાવડી પૂજી, શ્વાનને નીર્યું ધાન;  
હરિજન તરસ્યો જાણી;  
પાયું નહીં પાવળું પાણી.

ઘૃત સુંગધી ને પુષ્પ ચઢાવ્યાં, દીધાં ફળોનાં દાન  
દેવ મંગાવીને દેગડાં મોટાં, દૂધે કરાવ્યાં સ્નાન;  
બાળુડાના દૂધમાં પાણી;  
પીડિતોની ભીડ ના જાણી.

તારે કાજે મેં તો વાઘા શીવાર્યા ને, સોળ ધર્યા શણગાર  
મ્હેલ સમાં તારાં મંદિર બાંધ્યાં, સાવ સોનાનાં દ્વાર;  
ફાટયું ભંગી ગોદડું માગે;  
વૈરી મારી લડવા લાગે.

તારે કાજે મેં તો કેશ વધાર્યા ને, લીધો અજાનો વેષ  
સુરમાં ચોળાવ્યાં ગોર મારાજોને, ન આપી ગરીબોને ઘેંશ;  
એઠું જુઠું માંગવા આવે;  
નોકર મારો લાત લગાવે.

ખાંતે ખાંતે મેં તો ખાજાં બનાવીને પ્રીતે ધરાવ્યા થાળ  
એટડો મ્હારો જો બટકું માગે, ખેંચું ચુંટી લઇ ગાલ;  
હરિજન રાબડી કાજે;  
દ્વારે દ્વારે દુઃખિયાં જાવે.

ઉંટ ગધેડાંને પાણી પાવા કાજે, બાંધ્યાં હવેડાને વાવ  
માનવફૂળને ખાસડે માર્યું પૂછ્યો નહીં કંઇ ભાવ;  
હરિજન ઉતરે આડો;  
બિચારીનો બગડે દા'ડો.

પાણામાં પેઠેલા શોધવા તુજને, આંખ મીંચી ધરૂં ધ્યાન  
ઉઘાડી આંખોની સ્હામે ઉભેલો, ભાળું નહીં ભગવાન;  
છતી આંખે આંધળા જેવો;  
મારા જેવો કોણને કહેવો?

ગંગા ન્હાયો વળી ગોમતી ન્હાયો, ન્હાયો અડસઠ નીર  
હૈયું મ્હારૂં ત્હોયે પત્થર પેઠે, પલળ્યું નહીં લગીર;  
પાકા કાળા પાણકા જેવો;  
બન્યો મારા દેવની જેવો!

**દેવકૃષ્ણ પીતાંબર જોશી.**

# લગ્ન સંસ્થામાં સુધારા

કેળવાયેલ કન્યાઓ પરિણીત પુરૂષોને પરણીને સ્ત્રીઓને મોટો અન્યાય કરી રહી છે એ હકીકતે હિન્દુ સમાજનું ખૂબ ધ્યાન ખેંચ્યું છે. તેમજ અત્યારની લગ્નસંસ્થાનું બંધારણ આધુનિક પરિસ્થિતિને અનુકૂળ નથી અને તેમાં ફેરફાર થવાની જરૂર છે તે વિષે પણ લોકમત ખૂબ જાગ્રત થયોછે. તેને કારણે મધ્યસ્થ તેમજ પ્રાન્તિક ધારાસભાઓમાં લગ્નના કાયદામાં ફેરફાર કરવા કેટલાક ખરડાઓ રજુ થયા છે. તે બધા ખરડાઓનો મુખ્ય મુદ્દો સ્ત્રીઓને થતો અન્યાય દૂર કરવાનો છે; તે સાથે લગ્ન બન્ને પક્ષોને વધારે સુખકર થાય તે માટે તેના કાયદામાં કેટલાક ફેરફારો કરવાનો ઇરાદો છે.

લગ્ન વિષે જે કાયદાઓ અને આચારપ્રણાલિકાઓ હોય છે તે કોઇ સમયે પુરી વિચારપૂર્વક ઘડાયેલી હોતીજ નથી. તેમાં મતાગ્રહને ખુબ સ્થાન છે. ધર્મને નામે, જાતિને નામે, સમાજ અને રૂઢિને નામે ઘણાંય એવાં બંધનો અથવા વિધિનિષેધો લગ્નસંસ્થામાં ઘુસાડવામાં આવે છે કે જેનો બુદ્ધિપૂર્વક વિચાર કરવામાં આવે તો તેનાથી ઉત્પન્ન થતી વિષમતાઓ અને તજ્જન્ય દુઃખ સ્હેજે દૂર કરી શકાય. પણ લગ્નને વિષે ભાગ્યેજ કોઇ સમાજ સમતોલપણે વિચાર કરી શકે છે. વળી સમાજની આર્થિક રચના અને બીનસામાજિક પરિસ્થિતિ કેટલાંક બંધનો અને પ્રણાલિકાઓને તે નિરૂપયોગી અને દુઃખકર હોય છતાં ટકાવી રાખે છે. હિન્દુ ધર્મની લગ્નસંસ્થા આ ખામીઓથી મુકત નથી એટલુંજ નહિ પણ તેથી ભરપુર છે.

જે ખરડાઓ હાલ રજુ થયા છે તે બધા દેખીતી રીતે સ્ત્રીઓ પ્રત્યે પક્ષપાતી છે. આ પક્ષપાત વિનાકારણ છે એમ મારૂં કહેવું નથી, પણ તે પક્ષપાતનું સ્વરૂપ લગ્નનાં મુખ્ય ઉદ્દેશને ઉપયોગી નીવડે તેવુંજ નથી. તે પક્ષપાતની પાછળ એક એવું માનસ જણાય છે કે સ્ત્રીઓએ ઘણાં વર્ષો સુધી અન્યાય સહન કર્યો છે માટે પુરૂષો પણ સ્ત્રીઓને હાથે થોડો અન્યાય સહન કરે તો તેમાં કાંઇ ખોટું નથી. આમાં કદાચ દાક્ષિણ્ય હશે, પણ ન્યાય તો નથીજ અને લગ્નનો મુખ્ય ઉદ્દેશ બન્ને પક્ષોને સુખી કરવાનો છે તે તો તેથી બર નજ આવે. સ્ત્રીઓએ ઘણાં વર્ષો સુધી મહા અન્યાય સહન કર્યો છે. માટે પુરૂષોએ પણ થોડું ખરી રીતે વિના કારણ દુઃખ સહન કરી તેનો બદલો આપવા જોઇએ તેવા વિચારમાં ડહાપણ તો નથીજ. સ્ત્રી પુરૂષને સમાન હકકો આપવાની જેઓ વાતો કરતાં હોય તેમણે તો આવો ખ્યાલ નજ રાખવો જોઇએ. અને તેથી સ્ત્રીને સુખ અથવા આનંદજ મળશે એવી માન્યતા પણ સાચી પડવાનો સંભવ નથી. સ્ત્રીપુરૂષ વ્યવહારનું ધોરણ સમાનતા નામની અને એકજ પ્રકારની એમ નહિ, પણ સાચી અને દરેકને અનુકૂળ અને અનુરૂપ એવી સમાનતા હોવી જોઇએ.

આ ખરડાઓમાં બીજી હકીકત જે જણાઇ આવે છે તે બહુપત્નીત્વ પ્રત્યે તિરસ્કાર અને એકપત્નીત્વનો આગ્રહ. હિન્દુ સમાજ સદીઓ થયા બહુપત્નીત્વને સ્વીકારતો આવ્યો છે, તેને માટે આર્થિક અને સામાજીક કારણો હતાં. એ કારણોને હવે સ્થાન નથી. એટલે એકપત્નીત્વ ફરજીઆત કરીને હિન્દુ સમાજ સદીઓનો અન્યાય દુર કરશે. રૂઢિચુસ્ત સમાજ આવો મહત્વનો ફેરફાર વિરોધ સિવાય સ્વીકારશે તેમ માનવાને કારણ નથી, પણ સમાજનો જાગ્રત આત્મા આટલા અનિવાર્ય સુધારાની ફરજ પાડશે એવી આશા રાખવી વ્યર્થ નથી. શ્રીમતી લીલાવતી મુનશીએ આ અંગે એક ખરડો મુંબઇની ધારાસભામાં રજુ કર્યો છે, અને તે મંજુર રહેશે એમ માનવાને કારણ છે.

એકપત્નીત્વ ફરજીઆત હોય ત્યાં જરૂર પડે તો લગ્નવિચ્છેદની છૂટ આવશ્યક છે. લગ્નને જેઓ અવિચ્છેદ્ય સંસ્કાર માને છે તેમને આ વસ્તુ અરૂચિકર લાગશે. તેમને મન લગ્ન એ ફરજ છે, ધર્મ છે, અને તેમાં વ્યકિતગત સુખના વિચારને સ્થાન નથી. પણ લગ્ન જેમ સંયમનું એક પગથિયું છે તેમ આનંદનું એક સાધન પણ છે. જે બંધન (સંયમ) ગમે તેટલાં દુઃખનું કારણ હોય તોપણ જેમાંથી કોઇ કાળે અને કોઇ સંજોગોમાં મુકિત ન મળે તેના કરતાં વધારે ભયંકર ગુલામી કલ્પવી મુશ્કેલ છે. આવી છુટ સ્વચ્છંદમાં ન પરિણમે એ જોવાની જેટલી ફરજ છે તેટલીજ ફરજ એ છે કે એવી છુટનો સદંતર અભાવ મહા અનર્થનું કારણ ન બને. એટલે ધર્મ અને જાતિને નામે જેઓ લગ્નવિચ્છેદની છૂટનો વિરોધ કરે છે તેઓ લગ્નનો એક ઉદ્દેશ ભૂલી જાય છે.

સામાજીક વ્યવહાર જ્યાં પૂર્ણ સમજણપુર્વક અને જવાબદારીનાં ભાન સહિત ચાલતો હોય તેવા સમાજમાં લગ્નબંધનમાંથી મુકત થવાનું એકજ ધોરણ હોય અને તે એ કે બેમાંથી એક પણ પક્ષની ઇચ્છા થાય ત્યારે લગ્નના બંધનમાંથી મુકિત મેળવી શકે; આ બુદ્ધિપુર્વકનું ધોરણ છે. આજ ધોરણનું કાંઇક મર્યાદિત છતાં બુદ્ધિપુર્વકનું બીજું સ્વરૂપ એ છે કે જ્યાં સ્ત્રી પુરૂષમાં સ્વભાવની એટલી બધી ભિન્નતા હોય કે સહચાર અશકયજ બની જાય ત્યાં દરેકને લગ્નવિચ્છેદની સ્વતંત્રતા હોવી જોઇએ, પણ આવાં બુધ્ધિપુર્વકનાં ધોરણો લગ્ન સંસ્થામાં ભાગ્યેજ કોઇ સમાજ સ્વીકારે છે. માણસોને પોતાની જાતનો અણવિશ્વાસ છે અને તે વિનાકારણ નથી એટલે ઘણાં બંધનો માત્ર બુધ્ધિની દૃષ્ટિથી જોતાં બીનજરૂરી લાગે છતાં માણસે સ્વેચ્છાએ સ્વીકાર્યાં છે.

લગ્નવિચ્છેદને લગતા બે ખરડાઓ મુંબઇની ધારાસભામાં દાખલ થયા છે, એક શ્રી ભોગીલાલ લાલાનો અને બીજો શ્રી શાન્તિલાલ શાહનો. બન્ને ખરડાઓમાં ત્રણ પરિસ્થિતિનો પ્રબંધ કરવામાં આવ્યો છે. (૧) લગ્નવિચ્છેદ (૨) લગ્ન પ્રથમથીજ ગેરકાયદેસર હતું તેમ કરાવવાનું અને (૩) લગ્નવિચ્છેદ કર્યા વિના સ્ત્રી પુરૂષને જુદા રહેવાનું. ત્રણેમાં કેટલાંક કારણો સામાન્ય છે, કેટલાક દરેકને વિશિષ્ટ છે. બન્ને ખરડામાં આપેલ કારણો સરખાં નથી. કદાચ આ ખરડાઓની ધારાસભામાં ચર્ચા થાય ત્યારે હજી ઘણા ફેરફાર થશે, અને છેવટનો જે કાયદો થાય તે પણ બધાને સંતોષે તેવો તો નહિજ હોય. છતાં તે બધાની વિગતમાં અત્યારે નહિ ઉતરૂં. પણ આ વિષે ખબ લોકમત જાગ્રત કરવાની અને ચર્ચા કરવાની જરૂર છે. લગ્નવિચ્છેદ વિગેરે થાય તેને અંગે પણ બીજા ઘણા અટપટા પ્રશ્નો ઉત્પન્ન થાય છે, જેવા કે સ્ત્રીનું ભરણપોષણ, બાળકોનું ભરણપોષણ, કેળવણી અને કબજો વિગેરે. આ બધા પ્રશ્નો પણ ખૂબ વિચાર માગે છે. પ્રજાએ આ વિષે જેટલું લક્ષ આપવું જોઇએ તેટલું અપાતું નથી.

# ઉપવાસ: પ્રેમશસ્ત્ર કે ત્રાગાશસ્ત્ર?

મહાત્માજી ગાંધીજીએ વ્યકિતગત જીવનમાં અને રાજકારણમાં જે અનેક પ્રયોગો કર્યા છે તેમાંનો એક પ્રયોગ ઉપવાસનો છે. અને જેમ ગાંધીજીના અનેક જીવંત પ્રયોગોની આંધળી નકલ કરવાથી અનેક વ્યકિતઓ સમાજમાં હાસ્યપાત્ર નીવડી છે, તેવીજ રીતે લોકોની ઘેટાંવૃત્તિ હમણાં હમણાં ઉપવાસનો આશ્રય વાર તહેવારે લઇને સમાજમાં હાસ્યપાત્ર બને છે.

મહાત્માજીએ અમદાવાદના મજુરોની હડતાળ ટકાવી રાખવા ઉપવાસ આદર્યા, હિંદુ–મુસ્લીમ અઇકય માટે ઉપવાસ આદર્યા, આશ્રમવાસીઓની અંગત અશુધ્ધિઓ માટે ઉપવાસ આદર્યા, હરિજનો માટે ઉપવાસ આદર્યા તેમ છેલ્લા છેલ્લા રાજકોટના બેવકુફ ઠાકોર પાસે વચન પળાવવા ઉપવાસ કરીને દેશ સમસ્તનું ધ્યાન રાજકોટ પ્રત્યે આકર્ષ્યું. આ બધા ઉપવાસોમાં મહાત્માજીને મળેલી અધીંપધીં સફળતાને લીધે બીજા સેંકડો માણસો જયાં ત્યાં તેમનું આંધળું અનુકરણ કરીને ઉપવાસનો આશરો લઇ નાખે છે, અને ઉપવાસને એક કઢંગુ અને કૃત્રિમ શસ્ત્ર બનાવીને લોકોમાં તે પ્રત્યે કંટાળો ઉત્પન્ન કરે છે.

પાલીતાણા ગુરૂકુળમાં વિદ્યાર્થીઓ અને સુપ્રી. વચ્ચે તકરાર થાય તો ઉપવાસ નંદનગાંવમાં મીલ હડતાળ પડે તો શ્રી રૂઇકર ઉપવાસ કરે, પાલીતાણાના ઠાકોર સુધારા ન આપે તો શંભુશંકર ત્રિવેદી ઉપવાસે જાય, સીનેમા અભિનેત્રી શાન્તા આપ્ટેને તેની કંપનીના ડાયરેકટરો સાથે મતભેદ થાય તો તરત ઉપવાસ; માલીક અને નોકર વચ્ચે કાંઇ વાંધો થાય તો ઉપવાસ, આમ જયાં ત્યાં છાપાના પાને ઉપવાસના ખબરો રોજને રોજ પ્રગટ થયા કરે છે, અને જુના વખતના ભાટચારણોનું ત્રાગાશસ્ત્ર જાણે નવા સ્વરૂપમાં ફરી જીવંત થતું હોય તેમ જણાય છે.

ઉપવાસનાં આ તુતને કોઇએ સાફ શબ્દોમાં અટકાવવાની જરૂર છે. મહાત્માજીએ પોતે ઘણીવાર ઉપવાસ કર્યા છતાં તેમણે બીજાઓને તો ઉપવાસ ઉપર જતા રોકયાજ છે. પણ પોતાની વિચાર શકિતનો ઉપયોગ ન કરવા માગતા માણસો હવે મહાત્માજીની સલાહથી પણ અટકવા તઇયાર નથી. "યદ્‌યદ્‌ આચરતિ શ્રેષ્ઠઃ તદ્‌તદ્‌દેવેતરોજનઃ" એ ગીતા વાકય પ્રમાણે મહાત્માજીએ કેવળ લોકસંગ્રહ ખાતર પણ જો ઉપવાસના શસ્ત્રને આટલું સહેલું ન બનાવ્યું હોત તો સારૂં હતું.

ઉપવાસ એ આત્મશુદ્ધિનું અને દેહદમનનું શસ્ત્ર છે. અને તે તરીકે તેનો ઉપયોગ ઘણા પ્રાચીનકાળથી થતો આવ્યો છે. પણ પ્રચાર તરીકે અને લોક લાગણીને ખેંચવાના નાટકી સાધન તરીકે ઉપવાસનો ઉપયોગ એ વર્તમાન પ્રચારપ્રધાન જમાનાની શોધ છે.

આત્મશુધ્ધિના સાધન તરીકે શ્રી ભગવાન મહાવીરે, શ્રી ગૌતમબુધ્ધે, મહમદ પેગંબરે, ઇશુ ખ્રિસ્તે અને બીજા અનેક સંત મહાત્માઓએ ઉપવાસ ભૂતકાળમાં કર્યા છે, પણ તેનું કોઇએ આંધળું અનુકરણ કર્યું નથી. અને કર્યું હોય તો તે કરનાર સિવાય બીજા કોઇને નુકશાન થવાનો સંભવ નથી. દેહદમન અને વાસનાનિરોધ અર્થે ઘણા યોગીઓએ અને સંતપણાના અધકચરા ઉમેદવારોએ ઉપવાસ કર્યા છે. શારીરિક તંદુરસ્તી ખાતર તો અપવાસની આયુર્વેદમાં તેમજ પાશ્ચાત્ય તબીબી શાસ્ત્રમાં પણ અકસીર ઉપાય તરીકે ગણના કરવામાં આવીછે.

પણ જે માણસો સાંસારિક હેતુ સિધ્ધ કરવા, પ્રતિસ્પર્ધીને દુનિયાની નજરમાં હીણપત લગાડવા અથવા તો જાહેર હિત સાધવા સત્યાગ્રહને નામે ઉપવાસ કરી રહ્યા છે, તેઓ ઉપવાસની કેવળ વિડંબના કરી રહ્યા છે.

મહાત્માજીની દ્રષ્ટિએ ઉપવાસ એ પ્રેમશસ્ત્ર છે. જયાં પરસ્પર અત્યંત પ્રેમ અને આદર હોય તેવા સંબંધોમાં ઉપવાસ જેવા નાજુક શસ્ત્રનો ઉપયોગ કરવો કોઇવાર હિતવહ થઇ પડે છે. જેમકે માતાપુત્ર વચ્ચે, પતીપત્ની વચ્ચે કે મિત્ર મિત્ર વચ્ચે. પણ આ ઉપવાસમાં સાંસારિક હેતુ સર કરવાની કે પોતાનો સ્વાર્થ સાધવાની ગંધ પણ હોતી નથી. અને આવાજ પ્રસંગે ઉપવાસનું શસ્ત્ર સામાની હૃદયપાંદડી ઉપર અસર કરી તેને પીગળાવે છે. જેનું જીવન હરપળે, હરદિન પ્રેમથી પ્રસ્ફુરિત થતું હોય તેનોજ ઉપવાસ એ પ્રેમશસ્ત્ર તરીકે કારગત નીવડે છે. બાકીનાનો ઉપવાસ ત્રાગા કે ધાકધમકીના સ્વરૂપથી જરા પણ ચડિયાતો નથી.

દુનિયામાં કેટલાક સંબંધો એવા હોય છે કે જયાં પરસ્પર અસર કરવા માટે હૃદય એજ એક અસરકારી સાધન હોય છે. આ સંબંધોની ભાષા દલીલોની, બુધ્ધિની કે પાંડિત્યની નથી હોતી પણ હૃદયની મૂક ભાષા હોય છે. પોતાનું પ્રિય પાત્ર અન્યાય કે અહિતકારી આચરણ કરતું હોય ત્યારે તેને અટકાવવા તેને કલ્યાણપંથે વાળવા તેનો પ્રિયજન હૃદયની પ્રેમભાષા તરીકે ઉપવાસનો આશ્રય લે છે. સર્વ તર્ક, દલીલો અને સમજાવટનો જયાં છેડો આવે ત્યાંથી આ ભાષા શરૂ થાય છે. રાજાને જુલ્મ કરતો અટકાવવા રાણી ઉપવાસ કરે તેમાં આ પ્રેમ ભાષા છે. સ્વચ્છંદી વિદ્યાર્થીને દુર્વર્તાવમાંથી રોકવા દુભાયેલા ગુરૂજન ઉપવાસ કરે તેમાં પણ હૃદયતંતુની સૂક્ષ્મવાણી વ્યકત થાય છે; પણ નોકરી ધંધાની ફરિયાદોના નિવારણ માટે, માની લીધેલ અન્યાયોના ત્વરિત ઉપાય તરીકે કરવામાં આવતો ઉપવાસ એ હિંસક ત્રાગું છે; વિરોધીને જાહેર હિણપતમાં ઉતારવાનો અને લોક ચર્ચાએ ચડાવવાનો નુસખો છે. આવી રીતે ઉપવાસ કરનારાઓ જરા પણ લોક પ્રશસ્તિને પાત્ર નથી. મરણાંત ઉપવાસ જાહેર કરનાર ઉપર આપઘાત કરવાના અને ધાંધલ મચાવીને લોકવ્યવહારમાં વિધ્ન નાખવાના આરોપસર અદાલતમાં કેસ મંડાવો જોઇએ. આવા કડક પગલાં લીધા સિવાય આવાં જાહેર તુતો અટકશે નહિ.

જગન્નાથ દેસાઇ.

---

આવા કાયદાઓ સમસ્ત હિન્દુ સમાજને લાગુ પડે છે, માટે દરેક પ્રાન્ત જુદી જુદી રીતે કરે અથવા એક પ્રાન્તમાં હોય અને બીજે ન હોય એવી પરિસ્થિતિ ઇચ્છવા યોગ્ય નથી. મધ્યસ્થ ધારાસભાએ આ કામ હાથ ધરવું જોઇએ પણ તે સસ્થાનું અત્યારનું બંધારણ જોતાં અને વડી સરકારનું વલણ જોતાં તેમ થવાનો તુરતમાં કોઇ સંભવ જણાતો નથી. તેવા સંજોગોમાં પ્રાન્ત શરૂઆત કરે તો તે અનિષ્ટ નથી. વડોદરા સરકારે શરૂઆત કરીજ છે. બીજી હકીકત એ છે કે લગ્નવિચ્છેદ વિગેરે કેવા સંજોગોમાં થઇ શકે તે સંબંધે અને તેને અંગે ઉત્પન્ન થતા પ્રશ્નોના સાચા ઉકેલ સંબંધે ગમે તેટલો મતભેદ હોય તોપણ આ સિધ્ધાંત સ્વીકારવા યોગ્ય હોઇ નાની પણ શરૂઆત થાય તો ઇષ્ટ છે તેમ સમજી આ ખરડાઓ વિષે લોકમત જાગ્રત કરી તેને ખૂબ ટેકો આપવાની જરૂર છે. હિન્દુ સમાજની લગ્ન સંસ્થામાં આ બંન્ને ફેરફારો એકપત્નીત્વ અને લગ્નવિચ્છેદની સ્વતંત્રતા ક્રાન્તિકારક છે; એટલે આપણો સમાજ એ સ્વીકારે એ સારી પ્રગતિ ગણાવી જોઇએ. માટે આ બન્ને ખરડાઓ ધારાસભામાં છેવટની મંજુરી મેળવે તે માટે સમાજે તેને આવકારવાની જરૂર છે.

**ચીમનલાલ ચકુભાઇ શાહ.**

सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरई ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

# પ્રબુદ્ધ જૈન

તા. ૧-૮-૧૯૩૯, મંગળવાર.

## મહત્ત્વાકાંક્ષા

સાધારણ રીતે માણસ માત્ર પ્રગતિવાંછુ હોય છે. વિધિએ તેને જે સ્થાન ઉપર ગોઠવ્યો હોય ત્યાંથી ઉંચે ચઢવાની, આગળ વધવાની માણસમાં સ્વાભાવિક ઇચ્છા રહેલી છે. ગરીબ પૈસાદાર થવા મથે છે; નિર્બળ સશકત થવા પ્રયત્ન કરે છે; અભણ ભણતરને વાંછે છે; અલ્પજ્ઞ વિદ્વાન બનવાની આકાંક્ષા સેવે છે; અને સૈનિક સેનાની થવાને ઝંખે છે. આ બધાય વર્તમાન સ્થિતિ ઉપરથી ઉચ્ચતર કોટિએ પહોંચવાના માનવ પ્રયત્નો છે. પોતાનો ઉત્કર્ષ સાધવાની આ વૃત્તિ સર્વસામાન્ય છે, સ્વાભાવિક છે અને આવકારદાયક છે. સ્વસ્થિતિ વિષે અસંતોષ એ પ્રગતિનું મૂળ છે એ કથન ઉપરના વિચારનેજ બીજા આકારમાં રજુ કરે છે.

મહત્ત્વાકાંક્ષા શબ્દથી આપણે જે સમજીએ છીએ તે આ નથી. જ્યારે કોઇ પણ વ્યક્તિને પોતાનું મહત્ત્વ સમાજ પાસે સ્વીકારાવવાનો આગ્રહ થાય છે અને પોતાની યોગ્યતાનો ખ્યાલ બાજુએ રાખીને મહત્ત્વભર્યા સામાજિક અધિકારો હસ્તગત કરવા જ્યારે તે પ્રયત્નો આદરે છે ત્યારે તેને મહત્ત્વાકાંક્ષી તરીકે ઓળખવામાં આવે છે. કોઇ પણ સંસ્થાના મંત્રી કે પ્રમુખ થવાની ઝંખના કરવી, ગમે તે પ્રકારે મતો મેળવીને એક એકથી ચઢિયાતા અધિકારો પ્રાપ્ત કરવા પાછળ પોતાની શકિત તેમજ લાગવગનો ઉપયોગ કરવો આ બધું મહત્ત્વ-કાંક્ષાના અંગમાં સમાયલું હોય છે.

જેમ આ પ્રકારની મહત્ત્વાકાંક્ષા સૌ કોઇને એક સરખી વળગેલી હોતી નથી તેમજ દેશ કે સમાજની સેવા કરવાની વૃત્તિ પણ સૌ કોઇમાં એક સરખી હોતી નથી. કેટલાક માણસોનાં જીવન તો કેવળ સ્વપર્યાપ્તજ હોય છે. તેમને નથી હોતી અજેય દુર્ગો જીતવાની કોઇ મોટી મહત્ત્વાકાંક્ષા કે જીવનનાં જોખમો ખેડીને દેશની મોટી સેવાઓ સાધવાની આવેગભરી કામના. આવા લોકો સમાજ વચ્ચે રહેતા હોય છે તેથી તેમને સામાજિક કાર્યોમાં કોઇ કોઇ વાર ઘસડાવું પડે છે તેમજ તેમને કદી કદી નાની મોટી સખાવતો પણ કરવી પડે છે. પણ તે પાછળ પોતાની સામાજિક પ્રતિષ્ઠા જાળવવાનોજ તેમનો હેતુ હોય છે. બાકી તેમની દૃષ્ટિ તેમજ સૃષ્ટિ પોતે અને પોતાનાં કુટુંબીજનોથી વધારે વિસ્તારને કદિ પહોંચી શકતીજ નથી.

આમ છતાં એવા પણ અનેક માણસો હોય છે કે જેઓ સમાજ કલ્યાણને વાંછે છે અને સમાજને સાચા દિલથી અને નિઃસ્વાર્થ ભાવથી અનેક સેવાઓ આપે છે. એવાં પણ સેવાપરાયણ બંધુઓ તેમજ ભગિનીઓ છે કે જેમણે પોતાનું આખું જીવન સમાજ કે દેશને સમર્પેલું હોય છે અને જેઓ ચોવીસે કલાક સમાજહિતના કોઇ કાર્યમાં ગુંથાયલા રહે છે. મહત્ત્વાકાંક્ષા અને સેવાભાવના એ બન્ને એકમેકથી ભિન્ન પ્રકારની વૃત્તિઓ છે, એક વૃત્તિ સ્વાર્થને હમેશાં આગળ રાખીને ચાલે છે; બીજી વૃત્તિ પરાર્થનેજ કેવળ ઝંખે છે. એક આત્મવિસ્તારને શોધે છે; બીજી આત્મવિલોપનને માંગે છે.

મહત્ત્વાકાંક્ષી માણસો બે પ્રકારના હોય છે. કેટલાક માણસો પ્રામાણિકપણે મહત્ત્વાકાંક્ષી હોય છે. યેનકેન પ્રકારેણ આગળ વધવું એજ તેમનું ધ્યેય હોય છે અને તેમની સર્વ પ્રવૃત્તિઓ આ ધ્યેયને સ્પષ્ટપણે રજુ કરતી હોય છે. આવા માણસો અનેક પ્રકારના સાહસો ખેડે છે અને પોતાની શકિતથી લાગવગથી કે છળપ્રપંચથી આગળ વધતા જાય છે.

બીજા પ્રકારની મહત્ત્વાકાંક્ષા દેશસેવા કે સમાજસેવાના લેબાસમાં રજુ થાય છે. તે વાતો કરે છે દેશસેવાની અને વૃત્તિ સેવે છે પોતાની જાતને આગળ વધારવાની. તે દેખાવ કરે છે નિઃસ્વાર્થતાનો અને ભાવના હોય છે કેવળ સ્વાર્થ સાધવાની. આવા માણસોથી સમાજ છેતરાય છે. સાચા દિલનો સમાજ તેમને સેવક ગણીને મોટા મોટા અધિકારો ઉપર નિયુકત કરે છે અને તેમની દેશસેવા ઉપર વારી જાય છે. આવા માણસોની દેશસેવા અને મહત્ત્વાકાંક્ષાની તૃપ્તિનો જ્યાં સુધી સરખો મેળ જળવાઇ રહે છે ત્યાં સુધી જરાપણ અગવડ કે અડચણ આવતી નથી: પણ વિધિની અનુકૂળતા હંમેશાં એકસરખી ચાલતી નથી. એવો પણ પ્રસંગ આવે છે કે જ્યારે કોઇ ઇપ્સિત મોટો અધિકાર જેને પહોંચી વળવાની તેણે કંઇ કંઇ કાળથી કામના સેવી હોય એ અણધાર્યો બીજા-નેજ મળી જાય છે; અથવા તો હાથમાં આવેલો અધિકાર પોતાની ભૂલ કે અન્ય પક્ષની બહુમતીના કારણે છોડી દેવો પડે છે. આવા વિકટ પ્રસંગે દેશસેવાની વૃતિ અને મહત્ત્વા-કાંક્ષા વચ્ચે તુમુલ યુધ્ધ શરૂ થાય છે; દેશસેવા નમ્રતા અને સમર્પણ, શિસ્ત અને સહકાર માંગે છે. મહત્ત્વાકાંક્ષા વિરૂધ્ધ પક્ષ સામે અને મૂળ સંસ્થા સામે બળવો કરવા પ્રેરે છે. જેનામાં સાચી દેશસેવાની વૃત્તિ હોય છે તેને મન સેનાની અને સૈનિકનો ભેદ હોતો નથી. દેશ જ્યારે તેને એક સેનાની ની જવાબદારી સોંપે છે ત્યારે તે જવાબદારીનું તે સાચી નિષ્ઠાથી વહન કરે છે; દેશ તેને સેનાનીપદ છોડી સૈનિક બનવાની જ્યારે આજ્ઞા કરે છે ત્યારે તે એટલીજ પ્રસન્નતા અને સરળતાથી સૈનિક બની દેશને પોતાથી બનતી સેવા આપે છે. તેને અગ્રણી થવાનો મોહ હોતો નથી; અનુયાયી થવામાં તેને હીણપત લાગતી નથી. આપણા છેલ્લા વીસ પચ્ચીસ વર્ષના રાજકીય ઇતિહાસમાંથી આનાં અનેક દ્રષ્ટાન્તો મળી આવશે. લાલા લજપતરાય, પંડિત મોતીલાલ નહેરૂ, દેશબંધુ દાસ જેવા અનેક મહાપુરૂષો થઇ ગયા કે જેમાંના દરેક દેશના અજોડ અને અદ્વિતીય નેતા થવાને લાયક હતા. તેમણે ગાંધીજીમાં કોઇ જુદુંજ પ્રભુત્વ જોયું અને પોત-પોતાની આગેવાની છોડીને સૌ કોઇ ગાંધીજીના વફાદાર સીપાઇ બની ગયા. બીજી બાજુએ જેની ઉપર મહત્ત્વાકાંક્ષા-નુંજ સામ્રાજ્ય હોય છે તે પોતાની મહત્ત્વાકાંક્ષા ખંડિત થતાં વિવેક ગુમાવી બેસે છે; દેશસેવાના વિચારને બાજુએ

ધકકેલે છે: પ્રથમ તે વિરોધીઓને મહાત કરવાની તજવીજમાં પડે છે અને તેમાં નિષ્ફળ બનતા તેમની સામે ગંદો પ્રચાર શરૂ કરે છે; ધીમે ધીમે તેઓ જે સંસ્થાના પ્રતિનિધિઓ હોય તે સંસ્થા સામે પણ ઘા કરતા અચકાતા નથી. અને આ બધું શેને માટે? માત્ર અંદરનો અહં ઘવાયલો હોય છે તેના કારણે. (આજે ડૉ. ખરે કે નરીમાન આનાં જવલંત દૃષ્ટાંતો છે. ડૉ૦ ખરે કે નરીમાન આમ કેમ બોલે છે આમ કેમ વર્તે છે તે વિષે આપણને આશ્ચર્ય થાય છે. ગઇ કાલનો મોટો મહાસભાવાદી આજે મહાસભાને નુકસાન થાય તેમ કેમ વર્તી રહેલો છે? કારણ કે આજે તેમની મહત્વાકાંક્ષા અપમાનિત થયેલી છે. શ્રી સુભાષચંદ્ર બોઝ પણ આજ માર્ગે 'આગે કદમ' કરી રહ્યા છે. તે પણ ઘવાયલી મહત્વાકાંક્ષાનું જ માઠું પરિણામ છે.) મહત્વાકાંક્ષા રાક્ષસી વસ્તુ છે. તેનું તાંડવનૃત્ય શરૂ થતાં એવું કશું જ નથી હોતું કે જેને તે ઠોકરે મારતાં જરા પણ અચકાય છે. સમાજ, દેશ કે આખી દુનિયાને હોમી દેતાં તે પાછી પાની કરતો નથી. આજે હીટલર કે મુસોલીની શું કરી રહેલ છે? તેઓ નબળાને ગળી જાય છે અને બળવાનને ધમકાવે છે. તેમની મહત્વાકાંક્ષા આજની દુનિયાને ઘડીભર નિરાંત વાળીને બેસવા દેતી જ નથી. તેમને મન માણસને મારવો અને માકડ મચ્છરને હણવાં એ બેમાં બહુ ફરક રહ્યો નથી. ઉન્મત્ત જાપાન નબળા ચીનનો ગ્રાસ કરતું જ જાય છે. મહત્વાકાંક્ષી ને વિવેક, મર્યાદા કે પ્રમાણ કશું હોતું જ નથી. તે કદિ ધરાતો નથી.

દરેક દેશસેવક-સમાજસેવક આ બાબત બરોબર સમજી લે અને પોતાના માનસને મહત્વાકાંક્ષાના કેફથી સુરક્ષિત રાખે! નિર્મળ ભાવે સેવા કરનાર પણ આત્મપ્રતિષ્ઠા વધતાં મહત્વાકાંક્ષાનો ભોગ થઇ પડે છે. મહત્વાકાંક્ષા સર્પની માફક માણસના ચિત્તમાં પ્રવેશ કરે છે અને તેના પ્રજ્ઞાપ્રદીપને ઓલવી નાંખે છે. જ્યાં સુધી મહત્વાકાંક્ષાની ચુડમાં સપડાયો નથી ત્યાં સુધી સેવાવ્રતી માણસ સોળવલ્લું કુન્દન હોય છે; એક વખત પદ કે અધિકારનાં પ્રલોભનને વશ થયો કે પછી કુન્દનને કથીર બની જતાં બહુવાર લાગતી નથી. એટલા જ માટે સંત તુલસીદાસે ગાયું છે કે "લઘુતાસે પ્રભુતા મિલે, પ્રભુતાએ પ્રભુ દૂર."

**પરમાનંદ.**

# સામયિક સ્ફુરણ

### લોકમાન્ય સંવત્સરી.

ઓગસ્ટ માસની પહેલી તારીખ લોકમાન્ય બાલ ગંગાધર તિલકની મૃત્યુતિથિ છે. રાષ્ટ્રઉત્થાનમાં લોકમાન્યનો ફાળો અપૂર્વ અને અજોડ છે. તેમની પહેલાં પણ રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનો ભરાતાં અને રાજકારણી પ્રવૃત્તિઓ ચાલ્યા કરતી, પણ તે અધિવેશનો અને પ્રવૃત્તિઓ કેવળ બંધારણવાદ ઉપર જ રચાયલી હતી; તેના ઠરાવોમાં રાજ્ય કરતી સત્તાને વિનંતિ અને વિજ્ઞાપનો જ જોવામાં આવતાં. રાજસત્તા ગમે તેટલું ખોટું કરે તો પણ શાબ્દિક વિરોધના ઠરાવો અને સભાઓથી બીજું કશું જ થઇ ન શકે એટલું જ નહિ પણ બીજું કશુ કરવું પણ ન જ જોઇએ એવી એ વખતના રાજકારણી આગેવાનોની માન્યતા હતા. પરદેશી સત્તા સામે પહેલું માથું ઉચકનાર, સાચા રાષ્ટ્રવાદને પહેલો જન્મ આપનાર; સ્વરાજ એ મારો જન્મસિદ્ધ હક્ક છે એવી સૌથી પ્રથમ ઉદ્‌ઘોષણા કરનાર, પ્રજા માનસને નિર્ભયતાનો પ્રથમ પાઠ શિખવનાર લોકમાન્ય તિલક હતા. એ પુણ્યપુરૂષને આપણે આદર સન્માનની ભાવભરી અંજલિ આપીએ અને તેમના પુરૂષાર્થભર્યા જીવનમાંથી અવનવી પ્રેરણાઓ મેળવીને આપણા પામર જીવનને ઉન્નતગામી બનાવીએ.

### મદ્યનિષેધ પર્વણી.

આજે મુંબઇનગરી મદ્યનિષેધની દિશાએ પહેલાં પગલાં માંડે છે. આજનો દિવસ સમાજ સુધારકોને મન, ગરીબ અને છુંદાયેલી જનતાના ઉધ્ધારકોને મન, મજુર દુનિયાના મહારથીઓને મન પરમ આનંદ અને ઉત્સવનો લેખાવો જોઇએ. દરેક જૈન આજના દિવસ માટે ખુબ મગરૂબ બનવો જોઇએ. જૈન ધર્મમાં મદ્ય અને માંસને સરખી કોટિએ મુકવામાં આવ્યાં છે. એ દુષ્ટ બદીથી ભારતવર્ષની પ્રજાને મુકત કરવાનું આ પહેલું અને એમ છતાં પણ અસાધારણ અગત્યનું પગલું છે. આ એક અસાધારણ સાહસ છે. આમાં જો સફળતા મળે તો મુંબઇ ઇલાકામાં જ નહિ પણ અન્ય પ્રાન્તોમાં મદ્યનિષેધનો અમલ કરવામાં કશી આશંકા રહેશે જ નહિ. મુંબઇના મહાસભાવાદી પ્રધાનમંડળને આવા સ્તુત્ય છતાં સાહસભર્યા પગલાં માટે જેટલો ધન્યવાદ આપવામાં આવે તેટલો ઓછો છે. અમદાવાદે આ પ્રયોગની સફળતા સિધ્ધ કરી છે તેમજ તેથી મજુરોના સામાન્ય જીવનને થતા લાભો નરી આંખે જોઇ શકાય તેમ પ્રગટ થવા લાગ્યા છે. અમદાવાદ કરતાં મુંબઇનો પ્રશ્ન જરા વધારે વિકટ છે. કારણ કે મુંબઇની પ્રજા પચરંગી છે અને આ પ્રતિબંધના કારણે જે વર્ગોના હિતને થોડું ઘણું નુકસાન પહોંચવા સંભવ છે તેમાંનો એક વર્ગ મોટી લાગવગ ધરાવનારો છે. મુંબઇ સરકારને આ ભવ્ય પ્રયોગમાં આપણે સફળતા ઇચ્છીએ અને આ આપણા ધર્મનું જ કાર્ય છે એમ સમજીને બને તેટલો સહકાર આપીએ.

### મીનાક્ષી મંદિરમાં હરિજનપ્રવેશ.

જુલાઇ માસની આઠમી તારીખે દક્ષિણ હિંદુસ્થાનમાં આવેલા મદુરાના સુપ્રસિધ્ધ મીનાક્ષી મંદિરમાં ટ્રસ્ટીઓ અને ઉપાસકોની સંમતિથી હરિજનો પ્રવેશી શકયા છે એ સમાચારના મહત્વનો જેમને દક્ષિણ હિંદુસ્થાનમાં અસ્પૃશ્યો સામે આજ સુધી કેવા પ્રકારની ઘૃણા દાખવવામાં આવી છે તેનો અનુભવ હોય તેમને જ સાચો ખ્યાલ આવી શકે. આપણી બાજુએ અસ્પૃશ્યોને માત્ર અસ્પૃશ્ય જ ગણવામાં આવે છે; ત્યાં તો તેમનો પડછાયો તેમજ તેમનું દર્શન પણ દુષિત માનવામાં આવે છે. આજે પણ એવા કેટલાક વિભાગો છે કે જ્યાં તેમને શહેરના મુખ્ય રસ્તા ઉપર ચાલવાની મનાઇ છે અને જ્યાંથી તેઓ પસાર થતા હોય ત્યાં પણ અસ્પૃશ્ય આવે છે તેની આજુબાજુ જતા લોકોને ખબર પડે તે માટે તેમને અમુક અવાજ કરતાં ચાલવાની ફરજ પાડવામાં આવે છે. મીનાક્ષી મંદિર એટલે સ્થિતિચુસ્તોનું મોટું ધામ. આ મંદિરમાં હરિજનો પ્રવેશી શકશે એવી પંદર વીશ વર્ષ પહેલાં સ્વપ્ને પણ કોઇને કલ્પના આવવી અશકય હતી. કલ્પી ન

શકાય એવું આજે બની રહ્યું છે એ સૂચવે છે કે અસ્પૃશ્યત્વના શરમભર્યા કલંકથી આપણો દેશ જલ્દીથી મુકત થઇ રહ્યો છે. સાચો જૈન આ બનાવથી પણ ખૂબ આનંદ પામે; કારણ કે માણસ માણસ વચ્ચેની સમાનતા તો શું પણ સર્વભૂત વિષેની મૈત્રીભાવના ઉપર જ જૈન ધર્મનું મંડાણ છે. આજની આખી સમાજ રચના આ મૈત્રીભાવનાનો લોપ કરનારી છે અને તેમાં પણ અસ્પૃશ્યત્વ માણસ માણસ વચ્ચે વ્યાપી રહેલી અસમાનતાની પરમ કોટી છે. અસ્પૃશ્યત્વ હિંસાનું પણ બીજું સ્વરૂપ છે. આ અસ્પૃશ્યત્વનું નિવારણ જ્યાં જેટલું થઇ શકે તેટલું મદ્યપાન નિષેધ જેટલું જ અભિનન્દનીય છે,

## કુ. જાસુદબ્હેનને અભિનન્દન.

કુમારી જાસુદબ્હેન આ વર્ષે મુંબઇ યુનીવર્સીટીની એમ. એ. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં તે બદલ તેમને જૈન સમાજના ખબ અભિનન્દન ઘટે છે. તેમનું સન્માન કરવા માટે શ્રી પાટણ જૈન મંડળ તરફથી અ. સૌ. જયશ્રીબ્હેન રાયજીના પ્રમુખપણા નીચે એક જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો. જૈન સમાજ સ્ત્રી કેળવણીમાં પછાત છે એમ છતાં પણ આજે બીજી કોમોની સરખામણીએ ઠીક ઠીક પ્રગતિ પણ કરી રહેલ છે. મેટ્રીકમાં પાસ થયેલી જૈન બ્હેનોની પ્રમાણમાં સારી સંખ્યા જોવામાં આવે છે. કેઇ બી. એ. તો કોઇ બી. એસ. સી., કોઇ જી. એ. તો કોઇ એમ. એ., કેટલીક બહેનો કોલેજમાં બે ત્રણ વર્ષ ભણે છે અને લગ્નબંધનથી જોડાતાં અભ્યાસ મુકી દે છે. આપણી સામાજિક સર્વ સમસ્યાઓનો સાચો ઉકેલ બહેનોને–દીકરીઓને મોટી ઉમ્મર સુધી અપરિણીત રાખીને ભણાવવામાં જ રહેલો છે. સમાજમાં કેળવાયલી બહેનોની સારી સંખ્યા વધે પછી નાત જાત તોડવાની, સ્ત્રીજાતિને સમાન પદે સ્થાપવાની, તેમની કાયદેસર પ્રતિષ્ઠા વધારવાની, લાજની કે પડદાની, વિધવા વિવાહની કે એક ઉપર બીજી સ્ત્રીની અટકાયત કરવાની ગુંચો રહેશે જ નહિં. તેઓ સ્વત્વના બળે સમાજમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરશે અને પુરૂષજાતિ જે છૂટ ભોગવે છે તેમાં સ્ત્રીજાતિને ઇચ્છાએ કે અનિચ્છાએ ભાગીદાર કરવી જ પડશે.

## જૈન સમાજમાં આન્તરપ્રાન્તીય લગ્ન.

શ્રી. કુમુદબ્હેન પારેખ જેઓ કર્વેની જી. એ. ની પરીક્ષામાં સૌથી પહેલા નંબરે ઉત્તીર્ણ થયાં છે તેમણે શ્રી. બાળાસાહેબ ~~સાવને~~ શેવડે નામના એક મહારાષ્ટ્રી ગ્રેજ્યુએટ સાથે લગ્ન કર્યું છે. જૈન સમાજમાં આવું આ બીજું લગ્ન છે. યોગ્ય વ્યકિતનું યોગ્ય વ્યકિત સાથે લગ્ન થાય–પછી તે બીજી જ્ઞાતિની હોય–બીજા વર્ણની હોય બીજા પ્રાન્તની હોય–તોપણ આપણને અમુક પ્રકારનો આનંદ થયા વિના રહેતો નથી. આજ સુધી કુળ, જ્ઞાતિ ધર્મ એ લગ્ન સંબંધો ઘડનારાં મુખ્ય તત્ત્વો હતા. આજે ઉપરના વર્ગો કે જેમાં આધુનિક કેળવણીનો સારો પ્રચાર થઇ રહ્યો છે અને જેમાંના યુવક યુવતીઓ કોલેજનું અને ત્યાર પછીનું પણ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે તેઓમાં કુળ, જ્ઞાતિ કે ધર્મની સમાનતા ગૌણ બનતી જાય છે અને કેળવણી સંસ્કારની સમાનતાનો ખ્યાલ આગળ આવતો જાય છે. સરખાં કેળવાયલાં સ્વભાવિક રીતે આકર્ષાય છે અને લગ્ન ગ્રંથીથી જોડાવાનું પસંદ કરે છે. આ સ્વાભાવિક છે એટલું જ નહિ પણ નાતજાતના જટિલ જાળામાં રૂંધાઇ રહેલા સમાજના વિકાસ માટે આવકારદાયક છે. લગ્નસંબંધના ઔચિત્ય અનૌચિત્યનાં માપતોલાં આજે બદલાયા છે. સમાન કુળ હોય, સમાન જ્ઞાતિ હોય, સમાન ધર્મ હોય પણ એક ખૂબ ભણેલ હોય અને બીજી લગભગ અભણ હોય–આવી બે વ્યકિતઓ લગ્નસંબંધથી જોડાવાનું કબુલ કરે એ આજે કેવળ અસંગત કલ્પના લાગે છે. એ જ દર્શાવે છે કે લગ્નનિર્ણાયક નિમિત્ત આજે બદલાતું ચાલ્યું છે. સામાજિક પરિવર્તનને ઝંખતા ભાઇ બહેનો આ નવી પરિસ્થિતિ અને નવી ઘટનાને જરૂર આવકારશે અને અભિનન્દશે.

## છાત્રાલય અને ધાર્મિક શિક્ષણ.

કોમી છાત્રાલયોમાં ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન આજે ચર્ચાપાત્ર બની રહ્યો છે તે દિશાએ આ વિષય પરત્વે એક વિદુષી બહેન લખે છે તે વિચાર પ્રેરક બનશે એમ આશા રાખવામાં આવે છે. તેઓ જણાવે છે કે "તમે જે ધર્મ શિક્ષણના પ્રશ્ન વિષે લખવા માંગો છો એ મહત્ત્વનો પ્રશ્ન છે. તેમાં આજની રીતનું ધર્મસૂત્ર ગોખવાની અને આચારમાંજ ધર્મને સમાવી દેવાની રીતિનો વિરોધ તો હશે જ, પણ એની સાથે મને એક પ્રશ્ન થાય છે કે એ ગોખણપટ્ટી અને આચારવિધિ કાઢી નાંખેલા છાત્રાલયો એની જગ્યાએ શું મૂકી શકયા છે? છાત્રલયમાંથી એ કાઢી નાંખવું બહુ સહેલું છે. પણ પછી એની જગાએ જે વિશાળ દ્રષ્ટિ અને તેને લીધે સ્વાભાવિક થતા આચાર આપણા યુવાનોમાં કેટલે દરજ્જે છે? એટલે એ ધર્મની ગોખણપટ્ટી અને આચારબન્ધન કાઢી નાખીને આપણે એને બદલે કાંઇક ચોક્કસ આચારનિયમ નહિ મૂકીએ તો દરેક કાર્યકર્તા કે માણસ સુધારાને નામે, સ્વતંત્રતાને નામે ગમે તેને નામે ગમે તે આચાર અને વિચારને પોષવાનો. ઘણું ખરૂં પોતે પણ પોતાને નહિ સમજીને માણસ પોતાની નબળાઇને કાંઇક ને કાંઇક ઓઠા તળે પોષે છે. એટલે આજે આપણો નવો ધર્મ–ગમે તો એ રાષ્ટ્રધર્મ હોય કે સામાજીક ધર્મ હોય અને નવા વિચારઆચાર દાખલ કરવા જોઇએ. પણ એ શું હોય એ નક્કી કરવું બહુ અઘરૂં છે." કોમી છાત્રાલયોમાં ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક નિયમોનું ફરજિયાત પાલન વિચારકો પાસે છણાવટ માંગી રહેલ છે. ઉપરનું અવતરણ આ જ સમસ્યા રજુ કરે છે પણ કોઇ ચોક્કસ સમાધાન આપણને હજુ મળતું નથી. છાત્રાલયોમાં આજે ચાલી રહેલી પરિસ્થિતિ સંશોધન માગે છે. આ દિશાએ વિધાયક વિચારસરણી રજુ કરતા અને પ્રસ્તુત જટિલ પ્રશ્નની મીમાંસા કરતા લેખો–ચર્ચાપત્રો–નિમંત્રવામાં આવે છે.

## પ્રામાણિક રોજી અને સમાજશુદ્ધિ

બગસરા (કાઠિયાવાડ)ના જાણીતા કાર્યકર્તા ભાઇશ્રી લાલચંદ જયચંદ વોરા જેઓ બગસરા ખાતે એક બાળમંદિર ચલાવે છે અને એ ઉપરાંત ખાદી ઉત્પત્તિ કેન્દ્ર પણ ચલાવી રહ્યા છે તેઓ જણાવે છે કે "જો આપણે ખાદી ઉત્પત્તિ કેન્દ્રો જેવા કે ચલાળા, નેસડી, વરસડા, બગસરા વગેરેને થોડો સમય આપીએ અને નિરાંતે જોઇ શકીએ તો જણાશે કે ખાદી માત્ર રાજકારણ નથી પણ તેથી અધિકતર સમાજની શુધ્ધિ અને સેવા છે. કાંતનારી બાઇઓ ચરખા ધોરણના મજુરીના દર વધ્યા પછી પ્રમાણિક રોજી લેવા પડાપડી કરે છે અને ખાદી પહેરવા સહેજે લલચાય છે. અનાજ પછી જીવનની મહત્વની

# પરદેશમાં જૈન ધર્મ વિષે અજ્ઞાન

જૈન ધર્મને આપણે અનાદિકાળથી ચાલ્યો આવતો શાશ્વતો ધર્મ માનીએ છીએ. અનાદિકાળથી પ્રવર્તતા ધર્મનો ફેલાવો આખી દુનિયામાં હોવો જોઇએ તેના બદલે હિંદુસ્થાન સિવાય બહાર ભાગ્યેજ જૈન ધર્મના અસ્તિત્ત્વની કોઇને ખબર હોય છે. હિન્દુ ધર્મ તથા મુસલમાન ધર્મને આખી દુનિયા જાણે છે. ભગવાન મહાવીરના સમયથી શરૂ થયેલો અને જૈન ધર્મની સ્પર્ધા કરતો બૌધ્ધ ધર્મ હિંદુસ્થાનમાંથી લગભગ નાબુદ થયો છે છતાં તેનો ફેલાવો હિંદુસ્થાન બહાર ખબ થયેલો છે અને જ્યાં તેનો ફેલાવો નથી ત્યાં પણ તેની ખ્યાતિ તો છેજ. પરદેશમાં જૈનધર્મ વિષે વાત કરીએ ત્યારે લોકો અજાયબ થઇ જાય છે કે આટલા ઉચ્ચ ઉદ્દેશવાળો તત્ત્વજ્ઞાનથી ભરેલો બૌધ્ધ ધર્મ સિવાય બીજો ધર્મ દુનિયામાં અંસ્તિત્વ ધરાવે છે. આનો વિચાર કરતાં આમ બનવાનાં કારણો નીચે પ્રમાણે લાગે છે.

(૧) અત્યારે જૈનધર્મમાં જન્મ લીધો હોય તેનેજ આપણે જૈન માનીએ છીએ. બીજો કોઇ જૈન ધર્મ પાળવા તૈયાર થાય તોપણ તે વ્યવહારમાં જૈન ગણાતો નથી. આ રીતે આપણે ધર્મને જ્ઞાતિની સ્થિતિમાં લાવી મૂકયો છે.

(૨) આપણા સાધુઓ જેઓની મારફતે ધર્મનો પ્રચાર થાય છે તેઓ પગે ચાલી વિહાર કરતા હોવાથી પરદેશ જઇ શકતા નથી; એટલે તેમનો પ્રચાર બહાર થઇ શકતો નથી. હિંદુસ્થાનમાં પણ તેઓ ગુજરાત બહાર પ્રચાર માટે બહુજ થોડા વિહાર કરે છે. જેઓ વિહાર કરે છે તેઓને જૈન ધર્મ સિવાય બીજું જ્ઞાન બહુ થોડું હોય છે. અત્યારની દુનિયાના સમાગમમાં તેઓ હોતા નથી અને અંગ્રેજી કે બીજી કોઇ પરદેશી ભાષા તેમને આવડતી નથી. આ સ્થિતિમાં તેમનો પ્રચાર અન્ય મતવાળાઓમાં થઇ શકતો નથી સાધુઓએ આ બાબત ઉપર વિચાર કર્યો દેખાતો નથી. તેમને આ સંબંધી વિચાર કરવા માટે અવકાશ પણ હોતો નથી. તેમાંના થોડાક પુસ્તકોનાં સંશોધન જેવાં કામ કરે છે. બાકીના તો ગચ્છ, તિથિ અને દેવદ્રવ્ય જેવી ચર્ચામાં પોતાનો સમય વ્યતીત કરતા દેખાય છે.

(૩) હાલના જમાનામાં કોઇ પ્રખર વિદ્વાન શ્રાવકો દેખાતા નથી કે જેઓ જૈન ધર્મનો પ્રચાર કરી શકે. નથી કોઇ એવી સંસ્થા કે જેમાંથી પ્રચાર કરી શકે તેવા પંડિતો બહાર પડી શકે. અત્યારના પંડિતોમાં ઘણા તો પ્રચાર ને બદલે પીછેહઠ કરનારા દેખાય છે.

(૪) આપણી સંસ્થાઓએ હજુ સુધી અંગ્રેજી ભાષામાં એવું કોઇ પુસ્તક બહાર પાડેલ નથી કે જેથી જૈન નામનો ધર્મ છે તેવું પરદેશીઓ સહેલાઇથી જાણી શકે. અન્ય ધર્મમાં જેમ કુરાન અને બાઇબલ છે તેવું એક પુસ્તક આપણું હોવું જોઇએ. આપણા આગમોનો સારાંશ એકજ પુસ્તકમાં ઉતારી શકાય તો આવું એક પુસ્તક થઇ શકે.

(૫) હિંદુસ્થાન આવતા પરદેશીઓ જૈન ધર્મ જાણી શકે તેવું આબુનાં મંદિરો સિવાય બીજું કાંઇ સાધન નથી. આવાં મંદિરો દ્વારા પરદેશીઓને જૈન ધર્મના ગૌરવનો કાંઇક ખ્યાલ આવી શકે છે. આબુ સિવાયના અન્ય મંદિરોના દરવાજા ઉપર "જૈન સિવાય દાખલ થવું નહી" તેવાં પાટીયાં લગાડવાનો ચેપ વધતો જાય છે. અત્યાર સુધી મુંબઇ જતી આવતી સ્ટીમરોના મુસાફરોને વાલકેશ્વર ઉપર આવેલું બાબુનું મંદિર બતાવવામાં આવતું હતું. અને તેઓ મંદિર તેમજ મૂર્તિઓ જોઇ દુનિયામાં જૈન ધર્મ છે તેમ જાણીને જતા હતા. કમભાગ્યે જૈન ધર્મની જાહેરાત ટ્રસ્ટીઓને ગમી નહિ કે અન્ય ઉંધી બુધ્ધિ સુઝી અને "No admission except Jains" નું બોર્ડ લગાડી લીધું અને બહારના લોકોને આવતા બંધ કરી દીધા. આ બાબત ટ્રસ્ટીઓના ધ્યાન પર લાવવા છતાં તેઓએ કાંઇ વિચાર કર્યો હોય તેવું દેખાતું નથી.

ઉપર દર્શાવેલ કારણોથી જૈન ધર્મનો પ્રચાર થતો નથી. પ્રચારના અભાવે ખુદ જૈનોની વસ્તી પણ ઘટતી જાય છે. આવી સ્થિતિમાં જૈન ધર્મનો પ્રચાર થાય તેવી દરેક પ્રવૃતિ આવકારદાયક થઇ પડશે. આપણી "જૈન કોન્ફરન્સ" અને "જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા" જેવી સંસ્થાઓ આ બાબત હાથમાં લે તો જરૂર આ બાબતમાં કાંઇ થઇ શકે.

**મણિલાલ મોહનલાલ ઝવેરી.**

---

જરૂરિયાત કાપડ છે. કાપડ ઉત્પન્ન કરવાને શકિત, સાધન અને સમય છે. લાખો માણસો કાંતવા, પીંજવા, વણવા આદિ ક્ષેત્રોમાં સમાઇ શકે તેમ છે. આ શકિત કેળવતાં કેળવતાં કાંતનારા–વણનારા પાસે પહોંચી શકાય છે અને તેઓના સુખદુઃખો પિછાની શકાય છે.

"પણ કંઇ બધા એ ન કરી શકે, જ્યારે ખાદી તો બધા પહેરી શકે. એ માટે આપણે ખાદી ઉત્પન્ન કરનારા સાથે સંબધ જોડવો જોઇએ. ખાદી માટે મનગમતી માંગણી રજુ કરીને તમે એકાદ કાંતનારને તો કાયમ માટે પ્રામાણિક રોજી મોકલી શકો છો."

આ નિવેદન સાથે પોતાના ખાદી ઉત્પત્તિકેન્દ્રની એક પત્રિકા તેમણે મોકલી છે, જેમાં તેઓ જણાવે છે કે એક રેંટિયો એક કાંતનારી બહેનને વર્ષ દહાડે ૪૦–૫૦ રૂપીઆની કમાણી કરાવી શકે અને પાંચ છ માણસના એક કુટુંબને પૂરૂં પાડી શકે તેટલું સૂતર પેદા કરે. એટલે કંતામણ ઉપરાંત રૂ, પીંજાઇ, વણાઇ, ધોલાઇ અને વ્યવસ્થા ખર્ચ ગણતાં રૂ. ૧૦૦ ની ખાદી તૈયાર કરે. આ રીતે એક રેંટિયાને આખું વર્ષ ચાલુ રાખવા માટે એક કુટુંબે પોતાને જોઇએ તેવી (૧૨ થી ૨૪ આંકના સૂતરની) એકસો રૂપીઆની ખાદીનો ઓર્ડર આપવો જોઇએ." ભાઇશ્રી લાલચંદ વોરા પોતાના સર્વ સમયનો ભોગ બાળકેળવણી અને ખાદી ઉત્પત્તિ પાછળ આપે છે. તેમનો અનુભવ ખાદીની ઉપયોગિતા વિષે આશંકા ધરાવનારને નવો પ્રકાશ પાડે તેવો છે. તેમનું વર્તમાન કાર્ય સર્વ પ્રકારના ઉત્તેજનને પાત્ર છે.

**પરમાનંદ.**

# મદ્યપાનનાં માઠાં પરિણામો.

(ડા. એચ. સી. મેંકલ જેઓ સીમલામાં રહે છે અને જેઓ વાઇસરાયના ખાસ ડાકટર છે તેઓ હિંદુસ્થાનમાં ત્રીશ વર્ષથી પ્રેકટીસ કરે છે અને ડાકટરી ધંધાનો બહોળો અનુભવ ધરાવે છે. આજે મદ્યપાનનિષેધની જે પ્રવૃત્તિ ચાલી રહી છે તેનું તેઓ ખૂબ સમર્થન કરે છે. નીચેનો લેખ મૂળ અંગ્રેજીમાં એમણે ક્રોનીકલમાં થોડાક દિવસ પહેલાં પ્રગટ થયો હતો. તેમના જેવો પ્રતિષ્ઠિત માણસ શું કહે છે તેની ગુજરાતી જનતાને જાણ થવી જરૂરી સમજીને નીચેનો અનુવાદ કરવામાં આવ્યો છે.)

મદ્યનિષેધના પ્રશ્ન સંબંધમાં જે ઉગ્ર ચર્ચા આ દેશમાં ચાલી રહી છે તેણે એવી કેટલીક બાબતો ઉપસ્થિત કરી છે કે જે મદ્યનિષેધ સાથે સીધો સંબંધ ધરાવતી નથી, પણ જે મદ્યનિષેધના વિવિધ પરિણામો સાથે જોડાયલી છે. મૂળભૂત પ્રશ્ન એ છે કે મદ્યનો ઉપયોગ આજે ચાલે છે તેમ ચાલવા દેવો કે તેની બનાવટ તેમજ વેચાણને ગેરકાયદેસર ઠરાવીને સામાજિક પ્રથાઓના કારણે અથવા તો વ્યસનના કારણે આજે તેનો જે ચોતરફ કશા પણ પ્રતિબંધ વિના ઉપયોગ થઇ રહયો છે તે બંધ કરવો?

મદ્યનિષેધ ઉપર સામાજિક સુધારણાની દ્રષ્ટિથી જ આટલો બધો ભાર મૂકવામાં આવે છે; કારણ કે મદ્યનો ઉપયોગ પીનારને તેમજ એકંદરે આખા સમાજને ભારે હાનિકર્તા છે. મદ્યવિક્રયમાંથી થતી સરકારી આવક, અંગત સ્વાતંત્ર્ય, ધંધાના સ્વાર્થો તેમ મદ્યનો ધાર્મિક ઉપયોગ આ બધી ગૌણ બાબતો છે; પણ મદ્યપાન અને તેનાં પરિણામો એ જ મુખ્ય પ્રશ્ન છે.

આ માદક પીણાનો પ્રાચીન કાળથી માંડીને આજ સુધીનો ઇતિહાસ અને અનુભવ શો છે? એ ઇતિહાસ એક બાજુ દુઃખ, દુર્દૈવ, અધઃપતન, દુઃષિત માનવજીવન અને વ્યાપક અનારોગ્યની અને બીજી બાજુએ શંકાસ્પદ નફાઓ અને કુટિલ રાજકારણની કમનસીબ કહાણી છે. કવિઓએ ભલે ગાયું હોય કે 'ભૂતકાળનાં દુઃખોને અને ભવિષ્યના ભયોને એ ઘડી ભુલાવનાર મદ્યની પ્યાલી ભરી દે અને પ્રિયે! એ ઘડી ચેનચમનમાં આળોટવા દે, પણ ધારાશાસ્ત્રીઓ, કાયદાશાસ્ત્રીઓ, માનશાસ્ત્રીઓ, શરીરશાસ્ત્રીઓ અને સામાજિક કાર્યકર્તાઓ મદ્યપાનનાં અનેકવિધ માઠાં પરિણામોને કેમ પહોંચી વળવું તેની મુંઝવણમાં આજ સુધી ગોથાં ખાધા જ કરે છે. મદ્યપાનની દુર્દૈવ પરાકાષ્ટાને પહોંચી વળવા માટે જેલો, ઇસ્પિતાલો, સુધારશાળાઓ, ગાંડાની શાળાઓ, અનાથાશ્રમો અને એવી અનેક ધર્માદા સંસ્થાઓ આજે મોટા પાયા ઉપર યોજાયલી જોવામાં આવે છે.

એ સત્ય છે કે મદ્યવ્યાપારના મોટા નફાઓમાં સરકારી તીજોરીઓ તર થઇ રહી છે; પણ મદ્યના ચાલુ ઉપયોગથી મનુષ્ય જીવનના અનેક અંગો ઉપર જે શ્યામ છાયા પથરાતી રહી છે તેની ઉપેક્ષા કરીને માત્ર સરકારી આવકના કારણે આપણે આ ધંધો ચાલવા દઇ શકીએ ખરા?

ડાકટરી સાહિત્ય મદ્યને કલોરોફોર્મ અને ઇથરને મળતા એક ઘેન નીપજાવનાર ઝેરની કોટિમાં મૂકે છે. પહેલાના વખતમાં જ્યારે કલોરોફોર્મ જેવા બેશુદ્ધ બનાવનાર સાધનોની શોધ થઇ નહોતી ત્યારે શારીરિક ઓપરેશન કરતી વખતે આલ્કોહોલ–મદ્યનો ઉપયોગ કરવામાં આવતો હતો. મદ્ય શરીર ઉપર સૌથી પહેલાં ઉત્તેજક અસર કરે છે, પછી મગજમાં મંદતા લાવે છે, પછી માણસને ઘેનમાં ડુબાડે છે અને મદ્યનો ઉપયોગ ખૂબ વધી જતા છેવટે પક્ષઘાત નીપજાવે છે.

કોલંબીયા યુનીવર્સીટીનો ડો. હેબન એમર્સન મદ્યપાનના પરિણામો નીચે મુજબ વર્ણવે છે. "મદ્ય મન્દતાજનક છે, અને વ્યસનમાં પરિણમતું ઘેની દ્રવ્ય છે. મદ્યથી અનેક વ્યાધિઓ જન્મે છે અને તેમાં રહેલ ઝેરની અસર ફેલાતાં માણસનું મૃત્યુ પણ નીપજાવે છે. મદ્ય ન્યુમોનીઆ જેવા કોઇ પણ ચેપી જન્તુઓ સામે થવાની તાકાત હરી લે છે. મદ્યથી અકસ્માતો થવાની શકયતા વધે છે અને તેમાંથી સાજા થવાની શકયતા ઘટે છે. કોઇ પણ અસર પ્રગટપણે ન દેખાય તેટલા પ્રમાણમાં મદ્ય લેવાથી પણ પીનારની સહનશકિત, ચોકસાઇ અને સ્નાયુશકિત તો દિન પ્રતિદિન ઘટતી જ જાય છે. મદ્યથી આયુષ્ય ઘટે છે અને મદ્ય પીનારનાં બાળકો ટુંકી આવરદાવાળાં હોય છે. મદ્યપાનથી લાગણીઓ અને ઉર્મિઓ ઉપરનો કાબુ ઘટે છે; મગજ સ્વચ્છ રહી શકતું નથી અને જાત ઉપરનું નિયંત્રણ ઓછું થતું જાય છે."

મારી બત્રીશ વર્ષની ડાકટરી પ્રેકટીસ દરમિયાન ચાલુ દારૂ પીવાની બદીથી શરીરના અંગ ઉમંગ હંમેશને માટે ઘસાઇ ગયાં હોય એવા અનેક દર્દીઓ મારા જોવામાં આવ્યા છે. મારા પોતાના ક્ષેત્રમાં પણ આવા દર્દીઓ ઉપર સર્વ ડાકટરી ઉપાયો, પ્રયોગો અને સાધનોની નિષ્ફળતા મેં અનુભવી છે.

સર પેટ્રીક મેન્સને એમ જણાવેલું કહેવામાં આવે છે કે "જો મદ્યનો આખા હિંદુસ્થાનમાંથી સર્વથા નિષેધ કરવામાં આવે તો મારી ડાકટરી પ્રેકટીસ અને કમાણી તરતજ અરધી થઇ જાય." નોર્થ વેસ્ટ યુનીવર્સીટીના ડો. એ. સી. આઇ. બી જણાવે છે કે "મદ્ય જેવા વ્યસનોત્પાદક ઝેરને યથેચ્છપણે ફેલાવા દેવું તે ખૂબ જોખમકારક છે. મદ્ય મગજની વિવેચક અને ગ્રાહક શકિતને મન્દ પાડે છે, સ્મરણશકિતને નબળી કરે છે. મદ્ય અનેક પ્રકારના માનસિક વ્યાધિઓનું મૂળભૂત કારણ હોય છે."

આવું પરિણામ અતિશય પ્રમાણમાં દારૂ પીવાથી જ આવે છે એમ કોઇ ન ધારે. મદ્ય તે મદ્ય જ છે. ઓછી વધતી તીવ્રતાનો ફેર ચોક્કસ પરિણામ વહેલું કે મોડું લાવવા પૂરતો જ રહે છે, પણ તેથી થતી શારીરિક હાનિ સંબંધે બે મત છે જ નહિ.

જો આ દુનિયામાં કોઇપણ કાળે કદિ સાચો નૈતિક શસ્ત્રસન્યાસ થવાનો હોય તો આજે પ્રજાદળોના જીવનમાં મદ્ય જે સ્થાન ભોગવી રહ્યું છે તે સ્થાન ઉપરથી મદ્યને ઉતારી પાડવું જ જોઇએ. પણ આવો ફેરફાર જાગ્રત અને સમજણપૂર્વકના જાહેર અભિપ્રાયમાંથી જ નીપજી શકે. નૈતિક સ્વાતંત્ર્યનો યુગ આવે તે પહેલાં હજુ જનતામાં સાચી સમજ ફેલાય તે માટે ખૂબ પ્રચાર અને કેળવણીની જરૂર છે.

અનુવાદક—**પરમાનંદ.**

આ પત્ર સશાંક પ્રેસ, કોટ, મુંબઇમાં છપાવી પ્રકાશક અને તંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી શ્રી મુંબઇ જૈન યુ. સંઘ માટે પ્રગટ કર્યું છે.

# આગામી ચુંટણીઓ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

તા. ૩૦-૭-૩૯ ના 'જૈન' માં 'મુંબઇનો પત્ર' એ મથાળા નીચે મહાવીર જૈન વિદ્યાલયની આગામી ચુંટણીના અનુસંધાનમાં પ્રસ્તુત લખનાર જે પોતે કોણ છે તેનું અનુમાન કરવું અઘરૂં નથી અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ઉપર ફાવે તેવા કટાક્ષો અને આક્ષેપો કરવા એ જેમનો આજકાલ ચાલુ વ્યવસાય થઇ પડયો છે તેઓ જણાવે છે કે "મૂળ બંધારણ અને ધ્યેયને નેવે મૂકવાની વૃત્તિ ધરાવતા અને છડે ચોક રાત્રીભોજન, કંદભક્ષણની અગત્ય સ્વીકારનારા અને ધાર્મિક શિક્ષણ, દેવ-દર્શન, દેવપુજા વિગેરે અંગેને અછુતની દ્રષ્ટિએ જોનારા અને તે માટે પોતાનાં મુખપત્રોમાં પ્રચાર કરનારાઓને માત્ર તેમની, બેશરમ રૂબરૂની આજીજી અગર મત કેનવાસ કરવાની આવડતને કારણે જ આવી ભવિષ્યના શ્રાવકોના ઘડતર સમી સંસ્થાઓમાં સ્થાન અપાવું જોઇએ નહિ તેવી જનલાગણી જણાઇ આવે છે, આમ છતાં યુવક સંઘના કાર્યકરો તરફનું કેન્વાસીંગ ધમધોકાર ચાલી રહ્યું છે અને આજની સમાજની શરમાળ વૃતિ જોતાં તેમાંના કેટલાકો ફરીથી ચુંટાઇને આવે તો નવાઇ નહિં વગેરે વગેરે.

થોડા સમય પહેલાં 'પ્રબુદ્ધ જૈન' માં 'જૈન છાત્રાલયો' એ મથાળા નીચે મુંબઇ લેજીસ્લેટીવ કાઉન્સીલના સભ્ય શ્રી શાન્તિલાલ હ. શાહનો એક લેખ પ્રગટ થયો હતો. તે લેખમાં આજના જૈન છાત્રાલયોમાં જે પ્રકારનું ફરજિયાત ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે, ફરજિયાત દેવપુજન કરાવવામાં આવે છે અને ફરજિયાત રાત્રિભોજનના પ્રતિબંધ પળાવવામાં આવે છે તે સર્વમાં રહેલા ફરજિયાતપણાની વિરૂધ્ધમાં તેમણે પોતાના કેટલાક વિચારો રજુ કર્યા હતા. આ લેખમાં ધાર્મિક શિક્ષણ, દેવપુજન કે રાત્રિભોજન પ્રતિબંધની વિરૂધ્ધમાં કશું પણ જણાવવામાં આવ્યું નહોતું. વિશેષમાં એ લેખમાં જણાવેલા વિચારોની જવાબદારી શ્રી શાન્તિલાલ હ. શાહની પોતાની જ છે અને એ હિસાબે 'પ્રબુધ્ધ જૈન' નો કોઇ પણ લેખક કાંઇ પણ જણાવે તેની સર્વ જવાબદારી તે લેખકની છે અને સાથે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સમગ્ર રીતે કે સંઘના સભ્યોની વ્યકિતગત રીતે સંમતિ કે અસંમતિનું કશું પણ કોઇએ અનુમાન કરવાનું છે જ નહિ એ વાસ્તવિક પરિસ્થિતિ સર્વત્ર સુવિદિત હોવા છતાં પ્રસ્તુત લેખનો આશ્રય લઇને એ લેખમાં ન જણાવ્યા હોય એવા વિચારો અને વલણોનો એ લેખક ઉપરજ માત્ર નહિ પણ સમગ્ર યુવક સંઘના સભ્યો ઉપર આરોપ કરીને આજકાલ મુંબઇ જૈન યુવક સંઘ સામે ગંદો પ્રચાર ચલાવવામાં આવે છે અને તેમાં પણ પ્રસ્તુત મુંબઇના પત્રકારે હદ કરી છે. સત્યને નેવે મુકીને જયારે કોઇ લખે કે બોલે ત્યારે તેનો ખુલાસો પણ શું કરવો અને તેને જવાબ પણ શું આપવો? જાહેર જીવનમાં આપણે સત્યનો આશ્રય છોડીને એકમેક તરફ ફાવે તેવા આક્ષેપો કરવા માંડીશું તો આપણે વિના કારણે સામસામા અથડાઇ મરીશું અને જૈન સમાજનું આખું નાવ મલિન પ્રચારના ખડક સાથે અથડાઇને ભાંગીને ભુકકો થઇ જશે. જૈન સમાજ આવા ગંદા પ્રચારકોથી ચેતતો રહે અને સાચી વસ્તુસ્થિતિ સમજી લેવા પ્રયત્ન કરે અને એ સમજણ મુજબ જ કોઇ પણ ચુંટણીના પ્રસંગે પોતાનો મત આપે એવી અમારી વિજ્ઞપ્તિ છે.

શ્રી મુંબઇ જૈન' યુવક સંઘ આજના કેટલાક ધાર્મિક તેમજ સામાજિક સવાલો ઉપર બીજી સંસ્થાઓ અને વર્ગોની સરખામણીએ ઉદ્દામ વિચારો ધરાવે છે, પણ આ સંઘ જૈન ધર્મ પ્રત્યે અભિરૂચિ ધરાવનાર જૈન ભાઇઓ અને બહેનોનો બનેલો છે, જૈન સમાજની પ્રગતિ અને ઉત્કર્ષને વાંછે છે અને તે દિશાએ પોતાથી બનતો પ્રયત્ન સેવે છે. તેથી તે સંઘના સભ્યો સામે જાણે કે તેઓ જૈન ધર્મના કટ્ટર વિરોધીઓ હોય એવો ધ્વનિ સુચવતા કટક્ષો કરવા એ તમને ઘોર અન્યાય કરનારૂં છે. આની પાછળ આગામી ચુંટણીઓને કોઇ પણ સાધનનો ઉપયોગ કરીને પોતાને અનુકુળ વલણ આપવાની અનિષ્ટ મનોદશા રહેલી છે. આ બાબત જૈન સમાજના ધ્યાન ઉપર લાવવા ખાતર આટલો ખુલાસો કરવાની જરૂર ભાસી છે.

# જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

વર્ષો થયાં નિષ્ક્રિય બની રહેલી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆને જાગતો અને કામ કરતો બનાવવા ખાતર શ્રી મુંબઇ જૈન યુવક સંઘે જે પ્રવૃત્તિ ઉપાડી હતી તે સંબંધે કેટલેક સ્થળેથી એવી ગેરસમજ ફેલાવવામાં આવે છે કે આની પાછળ શ્રી મું. જૈન યુવક સંઘનો આશય એસોસીએશન ઓફ ઇન્ડીઆનો કબજો લેવાનો હતો અને આ માટેજ આ વાતને એકાએક એડવોકેટ જનરલ પાસે ઉપસ્થિત કરવામાં આવી હતી. શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો કદિ પણ કોઇ જૈન સંસ્થાનો કબજો લેવાનો આશય હતો નહિ કે છે નહિ. તે સંઘના કોઇ કોઇ સભ્યો કોઇ કોઇ સંસ્થાઓ ઉપર કામ કરી રહ્યા છે તે મુંબઇ જૈન યુવક સંઘના પ્રતિનિધિ તરીકે નહિ પણ પોતાની વ્યકિતગત જવાબદારીએ કામ કરે છે. જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆ એક વખત બહુ જાણીતી અને જૈન સમાજનાં જવાબદારીભર્યાં કાર્યો કરતી જૈન સંસ્થા હતી. છેલ્લાં દશ વર્ષથી આ સંસ્થા કેવળ સુષુપ્ત સ્થિતિમાં ડુબેલી હતી. તેની પાસે જુદા જુદા ખાતાઓને લગતી લગભગ રૂા. ૫૦૦૦૦) ની રકમ પણ બેંકોમાં નિરૂપયોગી પડેલી હતી. છેલ્લાં દોઢ વર્ષથી મુંબઇ જૈન યુ. સંઘના મંત્રીઓ જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆના મંત્રીઓસાથે પત્રવ્યવહાર કરી રહ્યા હતા તેમજ રૂબરૂમાં પણ તેમની સાથે વખતો વખત ચર્ચા કરી રહ્યા હતા, પણ તેનુ કશુંજ પરિણામ આવતું નહોતું. બચાવમાં એસોસીએશનના કુલ ચાર ટ્રસ્ટીઓમાંથી ત્રણ ગુજરી ગયા છે અને એક ગુમ થયેલ છે એટલે હાલ તુરત કશું થઇ શકે તેમ નથી એમ જણાવવામાં આવતું હતું. આખરે તેમને ચાલન કરવાનો કે સંસ્થાને સચેત કરવાનો કોઇ પણ ઉપાય નથી એમ સ્પષ્ટપણે લાગવાથી આખો પ્રશ્ન એડવોકેટ જનરલ સમક્ષ ઉપસ્થિત કરવાની સંઘના મંત્રીઓને ફરજ પડી હતી. આ પગલાનું તાત્કાલિક એ પરિણામ આવ્યું છે કે અલભ્ય ચાર ટ્રસ્ટીઓના સ્થાને નવા ચાર ટ્રસ્ટીઓની એસોસીએશનની સામાન્ય સભાએ નિમણુંક કરી છે અને સંસ્થાને ગતિમાન કરવાની એડવોકેટ જનરલને એસોસીએશનના મંત્રીઓએ કબુલાત આપી છે. હજુ એના એજ મંત્રીઓ અને લગભગ એનું એજ કાર્યવાહી મંડળ ચાલુ રહ્યું છે તેથી તે આ સંસ્થામાં કેવો અને કેટલો વેગ આપે છે તે જોવાનું રહે છે. અને એ ન થાય ત્યાં સુધી સંઘે ઉપાડેલું આ કામ પુરૂં થતું નથી એમ અમે સમજીએ છીએ. બાકી આ ઉપરાંત મુંબઇ યુવક સંઘને આ કે આવી આવી અન્ય કોઇ પ્રવૃત્તિમાં બીજો કોઇ રસ કે સ્વાર્થ છેજ નહિં એમ અમે જાહેર કરીએ છીએ.

**મણિલાલ મોકમચંદ શાહ**
**વૃજલાલ ધ. મેઘાણી**
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

Regd No. B 4266

# પ્રબુદ્ધ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર.　　તંત્રીઃ મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ ૧.
અંક ૮.

તા૦ ૧૫-૮-૩૯ મંગળવાર.

વાર્ષિક લવાજમ રૂ. ૨.
સભ્ય માટે રૂ. ૧. છુટક નકલ દોઢ આનો.

## બા હુ બ લી

કાકા કાલેલકર

### જ્યેષ્ટ કે શ્રેષ્ટ ?

બાહુબલી અથવા ગોમટેશ્વરનું જીવનચરિત્ર કોઇ મહાકાવ્યનો વિષય થઇ શકે તેમ છે. વાલ્મિકીનો રાવણ, વ્યાસનો દુર્યોધન, મિલ્ટનનો શયતાન—ત્રણે ભવ્ય વિભૂતિઓ છે. પોતાની દુષ્ટતામાં પણ ઉદારતા બતાવ્યા વગર રહેતા નથી. પણ ત્રણે આખર સુધી પોતાનો રજોગુણ છોડતા નથી. બાહુબલી એથી તદ્દન જુદી કોટિનો વીરપુરૂષ છે. પોતાની સામાજિક તેમજ માનસિક શકિતનો રજોગુણી ઉત્કર્ષ બતાવ્યા પછી એથી એ ઉંચો કુદકો મારી એ સત્વગુણમાં પ્રવેશ કરે છે અને પોતાનું કલ્યાણ અને માનવકોટિનો આદર મેળવે છે.

મહારાજ ઋષભદેવના સો પુત્રો હતા. ભાઇઓ વચ્ચે ઝગડો ન થાય અને પ્રજાને શોષવું ન પડે એટલા ખાતર એવી વ્યવસ્થા સુચવવામાં આવી કે જ્યેષ્ટ પુત્ર રાજ્યગાદીએ અને બાકીના બધા ભાઇઓ ગૃહસંસારનો ત્યાગ કરી પરલોક મેળવવાની સાધના કરે.

આ વ્યવસ્થા પ્રમાણે ૯૮ દીકરાઓએ દીક્ષા લીધી અને ઇહલોકની મહત્ત્વાકાંક્ષા છોડી દીધી. જ્યેષ્ટ પુત્ર ભરત રાજ્યગાદીએ આવ્યો. એનો સાવકો ભાઇ બાહુબલી આવી નક્કી થયેલી વ્યવસ્થાને વશ થાય તેવો હતો જ નહિ. તેણે સવાલ ઉઠાવ્યો કે જે જ્યેષ્ઠ અને શ્રેષ્ટ હોય તેજ રાજા થાય એ વાત બરોબર છે પણ જ્યેષ્ઠ જો શ્રેષ્ટ ન હોય તો કેવળ ઉમરને મહત્ત્વ ન આપતાં યોગ્યતા તરફજ ધ્યાન આપવું જોઇએ, કેમકે રાજ્ય પ્રજાના હિત માટે હોય, નહિ કે રાજાના ભોગોપભોગ માટે. ભરત ભલે જ્યેષ્ઠ હોય પણ પોતે એના કરતાં દરેક રીતે શ્રેષ્ઠ છે; રાજ્યગાદી પોતાને જ મળવી જોઇએ.

વિખવાદ શરૂ થયો એટલે દરેકે પોતાની યોગ્યતા સિદ્ધ કરવી રહી. રાજામાં ખડતલપણું હોવું બધી રીતે આવશ્યક છે. એટલે એ બાબતમાં બન્નેની કસોટી કરવામાં આવી. એમાં બાહુબલી શ્રેષ્ઠ નીવડયો. રાજામાં પોતાના વાકપાટવથી જનતાનું આરાધન કરવાની શકિત હોવી જોઇએ. એ પરીક્ષામાં પણ બાહુબલી શ્રેષ્ઠ નીવડયો. રાજામાં બુધ્ધિશકિત અને સૂઝશકિત હોવાં જોઇએ. એ હોડમાં પણ બાહુબલી ફાવ્યો. સામન્તોને અનુકુળ કરી લઇ પોતાનું ચક્ર સ્થાપન કરવું એ ચક્રવર્તીનું ખાસ લક્ષણ હોય છે. આ કસોટીમાં પણ ચક્રવર્તી ભરત કરતાં બાહુબલી જ ચઢિયાતો નીવડયો. રાજામાં દીર્ઘદ્રષ્ટિ તો હોવીજ જોઇએ આ ગુણમાં પણ ભરત કરતાં બાહુબલીએ પોતાનીજ યોગ્યતા સિધ્ધ કરી પછી વારો આવ્યો યુધ્ધનો. રાજારાજાની અદેખાઇના કારણે પ્રજામાંથી કોઇને મરવું પડે એ ન્યાયસંગત નથી એમ કહીને બધા મુત્સદ્દીઓએ સેનાયુદ્ધ કરવાની ના પાડી; એ ભાઇઓનો પક્ષ તાણીને જ્યારે પ્રજામાં બે તડ પડે છે ત્યારે આખી જાતિનો સંહાર થાય છે, એટલું સમજવા જેટલી બુધ્ધિ તે વખતના બધાય લોકોની અંદર હતી. એટલે દ્વન્દયુધ્ધથી ફેંસલો કરવો એમ નક્કી થયું. પછી તો પુછવુંજ શું ? બાહુયુધ્ધ, દંડયુદ્ધ, મલ્લયુધ્ધ વિગેરે અનેક પ્રકારનાં યુધ્ધો થયાં. આમાં તો બાહુબલી સહેજે વિજય મેળવે એમ હતું. બધી રીતે બાહુબલીની શ્રેષ્ટતા સિધ્ધ થઇ ચુકી. લોકો તેનો જયજયકાર કરવા લાગ્યા. એટલે ભરત ચીડાયો અને એણે કેવળ અહંશ્રેયસ છોડી પોતાના ભાઇને મારી નાખવાનો મનસૂબો કર્યો, અને અચાનક બાહુબલી ઉપર પ્રહાર કર્યો. ભરતનો રાજ્યલોભ આટલે સુધી જાય એમ કોઇને ખ્યાલ નહોતો. તેજસ્વી બાહુબલી આવા ઘાનો બદલો આપ્યા વગર કેમ રહે ? એણે પ્રત્યાઘાત કરવા માટે પોતાની તમામ શકિત એકત્ર કરી પોતાની મુઠ્ઠીવાળી અને એકજ પ્રહારમાં ભરતને પુરો કરવા માટે હાથ ઉગામ્યો. લોકોના હૃદયમાં હાહાકાર થયો, હવે તો ભરત ગયો એમ બધાને થયું. બાહુબલીને ખાત્રીજ હતી પણ એ વિજયને ક્ષણે બાહુબલી ભાન ભૂલ્યો નહિ. એનામાં નબળાઇ હોત તો ક્રોધથી આંધળો થાત પણ એને પોતાની શકિતનું પુર્ણ ભાન હોવાથી એ ક્રોધ ઉપર તુરત વિજય મેળવી શકયો. એણે વિચાર કર્યો કે મારી યોગ્યતા તો સિદ્ધ થઇ ચુકી છે. કેવળ રાજ્ય લોભથી ભાઇ પામર બન્યો છે એ પામરતાની હોડમાં હું શા માટે ઉતરૂં ? ભાઇને મારીને રાજ્ય ચલાવતાં હું પ્રજા આગળ કેવો દાખલો બેસાડીશ ? જવા દો એ રાજ્ય અને જવાદો એ બંધુહત્યા.

જે જોરથી એણે મુઠ્ઠીવાળી હતી એજ જોર વાપરીને એણે પોતાનું કેશલુંચન કર્યું અને ત્યાગની દીક્ષા લીધી. ભરત અકુતોભય થઇ રાજ્ય ચલાવવા લાગ્યો અને બાહુબલીએ વૈરાગ્યનો રસ્તો લીધો. રજોગુણમાંથી સત્વગુણ પ્રગટ થયો. મહત્ત્વાકાંક્ષા કરતાં બંધુપ્રેમ સ્વજનવાત્સલ્યતા અને વિરકિત શ્રેષ્ઠ નીવડયાં. ભરત અકુતોભય થઇ રાજ્ય કરવા લાગ્યા અને બાહુબલીએ પરમપુરૂષાર્થનો માર્ગ લીધો.

આધ્યાત્મિકમાર્ગમાં ગુરૂનું શરણ લેવાથી રસ્તો સહેલો થઇ જાય છે. અઠ્ઠાણુ ભાઇ જે રસ્તે ગયા એ રસ્તે જવું અને ભગવાન ઋષભદેવનું શરણ લેવું એજ સ્વભાવિક માર્ગ હતો. પણ માનધન બાહુબલીને એમાં અગવડ જણાઇ. નાના ભાઇઓએ પ્રથમ દીક્ષા લીધેલી હોવાથી તેઓ દીક્ષામાર્ગમાં વડીલ થયા હતા. પોતે મોડી દીક્ષા એટલે અઠ્ઠાણું ભાઇઓને વન્દન કર્યા વિના છુટકો નથી. એ તે કેમ થાય ? શ્રેષ્ટત્વ એળે ગયું અને જ્યેષ્ટત્વ ખોઇ બેસવાનું ! એ કેમ ખમાય ?

એના કરતાં પોતાનીજ તપસ્યાના જોરે કેવળ જ્ઞાન મેળવવું એ વધારે સારૂં એમ બાહુબલીએ નક્કી કર્યું. આમ સાધનાના પાયામાંજ દર્પ અને અહંકાર સ્થપાયા. બાહુબલીએ એ પાયા ઉપર ઘોર તપશ્ચર્યા ચણી. પોતે જ્યાં ઉભા હતા ત્યાં રાફડા બાઝયા; એમાં મોટા મોટા નાગ અને કૃષ્ણસર્પ આવીને વસ્યા. માધવી લતાએ એ રાફડાઓ ઘેર્યા અને આગળ ચઢતાં બાહુબલીના પગ અને બાહુ બન્નેને એ લતા વીંટવાઇ વળી. ચરાચર જગત એ અતુલ તપસ્યા જોઇ ચકિત થઇ ગયું પણ બાહુબલીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થઇ. અકળાતા જાય અને તપ વધારતા જાય. અન્તે સો ભાઇઓની એ માનીતી બહેનો— બ્રાહ્મી અને સુંદરી—જેમણે પણ ત્યાગ દીક્ષા અંગીકાર કરી હતી, તેઓ ત્યાં આવી પહોંચી. પરિસ્થિતિનું હાર્દ સ્ત્રીહૃદય ઝટ પારખી લે છે. બહેનોએ ભાઇને મીઠો ઇશારો કર્યો. "વીરા મોરા ગજથી હેઠા ઉતરો." બાહુબલીને આશ્ચર્ય થયું કે પોતે ઉભા ઉભા આટલો કાલ તપશ્ચર્યા કરે છે અને બહેનો પોતાને હાથી ઉપરથી નીચે ઉતરવા કહે છે. એક ક્ષણના વિચારથી બાહુબલીને ભાન આવ્યું કે પોતે અભિમાન, અહંકારના હાથી ઉપર બેઠા છે. જ્યાં તમામ સંસ્કારો ઓગાળી નાખવાનો સંકલ્પ કરે છે ત્યાં શ્રેષ્ઠ કે જ્યેષ્ટ હોવાનું અભિમાન કેવું ? તમામ વિશ્વને સાથે જ્યાં ઐક્ય અનુવવાનું છે ત્યાં અઠ્ઠાણુ ભાઇઓ સાથેની અદેખાઇ કેવી ? એની બહેનો જ બાહુબલીને ગુરૂ જેવી થઇ. બાહુબલીનો અહંકાર ઓગળ્યો અને નાના ભાઇઓને પગે લાગવા તે ઉપડ્યો. જે સ્થાને તે ઉભા હતા તે સ્થાનેથી પગ ઉપડે તે પહેલાંજ તેને કેવળજ્ઞાન થયું અને તે વીર પુરૂષ બધી રીતે કૃતાર્થ થયો.

માનવોચિત રજોગુણનું પુરૂં જોર બતાવી પોતાનું તેજ પ્રગટ કરી તેની અંદર રહેલી ઉણપ ઓળખી બાહુબલી સાત્વિકતાની ટોચે પહોંચ્યો. છેક નીચલે પગથીયેથી પ્રારંભ કરવો એમાં નામોશી નથી. પણ શિખરની યાત્રા કરતાં વચમાં અટકી પડવું એમાં દુર્દૈવ સમાયલું છે. દરેક પ્રતાપી મનુષ્ય બાહુબલીના જીવનક્રમ પ્રત્યે આકર્ષિત થવાનો જ. કરણી કરીને નરનો નારાયણ થવું એનો આ દાખલો દરેક માનવીને ઉંચે ચઢાવનારો છે. મોટમોટા કારીગરોએ બાહુબલીની વિશાળ મૂર્તિઓ બનાવવાની મહત્ત્વાકાંક્ષા સેવેલી. બાહુબલીના જીવનનો એકેએક પ્રસંગ કોતરી કાઢવામાં કારીગરોએ પોતાની બધી શકિત ઠાલવી દીધી છે. એ નમુનાના પરમ ઉદ્બોધક એ પ્રકારો દક્ષિણ હિંદુસ્તાનમાં ઉભા છે. એ મૂર્તિઓના સોંદર્ય ઉપરથી એમનું 'ગોમટેશ્વર' નામ પડયું છે.

હું ઇ સ. ૧૯૨૫માં કારકલ ગયો હતો. ત્યાંની ટેકરી ઉપર બાહુબલીની ૪૫ ફીટની એક મૂર્તિ જોઇ. આ વર્ષે જુલાઇ માસની શ્રવણ બેલગોળની સાઠ ફીટની મૂર્તિ જોઇ આવ્યો છું. કારકલ પશ્ચિમ કીનારે મંગલુર અને ઉડપીમાલપેના કાટખુણામાં આવેલું છે જ્યારે શ્રવણબેલગોળ મ્હેંસુર રાજ્યના હાસન જીલ્લામાં ચંદ્રગિરિ અને વિન્ધ્યગિરિ વચ્ચે વસેલું છે શ્રવણબેલગુળની મુર્તિ વિન્ધ્યગિરિની ટોચમાંથી જ કોરી કાઢેલી છે જ્યારે કારકલની મુર્તિ ટેકરીથી જુદાજ પ્રકારના પથ્થરમાંથી બનાવી દૂરથી આણી ટેકરી ઉપર ચઢાવી ઉભી કરેલી છે. આ બધુ કેવી રીતે કર્યું હશે તેનો ખ્યાલ કરવો પણ આજે મુશ્કેલ છે. શ્રવણબેલગુણના દર્શનનો લ્હાવો તાજો છે. એ શબ્દબદ્ધ કરી મિત્રો આગળ મુકવાનો વિચાર છે.

# સમાજ, રાષ્ટ્ર અને માનવતા

સામાજિક પ્રગતિ માટે આપણે સહુ ઝંખનાં કરીએ છીએ. એ દિશામાં પ્રચાર કરી રહ્યા છીએ તથા યોગ્ય વાતાવરણ સર્જી નકકર કાર્યફળ પામવા યોજનાઓ ક્રિયાકાર્યમાં પરિણમે તે જાતના પ્રયાસો કરીએ છીએ. સામાન્ય રીતે આ દિશામાં કાર્ય કરનારાઓ પ્રગતિવાદી માનસનાં યુવકો છે અથવા યુવક કહી શકાય તેવી વિચારશ્રેણીનો વર્ગ છે. સમાજના ઉત્કટ સ્વપ્ન સેવનારા પ્રગતિવાદી યુવકો આઝાદીને—સ્વાતંત્ર્યને તથા રાષ્ટ્રવાદને અપનાવે તે સહજ છે.

આપણા કાર્યમાં આજ બે જબ્બર વિરોધાભાસી તત્ત્વો સ્પષ્ટ તરી આવે છે. આપણે સમાજ—જ્ઞાતિ—કે અમુક મંડળની પ્રગતિ ચાહીએ છીએ...પણ ભાગલાને ઉત્તેજવા એ રાષ્ટ્રની શકિતને વિઘાતક પરિણમે છે, એ નક્કી છે; ગમે તેટલાં સારા કાર્યો કરનારૂં જ્ઞાતિમંડળ—ધર્મવિભાગી મંડળ—રાષ્ટ્રની એકતા માટે અહિતકર છે એ ચોકકસ વાત છે.

ત્યારે રાષ્ટ્રના કટોકટીના આ અવસરે કોમની પ્રગતિ ચાહનારાઓએ કરવું શું ? આપણી જનશકિતની તાકાદ આવા નાના નાના વર્તુલોમાં વેડફી નાખવી તે ઠીક કે રાષ્ટ્રને ઓવારેજ સર્વસ્વ સમર્પવું તે યોગ્ય ? પ્રશ્ન ખરેખરજ ગંભીર વિચારણા માગે છે.

રાષ્ટ્ર એ અનેક નાનાં નાનાં ખંડો અને પેટા-ખંડોનો બનેલો હોય છે. આ નાના નાના ખંડો—પેટા-ખંડો રાષ્ટ્રને મહત પદે સ્થાપી રાષ્ટ્રની જરૂરિયાતો લક્ષમાં લઇ, સામાજિક હિતાહિત એ ધોરણે ગોઠવે કે જેના અંતિમ ધ્યેય તરીકે તો રાષ્ટ્રજ સર્વોપરી સ્થાને હોય. રાષ્ટ્રીય હિત જરાપણ જોખમાય તે રીતિનું સામાજિક કાર્ય ગમે તેટલું સુંદર અને ઉપયોગી જણાતું હોય પણ તે કરવા યોગ્ય નથી. રાષ્ટ્રીય બળની જમાવટ કરનારા કોઇપણ સામાજિક કાર્યને અપનાવવા આપણે હરપળે તૈયાર છીએ.

સામાજિક ભાગલાઓની વહેંચણી, તેમાંથી ઉદ્ભવતો કલહ, ધર્મની રૂઢ માન્યતા પર થતી ચર્ચા, ફેંદાફેંદી તથા ફેંકાફેંક, કહેવાતા ધર્મગુરૂઓના મતમતાંતરની પુષ્ટિ માટે જન્મતા ખટરાગો, સેવા તથા પ્રેમને નામે થતી અસેવા તથા દ્વેષ, અને મ્હારાં ત્હારાં "વાડા"ના ભેદભાવો પર થતી કોઇપણ કુથલી આજના સેવકને પાલવી શકે નહિ. સમાજ એ માત્ર જો આવો સમૂહ હોય કે જ્યાં માનવતા પણ હણાતી હોય તો ખરેખર તે સર્વથા ત્યાજય છે; એવા સમાજથી આપણું કોઇ હિત સધાવાનું નથી તે નક્કી છે. જે સમાજમાં રહેવાથી રાષ્ટ્રીય તથા માનવતાની ભાવના હૃદયમાં ઉછળે નહિ, તે સમાજ—તે ગંધાતો સમાજ રહેવા યોગ્ય કેમજ કહી શકાય ? આવો સમાજ ઉપયોગી શું થઇ શકે ? કાં તો આવા કોઇ સમાજની સુધારણા કરવી રહી, કાં તો તેને તોડીફોડી નવરચના કરવી રહી. આપણે કોઇપણ કાર્યમાં ઉતાવળ નજ કરીએ. આપણું મન્તવ્ય, આપણું ક્ષેત્ર, આપણા કાર્યક્રમો, આપણી રસમો આપણે માત્ર એકલાજ અમલમાં મુકીએ તે ન ચાલે; આપણે સમાજમાંના અનેકોને આપણું માર્ગધ્યેય સમજાવી, સાચી વસ્તુસ્થિતિનો સ્ફોટ કરી નવસર્જનમાં તેઓની સહાય ઇચ્છીએ—સહકાર માગીએ.

માનવતા તથા માતૃભાવની ખીલવટમાં કોઇ મતભેદ હોઇ શકેજ નહિ; પ્રેમ તથા સત્યની ખીલવટમાં કોઇ વિરોધ હોયજ નહિ; ઐકય અને રાષ્ટ્રની પ્રગતિમાં કોઇ આટે

( વધુ માટે જુઓ પાનું ૬ )

# આપણી અસહિષ્ણુતા

એક પ્રજા તરીકે આપણું માનસ હજી રૂઢિવાદી, સંકુચિત ક્ષુદ્ર કેટલું રહ્યું છે તેનો તાજેતરમાંજ એક પુરાવો મળી ગયો છે. પ્રી. અત્રે જેવા જાણીતા સાહિત્યકારની કલમે લખાયેલ 'બ્રાન્ડીચી બાટલી' નામની ફિલ્મ આજે નવ દસ અઠવાડીઆં થયા મુંબઇમાં ચાલે છે. હજારો માણસોએ તે જોઇને આનંદ મેળવ્યો છે. બીજા હજારો માણસો તે આનંદમાં ભાગીદાર થવાના બાકી છે. આખું નાટક એક પ્રહસન છે. આવી વસ્તુને હાસ્યમાં ઉતારવી એ કેટલી મુશ્કેલ છે તે તો સૌ કોઇ સમજી શકે એમ છે. એ મુશ્કેલ કામ પ્રી. અત્રેએ સફળતાથી પાર ઉતાર્યું છે. અત્યાર સુધી બધાએ ફિલ્મ જોતા આવ્યા છે અને એનો નિર્મળ આનંદ માણતા આવ્યા છે. પણ સમાજના અમુક થરને એમાં આવેલો એક પ્રસંગ અનુચિત લાગ્યો. અને તે લોકો એટલું બધું દબાણ લઇ ગયા કે એ પ્રસંગવાળો ભાગ મુંબઇના સેન્સરોને આખી ફિલ્મ નવ અઠવાડીઆ ચાલી ગયા પછી એ ફિલ્મમાંથી કાઢી નાખવો પડયો અને એ રીતે પ્રજા-માનસની સંકુચિતતાનો, ક્ષુદ્રતાનો, એક નવો પુરાવો એ પ્રસંગે પુરો પાડ્યો.

એ કાઢી નાખેલા ભાગમાં કૃષ્ણ અને રાધા આવતાં હતાં. આખો પ્રસંગ હાસ્યથી ભરપુર હતો. તેમાં કૃષ્ણની પરમાત્મા કૃષ્ણની કંઇ નાલેશી નહોતી, માત્ર નિર્દોષ હાસ્યજ ભર્યું હતું. છતાં આપણા લોકો તે સહન ન કરી શકયા.

એવોજ સંકુચિતપણાનો બીજો બનાવ થોડા વખત પહેલાં ગુજરાતમાં બની ગયો. મહાવીર સ્વામીનો માંસાહાર નામનો એક લેખ પ્રસ્થાનમાં છપાયો. તેના લેખક એક જાણીતા વિદ્વાન છે. જૈન શાસ્ત્રોનો અને દર્શનનો તેમણે કાળજીપૂર્વક અભ્યાસ કર્યોછે. તેમના સ્વતંત્ર અભ્યાસ અને દષ્ટિના ફળરૂપ પેલો લેખ લખાયો. પોતાના મંતવ્યને સ્પષ્ટ કરતા ઉતારાઓ પણ તેમણે જૈન શાસ્ત્રોમાંથી આપ્યા. એ લેખ અત્યંત વિવાદાસ્પદ તો હતો જ. એમના મંતવ્યો સર્વમાન્ય નહોતા જ. એ વિષે પુરેપુરી ચર્ચા થાય, તેમના અર્થથી જુદા અર્થો કરવામાં આવે, એ જુદા અર્થો જ સાચા એમ નિર્વિવાદ રીતે પુરવાર કરવામાં આવે એ બધું થવા યોગ્ય હતું અને થયું પણ. એમાં કશું ખોટું નહોતું. પણ એ લેખ ઉપરથી લેખક વિષે જે જાતજાતનું લખાયું બોલાયું, તેમની વિદ્વતા વિષે કે તેમની દાનતની સચ્ચાઇ વિષે જે આક્ષેપો થયા એ બધા આપણા સાંકડા મનનો પુરેપુરો પુરાવો રજુ કરતા હતા.

અને એમ તો યાદ કરવા બેસીએ તો અનેક દાખ-લાઓ આવી મનોદશાના મળી આવે. શ્રી. મુન્શીનું 'બ્રહ્મચર્યાશ્રમ' બહાર પડયું ત્યારે પણ આપણને આપણી એ નાનમનું દર્શન થયું હતું. મુન્શીએ બ્રહ્મચર્ય જેવા સર્વમાન્ય સર્વોચ્ચ આદર્શની મશ્કરી કરી, મુન્શી એવા જ છે, એમને એવું એવું ગમે છે, એવા તો ઘણા ઘણા વિચારો કરી આપણે ક્રુદ્ધ થઇ ગયા. એમાં એટલું પણ જોઇ ન શકયા કે 'બ્રહ્મચર્યાશ્રમ'માં બ્રહ્મચર્યની નહિ પણ તેને નામે કાચા, હાલીમવાલીઓની મશ્કરી હતી.

આ બધા દાખલાઓ અમુક વસ્તુઓ સિદ્ધ કરે છે. એક તો એકે આપણામાં હાસ્યવૃત્તિ (Sense of humour) ઓછી છે. આપણે એટલા બધા કંગાળ છીએ, આપણું જીવન એટલું બધું શુષ્ક છે કે આપણે હાસ્યને સમજી શકતા નથી. તેને માટે આપણી પરિસ્થિતિ જવાબદાર હોય, આપણા રાજકીય આર્થિક સંજોગો જવાબદાર હોય કે બીજું ગમે તે જવાબદાર હોય પણ આપણે એટલા છીછરા બની ગયા છીએ કે હાસ્ય આપણને પુરેપુરૂં સ્પર્શી શકતું નથી એ વાત તો ચોક્કસ. હાસ્યના લેખકોની આપણા સાહિત્યમાં આટલી જૂજ સંખ્યા એ પણ આપણામાં એ વૃત્તિના અભાવનું પુરેપુરૂં સૂચક છે.

અને એજ આપણી કમનસીબી છે. કોઇપણ પ્રજાએ મહાન થવું હોય તો તેણે બીજા બધા ગુણો ખીલવવા સાથે પોતાની હાસ્યવૃત્તિ પણ ખીલવવી જ જોઇશે. આપણે આપણી ઉપર હસતાં શીખવું જોઇએ. જે પોતા ઉપર હસી શકતો નથી તે પોતાની નિર્બળતાઓ કદી જાણી શકતો નથી, પછી તેને દૂર તો કયાંથી કરી શકે? અને એ દૂર થયા વિના સંપૂર્ણ સ્વાધીનતાને લાયક કયાંથી થવાય? વાતવાતમાં સુગાઇ જવાની ટેવ જયાં સુધી જાય નહિ, ત્યાં સુધી નિર્દોષ, નિર્મળ હાસ્યવૃત્તિ ખીલી શકે નહિ, ત્યાં સુધી કોઇપણ પ્રજા મહાન થઇ શકે નહિ. ગમે એવી મુશ્કેલીઓ સામે ખડી હોય છતાં પણ જે હસી શકે છે તેનો માર્ગ સુગમ થઇ જાય છે, તે જીવનનાં ઉલ્લાસ માણી શકે છે. મ. ગાંધી કે જવાહરલાલની હાસ્યવૃત્તિ તો સુપરિચિત છે. એમણે ઉપાડેલા કામના બોજાઓ ગમે તેની શકિત હરી લેવાને પુરતા છે. પણ એમનામાં સબળ અને સચોટ હાસ્યવૃત્તિ છે જે તેમને નિરાશ કરતી નથી, થકવી નાંખતી નથી.

અને બીજી વસ્તુની ખામી જે આ દાખલાઓ સિદ્ધ કરે છે એ પરમત સહિષ્ણુતાની છે. આપણો દેશ પારકા-મતોને સહન કરવા માટે પંકાએલો છે. પણ આપણે વધુ ને વધુ અસહિષ્ણુ બનતા જઇએ છીએ. હિંદુ મુસલમાન સાથે લડે છે, મહાસભાવાદી મહાસભાવાદી સાથે લડે છે, જૈન જૈન સાથે લડે છે. આપણે જે માન્યતા બાંધી, જેને આપણે ધાર્મિક રૂપ આપ્યું, એવી એક પણ માન્યતાની વિરૂધ્ધ જો કોઇ શબ્દ પણ બોલે તો તેને આપણે સહી શકતા નથી. તેનો મત ખોટો અને આપણો સાચો એમ તો આપણે જરૂર કહીએ, શાસ્ત્રીય અને બીજા દાખલા દલીલોથી તે વાત સિધ્ધ પણ કરી આપીએ, પણ જ્યારે આપણે એના હેતુની સચ્ચાઇ વિષે પણ શંકા બતાવીએ ત્યારે એ આપણું હીણપણ છે, આપણે હાથે જ કરેલું આપણું પોતાનું અપમાન છે.

આટઆટલી આપણે સ્વતંત્રતાની અને સ્વરાજની વાતો કરીએ છીએ, આટઆટલા ભોગો આપવાના સ્વપ્નો સેવીએ છીએ ત્યારે આમ અવાર નવાર પ્રગટ થતી આપણી આવી નાની મનોદશા આપણને શોભતી નથી. મુંબઇના સેન્સરોને પગલાં લેવાં પડે એ અમુક વર્ગને અંગે જ છે એમ કહી વાત ઉડાવી દેવા જેવી નથી. એ નબળાઇ એ આખી પ્રજાની નબળાઇ છે. જો વધુ જોરદાર વર્ગ એમ કરવા નારાજ હોય તો એવું પગલું લઇ જ ન શકાય.

છતાં આશાનાં કિરણો તો એ અંધકારમાં છુપાએલાં છે જ. દિન પ્રતિ દિન વધુ ને વધુ માણસો આ અસહ્ય અસહિષ્ણુતા, આ હાસ્યવૃત્તિની ખામી દુર કરતા જાય છે. જ્યારે એ સંખ્યા વધતી જશે, અંધકારમાં પ્રકાશ પથરાશે ત્યારે આપણી બધી મુશ્કેલીઓ દુર થઇ જશે.

એ પ્રકાશ જેમ બને તેમ વ્હેલો પથરાય એવી આપણી બધાની પ્રાર્થના હો !

ગુલાબદાસ બ્રોકર.

सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरई।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

# પ્રબુદ્ધ જૈન

તા. ૧૫-૮-૧૯૩૯, મંગળવાર.

## સમાજ સુધારા ઉપર એક દ્રષ્ટિ

એક કાળે સમાજ ઉપયોગી હતો, પ્રગતિપ્રેરક હતો, જીવંત હતો. વ્યકિતઓથી જે ન બની શકતું તે સમુદાય બળે સમાજ કરી શકતો, એટલે કે અનેકનું બળ તેમાં કેન્દ્રિત થઇ અજેય બનતું. તેની છત્રછાયા તળે રહેલા સૌને સુખ, સંતોષ અને આરામ હતો. પણ આજે એજ સમાજમાં અસંતોષની જ્વાળા દિન પ્રતિ દિન વધતી જાય છે, સુવ્યવસ્થા વીંખાતી જાય છે, ઉપયોગી તત્ત્વો નષ્ટ થતાં જાય છે. માત્ર અમુક વ્યવહારો સાચવવા ઉપરાંત સમાજની વધારે ઉપયોગિતા સમાજના દીલમાં આજે દેખાતી નથી, છતાં શા માટે માનવીઓ સળવળતા નથી? શા માટે નવો માર્ગ શોધતા નથી? શા માટે સમાજમાં આટલી બધી નિષ્ક્રિયતા ઉદાસીનતા, શિથિલતા વ્યાપી ગઇ છે? આ બધા પ્રશ્નો જરા ઝીણવટથી તપાસીએ.

પ્રજા ઉત્તરોત્તર અંધકારથી ટેવાતી ગઇ હોવાથી અંધકાર અંધકારરૂપ લાગતો જ નથી. અવ્યવસ્થા દેખાતી નથી. નિત્ય પરિચયને લીધે વિકૃતિ વિકૃતિ રૂપે જણાતી નથી. અને સમાજ પોતે લગભગ નિષ્ક્રિય બની ગયેલો હોવાથી પોતાનામાં ઉપયોગી તત્ત્વો છે કે નહિ તે જોવાનું તેને ભાન પણ રહ્યું નથી. સૈકાઓ થયાં સમાજે પોતાની ધુરા ધર્માચાર્યો અને થોડાક એકહથ્થુ સત્તાધારી આપખુદ માનવીઓ કે જે પોતાને મહાજનના મોટા નામે ઓળખાવે છે તેના હાથમાં સોંપી દીધેલ હોવાથી તેની ઉપરવટ થઇને કંઇ કરવાની હામ કે શકિત નથી. જીવનના નિર્ણયો જીવંત સ્થિતિ ઉપરથી થવાને બદલે સૈકાઓ પહેલા લખાયેલા નિર્જીવ પુસ્તકોના ફરમાનોથી થતા હોવાથી આ યુગની કોઇપણ દલીલ સ્વીકારવાની તૈયારી નથી. 'બાપદાદાઓ ડાહ્યા હતા, શાસ્ત્રકારો અક્કલવાળા હતા. અને શાસ્ત્ર વચન દેવવાણી તુલ્ય છે' એમ માનતા હોવાથી, માથું ઉંચુ કરવાની જરૂર પણ સમાજસભ્યો કે સમાજમોવડીઓને ભાસતી નથી.

જેઓ એક યા બીજા કારણે અંધકારમાંથી પ્રકાશમાં આવ્યા છે તેઓને અલબત્ત અંધકાર ગમતો નથી, પણ પેખેલો એ પ્રકાશ પોતાના ઘરમાં કેમ ભરવો તેની તેમને પુરી ગમ નથી એટલે તેઓ નિસાસા નાંખીજ બેસી રહે છે. બને તેટલા એ અંધકારથી દૂર રહેવા મથે છે પણ જીવન વ્યવહારો એ અંધારિયા સમાજ સાથેજ સંકળાયેલા હોવાથી અનિચ્છાએ પણ વારંવાર તેમને એ અંધારામાં ડુબકી મારવી પડે છે ને પ્રકાશ ગુમાવવો પડે છે. આ રીતે પ્રકાશ અને અંધકારની વચ્ચમાંજ અટવાયા કરીને ધીરે ધીરે તે સમાજ તરફની પ્રીતિ ગુમાવી બેસે છે; નિષ્ક્રિય બને છે, અને રફતે રફતે દેખેલો પ્રકાશ પણ અદ્રશ્ય થઇ જાય છે.

જેઓ પ્રકાશને પુરો સમજ્યા છે અથવા સમજવાનો દાવો કરે છે તેઓ પોતાનું અંધારૂં ઘર તજી પ્રકાશનાં કિરણો સર્વવ્યાપી બનાવવાને બદલે પોતાના અંગત આવાસમાં જ એ પ્રકાશને પુરી રાખી બીજાનો અંધકાર દૂર કરવામાં બહુ ઉપયોગી થતા નથી. અથવા તો કોઇ વળી વિશાળ ગગનગામી ભાવનાઓનો પુજારી બની સમાજ ક્ષેત્રને સંકીર્ણ માની તેની ઉપેક્ષા કરે છે, પરિણામે સમાજ કે જ્યાં એક કાળે ઝળહળતો પ્રકાશ હતો ત્યાં આજે અંધારાં ઉતર્યાં છે. જ્યાં અનેક ઉપયોગી તત્ત્વો હતાં ત્યાં આજે માત્ર અવ્યવસ્થા અને પોકળતાજ દેખાય છે. જ્યાં દરેક માનવીને સુખ-સગવડ ને કર્તવ્ય કે વિકાસનું ક્ષેત્ર મળતું ત્યાં કલહ-કંકાસ, સ્વાર્થ-સંકુચિતતા, કુરૂઢિઓ અને અનેકવિધ અંતરાયોએ પોતાનો અડ્ડો જમાવ્યો છે. આ રીતે ઘસાતા ઘસાતા નિરોગી સમાજને સ્થાને આજે માત્ર માંદલું ખોખુંજ રહ્યું છે. તે ખોખા ઉપર આર્થિક સંકડામણ, બેકારી, વ્યર્થ વ્યય, પક્ષપાતી વ્યવસ્થા અને પરપીંડજીવી માનવ રૂપી કીડાઓ પોતાની તીક્ષ્ણ દાઢો વડે અનેક છિદ્રો પાડી રહ્યા છે. અને તે છિદ્રોદ્વારા સમાજનું રહ્યુંસહ્યું પ્રાણતત્ત્વ, જીવનતત્ત્વ પણ અનેક મુખે નિરર્થક વહી રહ્યું છે. એ શકિતવ્યય કઇ રીતે અટકાવવો એ આજે તો એક મહાપ્રશ્ન થઇ પડયો છે; આ દશામાં શું કરવું? અંધારા સમાજમાં સબડવું? હાડપિંજરમાં પ્રાણ હોય ત્યાં સુધી પુજા કરતાં બેસી રહેવું અને પ્રજાને મુડદું વારસામાં આપતા જવું કે સમાજ પ્રત્યેની જુની મમતા દીલમાં જાગ્રત કરી તેને સચેત કરવા, વિશુધ્ધ કરવા, પ્રકાશિત કરવા કંઇ પ્રયાસ કરવો? સમાજ શરીરમાં પેઠેલી વિકૃતિઓ દુર કરી તેને તન્દુરસ્ત બનાવવા મથવું કે જુનું તજી નવું નિહાળવા નીકળી પડવું? આ પ્રશ્નો આપણને મુંઝવે છે. સુધારો કરી જુના જાણીતા વડિલોના સ્મારક રૂપેજ સમાજને ઉપયોગી કરવો કે તેને તોડી ફોડી નવીન સમાજની રચના કરવી? વિચારાન્તે એમ લાગે છે કે નવું નિહાળવા કરતાં ઉપસ્થિત સમાજને તન્દુરસ્ત બનાવવા મમતાપુર્વક મથવું એજ ઇષ્ટ માર્ગ છે. એજ સંસ્કૃતિ ટકાવવાનો માર્ગ છે.

સમાજ જીવનમાંથી તેના બે મૂળતત્ત્વો-જીવનતત્ત્વો-આર્થિકતત્વ અને પ્રેમતત્વ (સાધન અને સહકાર) આજે નામશેષ થઇ રહ્યા છે. અનેક છિદ્રોદ્વારા વળી સમાજ કલેવર નીચોવાઇ ગયું છે. આમ છતાં મહાજન સંસ્થાએ, સાધુ સંસ્થાએ અને રૂઢિચુસ્તોએ એ વ્યાધિનો સાચો ઉપાય ન કરતાં અજ્ઞાન મૂર્ખ માણસો જેમ વ્યાધિ નિવારણાર્થે દોરા, ધાગા કે મંતરજંતરનો ઉપયોગ કરે છે તેમ દંડ પ્રાયશ્ચિત, ફરજિયાત બંધનો, વાડા, તડા, ઘોળ, જેવા ઉંટવૈદ્યના ઉપાયો લઇને માંદા સમાજને વધુ ને વધુ ગુંગળાવવા માંડયો. પરિણામે સમાજશરીરનો વ્યાધિ મટવો તો દુર રહ્યો પણ ઉલટો વ્યાધિ અને ઉપાય બન્નેથી સમાજ આજે મરી રહ્યો છે અને નિવારણ શું હોઇ શકે એ શોધવું રહ્યું.

આપણા આધુનિક સમાજમાં સામાન્ય રીતે ત્રણ પ્રકારના માણસો વસે છે.

**એક તો રૂઢિચુસ્ત વર્ગ**—આ વર્ગના માણસો સહનશીલ અથવા રીઢા હોવાથી અંદરના કે બહારના પ્રહાર તેમને બહુ અસર કરી શકતા નથી. જેમ તેઓ સમાજના કોહવાટથી ગભરાતા નથી તેમ સુધારકોના પ્રહારોથી પણ ગભરાતા નથી. પોતાની રીતે તેઓ સમાજને ચાહે છે અને

જુની પ્રણાલિકાજ સમાજજીવનની રક્ષક છે એમ માનીને જડની માફક તેને વળગી રહે છે. આ વર્ગ સમાજ તરફના આંધળા અવિચારી પ્રેમથી સમાજની સુંદરતા, ઉપયોગિતા, અને વિશાળતાને અજાણતાં હણી રહયો છે.

**બીજો વર્ગ છે યત્કિંચિત પ્રકાશ પેખેલાઓનો–** પ્રકાશના દર્શન પછી આ વર્ગને અંધકાર ગમતો નથી. પણ એ પ્રકાશને પોતાનો કરી લેવાની પુરી શકિત કે સંગઠ્ઠન ન હોવાથી પરાણે તેને અંધારા સમાજને વળગી રહેવું પડે છે. અંધારા સમાજમાં–ભળવાનું તેને અરૂચતું હોય તોયે—વ્યવહારિક બંધનો–સંબંધો તેને વારંવાર ભળવાની ફરજ પાડે છે. આમ પેખેલો પ્રકાશ સંગઠનના અભાવે તેમજ અશકિતથી તેનો માર્ગ પુરી રીતે અજવાળી શકતો નથી. માત્ર ગણગણતા શીખવે છે. સમાજમાં દુઃખની, અવ્યવસ્થાની, અશાન્તિની બુમો પાડનારો વર્ગ આ બીજો વર્ગજ છે.

**ત્રીજો વર્ગ છે "સમાજ એ કદી ન સુધરી શકે એવી સ્થિતિએ પહોંચેલો દર્દી છે" એમ માનનારાઓનો.** આમ માની લઇને એ સુધારક વર્ગ નવો સમાજ રચવા દોડે છે, અથવા તેમ ન બને તો પોતાનો નાનકડો પીંડો રચી બેસે છે. આ વર્ગ શકિતશાળી હોય છે પણ કેટલીક વખત એ અજ્ઞાનથી સુગાવાને બદલે અજ્ઞાનીઓથી સુગાવાની ભૂલ કરે છે અને અજ્ઞાન પ્રત્યે ધૃણા બતાવવાને બદલે અજ્ઞાનીઓ પ્રત્યે ઘૃણા કરે છે.

આ વર્ગ પાસેથી સમાજ શું આશા રાખી શકે? આ વર્ગ સમાજને કઇ રીતે ઉપયોગી થઇ શકે? તેમાંનો થોડો ભાગ વળી રાષ્ટ્ર કે માનવ–સમાજની વિશાળ ભાવનામાં માનતો હોવાથી સામાજિક ક્ષેત્ર તેમને સાંકડું પડે છે એટલે તે અવગણનાથી નહિ તો અરૂચિથી સમાજની ઉપેક્ષા કરે છે. આવા વર્ગ પાસેથી પણ મર્યાદિત સમાજ વધુ આશા ન રાખી શકે.

સાચો પ્રકાશ તો તે છે કે જે બીજાઓ તરફ તેજના કિરણો ફેલાવે, સાચો સુધારક તેજ છે કે જે બીજાને સુધારાના સુંદર માર્ગે વાળે. આ વાત આજે લગભગ લક્ષ બહાર જતી હોય તેમ સર્વત્ર દેખાય છે. એક વ્યકિત તે સમાજની, સમાજ તે રાષ્ટ્રની અને રાષ્ટ્ર તે માનવસમાજની નાનીશી મૂર્તિ છે તે વાત રાષ્ટ્રને નામે કે વિશ્વને નામે નાના સમાજની કે વ્યકિતની અવગણના કરનારા ભૂલે છે, તેથીજ માનવ સમાજનો નીચલો થર અતિ નબળો રહેલો છે.

આ રીતે જોતાં સમાજમાં કાર્ય કરનાર, તેના માટે ઝુઝનાર, મથનાર પહેલા બે વર્ગના માણસોજ છે. ત્રીજો વર્ગ સમાજ માટે ઉદાસીન છે.

અત્યારે ઝાલરી વગાડીને જ્ઞાતિ સુધારણા–સમાજ સુધારણા માટે ઉહાપોહ કરનારો વર્ગ બીજો વર્ગ છે. તેની શકિત હજુ પુરેપુરી સંગઠિત થઇ નથી. સમાજનું ભાવિ સાચી સુધારણા આ વર્ગના સંગઠન ઉપર અવલંબે છે. જ્યાં સુધી આ સંગઠન ન થાય ત્યાં સુધી સમાજને નવા અને જુનાની ખેંચતાણમાં ખેંચાવુંજ રહે છે.

રૂઢિચુસ્તોને સમાજની બિમારી દેખાતી નથી. એટલે પ્રેમભરી બેદરકારીથી તેને તે રીબાવા દે છે. બીજો વર્ગ ભિન્નભિન્ન વેરાયલા બળોને એકત્રિત કરી સંગઠિત થઇ માંદા સમાજનો વખતસર ઉપાય કરતો નથી. તેથી સમાજ પીડાય છે. આ રીતે એકની જડતા અને બીજાની શિથિલતા સમાજની સત્યાનાશીની કારણભૂત બને છે.

જેને સમાજની વિકૃતિનો ખ્યાલ છે, બિમારીનો ખ્યાલ છે, શકિત અશકિતનો ખ્યાલ છે તેજ તેનો ઉપાય કરી શકે છે સમાજજીવનના બે પ્રાણપોષક મૂળતત્વો 'સાધન અને સહકાર' (પ્રેમ અને અર્થ)નો દુરૂપયોગ કે વ્યર્થ વ્યય જ સમાજની અત્યારની સ્થિતિનું કારણ છે. જ્યારથી સમાજમાં મુડીવાદી માનસ અને અંગત સ્વાર્થ આંધળી રીતે પ્રવેશ પામ્યા, તથા કોઇપણના હાથમાં સત્તા એકહથ્થુ થઇ, અને જીવનનિર્ણયો પોથાથોથા અને ધમંડી ધર્માચાર્યોને ભળ્યા ત્યારથીજ સમાજ વિકૃતિના શ્રીગણેશ મંડાયા. આ કારણેજ સમાજના કેટલાંયે ઉપયોગી તત્વો અનુપયોગી બલ્કે અનિષ્ટકારક થઇ પડયાં. કુરૂઢિઓ, વહેમ, અર્થવ્યય, કે એવી બીજી વિકૃતિઓનો સમાવેશ ઉપલા મૂળતત્વોના દુરૂપયોગમાં આવી જાય છે. અનુભવીઓ કહે છે કે હજુ પણ ઉપાય કરવામાં આવે તો સમાજનું દર્દ અસાધ્ય નથી થયું; માત્ર કષ્ટ સાધ્ય છે.

જે વર્ગ સમાજને દર્દમય માનતો નથી, કંઇ ઉપાય કરવો જરૂરી માનતો નથી તેની સામે તન્દુરસ્ત સમાજનું ખરૂં સ્વરૂપ એક વખત રજુ કરવું અતિ જરૂરનું છે. ત્યારેજ તે પોતાના દુબળા સત્વહીન સમાજની ખરી સ્થિતિ સમજશે. આ કાર્ય જેનામાં સમાજ પ્રત્યેની મમતા સજાગ છે, જેણે યત્કિંચિત પ્રકાશ જોયો છે. જે વિશાળ વિશ્વના કે રાષ્ટ્રના એક અવિભાજ્ય યા ઉપયોગી અંગ તરીકે સમાજનો પણ વિકાસ અને તન્દુરસ્તી ચાહે છે અને જે બળવાખોર બનીને પણ સમાજમાં રહેવા માગે છે તેવો બીજો વર્ગજ કરી શકશે. પોતાની આસપાસ તન્દુરસ્ત સમાજ રચીને રૂઢિચુસ્તોને તન્દુરસ્ત સમાજનું સાચું સ્વરૂપ બતાવી આકર્ષવામાંજ આ વર્ગની સાચી સમાજ સેવા છે. તન્દુરસ્ત સમાજ કેવો હોય, ઉપયોગી સમાજ કેવો હોય, વિકાસ અને પ્રગતિ પ્રેરક સમાજ કેવો હોય તેની ટુંકી રૂપરેખા તૈયાર કરી તેવા સમાજમાં માનવાવાળાઓને સંગઠિત કરી તે સંગઠન દ્વારાજ ખરો ઉપાય થઇ શકશે. એક મોટો સમૂહ એકજ અવાજમાં પોતાનું મંતવ્ય મજબુતપણે રજુ કરી શકે છે, જગત વ્યકિત કરતાં સમૂહ બળને વહેલું અને વધુ સાંભળે છે.

સાચા સમાજમાં—અર્થ અને પ્રેમ (સાધન અને સહકાર)નો સુયોગ્ય વિનિયોગ કરવામાં આવે છે, રક્ષણ કરવામાં આવે છે. સમાજની બધી વ્યવસ્થા, વ્યવહાર કે મર્યાદાઓ આ બે તત્વોનાં પોષક હોય છે.

સાચા સમાજમાં વ્યર્થ વ્યય નજ હોય; પણ ખુટતું પુરૂં કરી પ્રગતિને માર્ગે આગળ વધવામાં કારણભૂત–સાધનભૂત બનવાનુંજ હોય.

સાચા સમાજમાં શારીરિક, માનસિક, નૈતિક અને આર્થિક તન્દુરસ્તીની સમતોલતા જાળવી રાખનારાજ વ્યવહારો હોય.

સાચા સમાજમાં વર્ગભેદ કે સ્થિતિભેદને સ્થાનજ ન હોય. નીતિ નિયમના કાનુનો સૌના માટે સરખા અને સૌથી પાળી શકાય તેવા તથા દેશ યુગ, કાળાનુસાર ફેરવી શકાય તેવા હોય.

સાચા સમાજમાં કેટલાએક વ્યકિતગત વ્યવહારો વ્યકિત સ્વાતંત્ર્ય ઉપર છોડવામાં આવે. સમાજના અન્ય અંગને નુકશાનકારક, અન્યની પ્રગતિને અવરોધક કે સમગ્ર સમાજની

શાન્તિને ભયમાં લાવી મૂકે એવી બાબતોજ સમાજસ-તાના અંકુશ નીચે હોય. લગ્ન કે ધાર્મિક ક્રિયા યા માન્યતામાં વ્યકિતસ્વાતંત્ર્યનેજ સ્થાન હોય.

સારા સમાજમાં વ્યવસ્થા એકહથ્થુ વારસા હક્કની પદ્ધતિ પર ન હોય. જુથ્થબળ કે ધનબળ ઉપર સુકાનગીરી ન અવલંબે, કોઇ ગુરૂવંટાલ કે ભેખના વેષ ઉપરજ મહ-તા ન અપાય. શાસ્ત્ર માર્ગ સુઝાડે, માનવીની કર્તવ્યબુધ્ધિ અને અનુભવ સમય સંજોગ પ્રમાણે જીવન નિર્ણય કરે.

મહ-તાવાન તે મહાજન. જેની મહ-તાથી સમાજ મહાન બને તે મહાજન. લાયકાતના ધોરણેજ મુખીની પસંદગી અને વ્યવસ્થાપકની યોજના હોય.

સાચા સમાજનું દર ત્રણ કે પાંચ વર્ષે શુધ્ધિકરણ થાય, નવા માર્ગોની વિચારણા થાય, ફેરફારને અવકાશ રહે. સમાજને યુગ સાથે રાખવાની દરેક કાળજી રખાય. સમાજનું ધ્યેય રાષ્ટ્ર અને માનવતાના વિકાસ જેટલું વિશાળ હોય.

સાચા સમાજમાં નાણાંનો વ્યય માનવીઓના વિકાસ માટે, આર્થિક સંકડામણો દુર કરવા માટે, નિર્વાહના નવા માર્ગો ખોલવા માટે, પ્રગતિના સાધનો વસાવવા માટે-રે માનવીને માનવી બનાવવા માટે થાય. વાહવાહ કરવા કે રૂઢિના ધોરણે નજ થાય.

તન્દુરસ્તી, ઉપયોગિતા, વ્યવસ્થા અને વિકાસ એ સમાજનો મુદ્રાલેખ હોય.

સાચો સમાજ સૌ પાસેથી સેવા માગે, સામુદાયિક સ્વાતંત્ર્ય કે હિત માટે વ્યકિત-સ્વાતંત્ર્યનો ભોગપણ માગે અને જરૂર પડે પોતે વ્યકિતના વિકાસ માટે પુરેપુરી સેવા પણ આપે.

સાચા તન્દુરસ્ત, ઉપયોગી કે પ્રગતિવાદી સમાજનું આ સ્વરૂપ!

આજના સમાજને એવો બનાવવા માટે.

(૧) સર્વદેશીય કેળવણી ઉપર સંપૂર્ણ લક્ષ આપવું.

(૨) મહાજન સાધુ સંસ્થાની પુનઃરચના કરવી.

(૩) અંગત વ્યવહારો જેવાં કે લગ્ન વગેરેને વ્યકિત સ્વાતંત્ર્યના વિષય તરીકે સ્વીકારી લેવા.

(૪) સમાજ હસ્તકના ફંડોનો યોગ્ય અને પદ્ધતિસર ઉપયોગ કરવો-કરાવવો.

(૫) દર ત્રણ વર્ષે સમાજના પ્રશ્નોની છણાવટ થાય તેવો પ્રબંધ કરવો.

(૬) સમાજને 'યુગ'થી જાણીતા રાખે તેવા સાધન-પત્રકારિત્વ-વિગેરેની યોજના કરવી.

આ દિશામાં કાર્ય કરવા ઇચ્છનાર સમાજસેવકોએ સૌથી પહેલાં તો આ જાતના વિચાર ધરાવતા માણસોનું સંગઠન કરી બળને કેન્દ્રિત કરવું ઘટે છે. જુના અને નવાના ઝઘડામાં વધુ કાળક્ષેપ કે શકિતવ્યય કરવો પરવડે તેમ નથી. બહુકાળ લડયા, બહુકાળ કડવાશ કેળવી, શકિત વ્યર્થ વેડફી પણ પરિણામ કાંઇ ન ભાળ્યું. બન્ને થાકીને બેસી ગયા, આ બળ સંગઠનમાં યોજાયું હોત તો?

જુનાઓએ તો મૃતઃપ્રાય જુના સમાજને સાચવીને તેને પૂજવા જેટલો, બહારના હલ્લાઓ અટકાવવા જેટલો પણ પ્રયાસ કર્યો છે. પોતાના સાધન, સમય અને શકિતનો થોડો ઘણો ભોગ પણ આપ્યો છે. સેંકડો વર્ષોથી ચાલી આવતી સંસ્કૃતિના અવશેષ જેવી સમાજ રચના જેવા તેવા સ્વરૂપમાં પણ આજ સુધી ટકાવી રાખીને આપણી પાસે રજુ કરી છે. જ્યારે આપણે યુવકોએ શું કર્યું છે? આપણે તન્દુરસ્ત સમાજ રચી શકયા નથી. તેવો સમાજ રચનારાઓ એકત્રિત થઇ શકયા નથી. આપણા હાથમાં હોય તેટલું સમાજ માટે વાપરી શકયા નથી. ત્યારે આપણે કઇ રીતે સમાજ ઉન્નત કરવા માગીએ છીએ? લડીને? કોની સાથે?—આપણે લડાઇની રીત બદલવી પડશે. વ્યકિતની સામે લડવાને બદલે વ્યવહારની સામે, અચલાયતન-રૂઢિની સામે લડવું પડશે.

આપણે મહાજનની સાથે સાધુઓની સાથે લડવાને ખાતર ન લડીએ પણ આપણા વ્યવહારો આપણા જેવાજ વિચારનાઓ સાથે કરતા થઇને કહેવાતા મહાજન કે ધર્માચાર્યની ઉપેક્ષા કરીએ. તેની દખલગીરી કે દરમિયાનગીરી ન સહીએ. મહાજન હથ્થુના ફંડોનો કબજો લેવા માટે લડવામાં આપણું બળ ન વેડફીએ પણ નવી એક પણ ફુટી બદામ તેના હાથમાં ન મૂકીએ. અમુક વ્યવહારો માટે મહાજનની સંમતિની દીન માગણી કરવાને બદલે સંગઠિત થઇ યોગ્ય માર્ગે જઇએ અને તેની સત્તા કે ધમકીની અવગણના કરીએ તો પછી તે શું કરે?

જગતભરમાં સુધારાઓ સામુદાયિક રીતે જવલ્લેજ થાય છે. પણ વ્યકિતગત સુધારણામાંથીજ સામુદાયિક સુધારણા જન્મે છે. આ વાત લક્ષમાં રાખીને સમાજની વ્યવસ્થા અને કાર્યપ્રણાલીનો સ્પષ્ટ ખ્યાલ બાંધીને યુવકો સંગઠિત થાય તો કામ મુશ્કેલ નથીજ.

સંગઠન સમાન ભાવનાવાળાઓનું હોય; માત્ર માનવીઓનું નહિં. સંગઠન એકજ સરખી તમન્નાવાળાનું હોય, ભિન્ન ભિન્ન માર્ગે ભાગનારાઓનું નહિંજ, સંગઠન એક સરખી જરૂરીયાતવાળાનું હોય, સંગઠન સ્વાર્થમાં સબડનારાઓનું નહિ.

જગતનો પલટાનો ઇતિહાસ લખે છે કે સંગઠન પાસે કોઇ વાત અશકય નથી.

**વ્રજલાલ મેઘાણી.**

---

( ૨ જા પાનાનું ચાલુ )

આવનાર ન હોય; આપણે સહુ એ માટે તો ઝંખના કરીએ છીએ. જે વિરોધ માત્ર દ્રષ્ટિએ પડે છે તે મૂળ માટે નથી પણ મૂળને પહોંચવા માટે યોજાએલ માર્ગ માટે છે. દરેક જણ પોતાના માર્ગને ઉત્તમ કહી સહકાર તથા પ્રેમથી કામ કરે તો તો ઠીકઃ પણ આપણે તો "મારૂં તે સારૂં" તેટલુંજ ન કહેતાં, તારૂં તે ખરાબ છે; ત્યાંસુધી પહોંચી જઇએ છીએ; સમાનતાનું કોઇ સહકારી ધોરણ ન સ્વીકારતાં નાહક તંગ વાતાવરણ સર્જીએ છીએ.

થોડીક સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરીએ, થોડીક કુનેહ તથા સમય-ધર્મ સમજી વર્તન ચલાવીએ, થોડીજ અહીંતહીંની બાંધછોડ કરી લઇએ, થોડીજ સહિષ્ણુતા દાખવીએ, તો સમાજની અંધાધુંધીના અનેક ઝગડાઓ હેઠે બેસી જાય અને આપણું કામ સહેલું થાય. સમાજના પ્રગતિવાદી તત્ત્વો જો આટલી સમજણ સાથે રૂઢિવાદીઓ સાથે કામ પાડે તોજ વિકટ પંથ સહેલો બને; અને સહકારની ભાવના ખીલી ઉઠે.

આપણે લોક-માનસ ખીલવવું હોય તો હંમેશ તકરારો નહિ ચલાવી શકીએ; ઝગડાઓ આપણો માર્ગ રૂંધશે; આપણે એને કેમ આવકારીએ? નાના નાના ભેદો બાજુ પર રાખી, સહકારના પ્રાગતિક સિધ્ધાંતો પર એકતાના દુર્ગ રચવા શરૂ કરીએ. ધીરે-હળવે-બુધ્ધિ-બળ અને સંગઠનથી આપણું કાર્ય સહેલું થશે. અને એવો સમાજ આપણે ઘડી શકીશું કે જે રાષ્ટ્ર તથા માનવતાના સર્વ હિતોને પોતાના હિતો તરીકે અપનાવી લેશે. સમાજનાં મોવડીઓ જશ, હિમ્મત, ધીરજ, બુધ્ધિ અને યુકિતથી કામની શરૂઆત કરે તો વિજય તેમનોજ છે.

સહકાર અને પ્રેમ હંમેશ ટોચે વસે છે.

**ચુનીલાલ કલ્યાણજી કામદાર.**

# સામયિક સ્ફુરણ

## મદ્યનિષેધ પ્રગતિના પંથે

મુંબઇ નગરીમાં મદ્યનિષેધનો અમલ શરૂ થઇ ગયો છે. ઓગસ્ટની પહેલી તારીખે મદ્યનિષેધનું મુંબઇમાં મંગળાચરણ થયું તે દિવસે મુંબઇની પ્રજાએ જે અપુર્વ ઉત્સાહ દર્શાવ્યો હતો તે જોતાં અને ત્યારથી આજસુધીની પરિસ્થતિ વિચારતાં મદ્યનિષેધની સફળતા વિષે કોઇને કશી પણ શંકા રહેવાને કારણ નથી. મદ્યનિષેધના વિરોધીઓએ છાપામાં ભારે ધુમરાણ મચાવી મુકયું હતું અને લોકોના મનમાં જાતજાતની આશંકાઓ ઉભી કરી હતી. પહેલી ઓગસ્ટના મદ્યનિષેધ ઉત્સવમાં જે ભિન્ન ભિન્ન વર્ગ અને સમુદાયના લોકોએ સહકાર અને સાથ આપ્યો હતો તે જોતાં એક બાબત સ્પષ્ટ તરી આવે છે કે મદ્યનિષેધ સામેનો વિરોધ દારૂ પીનારાઓનો નહોતો પણ માત્ર પાનારાઓનો જ હતો. મદ્યનિષેધને આવકારતા જંગી સરઘસમાં મજુરદળો કે જેઓ કોઇપણ પ્રકારના કાયદેસરના નિયંત્રણના અભાવે એટલું જ નહિ પણ આજસુધીના આડકતરા ઉત્તેજનના પરિણામે દારૂની બદીના મોટે ભાગે ભોગ થઇ પડેલા હતા તેમણે બહુ જ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. એટલું જ નહિ પણ સાંભળવા પ્રમાણે તેમના ઘરના બૈરાં છોકરાંઓએ આનંદથી ઉત્તેજિત બનીને અન્યોન્ય સાકર વહેંચી હતી. જ્યાં આજસુધી દારૂ પીનારા હવે દારૂ પીવા માંગતા નથી ત્યાં દારૂ પાનારાની વાત કોણ સાંભળવાનું હતું ?

કેટલાક લોકો કહે છે કે ચોરીછુપીથી પીવાયા જ કરશે અને તે રીતે મદ્યનિષેધનો જેવો પ્રતિબંધ કરવાની ધારણા છે તેવો પ્રતિબંધ કદી થઇ શકવાનો નથી. આવડો મોટો સુર્ય જ્યાં પ્રકાશે છે ત્યાં પણ ખુણે ખોચરે અંધારૂં જોવામાં આવે છે એ રીતે આવડા મોટા શહેરમાં ચોરી છુપીથી દારૂ પીનારા અને પાનારા જરૂર નીકળવાના. પણ જ્યાં છડેચોક દારૂનો વ્યાપાર ચાલતો હતો અને હજારો માણસો ઉઘાડે છોગે દારૂ પી પીને પોતાના જીવનનો વિનાશ કરી રહ્યા હતા તે સામે તો આજે સરકારી તાળાં દેવાઇ ચુકયાં છે. મદ્યનો વહી રહેલો પ્રવાહ વહેતો બંધ થઇ ગયો છે. નાનકડાં ખાબોચીયાં કયાં સુધી મદ્યને ટકાવી શકવાનાં છે ?

જો મુંબઇમાંથી મદ્ય પાકે પાયે બહિષ્કૃત થઇ શકશે તો આખા હિંદુસ્થાનમાંથી મદ્યનો બહિષ્કાર કરવાનું વ્યવહારૂ છે એ પછી કોઇને સમજાવવાની જરૂર રહેશે નહિ. કારણ કે જ્યાં પંચરંગી પ્રજાનો વસવાટ છે અને જ્યાં મતભેદોના મોટાં તુમુલ યુધ્ધો ચાલે છે તેવા મોટા શહેરમાં જે વાત શકય અને વ્યવહારૂ સિધ્ધ થાય તેનો અમલ કોઇપણ નાના કેંદ્રમાં કરવો એ તદ્દન સહેલું બની જાય છે. પ્રશ્ન માત્ર મદ્યવિક્રયમાંથી થતી આવક ક્યાંથી મેળવવી એટલો જ રહેવાનો છે. પણ જ્યાં પ્રજાની ઇચ્છા છે અને પ્રજાનો નિર્ણય છે ત્યાં તેનો અમલ કરવાના માર્ગો મળી આવવાના જ છે. અત્યંત ખર્ચાળ રાજ્યતંત્ર કરકસરને રસ્તે વળે અને મદ્ય જેવી દુષ્ટ બદીથી છુટતાં પ્રજાની કમાવાની અને એ રીતે નવા કરો આપવાની તાકાત વધે તો પછી આવેલ મદ્યનિષેધનો વેગ અટકાવવાનું કોઇનામાં સામર્થ્ય છે જ નહિ.

## રાષ્ટ્રકલ્યાણ અને કોમીદ્રષ્ટિ

જ્યાં સુધી કોમ કોમની વ્યક્તિઓ કોમી વર્તુલથી પોતાની દ્રષ્ટિ આગળ લંબાવી શકતી નથી અને કોમ અને રાષ્ટ્રના હિતાહિત સંબંધમાં વિવેકયુક્ત પ્રમાણ બુધ્ધિથી વિચાર કરી શકતી નથી ત્યાં સુધી ગમે તેટલી રાષ્ટ્રીય ભાવનાની વાતો કરવા છતાં જ્યારે કોઇપણ એક એવી પ્રવૃત્તિ કે કાયદો હાથ ધરવાનો પ્રસંગ આવે છે કે જેના પરિણામે આખા દેશને ઘણો મોટો ફાયદો થવા સંભવ હોય પણ જેના પરિણામે પોતાની કોમના અમુક વર્ગના હિતને મોટો ધકકો લાગવા સંભવ હોય ત્યાં ઉપર જણાવેલી વ્યક્તિઓ કેવળ કોમીવાદી બની જાય છે અને પોતાની કોમના અમુક માની લીધેલા હિતની ખાતર આખા દેશને ચોકકસ દિશાએ આગળ પ્રગતિ કરતો અટકાવવા કટિબધ્ધ થાય છે. મદ્યનિષેધના સંબંધમાં પારસી કોમે આવું જ ખેદજનક વલણ દાખવ્યું છે. મદ્યનિષેધનો અમલ કરવા માટે મુંબઇની સરકારને દશ ટકાનો મિલ્કતવેરો નાંખવાની ફરજ પડી. આ કરને કોમી વલણ આપીને કેટલાક મુસલમાનોએ પણ સીધી રીતે આ મિલ્કત વેરાનો વિરોધ કર્યો છે. તે પાછળ પણ ઉપર જણાવેલી કોમી સંકુચિતતા સિવાય બીજું કશું જોવામાં આવતું નથી. મુંબઇ સરકાર તરફથી રૂણરાહત બીલ મુંબઇની ધારાસભામાં રજુ કરવામાં આવેલ છે અને હમણાં જ શરૂ થયેલી ધારાસભાની બેઠકમાં તે ચર્ચાવાનું છે અને તેનો નિર્ણય થવાનો છે. આ બીલનો આશય સૈકાઓ થયાં શાહુકારોના ગંજાવર દેવાના બોજા તળે દબાયલા ખેડુતોને કાયદેસર રાહત આપવાનો છે. આ બીલના કેટલાક ધારાઓ બહુ સખત અને મુદ્દલ ઉપર ચડેલા ભયંકર વ્યાજના થરોના થરો સાફ કરી નાંખે તેવા છે. સંભવ છે કે આ બીલના અમલથી આવા લેણાઓના આધારે પોતાને મોટી મુડીવાળા ગણતા અનેક શાહુકારોની મુડી એકદમ નાની થઇ જાય અને આજસુધી પોતાની જાતને શેઠ શાહુકાર માનતો મુડીદાર ગરીબ થઇ જાય. પણ જે શાહુકારીનો આજસુધીનો ઇતિહાસ અનેક કાળાધોળાં કામોથી ખરડાયલો છે અને જેની માતબરી ખેડુતોના અજ્ઞાન અને ગરીબાઇને જ કેવળ આભારી છે તે શાહુકારીને કાળાન્તરે પોતાના પાપોનું પ્રાયશ્ચિત કરવું જ પડે. આ બીલ રજુ કરનાર મુંબઇ સરકારના અર્થસચીવ નામદાર લઠ્ઠે સાહેબ જૈન છે; વળી જૈનો કે જેઓ અહિંસા અને જીવદયાના પાયા ઉપર રચાયેલ જૈન ધર્મના અનુયાયી હોવાનો દાવો કરે છે તેમને માટે સૈકાઓ થયાં અન્યાયપુર્ણ અસહ્ય દેવાના ભારથી દબાયલા અને છુંદાયલા ખેડુતોની બાજુએ ઉભા રહેવા સિવાય બીજો કોઇ ધર્મ હોઇ નજ શકે. આમ છતાં આજે વસ્તુસ્થિતિ એવી છે કે આ બીલના ભોગ બનતા શાહુકારોનો મોટો ભાગ જૈન છે અને તેથી આ શાહુકારોની બાજુએ આપણે ઉભા રહેવું જોઇએ અને આ બીલનો આપણે સખ્ત વિરોધ કરવો જોઇએ એવા ઉદ્‌ગારો જૈન સમાજમાં કર્ણગોચર થઇ રહ્યા છે. અલબત્ત આ બીલમાં શાહુકારોના જે હકકો અને જે લેણું વ્યાજબી તરીકે સ્વીકારવામાં આવે છે તે હકકો સુરક્ષિત રહેવા જોઇએ અને તે લેણું વસુલ કરવામાં શાહુકારોને પુરતી સગવડ મળવી જોઇએ. પણ આવા નિર્દોષ અને નિષ્કોમી બીલને કોમીદ્રષ્ટિથી જોવું, ચર્ચવું અને તે સંબંધમાં કોમી રીતે હિલચાલ કરવી તે બીલકુલ ઇચ્છવા યોગ્ય નથી એટલું જ નહિ પણ આ રીતે વિશાળ જનસમાજમાં જૈન કોમને વિના કારણ અળખામણી કરવા બરોબર છે. એ રીતિ અને પ્રવૃત્તિથી દુર રહેવા જૈન સમાજના હિતૈષીઓને મારી પ્રાર્થના છે.

**પરમાનંદ**

# ખેડુતની કરજ મુક્તિ

## મુંબઇ સરકારનો રૂણરાહતનો કાયદો

મહાસભાની સરકારે પ્રજાહિતનાં જે કાર્યો હાથમાં લીધાં છે તેમાં ખેડુતોની સ્થિતિ સુધારવાનો પ્રશ્ન મુખ્ય છે. હિંદુસ્તાન ખેતીપ્રધાન દેશ છે એમ બધાજ કહે છે અને જ્યાં સુધી ખેડુતોની સ્થિતિ સુધરે નહિ, ખેતીની આવક વધે નહિ ત્યાં સુધી દેશની આર્થિક સ્થિતિ નબળીજ રહેશે.

ખેતીની આવક વધારવા માટે સરકાર પ્રયત્નો કરી રહી છે. દાણો અથવા ઉત્પન્નનો અમુક ભાગ આપવાની શરતે જમીન ખેડવા લેનાર ખેડુતના રક્ષણ માટેનો કાયદો Tenancy Bill એ દિશામાં એક પગલું છે પણ ખેડુતની સ્થિતિ સુધારતા પહેલાં એના રક્ષણ માટે બે વસ્તુઓ જરૂરી લાગે છે.

ખેડુતો પરનો કરજનો બોજો ઘણો ભારે છે એ તો સૌ કોઇ જાણે છે. એ બોજો હલકો ન થાય ત્યાં સુધી કરજના ભાર નીચે દબાયલો ખેડુત પોતાની સ્થિતિ સુધારવામાં મંદોત્સાહ રહેવાનોજ કેમકે એ ગમે તેટલી મહેનત કરે અને ચાહે તેટલું ઉત્પન્ન વધારે પણ એની એ મહેનતનુ ફળ એના હાથમાં ન રહેતાં કોઇ શાહુકારના હાથમાં જવાનું અને એના પરનો બોજો કાયમ રહેવાનો. એટલે ખેડુતને ઉત્સાહી અને આશાવાદી બનાવવા માટે, સારી મહેનત કરે તો એના પરિણામે પોતે સુખી થઇ શકશે એવી પ્રેરણા ઉત્પન્ન કરી એને કર્તવ્યશીલ કરવા માટે એને ભાવિ માટે નિશ્ચિત કરવાની જરૂર છે.

એ નિશ્ચિન્તતા બે પ્રકારની છે. એક તો એ કે એનો કરજનો બોજો હળવો કરવો તેમજ કરજની ફેડ તે સહેલાઇથી કરી શકશે એવી ગોઠવણ કરવી જોઇએ. એ દરમીઆન નવું કરજ કરી એ પોતે બોજો વધારી ન મૂકે એવી સાવચેતી રાખવી જોઇએ અને આ પ્રયોગ પુરો થતાં સુધીમાં એને માટે ચાલુ નાણાંની સગવડ કરવી જોઇએ.

ખેડુતોની રૂણમુકિતનો પ્રશ્ન આજકાલનો નથી, લગભગ ૫૦ વર્ષ પહેલાં દક્ષિણના ખેડુતોની રૂણમુકિતનો કાયદો કરવામાં આવ્યો હતો અને એ કાયદો ઘણે અંશે દક્ષિણમાં અને કેટલાક અંશે ગુજરાતમાં આજે અમલમાં છે. એના અમલ દરમિયાન એમાં ઘણી ખામીઓ દેખાઇ આવી છે. એની વ્યાખ્યાઓનો દુરૂપયોગ થયો છે. કેટલેક ઠેકાણે એ કાયદામાંથી છટકવા માટે ગીરોને બદલે વેચાણ ખત લખાવી લેવાયાં છે અને જે રકમ ધીરી હોય તેથી વધુ રકમનાં ખાતાં કે ખત લખાવી લેવાયાં છે; પ્રામાણિક ખેડુત તથા પ્રામાણિક શાહુકાર બંનેને અપ્રામાણિક ખેડુત તથા અપ્રામાણિક સાહુકારના કૃત્યોનાં ફળ ભોગવવાં પડયાં છે. પરિણામે કોઇ ઠેકાણે પ્રામાણિક ખેડુતને તો કોઇ ઠેકાણે પ્રામાણિક શાહુકારને અન્યાય થયો છે. આ સ્થિતિનાં કારણોમાં એક કારણ એ દક્ષિણના ખેડુતોની રૂણમુકિત વિષેનો કાયદો છે.

સરકાર જે કાંઇ કાયદા કરે તેમાં સમગ્ર સમાજની દ્રષ્ટિએ જ કાયદાનું ઘડતર થઇ શકે. એક વર્ગ કે કોમ અથવા વ્યકિતની દ્રષ્ટિએ હોઇ શકે નહિ અને તેથી જ એ કાયદાની પરીક્ષા કરતાં આપણે સમગ્ર સમાજનું હિત દ્રષ્ટિ સમક્ષ રાખવું જરૂરનું છે.

મુંબાઇ સરકારે કરવા ધારેલા કાયદા વિષે મુંબાઇનું શરાફ મહાજન પોતાના નિવેદનમાં લખે છે કે ખેડુતોને રાહત આપવાની સરકારની ઇચ્છાની એ કદર કરે છે પણ એ રાહત ફકત ગામડાના શાહુકારને ભોગે ન હોવી જોઇએ. અને પછી એ ખરડામાં કેટલાક સુધારા સૂચવે છે. એની સુચનાઓ વિચારવા યોગ્ય છે.

પણ હમણાં અમદાવાદમાં મળેલી ધીરધાર કરનારા વેપારીઓની એક પરિષદે એમ જ કહ્યું છે કે આ કાયદાથી ખેડુતોને વચનભંગ કરાવવામાં આવે છે અને તેમાં અસત્ય તથા હિંસાના બીજ સમાયલાં છે. અને એ પરિષદની દ્રષ્ટિએ આ કાયદાની જરાય જરૂર નથી. નાણાંની ધીરધાર કરનારાની પરિષદ આવો ઠરાવ કરે એ સમજી શકાય એવું છે પણ એની દ્રષ્ટિ દેખીતી રીતે જ એકપક્ષી છે. એનો વિરૂધ્ધ પક્ષ એમ કહે છે કે સરકારે એવો કાયદો કરવો જોઇએ કે કોઇ ખેડુતે કાંઇ દેવું શાહુકારને આપવાની જરૂર નથી. આ બંને વિરોધી સૂર વચ્ચે મધ્યમ માર્ગ કાઢવાની સરકારની ફરજ છે.

આ કાયદામાં એવી ગોઠવણ છે કે ખેડુતનું ખરેખર દેવું કેટલું છે એ શોધી કાઢવા માટે લવાદ અથવા પંચ નીમવા અને એમણે હિસાબ જોઇ બીજી તપાસ કરી લેવાની રકમ ઠરાવવી. દેખીતી રીતે વેચાણ હોય પણ ખરેખર તો ગીરો જ હોય તો તે જોવાની પણ ગોઠવણ કરવામાં આવી છે. આને લગતી વિગતમાં ઉતરવાની જરૂર નથી પણ એમાંની કલમો દક્ષિણના ખેડુતના રૂણરાહત બીલને મળતી છે. એ રકમ નકકી થયા પછી જો એક ખેડુતનું કુલ દેવું તેની કુલ મિલ્કતના ૮૦ ટકાથી વધી જાય તો બધા જ દેવાં પ્રમાણસર ઓછાં કરી ખેડુતની મિલ્કત અને દેવું ભરપાઇ કરવાની શકિતનો આંક મુકી તેના ૮૦ ટકામાં બધું દેવું સમાઇ જાય તેવી પતાવટ થશે. કોઇ ખેડુતની સ્થિતિ ઘણી જ ખરાબ હોય તો તેને નાદાર ગણી આખી જ ચોખવટ કરવાની વ્યવસ્થા છે. એનું દેવું હપ્તાથી પતાવવામાં આવશે અથવા જે શાહુકાર ઓછું લેવા તૈયાર હોય તેને લેન્ડ મોરગેજ બેંકના બોન્ડ મળશે. આ ખેડુતના ચાલુ ખર્ચ માટે સહકારી મંડળો એને મદદ કરશે અને એ નવું દેવું કરી શકશે નહિ. આ રીતે આ કાયદાનો લાભ લેનાર ખેડુત કરજના બોજામાંથી છુટી ભવિષ્ય આશાભરી નજરે જોઇ શકશે.

શાહુકારને આ કાયદાથી બીવાનું કારણ નથી. શાહુકાર પોતાને ચોપડે ગમે તેટલી રકમ ખેંચે પણ ખેડુતની મિલ્કત કરતાં જો એનું દેવું વધારે હોય તો એ દેવું તો ન પતે એવું જ ગણાવું જોઇએ. એટલે ૮૦ ટકા ઉપરાંતનું દેવું માંડી વાળવામાં ચોપડા પરની રકમ ઓછી થશે પણ સાચા લેણામાંથી કાંઇ ડુબશે નહિ. કોઇ સારા શાહુકારે લવાદ કે પંચની તપાસથી ડરવાની જરૂર નથી. સત્ય હકીકતની શોધ થાય તેમાં વાંધો લેવો જોઇએ નહિ. અલબત્ત સારા અને પ્રામાણિક શાહુકારોને કેટલીક હાડમારી જરૂર પડશે પણ તે અનિવાર્ય છે.

આ કાયદાના અમલ પછી ખેડુતોની શકિત વધશે. જમીનના ઉત્પન્નમાં તેઓ વધુ રસ લેતા થશે. એના દેવામાંથી છુટા થવાથી જીવનની જરૂરીયાતોની ખરીદી સારા પ્રમાણમાં કરતા થશે. આજે તો ગામડાનો વેપારી દરેક માલ ઉધાર આપે છે અને વસુલાતની કાયમની ચીંતામાં રહે છે. એ સ્થિતિમાંથી તે બહાર નીકળશે.

એટલે એકંદરે આ કાયદો દેખીતી ઉપરચોટીઆ દ્રષ્ટિએ શાહુકારને વિષમ લાગે પણ રાષ્ટ્રહિત અને સમાજની દ્રષ્ટિએ એથી દેશનું જરૂર કલ્યાણ થશે એમ લાગે છે.

જૈનોમાં મોટોવર્ગ ધીરધારનો ધંધો કરે છે તે આ પ્રશ્ન પર ટુંકી નજરે ન જોતાં સમાજહિતની દ્રષ્ટિએ એનો વિચાર કરશે અને સમાજના હિત ખાતર થોડો ભોગ આપતાં પણ નહિ અચકાય એવી આશા છે.

**શાંતિલાલ હ. શાહ**

આ પત્ર શશાંક પ્રેસ, કોટ, મુંબઇમાં છપાવી પ્રકાશક અને તંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી શ્રી મુંબઇ જૈન યુ. સંઘ માટે પ્રગટ કર્યું છે.

REGD. NO. B 4266

# પ્રબુદ્ધ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ ૧
અંક ૯

તા. ૧–૯–૩૯ શુક્રવાર

વાર્ષિક લવાજમ રૂ. ૨
સભ્ય માટે રૂ. ૧. છુટક નકલ દોઢ આને

## मत्त एव यशोऽयशः ।

—કાકા કાલેલકર

"યશ અને અપયશ એ બન્ને પ્રાણીઓના ભાવો પણ મારા થકી ઉત્પન્ન થાય છે."

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના દશમા અધ્યાયમાં વિભૂતિયોગના પ્રારંભમાંજ ભગવાને પ્રાણીઓના જુદા જુદા ભાવો પોતામાંથીજ કેમ ઉત્પન્ન થાય છે એ બતાવતાં ઉપરની વાત કહી છે.

ગૂજરાતીમાં યશઅપયશના અર્થ સંસ્કૃતના અર્થથી જુદા છે. યશ અથવા જશ એટલે કીર્તિ, શ્રેય, નામના એવો અર્થ ગૂજરાતીમાં થાય છે, જ્યારે સંસ્કૃતમાં યશ એટલે સફળતા અને અયશ અથવા અપયશ એટલે નિષ્ફળતા. મૂળ સંસ્કૃત અર્થમાંજ યશ અયશ અહીં વાપર્યા છે. એ મૂળ અર્થમાંથીજ લક્ષણાથી ગૂજરાતીના રૂઢ અર્થો આવ્યા છે અને પાછળથી એ ગૌણ અર્થોજ પ્રધાન થયા છે.

પામર માણસો સામાન્ય રીતે સુખ મેળવવા મથે છે અને દુઃખ ટાળવા યતે છે. બહાદૂર માણસમાં એવી કાયરતા નથી હોતી. એને સુખદુઃખ બંને સરખાંજ હોય છે. પોતાનો ધાર્યો સંકલ્પ બર આવતો હોય, ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થતી હોય તો તેને અંગે સુખ ભોગવવું પડે કે દુઃખનો સામનો કરવો પડે; બહાદૂર માણસને માટે બંને સરખાંજ છે. मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् । સંકલ્પવીર (મનસ્વી) અને ટેકીલો કાર્યાર્થી સુખ અને દુઃખ બંનેને ગણકારતો નથી. પણ સુખ–દુઃખ પ્રત્યે સમાન રહેનાર માણસ પણ યશ તો ચાહેજ છે. અપયશ હાથે કરીને ચાહનાર ભાગ્યેજ કોઇ મળી શકે. અપયશ આવી પડે તો સહન તો દરેકને કરવું પડે છે. નરમ માણસ અપયશ આગળ ઘેંશ જેવો થઇ જાય છે. આર્યવૃત્તિનો માણસ અપયશ સામે પહાડની પેઠે ટકે છે. પણ અપયશ ચાહીને માગનાર તો કોઇ પેદા થયો નથી.

પાંડવમાતા કુન્તીએ ભગવાનની પ્રાર્થના કરી માગી લીધું હતું आपदः सन्तु नः शश्वत् । કુન્તી માતાએ આપત્તિઓ માગી હતી, અપયશ નહિ. અને એ આપત્તિઓ પણ હંમેશ અવારનવાર આવ્યાજ કરે એમ એની માગણી હશે. આપત્તિઓ અખંડ ચાલ્યા જ કરે એમ એણે માગ્યું હશે એમ માન્યામાં નથી આવતું.

ત્યારે શું માણસને લગાતાર યશ મળ્યા જ કરે એ ઇષ્ટ છે ?

બાહ્ય પરિણામોનેજ વરેલો માણસ કહેશે, 'હાસ્તો. લગાતાર યશ મળે એવું માનવીના ભાગ્યમાં ભલે ન લખાયું હોય પણ એવી એની ઇચ્છા હોય છે ખરી, અને હોવી પણ જોઇએ.'

બાહ્ય પરિણામોનીજ જેને પડી છે એ તો હંમેશાં યશજ ઇચ્છે. અને અપયશ મળે તો એ બહાદૂરી પૂર્વક સહન કરે; અપયશથી અભિભૂત ન થાય.

પણ જેમ સુખ અને દુઃખ, જીવન અને મરણ માનવતાના વિકાસને અર્થે જીવનસમૃદ્ધિ માટે સરખાંજ આવશ્યક છે, તે જ પ્રમાણે યશ અને અપયશ પણ આવશ્યક છે. જેમાં દુઃખ, મરણ અને અપયશ નથી એવું જીવન સંપૂર્ણ નજ હોઇ શકે; એ અલૂણુંજ કહેવાય. જેને દુઃખનો સાક્ષાત્કાર થયો નથી, મરણનો ભેટો થયો નથી અને અપયશનું વલોણું જેણે અનુભવ્યું નથી તેનું જીવન સંપૂર્ણ નથી, તેના ઉપર ઇશ્વરની કૃપા અવતરી નથી.

પ્રાકૃત માણસ માને છે કે સફળતા એ ઇશ્વરની કૃપા છે, અસફળતા એ ઇશ્વરની અવકૃપા છે. પણ 'એવું શા માટે હોય' એવો ખ્યાલ એને આવતોજ નથી એવી શંકા એને ઊઠતીજ નથી. ભગવાનની સાચી કૃપા જેના પર થઇ છે તેને એ તાવે છે અને જેને પોતાનાથી દૂર રાખવા જેવા ગણે છે તેમને કોકકોક વાર સફળતાની–યશની મોહિનીમાં–ડુબાડી દે છે.

(બીજે પાને ચાલુ)

# સિવિલ મેરેજ

હિંદુ સમાજમાં સિવિલ મેરેજ કરનારાઓની સંખ્યા વધતી જાય છે. એ પ્રકારનાં લગ્ન કરનાર બે પ્રકારના હોય છે: એક વર્ગ હિંદુ કાયદા પ્રમાણે કાયદેસર લગ્ન કરી ન શકવાને લીધે સિવિલ મેરેજ કરે છે. હિંદુ કાયદા પ્રમાણે સગોત્ર અથવા પ્રતિલોમ લગ્નનો પ્રતિબંધ છે. સગોત્ર એટલે વરકન્યા બંને એક જ ગોત્રના હોય તે; પ્રતિલોમ એટલે વર કરતાં કન્યાનો વર્ણ ઊંચો હોય તે—દાખલા તરીકે વર વૈશ્ય અને કન્યા બ્રાહ્મણ હોય તે. આ પ્રતિબંધ જેની આડે આવતો હોય—એવાં યુગલો સિવિલ મેરેજ કરે છે.

બીજો વર્ગ એવો છે જે એમ માને છે કે હિંદુ લગ્નમાં સ્ત્રીને અન્યાય થાય છે એથી સિવિલ મેરેજથી જોડાવું તે વધારે યોગ્ય છે.

આથી સિવિલ મેરેજ વિષેના કાયદાની સામાન્ય રૂપરેખા અહીં આપવામાં આવે છે.

સિવિલ મેરેજ કરનાર વરકન્યા, જો હિંદુ, બૌદ્ધ, શીખ અથવા જૈન ધર્મ પાળતાં હોય તો હું અમુક ધર્મ પાળું છું એમ તેમણે જાહેર કરવું જોઇએ. પણ જો બેમાંથી એક જણ આ સિવાયનો ખ્રિસ્તી, યાહુદી, ઇસ્લામ અથવા પારસી ધર્મ પાળતું હોય તો વરકન્યા બંનેએ એમ જાહેર કરવું પડે છે કે અમો આમાંથી કોઈ ધર્મ પાળતાં નથી. દાખલા તરીકે વર જૈન હોય અને કન્યા ખ્રિસ્તી ધર્મ પાળતી હોય તો બન્નેએ જાહેર કરવું પડે કે અમો કોઇ ધર્મ પાળતા નથી, પણ વર હિંદુ અને કન્યા જૈન હોય તો તેઓ અમે હિંદુ—જૈન ધર્મ પાળીએ છીએ એમ જાહેર કરીને લગ્ન કરી શકે છે.

લગ્ન કરતી વખતે વરની ઉમર ૧૮ વર્ષ પૂરા અને કન્યાની ઉમર ૧૪ વર્ષ પૂરાની હોવી જોઇએ. અને જો તેમાંથી જે કોઇની ઉમર ૨૧ થી ઓછી હોય તો લગ્નમાં બાપ અથવા વાલીની સંમતિ જોઇએ. વરકન્યાનું સગપણ એવું નજીકનું ન હોવું જોઇએ કે એમને લાગુ પડતા કાયદા પ્રમાણે એ લગ્ન ગેરકાયદેસર ગણાય.

લગ્ન વખતે વરની કોઇ પત્ની હયાત ન હોવી જોઇએ અને કન્યાનો પતિ હયાત ન હોવો જોઇએ. આ રીતે આ લગ્ન એક પતિ તથા એક પત્ની પર ભાર મૂકે છે.

જેને આ અંતરાય નડે તે 'આનંદ વિધિ'થી લગ્ન કરે છે. લગ્ન કરનાર બંને જણ શીખ ધર્મ અંગીકાર કરે તો એ ધર્મની 'આનંદ વિધિ'થી પરણી શકે છે. એવાં લગ્ન કાયદેસર ગણાય છે.

લગ્ન પહેલાં જે રજીસ્ટ્રારની હદમાં લગ્ન કરવાં હોય તેને બેમાંથી એક જણે નોટિસ આપવી જોઇએ અને તેની હદમાં નોટિસ પહેલાં ઓછામાં ઓછા ચૌદ દિવસ રહેવું જોઇએ. આવી નોટિસ પછી ચૌદ દિવસ સુધી રાહ જોઇને લગ્ન થઇ શકે. એ મુદત દરમિયાન કોઈ પણ માણસ એવો વાંધો લઈ શકે કે થનાર લગ્ન સિવિલ મેરેજના કાયદાના કોઈ નિયમનો ભંગ કરે છે. વાંધો લેનાર માણસ જો ૧૪ દિવસમાં કોર્ટમાં દાવો કરે તો અદાલતના નિકાલ પ્રમાણે લગ્ન થાય કે ન થાય, પણ જો તેવો દાવો કોઈ ન કરે તો ૧૪ દિવસ વીત્યાબાદ લગ્ન થઈ શકે.

લગ્ન વખતે જરૂરી એફિડેવિટ વરકન્યા કરે છે. પણ ૨૧ વર્ષથી ઓછી ઉમર હોય તો બાપ કે વાલીની સંમતિ લેખિત લેવાય છે. વરકન્યાની એફિડેવિટ ઉપર ત્રણ સાક્ષીની સહીઓ થાય છે તે પછી લગ્નની નોંધ થયાનું પ્રમાણપત્ર રજીસ્ટ્રાર આપે છે.

જો કોઈ સ્ત્રી પોતાના પતિની હયાતીમાં અને જો કોઇ પુરુષ પોતાની પત્નીની હયાતીમાં સિવિલ મેરેજ કરે તો તેમ કરનાર ગુનાને પાત્ર થાય છે એટલું જ નહિ પણ લગ્ન રદબાતલ થાય છે. વિશેષમાં સિવિલ મેરેજથી જોડાનાર પતિ એક પત્નીની હયાતીમાં બીજી સ્ત્રી કરી શકતો નથી.

સિવિલ મેરેજથી આવા લગ્ન કરનાર યુગલ ઇંડિયન ડાઇવોર્સ એકટ પ્રમાણે છુટાછેડા મેળવી શકે છે. પરણનાર પુરુષ આ લગ્ન કરવાથી પોતાના સંયુક્ત કુટુંબમાંથી છૂટો થાય છે, પણ તેનો વારસાનો હક્ક જતો નથી. આ રીતે પરણનારની મિલકતનો વારસો ઇંડિયન સકસેશન એકટ પ્રમાણે થાય છે અને પરણનાર કોઇને દત્તક લઇ શકતાં નથી. પરણનાર પુરુષના પિતાનો તે એક જ પુત્ર હોય તો પિતા તેને સ્થાને દત્તક પુત્ર લઇ શકે છે.

આજના કાયદાની આ આછી રૂપરેખા છે. લગ્ન કરનાર યુગલે યોગ્ય લાગે તો છુટાછેડાના તથા વારસાના હક્ક વિગતવાર કોઇ ધારાશાસ્ત્રી પાસે જાણી લેવા ઘટે છે.

ઘણી વખત એમ જોવામાં આવ્યું છે કે આવાં લગ્ન કરનાર વરકન્યા લગ્ન રજીસ્ટર કરાવ્યા પછી થોડીઘણી હિંદુ વિધિ અથવા એને મળતી કોઇક વિધિ કરે છે, કોઇક વખતે હોમ કરે છે, કેટલાક બ્રાહ્મણ પાસે આશીર્વચન વદાવે છે. આ વિધિ જો એટલા પ્રમાણ અને વિગતથી કરવામાં આવે કે એને પરિણામે હિંદુ વિધિપૂર્વક પણ લગ્ન ગણાય તો ગૂંચ ઊભી થવાનો સંભવ છે. એમ ન થાય માટે મારી સલાહ છે કે સિવિલ મેરેજ કરનારે હિંદુ વિધિ અથવા એનો ભાસ ઉત્પન્ન થાય એવી વિધિ કરવાની ઇચ્છા ન રાખવી.

**શાંતિલાલ હ. શાહ**

---

(૧લા પાનેથી ચાલુ)

માણસને જો અખંડ અપજશ જ મળ્યા કરે તો માણસ ચીમળાઇ જાય, એનું નૈતિક જીવન હણાઇ જાય, એ આત્માનો ઇન્કાર કરી બેસે અને અંતે નાસ્તિક થઇ વિનાશને વહોરી લે.

એથી ઊલટું જો માણસને હરહંમેશ સફળતા જ પ્રાપ્ત થાય, એના પાસા નિરપવાદ રીતે સવળા જ પડવા માંડે તો એને જીવનનું સાચું દર્શન જ નહિ થાય. એનું માથું જ ફરે. એનું જીવનદર્શન સાવ છીછરું બને અને માલ વગરના વહાણની પેઠે ભટકયા કરે. ગણિતમાં હમેશાં સહેલા જ દાખલાઓ મળે, વૈદને હંમેશ સહેલા અને સાદા રોગવાળા જ દર્દીઓ મળે, યુધ્ધમાં હંમેશ પોચા જ પ્રતિસ્પર્ધી મળે તો જેમ એવું જીવન કાચુંપોચું અને નિઃસત્ત્વ થવાનું તેવી જ રીતે સોંઘી કે મોંઘી સફળતા જ હંમેશ મળ્યા કરે તો જીવન અસફળ અને અંતે નીરસ થવાનું. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સદ્ગુણો સંપૂર્ણ પ્રયત્ન કર્યા છતાં અસફળતા મળવાથી જ ખીલેલા છે. માણસને કેવળ સફળતા જ મળે તો એનું જીવન વ્યર્થ થવાનું. કેવળ અસફળતા જ મળ્યા કરે તો એનું જીવન ચીમળાઇ જવાનું. બન્નેની જરૂર છે. ઉનાળો, શિયાળો, વર્ષાકાળ અને દુકાળ એ બધાંની જેમ જરૂર છે તેમ સુખ અને દુઃખ, સ્મૃતિ અને વિસ્મૃતિ, જીવન અને મરણ, સફળતા અને વિફળતા બધાં જ આવશ્યક છે, બધાં જ રસપૂર્ણ છે. એ બધાં મળીને જ જીવન જીવવા લાયક થાય છે. સફળતા અને વિફળતા બંને ઇશ્વર તરફથી જ મળેલી બક્ષીસો હોય છે.

# સ્વામી વિવેકાનંદ અને કર્મવાદ

(સ્વામી વિવેકાનન્દ ચાલુ જમાનાના એક તેજસ્વી અને પ્રેરણા-દાતા મહાપુરૂષ થઇ ગયા છે. તેમના ઉપદેશો અને વાર્તાલાપોમાંથી યુવકોને ઘણું શીખવાનું, જાણવાનું, આચરવાનું મળે તેમ છે, સેવાભાવી તરુણો તો તેમાંથી અનેક સેવામાર્ગો શોધી લે તેમ છે. અને રોજરોજ ઊઠતી શંકાઓનું સમાધાન પામી શકે તેમ છે. એવો એક વાર્તાલાપ તેમની અને એક ગોરક્ષા મંડળીના સભ્ય-ઉપદેશક વચ્ચે થયેલો અત્ર આપવામાં આવે છે.)

**સ્વામીજી:** તમારી મંડળીનો શો ઉદ્દેશ છે?

**ઉપદેશક:** આપણાં દેશની ગૌમાતાને ખાટકીના હાથમાંથી બચાવીએ છીએ. ગૌશાળાઓ જુદે જુદે સ્થળે રાખી છે તેમાં રોગી અપંગ ગાયોને તેમ જ ખાટકી પાસેથી બચાવેલી ગાયોને રાખી પોષવામાં આવે છે.

**સ્વામીજી:** હમણાં મધ્યહિંદમાં ભયંકર દુકાળ પડ્યો છે. હિંદ સરકારે ભૂખ્યા લોકોનું નવ લાખ મરણ પ્રમાણ જાહેર કર્યું છે. આ દુકાળના સમયમાં તમારી મંડળીએ કંઈ કર્યું છે?

**ઉપદેશક:** દુકાળ કે એવાં બીજાં સંકટોમાં અમો કંઇ મદદ આપતા નથી; અમારી મંડળી ફક્ત ગૌમાતાના રક્ષણ માટે જ સ્થપાયેલી છે.

**સ્વામીજી:** દુકાળમાં લાખો માણસો—તમારા પોતાના ભાઇઓ અને બ્હેનો મૃત્યુના જડબામાં પડ્યા હોય તે વખતે તમોને તમારી ફરજ મનમાં નથી આવતી કે તમારી પાસેના સાધનોનો ઉપયોગ તે ભયંકર આફતમાંથી તેમને અન્ન આપી ઉગારવામાં કરવો ઘટે?

**ઉપદેશક:** નહિ. આ દુકાળ મનુષ્યોના કર્મ, તેમનાં પાપોના પરિણામે પડ્યો છે.

**સ્વામીજી** (ક્રોધિત બનીને): જે મંડળીઓ મનુષ્યો માટે સહાનુભૂતિ ન ધરાવે અને પોતાના ભાઇઓને ભૂખે મરતાં જોઇને પણ તેમની જિંદગી બચાવવા એક મૂઠી ચોખા પણ ન આપે, જ્યારે પક્ષીઓ અને પશુઓને બચાવવા ઢગલાબંધ અનાજ આપી દ્યે, તે મંડળીઓ પ્રત્યે મારી જરાય સહાનુભૂતિ નથી, અને તેમાંથી સમાજ જરા યે લાભ પામે એ હું માનતો નથી.

તમારો જે ઉદ્દેશ છે તે સંબંધે પણ તમારા કથન પ્રમાણે એમ કહી શકાય કે ગૌમાતાઓ પોતાનાં કર્મથી ખાટકીઓના હાથમાં પડે છે અને મરે છે અને તેથી આપણે તે સંબંધમાં કંઈ ન કરવું જોઇએ. મનુષ્યજાતને પહેલી બચાવવી જોઇએ; મનુષ્યને અન્ન, શિક્ષણ અને ધર્મભાવના અવશ્ય આપવાં જોઇએ. એ સઘળું કર્યા પછી જો નાણું બચે તો પછી જ તમારી મંડળીને કંઇક આપવું જોઇએ.

ગાય આદિ ઢોર મૂંગા—અવાચક પ્રાણી છે, વળી ગાયો દૂધ આપે છે તદુપરાંત તેની સંતતિ બળદો એ કૃષિપ્રધાન હિંદ માટે જબરૂં કૃષિસાધન છે, તે વાતનો ઉક્ત વાર્તાલાપમાં ઉલ્લેખ નથી થયો; છતાં પંચેંદ્રિય સંજ્ઞી બોલતા વિચારતા મનુષ્ય પ્રાણી અને ગાય આદિ મૂગા ઉપયોગી પ્રાણી વચ્ચે પ્રથમ કોને પસંદગી આપવી એ સવાલ ઉપસ્થિત થાય ત્યારે મનુષ્યને પ્રધાન સ્થાન આપવું ઘટે; બંનેને રક્ષણ આપી શકાતું હોય તો તે શ્રેષ્ઠ છે; વળી દુઃખી જીવો પોતાના કર્મના ફળ ભોગવે છે એમ માની તેમનાં દુઃખો દૂર કરવાનો પુરૂષાર્થ તેઓએ તેમ જ બીજાઓએ ન કરવો એ કર્મવાદની ભૂલભરેલી સમજ છે. દુષ્કાળના પડઘા અત્યારે પડી રહ્યા છે તે વખતે મનુષ્યસંકટ નિવારણના સર્વ ઉપાયો પ્રધાનપણે લેવાવા ઘટે અને બીજી બધી વસ્તુઓ ઉપયોગી છતાં મનુષ્ય જીવનથી ગૌણ લેખાવી ઘટે.

મોહનલાલ દેસાઈ

---

# માનવ સંસ્થાઓના પ્રાગતિક આરોહ અને અવરોહ

[ ‘ફોરવર્ડ બ્લોક” નામના તાજેતરમાં પ્રગટ થયેલા અંગ્રેજી સાપ્તાહિક પત્રમાં શ્રી. સુભાષચંદ્ર બોઝનો ‘ફોરવર્ડ બ્લોક શા માટે’ એ મથાળાનો એક લેખ પ્રગટ થયો હતો. તેમાં માનવસંસ્થાઓના પ્રાગતિક આરોહ અવરોહ કેમ થાય છે તે સંબંધે કેટલાક લાક્ષણિક વિચારો તેમણે રજુ કર્યા હતા. એ લેખના સર્વસામાન્ય ઉપયોગી વિભાગનો નીચે અનુવાદ આપવામાં આવે છે. ]

માનવ સંસ્થાઓનો વિકાસ કેમ થાય છે એ સંબંધમાં અનેક સિધ્ધાન્તો અને વિચારશ્રેણીઓ રજુ કરવામાં આવે છે, પણ મને હેગલનો સિધ્ધાન્ત સૌથી વધારે આદરયોગ્ય લાગે છે. પ્રગતિ હંમેશાં એકધારી અને ચોક્કસ ક્રમ મુજબ જ સધાતી નથી, તેમ જ પ્રગતિનું સ્વરૂપ હંમેશાં શાન્તિમય જ હોય છે એમ પણ નથી. ઘણી વખત વિવાદ અને અથડામણમાંથી પણ પ્રગતિ જન્મે છે.

સ્વીકૃત વિચાર અને નવા વિચારના સંઘર્ષણમાંથી એ બે વચ્ચેનો નવો સમન્વય ઉદ્‌ભવ પામે છે. આ જ સમન્વય કોઇ પણ સંસ્થાના પ્રાગતિક રૂપાન્તરના આગામી ક્રમમાં સ્વીકૃત વિચારનું સ્થાન લે છે. આ સ્વીકૃત વિચાર પાછું પ્રગતિનું નવું સીમાચિહ્ન સૂચવતો નવો વિચાર જન્માવે છે અને એ બંનેની અથડામણમાંથી વળી પાછો નવો સમન્વય જન્મે છે. આ રીતે પ્રગતિનું ચક્ર આગળ ને આગળ ચાલ્યે જાય છે.

જે લોકો હરપળે અને હરઘડીએ, કોઇપણ રીતે અને કોઇ પણ સંયોગોમાં એકતાની વાતો કરે છે અને એકતાનો ઉપદેશ આપે છે તેઓ પ્રગતિના આ મુખ્ય નિયમને વિસરી જાય છે. આપણે સાચી એકતા અને બનાવટી એકતા, કાર્ય તરફ લઇ જતી એકતા અને નિષ્ક્રિયતામાં ડુબાડી રાખતી એકતા, પ્રગતિ સાધક એકતા અને પ્રગતિવિઘાતક એકતા—એ બન્ને વચ્ચે વિવેક કરવો જોઇએ. આજ કોઇપણ હિસાબે અને કોઇ પણ સંયોગમાં એકતાની ચાલી રહેલી બૂમ જેઓમાંથી કાર્યશક્તિ નષ્ટ થઇ ગઇ છે અને જેઓમાંથી ક્રાન્તિનિષ્પાદક પ્રેરણા લુપ્ત થઈ ગઈ છે તેમને માટે બહુ જ સગવડ પડતી વસ્તુ બની ગઇ છે. એકતાની મોહક વાતોથી આપણે આડે માર્ગે ઘસડાઇ ન જઇએ. જે હિલચાલ જીવતી અને જાગતી હોય છે તે દરેક હિલચાલમાં આગામી નવવિચારની મશાલ ધરતો એક અપ્રગટ ઉદ્દામ પ્રતિપક્ષ અસ્તિત્વ ધરાવતો જ હોય છે. કાળના પરિપાક સાથે આ અપ્રગટ પ્રતિપક્ષ મૂર્તસ્વરૂપ ધારણ કરે છે અને તે મારફત વિશેષ વિકાસ અને પ્રગતિ સધાય છે. ચોક્કસ સંયોગોની ઘટના વચ્ચે આ પ્રતિપક્ષે કેમ કામ લેવું અને કેમ આગળ વધવું તે નક્કી કરવાનું કામ રાજકારણી અને કેટલીક વાર તાત્વિક

( વધુ માટે જુઓ પાનું ૫ )

सच्चस्स आणाए उव्ठ्ठिओ मेहावी मारं तरई।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

# પ્રબુદ્ધ જૈન

તા. ૧-૯-૧૯૩૯, શુક્રવાર.

## જૈન મંદિર અને હરિજનો

માઇસોર રાજ્યમાં આવેલ સુપ્રસિદ્ધ તીર્થક્ષેત્ર શ્રવણ બેલગોડામાં હરિજન મંદિર પ્રવેશ સંબંધમાં એક જુદો જ મુદ્દો ઉપસ્થિત થયો. માઇસોર રાજ્યની ધારાસભાની જુન માસની બેઠક દરમિયાન એક એવો ઠરાવ કરવામાં આવ્યો કે બેલૂર અને શ્રવણ બેલગોડાના મંદિરોમાં જેઓ હિન્દુ ન હોય એવા અહિન્દુઓ જ્યાં સુધી જઇ શકે છે અને દેવમૂર્તિનાં દર્શન કરી શકે છે ત્યાં સુધી પણ હરિજનોને પ્રવેશ કરવા દેવામાં આવતો નથી તે પ્રકારનો હરિજનો સામેનો પ્રતિબંધ રદ થવો જોઇએ. આ ઠરાવના જવાબમાં માઇસોર સરકારે પૂરી તપાસ કરીને યોગ્ય કરવાની કબુલાત આપી હતી. શ્રવણ બેલગોડાના મંદિર સંબંધમાં સરકાર તરફથી કરવામાં આવેલી તપાસના પરિણામે ઉપરની હકીકત સત્ય લાગવાથી અહિન્દુ મર્યાદા સુધી હરિજનોને આવવા દેવામાં કરવામાં આવતી અટકાયતની મના કરતો સરકારી હુકમ બહાર પાડવામાં આવ્યો. આ સરકારી ફરમાન સામે રાજ્યમાં વસતા જૈનસમાજ તરફથી ભારે વિરોધ કરવામાં આવ્યો અને જૈનસમાજનાં પ્રતિનિધિ મંડળે સરકાર સમક્ષ એવી રજુઆત કરી કે આ હુકમથી તેઓની ધાર્મિક લાગણીને ભારે આઘાત પહોંચ્યો છે અને વિશેષમાં જણાવ્યું કે સરકારી હુકમ મુજબ જો હરિજનોને પ્રસ્તુત તીર્થસ્થામાં પ્રવેશ કરવા દેવામાં આવશે તો ત્યાં પ્રતિષ્ઠિત: થએલી ગોમ્મરેશ્વરની મૂર્તિ અભડાઇ જશે અને તે મૂર્તિની પુનઃશુદ્ધિ આપવા માટે ‘સંપ્રોક્ષણ’ નામની મોટી ધાર્મિક ક્રિયા કરાવવાની તેમને ફરજ પડશે. આ સાથે તેઓએ એમ પણ જણાવેલું કે હરિજન મંદિર પ્રવેશની હિલચાલને ખરો સંબંધ હિન્દુ મંદિરો સાથે છે કે જે મંદિરોના અધિષ્ઠાતા દેવોના તેઓ ઉપાસક છે અને એમ છતાં પણ જે મંદિરોમાં તેમને પ્રવેશવા દેવામાં આવતા નથી અને હરિજનોને જૈન મંદિરો સાથે તો બિલકુલ લેવાદેવા જ નથી.

આ રજુઆત ઉપરથી માઇસોર સરકારે ઉપરનું ફરમાન રદ કર્યું. પરિણામે શ્રવણ બેલગોડામાં આવેલા ભગવાન ગોમટેશ્વરની ભવ્ય મૂર્તિનાં અહિંદુ સૌ કોઇ દર્શન કરી શકે છે, પણ હરિજનો એ સ્થાન ઉપર હજુ બહિષ્કૃત છે.

એ ખરું છે કે અન્ય હિંદુ મંદિરો સંબંધમાં હરિજન પ્રવેશનો પ્રશ્ન જે રીતે ઊભો થયો છે તે રીતે જૈન મંદિરો સંબંધમાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી; કારણ કે આજે કોઇ પણ હરિજન જૈન ધર્મનો અનુયાયી હોય અને જૈન મંદિરમાં પ્રવેશ માંગતો હોય એવી વસ્તુસ્થિતિ હજુ સાંભળવામાં આવી નથી. તેથી જે ધાર્મિક હકક આજે હરિજનો અન્ય હિંદુમંદિરો સંબંધમાં માગી રહ્યા છે તે ધાર્મિક હકકની બાબત જૈન મંદિરોને લાગુ પડતી નથી.

પણ હરિજનો વિષે અસ્પૃશ્યત્વની બુદ્ધિ અને વૃત્તિ સંબંધમાં જૈન સમાજનો મોટો ભાગ અને ખાસ કરીને સ્થિતિચુસ્ત વર્ગ આજના સ્થિતિચુસ્ત હિંદુ સમાજથી જરાપણ આગળ કે પાછળ નથી. આજે કોઇપણ હરિજન જૈનધર્મ અંગીકાર કરે તો પણ તેને ભગવાનના દર્શન કરવા દેવાનો પ્રશ્ન તો બાજુએ રહ્યો પણ જૈનમંદિરના પગથિયા ઉપર પગ મૂકવા દેવામાં આવે કે કેમ તે એક પ્રશ્ન છે. સુપ્રસિદ્ધ કદંબગિરિના શિલાલેખમાં જૈન શ્વેતાંબર વિભાગના જાણીતા સૂરીસમ્રાટે કોતરાવ્યું છે કે આજે તો કોઇ અસ્પૃશ્ય જૈનધર્મી નથી પણ કાળાન્તારે કોઇ અસ્પૃશ્ય જૈન ધર્મ અંગીકાર કર્યાનો દાવો કરીને અહીં આવશે તો પણ આ મંદિરમાં તેને દાખલ કરી શકાશે નહિ. અસ્પૃશ્યત્વને યાવચ્ચંદ્રદિવાકરો અમરપટો આપવાનો આ પ્રયાસ આજની જૈન જનતાને અજાણ નથી.

શ્રવણ બેલગોડાનો પ્રતિબંધ એ જ અસ્પૃશ્યત્વની જડને મજબૂત ટકાવી રાખનારો બીજા છેડાનો પ્રયત્ન છે. એક બાજુથી કહેવામાં આવે છે કે અસ્પૃશ્ય જૈનધર્મી થાય તોપણ જૈન મંદિરમાં આવી નહિ શકે. બીજી બાજુએથી જણાવવામાં આવે છે કે જૈન મંદિરમાં મુસલમાન, પારસી, ક્રિશ્ચિયન સાહેબ અને મડમ અને કદાચ તેની સાથે સાંકળે બંધાયલું કુરકુરિયું ગોમટેશ્વરનાં દર્શન કરી શકશે અને તો પણ ગોમટેશ્વરની પવિત્રતાને જરાપણ વાંધો નહિ આવે પણ કોઇ હરિજનની–કોઇ અસ્પૃશ્યની દૃષ્ટિ જરા સરખી પણ ભગવાનની મૂર્તિ ઉપર પડશે તો ભગવાનની પવિત્રતા ખંડિત થઇ જશે. આ માની લીધેલી નાજુક પવિત્રતા અને આ માની લીધેલી તેની આભડછેટ જેટલી હાસ્યાસ્પદ છે તેટલી જ સામાજિક દૃષ્ટિએ ગ્લાનિપ્રદ છે.

જૈનોમાં આ અસ્પૃશ્યતા ક્યાંથી આવી? જગતમાં તીર્થંકરો જ્યારે વિચરતા હતા અને પોતાના પુનિત પગલાંથી પૃથ્વીને પાવન કરતા હતા ત્યારે તેમની ભવ્ય વાણી સાંભળવા અનેક નરનારીઓ, દેવદેવીઓ અને પશુપક્ષીઓ એકત્ર થતાં હતાં એમ શાસ્ત્રકથાઓ કહે છે. આ મહાજન સભામાં અસ્પૃશ્યોનો-હરિજનોનો કોઇ ઠેકાણે બહિષ્કાર થયાનો ઉલ્લેખ દૃષ્ટિગોચર થતો નથી. ત્યાર બાદ અસ્પૃશ્ય ગણાતા વર્ગોમાંથી જૈનદીક્ષા અંગીકાર કર્યાના અને પરમ પદ પ્રાપ્ત કર્યાના અનેક દૃષ્ટાંતો જૈનકથાનકો અને ઇતિહાસમાં નોંધાયલાં નજરે પડે છે. અહીં પણ અસ્પૃશ્ય બહિષ્કાર જોવામાં આવતો નથી.

જૈન ધર્મ વિશ્વબંધુત્વ અને સમાનતાની ભાવના ઉપર રચાયલો છે. તે ધર્મ જે આદર્શ સમાજની કલ્પના કરે છે તેમાં વર્ણવ્યવસ્થાને જરાપણ સ્થાન નથી. બ્રાહ્મણ અને અસ્પૃશ્યત્વ એ વર્ણવ્યવસ્થાના બે અન્તિમ છેડાઓ છે. જૈન ધર્મ બ્રાહ્મણના સર્વોપરીપણાનો પહેલેથી વિરોધ કરતો આવ્યો છે. આ વિરોધ સાથે અસ્પૃશ્યત્વનો સ્વીકાર કોઇપણ રીતે સંગત થઇ શકતો જ નથી. જેમને હિંદુ ધર્મની બીજી શાખાઓએ અવગણ્યા અને અવમાન્યા તેમને જૈન ધર્મ સદાકાળ અપનાવતો આવ્યો છે. હિંદુધર્મે પોતાના દ્વાર અન્ય સર્વ વર્ગો સામે બંધ કર્યાં છે ત્યારે હિંદુ ધર્મનું સદા સંશોધન કરતા જૈન ધર્મે સૌ કોઇને માટે પોતાના દ્વાર ખુલ્લાં રાખ્યાં છે. જૈન ઉપાશ્રયમાં સૌ કોઈ ધર્મ શ્રવણ કરવા જઇ શકે. જૈન મંદિરને તો ‘અભંગદ્વાર’ તરીકે જ વર્ણવામાં આવેલ છે. જૈન ધર્મે જૈન જૈનેતરનો કદી ભેદ કર્યો નથી. સૌ કોઈને નોતર્યા છે અને સૌ કોઈને પોતામાં સમાવ્યા છે.

જૈન ધર્મનું આ સ્વરૂપ છે. આ ઇતિહાસ છે, આ પરંપરા છે. આમ છતાં પણ જૈન ધર્મના આજના પ્રતિનિધિઓ ઉપર જણાવ્યું તેમ પોતાનાં મંદિરદ્વારો હરિજન સામે કેમ બંધ રાખી રહ્યા છે? જૈન ધર્મ હોય ત્યાં હિંસા ન હોય, અસમાનતા ન હોય, અસ્પૃશ્યતા ન હોય. એમ છતાં આજના જૈનધર્મીઓના જીવનમાં અસમાનતા–અસ્પૃશ્યતા–ખીચોખીચ ભરેલી કેમ નજરે પડે છે? તેનું ખરૂં કારણ એ છે કે જૈન ધર્મની વિશાળ ભાવનાઓનો આપણા ચાલુ વ્યવહારગત સામાજિક જીવન સાથે મેળ મેળવવા આપણે કદી પ્રયત્ન કર્યો જ નથી. તેથી જ આજનો જૈન मिति मे सव्व भूएसु નો પાઠ પઢતો પઢતો નાતજાતને સ્વીકારે છે; નારી જાતિને ઊતરતે દરજ્જે રાખે છે; અસ્પૃશ્યતાને પ્રેમપૂર્વક વળગી રહે છે; માણસ માણસ વચ્ચેના ભાત ભાતના ભેદને ચાલુ પોષ્યા કરે છે.

આ અસ્પૃશ્યત્વની જડ જેટલી અન્ય હિંદુઓમાં છે તેટલી જ જૈનોમાં ઘર કરી બેઠેલી છે. જૈન ધર્મની વિશાળતાના ઘેનમાં કોઈ એમ માની ન બેસે કે આપણે ત્યાં અસ્પૃશ્યત્વનો પ્રશ્ન છે જ નહિ. આપણા ચાલુ જીવનના અંગઉપાંગમાં, આપણા અનેક માનસિક વલણોમાં, આ અસ્પૃશ્યત્વની અમાનુષી વૃત્તિ ગોચર–અગોચર રીતે વ્યાપી રહેલી છે. એ વૃત્તિના મૂળ છેદાય નહિ અને માનવ માનવ વચ્ચે સમાનતાની બુદ્ધિ આપણામાં પ્રગટે નહિ ત્યાં સુધી જૈન ધર્મના અનુયાયી હોવાનો આપણો દાવો અર્થ વિનાનો અહંકાર છે.

**પરમાનંદ**

## તંત્રીસ્થાનેથી

આ પત્ર આજ સુધી ભાઈશ્રી રતુભાઇ દેસાઈની માલેકીવાળા શશાંક પ્રેસમાં છપાતું હતું અને ભાઈશ્રી જગન્નાથ દેસાઈ આ પત્રનું પ્રકાશન સંભાળતા હતા. હવેથી આ પત્ર જન્મભૂમિના પ્રેસમાંથી પ્રગટ થવું શરૂ થયું છે. આ પત્રનો આજ સુધીનો આવો વિકાસ કરવામાં પ્રેસમેનેજર તરીકે શ્રી. રતુભાઇએ તેમજ પ્રકાશન–વ્યવસ્થા સંભાળવવા માટે શ્રી. જગન્નાથ દેસાઈએ સારો ફાળો આપ્યો છે. જરૂર પડયે ભાઈશ્રી જગન્નાથે આ પત્રને ઉપયોગી લેખો અને આવતરણો પૂરાં પાડયાં છે. હવે પછીથી એ બન્ને ભાઈઓ આ પત્રની જવાબદારીથી છૂટા થાય છે તે પ્રસંગે તેમણે આ પત્રને વિકસાવવામાં કરેલી કીમતી મદદની સાભાર નોંધ લેવામાં આવે છે.

× × × ×

કાકા સાહેબ કાલેલકરનો 'બાહુબલી' ઉપરનો બીજો લેખ પૂરો તૈયાર નહિ હોવાથી આ અંકમાં પ્રગટ થઈ શકયો નથી. આવતા અને પછીના અંકોમાં બાહુબલી ઉપર બાકીના લેખો સચિત્ર પ્રગટ કરવામાં આવશે. ગાંધીજી અને કિશોરલાલ મશરૂવાળાના બે ત્રણ ઉપયોગી પત્રો પણ હવે પછીના અંકોમાં પ્રગટ થશે.

× × × ×

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા બીજા શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા શુદ ૪ સુધી (તા. ૧૦ સપ્ટેંબરથી ૧૭ સપ્ટેંબર સુધી) ગોઠવવામાં આવી છે. પંડિત સુખલાલજી ગયે વર્ષે નાદુરસ્ત તબિયતના કારણે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં હાજર રહી શકયા નહોતા. આ વર્ષે તેઓએ વ્યાખ્યાનમાળામાં આવી પહોંચવાની આશા રાખી છે. કોણ કોણ વ્યાખ્યાતાઓ કયા કયા વિષય ઉપર કયે કયે દિવસે વ્યાખ્યાન આપશે તેની જાહેરાત હવે પછી કરવામાં આવશે. આશા રહે છે કે આ વર્ષની વ્યાખ્યાનમાળા પહેલાં જેટલી જ રસમય અને બોધપ્રદ બનશે.

× × × ×

'પ્રબુદ્ધ જૈન' ના અંકો મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને તેમજ અન્ય કેટલાક ગૃહસ્થોને એમ ને એમ મોકલવામાં આવ્યા છે. હવે પછીનો અંક મે માસની પહેલી તારીખથી તે બાર માસ સુધીનું વાર્ષિક લવાજમ યુવક સંઘના સભ્યોનું રૂ. ૧ અને સભ્યો ન હોય તેવા ગૃહસ્થો માટે રૂ. ૨ એમ ગણીને જેનું જેનું લવાજમ આવ્યું નહિ હોય તેને વી. પી થી મોકલવામાં આવશે. જે સભ્યો કે અન્ય ગૃહસ્થોને આ પત્રના ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છા ન હોય તેમને વેળાસર ખબર આપવા ખાસ વિનંતિ કરવામાં આવે છે કે જેથી અમને વી. પી. નું વિના કારણ ખર્ચ ન થાય. અમે આશા રાખીએ છીએ કે જે ભાઇઓને 'પ્રબુદ્ધ જૈન' મળે છે તેઓ તો ગ્રાહક તરીકે ચાલુ રહેશે જ એટલું જ નહિ પણ 'પ્રબુદ્ધ જૈન' દ્વારા તેમને જે વાંચન ચિન્તનનો ખોરાક મળે છે તેથી જો તેમને સંતોષ થયો હશે તો પોતાના અન્ય સ્નેહીસંબંધીઓને 'પ્રબુદ્ધ જૈન' ના ગ્રાહક થવા બને તેટલી પ્રેરણા કરશે. 'પ્રબુદ્ધ જૈન' છે તેવું ટકાવી રાખવું કે તેથી પણ વધારે સારૂં બનાવવું તેનો આધાર એક બાજુએ વિશાળ વિચારો ધરાવતા જૈન જૈનેતર વિદ્વાન લેખકોના સહકાર ઉપર અને બીજી બાજુએ ગ્રાહકની વિપુલ સંખ્યા ઉપર રહે છે. આજ સુધી મળી રહેલો સહકાર ભવિષ્ય માટે અમને પુરતી આશા અને પ્રોત્સાહન આપે છે.

---

( ૩ જા પાનાનું ચાલુ )

દૃષ્ટિવાળા આગેવાનોનું છે. ઘણી વખત એમ બને છે કે સત્તાધારી પક્ષ સાથે સહકાર અને બાંધછોડ કરતા રહીને પ્રતિપક્ષ પોતાની સત્તા અને લાગવગ જમાવે છે. સંયોગો બદલાતાં આ સહકાર અને બાંધછોડ શકય ન રહે. આવા સંયોગોમાં પ્રતિપક્ષને સત્તાધારી પક્ષથી જાહેર રીતે જુદા પડવાનું અને એ રીતે પોતની સત્તા અને અનુયાયી દળ વધારવાનું જરૂરી બને. આવી પરિસ્થિતિમાં બે પક્ષો વચ્ચે તીવ્ર સંઘર્ષણ પણ થઇ આવે. આ સંઘર્ષણ બે ઘડી દુઃખદાયી અને ચિન્તાજનક બને પણ વાસ્તવિક રીતે પ્રગતિ પરિણામી જ હોય. અને વળી આવું સંઘર્ષણ કોઇપણ રીતે ટાળી શકાય તેમ તો હોય જ નહિ. વ્યવસ્થિત બંધારણના ચોગઠામાં ગોઠવાયલી કોઇપણ માનવસંસ્થા આત્મવિકાસ અર્થે ઉત્તરોત્તર પ્રગતિના માર્ગે લઇ જતા પ્રતિપક્ષના પ્રાદુર્ભાવની અપેક્ષા રાખે છે. આ પ્રતિપક્ષ સત્તાધારી પક્ષને સહકાર આપીને કે તે પક્ષની અથડામણમાં આવીને પોતાનો વિકાસ અને સત્તા વધાર્યે જાય છે અને આખરે કાં તો એ આખી સંસ્થાનો કબજો લે છે અથવા તો સત્તાધારી પક્ષને પોતાને અનુકૂળ બનવાની ફરજ પાડે છે. જ્યારે આ પરિણામ આવે છે અને પ્રાગતિક પ્રતિપક્ષની સર્વ પ્રાગતિક શકયતાઓ ખલાસ થતી જાય છે કે તરત જ એના એ ઇતિહાસનું પુનરાવર્તન શરૂ થાય છે અને નવો પ્રાગતિક પ્રતિપક્ષ ઊભો થાય છે અને અનુક્રમે કાલના પ્રગતિવાદી પ્રતિપક્ષીઓને નવા મેળવેલા અધિકારો ઉપરથી પદભ્રષ્ટ કરે છે."

અનુવાદક : **પરમાનંદ**

# સામયિક સ્ફુરણ

## પર્યુષણ ગયા
## અને પર્યુષણ આવે છે.

આ વખતે કમનસીબે પર્યુષણ પણ વહેંચાઇ ગયા છે. સ્થાનકવાસી અને શ્વેતાંબર મૂર્તિપૂજક વર્ગના અમુક વિભાગનાં પર્યુષણ ગયાં; બાકીના શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગનાં પર્યુષણ આ બીજા શ્રાવણ માસના અંત ભાગમાં આવે છે. દિગંબરોનાં પર્યુષણ તો હંમેશાં બન્ને વર્ગથી જુદા જ હોય છે અને તે ભાદ્રપદના શુકલ પક્ષમાં જ શરૂ થાય છે અને ભાદ્રપદ પૂર્ણિમાએ પૂરા થાય છે. એક જ ધર્મના અનુયાયીઓ અને એકશાસન દેવના ઉપાસકો પોતાના મહત્ત્વનાં ધાર્મિક પર્વો પણ સાથે ઉજવાય એવી વ્યવસ્થા યોજી ન શકે એ ભારે શોચનીય છે. એક વર્ગ ચૌદસને મહત્ત્વ આપે તો બીજો વર્ગ પૂનમને મોટો દિવસ ગણે છે; એક ચોથને સંવત્સરી માને તો બીજો પાંચમને સંવત્સરી માને. પર્વો સાથે ઉજવાય તો ધાર્મિક એકતા અને અસ્મિતાને કેટલું બધું પોષણ મળે? પણ એક થવું, એકત્ર થવું, એકત્ર બનીને ઉદ્યાપન કરવું એ આપણા સ્વભાવમાં જ નથી, સરળતાથી સીધો પ્રવાહ વહી જતો હોય ત્યાં એક પંડિત ઊભો થાય અને ચાલુ પ્રથાથી જુદો મત રજુ કરી વહેતા પ્રવાહમાંથી નવો શાખાપ્રવાહ વહેતો કરે. એ શાખાપ્રવાહમાંથી વળી બીજો કોઈ પંડિત નવી ઉપશાખા વહાવે. આમ શાખાઓ અને ઉપશાખામાં મૂળ પ્રવાહનું ધમંડ વધતું ચાલે અને સાચું મહાત્મ્ય ઘટતું જ જાય. એક જૈન સમાજના ત્રણ જૈન સમાજ થાય. એક પાખીની બે પાખી થાય. એક સંવત્સરીની બે સંવત્સરી થાય. એક પર્યુષણનાં બે નહિ પણ ત્રણ પર્યુષણ થાય. આવી જ રીતે એક મૂર્તિની બે મૂર્તિ બને; એક મંદિરના બે મંદિર બને. આટલેથી જ અટકે નહિ પણ એક જ મૂર્તિના, એક જ મંદિરના કે એક જ તીર્થના બે માલિક બની જાય અને બન્ને માલિક પોતપોતાનો હક્ક સાબિત કરવા લડે, ઝગડે અને ખુવાર થાય. ભગવાન મહાવીરથી માંડીને આજસુધીના જૈન ઈતિહાસનો આ કરૂણાજનક સાર છે.

આમ આપણને એકમાંથી અનેક કોણે બનાવ્યા? અભેદ બુદ્ધિમાંથી ભેદબુદ્ધિ કોણે શીખવી? આ કાર્ય સંપ્રદાય અને ઉપસંપ્રદાયના પ્રયોજક આચાર્યો અને સમ્રાટોનું છે. આ સંપ્રદાયના આગેવાનોનો સ્વાર્થ સંપ્રદાય બુદ્ધિને જ પોષવામાં રહેલો છે. લોકબુદ્ધિ એકતા માગે છે; અને ભેદની દીવાલો તોડવા ઝંખે છે; એ ભોળી જનતાના શ્રદ્ધાસ્વામીઓ જુદા રહેવામાં જ સાચો ધર્મ રક્ષાયલો છે એમ સમજાવે છે અને ભેદની દીવાલોને સદા મજબૂત રાખવા પ્રયત્નશીલ રહે છે. આજે લોકમાનસ અંધશ્રદ્ધામાંથી ઊંચુ આવે અને સંપ્રદાયથી અતીત દૃષ્ટિએ જે કોઈ જોઇ શકતું હોય તેની આગેવાની સ્વીકારે તો જ પર્વભેદો, મૂર્તિભેદો અને મંદિરભેદો નાશ પામે અને સાચી એકતા તરફ લોકરૂચિ જાગે. જો જૈન સમાજને જીવવું હશે અને જૈન ધર્મને જીવાડવો હશે તો આ એકતાનો આજે અથવા તો આવતી કાલે આખા સમાજે ગંભીરપણે વિચાર કર્યા સિવાય ચાલવાનું નથી.

## શત્રુંજયમાં ચોરી

થોડા દિવસ પહેલાં શત્રુંજય ઉપર આવેલી નરસી કેશવજીની ટૂંકમાં રાત્રિના સમયે કોઇ બદમાશે દાખલ થઇને જુદી જુદી મૂર્તિઓ ઉપર ચોડેલાં કીમતી ટીલાં ટપકાં અને મુગટોની ચોરી કરી ગયેલ છે અને હજી સુધી એનો પત્તો લાગ્યો નથી એવા સમાચારો પ્રગટ થયા છે. આ સમાચારથી જૈન સમાજમાં ઠીક ઠીક સનસનાટી ફેલાઇ છે, ચોરી સંબંધમાં આપણા દિલમાં સ્વભાવિક રીતે ખૂબ ઘૃણા હોય છે તેથી આ ચોરી પકડાવી જ જોઇએ અને ચોરી કરનારને યોગ્ય શિક્ષા થવી જ જોઇએ આવા વિચારો આપણામાંના ઘણાખરાનાં મનમાં રમ્યા કરતા હોવા જ જોઇએ. આ ઉપરાંત આવાં મંદિરો ઉપર વધારે મજબૂત ચોકીપહેરો મુકાવો જોઇએ; વધારે બંદૂક પિસ્તોલના પરવાના મેળવવા જોઇએ કે જેથી ભવિષ્યમાં કોઇ આવી હિંમત કદી કરી ન શકે—આવી વિચારણાઓ પણ ઘણાખરાના મગજમાં ઘૂમ્યા કરવાની.

આ જ બાબત એક બીજી રીતે વિચારવી ઘટે છે. જૈનોની મુખ્ય ધાર્મિક સંસ્થા બે છે: મંદિર અને ઉપાશ્રય. મંદિરમાં જિનમૂર્તિઓ વસે છે. ઉપાશ્રયમાંથી કદી કોઇએ ચોરી થઇ સાંભળી છે ખરી? જવાબ મળશે કે ઉપાશ્રયમાં એવું હોય જ શું કે જેથી ચોરને ચોરી કરવાનું મન થાય? તો પછી આપણા જિનમંદિરો પણ એવાં આપણે બનાવી ન મૂકીએ કે જેથી ત્યાં આવતા કોઇને પણ ચોરી કરવાનો વિચાર સરખો પણ ન આવે! જેવા જૈન ધર્મના સાધુઓ નિષ્કંચન ફરે છે અને ચોરોથી નિર્ભય બની વિચરે છે તેવા જ તે ધર્મના પ્રયોજક તીર્થંકરો પણ નિષ્કંચન થઇને જગતમાં અહિંસાપ્રધાન જૈન ધર્મનો ઉપદેશ આપતા હતા. એ તીર્થંકરોની મૂર્તિઓ આજે ટીલાં ટપકાં, મુગટ બાજુબંધ અને હીરામાણેકની આંગીઓથી વિભૂષિત બનેલી હોવાથી સદા ભયગ્રસ્ત બની બેઠી છે; તેમને રાત્રિના પુરાઇ રહેવું પડે છે અને બંધ કરેલ બારણા ઉપર મજબુત તાળાંઓ ચઢાવવામાં આવે છે, તેની આસપાસ સંત્રીઓ બંદૂક ઉપાડીને ચોકીપહેરો ભરે છે. આ પરિસ્થિતિ જિનદેવ, જિનમૂર્તિ અને જિનમંદિરની મૂળ ભાવના સાથે કેટલી બધી અસંગત છે? જે પરિગ્રહને મેલ ગણી ભગવાને ફેંકી દીધો તે જ પરિગ્રહ તેમની મૂર્તિને આપણે પહેરાવ્યો અને જેની આસપાસ અહિંસા અને નિર્ભયતાનું વાતાવરણ પસરી રહેતું હતું તે જ ભગવાનની મૂર્તિની રક્ષા ખાતર આસપાસ હિંસાની સામગ્રી આપણે ખડી કરી દીધી. પરમત્યાગ વૈરાગ્યના અવતાર સમા ભગવાન મહાવીર આદિ તીર્થંકરોના પ્રરૂપિત જૈન ધર્મની આથી વધારે બીજી શી વિડંબના હોઇ શકે?

ઉપરનો બનાવ આવી કોઇ વિચારસરણી ઉપર આજના જૈન સમાજને દોરી શકે તો આજની મંદિરસંસ્થા જે પુનર્વિધાન માગી રહી છે તે કેટલું સરળ બની જાય?

**પરમાનંદ**

# વરવિક્રય:

**એક વધતું જતું અનિષ્ટ**

એક જમાનો એવો હતો કે કન્યાવિક્રય જેવી ઘાતકી અને અમાનુષી બદી અટકાવવા માટે આંદોલન ચલાવવું પડતું. લેખો ભાષણો અને બીજો ઉહાપોહ કરવો પડતો; પણ સદ્દભાગ્યે આજે એ પરિસ્થિતિ મટી ગઇ છે. આખો સમાજ કન્યાવિક્રયને એક પાપ સમાન લેખતો થઇ ગયો છે, એટલે પરિણામે કન્યાવિક્રયો પ્રમાણમાં ઘણા ઓછા થાય છે, અને જે થાય છે તે પણ દુનિયાથી અંધારખૂણે છુપી રીતે કરવામાં આવે છે. પણ આ બદીથી આપણો સમાજ પૂરતો મુક્ત ન થાય ત્યાં એક નવી ફેશનેબલ બદીનો વળગાડ આપણી લગ્નસંસ્થાને લાગ્યો છે; આ બદી તે વર-વિક્રયની.

કન્યાવિક્રય કરનારાઓ તો મૂઢ હોય છે, પોતે પાપ કરે છે એમ માનીને સમાજથી મોઢું ચોરે છે, સમાજ પણ તેમને તિરસ્કારે છે. પણ વરવિક્રય કરનારાઓ તો પુખ્ત ઉમરના હોય છે, ઘણીવાર કેળવણી પામેલા પણ હોય છે; વરવિક્રય કરવામાં શરમાવાને બદલે અભિમાન લે છે. અને ઘણીવાર આજુબાજુનો સમાજ પણ આ વસ્તુને આબરૂદાર માને છે. તેથી તેમાં કોઇને શરમાવાનું કે સંકોચ પામવાનું કશું હોય તેમ કોઇ માનતું નથી. વરના વેચાણની આ ઘાતકી ક્રિયાને સમાજ પણ પરઠ, દાયજો, પહેરામણી, ગુંજે ઘાલવું વગેરે નામોથી છુપાવે છે. પણ વાસ્તવમાં તેની પાછળ લગ્ન દ્વારા આર્થિક પ્રાપ્તિ કરવા સિવાય બીજું કશું નથી. અને આ બદી સુધરેલા સ્વરૂપમાં હોવાથી તે વધુ વિઘાતક છે, અને તેનો સામનો કરવામાં વધુ મુશ્કેલી નડે છે.

લગ્ન જેવી શુદ્ધ, પવિત્ર અને પ્રેમપૂર્ણ મંગળ સંસ્થાને વેપારનું બજાર બનાવી મૂકનારાઓ કોઇ એક કોમમાં જ છે એમ નથી, પણ લગભગ બધી કોમોમાં છે. અને તેના અનિષ્ટોથી બધી કોમો પીડાય છે; છતાં તેની સામેનો પોકાર કેમ તીવ્ર થતો નથી એ જ આશ્ચર્ય છે. પારસી કોમમાં સેંકડો બહેનો આ જ કારણે મોટી ઉમર સુધી ઘણીવાર જિંદગી સુધી કુંવારી રહી જાય છે, અને પારસી સમાજ તેના અનિષ્ટોથી પીડાય છે. પાટીદારોમાં પણ એક પત્ની મરે એટલે વિધુર વરરાજાને શોકને બદલે બીજા લગ્નમાં આર્થિક પ્રાપ્તિનો પ્રસંગ થઇ પડે છે. બંગાલમાં તો આ બદી પ્રાન્તવ્યાપી છે. અને દરવર્ષે પોતાના માબાપને ચિંતામાંથી મુક્ત કરવા માટે કેટલીયે કુમારિકાઓ આપઘાતનો આશરો લે છે; વેશ્યાઓની સંખ્યા બંગાલમાં વધુ છે તેનું એક કારણ આ પણ છે. સિંધમાં આબરૂદાર ગણાતી આમિલ કોમમાં પણ કેળવાયેલ યુવકો પોતાની આર્થિક પ્રગતિ માટે કમનસીબે સસરાની મિલકત ઉપર જ મદાર બાંધીને બેઠા હોય છે. પ્રભુ, અનાવિલ અને કાયસ્થ કોમમાં પણ પરણનાર યુવક પરણવા માટે કાંઇ ઉપકાર કરતો હોય તેમ પત્ની સાથે પૈસાની પોટલીની પણ અપેક્ષા રાખે છે. અને કન્યાની કિંમત તેના રૂપ, ગુણ કે લાયકાત ઉપરથી નહિ પણ કન્યાના પિતાની તિજોરી ઉપરથી અને આ તિજોરીમાંથી વરને કેટલું મળી શકે તેમ છે તેના ઉપરથી અંકાય છે. ગુજરાતના વણિકવર્ગમાં જૈનોમાં પણ આ બદીનો પગપેસારો થતો જાય છે. આ બદીના મૂળ વધુ ઊંડા જાય તે પહેલાં જ આ અનિષ્ટને સત્વર દાબી દેવું ઘટે છે.

વરવિક્રય કોઇ પણ સ્વરૂપે કે કોઇપણ નામે ચાલતો હોય તો તેનો યુવકોએ અને સમાજના આગેવાનોએ સાફ વિરોધ કરવો ઘટે છે. આ નીંદનીય પ્રથા વરને માટે શરમજનક છે, કન્યાના બાપને માટે ઘાતકી ત્રાસરૂપ છે, કન્યાને માટે અપમાન-જનક છે, અને સમાજને માટે કલંકરૂપ છે. પોતાના સશક્ત બાવડા અને પુરુષાર્થ ઉપર આધાર રાખવાને બદલે સસરાની મિલકત ઉપર નજર માંડનાર યુવકમાં પૌરુષની ખામી છે એમ ગણાવું જોઇએ. લગ્ન એટલે રૂપ, ગુણ અને શીલમાં સમાન એવી બે વ્યક્તિઓનાં સ્વેચ્છાપૂર્વકના જોડાણને બદલે પૈસાની આપલેનું લાલચુ અને સગવડિયું સાધન બનાવનાર કોઇપણ વ્યક્તિ સમાજની નિંદાને પાત્ર છે; તેમાં આબરુ શોભા કે પ્રતિષ્ઠા છે જ નહિ એ વસ્તુ સમાજે સ્વીકારવી ઘટે છે. સમાજમાં સ્ત્રી પુરૂષ બંનેની ઉપયોગિતા સમાન છે; વંશવર્ધન અને સાતત્ય માટે પુત્ર અને પુત્રી બન્ને સરખાં મહત્ત્વના છે એ ખ્યાલને બદલે પુત્રનો જન્મ એટલે આશીર્વાદ અને પુત્રીનો જન્મ એટલે શાપ એવી આત્મઘાતક માન્યતાઓને આવી વરવિક્રયની બદી ટકાવી રાખે છે. અને કન્યાના ઉછેર પ્રત્યે માબાપ અને સમાજની દૃષ્ટિને પૂર્વગ્રહિત, પક્ષપાતી અને કુંઠિત બનાવે છે; આવા માનસ-લાઘવના વાતાવરણમાં ઉછરેલી કન્યાઓ જ્યારે ગૃહિણી બને છે ત્યારે તેમની પ્રજા પણ માનસિક સંકુચિતતાવાળી પેદા થાય છે; અને તેનું પરિણામ આખી કોમને અને દેશને ભોગવવું પડે છે.

લગ્ન એટલે સમાન રૂપ ગુણ અને શીલવાળી વ્યક્તિઓની સ્વેચ્છાપૂર્વકની ભાગીદારી; તેમાં એક યા બીજા પક્ષે આર્થિક લાલચ રજૂ કરવામાં એક બીજાનું શોષણ રહેલું છે. પોતાને વટાવવાપણું રહેલું છે. આ શોષણ કરનારાઓ પોતે દોષિત છે તેમજ તેની દલાલી કરનારાઓ પણ એટલા જ દોષિત છે. સમાજે મૂગા રહીને માર ખાવા કરતાં આ વસ્તુ સામે ખુલ્લો પોકાર ઉઠાવવો ઘટે. પૈસા લઈને પરણનાર યુવક તેના મિત્રમંડળમાં હલકો ગણાવો જોઇએ. અને સમાજના વિચારને કેળવવા માટે આ બદી અટકાવવા માટે કાંઇ કાયદો પણ થવો જોઈએ. સામાન્ય રીતે કાયદો હંમેશા જાગ્રત પ્રજામતથી એક દાયકો પાછળ હોય છે, છતાં જ્યાં લોકોનો મોટો વર્ગ ઊંઘતો હોય ત્યાં તેમને ઢંઢોળીને જાગ્રત કરવામાં કાયદો ઉપયોગી ભાગ ભજવે છે, તે દૃષ્ટિએ આવા કાયદાની આવશ્યકતા રહેલી છે.

**જગન્નાથ દેસાઈ**

---

પત્રકારિત્વમાં સંસ્કાર અને શીલ વડે શોભતું સાપ્તાહિક "**ફુલછાબ**" 'પ્રબુદ્ધ જૈન' વિષે શું કહે છે ?:

'શ્રી. મુંબઇ જૈન યુવકસંઘ પત્રિકા' એ નામથી શરૂઆત કરીને, વડોદરા રાજ્યમાં અયોગ્ય દીક્ષાની અટકાયત કરનારો ધારો પસાર કરાવવા માટે પૂરતો પ્રચાર કરનાર; 'પ્રબુદ્ધ જૈન' નામ ધારણ કરી '૩૦ની લડત દરમ્યાન સત્યાગ્રહ શાખાની છણાવટ કરીને સરકારની ખફા સરજી વહોરી ત્રણ હજારની જામીનગીરી આપવાની માંગણી આવતાં બંધ થનાર; ફરી 'તરુણ જૈન' નામે પ્રગટ થયા પછી પોણું બે વર્ષ શાંત રહીને એ પાક્ષિક પાછું જૈન સમાજમાં ક્રાંતિના બીજ રોપવાને હાજર થાય છે.

અત્યાર સુધીમાં એના સાત અંકો તો બહાર પડી ગયા છે. પણ એના અગ્રલેખ જુઓ, સામાન્ય નોંધો જુઓ, સમયચર્ચા જુઓ કે સામયિક સ્ફુરણો સામે દૃષ્ટિપાત નાખો—એમાં દરેક સ્થળે તોળી તોળીને લખવાની, વિવેક દૃષ્ટિ ન ચૂકવાની નેમ દેખાશે. એનો પ્રધાન હેતુ જૈન સમાજના સડાને નાબૂદ કરવાનો છે. પણ એ માત્ર જૈન સમાજના ધાર્મિક ક્ષેત્રમાં જ અટવાઇ ન રહેતાં સાથે સાથે દેશના મહાપ્રશ્નો, મહાસભા, દારૂનિષેધ, સરકારથી માંડીને નૃત્યકલા, શિક્ષણ, આરોગ્ય વગેરે બધાં પ્રશ્નો છણતાં છણતાં એ પરદેશીનાં રાજકારણની પણ વિવેકી છણાવટ કરે છે અને પત્રની વિશાળ ભાવનાનો ખ્યાલ આપે છે. આ પત્રને અમુક કોમની કુપમંડુક વૃત્તિએ નથી બાંધી રાખ્યું. કોમના પાણી ઉલેચતું ને સ્વચ્છ કરતું એ વિશાળ જગતના મહાસાગરનાં બહોળાં પાણી સાથે એકરાગ સાધે છે. નવાં પાણીને પોતાના કુવામાં લાવે છે અને વધુ સ્વચ્છ બને છે.

દરેક કોમનાં આવાં પત્રો નીકળે તો કોમની રીતે ઘણાં વાંચકો પાસે પહોંચી જઈને આધુનિક વિવેકદૃષ્ટિના તેજકિરણ પાથરી શકાય.

# સદ્ગત શ્રી. વીરચંદ રાઘવજી ગાંધી

ઇ, ૧૮૬૪ માં ભાવનગર પાસેના મહુવા ગામમાં તા. ૨૫ મી ઓગસ્ટના રોજ સાધારણ સ્થિતિના છતાં કુલીન જૈન કુટુંબમાં જન્મ. ભાવનગરમાં મેટ્રિક પસાર કરી મુંબઈની



એલ્ફીન્સ્ટન કોલેજમાં પ્રવેશ્યા ને વીસમે વર્ષે બી.એ. ની ઉપાધિ મેળવી. સંવત ૧૯૪૧ માં જૈન એસોસિએશન ઓફ ઇન્ડીયાના તેઓ મંત્રી ચુંટાયા ને ત્યારથી સામાજિક, રાજકીય ને ધાર્મિક બાબતોનું ઉંડું ચિંતન આરંભી તે પર પ્રવચનો કરવા માંડ્યાં. સાથોસાથ સોલિસિટર થવા પણ અભ્યાસ કરવા માંડ્યો. જૈનોના પવિત્ર તીર્થ સમેતશિખર પર ચરબીનું કારખાનું ખોલનાર એક અંગ્રેજ સામે લડી જૈન કોમને વિજય અપાવ્યો.

નાની વયથી જ ચિંતનવૃત્તિને લઇને એમની વિદ્વત્તા એટલી પ્રગલ્ભ બની હતી કે ઇ. ૧૮૯૩ માં શિકાગોમાં ભરાનારી વિશ્વધર્મ પરિષદમાં પચાસ લાખ જૈનોના પ્રતિનિધિ તરીકે, તેમની વરણી થઇ. સ્વામી વિવેકાનંદ પણ એમની સાથેજ ગયેલા. ત્યાં એમણે એવી તો સરસ છાપ પાડી કે ત્યાંના એક પત્રના લખવા મુજબ "મિ. ગાંધી કરતાં વધુ રસથી શ્રોતાઓએ કોઇ પૌર્વાત્ય પંડિતને સાંભળ્યો નહોતો".

એમના પ્રવચનોથી મુગ્ધ થઈ પારષદે એમને રૌપ્યચન્દ્રક આપ્યો. દર્શનશાસ્ત્રના અભ્યાસને વેગ આપવા અમેરીકામાં એમણે "ગાંધી ફીલોસોફીકલ સોસાયટી" ઉભી કરી. પાછા વળતાં ઇગ્લાંડમાં પણ એમણે વ્યાખ્યાનો આપી ત્યાંની પ્રજાનું દિલ જીતી લીધું: પણ હિંદ આવતાં મુંબાઈમાં તેમને માનપત્ર આપવાનો મેળાવડો થતાં રૂઢિચુસ્ત જૈનોએ ખુરશીઓ ઉછાળેલી!

અમેરિકાનું એ પરિભ્રમણ હિંદ માટે આશીર્વાદરૂપ નીવડેલું. હિંદ માટે ચાલતાં અનેક જુઠાણાઓનું એમણે નિરસન કર્યું. અહીંના કલાધામોનાં સ્ટીરીઓસ્કોપ ચિત્રો ત્યાં દર્શાવી તે પર વિવરણો કરી, ભારતીય કલાનું હાર્દ સમજાવ્યું, શાકાહારની મહત્તા ગાઇ અનેકોનો માંસાહાર છોડાવ્યો: હિંદમાં દુકાળ પડવાની ખબર મળતાં જ ત્યાંની પ્રજાને વિનતિ કરી મકાઇની ભરેલી એક આખી સ્ટીમર કલકત્તા, તથા હિંદના જુદાજુદા ભાગોમાં ચાળીસ હજાર રૂપિયા જેટલી મદદ મોકલાવી.

બાર ભાષાઓના એ જાણકાર હતા. ને એટલી જ વિવિધ એમની જ્ઞાનરૂચિ હતી. અમેરિકાનો પ્રખ્યાત ફિલસૂફ વિલિયમ જેમ્સ એમના પર મુગ્ધ બનેલો. યોગ, કર્મ ને ધ્યાનમાર્ગોથી માંડી "વશીકરણવિદ્યા", "રત્નશાસ્ત્ર", "હિંદુસ્તાનની સતીઓ' થી તે અમેરિકાની સ્ત્રીઓએ ટોપીમાં પક્ષીનાં પીછાં શા માટે ન ઘાલવાં" જેવા સઘળા જ વિષયો પર નિર્બન્ધ વાગ્ધારા એ વહેવડાવી શકતા........એમનામાં અદમ્ય જોસ હતો, પણ આછકલો નહિ; અનુકંપાભર્યો ને આત્મપ્રત્યયજન્ય. જગતના અજ્ઞાન ને દુઃખો પર બોલતાં એમનો આત્મા જાણે એમની જીભ પર આવી વસતો.

આને લઇને તો અમેરિકાએ એમને બીજીવાર પોતાને આંગણે બોલાવેલા. એ વખત ઇંગ્લંડ પણ એ ગએલા ને બેરિસ્ટરનો અભ્યાસ આગળ વધારેલો, પરંતુ એ લાંબું ન જીવી શકયા. ઇ. ૧૯૦૧ ના ઓગસ્ટની ૭મી એ સાડત્રીસ જ વર્ષની વયમાં એમનું અવસાન થયું.

('કુમાર'ના ઓગસ્ટ માસના અંકમાંથી)

# સાબુ સગાળીયા

(આ શ્રી. દેવકૃષ્ણ પીતાંબર જોષીનું એક સુન્દર કટાક્ષ કાવ્ય છે. શહેરના લોકો જેમ ગામડાનાં લોકો માટે 'રાંચા' કે એવા કોઇ તિરસ્કાર સૂચક શબ્દો વાપરે છે તેમ ગામડાના લોકો શહેરવાસીઓને 'સાબુ સગાળીયા' એવા ઉપનામથી સાધારણ રીતે ઉદબોધે છે. 'સાબુ સગાળીયા' શબ્દ 'સાબુ સુકાળીયા' ઉપરથી નિષ્પન્ન થયો છે. 'સાબુ સુકાળીયા' એટલે સાબુનો જેને સુકાળ છે એટલે કે સાબુનો સારા પ્રમાણમાં ઉપયોગ કરીને જેઓ વધારે ઉજળા થઇને ફરે છે તેવા શહેરના લોકો ઉપરથી ઉજળા અને અંદરથી મેલા એવો આ શબ્દ પાછળ કટાક્ષ સૂચિત છે. આટલી સમજુતી ધ્યાનમાં રાખવાથી નીચેનું કાવ્ય અને તેની અંદરનો કટાક્ષ સુગમ બનશે. તંત્રી)

મોટા મોટા તે શહેરમાં ભાળીયાં, સાબુ સગાળીયાં
ડીલે દુબળાં ને વાડા વાળીયા, સાબુ સગાળીયાં
એના ઉપરાઉપર માળીયાં સાબુ સગાળીયાં

બેસે રાખી મોઢાગળ ઢાળીયાં સાબુ સગાળીયાં
ખાય થોડું ને હાય વરાળીયાં સાબુ સગાળીયાં

બોલે ઝીણું ને ક્રોધનાં જાળીયાં સાબુ સગાળીયાં
બોલે મીઠું ને પેટમાં પાળીયાં સાબુ સગાળીયાં

દગો આપીને કાઢે દીવાળીયાં સાબુ સગાળીયાં
એણે ગામોનાં ગૌધન ગાળીયાં સાબુ સગાળીયાં

ગાય ટાળીને શ્વાનને પાળીયાં સાબુ સગાળીયાં
લાવ્યાં સંચાને રોજગાર ટાળીયાં સાબુ સગાળીયાં

જેમ ભોજન દે આપણને દાળીયા સાબુ સગાળીયાં
લાવ્યા કાગળ ને કાંચન વળાવીયાં સાબુ સગાળીયાં

એના બાપુને બાર બાર ફાળીયા સાબુ સગાળીયાં
મારા જીવાની ધોતલીમાં જાળીયાં સાબુ સગાળીયાં

એને ઓરડે હવા ને ઉજાળીયાં સાબુ સગાળીયાં
મારે ઘેર એની ગંદકીના ખાળીયાં સાબુ સગાળીયાં

એની ચાકરી કરીને હાડ ગાળીયાં સાબુ સગાળીયાં
થયાં ઘરડાં કે ઘેરથી નીકાલીયા સાબુ સગાળીપાં

એને સ્વારથની સંગ હાથ તાલીયાં સાબુ સગાળીયાં
એણે સ્વારથમાં ભગવાન ભાળીયાં સાબુ સગાળીયાં

ભણ્યાં પોથાં થોથાં ને જ્ઞાન બાળીયા સાબુ સગાળીયાં
એમાં માનવતાના લીલામ ભાળીયાં સાબુ સગાળીયાં

**દેવકૃષ્ણ પીતાંબર જોષી**

આ પત્ર 'જન્મભૂમિ' મુદ્રણાલય, ૧૩૮-૪૦ મેડોઝ સ્ટ્રીટ, મુંબઇમાં છપાવી પ્રકાશક અને તંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી શ્રી મુંબઇ જૈન યુ. સંઘ માટે પ્રગટ કર્યું છે.

આ અંકના
બે આના

REGD. NO. B 4266

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧ લું
પુસ્તક : ૧ લું
અંક : ૧૦ મો

મુંબઈ : શુક્રવાર ૧૫ સપ્ટેમ્બર ૧૯૩૯

લ૦ વા૦ જ૦ મ
ગ્રાહકો : રૂ. ૨-૦-૦
સભ્યો : રૂ. ૧-૦-૦

## શ્રાવક જન તો તેને કહીએ....

'વૈષ્ણવ જન તો તેને કહીએ' –એ રાગ

શ્રાવક જન તો તેને કહીએ, ચિત્ત શુદ્ધ જે ધારે રે;
જૈનપણું સાચું દરશાવે, જિન આજ્ઞા અનુસારે રે....શ્રાવક૦
વિવેક ભાસ્કર[1] કરથી ભેદે, આત્મ અજ્ઞાન અંધારું રે;
હેય[2] ત્યજી આદેય[3] ગ્રહે જે, ઉત્સુક મુક્તિ ઉતારું રે....શ્રાવક૦
શુભ કરણી જે કરે–કરાવે, અનુમોદંતો દીસે રે;
દ્રવ્ય–ભાવથી સહુ વ્યવહાર, શુચિતા રાખી હીસે રે....શ્રાવક૦
ભૂતમાત્રમાં[4] મૈત્રી ધરાવે, ગુણ ભાળી આનંદે રે;
વિપરીત પ્રત્યે કરે ઉપેક્ષા, પરદુઃખે અનુકંપે રે....શ્રાવક૦
સત્ય વચન ને ન્યાયીપણાની, છાપ કદી ન ભૂંસાયે રે;
પવિત્ર જાસ ચરિત્રાદર્શે, કલંક કો ન જણાયે રે....શ્રાવક૦
પરસ્ત્રી પ્રત્યે માત બહેન ને, પુત્રી દૃષ્ટિ રાખે રે;
સ્વપ્ને પણ ભ્રૂભંગ ન જેનો, વિકાર રેખા દાખે રે....શ્રાવક૦
દીન દુઃખી સેવાના કાર્યે, સ્હાય કરે વણમાગ્યું રે;
પરોપકારકરણનું જેને, વ્યસન વસમું લાગ્યું રે....શ્રાવક૦
સપ્ત વ્યસનને દૂર કરંતો, ભક્ષ્યાભક્ષ્ય સંભાળે રે;
દ્રવ્ય–ભાવથી શૌચ ચરંતો, સદાચાર શુભ પાળે રે....શ્રાવક૦
તત્ત્વદૃષ્ટિની કરી મિમાંસા, આત્મસ્વરૂપ અવધારે રે;
જડચેતનનો ભેદ જાણીને, દેહાધ્યાસ વિસારે રે....શ્રાવક૦
પાપ ત્યજીને પુણ્ય આદરી, આશ્રવ બંધ નિરોધે રે;
સંવર સેવી કરી નિર્જરા, માર્ગ મુક્તિનો શોધે રે....શ્રાવક૦
અસિ–મ્યાનવત્ આત્મદેહથી, જાણી ભિન્ન પ્રતીતે રે;
સ્વરૂપાચરણે ક્રમે કરીને, પ્રગતિ કરે સુરીતે રે....શ્રાવક૦
દેવ અદૂષણ, ગુરુ નિર્મલ ને, ધર્મ શુદ્ધ આરાધે રે;
અસત્ દેવ ને ગુરુ ધર્મની, છાયા પણ ન જ બાધે[5] રે....શ્રાવક૦
શંકા જિનવચને નવ આણે, અવિતથ જાણી પ્રમાણે રે:
સંશયસ્થાને કાળદોષ ને, મંદમતિ નિજ માને રે....શ્રાવક૦
રાખે નહિ કાંક્ષા પરમતની, જિનમત રત્નશું[6] પ્રીછે રે;
તે પામી ઇંદ્રાદિ પદની પ્રાપ્તિ પણ નવિ ઇચ્છે રે....શ્રાવક૦

૧, વિવેકરૂપ સૂર્યના કિરણથી, ૨, ત્યજવા યોગ્ય, ૩, ગ્રહણ કરવા યોગ્ય, ૪, જીવમાત્રની પ્રત્યે, ૫, તેની છાયા પણ બાધ કરે તેવી રીતે ન લેય ૬, રત્ન જેવું.

પરમત ઉત્કર્ષે ન પ્રશંસે, રહે સંસ્તવથી[1] દૂરે રે;
પૂજા ચમત્કારાદિક પેખી, વ્યામોહે નવ ઝૂરે[2] રે....શ્રાવક૦
વૃદ્ધિ કરંતો દિન દિન પ્રત્યે, આત્મિક ગુણસમૂહે રે;
ઉપબૃંહન[3] પરગુણનું કરતો, નિજ ગુણને ઉપગૂહે[4] રે....શ્રાવક૦
પોતાને અને પરને પ્રેમે, ધર્મપથે સ્થિર ધારે રે;
કુમતિ–પંકે પડતાં વારે, ભાવદયા અનુસારે રે....શ્રાવક૦
આત્મ સમા સહુ જીવ જાણીને, સાધર્મિક નિજ માને રે;
તન મન ધનથી સાર કરંતો, વત્સલતા ખૂબ આણે રે....શ્રાવક૦
પ્રભાવના કરે આત્મધર્મની, દર્શન જ્ઞાન પ્રભાવે રે;
સત્શ્રુત આદિનું જનતામાં, કરે પ્રભાવન ભારે રે....શ્રાવક૦
નિત નિત નિર્મળ રત્નત્રયીનું, ભૂષણ ધરતો અંગે રે;
શમ સંવેગાદિ ગુણવંતો, વૈરાગી અંતરંગે રે....શ્રાવક૦
સત્ક્ષેત્રે દે દાન પ્રમોદે, શીલ સુનિર્મલ પાળે રે;
તપ બાહ્યાંતર કરે શક્તિશું, ભાવ શુભ્ર સંભાળે રે....શ્રાવક૦
યતનાથી જીવરક્ષા પાળે, રાચે નહિ આરંભે રે;
શાસ્ત્રપરિચય કરતો પ્રેમે, ક્રિયા કરે નિર્દંભે રે....શ્રાવક૦
રહ્યો સંસારે પણ સંસારી–રંગે નવ લેપાયે રે;
જલમાં કમલ રહ્યું છે તો યે, જલનો સંગ ન થાયે રે....શ્રાવક૦
શ્રદ્ધાનું બખ્તર દૃઢ પહેરી, ઢાલ વિવેકની ધારી રે;
શ્રાદ્ધ સુભટ સન્નદ્ધ[5] થઇ નિત્યે, શાસન રક્ષણકારી રે....શ્રાવક૦
સત્સાધુની ભક્તિ કરતો, જિનવર દેવ પૂજંતો રે;
સપ્તક્ષેત્રનો પુષ્ટ કરંતો, સુશ્રાવક જયવંતો રે....શ્રાવક૦
મુક્તિમાર્ગનો મહાધાર[6] જે, શાસનસ્થંભ કહાયે રે;
સર્વ ક્ષેત્રમાં વિજયવંત જે, સાચો જૈન ગણાયે રે....શ્રાવક૦
નામજૈન જગમાં છે ઝાઝા, ભાવજૈન તો થોડા રે;
**સુમનોનંદન** પદ તે નિશ્ચે, પામે વહેલા મોડા રે....શ્રાવક૦
(જૈન ધર્મપ્રકાશમાંથી)

**ભગવાનદાસ મનઃસુખભાઇ**

૧, પરિચયથી, ૨, મોહ ન પામે ને ચિંતા પણ ન કરે,૩, વૃદ્ધિ, પરગુણ પ્રકાશનરૂપે, ૪, ઢાંકે, આચ્છાદે, છુપાવે–પોતાના ગુણ ગુપ્ત રાખે. ૫. સુસજ્જ, હથિયારબંધ (ભાવથી), ૬, મહા આધારભુત.

# એક બૌધ્ધધર્મી સાથે વાર્તાલાપ

[ મહાત્મા ગાંધીજી જ્યારે છેલ્લા છેલ્લા સરહદના પ્રાન્તના પ્રવાસે ગયેલા ત્યારે ડૉ૦ ફેબ્રી નામના એક પુરાતન સંશોધક ગાંધીજીને મળવા ગયેલા. ડૉ૦ ફેબ્રી બૌધ્ધ ધર્મના અનુયાયી છે અને હિંદુસ્તાનમાં ઘણાં વર્ષોથી રહે છે. તેઓ હંગરીના વતની છે. પહેલાં તેમણે ગાંધીજી સાથે પત્રવ્યવહાર કરેલો અને ગાંધીજી જ્યારે અમુક પ્રસંગે ઉપવાસ ઉપર ગયેલા ત્યારે તેઓએ પણ સહાનુભૂતિસૂચક ઉપવાસો કરેલા. ગાંધીજીને મળવા માટે તેઓ ખાસ એબોટાબાદ ગયા હતા. તેમની અને ગાંધીજી વચ્ચે થયેલો વાર્તાલાપ તા૦ ૧૯–૮–૩૯ ના 'હરિજન'માં શ્રી મહાદેવભાઇએ ઉતાર્યો છે. આખો વાર્તાલાપ ભારે બોધપ્રદ હોવાથી 'પ્રબુદ્ધ જૈન'ના વાચકો માટે અહીં અનુવાદિત કરવામાં આવે છે. ]

ડૉ૦ ફેબ્રી પ્રાર્થનાના પ્રશ્નો ઉપર મૂંઝાયલા હતા, અને ખાસ કરીને ગાંધીજી કેવા પ્રકારની પ્રાર્થના કરે છે તે જાણવાને બહુ આતુર હતા. તેમણે પૂછ્યું: "પ્રાર્થનાની દિવ્ય ચેતનશકિતના વલણમાં કાંઈ ફેરફાર થઇ શકે કે નહિ? પ્રાર્થનાથી દિવ્યશકિતની કાંઇ ઝાંખી થઇ શકે ખરી કે નહિ?"

ગાંધીજીએ જણાવ્યું કે, "જ્યારે હું પ્રાર્થના કરું છું ત્યારે હું શું કરૂં છું તે સમજાવવું 'મુશ્કેલ છે. પણ તમારા પ્રશ્નોનો જવાબ આપવાનો મારે પ્રયત્ન કરવો જોઇએ. દિવ્ય શકિતની ધારણામાં કોઇ ફેરફાર કરી શકતું નથી. પણ દિવ્યતા જડ અને ચેતનમાં–સર્વ કોઇમાં અને સર્વ કાંઇમાં રહેલી છે. પ્રાર્થનાનો અર્થ એટલો જ છે કે હું મારામાં રહેલી દિવ્યતાને જાગ્રત કરવા–ચેતાવવા–ઇચ્છું છું. મારી બુદ્ધિથી આ તત્ત્વ મને સુગ્રાહ્ય હોય, પણ દિવ્ય ચેતનના જીવન્ત સ્પર્શથી હું વંચિત હોઉં અને તેથી હું જ્યારે સ્વરાજ માટે કે હિન્દની આઝાદી માટે પ્રાર્થના કરૂં છું ત્યારે સ્વરાજ પ્રાપ્ત કરવા માટે અથવા તો સ્વરાજસાધનામાં સૌથી વધારે ફાળો આપવા માટે મારામાં જોઇતી તાકાત આવે એમ હું પ્રાર્થું છું અથવા ઇચ્છું છું, અને હું દાવો કરું છું, કે એ પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે એ તાકાત હું મેળવી શકું છું."

ડૉ૦ ફેબ્રીએ કહ્યું કે, "ત્યારે આપ તેને પ્રાર્થનાથી ઓળખાવો છો એ વ્યાજબી નથી. પ્રાર્થના કરવી એટલે તો માગણી કરવી–યાચના કરવી એમ થાય છે."

ગાંધીજીએ જવાબ આપ્યો કે, "હા, બરાબર છે. હું મારામાં રહેલી દિવ્ય પ્રકૃતિ અથવા તો મારૂં મૂળ સ્વરૂપ કે જેની સાથે હજુ મેં એકરૂપતા સાધી નથી તેની પાસે હું આવી તાકાતની યાચના કરું છું એમ તમે સમજો. આ ઉપરથી મારી પ્રાર્થના જે દિવ્ય તત્ત્વ સર્વમાં છે અને સર્વત્ર છે તેમાં મારા વ્યકિતત્વને સમાવી દેવાની નિરંતર જાગ્રત રહેતી એક પ્રકારની ઝંખના જ છે એમ પણ તમે વર્ણવી શકો છો."

### ધ્યાન કે અભ્યર્થના?

ડૉ. ફેબ્રીએ કહ્યું કે, "અને તમે આ એકરૂપતા–આ અદ્વૈત–સાધવા માટે પ્રાર્થનાની કાળજૂની પદ્ધતિ સ્વીકારો છો?"

ગાંધીજીએ ઉત્તર આપ્યો કે, "હા, જરૂર. જીવનભરની ટેવ ચાલુ રહે જ છે અને હું બહારની કોઈ શકિતની પ્રાર્થના કરું છું એમ મારા માટે કહેવાય એમાં મને જરાય વાંધો નથી. એ અનંત તત્ત્વનો હું એક સૂક્ષ્મ અંશ છું કે હું તેની બહાર છું એમ મને લાગ્યા કરે છે. જો કે તમને આ બધો બૌદ્ધિક ખુલાસો આપ્યા કરું છું, એમ છતાં પણ એક દિવ્ય તત્ત્વ સાથેની એકરૂપતાના અભાવે મને મારી જાત એટલી બધી અલ્પ–ક્ષુદ્ર લાગે છે કે હું ખરેખર કાંઈ જ નથી. હું આ કરીશ એમ ઘડીમાં હું બોલું છું અને તરત જ મારી અપાત્રતાનું અને શૂન્યતાનું મને ભાન થઇ આવે છે અને કોઈ બીજી–કોઈ દિવ્યતર શક્તિની મને પૂરી અપેક્ષા છે એમ મનમાં ભાસી આવે છે".

ડૉ. ફેબ્રીએ કહ્યું કે, "ટોલ્સ્ટોય પણ એમ જ કહે છે. પ્રાર્થના કરતી વખતે બાળક પોતાના પિતા પાસે માગણી કરતો હોય એવી દ્વૈત કલ્પનાના ખાડામાં અવારનવાર ધસી પડાય છે એમ છતાં પણ પ્રાર્થના એ ખરી રીતે ઇશ્વરી શકિતનું એકાગ્ર ધ્યાન જ છે અને તેજોમય બ્રહ્મમાં લય પામવા બરોબર છે."

અહીં બૌદ્ધ ડૉ. ફેબ્રીને ચેતાવતાં ગાંધીજીએ જણાવ્યું કે, "હું એવી દ્વૈત કલ્પનાના આશ્રયને અનુચિત કે પતનને સૂચક ગણતો નથી. જે ઈશ્વર વાદળોમાં છુપાયેલો ઊંચે ઊંચે આકાશમાં વસે છે તે ઇશ્વરની હું પ્રાર્થના કરું છું એમ કહેવું વધારે વાસ્તવિક છે. તે જેટલો વધારે દૂર લાગે છે તેટલી જ વધારે તીવ્ર ઝંખના તેને મેળવવાની અને વિચારકલ્પનામાં તેનું સાન્નિધ્ય અનુભવવાની મને રહ્યા કરે છે. અને વિચારની ગતિ પ્રકાશ કરતાં પણ વધારે છે એ તો તમે જાણો છો. તેથી જ મારી અને તેની વચ્ચેનું અન્તર ન માપી શકાય એટલું મોટું હોવા છતાં લય પામી જાય છે. તે આઘેમાં આઘે છે એમ છતાં પણ સમિપમાં સમીપ છે".

### મારી પ્રાર્થનાની ભૂમિકા જુદી નથી

ડૉ. ફેબ્રીએ કહ્યું કે, "આ રીતે એ તો માન્યતાનો વિષય બની જાય છે, પણ મારા જેવા કેટલાક લોકો કમનસીબે સર્વ કાંઇ બુદ્ધિની કસોટીથી કસવાની ટેવવાળા હોય છે. મારા માટે ભગવાન બુદ્ધે જે શીખવ્યું છે એનાથી ઊંચું કાંઇ શીખવાનું નથી અને એનાથી વધારે મોટો બીજો કોઇ શિક્ષાગુરુ નથી. કારણ કે દુનિયાના અનેક શિક્ષાગુરુઓમાં માત્ર બુદ્ધે જ એમ કહ્યું છે કે 'હું જે કાંઇ કહું છું તે માત્ર શ્રદ્ધાથી સ્વીકારીને ન ચાલો. કોઇપણ સિધ્ધાંતને કે કોઇપણ ગ્રન્થને સંપૂર્ણ કે સર્વદેશીય સત્ય તરીકે કદી ન સ્વીકારો!' બધાય ધર્મગ્રન્થો ગમે તેટલા દિવ્યપ્રેરણા પ્રેરિત હોય તો પણ આખરે માણસોના જ બનાવેલા છે; તેથી કોઇ પણ ગ્રન્થને હું એકાન્ત પ્રમાણભૂત ગણતો નથી. તેજ કારણે કોઇ ભવ્ય સિંહાસન ઉપર બેઠેલા અને લોકોની પ્રાર્થના સાંભળતાં મહારાજા જેવી ઇશ્વરની વૈયક્તિક કલ્પના હું સ્વીકારી શકતો નથી. આપની પ્રાર્થના અન્ય ભૂમિકા ઉપરની છે એ જોઇને મને આનંદ થાય છે."

આ સાધુપુરુષને ન્યાય આપવા ખાતર મારે જણાવવું જોઇએ કે તેઓ 'ભગવદ્ગીતા' અને "ધમ્મપદ"ના ઉપાસક છે અને એ બે ધર્મગ્રન્થો તેઓ જ્યાં જાય છે ત્યાં સાથે રાખે છે. પણ અહીંયા તેઓ કેવળ બુદ્ધિ અને તર્કને આગળ કરીને પ્રસ્તુત પ્રશ્ન ગાંધીજી સાથે ચર્ચી રહ્યા હતા, અહીં પણ કેવળ તર્કવાદમાં ખેંચાઇ જતા તેમને ગાંધીજીએ પકડી પાડયા અને જણાવ્યું કે, "મારે તમને યાદ આપવું જોઇએ કે મારી પ્રાર્થના અન્ય ભૂમિકા ઉપર સ્થિત થયેલી છે એમ તમે કહો છો તે અર્ધસત્ય છે. તમને મેં આગળ જ કહ્યું કે જે મારી બૌદ્ધિક પ્રતિતી તમારી સમક્ષ મેં રજૂ કરી તે હંમેશાં મારી અંદર જાગ્રત નથી હોતી. જે શ્રદ્ધાથી હું અદષ્ટ શક્તિમાં મારી જાતને ભૂલી જાઉં છું તે શ્રદ્ધાની તીવ્રતા મને કદી છોડતી નથી. અને મેં અમુક કર્યું છે તેને બદલે ઇશ્વરે મારા માટે તે કાર્ય કર્યું છે એમ કહેવું મને વધારે સત્ય લાગે છે. મારા જીવનમાં એવી કેટલીયે બિનાઓ બની છે કે જે બને એમ તો હું બહુ આવેગપૂર્વક ઇચ્છતો હતો એમ છતાં પણ

જે મારા પોતાથી કદી પણ નિપજી શકે તેમ હતું જ નહિ અને આ બધું મારી પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે જ બની શક્યું છે એમ હું મારા સાથીઓને હંમેશાં કહેતો આવ્યો છું. મારામાં રહેલ દિવ્ય તત્ત્વમાં લય પામી જવાના મારા બૌદ્ધિક પ્રયત્નના પરિણામે અમુક બિનાઓ બનવા પામી છે એમ મેં તેઓને કહ્યું નથી. મારા માટે સીધી અને સરળ વાત તો એ જ કરી શકું કે જ્યારે જ્યારે મુશ્કેલી આવી છે ત્યારે ત્યારે ઇશ્વરે મને પાર ઉતાર્યો છે."

**કર્મ એકલું અસમર્થ છે**

ડૉ૦ ક્રેમ્રીએ વિવાદ કર્યો કે, "પણ તે બધું આપના કર્મોનું જ ફળ છે. ઇશ્વર ન્યાયી છે પણ દયાળુ નથી. આપ સાધુપુરુષ છો અને આપના સંબંધમાં ઇષ્ટ બનાવો બન્યા કરે છે."

ગાંધીજીએ ઉત્તર વાળ્યો કે, "નહિ નહિ. આવાં સારાં પરિણામો નિપજે એટલો હું સારો છું જ નહિ. જો હું કેવળ કર્મનો તાત્ત્વિક સિદ્ધાન્ત સ્વીકારીને ફર્યા કરું તો પછી હું માત્ર વાવેલું લણનારની સ્થિતિમાં આવી પડું. મારું ભૂતકાળનું કર્મ મારી મદદે ક્યાં સુધી આવશે? જો કે કર્મના અટલ સિદ્ધાન્તમાં હું માનું છું એમ છતાં પણ હું અનેક બાબતો પાર પાડવા મથતો રહું છું, મારા જીવનની પ્રત્યેક ઘડી વધારે કર્મો બાંધવાના—ભૂતકાળનાં કર્મો વિદારીને વર્તમાનનાં કર્મો ઉમેરવાના—અખંડ પ્રયત્નરૂપ જ હોય છે. આમ હોવાથી મારા ભૂતકર્મો સારાં છે એટલે વર્તમાનકાળમાં મને શુભ અને કલ્યાણની ચાલુ પ્રાપ્તિ થઇ રહી છે એમ કહેવું બરોબર નથી. ભૂતકર્મોની મૂડી તો ઘડીમાં ખલાસ થઇ જાય અને મારે પ્રાર્થનાની મદદ વડે ભવિષ્યને નિર્માણ કરવાનું રહે જ છે. હું કહું છું કે કર્મ એકલું અસમર્થ છે. હું ઇચ્છું ત્યારે દિવાસળી સળગાવીને મારું કાર્ય કરી શકું છું એમ હું કહેતું છું એમ છતાં પણ બાહ્ય તત્ત્વોના સહકાર વિના એ બનવું અશક્ય છે એનું પણ મને પૂરું ભાન છે. હું દિવાસળી સળગાવવા જાઉં એ પહેલાં મારો હાથ લક્વાથી પકડાઇ જાય અથવા તો દિવાસળી સળગતાંવેંત પવનની ઝપટથી એકાએક ઓલવાઇ પણ જાય. આને અકસ્માત કહેવો, ઇશ્વર કહેવો કે કોઇ પરા શક્તિ સમજવી? વારુ ત્યારે મને તો મારા બાપદાદાની અથવા તો બાળકોની ભાષા વાપરવી વધારે ગમે છે. એક બાળક કરતાં હું કાંઇ પણ વધારે નથી. આપણે વિદ્વત્તાભરી વાતો કરીએ છીએ અને ધર્મગ્રન્થોની ચર્ચા કરીએ છીએ, પણ જ્યારે કોઈ સંકટ કે આફત સામે આવીને ઊભા રહે છે ત્યારે આપણે બાળકો માફક વર્તીએ છીએ, રડવા માંડીએ છીએ અને પ્રાર્થના કરવા લાગી જઇએ છીએ અને આપણી બૌદ્ધિક માન્યતા કશો સંતોષ આપી શકતી નથી."

**શું ભગવાન બુદ્ધ પ્રાર્થના કરતા નહોતા?**

ડૉ૦ ક્રેમ્રીએ જણાવ્યું કે, "હું એવા આધ્યાત્મિક દૃષ્ટિએ આગળ વધેલા ઘણા માણસોને જાણું છું કે જેમને ઇશ્વરગત અનન્ય શ્રદ્ધાએ ન કલ્પી શકીએ તેટલું આશ્વાસન આપ્યું હતું અને જેમને પોતપોતાના ચારિત્ર્યબંધારણમાં એ શ્રદ્ધાએ ખૂબ મદદ કરી હતી. પણ એવા પણ કેટલાક મહાન આત્માઓ છે કે જેમને એ શ્રદ્ધા વિના બરોબર ચાલી શકે છે. બૌદ્ધ ધર્મમાંથી મને આ બોધપાઠ મળ્યો છે."

ગાંધીજીએ જવાબ વાળ્યો કે, "બુદ્ધ ધર્મ પણ એક પ્રકારની લાંબી પ્રાર્થના જ છે."

ડૉ૦ ક્રેમ્રીએ આગ્રહ કર્યો કે, "બુદ્ધે દરેકને પોતાથી જ પોતાનો મોક્ષ સાધી લેવાનું કહ્યું છે. તેમણે કદી પ્રાર્થના કરી નથી. તેમણે કેવળ ધ્યાન જ ધર્યું છે".

ગાંધીજીએ જણાવ્યું કે, "તમે તેને ગમે તે નામ આપો. તે બન્ને એક જ વસ્તુ છે. તેની મૂર્તિઓ જુઓ ને?"

પુરાતન સંશોધક ડૉ૦ ક્રેમ્રીએ આ મૂર્તિઓની પુરાતનતા વિષે શંકા આગળ ધરતાં ઉત્તર આપ્યો કે, "પણ તે મૂર્તિઓ ભગવાન બુદ્ધનું વાસ્તવિક સ્વરૂપ રજૂ કરતી નથી. તે તો તેમના નિર્વાણ બાદ ચારસો વર્ષ પછીની છે."

આવી ઐતિહાસિક તવારીખોની દલીલથી જરા પણ પાછા નહિ હઠતાં ગાંધીજીએ કહ્યું કે, "વારૂ! ત્યારે તમે ભગવાન બુદ્ધના ઇતિહાસનું જે સંશોધન કર્યું હોય તે મને સમજાવો અને હું એ સાબિત કરી આપીશ કે તમે કલ્પો છો તે બુદ્ધ પણ પ્રાર્થના કરતા જ બુદ્ધ છે. બૌદ્ધિક કલ્પના મને સંતોષ આપી શકતી નથી. જેમ તમે તમારો વિચાર યથાર્થપણે રજૂ કરી શકતા નથી તેમ હું પણ મારી અંદર છે તેને સંપૂર્ણ રીતે તમારી પાસે રજૂ કરી શકતો નથી. અન્તરના અનુભવને વર્ણવવાનો પ્રયત્ન કરવો પડે છે એ જ તેની મર્યાદા સૂચવે છે. તેનું સંપૂર્ણ પૃથક્કરણ અશક્ય છે અને તેનું જેમ જેમ વધારે બૌદ્ધિક પૃથક્કરણ કરવા જશો તેમ તેમ છેવટે તમારા હાથમાં અજ્ઞાનવાદ જ આવીને ઊભો રહેવાનો છે."

અનુવાદક: **પરમાનંદ**

# બાહુબલી*

## શ્રવણ બેલગોડા

( અનુસંધાન તા૦ ૧૫-૮-૩૯ ના અંકથી )

હિંદુસ્તાનમાં પણ મ્હૈસુર રાજ્યને વિશેષ અર્થમાં સુવર્ણભૂમિ કહી શકાય. ઉરગામ કોલારની સોનાની ખાણોમાં દર વર્ષે ક્રોડ્યાવધિ રૂપિયાનું સોનું નીકળે છે એ કારણે મ્હૈસુર રાજ્યને સુવર્ણભૂમિ કહી શકાય જ પણ ત્યાંની સરસ ઊપજાઉ જમીન, ઠેકઠેકાણે ચળકતા તળાવો, વચમાં વચમાં માથું ઊંચું કરી વરસાદને પકડી આણનારા નાનામોટા પહાડો અને એમાનું અમૃતજળ પાનારી નદીઓ, સવારસાંજ અનેક રંગ અને આકાર ધારણ કરનારા વાદળાંઓ અને સુદૃઢ શરીરવાળા, અને આતિથ્યશીલ હૃદયવાળા ત્યાંના ખેડૂતો એ બધાંને જોઇને પણ મ્હૈસુર રાજ્યને 'સુવર્ણભૂમિ' એ જ નામ અપાય. મ્હૈસુર રાજ્યના બે મોટા વિભાગ છે. પશ્ચિમ ભાગને પાલનાડ એટલે કે પહાડી મુલક કહે છે અને પૂર્વ ભાગને મેદાનનું નામ આપવામાં આવ્યું છે. બન્ને વિભાગમાં નાનાં મોટાં અને રૂપાળાં મંદિરો અને તીર્થસ્થાનો વેરાયલાં છે. પ્રાચીનકાળની સમૃદ્ધિ, સુવ્યવસ્થા, સાત્વિક પુરુષોની ભક્તિ અને જનતાનો ધાર્મિક ઉત્સવ એ બધાના સાક્ષીરૂપ આ સ્થાનો મ્હૈસુર પ્રદેશનું ઇતિહાસધન છે. પણ તેમાંય હાસન જિલ્લામાં આવેલાં ત્રણ સ્થાનો મ્હૈસુરને ભારતવિખ્યાત તો શું પણ વિશ્વવિખ્યાત બનાવી દે છે. ઉત્કલ પ્રાન્તમાં પુરી, ભુવનેશ્વર, કોનાર્ક વગેરે સ્થાનો, આબુના પહાડમાં દેલવાડાનાં મન્દિરો, નર્મદાકિનારે ઊગેલાં અસંખ્ય દેવાલયો, તામીલનાડમાં આજે પણ ઊભેલાં ભવ્ય મન્દિરો વગેરે હિંદુસ્તાનની સ્થાપત્યસમૃદ્ધિને કારણે આખી દુનિયાનું ધ્યાન આપણા દેશ તરફ દહાડે દહાડે અધિકાધિક ખેંચાતું જાય જ છે પણ તેમાંયે અજંટાની ચિત્રકળા અને બેલુર હલેબીડનું મૂર્તિવિધાન આખી દુનિયામાં અનેરાં છે એમ કલારસિકો કહેવા લાગ્યા છે. બેલુર અને હળેબીડ, હાસન શહેરની ઉત્તરે એકબીજાથી દશબાર માઇલને અન્તરે છે. એક વખતે એ બન્ને સ્થાનો રાજ્યધાની તરીકે મશહૂર હતા. આજે ખંડેરના રૂપમાં હોવા છતાં એ ભારતવર્ષની કલાધાની તરીકે વર્ધમાન ખ્યાતિ પામવા લાગ્યા

છે. બન્ને સ્થાનોની આસપાસ જૈન મન્દિરો છે જેને અહીં 'બસ્તી' કહેવામાં આવે છે. બધી બસ્તીઓ દિગંબર સંપ્રદાયની છે અને ઉચ્ચ કોટિની કારીગીરી વ્યક્ત કરે છે. આ પ્રદેશમાં ગામડે ગામડે પડેલી મૂર્તિઓ અને કારીગીરીના ખંડિત થયેલા પથરાઓ જો ભેગા કરીને રાખ્યા હોય તો કોઈ પણ રાષ્ટ્ર મગરૂબી ધરાવી શકે એવું અદ્‌ભુત સંગ્રહાલય તૈયાર થઇ જાય. પણ એ કામ એટલું અઘરું અને ખરચનું છે કે નાનાસૂના રાજાઓનું એમાં ગજું જ ન ચાલે. ખાસ કરીને બેલુરના મન્દિરમાં મ્હૈસુર રાજ્ય તરફથી વીજળીની વિવેકભરી વ્યવસ્થા થયેલી હોવાથી ત્યાંની કારીગીરી ધરાઇને જોવાની હવે સગવડ થઇ છે, પણ આ મન્દિરો વિષે ટૂંકામાં લખાય જ નહિ. આજે તો હાસનને પશ્ચિમે ચાર કલાકને મોટરને રસ્તે જે શ્રવણ બેળગુડ કરીને સ્થાન આવેલું છે એની જ વાત મારે અહીં કરવી છે અને એમાં પણ વિન્ધ્યગિરિ ઉપર આવેલી શ્રી ગોમટેશ્વરની પ્રચંર મૂર્તિ વિષે.

મહિષમંડલ અથવા મ્હૈસુરનો ઉલ્લેખ અશોકના શિલાલેખોમાં આવે છે. એમ કહેવાય છે કે અશોકના દાદા ચંદ્રગુપ્ત પોતાના ગુરુ ભદ્રબાહુને સાથે લઈ પોતાના છેલ્લા દિવસો વિતાડવા અહીં આવ્યા હતા. પોતાના રાજ્યમાં બાર વર્ષનો દુકાળ પડેલો જોઈ અને પોતે પ્રજાને બચાવવા અસમર્થ છે એમ જાણી એણે રાજ્યપાટનો ત્યાગ કર્યો અને પોતાના દીકરાને ગાદીએ બેસાડી ગુરુ સાથે જૈનોની આ તપોભૂમિમાં રહેવાનું પસંદ કર્યું. ગુરુએ ઘડપણની અસર જોઇ ચંદ્રગિરિ પર સંલેખના કરી શરીરનો ત્યાગ કર્યો. ચંદ્રગુપ્તે ગુરુની પાદુકાની બાર વરસ પૂજા કરી અને અંતે પોતે પણ સંલેખના કરી જીવન પૂરું કર્યું.



શ્રવણ બેલગોળા–વિન્ધ્યગિરિ : જેના શિખર ઉપર બાહુબલિની મૂર્તિ બિરાજે છે

કેટલાક કહે છે કે અહીં આવેલા ચંદ્રગુપ્ત અશોકના દાદા મૌર્યવંશી નહિ પણ સમુદ્રગુપ્તના દીકરા બીજા ચંદ્રગુપ્ત હતા. આ માન્યતા પાછળ ઐતિહાસિક પુરાવો જબરદસ્ત હશે, છતાં ય ચંદ્રગિરિ ઉપરના શિલાલેખોના મત પ્રમાણે એ મૌર્ય જ હતો એમ હોય તો અશોકના શિલાલેખોમાં એના દાદાનો ઉલ્લેખ કેમ નહિ એ એક મોટો સવાલ ઊભો રહે છે. ચંદ્રગુપ્તે જૈન ધર્મની દીક્ષા લીધી હતી તેથી અશોકે એની ઉપેક્ષા કરી હશે કે મૌર્ય ચંદ્રગુપ્ત અહીં આવ્યો જ નહોતો એ કોણ કહી શકે?

ચંદ્રગિરિ અને વિન્ધ્યગિરિ આ બે ટેકરીઓ એટલી તો પાસે પાસે છે અને આસપાસનો પ્રદેશ એવો તો રળિયામણો છે કે કવિહૃદયો અહીં આવીને વસ્યા વગર રહે નહિ; પણ આ દુનિયાથી કંટાળી જિંદગીથી વિરક્ત બની સંલ્લેખના કરવા માટે વૈરાગી સાધુઓએ આવું રમણીય સ્થાન પસંદ કર્યું એ એક આશ્ચર્ય જ છે. ભૈરવઘાટી જેમ આત્મહત્યા માટે પસંદ કરાય છે તેમજ અસંખ્ય જૈનોએ ચંદ્રગિરિનું સ્થાન સંલેખના માટે પસંદ કર્યું હતું. આજે પણ કેટલીયે દિગંબર સાધુ પણ આ ગિરિ પર આવીને પોતાના છેલ્લા દિવસો પૂરા કરે છે.

આ બે ટેકરી વચ્ચે એક રૂપાળું સ્વચ્છ ચોરસ તળાવ છે. આનું જ નામ બેલગોળ અથવા સફેદ તળાવ (ધવલ સરોવર) હતું. શ્રમણો અહીં આવીને રહેતા હોવાથી એનું નામ શ્રમણ બેલગોળ પડયું હશે અને આગળ જતાં એને જ લોકોએ શ્રવણ બેલગોળ કહેવાનું પસંદ કર્યું હશે. બેલગોળ એટલે ધોળું રીંગણું એવો પણ અર્થ થાય છે અને ગોમટેશ્વરના અભિષેક સાથે સંબંધ ધરાવતી એક ભકત ડોશીના નામ સાથે રીંગણાંનો સંબંધ છે. ગમે તે હો, શ્રવણ બેલગોળ જૈનોનું એક મોટું તીર્થસ્થાન છે.

હાસનથી અમે બપોરે ઊપડયા. પાંચ છ જણાને સાથે લેવાના હોવાના હોવાથી ઊપડતાં જ ઘણો વખત બગડયો. ત્રેવીસ માઈલની દોડ મૂકી અમારી બસ ચન્નરાયપટ્ટણ સુધી આવી પહોંચી. ત્યાંથી આઠ માઇલની દોટ કરી અમે વિંધ્યગિરિની તળેટીએ આવી પહોંચ્યા. ગોમટેશ્વરની પ્રચંડ મૂર્તિ વિષે પ્રથમથી સાંભળેલું હોવાથી હું તો હાસનથી જ વિંધ્યગિરિની શોધમાં હતો. ચૌદ માઇલ બાકી રહ્યા હશે એટલામાં ચંદ્રગિરિ વિંધ્યાગિરિ દેખાવા લાગ્યા અને ઊંચા વિંધ્યગિરિના શિખર ઉપર ઝીણા ટપકા જેવો અથવા વાવટાના થાંભલા જેવો એક પથરો દેખાવા લાગ્યો. મેં ખાતરી કરી લીધી અને તરત જ બે હાથ જોડીને ગોમટેશ્વરને પ્રણામ કર્યા.

કારકલમાં પણ બાહુબલીની મૂર્તિ છે. તે પણ ૪૭ ફુટથી ઓછી ઊંચી નથી. તેની આસપાસ બાંધકામ નહિ હોવાથી એ મૂર્તિ ખૂબ દૂરદૂરથી દેખાય છે. શ્રવણ બેલગોળની આસપાસ જોવા લાયક સ્થાનો ઘણાં છે. અમારી પાસે વખત હોત તો એ બધું જોયા વગર રહેત નહિ, પણ સૂરજ નીચે ઊતરતો હતો. બધું જોવાનો લોભ રાખીએ તો કશું જ ધ્યાનપૂર્વક જોવાય નહિ એટલે પ્રથમથી જ નિશ્ચય કર્યો કે કેવળ ગોમટેશ્વર જ જોઇને પાછા ફરીશું. હળવાં છસો પગથીઆંની મદદથી ચારસો સીત્તેર ફૂટ ઊંચાઇની ટેકરી ઉપર અમે પહોંચ્યા. પગથીઆના

પ્રારંભમાં જ એક સુંદર દરવાજો છે; એનું નામ ગુલ્લકાયજી બાગલુ છે. કનડ ભાષામાં બાગલુ એટલે દરવાજો અને ગુલ્લકાયજી એટલે રીંગણાબેન (માતા).

હવે આ ગરીબ ડોશી રીંગણાબેનનો થોડો ઇતિહાસ કહેવો જોઇએ. જ્યારે ચામુંડરાયે ગોમટેશ્વરની મૂર્તિ કોતરાવી અને ઇ. સ. ૧૦૨૮ના માર્ચ મહિનાની ત્રીજી તારીખ ને રવિવારના દિવસે એ મૂર્તિને અભિષેક કરવાનું નક્કી કર્યું તે વખતે ગુલ્લકાયજી કરીને એક ડોશી એક ફળની કાચલીમાં અભિષેક માટે થોડું ગાયનું દૂધ લઇ આવી અને આવનાર જનારને કરગરીને કહેવા લાગી કે મને અભિષેક માટે આટલું દૂધ લઇ જવા દો. બિચારી ડોશી તરફ ધ્યાન કોણ આપે? ડોશી રોજ સવારે તાજું ગૌદૂધ લઇ આવે અને અંધારું થયે નિરાશ થઇને ઘેર જાય. આમ મહિનાઓ ગયા. અભિષેકનો દિવસ આવ્યો. વાંસ અને લાકડાનો ઊંચો માંચડો બનાવવામાં આવ્યો, ચામુંડરાય રાજાનો માનીતો સેનાપતિ લોકોની કૃતજ્ઞતાનું કેન્દ્ર—પોતે ભક્તિની મૂર્તિ—એને ત્યાં દૂધની અછત કેમ જ હોય? પણ દૂધના ઘડા પાછળ ઘડા રેડાતા જાય પણ દૂધ અને એની સાથેનું પંચામૃત મૂર્તિની કેડ સુધી પણ પહોંચે નહિ. બધા ગભરાયા. ક્યાંક ભૂલ થઇ છે. દૈવ આડે આવ્યું છે. અંતે જાણકાર લોકોએ ભૂલ શોધી કાઢી. રીંગણાબાઇને પોતાના દૂધ સાથે આવવાનું ફરમાન નીકળ્યું અને એ કાચલીમાંનું દૂધ બાહુબલના માથા પર રેડવામાં આવ્યું. અને શું આશ્ચર્ય! દશ તોલા પણ ન હોય એ દૂધ માથાથી પગસુધી પહોંચ્યું એટલું જ નહિ, તે આગળ વહેવા લાગ્યું. લોકોએ જાણ્યું કે આ ગુલ્લકાયજીનું હૃદય સાચું ભક્તહૃદય છે. માનસન્માનની ભાવના એના મનમાં છે જ નહિ. ચામુંડરાયે જોયું કે અંતે આટલી મહેનત, આટલું ખર્ચ અને આટલો વૈભવ એક કાચલીભરની ભક્તિ આગળ ફૂલ છે. ચામુંડરાયે ગુલ્લકાયજીની એક મૂર્તિ એ જ ટેકરી ઉપર સ્થાપી અને એ રીતે પોતાની નમ્રતા જાહેર કરી. અર્ધે રસ્તે અમે ચઢયા અને ત્યાં 'અખંડ બાગલુ' દરવાજો આવ્યો.

એ દરવાજો એક પથરામાં કોતરીને અહીં ઊભો કરેલો છે. અથવા એકાદ મોટો પથરો આ પગથિયા આડે આવતો હોય એને ત્યાંથી ગબડાવવા કરતાં અથવા તોડી નાંખવા કરતાં છે ત્યાં જ કોતરીને એનો દરવાજો બનાવ્યો હશે. એ બાગલા ઉપર ગજાંતલક્ષ્મી કોતરેલી છે. પદ્માસન ઉપર લક્ષ્મી બેઠેલી છે અને બે બાજુ બે હાથી પાણીના ઘડા ભરીભરીને લક્ષ્મીને અભિષેક કરે છે. બીજે ઠેકાણે લક્ષ્મીને એક બાજુ હાથી અને બીજી બાજુ એક ગાય અથવા સવત્સ ગાય કોતરવામાં આવે છે. આનું પૌરાણિક રહસ્ય શું છે તે જાણી લેવું જોઇએ.

અમે પગથિયાં પૂરાં કરી દિવાલ તળે આવી પહોંચ્યા. અહીંથી ઉતાવળે ઉતાવળે અંદર જઇ બાહુબળીની દિગમ્બર મૂર્તિનું દર્શન કરવાને અમે અધીરા થયા હતા છતાં ય ઉપરથી પાછળનું તળાવ અને સામેનો ચંદ્રગિરિ જોવાની ઇચ્છા અમે ખાળી શકયા નહિ. પવન સૂસવતો હતો. અમને અમારા સ્થાનથી ઉડાડવાની તક મળે તો એ છોડે એવો નહતો. સૂરજ વાદળાંના પડમાંથી પોતાના કર પસારીને અમને પંપાળી શકાય કે કેમ એ જોતો હતો અને વરસાદ જાતે આવીને સ્વમુખે આશ્વાસન આપતો હતો કે તમે ગભરાતા નહિ. તમે દર્શન કરીને પાછા મોટર સુધી પહોંચો નહિ ત્યાં સુધી હું અહીં વરસાવાનો નથી.

અમે પગથિયાં ચઢવાનો પ્રારંભ કર્યો. ત્યાંના ગુલકાયજી બાગલે અમને કહ્યું: "કેવળ દર્શક થઇને, 'ટુરીસ્ટ' થઇને, આગળ નહિ જતા. હિંદુ છો, આત્માર્થી છો, શ્રદ્ધાવાન છો, ભક્ત છો, યાત્રી થઇને જજો. મૂર્તિમાં વ્યક્ત થતાં ચૈતન્યનાં દર્શને જજો."

અધરસ્તે પહોંચ્યા એટલે અખંડ બાગલુ કહે છે: "શૈવ અને વૈષ્ણવ, શાક્ત અને જૈન બધા ભેદો નામમાત્ર છે, વ્યર્થ છે. ભારતની સંસ્કૃતિ લક્ષ્મી એક છે, અખંડ છે, બળશાળી છે. એ એકતાનો સાક્ષાત્કાર થશે ત્યારે ભરતપુત્ર બાહુબળી થશે અને આત્મવિજય દ્વારા વિશ્વવિજય કરી વિશ્વકલ્યાણની સ્થાપના કરશે.'

આટલો સંદેશો મળ્યો એટલે અમે પ્રેરણાની પાંખો પહેરી ઉપર ચઢવા લાગ્યા અને તેથી જ આકરાં પગથિયાં અમને આકરાં નહિ લાગ્યાં. (અપૂર્ણ)

**કાકા કાલેલકર**

---

* બાહુબલી ઉપરના આગળના લેખમાં બાહુબલીને ભુલથી ભરતના સાવકાભાઇ તરીકે વર્ણવેલ છે. માઇસોર સંબંધે એક અંગ્રેજી પુસ્તિકામાં એ પ્રમાણે જણાવેલું તેથી એ ભુલ થવા પામી હતી. પાછળના સંશોધન ઉપરથી માલુમ પડે છે કે તેઓ બન્ને સગા ભાઇ હતા. —કાકા કાલેલકર

---

## અખંડ સેવાવ્રતિની શ્રીમતી મંગળાબહેન

થોડા દિવસ પહેલાં ગૂજરાતી હિંદુ સ્ત્રીમંડળ તરફથી અને ત્યાર બાદ જૈન મહિલાસમાજ તરફથી શ્રી. મંગળાબહેન મોતીલાલને માનપત્ર આપવાના મેળાવડાઓ ભરવામાં આવ્યા હતા. મંગળાબહેને આજ સુધી જૈન તેમજ જૈનેતર બહેનોની જે અનેક સેવાઓ કરી છે તે વિચારતાં તેમનું ઉપરની રીતે જે સન્માન થઈ રહ્યું છે તેને તેઓ ખરેખર યોગ્ય જ છે. શ્રી. મંગળાબહેન સુવિખ્યાત પ્રેમચંદ રાયચંદના કુટુંબના કુળવધૂ છે. વિધિએ તેમના પરિણિત જીવનને ઊગતી ઉમ્મરમાં જ છેદી નાખ્યું. આવો બનાવ હિંદુ સમાજમાં રહેતી અનેક બહેનોના જીવનને નિસ્તેજ અને નિર્માલ્ય બનાવી દે છે. પણ મંગળાબહેને જીવનનો રસ ટકાવી રાખ્યો અને પોતાની સર્વ શક્તિઓ અને વૃત્તિઓને સમાજસેવા તરફ વાળી. તેમને સેવાનાં નવાં નવાં કાર્યક્ષેત્રો મળતાં ગયાં અને તેઓએ સેવા આપવા આડે ન જોયો દિવસ કે ન જોઈ રાત. સેવા કરતે કરતે તેમણે આરોગ્ય ગુમાવ્યું અને શરીર પણ લગભગ ગુમાવ્યું. હજુ હમણાં જ તેઓ કોઈ કદી ન ઊઠે તેવી ગંભીર માંદગીના બીછાનેથી ઊભા થયા છે. મંગળાબહેન એટલે સુકલકડી શરીર અને સદાસ્મિત કરતી સુકુમારતા. તેમનો પરિચય એટલે મધુરતા અને સૌજન્યનો અસ્ખલિત અનુભવ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ ઉપર જણાવેલ મેળાવડામાં કહેલું કે નારી, સન્નારી અને જૈન સન્નારી એ ત્રણ કોટિમાં સ્ત્રી સમાજનો વિચાર કરીએ તો જૈન સન્નારીનાં સર્વ લક્ષણો મંગળાબહેનમાં એકત્ર થયેલાં માલૂમ પડે છે તે તદ્દન યથાર્થ છે. તેમણે સેવા અને તપ વડે પોતાની જાતને ધન્ય બનાવેલ છે એટલું જ નહિ, જે કુટુંબનાં તેઓ કુળવધૂ છે તેને પણ ધન્ય બનાવ્યું છે. કલાપિએ પોતાની એક વિધવા બહેનને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું છે કે:

"છે વૈધવ્યે વધુ વિમલતા, બ્હેન! સૌભાગ્યથી કંઇ
છે ભકિતમાં વધુ વિમલતા, બ્હેન! શૃંગારથી કંઇ."

આ વિમલતાની મૂર્તિ કોઇને જોવી હોય તો તેમણે આ યુગની, એક સાચી સાધ્વી મંગળાબહેનનાં દર્શન કરવાં. તેમને આપણે ચિરાયુષ્ય અને આરોગ્ય સુખ ઇચ્છીએ. આવી બહેનો ઇશ્વરની મોટામાં મોટી પ્રસાદી છે.

सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरई ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

સપ્ટેમ્બર, ૧૫ ૧૯૩૯


# સંસ્કૃતિને કારણે વિકૃતિ

જ્યારે સમાજમાં કોઇ પણ વિકૃતિ સમાજરક્ષણ કે સંસ્કૃતિરક્ષણનાં નામે કે બહાને દાખલ થાય ત્યારે તેનાં પરિણામો બહુ જ ભયંકર આવે છે. કારણ કે આ વિકૃતિને સામાન્ય પ્રજાગણ તેના ખરા સ્વરૂપમાં ભાગ્યે જ ઓળખી શકે છે. એટલું જ નહિ પરંતુ તેને સમાજનું એક આવશ્યક કાર્ય માનીને રક્ષણ કરવા મથે છે.

"દારૂ અને બીડી"ની બદી ઉપર લખતાં જેમ પૂજ્ય મહાત્માજી એક સ્થળે લખે છે કે "દારૂની બદી કરતાં બીડીની બદી વધુ ભયંકર અને હાનિકર છે. કારણ કે દારૂને તેના પીનારા તેમજ પાનારા સામાન્ય રીતે ખરાબ ગણે છે, તેની આદતને બૂરી નાશકારક કુટેવ માને છે, જ્યારે બીડીને તેના પીનાર કે પાનાર બન્ને સામાન્ય શિષ્ટાચારની વસ્તુ તરીકે માને છે અને આગળ ધરે છે." જે બદી, જે રૂઢિ, કે જે વિકૃતિ આ પ્રમાણે સામાન્ય શિષ્ટાચાર રૂપે સમાજના રક્ષકરૂપે ઉપયોગી ગણાવા કે મનાવા માંડે તે વધારે હાનિકર અને ભયંકર હોય છે.

આપણા સમાજમાં કેટલીએક રૂઢિઓ, વિકૃતિઓ સમાજની રક્ષા યા હિત કરવાને બહાને ઘૂસી ગયેલ છે અને કાળાન્તરે અતિ આવશ્યક વસ્તુ તરીકે સ્થાન પામી ગયેલ છે. કોઈ કોઇ પ્રસંગે આપદ્ધર્મ તરીકે સ્વીકારેલ અમુક નબળાઈ કે અમુક માર્ગ સમાજધર્મ તરીકે રૂઢ થઇ ગયો છે. પ્રજાનો મોટો ભાગ આ વિકૃતિના રક્ષણમાં પોતાનું, સમાજનું, ધર્મનું અને સંસ્કૃતિનું રક્ષણ માને છે. સામાજિક વિકૃતિએ આ રીતે માનવીની સત્ય બુદ્ધિમાં વિકૃતિ અને ભ્રમ પેસાડી દીધા છે—જે સમાજના પ્રગતિના હરકોઈ કામ આડે અંતરાયો નાખ્યા જ કરે છે. દાખલા તરીકે :

(૧) પરદેશી, પરધર્મી કે ગુંડાઓથી સ્ત્રીઓનું રક્ષણ કરવા દાખલ થયેલ ઓજલ, પડદો, લાજ અને બાળલગ્નની પ્રથામાં આજે પણ સમાજને સંસ્કૃતિના કોઇ ઉજ્વળ તત્ત્વો દેખાઈ રહ્યાં હોય તેમ સમાજ તેને વળગી રહેલ છે અને તે વિકૃતિઓ તજનારા તેમની દૃષ્ટિમાં હલકા દેખાય છે.

(૨) ધોળ, તડા, ફીરકા, કત્તા કે કુંડાળા અને પરદેશગમનપ્રતિબંધ સમાજ, સંસ્કૃતિ અને ધર્મની રક્ષાને બહાને પેસી ગયેલા સામાજિક અનિષ્ઠો છે અને તેણે એટલી તો ઊંડી જડ નાખી છે કે તેને સમાજમાંથી કે પ્રજાના જીવનમાંથી ઉખેડી કાઢતાં ઘણો વખત અને પ્રબળ પુરૂષાર્થ જોઇશે.

(૩) સ્પૃશ્યાસ્પૃશ્ય અને ફરજિયાત વૈધવ્યપાલન એ ધર્મરક્ષાને બહાને નબળાઓ, લાચાર અને અબળા ઉપર લદાએલી ફરજિયાત જોહુકમી છે. આ વિકૃતિએ સમાજના એક મોટા ભાગને યુગના પ્રકાશથી, સુખ સગવડતાથી, અરે તેને માણસ બનવાના સઘળા માર્ગોથી વંચિત રાખેલો છે, જેણે સ્ત્રીઓનું સ્ત્રીત્વ, માતૃત્વ અને જીવનમાધુર્ય હરી લીધું છે. સદીઓ થયાં વિધવાઓનો પ્રશ્ન જેમ ને તેમ અણઉકેલ્યો પડયો છે. આ વિકૃતિઓ કાઢવાને અનેક મહાત્મા, રામમોહનરાય, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર અને સર ગંગારામ જેવા ફકીર મહારથીઓ જોઇશે—તેટલા ઊંડાં મૂળ આ અનિષ્ટનાં છે.

અસ્પૃશ્યતા, ફરજિયાત વૈધવ્ય અને પરદેશગમન પ્રતિબંધની પાછળ હિન્દુ ધર્મ અને સંસ્કૃતિની રક્ષાનું બહાનું રહેલું છે. એટલે કે એ બંધનોના અભાવે હિંદુ ધર્મ, હિંદુ સંસ્કૃતિ અને હિંદુત્વ નાશ પામી જશે એવી ભીતિ રહેલી છે. આ ભીતિ કઇ દુર્ભાગી પળે અને કયા કારણે દાખલ થઈ તે કાંઇ સમજાતું નથી.

રોટીઉપાર્જન માટે સમાજની ચોકકસ જરૂરિયાતો પૂરી પાડતો અમુક પ્રકારનો વ્યવસાય સ્વીકારવાના કારણે અથવા તો કોઇ દુર્ભાગી પ્રાણીના કાંઇ પાપ કે સામાજિક દોષના કારણે અથવા તો સમાજના કોઇ રૂઢિ કે પ્રણાલિકાનો ભંગ કરવાની બળવાખોર વૃત્તિના કારણે શરૂઆતમાં અમુક સમય પૂરતો જ કોઇ અમુક માણસનો સામાજિક બહિષ્કાર થયો હોય. પરંતુ તેની પ્રજાનું શું થાય? શું ગુનો? આનો જવાબ નથી શાસ્ત્રમાં, નથી ન્યાય કરનાર ડાહ્યા સામાજિક મોવડીઓ પાસે !

ફરજિયાત વૈધવ્યપણ સમાજમાં લગ્નની પ્રણાલિકા દાખલ થયા પછી સ્વાર્થવૃત્તિ અને સ્ત્રીઓની વધારે પડતી સંખ્યાને કારણે પેદેલું અનિષ્ટ છે, જ્યારે લગ્નની પ્રણાલિકા નહોતી ત્યારે સમાજની સંસ્કૃતિનું શું થતું? પુનર્લગ્ન અનિચ્છનીય હોય તો પુરૂષજાતિ-નરભ્રમર માટે શું? જવાબ કાંઈ નહિ. માત્ર શાસ્ત્રપુરુષોરચિત શાસ્ત્રનું ફરમાન અને આપણી આંધળી મનોદશા—પરદેશગમન—પંડિતપ્રીતિ સાથે સરખાવેલ બુધ્ધિદાયક પરદેશ—ગમન—હિંદ જેવા વાણિજ્યપ્રધાન દેશ માટે નવીન નથી. છતાં પ્રતિબંધ કેમ? અગાઉના વખતની વાર્તાઓમાં, દંતકથાઓમાં, લોકકથાઓમાં અને ઇતિહાસમાં પણ આપણે વાંચીએ છીએ કે હિન્દુ સાહસિક દૂર દૂરના દેશોમાં બાર બાર વર્ષની લાંબી સફરે જતા ત્યારે ધર્મ કે સંસ્કૃતિ નાશ નહોતા પામતા. તે કયારથી નાશ પામતાં થઇ ગયા? જરાક ધકકો લાગતાં તૂટી પડે એવા બિલોરી કાચ જેવા બટકણા કયારથી થઈ ગયા? વાત વાતમાં આર્યસંસ્કૃતિ નાશ પામશે એવી ભીતિ રાખવા જેવા આર્ય—હૈયાં નબળાં કયારથી થઈ ગયાં? તેનો કંઈ ઉલ્લેખ શાસ્ત્રમાં નથી. સાચા ધર્મને બદલે જ્યારથી બાહ્યધર્મ, ક્રિયાકાંડો, છુતાછૂત અને એવા નબળાં નમાલાં તત્ત્વોને વધારે મહત્ત્વ અપાવા માંડયું હશે ત્યારથી આ ભીતિ અને વિકૃતિ પેઠી હશે. આજે આ અનિષ્ટ નાશ પામતું જાય છે—પણ ધીમે ધીમે.

આપણે, અલબત, તરવારની અણીથી ધર્મ બોધ્યો નથી પણ તે કરતાંએ વધારે જાલીમ એવી સાંસારિક અથડામણ અને આડખીલીઓ નાખીને જ ધર્મ ટકાવવા પ્રયત્ન કર્યો છે. આપણે બીજાને આપણા ધર્મમાં લાવવા જુલમ અલબત નથી કર્યો પણ બહારનાઓને આપણાંમાં દાખલ થતાં અટકાવવા કે વિધર્મીઓના જુલમથી વટલાયેલા કે તેવા હડધૂત થએલા પ્રત્યે સહાનુભૂતિ રાખતા વર્ગને દબાવવા કે દૂર કરવા કચાશ નથી રાખી!

ભય દાખવી આપણે ધર્મને ટકાવવા મથ્યા છીએ. ખરો ધર્મ ટકાવવામાં સમસ્ત સમાજે સ્વેચ્છિત ફાળો આપવાને બદલે નબળાઓ, એટલે કે સ્ત્રી શુદ્રાદ્રિક પર જુલમ કરી તેના વ્યકિતત્ત્વને મારી નાખી, નર્યા પક્ષપાત પર જ આપણે સમાજરક્ષા અને ધર્મરક્ષા કરવા મથ્યા છીએ. આ પક્ષપાત સામે બળવો જગાવનારાઓને

ધર્મવિહીન, અને નાસ્તિક ઠરાવવા મથીએ છીએ. આપણા ધર્મ-રક્ષપાળનું સમાજરક્ષપાળનું ગોઝારૂં સિંહાસન સ્ત્રી અને શુદ્રની છાતી ઉપર રચાયેલું છે અને મધ્યમ વર્ગની આંખો શાસ્ત્રોના પાનાંઓથી બંધ કરવામાં આવી છે એટલે એકની અર્થહીન મહત્તા અને બીજાની પ્રાણહારક ગૂંગળામણ દેખી શકાતી નથી. કોણ છોડશે આંખ ઉપરની એ અંધીને?–યુગ પૂછે છે.

જ્યારથી દેશમાં આજીવિકાનાં સાધનો ખૂટયાં અને એક યા બીજે કારણે પરદેશ સાથેનો સંપર્ક વધવા માંડયો ત્યારથી પરદેશગમન અટકાયતના બંધનો ઢીલાં પડવા માંડયા છે. નાશિક ગંગાજી કે પ્રયાગને પાદરે નખશીખમુંડન, ગંગાસ્નાન, ગૌમળમૂત્રપ્રાશન, અર્ચન અને બ્રહ્મદેવના મુખમાંથી ખરેલા થોડાક દેવભાષાના મંત્રોનું શ્રવણ પરદેશગમનના પાપમાંથી માણસને આજે છોડાવી શકે છે અને પુનઃ ધર્મ સ્થાપી શકે છે! આ શુદ્ધિક્રિયાનું ફરજિયાતપણું પણ ધીમે ધીમે અલોપ થતું જાય છે. એકાદ બે દાયકામાં તો તે વિધિ માત્ર ભૂતકાળની વસ્તુ જ બની રહેશે. અને ત્યારે હિન્દુ ધર્મનું શું થશે?

મોટાં શહેરમાં નાની નાની કોટડીઓના કપરા વસવાટને લીધે હાથ એકનો પ્રાચીન ધુમટો હવે વેંત–અડધી વેંત પર આવી ગયો છે. દેશમાં ચાલેલી રાષ્ટ્રીય લડતના પ્રચંડ ઝંઝાવાતે કંઈકના ધુમટા ઉડાડી દીધા છે. હજુ એકાદ પ્રચંડ મોજું આવે તો શહેરના ધુમટા તો તેમાં સદંતર તણાઈ જશે. બાકી રહ્યા ગામડાંઓ. દુર્ભાગ્યે ત્યાં ધીમે ધીમે ખાવાનુ ખૂટતું જાય છે એટલે વહેલામોડું તેમને પણ અંધારી કોટડીઓમાં જ આવવું પડશે કે રણવગડે પુરુષોની સાથે જ મહેનત કરવી પડશે ત્યાં ધુમટો નથીજ ટકવાનો. ધર્મભાવ નીચે જ્યાં ધુમટો (બુરખો) પ્રહેરાવ્યો છે. ત્યાં અનેક અમાનુલ્લાઓ અને કમાલપાશાઓના પ્રયત્નથી દૂર થવાનો જ છે.

આરોગ્યની દૃષ્ટિ, હવાપ્રકાશથી દૃષ્ટિ, સ્ત્રીઓના તેજો-વધની ભીતિ, પ્રગતિમાન યુગના દર્શનથી વંચિત રહેતા જીવનમાં રહેતી એકાંતિક વૃત્તિ, પુરુષ જાતિના નામની ભીતિ અને પ્રતિદિન પોતાની નબળાઇની વાતો હજુ સ્ત્રીઓ કે તેના વાલીઓના દિલને સ્પર્શ પણ નહિ કરે કે તેઓની આંખ નહિ ઊઘાડે. પણ આજીવિકા માટે સ્ત્રીઓને ભાગે આવતું શ્રમજીવન, અગવડતાભર્યો સંકુચિત સ્થળોનો વસવાટ અને દેશવ્યાપી આંદોલન જમાનાનું કાર્ય અલ્પકાળમાં કરશે ત્યારે ભલે રૂઢિચુસ્તો આડા સુએ!

બાળલગ્ન લગભગ ૫૦ ટકા જેટલા બંધ થયા છે. જે કામ સાચી સમજે ન કર્યું તે શારદા એકટે કાયદાની તરવારે કરાવવા માંડયું છે. હજી પણ કન્યાકાળમાં લગ્ન કરી નાખવાની ભાવના અમુક વર્ગમાં છે, પણ અગાઉ કરતાં ઘણી ઓછી. જીવનની પામરતા, તેજોહીન દશા, સંતાનોનું માયકાંગલાપણું અને અલ્પાયુષ, વધતું બાળમરણ–પ્રમાણ અને વધી પડેલા વિધવાઓના રાફડા તરફ ભલે રીઢો સમાજ આંખ મીંચામણાં કરે, પણ જ્યારે કાયદાની થપ્પડ સમાજની આ વિકૃતિને એક કાળે ભૂંસી નાખશે ત્યારે કન્યાકાળ વીત્યા પછી લગ્ન કરનાર કે કરાવનાર કોઈ પણ નર્કમાં નહિ જ જાય એવી ખાતરી છે. પ્રજા–જીવનની આ કરુણ પામરતા નહિ તો બીજું શું? પ્રજાની બુદ્ધિનું આ નર્યું દિવાળુંજ સમજવું ને?

વિધવાઓ અને અસ્પૃશ્યો માટે પણ સમાજ સમજી જઇને સ્વેચ્છાએ કાંઈ કરે એમ લાગતું નથી. તેમની હૃદય-વ્યથાઓ સમાજહૃદયને કદાચ નહિ સ્પર્શે, કારણ કે સમાજને તો તેના વિચાર માત્રથી પાપ લાગે છે! તેને તો પાપમાંથી બચવું છે!! સંસ્કૃતિના ઉજળા નામે સ્વહસ્તે બુધ્ધિપૂર્વક ઊભી કરેલી અને પોષેલી વિકૃતિઓ તજવી નથી ને? અલબત્ત જો ભ્રૂણહત્યાઓ, છૂપા અત્યાચારો, સમાજમાં જામતું ઝેરી વિકારી વાતાવરણ, વગેરેથી સમાજ નહિ જાગે તો એક દિવસ જ્યારે સમાજ ઊંઘતો હશે ત્યારે આ વિધવાઓ હાથતાળી આપીને પોતાનો માર્ગ કરશે અને અસ્પૃશ્યો પોતાનો હિન્દુ સ્વાંગ, સંસ્કૃતિ અને દિલ તજીને જંગલો કે જાફર બનશે. ત્યારે ભલે સમાજ ચોફાળ ઓઢીને રડે!–તે વખતે સમાજને પાપમાં નહિ જ પડવું પડે એમ ખાતરી છે.

આ બધી વિકૃતિઓ ઉપરાંત એક બીજી વધુ વિકૃતિએ માનવસમાજને ટુકડા, ટુકડાના ટુકડા અને છેલ્લે છેલ્લે તો રજકણ જેવો કરી નાંખ્યો છે. આ ટુકડા જ્ઞાતિ, પેટા જ્ઞાતિ, ઘોળ, તડાં, ફિરકા કે કુંડાળાના નામે ઓળખાય છે. પહેલા માનવસમાજના (૧) ભૌગોલિક અને (૨) ભાષાના કારણે ટુકડા થયા જે અનિવાર્ય હતા. માનવસગવડની ખાતર આ માનવસમાજના ભાગલા કદાચ સહી કે સમજી શકાય પણ ભૌગોલિક વ્યવહાર અને ભાષાનો વિનિમય જેમ જેમ વધતો જાય તેમ તેમ આ ભેદ જવો જોઇએઃ પરંતુ હજુ કંઈ ચિહ્નો દેખાતાં નથી.

આ બે કારણો ઊપરાંત માનવ માનવને જુદા પાડનારું એક ત્રીજું અતિ પ્રબળ કારણ છે અને તે 'સાંપ્રદાયિકતા એટલે કે ધર્મ' વાસ્તવિક રીતે તો જુદાઓને જોડવાનું કામ ધર્મનું છે, તોડવાનું કે ભાગલા પાડવાનું નહિ. પણ આજે તો ધર્મના બહાને ધર્મના સંપ્રદાયોનું પ્રાબલ્ય છે. આજે ધર્મ એ રાજ્ય-ક્ષેત્રનું– સાધુક્ષેત્રનું– એક સબળ હથિયાર બની ગયું છે. આજે ધર્મ, ધર્મ ન જાણનારાના હાથમાં છે. ધર્મ ભૂલનાર ધર્મના વડાઓ–મહંતો–પટેલો બની બેઠા છે એટલે બીજું શું બને? સંપ્રદાયોની નાગચૂડમાંથી સમાજને છોડાવવો તે આજનો યુગ-ધર્મ છે.

ભૌગોલિક કે ભાષાનો ભેદ ન હોવા છતાં પણ માત્ર ધાર્મિક માન્યતા કે જે માત્ર ક્રિયાકાંડો અને બાહ્યાચારોમાં જ ભિન્ન હોય છે, તે એક જ ગામવાસી, એક જ પ્રાંતવાસી કે એક જ જ્ઞાતિજનને સંસારિક સંબંધોથી જોડાવા ન દે તેનો વિચાર કરતાં બેહૂદું લાગે છે. મુખ્ય મુખ્ય ભિન્ન ધર્મીઓ કદાચ ન જોડાઈ શકે તે તો સમજ્યા; પણ એક જ ધર્મના ભિન્ન ભિન્ન ફાંટા-વાળાઓ કે પંથવાળાઓ પણ ન જોડાય કે આપસમાં વ્યવહાર ન કરી શકે તે તો અવધિ ગણાય. એ બધાની સમાજિક રૂઢિયો, વ્યવહાર, આચારવિચાર, વ્યવસાય, પહેરવેશ, આહારવિહાર અને ભાષા એક સરખાં હોવા છતાં માનવીઓ આપસમાં વ્ય-વહાર કરી શકતાં નથી એ આધુનિક યુગમાં હવે સાલવા માંડયું છે.

એક જ ધર્મ, એક જ જ્ઞાતિ, એક જ ક્ષેત્રમાંથી ઊતરી આવેલા એક જ પ્રાંતવાસી, એક જ જાતનું જીવન જીવનારા, એક જ જાતનો વ્યવસાય કરનારા માણસો પોતાની આસપાસ ઘોળની વાડ રચી, બીજી બાજુના માણસોનો સંસર્ગ–સંબંધ તોડી નાખી વ્યવ-હારમાં સંકીર્ણતા જન્માવી પોતાનું કેટલું અહિત કરી રહેલ છે, એ વાતનો જ્યારે વિચાર કરીએ છીએ અને તેના કાર્ય-કારણમાં ઊંડા ઊતરીએ છીએ, ત્યારે નવાઇ પામી આપણી મનોદશા માટે નિશ્વાસ નાંખ્યાં વિના રહેવાનું નથી. અકળાયેલો સમાજ વિકૃતિની સામે બળવો કરતાં સંસ્કૃતિને પણ સળગાવી દે ત્યાં સુધી સમાજ સુરત ન રહે તેટલું તો જરૂર ઇચ્છીએ.

વ્રજલાલ મેઘાણી

# સામાયિક સ્ફુરણ

## યુરોપીય યાદવાસ્થળી

આજે પચ્ચીસ વર્ષના ગાળે યુરોપમાં ફરીને યાદવાસ્થળી મંડાઈ ચૂકી છે. એક બાજુ જર્મની છે; બીજી બાજુએ ઈંગ્લાંડ, ફ્રાન્સ અને પોલાંડ છે. આ વિગ્રહ શરૂ થયા પહેલાં અને જર્મનીએ રૂશીઆ સાથે પરસ્પર અનાક્રમણ સંધિ કરી તે પહેલાં એવી આશા રાખી હતી કે એક પક્ષે સ્પેન, ઈટલી, જર્મની અને જાપાન રહેશે અને બીજી બાજુએ ઈંગ્લાંડ, ફ્રાન્સ, પોલાંડ અને રૂશીઆ રહેશે. જર્મનીએ અણધારી અને અણકલ્પી રીતે રૂશીઆ સાથે સંધી કરી અને આખી પરિસ્થિતિએ નવો પલટો લીધો. જે બે દેશો વચ્ચે હાડોહાડ વૈર વ્યાપી રહ્યું હતું એ બે દેશો એકાએક મિત્ર બની બેઠા. આ એક ઐતિહાસિક ચમત્કાર બન્યો. આની પાછળ સંધિથી જોડાતા બન્ને દેશોની સ્વાર્થભરી ગણતરી સિવાય બીજું કશું કલ્પી શકાતું નથી. રૂશીઆની કલ્પના એવી હોવી જોઇએ કે પોતા તરફથી નિર્ભય બનેલું જર્મની ઇટલી જાપાનનો સાથ મેળવીને બ્રિટન અને ફ્રાન્સ સાથે લડે અને અને એ રીતે મૂડીવાદી એ પાંચે દેશો પરસ્પર લડીને ખુવાર થઈ જાય. અને એમ થાય તો જ સામ્યવાદનો જગતભરમાં સ્વીકાર કરાવી શકાય. જર્મનીએ એવી કલ્પના કરી હોવી જોઇએ કે રૂશીઆને જો તટસ્થ રાખી શકાય એટલું જ નહિ પણ આગામી વિગ્રહમાં રૂશીઆ પાસેથી જોઇતી વસ્તુ સામગ્રી મળી શકશે એવી ખાતરી મેળવી શકાય તો પછી ઈંગ્લાંડ ફ્રાન્સનો સામનો પોતે અને પોતા સાથે જોડાનાર અન્ય રાજ્યો બહુ સહેલાઈથી કરી શકે. રૂશીઆ સાથેની સંધિથી જર્મનીને સરળતા તો જરૂર થઈ અને પ્રતિપક્ષની મુંઝવણમાં જરૂર વધારો થયો. પણ જ્યારે સાચેસાચ વિગ્રહ શરૂ થવાનો પ્રસંગ આવ્યો ત્યારે સ્પેન, ઇટલી અને જાપાને તટસ્થ રહેવાનો નિર્ણય જાહેર કર્યો, પરિણામે જર્મનીને એકલે હાથે ઈંગ્લાંડ, ફ્રાન્સ અને પોલાંડનો સામનો કરવાનો પ્રસંગ આવીને ઊભો રહ્યો. જર્મનીની આજ સુધીની રીતભાત કેવળ ગુંડાગીરીની જ હતી, આ ગુંડાગીરી પોતાના સ્વાર્થોને જ્યાં સુધી બહુ અસર કરતી નહોતી ત્યાંસુધી બ્રિટન અને ફ્રાન્સે નમતું આપ્યા કર્યું. આ ગુંડાગીરી એક પછી એક મર્યાદા મૂકતી ગઇ; આપેલાં વચનો અને કરેલી સંધિઓ તોડતી ગઇ; નબળા અને નાના દેશો એક પછી એક ગળતી ગઇ. છેલ્લાં પોલાંડનો વારો આવ્યો. પોલાંડ પાસેથી તાત્કાલિક માગણી ડેન્ઝીગ તથા જર્મનીની સરહદ અને ડેન્ઝીગની વચમાં આવેલો પ્રદેશ જેને "પોલીશ કોરીડોર" કહેવામાં આવે છે તે પ્રદેશ જર્મનીને આપી દેવાની હતી. ડેન્ઝીગ તો જર્મનપ્રચુર શહેર છે અને છેલ્લા યુરોપીય વિગ્રહ પહેલાં તે જર્મનીના કબજામાં જ હતું. જર્મનીની માગણી એવી વિચિત્ર નહોતી કે જેનો નિકાલ ન જ થઇ શકે. પણ જર્મનીની અથવા તો ખરી રીતે તો હીટલરની પધ્ધતિ આજ સુધી વાટાઘાટથી કોઇપણ બાબત પતાવવાની હતી જ નહિ, બંદૂક સામે ધરીને જ પોતાને જોઇએ તે મેળવવું અથવા પડાવી લેવું એ જ તેની રાજનીતિ હતી. ઓસ્ટ્રીઆ અને ઝેકોસ્લોવાકીઆ આવી જ રીતે તેણે પચાવી પાડયાના દાખલાઓ તાજા જ હતા. પોલાંડ સામે એ જ રાજનીતિ તેણે અખત્યાર કરી. આજે ડેન્ઝીગ અને પોલીશ કોરીડોર આપો. આવતી કાલે આખા પોલાંડને ગૂંગળાવતા કેટલી વાર? અંગ્રેજોએ છેલ્લા વિગ્રહમાં મેળવેલા આફ્રિકાના જર્મન સંસ્થાનોની માંગણી તો જર્મની કરી જ રહ્યું હતું, પોલાંડ ઉપર કબજો મળે તો મધ્ય યુરોપનાં એક પછી એક બીજાં નાનાં રાજ્યો ઉપર જર્મનીની આંખ મંડાયલી જ હતી, આ પાશવી આક્રમણનો એકવાર સામનો કર્યે જ છૂટકો હતો, હર હીટલર માત્ર પોલાંડને જ ભયરૂપ નહોતો, પણ આખી બ્રિટિશ સલ્તનતને ભારે જોખમરૂપ બની રહ્યો હતો. આમ છતાં પણ આવતા દાવાનળને અટકાવવા અને ડેન્ઝીગ અને પોલીશ કોરીડોરના પ્રશ્નો વાટાઘાટથી નીકાલ કરવા ઇંગ્લાંડના મુખ્ય પ્રધાન સર નેવીલ ચેંબરલેને પોતાથી બનતું કર્યું પણ ખાઉં ખાઉં કરતો નીકળેલો રાક્ષસ રોકયો રોકાયો નહિ અને પોલાંડ ઉપર તેણે આક્રમણ શરૂ કરી દીધું. પરિણામે ઈંગ્લાંડ અને ફ્રાંસને જર્મની સામે લડાઇ જાહેર કરવી પડી. આજે યુરોપના મધ્યભાગમાં ભારે ભયાનક વિગ્રહ ફાટી નીકળ્યો છે અને સંખ્યાબંધ માણસોની અને લાખો કરોડોની મિલકતની આહુતિ અપાઇ રહી છે. જર્મન એરોપ્લેનો નિર્દોષ પ્રજાગણો ઉપર બોંબનો વરસાદ વરસાવી રહ્યાં છે અને સભ્યતા અને માણસાઇની સર્વ સીમાઓને તિલાંજલિ આપી રહ્યા છે. આજે જર્મની જે અત્યાચાર કરી રહેલ છે તે સામે ઇંગ્લાંડ અને ફ્રાન્સ વિરોધ પોકારી રહેલ છે અને આમ પ્રજા ઉપર પોતે કોઇપણ પ્રકારનું આક્રમણ નહિ કરે એમ જણાવે છે; પણ આજની પરિસ્થિતિ દુષિત વર્તુળ જેવી છે. જર્મની પોતાની અત્યાચારપરંપરા ચાલુ રાખે તો પછી ઇંગ્લાંડ અને ફ્રાન્સને પણ એ માર્ગે ગયા સિવાય છૂટકો જ નથી. લાંબા કાળથી જે બનાવની ભીતિ સમગ્ર જનતા સેવી રહી હતી તે બનાવ બની ગયો છે અને વિનાશ પરંપરાની આગાહી આપતો ભયંકર ભીષણ જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. આ પણ એક પ્રકારનો ધરતિકંપ જ છે. પણ પાર્થિવ ધરતિકંપ અને આ ધરતિકંપમાં એટલો જ ફરક છે કે પાર્થિવ ધરતિકંપ જાનમાલની ખુવારી કરે છે પણ સાચી માનવતાને ઉત્તેજે છે, જ્યારે આ કંપમાં મિલકત, માનવી અને માનવતા ત્રણેનો સંહાર થવા બેઠો છે. આ વિગ્રહ માણસાઇનું દિવાળું સૂચવે છે. કોઇ ન કલ્પી શકાય તેવો ઇશ્વરી કોપ આજે આ પૃથ્વી ઉપર ઊતર્યો છે. આજનો આસ્તિક બે ઘડિ નાસ્તિક બની જાય છે અને શાણાઓ સ્તબ્ધ બની જોયા કરે છે. આજની યુધ્ધપ્રમત્ત જનતામાં સદ્બુદ્ધિ અને સન્મતિ આવે એવી પ્રાર્થના સિવાય આજે આપણે બીજું શું કરી શકીએ?

વસ્તુસ્થિતિ એમ છે કે અહિંસા અને વિશ્વબંધુત્વની દુનિયાએ સૈકાઓથી વાતો કરી અને તે ભાવનાઓનો જનતા પાસે સ્વીકાર કરાવવા માટે અનેક સન્તમહન્ત અને પયગમ્બરોએ જીવનનાં બલિદાન આપ્યાં. આમ છતાં પણ જનતાનો વિશ્વાસ હિંસા અને પશુબળમાં હજુ કાયમ રહ્યો છે. એમ આશા રાખવામાં આવતી હતી કે છેલ્લો યુરોપીય વિગ્રહ હિંસા અને પશુબળની નિરર્થકતા સમજાવવા માટે પૂરતો

### ગયા મહાયુધ્ધનું સરવૈયું

| | |
|---|---|
| હણાએલા ... ... ... | ૯૯,૯૮,૭૭૧ |
| ભયંકર રીતે જખમી થએલા ... ... | ૬૨,૯૫,૫૧૨ |
| સહેજસાજ જખમી થએલા ... ... | ૧,૪૦,૦૨,૦૩૯ |
| ગૂમ થએલા ... ... ... | ૫૯,૮૩,૬૦૦ |
| યુધ્ધ પછી ફાટી નીકળેલા રોગ ઇન્ફ્લુએન્ઝાનો ભોગ બનેલા ... ... | ૧,૦૦,૦૦,૦૦૦ |

આ સરવૈયામાં યુધ્ધથી બનેલી કરોડો વિધવાઓ અને અનાથોનો તેમજ થએલા સામાજિક, આર્થિક અને સંસ્કૃતિક હ્રાસનો સમાવેશ કરવામાં નથી આવ્યો.

હતો. પણ આજે ફાટી નીકળેલો વિગ્રહ સૂચવે છે કે જનતાને હજુ હિંસા અને પશુબળની નિરર્થકતાનું પૂરું ભાન થયું નથી. વૈજ્ઞાનિક શોધોએ દેશ દેશના અન્તર તોડી નાખ્યા છે અને પૃથ્વીને નાની બનાવી દીધી છે. એમ છતાં પણ ભિન્ન ભિન્ન પ્રજાઓ રાષ્ટ્રમાનસ અને રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષાથી હજુ પર થઇ શકી નથી. વિજ્ઞાન વધ્યું, માનવીની અને પ્રજાની શકિત વધી; પણ માનસ સાંકડું રહ્યું; એકને ધક્કો મારીને બીજાએ માર્ગ કરવાની વૃત્તિ એટલી જ બળવાન રહી. સમાજની દુનિયા હવે આગળના સાંકડાપણા ઉપર અને મતભેદ પડે કે પશુબળ અને હિંસાથી જ ધાર્યું સિદ્ધ કરી લેવાની વૃત્તિ ઉપર નહિ ચાલે એટલું ભાન સચોટપણે માનવમાનસમાં સુદૃઢ થવાની જરૂર છે. જનતાના માનસમાં સદીઓથી રૂઢ થયેલી હિંસાપરાયણ વિકૃત્તિને દૂર કરવા માટે કોઈ ભીષણ વિરેચનની જરૂર છે. આપણે આશા રાખીએ કે આજે ચાલી રહેલી ખૂનખાર જાદવાસ્થળી ભીષણ વિરેચનની ગરજ સારે અને જનતા હિંસા અને પશુબળનો આશ્રય લેવાની વૃત્તિને હંમેશને માટે તિલાંજલિ આપે. આમ બનશે ત્યારે જ જગતમાં સાચી શાન્તિ અને શાશ્વત સુખની પ્રતિષ્ઠા થવાની છે.

## ઓસરતી જતી ઉદારતા, વધતી જતી અસહિષ્ણુતા

આજે આપણા જાહેરજીવનમાં જે અનુદારતાનું અને અસહિષ્ણુતાનું તત્ત્વ વધતું ચાલ્યું છે તે ગંભીર વિચાર અને ચિન્તા કરાવે તેવું છે. આજે સભાઓમાં સામસામા ગાળાગાળી ઉપર આવ્યાના, મારામારી થયાના, ખુરશીઓ ઊડયાના અને છેવટે પોલીસે આવીને સભાનો કબજો લીધાના સમાચારો જ્યાં ત્યાંથી સાંભળવામાં આવે છે. એક બાજુ આપણે લોકશાસન અને બહુમતી પ્રમાણે કામ થવું જોઇએ એમ વાતો કરીએ છીએ અને બીજી બાજુએ આપણે વાતવાતમાં મારામારી ઉપર આવતાં વાર લગાડતા નથી. મારું ધાર્યું થવું જ જોઇએ એ મમતથી જ્યારે ધાર્યું થઈ શકે તેમ નથી એમ લાગે છે ત્યારે સભાઓ અને સંસ્થાઓ તોડવાને–ભાંગીને ભૂક્કો કરવાને, આપણે તૈયાર થઇએ છીએ અને પરિણામોનો લાંબો વિચાર કરવાને ઘડિભર પણ આપણે થોભવા માગતા જ નથી. આજથી વીશપચ્ચીશ વર્ષ આગળના જીવનમાં આવું કશું જ બનતું સાંભળવામાં નહોતું આવતું. સભાઓમાં બહુ બહુ તો શાબ્દિક યુદ્ધો ચાલતાં, પણ આખરે બધું શાન્તિસમાધાનીથી પતી જતું અને જેનું મતપ્રભુત્વ તેનું બોલ્યું–કર્યું સૌ કોઈ સ્વીકારી લેતા. આજે ચૂંટણીઓ તો સૌથી વધારે મારામારીના કેંદ્રો બની ગઇ છે અને પોલીસને છેવટે લાઠીચાર્જ કરી ઝગડતા લોકોને અટકાવવાની ફરજ પડે ત્યાંસુધી વાત પહોંચી જાય છે. પંડિત જવાહરલાલ ચીન જવા ઉપડયા તે પહેલાં તેમણે આ બાબત ઉપર–ખાસ કરીને કોંગ્રેસના કાર્યવાહકોનું ધ્યાન ખેંચ્યું હતું. જાહેરજીવનમાં વધતી જતી દમદાટી અને ગુંડાગીરી અટકવી જ જોઇએ; નહિ તો જાહેરજીવનનો જ અન્ત આવી જશે અને બળજોરી અને મુક્કાબાજીનું જ રાજ્ય ફેલાશે. પ્રજામાનસમાં આવી અસહિષ્ણુતા ઉદ્‌ભવવાનું કારણ શું? શું લોકોમાં કેવળ ગાંડપણ જ આવ્યું છે કે આ વસ્તુસ્થિતિનો બીજો કાંઇ અર્થ છે ખરો? આગળની અને આજની સ્થિતિમાં મહત્ત્વનો ફરક છે. આગળ આપણે બધાં ક્રાન્તિની વાતો જ કરતા હતા અને તેનું કદી કશું મૂર્ત પારિણામ આવતું જ નહિ, અને તેથી પરસ્પર વિરોધમાં ભાગ્યે જ ઉગ્રતા કે તીવ્રતા આવતી, જ્યારે આજે આપણે ક્રાન્તિકારી પરિવર્તનમાં ખરેખર પ્રવેશ કર્યો છે. સત્તાધારી પછી તે ધાર્મિક, સામાજિક, ઔદ્યોગિક કે રાજકીય કોઇપણ ક્ષેત્રમાં હોય–સર્વ સત્તાધારીઓનાં આસન ડોલવાં લાગ્યાં છે અને નવી ઘટના–નવી રચના આજે કેવળ સ્વપ્ન કે કલ્પનાનો વિષય રહેલ નથી, પણ સામે મૂર્ત સ્વરૂપે આવીને ઊભી રહી છે. આ પરિસ્થિતિમાં સૌ કોઈ પોત પોતાનું સ્થાન ટકાવી રાખવા અને અન્યને જરાપણ અવકાશ નહિ આપવા બનતો પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે. બીજી બાજુએ અધિકાર અને સત્તાના સ્થાન ઉપર ચીટકી બેઠેલાઓને સ્થાનભ્રષ્ટ કરવાની અધીરાઈ ઊગતા વર્ગમાં વધતી જાય છે અને ઉગ્ર સ્વરૂપ ધારણ કરતી જાય છે. આ પ્રકારની ચોતરફની ચાલુ અથડામણમાંથી ક્રાન્તિ અને નવસર્જન તો હજુ આવે ત્યારે ખરાં, પણ આજે તો વૈમનસ્ય અને વેરઝેર વધી રહ્યાં છે અને ગમે તેવી નાની બાબતોમાં ઝઘડી પડવાની વૃત્તિ બલવાન બની રહી છે. આમાંથી સામાજિક ગુંડાગીરી ઉદ્‌ભવ પામી છે અને સરળ અને સભ્ય જાહેરજીવનનો લય થતો જાય છે. આજે જે જોવામાં આવે છે તે અમુક રીતે આગામી ક્રાન્તિની આગાહી આપનાર છે તેથી આજની વસ્તુસ્થિતિથી કોઇએ નિરાશ કે હતાશ બની બેસવાની જરૂર નથી, પણ સમાજ કે રાજકારણોના સૂત્રો જેમના હાથમાં હોય તેમની ફરજ છે કે જાહેરજીવનમાં વધતી જતી હિંસકવૃત્તિનો બને તેટલો વિરોધ કરવો. ગમે તેટલા મતભેદો વચ્ચે પણ પરસ્પરની મર્યાદા અને સભ્યતા ન તૂટે એ બાબત ઉપર તેઓએ ખૂબ ભાર મૂકવો અને જ્યાં કેવળ ગુંડાગીરી દેખાય ત્યાં તેનો ઉચિત ઉપાયો વડે પૂરેપૂરો સામનો કરવો. આજે આટલી સંભાળ રાખવામાં નહિ આવે તો સમાજની આજ સુધીની સાધના એળે જશે અને ઘણીએ બાબતોમાં પાછું આપણે એકડેએકથી ઘૂંટવાનું રહેશે.

## દાદર જૈન મહિલા સમાજ

મુંબઈ જૈન મહિલા સમાજ જૈનોની એક પ્રતિષ્ઠાપાત્ર સ્ત્રીસંસ્થા છે. તે સંસ્થાના પ્રમુખ સૌ. તારાબહેન માણેકલાલ પ્રેમચંદ છે, જેઓ ભારતવર્ષના સ્ત્રીસમાજમાં ઉજ્વલ અને અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. શ્રી. લીલાવતીબહેન દેવીદાસ તેમજ શ્રી. મેનાબહેન નરોત્તમદાસ આ સંસ્થાના મંત્રીઓ છે. આ બન્ને બહેનો સેવાપરાયણ જીવન ગાળે છે અને મુંબઈ જૈન યુવકસંઘના સ્ત્રી વિભાગના પણ મંત્રીઓ છે. આ મહિલા સમાજનું બંધારણ બહુ વિશાળ છે અને સેવાભાવી સર્વ કોઈ બહેનોને જોડાવાનો અવકાશ આપે છે. આ સમાજ કેટલાક સમયથી કોટની અંદર ઉદ્યોગના તેમજ શિક્ષણના વર્ગો ચલાવી રહેલ છે અને નાતજાતના ભેદ વિના અનેક બહેનો આ વર્ગોનો સારો લાભ ઉઠાવે છે. આ સમાજ તરફથી સૌ. વેણીબહેન કાપડીઆ, કે જેઓ મુંબઈ જૈન યુવકસંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય છે, તેમની જવાબદારી નીચે દાદરમાં એક વર્ષથી ઉદ્યોગ અને શિક્ષણનો વર્ગ ઉઘાડવામાં આવેલ છે. દાદરમાં મોટે ભાગે ગરીબ બહેનો રહે છે અને તેમને આ વર્ગો આસીર્વાદ સમાન થઈ પડેલ છે. દાદર વિભાગમાં કામ કરતી જૈન મહિલા સમાજનો થોડા દિવસ પહેલાં વાર્ષિક ઉત્સવ હતો. એક વર્ષમાં જે કાંઈ કામકાજ થઈ શક્યું છે તે વિચારતાં આગળ ઉપર સારી આશા બંધાય છે. આજે દાદર વિભાગના વર્ગોનો સરેરાશ પચ્ચીશથી ત્રીસ બહેનો લાભ લે છે. કેટલીએ બહેનો જોડાય છે, થોડો વખત લાભ લે છે અને અંગત સંયોગોને લીધે આવતી બંધ થઈ જાય છે. હાલ આ વિભાગમાં અક્ષરજ્ઞાન, વિશિષ્ટ વાચન અને શીવણના વર્ગો ચાલે છે. આર્થિક અનુકૂળતા વધવા સાથે શિક્ષણવર્ગોનો કાર્યપ્રદેશ વધારવાની ધારણા મહિલાસમાજના કાર્યકરો સેવી રહ્યા છે.

આ સ્તુત્ય અભ્યાસ અને પ્રવૃત્તિ માટે સૌ. વેણીબહેનને ધન્યવાદ ઘટે છે.

**સદ્‌ગત શ્રી લક્ષ્મીદાસ રવજી તેરશી**

શ્રી લક્ષ્મીદાસ રવજી તેરશીના શોકજનક અવસાન સાથે મુંબઇએ એક વિશિષ્ટ વ્યક્તિને ગુમાવી છે. એક વખત મુંબઇના જાહેરજીવનમાં તેમનું અજોડ સ્થાન હતું. કોઇ પણ સામાજિક કે રાજકીય અત્યાચાર સામે પોકાર ઉઠાવવો હોય કે ઝુંબેશ ચલાવવી હોય તો તેમાં લક્ષ્મીદાસ રવજી તેરશી અગ્રસ્થાને જ હોય. તેઓ પ્રખર સમાજસુધારક અને હઠ્ઠો જમાવી બેઠેલ ગોસાંઇઓ અને ધર્માધિકારીઓના કટ્ટર શત્રુ હતા. વ્યાપારી દુનિયામાં તેમનું અગ્રસ્થાન હતું. ઇન્ડિયન મરચન્ટસ ચેંબરના વિકાસમાં તેમનો ઘણો મોટો ફાળો હતો. તેઓ અર્થશાસ્ત્રી અને રાજકારણના ઊંડા અભ્યાસી હતા. રાજકારણમાં તેઓ વિનીતવાદી હોઇને ગાંધીવાદ અને તેમના નેતૃત્વ નીચે ચાલતી રાષ્ટ્રીય મહાસભા સાથે તેમના મનનો અને વિચારનો પૂરો મેળ નહોતો અને તેથી પાછળના દશકામાં મુંબઈના જાહેર જીવનમાં તેમનું સ્થાન કાંઇક ગૌણ બની ગયું હતું, એમ છતાં તેમની નિડરતા, સ્પષ્ટવક્તૃત્વ અને જે કોઈ કાર્ય તેઓ હાથમાં લે તે પાછળની તેમની નિષ્ઠા અજોડ અને સૌ કોઇને અનુકરણીય હતા. તેમના આત્માને પરમ શાંતિ મળો એવી આપણે પ્રાર્થના કરીએ !

**શ્રી. લક્ષ્મીચંદ ઓરડીઆને અભિનંદન**

ભાઈ શ્રી લક્ષ્મીચંદ ઓરડીઆ મુંબઈની જે. જે. સ્કૂલ ઑફ આર્ટની જી. ડી. આર્ટની છેલ્લી પરીક્ષામાં સફળ થયા છે તે માટે તેમને અભિનંદન ઘટે છે. જુદા જુદા અનેક વિષયમાં આજે અનેક જૈન યુવકોએ નામ કાઢયું છે અને જૈન કોમના ગૌરવમાં વધારો કર્યો છે પણ લલિત કળાના વિષયમાં તેમજ રમતગમતના ક્ષેત્રમાં સમાજ હજુ બહુ જ પાછળ છે. તેથી તે ક્ષેત્રોમાં કોઈ કંઇ નામ કાઢે ત્યારે આપણું સહેજે ધ્યાન ખેંચાય છે. ભાઇશ્રી ઓરડીઆએ ઉપરની ડિગ્રી મેળવી છે એટલું જ નહિ પણ ભારતવર્ષમાં આજકાલ અનેક સ્થળોએ ભરાતાં ચિત્ર-પ્રદર્શનોમાં પોતાના મૌલિક ચિત્રો ઉપર અનેક પારિતોષિકો તેમજ ચંદ્રકો મેળવીને ચિત્રકળાના વિષયમાં પોતાની નિપૂણતા સિદ્ધ કરી છે. તેમની કળાનો ઉત્તરોત્તર વિકાસ થતો રહે અને તેનો કાંઇક લાભ રસશૂન્ય જૈન સમાજને રસપ્રણત બનાવવામાં પરિણમે એવી શુભેચ્છા અને આશા આપણે ચિન્તવીએ.

**પરમાનંદ**

---

**સ્ત્રીસ્વાતંત્ર્ય અને અહિંસા**

સ્ત્રીસ્વાતંત્ર્ય એ અહિંસા અને સંસ્કૃતિની કસોટી છે. મનુષ્યની હિંસક બુદ્ધિએ સ્ત્રીને ગુલામ બનાવી છે. સ્ત્રીઓના અંતઃકરણમાં જો અસીમ માતૃપ્રેમ ન હોત તો આ ગુલામી સ્ત્રીઓએ કદીપણ સ્વીકારી ન હોત, તેઓએ આત્મહત્યા કરીને સમગ્ર માનવજાતિનો અંત આણ્યો હોત. પડદા જેવી ભયંકર રૂઢિઓ સહન કરીને પણ જો સ્ત્રીઓએ આપણને આજસુધી જીવતા રાખ્યા હોય તો તે કેવળ આ માતૃપ્રેમને જ આભારી છે. પણ સ્ત્રીઓને આવી રીતે ગોંધી રાખીને મનુષ્યોએ તો પોતાની હિંસક બુદ્ધિની પરાકાષ્ટાનું પ્રદર્શન કર્યું છે. આથી અહિંસાત્મક સંસ્કૃતિનો જો પૂર્ણપણે વિકાસ કરવો હોય તો સ્ત્રીઓને સર્વતોપરી સ્વતંત્રતા આપવી જોઇશે. સ્વતંત્ર સ્ત્રીઓની મદદથી જે સંસ્કૃતિનો ઉદય થશે તે જ સંસ્કૃતિ અહિંસાત્મક બનશે અને તેથી જ માનવજાતિને માટે સુખકારક અને હિતાવહ થશે.

**ધર્માનન્દ કૌસંબી**

# "મિત્તિ મે સવ્વ ભૂએસુ"

"મિત્તિ મે સવ્વ ભૂએસુ" એ ભગવાન મહાવીરનું પરમ વચન : ભગવાન મહાવીરે જૈનોને અને જગતને આપેલો એ અષ્ટાક્ષરી મંત્ર. ચરમતીર્થંકરે એ મંત્ર જૈનોને શા માટે આપ્યો? એને જીવી બતાવી જગત સમક્ષ ધરવા.

પણ એ વચનનો અર્થ શો ? જિન ભગવાને એને અતિ મહત્ત્વ શા માટે આપ્યું ?

સર્વભૂત પ્રત્યે–પ્રાણી માત્ર પ્રત્યે–મારી મૈત્રી હો ! મારે કોઇની સાથે વેરઝેર ન હો! એ એનો સાદો અને સીધો અર્થ.

એની ભાવના પણ કેટલી રમ્ય અને આકર્ષક ? વેરઝેર કોઇને ગમે છે? નાહક ક્રોધ–નકામી ચીઢ–મિથ્યા મારામારી–માનવ સ્વભાવમાં જ નથી: એને એ ગમે જ નહિ.

તમે જ વિચારો! અંતરાત્માને પૂછો! તમને કોઈના દુશ્મન થવું ગમે છે? તમારો કોઇ દુશ્મન થાય–હોય એ તમને રુચે છે?

પણ હરકોઈ તમારો દોસ્ત હોય તો ? બધા તમારા મિત્ર હોય તો? તમારું હૈયું ગજ ગજ કૂદે કે નહિ ?

ખોટી ખારાશ–નાહક કડવાશ કોઇને ગમતી નથી. ઉપલક કે મિથ્યા મીઠાશ પણ એટલી જ સૂગ ઉપજાવે છે; પણ સાચી મૈત્રી કોને ગમતી નથી? જીવજાન દોસ્તી કોને ખપતી નથી? હૈયાનાં હેતનું કોણ ભૂખ્યું નથી?

મહાવીરની મૈત્રીભાવના ઉદાત્ત છે, પણ ઉપલક નથી; એ મનોહર છે, પણ મનમેળ વિહોણી નથી; એ હેતભીની છે, પણ હૈયાસૂની નથી.

એટલે જ મહાવીરના વચનમાં રૂઢિની વાડો નથી. એ વાડો એણે તોડીફોડીને ફેંકી દીધી છે.

પ્રાણીમાત્રને, ભૂતમાત્રને, મિત્ર-દોસ્ત જાણવો એટલે તેને બાથ ભરીને ભેટવું.

એક સડતા શ્વાનને, એક ગંધાતા ગધેડાને કે એક બદબો મારતી બિલાડીને પણ સ્પર્શ કરીને, તેના પ્રત્યે મૈત્રી દાખવીને અનુભવીને તેને શાતા ઉપજાવવાની જે વાણીમાં આજ્ઞા છે તે વાણી અસ્પર્શ્ય અને આભડછેટની વાતોને મંજૂર રાખે ખરી?

એ શાતા પણ ઉપકારક નજરે કે કીર્તિની દષ્ટિએ નહિ, પણ આત્માર્થે જ ઉપજાવવાની જે જિન ભગવાને ઘોષણા કરી હોય તેનાં દર્શનની ઠેઠ ભંગીને, હરિજનને, મનાઈ હોઇ શકે ખરી?

સર્વ ભૂત પ્રત્યે મૈત્રીની ઘોષણા કરનાર અરિહંત–કર્મ શત્રુને હણનાર–તીર્થંકર પોતાનાં વચનો ઢેઢભંગી ન સાંભળે એમ ઇચ્છે ખરા ?

સર્વ પ્રત્યે સાચી દોસ્તી બાંધવાની, વિશ્વપ્રેમ જગાડવાની, પવિત્ર અને પ્રચંડ જીવન ઘોષણા કરનાર જિન ભગવાનનાં પૂજકો -એના અનુયાયીઓ–ઢેઢને અડવામાં–સ્પર્શવામાં–આભડછેટ ગણે, ભગવાનની પુણ્ય પવિત્ર–પતિતપાવની–મુનિમહારાજ દ્વારા ઝરતી–વાણી ભંગીને સંભળાવવામાં–સાંભળવા દેવામાં અપવિત્રતા માને અને પ્રભુની પવિત્ર અને પ્રેરક મૂર્તિનાં દર્શન હરિજનને કરવા દેવામાં ભ્રષ્ટતા સમજે એ તે શાસન પ્રત્યે આશ્ચર્યકારક મિથ્યાત્વભરી શાસ્ત્રસમજણ અને જિનભગવાન પ્રતિ અંધઅજ્ઞાનપૂર્ણ અશ્રદ્ધાભરી ભક્તિ સિવાય બીજું શું સમજવું ?

**પોપટલાલ પું. શાહ**

# આપણી યુવક પ્રવૃત્તિઓમાં જણાતી નિષ્ક્રિયતા

છેલ્લા દસ વર્ષથી આપણી યુવક પ્રવૃત્તિએ ખરું મૂર્ત સ્વરૂપ લીધું કહેવાય. દસ વર્ષમાં ઠેરઠેર યુવક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે તેમજ યુવક પરિષદો વગેરેના અધિવેશનો ભરાયાં છે, આમ છતાં પણ આપણી પ્રગતિનું સરવૈયું નિરાશાજનક છે. દિવસે દિવસે આપણી પ્રવૃત્તિઓમાં વેગ આવવો જોઇએ તેને બદલે નિષ્ક્રિયતા વધતી જાય છે અને આપણી યુવક સંસ્થાઓ પણ વિનીત મતવાદીઓના મંડળ જેવી પ્રસંગોપાત મળી, ઠરાવો કરી, સંતોષ માનતી હોય એમ જણાય છે. મારો આશય યુવક સંસ્થાઓની કાળી બાજુ જોવાનો છે જ નહિ. પરંતુ આજનું વાતાવરણ કંઇક આંતરનિરીક્ષણની જરૂર માગે છે એટલે જ કંઇક ઉપયોગી સૂચના કરવા પ્રેરાયો છું.

આપણા કાર્યોમાં વેગ નથી એનું એક કારણ મને એ જણાયું છે કે આપણા સમાજની અગ્રગણ્ય ગણાતી વ્યક્તિઓએ કદીપણ કોઈ રચનાત્મક યોજના ઘડી કાઢી નથી. એટલે મુખ્ય સંસ્થાઓ પાસેથી કાર્યક્રમ માગતી લઘુ સંસ્થાઓ કાર્યક્રમના અભાવે નિષ્ક્રિય બનતી ગઇ છે. કોંગ્રેસ જેવી માતબર સંસ્થા ફક્ત વ્યવસ્થાશક્તિથી અને જાહેર પ્રજામતથી આટલી પ્રગતિ સાધી શકી છે એ સંસ્થાને વખતનો ભોગ આપનાર અસંખ્ય માણસો મળી આવ્યા છે. આપણે તે સંસ્થાનું દૃષ્ટાંત લઇ સારાએ હિંદના જૈન યુવક સંઘો અને મંડળોનું પરિષદ દ્વારા સંગઠન કર્યું છે તો આ નાની નાની સંસ્થાઓને વખતો વખત દોરવણી આપી પરિષદ માર્ગદર્શન ન કરાવી શકે? મને તો લાગે છે કે આ દિશામાં કદીએ ગંભીર રીતે પ્રયાસ થયો જ નથી

કોઇ કહેશે કે તે કાર્યક્રમ શું છે? મને યાદ છે કે દસ વરસ પહેલાંની આપણી પ્રવૃત્તિની ફાઇલો જોઇએ તો મંદિરોનાં નાણાં વિષે ગેરવહીટ સંબંધી અસંખ્ય પત્રો મળી આવશે. ગામોગામના સ્થાનિક પ્રશ્નો, જ્ઞાનભંડારો અને ઉપાશ્રયોના અનિયમિત વહીવટો, તેમજ કેળવણી માટે વિદ્યાર્થીઆલમની માગણીઓ, એમ ઘણાય કાર્યોનો ઉકેલ હાથમાં લેવા યોગ્ય છે. ત્રણે ફીરકાઓના સંગઠનની આશા મૂતસ્વરૂપમાં પરિણમાવવા યુવક સંસ્થા સિવાય કોણ આગેવાની લઈ શકે તેમ છે? મધ્યસ્થ સંસ્થા જેવા પરિષદે જુદી જુદી સમિતિઓને આવાં વિવિધ કાર્યો સોંપી તેના વાર્ષિક અહેવાલોને પૂરું પ્રકાશન આપવું જોઇએ. હું માનું છું કે આપણી યુવક સંસ્થાઓ ખરો વેગ સામાજિક કાર્યમાં જ આપી શકે. અમુક અંશે કોમી સંસ્થાઓ ભલે રાષ્ટ્રીય ધોરણ ઉપર કામ કરે છતાં તેનું ખરું કાર્યક્ષેત્ર તો કોમ અંગેના પ્રશ્નોનો ઉકેલ કરવાનું છે. અને આથી આવી સંસ્થામાં સર્વકોઈ ઉત્સાહી વ્યક્તિઓને સ્થાન હોઇ શકે. કોઈ અમુક જ રાજકીય વિચાર ધરાવનાર વ્યક્તિઓને કે અમુક જ દૃષ્ટિબિંદુ ધરાવનાર સભ્યોને માટે આ સંસ્થા હોવી ન જ જોઇએ. પૂરેપૂરું રાષ્ટ્રીય દૃષ્ટિબિંદુ હોવું જોઇએ એ ઇચ્છનીય છે; પરંતુ આવી સંસ્થાઓના સભ્ય થવા માટે એવી બાધક શરતો ન જ હોવી જોઇએ કે સામાજિક પ્રગતિમય વિચારો ધરાવનારને અમુક જ છાપ મારેલા રાજકીય વિચારો ધરાવવા પડે.

આપણી કોમની અંદર પછાતપણું દૂર કરવું હોય, કેળવણી વિષયક કે એવી અન્ય દિશામાં પ્રગતિ કરવી હોય તો પારસી કોમની સંસ્થાઓનો ઇતિહાસ જોવાની જરૂર છે. આ કરતાં યે વિશેષ આપણે ચાલુ રચનાત્મક કાર્યવાળી યોજના ઘડવાની વિશેષ આવશ્યકતા છે. મને યાદ છે ત્યાં સુધી છેલ્લા દીક્ષાવિરોધ બાદ આપણો ઊભરો સમી ગયો છે. પરંતુ સામાજિક કાર્ય કરતી સંસ્થાને તો ઘણાએ નાનામોટા કુરિવાજો અને

(વધુ માટે જુઓ પાનું ૧૨ મું)

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાએલી પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલુ શ્રાવણ વદ ૧૨ તા. ૧૦-૯-૩૯ રવિવારથી શરૂ થઈ છે, જે ભાદ્રપદ શુદ ૪ તા. ૧૭-૯-૩૯ રવિવાર સુધી ચાલશે. આ વ્યાખ્યાનસભાઓ સી. પી. ટેંક ઉપર આવેલા હીરાબાગના હોલમાં મળે છે અને તેનો સમય સવારના ૮॥ થી ૧૦॥ સુધીનો છે.

વ્યાખ્યાનોનો શરૂથી છેવટ સુધીનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| દિવસ | વ્યાખ્યાતા | વ્યાખ્યાન વિષય |
|---|---|---|
| તા. ૧૦—૯—૩૯ રવિવાર | અધ્યાપક ધર્માનંદ કૌસંબી | રાષ્ટ્રધ્વન |
| ,, ,, | પંડિત દરબારીલાલજી | અહિંસા અને જૈનધર્મ |
| તા. ૧૧—૯—૩૯ સોમવાર | શ્રી. રતિલાલ જી. શાહ, એમ. એ. એલએલ. બી. | અધ્યાત્મવાદ–કવિ અખો અને આનંદઘન |
| ,, ,, | પંડિત દરબારીલાલજી | મહાવીર જીવન |
| તા. ૧૨—૯—૩૯ મંગળવાર | સ્વામી આનંદ | ઘડવૈયા |
| ,, ,, | પંડિત મહેન્દ્રકુમાર | |
| તા. ૧૩—૯—૩૯ બુધવાર | પંડિત બેચરદાસ | ધાર્મિક શિક્ષણ |
| ,, ,, | પંડિત ખુશાલદાસ | આપણો વ્યવહાર |
| તા. ૧૪—૯—૩૯ ગુરૂવાર | અધ્યાપક રામનારાયણ વિશ્વનાથ પાઠક | જીવનમાં આદર્શને સ્થાન |
| ,, ,, | શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇ | કલ્પસૂત્ર |
| તા. ૧૫—૯—૩૯ શુક્રવાર | કાકા સાહેબ કાલેલકર | સ્વામી રામકૃષ્ણ પરમહંસ |
| ,, ,, | પંડિત સુખલાલજી | ભગવાન નેમિનાથ અને રાજમતી |
| તા. ૧૬—૯—૩૯ શનિવાર | શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા | મહાવીર અને ગૌતમસ્વામી |
| ,, ,, | કાકાસાહેબ કાલેલકર | સમ્રાટ અને પરિવ્રાજ |
| તા. ૧૭—૯—૩૯ રવિવાર | મુનિ જિનવિજયજી | જૈનધર્મ |
| ,, ,, | પંડિત સુખલાલજી | ભગવાન પાર્શ્વનાથ અને મહાવીર |

# ગોપનાથનાં બે સ્મરણો

## ૧. ઝાંઝમેરની નિશાળ

કાઠિયાવાડને પૂર્વ કિનારે ઝાંઝમેર નામનું એક ગામડું છે. બાજુએ એક નાની ટેકરી છે ને તેના ઉપર પૂર્વકાળના કિલ્લાનાં થોડાં અવશેષો છે અને આવતી જતી સ્ટીમરને માર્ગદર્શક એક દીવાદાંડી છે. થોડે દૂર સમુદ્રકિનારેથી દૂર એક કાળભૈરવ જેવો દેખાતો એકલા પથ્થરનો નાનો સરખો ખડક છે, જે 'ભેંસલા'ના નામથી ઓળખાય છે. આગળના વખતમાં આ ખડક ઉપર ચાંચીઆઓ રહેતા અને આવતા જતા વહાણોને લૂંટતા. ઓટના વખતે આ દીર્ઘકાળતપસ્વી ભેંસલા ઉપર જઈ શકાય છે અને ભરતીના વખતે તેની ચોતરફ પાણી ફરી વળે છે.

આ ગામમાં સાતસો માણસોની વસતિ છે. ગામના મધ્ય ભાગમાં એક નાનુ સરખું જિનમંદિર છે: બાજુએ ગ્રામ-પંચાયતની ઓફિસ છે. ગામનો મોટો ભાગ ખેડુતોનો છે. લોકો સુખી છે. ગામના કજીઆ ગામ પતાવે છે.

આ ગામનું મુખ્ય આકર્ષણ ગામની એક નિશાળ છે. એ નિશાળમાં વાણિયા, કોળી, કણબીનાં છોકરાછોકરીઓ ભણે છે અને ગૂજરાતી ધોરણોનું શિક્ષણ આપવામાં આવે છે. આ વિદ્યાર્થીઓને સાક્ષરી શિક્ષણ ઉપરાંત ગાયન, નૃત્ય, દાંડિયારાસ વગેરે શીખવવામાં આવે છે. આ ગાયન કે નૃત્ય મુંબઇની કેટલીક નિશાળોમાં નજરે પડે છે તેમ બહારથી આયાત કરવામાં આવેલાં અને માત્ર પ્રદર્શન નિમિત્તે શિખવવામાં આવતી ઢબનાં નથી, પણ કેવળ તળપદી ઢબનાં છે. જે ગાયન તે પ્રદેશના લોકો ગાય છે, જે નૃત્ય ત્યાંના લોકો નાચે છે, અને જે દાંડિયારસ જોઇને ઉદયશંકર અને વશી જેવા નૃત્યકારો મુગ્ધ બને છે તે જ ગાયન, નૃત્ય અને દાંડિયારાસની તાલીમ આ શાળાના શિક્ષક ત્યાં ભણતા વિદ્યાર્થીઓને આપે છે. આ શિક્ષક ઊંચે આસને બેસીને વિદ્યાર્થીઓ પાસે સંગીત નૃત્યની કેવળ કવાયત કરાવતા નથી પણ વિદ્યાર્થીઓ વચ્ચે બેસીને ગાય છે અને ગવરાવે છે, પોતે નાચે છે અને વિદ્યાર્થીઓને નચાવે છે. વિદ્યાર્થીઓના વર્તુલમાં સામેલ થઇને પોતે દાંડિયા-રાસ લે અને ઝુક બોલાવે છે. દાંડિયારસ લેતા એક એક વિદ્યાર્થીના હાવભાવ, અંગમરોડ, આનંદઉલ્લાસ જોવા એટલે કૃષ્ણની રાસમંડળીમાં નાચતા અને ગર્જતા ગોપબાળને નજરે નિહાળવો. તેમનો ઘેરવાળો કબજો અને ગૂંથેલા છેડિયા-વાળી નાડી તેના શરીર સાથે ઘુમરી લે છે અને નૃત્યની મનોહરતામાં વધારો કરે છે. દાંડીઆરાસ લેતો વિદ્યાર્થી આસપાસનું બધું ભૂલી જાય છે; તે અમને રીઝવવા કે માસ્તરની આજ્ઞા માન્ય રાખવા ખાતર નાચતો હોય એમ જરાપણ લાગતું નથી. તે નાચવામાં—દાંડિયા ઝીલવામાં—એકાગ્ર બની જાય છે—તલ્લીન બની જાય છે. તેના મોઢા ઉપર આનંદ અને મસ્તીની કોઈ અજબ સુરખી ભભૂકી નીકળે છે. માસ્તર—વિદ્યાર્થીનો ભેદ લય પામી જતો હોય છે. ઢોલી ઢોલ વગાડે અને દાંડિયાની ઝુક બોલે: આવા શિક્ષક, આવા વિદ્યાર્થીઓ અને આવું રાસનૃત્ય ભાગ્યે જ કોઇ નિશાળમાં જોવા મળે. એ વિદ્યાર્થીઓ કાલ સવારે મોટા થશે અને કમાવાની ઉપાધીમાં પડશે. કોઈ ઓછું કમાશે, કોઇ વધારે કમાશે પણ એમાંનો કોઇ આ ગાનતાન અને આનંદ ભૂલશે નહિ, મોટી ઉંમરે પણ જ્યારે તેઓ કોઈ વડની છાંયા નીચે, પનઘટની કોરે કે સમુદ્રકિનારે એકઠા મળશે ત્યારે બાલવયની આ શાળા અને તેના આત્મસમા શિક્ષક ભાઈ હરગોવિંદભાઇને સંભારીને મસ્તભર્યા દાંડિયારસ ખેલશે અને કલાન્ત જગતમાં આનંદ અને ઉલ્લાસનાં આન્દોલનો ફેલાવશે.

## ૨. 'આ ભુખગામમાં તે તમને શું જોવાનું હોય?'

ગોપનાથથી ત્રણેક માઇલ દૂર રાજપુરા નામનું એક ગામડું છે. લાંબી પડેલી ઢાળઢોળાવવાળી ધરતીમાતાએ હાથ લંબાવ્યો હોય એવી, સમુદ્રપટમાં ડોકિયું કરતી લાંબી એક ટેકરી છે, જેની આસપાસ ત્રણે બાજુ પાણી છે. આ ટેકરીની જમીન બાજુની ટોચ ઉપર ગોળ ઊંચો એક ચોતરો છે. ટેકરીના ઢોળાવમાં એક નાનું સરખું ગામડું પાધરડીપને પથરાયલું પડયું છે. દૂરથી આ ગામ—આ ટેકરી અને એ બન્નેની આગળપાછળના સમુદ્ર-પટનું દૃશ્ય અતિશય મોહક લાગે છે. જ્યારે જ્યારે અવસર મળતો ત્યારે ત્યારે અમે તે ગામની સામેની કોઇ ટેકરીની ટોચે જઈને બેસતા અને આસપાસનું મનોહર દૃશ્ય નિહાળતા. એક વાર એ ગામમાં અમે ગયા અને માટીનાં નાનાં નાનાં પણ સ્વચ્છ ઘરોની રચના જોઇને અમે પ્રસન્ન થયાં. ગામમાં ફરતાં એક ડોસી મળી. તે જાતની કોળણ હશે. અમો શહેરના દેખાતા લોકોને જોઇને તેને કાંઈ આશ્ચર્ય થયું. તેણે અમારી સમીપ આવીને અમને કહ્યું કે: 'ભાઇ, આ ભૂખ ગામમાં તે તમારે શું જોવાનું હોય?' આમ કહેતાં તેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ગરીબાઇનું, દરિદ્રતાનું અમને ત્યાં સાચું દર્શન થયું. આજની પરાધીનતા અને શહેરોના ઉત્કર્ષે ગામડાઓને કેવા ભાંગી નાંખ્યાં છે તેનું અમને સચોટ ભાન ગયું. તે તો બીચારી કદાચ એમ સૂચવતી હશે કે સુન્દર પદાર્થો જોવાભોગવવાની ટેવવાળા અમારી જેવા શહેરીઓને જોવા જેવું અહીં કશું જ મળે તેમ નથી. પણ અમારી આંખોએ તેની દીન મુદ્રા અને નિરાશાભર્યા ઉદ્‌ગારો પાછળ આપણા આખા દેશની દરિદ્રતાની ઘનઘોર છાયા જોઈ.

—અને અમારી સહેલગાહ દરિદ્રનારાયણની એક યાત્રા બની ગઈ.

**પરમાનંદ**

---

(૧૧ માં પાનાનું ચાલુ)

જ્ઞાતિઓના સંકુચિત વાતાવરણનાં પડ ઉખેડવાના હોય છે. એટલે જેમ યુધ્ધકાળનો કાર્યક્રમ અને શાંતિકાળનો કાર્યક્રમ હોય છે, તેમ આપણી સંસ્થાએ પ્રસંગોપાત વિરોધ ઉપરાંત જુદી જ પ્રકારની—પ્રજામાનસને ધીમે ધીમે આપણી પ્રવૃતિઓમાં વિશ્વાસ આવે તેવી—બાજુને સ્પર્શ કરવાની જરૂર છે. પ્રવૃત્તિ હશે તો નાણાં આપમેળે મળી રહેશે; એટલે સંસ્થા પાસે નાણાંનો દારૂ-ગોળો નથી તેમ કહેવું તે વ્યર્થ છે. એકધારું પ્રચારકાર્ય થાય અને પ્રાથમિક સભ્યોની સંખ્યા વધારવા માટે પ્રયાસ થાય તો જે નિષ્ક્રિયતા આપણી પ્રવૃત્તિઓમાં જણાઇ આવે છે તે આપમેળે ઓસરી જશે.

આપણી યુવક સંસ્થાઓએ છેલ્લાં દસ વર્ષમાં ઠીક ઠીક કાર્ય કર્યું છે એ સાચું હોય, પરંતુ તે ઉજ્જવળ બાજુ સૌને વિદિત છે. ફક્ત નિર્દેષ કરવા લાયક ક્ષતિઓ મને જણાય તે મેં અત્રે જણાવી છે.

**નાનાલાલ દોશી**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: શ્રી સ્ટેટ્સ પિપલ્સ મુદ્રાણાલય ૧૩૮-૪૦, મેડોઝ સ્ટ્રીટ. મુંબઇ

દોઢ આનો

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

REGD. NO. B 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧ લું
અંક : ૧૧ મો

મુંબઈ : શનિવાર ૩૦ સપ્ટેમ્બર ૧૯૩૯

ગ્રાહકો : રૂ. ૨-૦-૦
સભ્યો : રૂ. ૧-૦-૦

## એક બૌધ્ધધર્મી સાથે વાર્તાલાપ

[મહાત્મા ગાંધીજી છેલ્લાં છેલ્લાં સરહદના પ્રાન્તમાં ગયેલા ત્યારે તેમને ખાસ મળવા માટે ડૉ. ફેબ્રી-જેઓ બૌધ્ધધર્મી છે અને પુરાતન શોધખોળના શાસ્ત્રી છે-એબોટાબાદ ગયેલા. તેમને અને ગાંધીજીને જે વાર્તાલાપ થયેલો તેનો કેટલોક ભાગ છેલ્લા અંકમાં આપવામાં આવ્યો હતો. બાકીનો ભાગ તા. ૨૦-૮-૩૯ ના 'હરિજન' માંથી અહીં અનુવાદિત કરવામાં આવે છે.]

ડૉ. ફેબ્રીએ પૂછયું કે "જેઓ પ્રાર્થના કરી ન શકે તેમને માટે શું?"

ગાંધીજીએ જવાબ આપ્યો કે, "હું તેમને કહું કે નમ્ર બનો અને બુધ્ધની તમારી પોતાની કલ્પનાથી સાચા બુધ્ધ મર્યાદિત બનાવી ન દો! જો ભગવાન બુધ્ધમાં પ્રાર્થના કરવા જેટલી નમ્રતા ન હોત તો તેમનું લાખો માણસો ઉપર જે સામ્રાજ્ય હતું અને આજે પણ છે તે કદી હોત જ નહિ. જે આપણા ઉપર શાસન ચલાવે છે અને અશ્રધ્ધાળુઓને પણ નમાવે છે તે બુધ્ધિ કરતાં અનન્તગણું ઊંચું બીજું જ કોઈ તત્ત્વ છે. આપણો અજ્ઞાતવાદ અને આપણી ફિલસૂફી જીવનની કટોકટીના પ્રસંગે જરા પણ કામ લાગતાં નથી. તેવા પ્રસંગે આપણને ટકાવી રાખવા માટે આ કરતાં વધારે સંગીન વસ્તુની, પોતાની જાતથી ઇતર કોઇ તત્ત્વની આપણને અપેક્ષા રહે છે. તેથી જો કોઇ મારી પાસે આ ગૂંચવાડો રજૂ કરે તો તેને હું કહું કે, "જ્યાંસુધી તમે તમારી જાતને શૂન્યવત્ બનાવી નહિ દો ત્યાં સુધી તમે ઇશ્વરના કે પ્રાર્થનાના મર્મને કદી પામી શકવાના નથી. તમારી ગમે તેટલી મોટાઇ અને અસાધારણ બુધ્ધિમત્તા હોવા છતાં આ વિશ્વમાં તમે એક ક્ષુદ્ર ટપકા સમાન છો. એ ભાન સદા જાગ્રત રહે એટલી તમારામાં નમ્રતા હોવી જોઇએ. જીવનતત્ત્વોની કેવળ બુધ્ધિગમ્ય કલ્પના પૂરતી નથી. અહીં તો આધ્યાત્મિક કલ્પના જ જોઇએ. કે જે બુધ્ધિથી પર છે અને જે માણસને સાચો સંતોષ આપી શકે છે. પૈસાદાર માણસોને પણ પોતાના જીવનમાં કટોકટીના પ્રસંગો આવે છે. પૈસો ખરીદી શકે અને સ્નેહ આપી શકે તે દરેક વસ્તુ તેમની આસપાસ વીંટળાઇ વળેલી હોય છે એમ છતાં પણ તેમના જીવનમાં અમુક એવી ઘડીઓ આવે છે કે જ્યારે તેમને ન સમજી શકાય તેવી મૂઝવણ અને ગમગીની ઘેરી વળે છે અને જંગલમાં ભૂલા પડેલા મુસાફર જેવી તેમની માનસિક સ્થિતિ બની જાય છે. આવી ઘડીએ જ આપણને તે ઇશ્વરની ઝાંખી થઈ આવે છે કે જે આપણને જીવનમાં પગલે પગલે દોરી રહેલ હોય છે. એ પ્રાર્થના છે."

ડૉ. ફેબ્રીએ કહ્યું, "જેને આપણે ધાર્મિક અનુભવ કહીએ છીએ કે જે બૌધ્ધિક કલ્પનાથી પણ વધારે બળવાન અને વેગવાન છે તે જ આપ સૂચવો છો ને? આવો અનુભવ મને બે વખત થયો છે. પણ ત્યાર પછી મેં એવો અનુભવ હંમેશને માટે ગુમાવ્યો છે. પણ હવે હું ભગવાન બુધ્ધના એક કે બે કથનમાં ખૂબ આશ્વાસન અનુભવું છું. 'સ્વાર્થ એ જ દુ:ખનું કારણ છે.' 'સાધુઓ, યાદ રાખો કે સર્વ કાંઇ ક્ષણિક છે.' મારી બાબતમાં માન્યતાનું સ્થાન હવે આવા વિચારો લે છે."

ગાંધીજીએ ભારપૂર્વક ફરીને કહ્યું: "એ જ પ્રાર્થના છે."

### આત્મહત્યા કરવાનો હક્ક

આ પ્રશ્નની ચર્ચામાં ગાંધીજીને વધારે ખેંચવા અશક્ય છે એમ ડૉ. ફેબ્રીને લાગ્યું. પણ તેઓ બીજો પ્રશ્ન પૂછવા માટે વધારે રોકાયા. સાધુઓ આત્મહત્યા કરે તેનો બુધ્ધે વિરોધ કર્યો નથી; ઊલટો બચાવ કર્યો છે. ડૉ. ફેબ્રીએ પૂછયું કે "પોતાના જીવનનો અન્ત આણવાનો માણસને હક્ક છે કે નહિ? આપ એ સંબંધમાં શું કહો છો? જીવનને જીવન તરીકે હું બહુ મહત્ત્વ આપતો નથી."

### "ચાલો, વીંધી વન વન ચાલો"

ચાલો, વીંધી વન વન ચાલો!
જૂના જગની સીમા નાની
        નાની નાની વાડો
વિરાટની ત્યાં ઝાંખી કરાવે
        ક્ષિતિજ એવી બનાવો! ચાલો૦

ખંડ ખંડનાં વેરો ધોળી
        ભરી લો આતમ પ્યાલો!
શંકર શા અવધૂત બનીને
        જગનાં ઝેર પચાવો! ચાલો૦

વિશ્વ-ઐકયની ધોરી વાટે
        ગાતાં ગાતાં ચાલો
સૂતાં જન સૌ સૂણતાં જાગે
        પ્હાડી રાગ તમારો! ચાલો૦

—સ્નેહરશ્મિ

[શેઠ ચીમનલાલ ન. વિદ્યાવિહારના છાત્રોનું વૈતાલિક ગાન]

ગાંધીજીએ કહ્યું કે "ચોક્કસ સંયોગોમાં માણસને પોતાના જીવનનો અન્ત આણવાનો સંપૂર્ણ અધિકાર છે. એક સાથીને રક્તપીતનો રોગ થયો હતો. પોતાનો વ્યાધિ અસાધ્ય છે એમ તેને માલૂમ પડયું હતું. આ વ્યાધિ તેને પોતાને તેમ જ તેની જેઓ સેવા કરતા હતા તેમને પણ ભારે વેદના રૂપ બની બેઠો હતો. તેણે આવી પરિસ્થિતિમાં અન્નજળનો ત્યાગ કરીને પોતાના જીવનનો અન્ત લાવવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયનું મેં અભિનન્દન કર્યું. તેને મેં કહ્યું કે, "જો તમે આ અનશનની કસોટીમાં ટકી શકશો એમ તમને લાગતું હોય તો તમે તે ભલે કરો." તેને આમ કહેવાનું કારણ એ હતું કે ડૂબીને કે ઝેર ખાઇને જીવનનો એકાએક અન્ત આણવો અને અન્નજળના ત્યાગમાંથી કટકે કટકે મૃત્યુ સમીપ જવું એ બેમાં કેટલો તફાવત છે તેનો મને પૂરો ખ્યાલ હતો. અને મારી ચેતવણી બરોબર હતી એમ મને પાછળથી માલૂમ પડયું. કારણ કે કોઇ વૈદ્ય કે હકીમના ઉપચારથી સારા થઇ શકાય તેમ છે તેવું તેમને કોઇએ પ્રલોભન આપ્યું અને મારા સાંભળવા પ્રમાણે તેમણે ખાવાનું પાછું શરૂ કરી દીધું છે અને નવો ઉપચાર તેઓ આજે લઇ રહ્યા છે."

ડો. ક્રેબ્રીએ કહ્યું કે, "આ બાબતમાં સાચું ધોરણ મને એ લાગે છે કે જો કોઇ માણસનું મન કેવળ દુઃખ અને પીડાથી જ ઘેરાયેલું રહેતું હોય તો નિર્વાણ સાધી લેવો એ તેને માટે ઉત્તમ માર્ગ છે. માણસ માંદો ન હોય પણ જીવન-કલહથી પણ ભારે કંટાળેલો હોય."

પોતાના વિચાર સાથે ગાંધીજી બરોબર મળતા છે એવી ભ્રમણામાં ખેંચાઇ રહેલા ડો. ક્રેબ્રી વળી આગળ બોલ્યે જતા હતા પણ તેમને તેમ કરતા અટકાવી ગાંધીજીએ કહ્યું કે, "નહિ, એમ નહિ. આ પ્રકારની આત્મહત્યાને હું તદ્દન નાપસંદ કરું છું. માણસ પોતે જિંદગીથી કંટાળી ગયો છે માટે આત્મહત્યા કરવી એ સારું ધોરણ નથી, પણ જ્યારે તેને પોતાને સચોટપણે લાગે કે પોતે બીજા ઉપર કેવળ ભારરૂપ થઇ પડેલ છે અને તેટલા માટે જ પોતે આ દુનિયાનો ત્યાગ કરવાનો વિચાર કરી રહ્યો છે ત્યારે જ અને તે સંયોગોમાં જ આત્મહત્યાનું વ્યાજબીપણું સ્વીકારી શકાય. આની અંદર દુઃખથી નાસી છૂટવાની વૃતિ નથી, પણ બીજાઓ ઉપર કેવળ ભારરૂપ બનવાની સ્થિતિમાંથી મુક્તિ શોધવાની વૃત્તિ રહેલી છે. ધારો કે મને કેન્સર થયું છે અને મૃત્યુ તુરત આવે છે કે આવવામાં થોડો વિલંબ કરે છે એટલો જ મારા માટે પ્રશ્ન છે. આવી પરિસ્થિતિમાં મારા ડાકટર પાસે નિદ્રાના ઘેનમાં ડૂબી રહેવાની જ દવા હું માગું અને જેમાંથી ફરીને જાગ્રતી સંભવતી નથી એવી નિદ્રાનું શરણ હું શોધી લઉં."

ડો. ક્રેબ્રી જવાને ઉભા થયા અને જુદા પડતા એવી ઇચ્છા વ્યકત કરી કે ગાંધીજી હજુ ઘણાં વર્ષો જીવે અને દુનિયાને ખૂબ સેવા આપે.

ખડખડ હસતાં ગાંધીજીએ જણાવ્યું કે, "જો મેં મારું કાર્ય પૂરું કર્યું છે એમ મને લાગે તો પછી તમારા મત પ્રમાણે વધારે જીવવાનો મને હક્ક નથી. અને મને લાગે છે કે મેં મારું કાર્ય પૂરું કર્યું છે."

ડો. ક્રેબ્રીએ જવાબ આપ્યો કે, "નહિ નહિ, મને પૂરી ખાતરી છે કે હજુ આપ ઘણાં વર્ષો સુધી જનતાની સેવા કરી શકો તેમ છો. લાખો માણસો આપના દીર્ઘાયુષની પ્રાર્થના કરે છે. અને જો કે હું પ્રાર્થના કરી શકતો નથી કે કશાની ઇચ્છા કરી શકતો નથી—"

વચમાં ગાંધીજી બોલી ઉઠયા કે, "કાંઇ વાંધો નહિ; અંગ્રેજી ભાષા એવી સમૃધ્ધ છે કે એક જ વાત જણાવવાને તમે બીજો શબ્દ શોધી શકો છો"

# સાધાર્મિક વાત્સલ્ય

'સાધર્મિક વાત્સલ્ય !' આપણો જૈનોનો ખૂબ જ પ્રિય શબ્દ. એ અર્થગંભિર છે. પણ આજ તો એને નામે થોડાક અનુકૂળતાવાળા જૈનો ભેગા થઇ લાડુ કે દૂધપાક–પૂરી ઉડાવે : એટલો જ એનો અર્થ રહ્યો છે. આને જ જો સાધર્મિક વાત્સલ્ય કહેવામાં આવે તો પછી ઉજાણી કે જમણવાર કોને કહેવો? સેંકડો ને હજારોના ખર્ચે સાધર્મિક વાત્સલ્ય ઉજવાય છે; ઉજવાય એમાં કોઇને ય વાંધો ન હોઇ શકે; પણ એનો મૂળ અર્થ સચવાવો જોઇએ. જ્યારે હજારો જૈનો ભૂખે મરતા હોય, બેકાર હોય, અસહ્ય દર્દોથી પીડાતા હોય, અજ્ઞાનના કૂપમાં ડૂબી મરતા હોય, જ્યારે હજારો વિધવા બહેનો લોહીનાં આંસુ સારતી હોય જ્યારે અનેક જૈન બાળકો સાર્વજનિક અનાથઆશ્રમોમાં જ ઉછરતા હોય ત્યારે મિષ્ટાન્નની મિજલસો માણવી એને સાધર્મિક વાત્સલ્ય કેમ કહી શકાય? એમાં સાધર્મિકતાનો ભાવ પણ ક્યાં ટકી શકે છે? કોઇ સાચો જૈન પોતાના સાધર્મિક બંધુના દુઃખ કાપ્યા સિવાય જમણવારો ઉજવી શકે જ નહિ. આનંદોના પ્રસંગોની ને લગ્નવરાઓની વાત જ જુદી છે. ત્યારે પણ જે જમણો થાય છે તે યોગ્ય જ છે એમ કહી શકાય જ નહિ. પણ જે સાધર્મિકતાને નામે દંભ આદરીને કરવામાં આવે છે એવા વરાઓ તો જૈન સમાજે સદંતર બંધ કરવા પડશે. : નહિ તો ભવિષ્યનો ઇતિહાસકાર કહેશે કે જ્યારે હિંદુસ્તાનના કરોડો મનુષ્યોના દુઃખનો પાર નહોતો; જ્યારે હજારો જૈનો બેહાલ હતા ત્યારે જૈન સમાજે, જરાય અરેરાટી કે સંકોચ વિના, ધર્મને નામે, સાધર્મિકતાને નામે, જમણવારોમાં અને એવા બીજા કેટલાય અર્થહીન કાર્યોમાં લાખો રૂપિયાનો ધુમાડો કરી નાખ્યો, દેશનો ને જૈનસમાજ–સંઘનો દ્રોહ કર્યો, વિતરાગની વાણીથી બેઅદબ કરી અનર્થ કર્યો અને જૈનો સમાજના શબ ઉપર બેસી લહેરથી મિષ્ટાનો જમ્યા. આ વાયકા ભવિષ્યમાં જૈન સમાજે પોતાને માથે ન આવવા દેવી જોઇએ. અને ક્રાંતિવાદી જૈનોએ "સાધર્મિકવાત્સલ્ય"નો શું અર્થ કરે છે? તેમણે જરા ઊંડાણથી સ્પષ્ટપણે અને વિશાળહૃદયે સમજવું જોઇએ.

**વિનોદચંદ્ર શાહ**

---

ડો. ક્રેબ્રીએ કહ્યું કે, "બરોબર છે. હું નિષ્કામ ભાવે અભિપ્રાય આપી શકું છું કે તમારું આયુષ્ય હજુ લાંબુ છે."

ગાંધીજી હસતાં હસતાં બોલ્યા કે, "હું નહોતો કહેતો! તમને જરૂરી શબ્દ મળી ગયો છે." આગળના ચર્ચાગત વિષયને અનુસંધાને ગાંધીજીએ વળી જણાવ્યું કે, "મને કહેવા દ્યો કે માણસ જીવવા નથી માગતો એ પણ કેવળ બૌધ્ધિક કલ્પના જ છે. જો તેનામાં જીવવાની ઇચ્છા બિલકુલ રહી ન હોય તો જિજીવિષાના અભાવે શરીર તૂર્ત જ નાશ પામવું જોઇએ."

ડો. ક્રેબ્રીએ જવાની રજા માગતાં "હું કેટલાએ વખતથી ગાંધીજીના હસ્તાક્ષર મેળવવાને ઝંખી રહ્યો છું" એમ જણાવીને તેમના હસ્તાક્ષર મળી શકે કે કેમ એ વિષે મને પૂછયું અને એ રીતે માત્ર બુધ્ધિના જ સર્વ ઉપાસકો માફક તેમણે પોતે જ પોતાનો વિરોધ કર્યો. મેં કહ્યું, "હા જરૂર, ગાંધીજીએ ઇચ્છામુક્ત હોવાનો પોતા માટે કદી દાવો કર્યો નથી. અને દરેક હસ્તાક્ષર બદલ હરિજનો માટે તેઓ પાંચ રૂપિયા મેળવવાની કામના રાખે છે." ડો. ક્રેબ્રીએ જણાવ્યું કે, "મને ખબર છે. હું જરૂર પાંચ રૂપિયા આપીશ."

(સમાપ્ત)

અનુવાદક : **પરમાનંદ**

# મૂર્તિનો સંભવ

[ બાહુબલિ ઉપરના છેલ્લા લેખદ્વારા આપણે શ્રવણ બેલગોડામાં દાખલ થયા હતા, વિન્ધ્યાગિરિ ઉપર આપણે ચઢવા માંડયું હતું, 'ગુલકાયજી બાગલુ' અને અખંડ બાગલુ એ બન્ને દરવાજા વટાવીને આપણે આગળ ચાલ્યા હતા અને ભગવાન ગોમટેશ્વરના મંદિર સન્મુખ આવીને આપણે ઊભા હતા. બાહુબલિની પરમપાવની મૂર્તિના આપણે દર્શન કરીએ તે પહેલાં તે દર્શનને આપણું માનસ યોગ્ય રીતે ઝીલી શકે તે માટે આજે આપણે પૂજ્ય કાકાસાહેબ સાથે થોડો વિષયાન્તરવિહાર કરીએ. —**પરમાનંદ** ]

એક મૂર્તિકાર હતો. પોતાના ધ્યાનની મસ્તીમાં ફરતો હતો; એણે જંગલમાં એક પથરો જોયો; પથરા જેવો પથરો; પણ આપણને જેમ દ્રાક્ષની અંદરનો ઠળિયો પ્રકાશ સામે દ્રાક્ષ ધરતાં વેંત દેખાઈ આવે છે, અથવા જેમ એક્સ–રેને આપણા આપણા શરીરની અંદરના હાડકાં ચોખ્ખે ચોખ્ખાં દેખા દે છે, એવી જ રીતે એ મૂર્તિકારને એ પથરાની અંદર એક મૂર્તિ દેખાઇ. ફરક એટલો જ કે રૂપાળી અને આકર્ષક દ્રાક્ષની અંદર ખડબચડો ઠળિયો આપણને જેમતેમ દેખાય છે; લાવણ્યથી અને પ્રસન્નતાથી સ્ફુરતા માનવશરીરની અંદર એક્સ–રેની આંખોને બીહામણો અસ્થિપંજર દેખાઇ આવે છે, કેમકે બન્ને ઠેકાણે પાર્થિવ નજર કામ કરે છે, જ્યારે મૂર્તિકારની પાર્થિવ આંખો બ્રહ્મદેવના બનાવેલા પથરાને જ જોતી હતી, પણ રસેશ્વરે એને કલ્પનાની ઊંડી નજર આપેલી એટલે એણે એ ખડબચડા પથરાની અંદર એક લાવણ્યમયી, પ્રમાણબધ્ધ અને જીવતીજાગતી મૂર્તિ જોઇ; પ્રભુ રામચંદ્રના ચરણોએ અહલ્યાને જોઈ હતી તેમ. પછી પૂછવું જ શું? સોનાની ખાણની અંદર અકસ્માત થઇને એકાદ માણસ દટાઇ જાય અને એને બહાર કાઢવા માટે–એ ગૂંગળાઇ જાય તે પહેલાં જ એને જીવતો બહાર કાઢવા માટે–જેમ બહારના લોકો પ્રયત્નની અને ઉતાવળની પરાકાષ્ટા કરે છે, તેમ એ મૂર્તિકાર માણસો બોલાવી, બળદગાડીઓ જોડી, એ પથરાને પોતાને ત્યાં લઇ ગયો. હાથમાં હથોડી અને છીણી લઇને એણે મૂર્તિ ઉપર બાઝેલા પથરાના પોપચા કાઢી નાંખવાનો પ્રયત્ન આદર્યો. હથોડીનો એક એક પ્રહાર ઉતાવળે ઉતાવળે પણ દ્રઢતાથી અને નિશ્ચિત ધારેલી શક્તિથી એણે ચલાવ્યો. શું એનું બળ? અને છતાં શી એની નાજુકાઈ? અંદરની મૂર્તિને જરા સરખું વાગે તો એનો પ્રાણ જ જાય. એ કામ કરતો ગયો. પરસેવાથી લોથ-પોથ થતો ગયો. પથ્થરના પોપડા એક પછી એક, પ્રથમ મોટા મોટા, પાછળથી ઝીણાં ઝીણાં, ખરી પડવા લાગ્યા. ધીમે ધીમે મૂર્તિનો અવતાર પ્રગટ થવા લાગ્યો. ડૂબતા માણસને પાણીની બહાર કાઢયા પછી, ઊંઘતા માણસને ઊંઘમાંથી ઉઠાડયા પછી, પ્રથમ જેમ તેનાં અંગપ્રત્યંગ આળસથી ભરેલાં દેખાય છે અને આંખ તથા ચહેરો ઊંઘણસી જેવો લાગે છે, તેવી જ રીતે મૂર્તિનું દર્શન થવા લાગ્યું. કોઈ શસ્ત્રવૈદ્ય જેમ પોતાના પ્રાણ અને પોતાની વિદ્યા, પોતાની નિષ્ઠા અને પોતાનું ધ્યાન, પોતાની આંગળીમાં એકાગ્ર કરી યોગયુક્ત સ્થિતિમાં કામ કરે છે તેવી જ રીતે આપણો મૂર્તિકાર પોતે જ બનાવેલા ઝીણાં ઝીણાં ઓજારો વડે મૂર્તિને જગાડવા લાગ્યો. એ કોમળ અને ઊંડી સ્પર્શ થતાંવેંત મૂર્તિ પ્રથમ હસી, પછી એણે ધીમે રહીને આંખો ઉઘાડી. મૂર્તિકારને જોઈ એણે પૂર્ણ પરિચયનું જરાક સરખું સ્મિત કર્યું. એણે પોતાના વસ્ત્ર સરખાં કરી લીધાં અને પોતાનું મૌન છોડી એ બોલી: "કેમ મૂર્તિકાર ભાઇ, મને કેમ બોલાવી? કલ્પકલ્પની મારી ઊંઘમાંથી મને કેમ ઉઠાડી? મારી પાસેથી કાર્યની અપેક્ષા કેવા રાખો છો?"

પોતે જ બનાવેલી મૂર્તિ આગળ હાથ જોડીને મૂર્તિકાર ઊભો થયો. એણે માથું નમાવ્યું અને અત્યંત નમ્રપણે, ભક્તિ-પૂર્ણ અવાજે કહ્યું: "ક્ષમા કરજે, દેવી, આ દુનિયા હવે વધુ દુઃખ ખમી શકતી નથી. દુઃખની દીક્ષાથી દિવ્ય થવાને બદલે એ દુઃખથી ઘાયલ થઇ નાસ્તિક બને છે. માણસનો માણસ પ્રત્યેનો વ્યવહાર વિપરિત બન્યો છે. માણસને પ્રસન્નતાની, બંધુતાની, પ્રેમની અને ઉન્નત થવાની દીક્ષા આપવી છે. મારાથી એ ન થાય. એટલે હું ગૂંગળાયો હતો, ધૂંધવાતો હતો, જંગલમાં પેલા પથ્થરમાં મને તારું દર્શન થયું, મને રસ્તો જડયો, અને મને થયું કે દીન જનોના ઉદ્ધારનું મુહૂર્ત આજ છે એટલે તને બોલાવી છે. તારી અહીં સ્થાપના કરીશ. તારે લાયક અહીં મંદિર ચણીશ, દુનિયાભરના લોકોને આમંત્રણ આપીશ. તેઓ તારું દર્શન કરશે, એમના હૈયામાં ભક્તિનો ઉદય થશે, જીવનરહસ્ય તેઓ સમજશે, અને પછી માણસને માણસ તરીકે, ભાઇ તરીકે તારા ભક્ત તરીકે, ઓળખતા શીખશે. મારી પ્રાર્થના છે કે એ કાર્ય અખંડ કરતા રહેવા માટે, હે ભુવનેશ્વરી, તારે અહીં જ વિરાજમાન રહેવું"

દેવીએ પ્રસન્ન થઇને કહ્યું: "તથાસ્તુ. પણ તારે મારી પાસેથી કાંઇ વર નથી જોઈતો?"

"કેમ નહિ, માતા, મારે જરૂર એક વર જોઇએ છે. તારે દર્શને આવનારા લોકો તારો આવિષ્કાર કરનાર મને ભૂલી જાય, મારું નામ શું હતું તે શોધવા ન બેસે, મારે કારણે તારા દર્શનમાં વિક્ષેપ ન આવે એટલું જ હું માગું છું."

દેવી મૂંઝાઈ, એના હોઠ ચાલે નહિ. વર બ્રુહિ કહ્યાનો જાણે એને પશ્ચાતાપ થયો. પણ તરત જ ફરી પ્રસન્ન થઇ એણે કહ્યું: "તથાસ્તુ". એટલું કહ્યું અને દેવીએ એ મૂર્તિકારને ઊંચકી પોતાના હૃદયમાં સમાવી દીધો. "મારાથી તું ભિન્ન રહી જ ન શકે. મારી સાથેનો અભેદ એ જ મારું તને વરદાન છે. હું આ પથરામાં આવૃત હતી, લુપ્ત હતી, સુપ્ત હતી. તેં મારો આવિષ્કાર કર્યો, હવે હું તને મારા હૃદય સાથે સાયુજ્યતા આપું છું. તેં મને દેહ આપ્યો, હું તારો દેહ છીનવી લઉં છું. લોકો મારી મારફતે તને જ જોશે. તારામાં અને મારામાં હવે ભેદ રહ્યો જ નથી."

ઝાડ ઉપર બેસી જેમ પક્ષીઓ દુનિયાને નિહાળે છે તેમ એક કવિએ આ બધી અદ્‌ભુત ઘટના જોઇ લીધી.

અને પ્રાતઃકાળે જેમ પક્ષીઓને વાચા ફૂટે છે તેમ એ ગાઇ ઊઠયો: "મૂર્તિકારનાં હૈયામાં મૂર્તિ જન્મી, એ મૂર્તિની સ્થાપના મૂર્તિકારે પથરામાં કરી, અને પથ્થર બનેલી જનતાને હૈયું મળ્યું. ધન્ય એ મૂર્તિકાર! ધન્ય એ મૂર્તિ! અને ધન્ય એમનો એ અભેદ! ધન્ય હું કે એ આખી પ્રક્રિયા જોઈ શકયો! ભગવતી સરસ્વતી! મને પણ આ અભેદમાં ડૂબવા દે, આ મૂર્તિ આગળ મારું ગાયન ચાલ્યા જ કરે અને એ દિવ્ય રાગની અંદર હું અલોપ થઇ જાઉં એટલે આ બધું જોયાનું સાર્થક થયું."

આજે પણ એ મૂર્તિ આગળ એ જ રાગ ગવાય છે. છતાં એ ગાયન કોણે રચ્યું? એ રાગ કોણે છેડયો? એ કોઈ જાણતું નથી. ભેદનાં તત્ત્વો ભુલાઇ જજો! અભેદનો વિજય થજો! અભેદ એટલે જ પ્રેમ, અભેદ એટલે જ ચૈતન્ય, અભેદ એટલે જ એકની અનંતતા. — **કાકા કાલેલકર**

सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरई।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

સપ્ટેમ્બર, ૩૦ ૧૯૩૯


## આચાર પુનર્વિધાન

[ નીચેનો લેખ શ્રી. ઇન્દુમતિબહેનના મારી ઉપરના એક પત્રમાંનું અવતરણ છે. તેમાં રહેલા ઉપયોગી અને દિશાસૂચક વિચારો જાણવાથી મને જે લાભ મળ્યો તેના 'પ્રબુધ્ધ જૈન'ના વાંચકોને ભાગીદાર બનાવવાની ઇચ્છાથી તેમના પત્રનો એ વિભાગ પ્રગટ કરવાની મેં તેમની પાસે રજા માગી. તેમણે મને બહુ સંકોચપૂર્વક પરવાનગી આપી. આ માટે તેમનો ઉપકાર માનતા આ પત્રનું પ્રકાશન તેમનો સંકોચ છોડાવે અને તેમના સંયમપ્રધાન વિચાર અને વાણીનો સમાજને તેઓ વિશેષ અને વિશેષ લાભ આપતાં થાય એમ હું ઇચ્છું છું અને તેમની પાસે માગુ છું. **પરમાનંદ** ]

ધર્મના કે સમાજના ગમે તે આચારો માટે વિચાર કરતાં મને લાગે છે કે મનુષ્યસ્વભાવ તરીકે કોઈ પણ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા આચાર તો જોઇશે જ. આચારથી એક જાતની માનસિક સ્થિરતા થાય છે. મેમાનની અમુક સન્માનવિધિ નક્કી થયેલી હોય છે તેથી દર વખત આપણે આપણી બુદ્ધિથી અને લાગણીથી તોલ માપ નથી કરવું પડતું અને એ રીતે ઘણી શક્તિનો સંગ્રહ થાય છે, પણ એ આચાર સાથે પાપપુણ્યની અને એના ભયની જે કલ્પના છે તે મને ખરેખરી ભયંકર લાગે છે. એ જો કાઢી નાખી શકીએ તો આચાર તો બહુ ગૌણ વસ્તુ છે. આપણે જૂના આચાર કાઢી નાખીએ કે ન કાઢીએ પણ એ નષ્ટ થતા આજે આપણે જોઇએ છીએ. મને ખાસ જરૂરી અત્યારે જૂના આચાર કાઢવાનું કામ નથી લાગતું, પણ નવા આચાર સ્થાપિત કરવાનું લાગે છે. જૂના આચાર કાઢવાની વાતને યુવકો વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ટેકો આપે છે, કારણ કે એ સહેલું છે. નવા આચાર કયા જોઇએ, કેમ જોઇએ એ આજે આપણે વિચારવાનું છે. એક મેં ક્યાંક વાંચેલું કે બહારના બંધન જાય એ સ્વતંત્રતા નથી, પણ મનની અંદરથી નિયમન ઊભું થાય એ ખરું સ્વાતંત્ર્ય છે અને એ જ્યાં સુધી વ્યક્તિગત ઊભું ન થાય ત્યાં સુધી સમાજના વિચારકોએ દેશકાળ પ્રમાણે એ ઘડવા જોઇએ અને એ સ્વીકારાવવા આગ્રહ કરવો જોઇએ. તેથી આજે જ્યારે હું રાત્રિભોજનનો કે પ્રતિક્રમણનો કે ફરજિયાત પૂજાનો વિરોધ સાંભળું છું ત્યારે મને એમ થાય છે કે એ બધું એ સમયના લોકો કાંઇક શ્રમ અને વિચારથી ઘડી ગયા હતા અને એમણે એ ઘડવામાં શક્તિ ખર્ચી હતી. આજે દેશકાળના ઘસારાથી એ તૂટવા માંડ્યા છે અને એ યોગ્ય જ છે. પણ આપણે પણ શું આપણી શક્તિ એ જતી વસ્તુને વિદાય દેવામાં ખર્ચીને સંતોષ માનીશું? એમાં શક્તિનો ખર્ચ ઓછો છે અને દેખાવ વધારે છે. જે જૂના લોકોએ આ વિધિનિષેધો રચેલા તે લોકસંગ્રહને અર્થે અને તે વખતના પુનર્વિધાન માટે ઘડેલા. એટલે એમના સાચા વારસ થવા આપણે એ નષ્ટ થતી વસ્તુઓની જગા પૂરે અને વ્યક્તિ અને સમાજ બન્નેનું હિત જાળવે એવા આચારો સમજપૂર્વક ઊભા કરવા જોઇએ. આ નવાઆચારો કેવા જોઇએ તે તો મને લાગે છે ત્યાં સુધી પૂ. ગાંધીજીએ બતાવ્યું છે. અને એ નહિ તો બીજા પણ આચારો આપણા સુધારકોએ–નેતાઓએ ઘડવા ઘટે. અને એ વિચારો યુવક અને વિદ્યાર્થીવર્ગ સૌથી પહેલાં અપનાવે તે માટે કામ કરવાની જરૂર રહેશે. એ આચારોમાં કાંઇક શ્રમ પડે એવું અવશ્ય જોઇશે. અને એવી વાત વિદ્યાર્થીને કે યુવકને માન્ય કરાવવા માટે તેમના ખૂબ સંસર્ગમાં આવવું પડશે. તેમને સમજાવવા પડશે. એ વસ્તુ સાચી છે એમ એમને પ્રતીતિ કરાવવી પડશે. નહિ તો એ તો જૂના આચાર જેવું ને જેવું જ થાય. કાંતો યુવક એને જ સ્વીકારે નહિ અથવા બળજબરીથી તેને માથે ઠોકી બેસાડવા પડે. પણ એ સ્વેચ્છાથી સમજપૂર્વક કાંઇક સ્વીકારે એ એક કામ યુવક અને વિદ્યાર્થીવર્ગના આગેવાનનું રહે અને એ પહેલાં કયા નિયમો કે આચાર કર્યા હોય તો બધી જાતની જરૂરિયાતને પહોંચી વળે એ પણ આગેવાનોએ જ વિચારપૂર્વક નક્કી કરવાનું રહે.

**ઇન્દુમતી ચી. શેઠ**

## સામયિક સ્ફુરણ

**યુરોપીય વડવાનળ**

યુરોપીય વિગ્રહ શરૂ થયાને આજે લગભગ એક માસ થવા આવ્યો. આજથી એક માસ પહેલાં લડાઇ થશે કે નહિ તે વિષે દુનિયાભરના માનવીઓ તરેહ તરેહના તર્કવિતર્કો કરી રહ્યા હતા. આજે તો નરબલિ શરૂ થઈ ગયો છે અને હજારો માનવીઓની આહૂતિ અપાઈ રહી છે. પ્રારંભમાં એક બાજુ જર્મની હતું અને બીજી બાજુ ઇંગ્લાંડ અને ફ્રાંન્સ હતાં. પોલંડ પણ જર્મની સામે જ હતું પણ તેનું વિશેષ મહત્વ હતું જ નહિ. કારણ કે હર હિટલરના કહેવા મુજબ તેનો તો એક યા બીજા પક્ષે નાશ જ થવાનો છે. અને ખરેખર આજે એ જ પરિણામ આવ્યું છે. જર્મનીએ પોલાંડ ઉપર ભીષણ આક્રમણ શરૂ કર્યું અને કેટલોક ભાગ હસ્તગત કર્યો એવામાં પૂર્વ બાજુએથી રશીઆએ પોલેન્ડ ઉપર હલ્લો કર્યો. પરિણામે આજે પોલાંડ બે વરુઓ વચ્ચે વહેંચાઈ રહ્યું છે અને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે હાલ તુરત માટે તો પોલાંડનો નાશ થયો છે.

આજની દુનિયામાં કદી ન કલ્પવામાં આવે એવી બિનાઓ બની રહી છે અને તેથી આજે યુધ્ધના ભાવી કે આયુષ્ય વિષે કશી અટકળ બાંધી શકાતી નથી. જર્મની અને રશીઆને બાપે બાંધ્યા વૈર–એ તો કદી જોડાઈ શકે જ નહિ–આ માન્યતા ઉપર ઇંગ્લાંડ અને ફ્રાન્સ નિર્ભર સૂતાં હતા. એવામાં જર્મની અને રશીઆએ અનાક્રમણ સંધિ કરીને સૂતેલા જગતને–સૂતેલા ફ્રાંન્સ અને ઇંગ્લાંડને–સખત આંચકો આપ્યો અને ભયંકર ભાવીની આગાહી આપી. ત્યારબાદ એવી માન્યતા પણ બહુજનસ્વીકૃત હતી કે રશીઆએ જર્મની સાથે ભલે પરસ્પર સંધી કરી, પણ રશીઆને પારકા દેશની જમીનની એક તસુ

પણ કદી ખપે નહિ. રશીઆ એટલે કે કોઇએ કોઇ દેશ ઉપર આક્રમણ કરવું નહિ અને દરેક દેશે સ્વાયત્ત અને સ્વાધીન રહીને દુનિયાની શાન્તિ અને પરસ્પર વ્યવહારને પોષવા અને ટેકાવવા. એ જ રશીઆએ આજે એ નીતિ—એ ટેકનો ત્યાગ કર્યો અને આગળથી નક્કી કર્યા મુજબ પોતાની બાજુએથી પોલાન્ડ ઉપર આક્રમણ કરીને પોલાન્ડની સ્વાધીનતા નાશ કરવામાં પોતાનો ફાળો ભરપાઇ કર્યો.

હજુ આમ બનવા છતાં પોલાંડની સ્વતંત્રતા અને સ્વાધીનતા રક્ષવાનું પણ લેનાર ઇંગ્લાંડ અને ફ્રાન્સ મૂગે મોઢે આ બધું જોઈ રહ્યું છે અને રશીઆ પણ ન્યાય નીતિ અને તટસ્થતાનો સ્વાંગ પહેરીને પોલાંડની વહેંચણીનો પ્રશ્ન જર્મની સાથે ચર્ચી રહ્યું છે. પણ આજ કરતાં આવતી કાલ વધારે ભયાનક દિસે છે; પોલાંડનો ટુકડો મેળવીને રશીઆ શાન્ત અને તટસ્થ બેસી રહે એમ માની શકાતું નથી. અને અનાક્રમણની વાતો કરી કરીને આક્રમણના જ માર્ગે રશીઆ જર્મનીનું સહપ્રવાસી બને તો ઇંગ્લાંડ અને ફ્રાન્સને કાં તો નામોશી ભરી સુલેહ સ્વીકારી લેવી પડે અથવા એકને બદલે બે દૈત્ય સાથે બાથ ભીડવી પડે અને એ પ્રસંગ આવે એટલામાં ત્રીજો દૈત્ય ઊભો નહિ થાય એમ પણ કેમ કહી શકાય? આ રીતે ભાવી ભારે ભયાનક અને બીષણ દિસે છે, અને આજે પ્રજ્વલિત થયેલા યુરોપીય વડવાનલની અગ્નિશિખા ભારતવર્ષને પણ ઘેરી લેશે એવો ભય રહે છે.

## રાષ્ટ્રીય મહાસભાનું સરકારને કહેણ

આજે ઉદ્‌ભવ પામેલા યુરોપીય વિગ્રહ પરત્વે રાષ્ટ્રીય મહાસભાનું શું વલણ હોઇ શકે એ સંબંધે જે દિશાસૂચક લાંબો પ્રસ્તાવ રાષ્ટ્રીય મહાસભાની કાર્યવાહક સમિતિએ કર્યો છે તેનો સાર એ છે કે પોલેન્ડને બચાવવાનો દાવો કરનાર ઇંગ્લાંડ અને ફ્રાન્સ પ્રત્યે રાષ્ટ્રીય મહાસભાની સંપૂર્ણ સહાનુભૂતિ છે એમ છતાં પણ ઇંગ્લાંડને જો હિંદુસ્તાનનો રાષ્ટ્રીય મહાસભાનો સહકાર જોઇતો હોય તો પરરાષ્ટ્રની સ્વતંત્રતા ખાતર લડાઇનો દાવો કરનાર દેશે પોતાને સ્વાધીન દેશને તો સ્વતંત્ર બનાવવો જ જોઇએ. સહકાર તો સ્વતંત્ર હિંદ જ આપી શકે. પરતંત્રતાની ગુલામી ભોગવતા હિંદના સહકારનો કશો અર્થ નથી. વળી આ સ્વતંત્રતા હિંદને આજે ને આજે કોઇ ને કોઇ વિશ્વાસનીય આકારમાં મળવી જોઇએ. ખાલી ઉદ્‌ઘોષણા કે જાહેરનામાઓ આજના હિંદને સંતોષી શકશે નહિ. આ ઠરાવ સરકારને રાષ્ટ્રીય મહાસભાનું કહેણ છે; સરકાર આ કહેણનો શું ઉત્તર આપે છે એની રાહ જોવાય છે. જે કાંઇ સહકાર આપવામાં આવે એ બિનશરતી હોય એમાં આપણી વધારે શોભા છે એમ કેટલાકનું માનવું છે. આ શોભા જાળવવાનો અખતરો આપણે છેલ્લા વિગ્રહમાં સારી પેઠે કરી જોયો અને આપણને તેના બદલામાં મોટી મોટી આશાઓ અને મોટા મોટા વચનો અપાયલા એ પણ આપણે જાણીએ છીએ. એમ છતાં સરવાળે આજે આપણે લગભગ જ્યાંના ત્યાં જ છીએ એમ છેલ્લા પચ્ચીસ વર્ષના ઇતિહાસ ઉપરથી આપણે કહીએ તો તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. કેટલાક એમ કહે છે કે કોંગ્રેસ સહકાર નહિ આપે તો પણ સરકારને આ દેશમાંથી જે જોઇએ છીએ તે તો તે મેળવી શકવાની જ છે, આ દેશમાં શું ન બને તે કહી શકાય જ નહિ, તેથી સંભવ છે કે સરકારને અપેક્ષિત સર્વ કાંઇ આ દેશમાંથી મળી રહે પણ જે સંસ્થાને માથે આખા દેશને આઝાદી પ્રાપ્ત કરાવવાની જવાબદારી રહેલી છે તેણે તો દેશને સાચી દોરવણી આપવાની જ રહી. એ દોરવણીને દેશ માન્ય ન રાખે અને પરિણામે આવતી આઝાદી દૂર જાય તો તેનો દોષ દોરવણી આપનાર રાષ્ટ્રીય મહાસભાનો નહિ ગણાય પણ દેશની કિંકર્તવ્યમૂઢ આમજનતાનો ગણાશે.

## જમાલભાઇનો જુદો ચોતરો

જ્યારે રાષ્ટ્રીય મહાસભા સરકારને પ્રજાનો સાચો સહકાર જોઇતો હોય તો દેશને સત્વર સ્વતંત્ર અને સ્વાધીન બનાવવાનું આહ્વાન કરે છે ત્યારે તે જ અરસામાં મળેલ 'ઓલ ઇન્ડીઆ મુસ્લિમ લીગ' શું માંગે છે? તેને તો પોતાના કોમી હક્કો સિવાય બીજા કશાની પડી નથી. તે એમ માગે છે કે જો સરકારને મુસલમાનોનો સહકાર જોઇતો હોય તો જુદા જુદા પ્રાંતોની કોંગ્રેસ સરકાર મુસલમાન કોમ ઉપર જે અત્યાચાર (!) કરી રહેલ છે તે અટકાવવા માટે ગવર્નરોએ પોતાને મળેલી ખાસ સત્તાઓનો તુરત જ ઉપયોગ કરવો. વિશેષમાં તે સ્વરાજ્ય કે સંપૂર્ણ સ્વાતંત્ર્યની જરાપણ માગણી કરતી નથી, પણ એમ જણાવે છે કે મુસ્લિમ લીગની સંમતિ મેળવ્યા સિવાયની રાજ્ય બંધારણને લગતી કોઇપણ જાહેરાત સરકારે કરવી નહિ. એટલે કે એ સંમતિ વિનાનું સ્વરાજ્ય તેમને સ્વીકાર્ય બનશે નહિ. સરકાર કશું ન આપે તેનો તેને વાંધો નથી પણ જો સરકાર કાંઇ પણ આપે તો મુસ્લિમ હક્કોને લગતી માગણીઓની ઝોળી સૌથી પહેલી ભરાવી જ જોઇએ. કમનસીબ દેશની કમનસીબી ખરેખર ચિરંજીવ છે. જ્યારે એકત્ર બનીને સ્વરાજ હાંસલ કરવાનો અવસર સામે આવીને ઊભો છે ત્યારે જ જુદોજ સૂર કાઢવો એ મુસ્લિમ લીગ અને તેના આગેવાન મહમદઅલી ઝીણાની વિશેષતા છે. આની અંદર લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા જવાને બહાને લક્ષ્મીને વિદાય આપવા સિવાય બીજું શું છે? મુસ્લિમ લીગની આ મનોદશા સમસ્ત મુસ્લિમ કોમની મનોદશાનુંજ પ્રતિબિંબ હોય તો ખરેખર આપણું ભાવી ભારે અમંગળ દિસે છે. પરમેશ્વર સૌ કોઇને સન્મતિ આપે અને અણીને વખતે આપણ સર્વને એકત્ર બનાવે!

## ગાંધી જયન્તી

ઓકટોબર માસની બીજી તારીખે આખો દેશ મહાત્મા ગાંધીજીની જન્મજયન્તી ઉજવશે. કોઇ પણ મહાપુરુષની જન્મજયન્તી ઊજવવી એટલે તેમના ગુણવિશેષનું સ્મરણ કરવું અને તેમણે જે કરવાનું કહ્યું હોય તેને આચારમાં ઉતારવાનો બને તેટલો પ્રયત્ન કરવો. ગાંધીજી આજના જગતનો યુગપુરુષ છે ને તેમણે અહિંસાને સાંપ્રદાયિક બેડીમાંથી મુક્ત કરીને વિશાળ જગતના વિકટ પ્રશ્નો સાથે જોડી દીધી છે અને આજના કોયડાઓનું જુદું જ સમાધાન રજૂ કર્યું છે. હિંસાઘેલી આજની જગજનતા અહિંસાની વાતોને હસે છે પણ આ લોકોત્તર પુરુષ અડગ શ્રદ્ધા અને અણનમ ટેકથી અહિંસા ઉપર ઉપર ઊભો છે અને જગતને ખૂણે ખૂણે અહિંસાનો ઉદ્ધારક મંત્ર પાઠવી રહ્યો છે. તે મહાપુરુષ આપણી પાસે માગે છે કે પોતાનો જન્મદિવસ ઉજવાય તેનો તેમને જરા પણ મોહ નથી એમ છતાં પ્રજાને જો ખરેખર તેમના જન્મનું ઉદ્યાપન કરવું હોય તો તેઓ ચરખો કાંતે, ખાદી વાપરે, હરિજનો માટે મંદિરો ખુલ્લાં કરે, મદ્યનિષેધને મદદ કરે, હિંદુ-મુસલમાનની એકતાનું સમર્થન કરે. ગાંધી જયન્તી અંગે ખાદી-સપ્તાહ ગોઠવાય છે અને એ દરમિયાન ખાદીની હૂંડીઓ વેચવાનો ગાંધી સેવાસંઘ તરફથી કાર્યક્રમ યોજવામાં આવે છે.

આ હૂંડીઓ બને તેટલી ખરીદવા અને બને તેટલી વેચી આપવા ગાંધીજી વિષે પૂજ્યભાવ ધરાવતા 'પ્રબુદ્ધ જૈન'ના વાચકોને પ્રાર્થના કરૂં તો અસ્થાને નહિ ગણાય.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

છેલ્લા 'પ્રબુદ્ધ જૈન'માં જે જાહેરાત કરવામાં આવી હતી તે મુજબ આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા સારા સારા વ્યાખ્યાતાઓના સહકારથી સાંગોપાંગ પાર ઊતરી છે. આ પ્રકારની વ્યાખ્યાનમાળા મુંબઇના તેમજ અમદાવાદના જૈન યુવક સંઘની સ્થાયી પ્રવૃત્તિ બની ગઇ છે. જીવનને સ્પર્શતા કેવા કેવા વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાનો આપવામાં આવે છે તે મુંબઇની વ્યાખ્યાનમાળા કે અમદાવાદની વ્યાખ્યાન-માળાની વિગતો જોવાથી સહજ માલુમ પડે તેમ છે. પર્યુષણ એટલે જીવનસંશોધન. ઉપાશ્રયોમાં અપાતાં પર્યુષણ વ્યાખ્યા-નોમાં નથી હોતી વિવિધતા કે નથી હોતો જીવનસંસ્પર્શ. એક જ ઢબના અને અનેક બિનજરૂરી વાતોથી ભરેલાં વ્યાખ્યાનોમાં હવે જૈનજનતાને રસ રહ્યો નથી. રૂઢિપ્રેર્યા તેઓ આ વ્યાખ્યાનો સાંભળવા જાય છે અને ગયા તેવા જ ખાલીના ખાલી પાછા આવે છે. પર્યુષણનો આશય જળવાય અને સમાજમાં વિચારજાગ્રતિ પોષાય એવી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની ગોઠવણી જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં અનુકરણ કરવા યોગ્ય છે.

આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિનો પ્રારંભ પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીના આશીર્વાદ અને પ્રેરણાથી થયો છે. ગયે વર્ષે તેઓ નાદુરસ્ત તબિયતના કારણે મુંબઈ આવી શકયા નહોતા. આ વર્ષે આખી વ્યાખ્યાનમાળાનું સૂત્રધારણ તેમણેજ કર્યું છે. જે સમાજ આવા ઋષિજનને પોતાના ગણવાનો દાવો કરી શકે છે તે સમાજ ખરેખર ધન્ય છે. કાકાસાહેબ કાલેલકરની પણ મુંબઈ જૈન યુવક સંઘ ઉપર એક સરખી કૃપા વરસ્યા જ કરે છે. જ્યારે બોલાવો ત્યારે તેઓ હાજર જ હોય. જે માગો તે આપવાને તે તૈયાર જ હોય. 'પ્રબુદ્ધ જૈન' તેમની આર્ષ-વાણીથી ભાગ્યે જ વંચિત હોય. આ વ્યાખ્યાનમાળામાં પણ તેમનાં બે વ્યાખ્યાનો હતાં અને તે પ્રસંગે વ્યાખ્યાનસભા ચિક્કાર ભરાયલી હતી. પંડિત દરબારીલાલજીની વાણીચમત્કૃતિ ઉપર મુંબઇની જૈનજનતા મુગ્ધ છે, તે જેટલા સ્વતંત્ર વિચારક છે તેટલું જ સ્વામિત્વ તેઓ વાણી ઉપર ધરાવે છે. અસ્ખલિત વાક્પ્રવાહ, ચિત્રવિચિત્ર સચોટ દ્દષ્ટાન્તોનો છંટકાવ, નિશ્ચય અને વ્યવહારનો અપૂર્વ સમન્વય આ સર્વ તેમના જ છે. તેમનાં પણ બે વ્યાખ્યનો હતાં. આ સિવાય અન્ય વ્યાખ્યાતાઓએ પણ શ્રોતાઓને વિધવિધ વિચારસામગ્રી પૂરી પાડી હતી. મુંબઇ જૈન યુવક સંઘ એ સર્વનો ખરેખર ખૂબ ઋણી છે.

## એક ભૂલનો સુધારો

ગયા અંકમાં શ્રી. લક્ષ્મીચંદ ચોરડીઆના સંબંધમાં એક નોંધ આપેલી છે તેમાં 'ચોરડીઆના સ્થાને છાપણીની ભૂલથી 'બોરડીઆ' છપાયું છે તેને માટે તેમની હું ક્ષમા માગું છું. તેઓ હાલ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના સુપ્રીન્ટેન્ડન્ટ તરીકે સેવા ભાવે કામ કરે છે અને પોતાનો ચિત્રકળાનો અભ્યાસ આગળ કેમ વધારવો તેની ચિન્તા કરી રહ્યા છે.

**પરમાનંદ**

# જ્ઞાતિ અને તેના પેટા વિભાગો

સકળ માનવ સમાજનો વિચાર હાલ તુરત બાજુપર રાખીએ પણ નાની નાની જ્ઞાતિઓ–તડાં–શા માટે અને કેમ પડે છે તેનાં કેટલાંક કારણો પ્રથમ વિચારીએ:

(૧) જ્ઞાતિની મિલકતના વહીવટમાંથી જાગેલા કલહો.

(૨) જ્ઞાતિમાં વ્યકિતગત કલહોએ લીધેલું સામુદાયિક સ્વરૂપ અને તેમાંથી પડેલા પક્ષો.

(૩) લેતી દેતીના વ્યવહારમાં પેસેલી અનિશ્ચિતતા અને અસજનતા.

(૪) રંક ને તવંગર કે જૂના અને નવા વિચારવાળાનું સંઘર્ષણ અને તેથી ભિન્ન ભિન્ન થયેલા માર્ગો.

(૫) ધાર્મિક માન્યતાઓની ભિન્નતા.

(૬) ગરીબ કે ગામડિયા વર્ગને કન્યા મેળવવા માટે પડતી મુશ્કેલીઓના નિવારણના હેતુથી તથા કન્યાવિક્રય જેવા સામાજિક બગાડાઓ અટકાવવના હેતુથી લીધેલી ક્ષેત્રની મર્યાદાઓ.

ઉપરના અને એના જેવાં કારણોએ નાનકડી જ્ઞાતિઓમાં પણ પેટાજ્ઞાતિઓ, ગોળ કે તડાં જન્મે છે. આ કારણોમાં યોગ્ય અને અયોગ્ય બન્ને કારણો સમાયેલા છે. પણ તેના નિવારણ માટે યોગ્ય ઉપાયો યોજવાને બદલે ગોળ કે તડાં સ્થાપવા જેવાં ઊંધા ઉપાયો યોજવાથી શુભને બદલે અશુભ પરિ-ણામ આવે છે અને આવ્યું છે. પહેલાં પાંચ કારણો તો કેવળ શુભાશય રહિત અને અજ્ઞાનમુલક હોવાથી તેનો વિચાર કરવાનું રહેતું નથી. પણ છેલ્લા કારણમાં કાંઇક શુભ હેતુ છે; જ્ઞાતિ રક્ષાની ભાવના છે; ખરાબો અટકાવવાનું લક્ષ્ય છે એટલે તેનો વિચાર કરીએ અને તપાસીએ કે જે હેતુથી ગોળ કે તડાનો ઉપાય યોજવામાં આવ્યો છે તે હેતુ તેનાથી સરે છે? ઉપાય કાર્યસાધક અને વ્યાજબી છે?

આધુનિક જ્ઞાતિવ્યવસ્થામાં કે ગોળમાં એક માત્ર કન્યાની લેવડદેવડ એજ એક મહત્વનો અને જ્ઞાતિનું અસ્તિત્વ ટકાવી રાખનારો વ્યવહાર છે. બાકી તો જીવનના બીજા બધા વ્યવહારો તો ગમે તે ઇતર જ્ઞાતિ સાથે થઇ શકે છે એટલે જ્ઞાતિ સંસ્થામાં કે જ્ઞાતિનીયે પેટા જ્ઞાતિમાં લગ્નના બન્ને પાત્રો વર–કન્યા સ્ત્રીપુરુષનું હિત કેટલું સધાયું છે કે હણાયું છે તે જોવું રહે છે. એક તો આધુનિક લગ્નપધ્ધતિ જ મૂળે ખામી ભરેલી છે. પરણનારે સ્વભાવનાને બાજુએ મૂકીને અન્યની પસંદગી કે સંકીર્ણ ક્ષેત્રને કારણે ગમે તેવી પસંદગી સ્વીકારી લઇને મને કે કમને જોડાવું પડે છે. આ સ્થિતિ જ જબ્બર પરિવર્તન માગી રહી છે. પાત્રોની પસંદગી માટે મળતી સગવડતા કે સમય, ભાવનાને મળવું જોઇતું પ્રાધાન્ય, સામાજિક કાયદામાં કે રાજ્યના કાયદાઓમાં પોષાતો પક્ષપાત વગેરે બાબતો વિષે આજે જ્યારે જોરશોરથી પોકાર થઇ રહ્યો છે ત્યાં નાનકડી જ્ઞાતિઓમાંયે પેટાજ્ઞાતિઓ કે તડાના કેદખાનાંઓ કઇ રીતે હિતકર કે બંધબેસતા હોઇ શકે એ એક યુગનો પ્રશ્ન છે,

### ગોળ બંધાયા પહેલાં કે જ્યારે ક્ષેત્ર વિશાળ હતું ત્યારે—

(૧) કોઇ કોઇ કન્યાઓ વેચાતી અને પ્રાંત બહાર તદ્દન અજા-ણ્યામાં પરણાવાતી.

(૨) કોઇ કોઇ સાધન વગરના, શકિત વગરના, કેળવણી કે જુથ્થ વગરના મુરતિયા અવિવાહિત રહી જતા. ગામડાંઓને આ બાબતમાં વધારે સહન કરવું પડતું.

(૩) વર કન્યા બન્ને માટે પસંદગીનું ક્ષેત્ર વિશાળ રહેતું એટલે ખાસ કાળજી રાખવામાં આવે તો અતિ ભયંકર કજોડાં થવાનો અવકાશ નહોતો.

(૪) વિશાળ ક્ષેત્રને કારણે કોઈપણ સ્થળે વર કે કન્યાની સંખ્યા અતિ વધી કે ઘટી ન જતાં સમતોલ રહેતી.

(૫) ગરીબ કે સાધારણ મુરતિયાઓ પણ ઘરબારી થવા માટે લાયકાત કેળવતા, યોગ્ય બનતા. નહિ તો કન્યા મેળવવાનું મુશ્કેલ બનતું.

(૬) મોટી ઉમરના લગ્નો માટે ખાસ પ્રતિબંધ નહોતો પણ એક પૈસાના લોભને બાદ કરતાં પણ મુરતિયાની અછતના કારણે જ કોઈ વૃદ્ધ કે મોટી વયના માણસ સાથે કન્યાને નહોતું પરણવું પડતું.

## અને ઘોળ બંધાયા પછી—કે જ્યારે નાનકડું ક્ષેત્ર વધુ નાનું બન્યું—ત્યારે

(૧) કન્યાવિક્રય ઠીક ઠીક પ્રમાણમાં દેખીતી રીતે શહેરોમાં બંધ થયો. પણ ગામડાંમાં હજુપણ થઇ રહ્યો છે. ઉપરાંત વરવિક્રયની એક વધુ વિકૃતિ એક યા બીજા સ્વરૂપે દાખલ થઇ તે વધારામાં.

(૨) લાયક કે નાલાયક, પેટ ભરવાની શકિતવાળા કે શકિત વગરના, તદ્દન નિરોગી કે અરધા અરધા માંદલા પણ શહેરમાં વસનારા સહેલાઇથી ઘરબારી થઇ શકે છે. જ્યારે ગામડાંની ફરિયાદ તો હજુ જેવી ને તેવી ઊભી જ છે. ગામડીઆઓ ગામડાં તજી માત્ર વ્યવહાર ખાતર જ શહેરમાં જતા રહે છે.

(૩) ક્ષેત્ર સંકુચિત થતાં મુરતિયાની તાણને લીધે વયના અને ગુણના ખૂબ કજોડાં થવા માંડયા છે.

(૪) સહેલાઇથી કન્યા મળી શકતી હેવાથી સાધારણ રોટી રળવા ઉપરાંત કોઇ વિશેષ પ્રકારની કેળવણી આપવાની શકિત કેળવવાની દરકાર મા બાપ કે યુવાનોને પોતાને નથી રહેતી.

(૫) વધુ ભણેલી કન્યાને, સંકુચિત ક્ષેત્રમાંથી તેના લાયક મુરતિયો નહિ મળે એવી બીકથી માબાપો કન્યાને વધુ ભણાવતા નથી કે કન્યાઓ ભણતી નથી. અને ભણે છે તો લાયક મુરતિયો મેળવવાની મુશ્કેલી મૂંઝવે છે.

(૬) મુરતિયાની અછતના કારણે મોટી ઉમરના માણસો પણ પસંદગી પામી જાય છે.

(૭) ઉપરની પરિસ્થિતિના પરિણામરૂપે ઘોળવાળા પ્રદેશમાં વિધવાની સંખ્યા હમેશાં વધારે જોવામાં આવે છે

(૮) આવા પ્રદેશમાં કદાચ પુનર્લગ્નની છૂટ હોય તોપણ જ્યાં કુંવારી કન્યાને વર મળતાં મુશ્કેલી નડે ત્યાં વિધવાને વર ક્યાંથી મળે?

(૯) સ્ત્રી સહેલાઇથી મળતી હોવાથી સ્ત્રી તરફ પુરુષ વર્ગ અમુક અંશે બેદરકાર રહેતો થયો છે. કોઇની માંદી પત્નીના મરણની વાટ ઘણી ઘણી કન્યાના માબાપો જોઇ રહ્યા હોય છે. ઘોળવાળા પ્રદેશમાં બીજવરની સંખ્યા અને પ્રતિષ્ઠા પણ ઠીક ઠીક હોય છે.

આ ઉપરથી એટલું જોઇ શકાય છે કે ઘોળની દીવાલોએ પુરુષજાતિ માટે ફાયદો કર્યો છે તો સ્ત્રીઓ માટે મોટું અહિત કર્યું છે. અમુક અંશે પુરુષોને પણ નુકસાન તો જરૂર પહોંચ્યું છેજ.

કોઇપણ સમાજને પોતાના એક અંગના ભોગે બીજું અંગ સુરક્ષિત રાખવાનો અધિકાર કે હકક નથી. ઘોળે સ્ત્રી જાતનો ભયંકર ભોગ લીધો છે પણ તે બિચારી વાચાદ્વારા તો એ નથી બતાવી શકતી પણ પોતાની અશિક્ષિત સત્વહીન અને દુ:ખદ જીવનદશાદ્વારા કે વિધવા સ્વરૂપે પ્રત્યેક્ષરૂપે બતાવી રહી છે.

ઘોળના અનિષ્ટો કોઇ કોઇ સ્થળે તો એટલા ભયંકર હોય છે કે તેની કલ્પના માત્ર કંપાવી મૂકે તેવી હોય છે.

થોડા વખત પહેલાં એક મિત્રે બે સુંદર કેળવાયેલી અને સંસ્કારી બહેનોને બતાવી. બન્ને બહેનો લગભગ ૧૬ થી ૧૮ વર્ષની વયની હશે. મિત્રે કહ્યું કે મુરતિયા ન મળવાને કારણે આ બન્ને બહેનો દીક્ષા લેવાની છે. અગાઉ પણ ઘણી બહેનોએ એ માર્ગ લીધો છે. લેતીદેતી માટે માત્ર ૧૪ ગામો જ ખુલ્લાં છે અને ઘોળ તોડવા ને બળવો કરવા જેટલું સાહસ નહિ—કે બીજા કોઈ તેને અપનાવી લે તેવી સગવડતા નહિ એમાં મુરતિયાની અતિ તાણ પડે છે. જ્ઞાતિમાં કન્યાનું પ્રમાણ અતિ મોટું છે. સમાજને વિધવાઓ અને જૈન સમાજને સાધ્વીઓ આ જ્ઞાતિએ ઘણી આપેલી છે.

એક ગૃહસ્થને મળવા જતાં તેની સોળ વર્ષની અતિ સ્વરૂપવાન અને ચપળ પુત્રી ચાના પ્યાલા લઇને આવી. તે ગૃહસ્થે ઓળખાણ આપી કે પાંચપાંચ વર્ષની મહેનત પછી આઠ દિવસ પહેલાં જ વેવિશાળ ભાઇ.........ની સાથે થયું છે. અને પખવાડિયામાં લગ્ન છે. હું તાજુબ થયો. જે મુરતિયા સાથે સગપણ થયાનું કહ્યું તે ભાઇને ન પરણવાની મેં અનેક વખત સલાહ આપેલી. કારણ કે તેને ક્ષય જેવું દર્દ હતું. આગલી પત્ની અને પુત્રી તો એ દર્દમાં જ મરી ગયેલાં. આ જાણવા છતાં મુરતિયાની તાણને લીધે તે ગૃહસ્થે પોતાની એકની એક પુત્રીને ત્યાં પરણાવી. કારણ કે ઘોળની મર્યાદા હોવાથી મુરતિયાની તાણ અને ઘોળ તોડવા જેટલી બળવાખોર વૃત્તિ કે શકિતનો અભાવ!

એક જ્ઞાતિના નાનકડા ઘોળને જાણું છું. તેમાં અંદર અંદરના એટલા બધા સંબંધો થાય છે કે એક જ ગોત્રના લોહીના મિશ્રણો ત્યાં થઇ રહેલાં છે. વૈદ્યકીય દૃષ્ટિએ તે ઇષ્ટ નથી. અફસોસ તો એ છે કે આ આખી જ્ઞાતિ લગભગ વૈદોની જ છે. છતાં અજ્ઞાનાન્ધની પેઠે ઘોળ નિભાવી રહ્યા છે. સમસ્ત જ્ઞાતિમાત્ર ૫૦૦ ઘરની છે. પરંતુ પોતાનું ક્ષેત્ર વિશાળ કરવાનું સૂઝતું નથી.

એક એમ. એ. અને ત્રણ બી. એ. થયેલી આવા ઘોળવાસીની કન્યાઓને લગભગ ત્રીસ વર્ષની વય થયાં છતાં મુરતિઆ મળતા નથી, આજે પણ સમાજને શાપ દેતી તે બહેનો ઊભી છે કારણ કે સાહસિક વૃત્તિ કે બળવાખોર માનસ નથી. આ દાખલાથી બીજી કન્યાઓ ભણવાનું માંડી વાળે છે.

(અપૂર્ણ) **વ્રજલાલ મેઘાણી**

## મંગળા

અચાનક મંગળા ખાતી ખાતી અટકી ગઇ, કોળીઓ હાથમાં રહી ગયો, મોઢા પર ગભરાટ છવાઇ ગયો. બાના શબ્દોના ભણકારા કાને ફરીથી અથડાવા મંડ્યા. મંગળાના બા કાશીબેન અને બાપા કરસનદાસ આજે ખૂબ ખીજાઇ ગયા'તાં મંગળાનું માગું છઠ્ઠીવાર પાછું ફર્યું અને એમનાં દુઃખનો પાર ન રહ્યો. છેવટે બને છે એમ દુઃખ ગુસ્સામાં પરિણમ્યું, ને બધાં મંગળા પર ગુસ્સે થયાં. બા બોલ્યાં: "મંગળા, તું મારે પેટ ક્યાં પડી? તારામાં રૂપ નહિ, આવડત નહિ, તને તે કોણ લે? આવડા મોટા વસ્તારમાં તને આવડી મોટીને અમારે તે ક્યાં સુધી ખવડાવવું?" છેવટે બા રડતાં રડતાં બોલી. "હે ઇશ્વર! આ પથરો કેમ ન થઈ?" બિચારી મંગળા હ્રદયમાંથી ઊઠતા આ ભણકારા ફરીથી સાંભળીને રડું રડું થઇ રહી. એને પણ થયું 'હે ભગવાન! હું પથરો કેમ ન થઇ?' અને પાછું એણે ખાવાનું શરૂ કર્યું. થોડીવાર પછી કોળીઓ ફરીથી અળખામણો થઇ ગયો. એને વિચાર આવ્યો: 'પેલો મણિયો હું ભણેલી નથી એટલે મને લેવાની ના પાડે છે. ત્યારે પેલી હંશી વધારે ભણીને શું ઉકાળી કાઢવાની છે?' આમ છતાં એના હ્રદયમાં એક જ ઘડી માટે પોતાને અભણ રાખવા માટે બા તરફ ન સમજાય એવો રોષ પ્રગટ્યો. અને બીજી જ ઘડીએ હ્રદયને શાન્તવન આપવા એ બોલી, 'ભણેલી છોકરીઓ તો વંઠી જાય,' મન લગાર શાન્ત થયું, ખાવાની ઇચ્છા જાગ્રત થઈ ત્યાં તો હ્રદયને કોતરતો બીજો વિચાર આવ્યો, 'પેલી કંચન કેવડા મોટા શેઠને પરણી? હું રૂપાળી હોત તો લાલજી શેઠ ચોક્કસ મને પરણત.' આ વિચારે એને ખૂબ દુઃખી કરી. પોતે રૂપાળી નથી એમાં કોનો વાંક? એને થયું મારું નશીબ કેમ આવું છે! અને એણે થાળી તરફ અણગમાથી જોયું. એને કંઈ વિચાર આવ્યો. છેવટે બધાનો ઉપાય સૂઝી ગયો. એ મનમાં ને મનમાં હરખાઇ. થાળીમાં હતું એટલું બધું પ્રેમથી ખાઇ ગઇ.

સાંજે આખું ઘર સગડીની આસપાસ બેઠું છે. મંગળા પણ ટાઢથી બચવા ત્યાં બેઠી હતી, ત્યાં ગભરાતે ગભરાતે એણે બાને કહ્યું: "બા, હું આપણા ગુરુજી પાસે દીક્ષા લઉં તો!" પહેલાં તો બા ચમકી, દુઃખી થઈ, પણ પછી તરત બોલી: "બેટા, તારા આવા ભાવમાં તે મારાથી વિઘ્ન નખાય? આડી પડું તો સાતમી નરકમાં જ જઉં ને! આવડી નાની ઉંમરમાં આ વૈરાગ્ય માટે મારે તો તને પગે પડવું જોઇએ." મંગળા મનમાં ને મનમાં ફુલાઈ; એને થયું, 'હાશ, હવે ધર્મધ્યાનમાં જીવ પરોવાશે. પેલો મણિયો ના પાડે તો એને ઘેર રહ્યો. હું તો મારે આત્માનું કલ્યાણ કરીશ.'

બે મહિના પછી મંગળા, મંગળા મટીને મંગળાશ્રી બની. ભગવાં કપડાં ને બોડું માથું એની કદરૂપતામાં વધારો કરવા લાગ્યાં. પણ મંગળાને આ કશાની દરકાર નહોતી. એને તો પોતાનું ઘર માડ્યાં જેટલો સંતોષ થયો. મંગળાએ ખૂબ ખંતથી મનને ધર્મધ્યાનમાં લગાડી દીધું. સામાયિક, પડિક્કમણાં અને દેરાં-અપાસરામાંથી એ નવરી જ પડતી નહિ. મણિયો વિસારે પડ્યો, લાલજી શેઠ ભુલાઈ ગયા. એને થયું કે હવે હું ખરી સુખી થઈ.

આમ એક મહિનો તો મંગળાએ ખૂબ આરામમાં ને ધર્મધ્યાનમાં કાઢ્યો. પણ અચાનક એક દિવસ પચાસ સાધ્વીઓના ટોળામાં મંગળા કજિયાનું કારણ થઈ પડી. એનાથી એક સાધ્વીનો મોરિયો ફૂટી ગયો. સાધ્વી લઢવા આવી. મંગળાએ એને શિખામણનાં બે શબ્દો કહેવા પ્રયત્ન કર્યો, ત્યાં તો સાધ્વી એના તરફ ફૂદી ને બોલી, "બેસ બેસ ડાહી, દીક્ષા લીધે તો હજી મહિનો થયો છે ને મને શિખામણ દેવા આવી છો!" તરત બીજી સાધ્વી તરફ ફરી એ કટાક્ષમાં બોલી, "જુઓ તો મોટી રુપાળી! ગર્વ તો સમાતો નથી." મંગળાને સખત આઘાત થયો. કુરૂપતા સાંભરી, પોતાનું નસીબ યાદ આવ્યું અને એક જ ઘડી માટે એને થયું, 'મને લૂલોલંગડો પણ મળ્યો હોત તો.' પણ બીજી જ પળે એને પોતે સાધ્વી છે તેનું ભાન થયું ને એ પડિક્કમણામાં પ્રાયશ્ચિત કરવા બેસી ગઈ.

* * *

આજકાલ કરતાં મંગળાને દિક્ષા લીધે આઠ આઠ મહિના થઇ ગયા છે. એ ધરમધ્યાનમાં વધારે ને વધારે મન લગાડવા મંડી છે. ત્યાં તો એક દિવસ એણે દિલ કંપાવનારો દેખાવ જોયો. એના જેવડી જ એક સાધ્વીને બેસાડીને, એક સાધ્વી એના વાળ ખેંચી રહી હતી. મંગળાનો હાથ એકદમ પોતાના માથાં પર ફર્યો. એ બોડકાં માથા પર બે બે ઇંચ લાંબા વાળ થઈ ગયા હતા. ભવિષ્યના વિચારે મંગળાને કંપાવી. એ ત્યાંથી ખસી ગઇ, પણ છેવટે એ દિવસ આવ્યો. ગુરુજીનો હુકમ થયો કે મંગળાએ લોચ કરાવવો. રોતી અને ના પાડતી મંગળાને એક ઠેકાણે બેસાડવામાં આવી અને એક સાધ્વીએ એના વાળ ખેંચી કાઢ્યા. એ રાત્રે મંગળાને જિંદગી અળખામણી લાગી. આખી રાત પાસેની સાધ્વીએ મંગળાના નિસાસા સાંભળ્યા.

* * *

હજી મંગળા ડગી નહિ. આત્માના કલ્યાણમાં મચી જ રહી. એણે ધર્મનું ભણવાનું શરૂ કર્યું. ખૂબ ખંતથી ભણવા માંડ્યું. પણ એની યાદશક્તિ ખંતની સાથે દોડી શકતી નહોતી. અને આ જ ધર્મે એક દિવસ ભોળી મંગળાના હ્રદયમાં ઝંઝાવાત ઊભો કર્યો. આજે તો મંગળાએ ખુબ જ મહેનત પછી એક ગાથા કરી હતી. ખૂબ હોંશથી ગુરુજીને પાઠ આપવા ગઈ, પણ ગુરુજીની મુખમુદ્રા જોઇને જ એની ગાથા ભુલાઇ ગઇ. ગભરાયેલી મંગળા આમતેમ જોવા મંડી. આ અભણ શિષ્યાથી ગુરુજી કંટાળી તો ગયા'તા જ પણ આજે તો હદ થઇ. એ ઊઠ્યા, કંપતી મંગળા આગળ આવ્યા અને એમના મજબૂત હાથનો ઉપયોગ કરવા માંડ્યા. મંગળા ત્યાં ને ત્યાં સ્થિર થઇ ગઈ. આજે મંગળાને રડવું ન આવ્યું, એને પોતની કરુણતા પર અણગમો ન આવ્યો, પોતાની અભણતા પર તિરસ્કાર ન આવ્યો; એને માત્ર એક જ વિચાર સતાવ્યા કરતો'તો: 'આ બધું શા માટે? આ ધર્મધ્યાન કોના માટે?' છેવટે એ ગોચરી લેવા નીકળી. પણ રાત્રે આવીને બીજી સાધ્વીઓએ ગુરુજીને ખબર આપ્યા કે મંગળાશ્રી આજે ગોચરી લઇને પાછા ફર્યાં જ નથી.

**ચંદ્રા શાહ**

# ઘણું જીવો સેગાંવનો સંત

દબાએલા ભારતવર્ષને ઉત્થાનના પુનિત પંથે લઇ જનાર શેગાંવના સંત, મહાત્મા ગાંધીજીની જયંતિ ભારે સમારોહ-પૂર્વક ઉજવવા દેશભરમાં તૈયારીઓ ચાલી રહી છે. સીત્તેરમા વર્ષની આથમતી સંધ્યાએ ધીમી પણ મક્કમ ચાલે જે પુરુષ દેશને પોતાની રીતે દોરવણી આપી રહેલ છે તે યુગપુરુષ 'બાપુ'ને તેમના જન્મોત્સવ ટાણે અંતરના ભાવભીના અર્ઘ્ય જેટલા આપીએ તેટલા ઓછા છે.

તને કોઇએ 'ગૂજરાતના તપસ્વી' તરીકે વર્ણવ્યો; કોઇએ 'જગતના મહાપુરુષ' તરીકે પ્રશંસ્યો; તેને કોઇએ 'સેતાનના સાધન' તરીકે ગણ્યો કે કોઇએ તેને 'વર્ધાના વંઠેલા'ના ઉપ-નામથી પણ અવમાન્યો. આ સર્વ માનાપમાનમાં જેને સમભાવ છે, સમવૃત્તિ છે એવા પુરુષવર ગાંધીને તેમની ઇક્કોતેરમી જયંતિ ટાણે અનેકાનેક વંદન હો!

હિન્દુસ્તાનના એક છેડાથી બીજા છેડા સુધી પ્રવાસ કરી તેણે ગ્રામીણ જનતાના દુઃખો જોયા છે. એ જોઈ તેનું હૃદય ઘવાયું છે અને તે દુઃખો ફેડવા એ પુરુષે તનતોડ પ્રયત્નો કર્યા છે. આ તેનો કર્મયોગ સુપ્રસિદ્ધ છે.

બિહાર–ઓરીસ્સાની કંગાળ કિસાન સ્ત્રીઓને અર્ધનગ્ન રહેતી જોઇ ઉગ્ર અનુકંપા અનુભવતા એ પુરુષે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી મારી માતા બહેનો પૂરાં અન્નવસ્ત્ર નથી પામતી ત્યાં સુધી મારે માત્ર કચ્છ જ ખપે. એ પુરુષનું આ તપ વિલાયતની યાત્રાના સખત ઠંડા પ્રદેશમાં પણ અચળ રહ્યું છે એ જગત જાણે છે.

એણે લાખ્ખો ભારતવાસીઓના ભાલમાં અસ્પૃશ્યતાનું કાળું કલંક જોઇ ભારે વેદના અનુભવી, ઉપવાસો કર્યા અને વીશ વીશ વર્ષો સુધી જમાનાજૂનો એ અંધકાર ઉલેચવા તેણે પ્રયત્ન કર્યો. હિન્દની નવી પેઢી આજે અસ્પૃશ્યતાની સુગથી મુક્ત થઈ છે–જૂની પેઢીના માણસો પણ એ વિષે સમભાવી બન્યા છે, એ પ્રતાપ પુરુષવર ગાંધીનો જ છે એની કોણ ના કહી શકે તેમ છે?

ચારેક વર્ષ પહેલાનો પ્રસંગ છે. વર્ધાની મગનવાડીમાં કારોબારીના સભ્યો સાથે બાપુજી ચર્ચા કરી રહ્યા છે. તે વખતે એક આમંત્રિત મદારી આવે છે અને સર્પોની વિવિધ જાતો તેમજ તેના ઝેર વિષે બાપુજીને તે માહિતી આપી રહ્યો છે. દરમિયાનમાં મદારીના ટોપલામાંથી એક લાંબ્બો અને વિકાળ સર્પ સરકી જઇને મહાત્માના શરીર પર ચડવા માંડે છે. પણ એ પુરુષના મોઢાની એકે રેખા બદલાતી નથી કે નથી તો કાયમનું એ સ્મિત જરા પણ ઝાંખું બનતું! આખરે સર્પ ગળે વીંટાઇ જાય છે અને બધા ક્ષોભ પામે છે, પણ એ પુરુષનું એક રોમ પણ ભયભીતતાથી ઊંચું થતું નથી! મહાદેવભાઇના શબ્દોમાં—"ત્યારે બાપુ, ગળે સર્પ વીંટાયેલા શિવ જેવા લાગતા હતા!" એ પુરુષની ધીરજનો–સમાતાનો આ એક અપૂર્વ દાખલો છે.

તેના એક જ શબ્દે સ્વાયત્ત પ્રાંતોના પ્રધાનો લાખો નહિ પણ કરોડો રૂપિયાની આવકને અવગણી, અનેક વિટંબણાઓને સહી શરાબબંધીના પર્વને ઉજવે છે! શરાબબંધી પાછળ પ્રજાની મક્કમતા એ પુરુષમાંથી જ ઉદ્ભવી છે એ જગતથી આજે ક્યાં અજાણ્યું છે?

જેના મસ્તક પર, પાંત્રીસ કરોડની પ્રતિનિધિ સંસ્થાના પ્રમુખપદનો તાજ એ પુરુષ મૂકે છે તે જ વ્યક્તિને ખોટે માર્ગે જતી જોતાં 'તે કોઈ પણ જવાબદાર અધિકાર માટે અયોગ્ય છે' એવું શાસન કરતો મુસદ્દો પણ આ પુરુષ જ ઘડે છે! આવા પુરુષો સંબંધી ખરેખર ભવભૂતિ યથાર્થ કહી ગયેલ છે કે;

वज्रादपि कठोराणी, मृदुनी कुसुमादपि ।
लोकोत्तराणां हि चेतांसि, कोनु विज्ञातु महंति ॥

વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ કોમળ એવા લોકોત્તર પુરુષના ચિત્તને કોણ જાણી શકે છે?

અર્ધી સદી ઉપરનું જીવન વીતાવી ગયેલી અને પચાસ લાખ જેટલા સભ્યો ધરાવતી હિન્દની પ્રતિનિધિ સંસ્થાનો એ પુરુષ ચાર આનાનો સભાસદ નથી અને છતાં સર્વ કાંઈ છેઃ કર્તાહર્તા છેઃ પ્રમુખનો પણ પ્રમુખ છે. આ પ્રભાવ જીવનભરની તપસ્યાનો છે.

સૌરાષ્ટ્રની ધન્ય ધરણીમાંથી ઉપજી, આંગ્લ–દેશમાં વિદ્યા મેળવી, આફ્રીકામાં વિજયી કર્મયોગી બની, સાબરમતીનો આ સંત ઉત્તરાવસ્થાના દિવસો વર્ધા પાસેના નાના ગામ સેગાંવમાં ગુજારી રહેલ છે. એવા એ પુરુષના એકોત્તેરમાં વર્ષપ્રભાતે આપણે તેમને ભાવપૂર્વક વંદન કરીએ અને તેઓ અનેક શરદ જીવે એવી આપણે પ્રાર્થના કરીએ.

**રાજપાળ મગનલાલ વહોરા**

---

## અમદાવાદની પર્યુષણ વ્યાખ્યાનમાળા

અમદાવાદના જૈન યુવક સંઘે જે પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવી હતી તે નીચે પ્રમાણે હતી.

| વ્યાખ્યાન | વ્યાખ્યાન વિષય |
|---|---|
| પંડિત લાલન | વાડાબંધી અને વ્યવસ્થાબંધી |
| પંડિત બેચરદાસ | પ્રશ્નોત્તરી |
| ઓન. માવલંકર | ધર્મ અને વ્યવહાર |
| શ્રી. ઇન્દુમતી ચી. શેઠ | સ્ત્રીશીક્ષણ અને યુવકો |
| શ્રી. સ્નેહરશ્મિ | જીવનના વિવિધ પ્રશ્નો |
| શ્રી. મધુસૂદન ચી. મોદી | સ્યાદ્વાદ અને વ્યવહાર |
| અધ્યાપક આથવલે | સમન્વયની આવશ્યકતા |
| શ્રી. મગનભાઇ દેસાઇ | ધાર્મિક શિક્ષણ |
| શ્રી, ગટુભાઇ ગો. ધ્રુવ | સ્ત્રીઓ અને સ્વાવલંબન |
| શ્રી. કેશવલાલ કા. શાસ્ત્રી | ભક્તિયોગ |
| શ્રી. ભોગીલાલ સાંડેસરા | ગૂજરાતની અસ્મિતા અને જૈનો |
| મુનિશ્રી નાનચંદજી | જૈનો અને રાષ્ટ્રધર્મ |
| શ્રી. રતિલાલ મો. ત્રિવેદી | અહિંસાધર્મનું ભાવી |
| ડૉ. હરિપ્રસાદ | આરોગ્ય |
| શ્રી. મૂળચંદ આશારામ વૈરાટી | માનસિક આરોગ્ય |
| શ્રી. ફુલચંદ હરિચંદ દોશી | યુવક પ્રવૃત્તિ |
| શ્રી. રામનારાયણ વિ. પાઠક | આનંદઘન |
| શ્રી. ઇન્દુમતી મહેતા | દેશોન્નતિનો પાયો |

આમાં જેટલી વકતાઓની વિવિધતા છે તેટલી જ વિષયોની વિવિધતા છે. આવો સુન્દર ક્રમ ગોઠવવા તથા પાર પાડવા માટે શ્રી. અમદાવાદ જૈન યુવકસંઘના કાર્યકર્તાઓને અભિનન્દન ઘટે છે.

**પરમાનંદ**

# ઘરની સાફસૂફી

થોડાક લાખની વસતિ હોવા છતાં જૈનપ્રજા ભારતીય પ્રજાઓમાં ખૂબ જ અગ્રગણ્ય ગણાય છે. વ્યાપારમાં, સાહસોમાં, ઉદ્યોગમાં તથા અર્થશાસ્ત્રમાં જૈનોની નિપૂણતા જગજાહેર છે તથા ક્ષીણ બનતી જતી હોવા છતાં આજે પણ પોતાનું એ ગૌરવ—અવશેષ ગૌરવ—જૈન જાતિએ જાળવી રાખ્યું છે. જીવનની વિવિધ પ્રવૃત્તિઓમાં આ નાનકડી પણ સાહસિક કોમ પોતાનું મહત્ત્વ જાળવી રહી છે. જો કે સામુદાયિક સંગઠનના અભાવે દિનપ્રતિદિન તેઓનું મહત્ત્વ ઓછું થતું ચાલ્યું છે.

ગૂજરાત, કાઠિયાવાડ, મહારાષ્ટ્ર, કચ્છ, રાજપૂતાના, મધ્ય પ્રાન્તના ગામડે ગામડે તમે ઘૂમો. તમને જણાશે કે ગરીબ જેવા જણાતાં જૈનો એ નાનકડા ગામડાના ખેડૂતોને, કારીગર વર્ગને, અમલદાર વર્ગને ધીરધાર કરતા હશે; વ્યાપાર ખેડતા હશે; અને દેશપરદેશના વ્યાપારમાં અગ્રસ્થાન ભોગવતા હશે.

શહેરો ઘૂમો. મુંબઇ, અમદાવાદ, કલકત્તા;—દેખાઈ આવશે કે ગૂજરાતી તથા મારવાડી શાહુકારો, મોટા ઉદ્યોગ-પતિઓ, મોટા અર્થશાસ્ત્રના અભ્યાસીઓ, ખેલાડીઓ જૈનો જ છે. જો કે દિનપ્રતિદિન સર્વ કોમો આ પ્રવૃતિઓમાં પ્રગતિ કરી રહી છે.

વાણિજ્ય, કલા, કૌશલ્ય, કુનેહ તથા ગણતરી એ જૈન પ્રજાનો વારસો છે. નિડરતા તથા સાહસિકપણું એ તેના લોહીમાં વહે છે.

ભારતીય સંસ્કૃતિ ટકાવી રાખવામાં આ કોમનો ઓછો ફાળો નથી, એમ ઉત્તરોતર પ્રગટ થતો ઇતિહાસ સાક્ષી આપે છે. આ સમાજમાં શિક્ષિત વર્ગનો તોટો નથી. બીજી કોમોના પ્રમાણમાં જૈન કોમ એ સુશિક્ષિત અને સુખી મધ્યમ વર્ગની કહેવાય છે.

ધાર્મિક સંસ્કૃતિ ટકાવવા માટે પણ આ કોમનો ફાળો ઓછો નથી. કાશ્મીરથી માંડી લંકા સુધી અને કરાંચીથી કલકત્તા સુધીના સર્વ સ્થળે ઐતિહાસિક સ્થાનકો, દેવાલયો, તીર્થક્ષેત્રો જૈનોની જાહોજલાલીના પ્રતિકરૂપે મૌજૂદ છે. જૈનોની મહત્તા, ભવ્યતા, સમૃદ્ધિઐશ્વર્ય, ઉદારતા તથા સાહસકથાઓના આ નાદર નમૂનાઓ છેઃ જીવન્ત ઇતિહાસ છે.

ગૂજરાત અને મારવાડ એ જૈનોની ભૂમિ છે. જૈન અસ્મિ-તાના ભવ્ય ચિહ્નોના ઢગ સ્થળે સ્થળે અહીં દેખાય છે. કલિ-કાલસર્વજ્ઞ ગણાતા હેમચંદ્રાચાર્યના. સમય પછીનું ગૂજરાત એ જૈનોની વીરતા, શૂરતા, કૌશલ્યકલાનું ગાજતું મંદિર હતું.

શત્રુંજય, આબુ, ગિરનાર એ જૈનોનાં કલાપ્રેમ તથા નિપૂણતાઓનાં જીવન્ત પ્રતિકો છે, જૈનોની અઢળક સમૃધ્ધિના થોડોક જીવતા નમૂનાઓ છે.

આવડી સમૃધ્ધ અને આવી સમર્થ જૈન કોમ આજે છિન્નભિન્ન, વેરણછેરણ કેમ દેખાય છે?

નૂતન રાષ્ટ્રના ઘડતરમાં જૈનોનો સામુદાયિક હિસ્સો કેટલો છે?

આવતી કાલના આઝાદ ભારતમાં જૈનોનું સ્થાન ક્યાં છે? કેટલું છે?

વ્યક્તિગત જૈનો આજે પણ સમૃદ્ધ છે ને હશે; સમૃદ્ધિવાન હશે; ઉદ્યોગપતિ હશે; અને રાષ્ટ્રને ચરણે પોતાનું સર્વસ્વ સર્મપતા હશે. પરન્તુ સામુદાયિક રીતે આપણે શું આપ્યું? અને સામુદાયિક ફાળો નથી આપી શકતાં તેનું કારણ શું?

આપણા મોવડીઓ આ જરૂર વિચારે; અગ્રનાયકો તથા લોકનાયકો આ પરત્વે અવશ્ય મન્થન કરે; તથા આ વિશાળ પ્રશ્ન પરત્વે કંઈક સામુદાયિક રચનાત્મક પ્રવૃતિ ઉપાડે. આ કાર્ય આજ સર્વનું સહેતુક લક્ષ્ય માગે છે.

આપણે સૌ "જૈન" છીએ એ અભિમાન હૈયે ધરવું પડશે; સામાન્ય હિતો પરત્વે આપણે તડાંઓના, ગચ્છના, વાડાવાડીના ભેદો ભૂલી જવા પડશે; મારાતારાના ઝગડાઓ હવે છાંડવા પડશે. આપણે આપણું ઘર વાળીઝૂડી સાફ કરવું પડશેઃ ઘરની સાફસૂફી વગર મેલ કેમ ધોવય?

યાદ રાખો કે આમાં કોઇની કોઇ માન્યતાને બાધા નહિ થાય; ધર્મ અલોપ નહિ થાય; કોઇની શ્રેષ્ઠતા હીનતાને નહિ પામે. દરેક પોતાનો ધર્મ—માન્યતા—ક્રિયા જેમ છે તેમ અખંડ રાખે. પણ રાષ્ટ્રમાં પોતાનું સ્થાન અચળ રાખવા માટે એકતા જરૂરી છે. સમાજની બદીઓ, કુરિવાજો તથા બગાડ દૂર કરવા માટે ઐક્ય મહત્ત્વનું છે. સામાન્ય પ્રશ્નો ચર્ચવા તથા ભારત-ભરનાં જૈનોની એકતા સાધવા સંપ આવશ્યક છે. જૈનોની કેળવણી, યુવક સંગઠન, સ્ત્રી સમાજનો વિકાસ, આર્થિક રાહત, વગેરે જે પ્રશ્નો બધી જૈન—જ્ઞાતિઓ માટે સર્વસામાન્ય ઉપયોગી છે તે વિચારવા માટે, તેની નક્કર યોજનાઓ ઘડી સહતકાર્ય શરૂ કરવા માટે, પ્રગતિ સાધવા માટે, ભૂતકાળની જે મહત્તા આજ ઝાંખી પડી છે તેને પુનઃ ગૌરવભરી બનાવવા માટે એકતા અનિવાર્ય છે. સામુદાયિક હિલચાલ આવકારદાયક છે. નવા રાષ્ટ્રમાં પ્રગતિ કરતા આજના ભારતમાં, આવતી કાલના સ્વતંત્ર રાષ્ટ્રમાં જૈનો જો ઝગડતા રહેશે તો તેનું નામો-નિશાન મળવું મુશ્કેલ બનશે.

નૂતતયુગનો યુવક આટલું સમજે. સંગઠન માટે ફાળો આપે. એકતાનો એ પૂજારી બને.

નૂતનયુગની યુવતી આવતી કાલની ભારતીય સ્ત્રીઓમાં પોતાનું સ્થાન ટકાવી રાખવા માટે 'એકતા' રચવા કટિબદ્ધ થાય.

**ચુનિલાલ કલ્યાણજી કામદાર**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ ધી સ્ટેટ્સ પિપલ મુદ્રણાલય, ૧૩૮-૪૦, મેડોઝ સ્ટ્રીટ. મુંબઇ

દોઢ આનો

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

REGD. NO. B 4266

# પ્રબુદ્ધ જૈન

[ તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ ]

વર્ષ : ૧
અંક : ૧૨

મુંબઈ : રવિવાર ૧૫ ઓકટોબર ૧૯૩૯

ગ્રાહકો : રૂ. ૨
સભ્યો : રૂ. ૧

## બુધ્ધનો સ્વાતંત્ર્યસંદેશ

એને થઇ ગયે અઢી હજાર વર્ષ થઈ ગયાં.

એ રાજાનો કુંવર હતો. એને સત્તા અને લક્ષ્મીની કંઇ ખામી નહોતી. સુખ અને સમૃધ્ધિ કાંઈ ઓછી નહોતી. એ તેજસ્વી અને જ્ઞાનવાન હતો.

કુંવર પૂર્ણ સાહેબીમાં ઊછર્યો. મોટો થયો. પરણ્યો. એને એક પુત્ર પણ થયો. સંસારનું બધું સુખ એને હતું.

એક વાર એણે બીજાનું દુ:ખ જોયું. એક યુવાનને ઘરડો, એક નિરોગીને રોગી અને એક જીવતા નરને મરેલો જોયો.

પછી તો કુટુંબ વિના દુ:ખી થતાં, પૈસા વિના દુ:ખી થતાં; ક્લેશકંકાસથી હેરાન હેરાન થતાં અનેક ચિન્તાઓથી ઘેરાયેલાં એવા અનેકાનેક માનવો તેણે જોયા.

અને જોતાં જ તે પોતાનું અઢળક સુખ ભૂલી ગયો. વિચારતાં તેને જણાયું, "આખું જગત દુ:ખી છે, ખૂબ જ દુ:ખી છે. અને હું? હું પણ આ જગતમાંનો જ એક છું. મારા ઉપર પણ એ દુ:ખનાં બંધનો ખરાં? એ બંધનો શા માટે? આવી પરાધીન દશામાં મારું અત્યારનું સુખ કેટલા દિવસનું? મારું પ્રત્યેક સુખ શું છેવટે દુ:ખમાં જ પરિણમવાનું છે? તો પછી એ સુખનો અર્થ શો? પ્રાણી માત્ર સુખી થવા ઇચ્છે છે. સાચું અને કાયમનું સુખ જ એનો સ્વાભાવિક હક્ક છે. પરતંત્રતાની સાથે દુ:ખ જડાયેલું જ છે, તેથી સુખી થવા સારુ માણસ માત્રે સ્વતંત્ર થયે જ છુટકો છે."

તેણે ફરીને વિચાર કરી જોયો: "મારું સુખ ખરેખર સાચું છે? મારે જે સુખ છે તે હવે જવાનું છે જ નહિ? મારું યૌવન, આરોગ્ય, કુટુંબ, લક્ષ્મી, સત્તા અને સુખોપભોગનાં આ બધાં સાધનો હંમેશાં એકસરખાં રહેશે? એમાં કંઇ ફેરફાર નહિ થાય?" અંતરમાંથી અવાજ આવ્યો, "તારું આજનું પ્રત્યેક સુખ ક્ષણિક છે. તું પરાધીન છે. જગતના અનેક વહેમો અને બંધનોથી તું યે મુક્ત નથી જ. તું પણ બીજાના જેવો જ છે."

એક દિવસ, બે દિવસ, માસ, છ માસ એમ કુમારે વિચાર અને વિચારમાં વિતાવ્યા; આત્મનિરીક્ષણ કર્યું; પોતાની અને જગતની સ્થિતિ જોઇ લીધી અને નક્કી કર્યું, કે "કોઇ પણ માણસે પતન નિપજાવનારાં બંધનમાં ન રહેવું જોઇએ, પછી તે બંધન શારીરિક હો કે માનસિક; સામાજિક હો કે રાજનૈતિક; રાષ્ટ્રનું હો કે ધાર્મિક. જે જે વસ્તુ માણસ જાતને નીચે પાડે તે ગમે તે હો પણ ન જ જોઇએ. અને એ નહિ હોય તો અને ત્યારે જ માણસ સ્વતંત્ર થશે—અનંત સુખનો સ્વામી થશે.

"પણ આવું સ્વાતંત્ર્ય સુખ પ્રાપ્ત કરવા કોણ મથશે? કોણ એ માનવજાતનાં બંધનો છેદવા ઊભો થશે? શા માટે હું જ પહેલ ન કરું? હું પોતે સ્વાતંત્ર્ય મેળવી જગતને એ રાહ કેમ ન બતાવું?"

અને સ્વાતંત્ર્યના માર્ગે વિચરવા તૈયાર થયેલા એ રાજકુમારે પ્રથમ આપવા જોઇતા બધા ભોગ આપ્યા. માતાપિતા, રાજ્યસમૃધ્ધિ, મોજશોખ અને છેવટે પત્ની અને પુત્ર પણ છોડયાં, અને અનંત સુખની શોધમાં તે ચાલી નીકળ્યો. કુંવરે ધ્યાન અને આત્મનિરીક્ષણ શરૂ કર્યું. સાધનામાં આડે આવતી શારીરિક અને માનસિક નિર્બળતાઓને વશ કરતાં કરતાં નવીન શક્તિઓ મેળવવા માંડી. ધ્યેયપ્રાપ્તિ આડે આવતી સમાજ, રાષ્ટ્ર અને ધર્મની કુરીતિઓની સામે થયો. બહિર તેમજ આન્તર વિકૃતિઓને તપાસી. ડગાવવા આવતી એકે એક મુશ્કેલીઓ સામે પર્વત સમો બની ઊભો રહ્યો; ઝૂઝયો; ને એક પછી એક જય મેળવતો જ ગયો. એણે વર્ષો સુધી અવિરત પરિશ્રમ કર્યો અને... અને એક ધન્ય ઘડીએ સ્વાતંત્ર્યદેવીએ એ વિજયી કુમારને જયમાળ પહેરાવી. કુંવરે સાચું સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું. શાશ્વત સુખ માણ્યું. અને પછી જગતને એ સુખપ્રાપ્તિનો મંત્ર – સ્વાતંત્ર્યપ્રાપ્તિનો સંદેશ પાઠવ્યો.

આ રહ્યો ભગવાન બુધ્ધનો એ સ્વાતંત્ર્યસંદેશ :

(૧) હિંસા કરો નહિ એટલું જ નહિ, પણ એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુને પણ રક્ષણ આપો.

(૨) ચોરી કરો નહિ એટલું જ નહિ, પણ કોઇ પણ મનુષ્યને તેના શ્રમનું ફળ પ્રાપ્ત થવા દેવામાં આડે ન આવો—વિઘ્ન ન નાખો.

(૩) મલીનતાનો ત્યાગ કરો એટલું જ નહિ, પણ વિશુધ્ધ જીવન ગાળો.

(૪) અસત્ય ન બોલો, એટલું જ નહિ પણ સત્ય જ વદો, નિર્ભય બનો, વાણીને વિવેક અને પ્રેમયુક્ત બનાવો.

(૫) નિંદાનો ત્યાગ કરો એટલું જ નહિ, પણ નિરંતર સારગ્રાહી બનો અને અસાર વસ્તુની ઉપેક્ષા કરો.

(૬) વૃથા પ્રલાપમાં સમય વ્યતીત ન કરો; માત્ર જરૂર જેટલું બોલો અથવા મૌન ધારણ કરો.

(૭) લોભ ન કરો; સદૈવ સંતુષ્ટ રહો.

(૮) હૃદય નિર્મળ રાખો, દ્વેષથી સદા દૂર રહો, શત્રુને પણ પ્રેમથી ચાહો અને પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખો.

(૯) અજ્ઞાનને દૂર કરી જ્ઞાનને સેવો.

(૧૦) ત્યાગ એ જ મહાન ધર્મ છે—એ જ નિર્વાણનો—સ્વાતંત્ર્યપ્રાપ્તિનો – સાચો રાહ છે.

કાન્તિલાલ મૂ. ઝવેરી

# બાહુબલી*

## ૩: ચામુંડરાયની શોધ

કોઇ રાજપુરુષની માતા ધર્મનિષ્ટ હતી. એણે બાહુબલીની કથા સાંભળી. રજોગુણમાંથી સત્વગુણનો ઉદય કેમ થયો, અભિમાનના પથ્થરમાંથી આત્મપરિચયની અભિવ્યકિત કેમ થઇ એવી એ કથા સાંભળી એના હૈયામાં શ્રદ્ધાએ પ્રવેશ કર્યો. એને થયું કે બાહુબલીનું દર્શન ન થાય તો આ જિંદગી વ્યર્થ છે. કોકની પાસેથી એણે સાંભળ્યું કે બાહુબલીની એક મૂર્તિ હજાર હાથ ઊંચી અને સુવર્ણમયી ક્યાંક છે. એણે એ મૂર્તિનાં દર્શનની ઝંખના લીધી. દીકરાએ જોયું કે હવે જો માતાને જિવાડવી હોય તો બાહુબલીની મૂર્તિ શોધ્યે જ છુટકો. રાજપુરુષ ક્ષત્રિય રહ્યો. મોટી સેના લઇને નીકળ્યો. પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર ચારે દિશાઓ ફેંદી નાખવાનું એણે નક્કી કર્યું. લાખો મારા સૈનિકો છે, ચારે દિશાએ ફેલાશે. હજાર હાથની ઊંચી મૂર્તિ ક્યાં સુધી સંતાઇ રહે? કોક દિ' તો જડશે જ, મારી માતાની આંખો કૃતાર્થ થશે, અને હું સુપુત્ર કહેવાઇશ.

સેના સાથે ફરતાં ફરતાં રાજપુરુષ દક્ષિણે આવ્યો. ત્યાં એક જૈન મુનિએ એને પૂછ્યું: "હે શૂરવીર, શા માટે આટલી સેના લઇને ચાલે છે? ક્યો દેશ જીતવા ચાલ્યો છે? કયી પ્રજાનો સંહાર કરવો છે? કેટલાં ઘરોમાં હાહાકાર પેદા કરવો છે? કારભાર સાથે કેટલા હૈયાના શાપો ઉઘરાવવા છે?" રાજપુરુષે કહ્યું: "એમાંનું મારે કશું કરવું નથી, હું તો ગોમટેશ્વરનાં દર્શને ઊપડયો છું. મારા માતા એનાં દર્શનને ઝંખે છે." સાધુએ કહ્યું: "એ મૂર્તિ છે ખરી, પણ તે આ લોકમાં નથી. લાખ લાખ યક્ષો એની રક્ષા કરે છે. માનવીઆંખે કોઇ એ મૂર્તિનું દર્શન કરી ન શકે. પણ બાહુબલી ગોમટેશ્વરનું દર્શન તને કરાવું. આ ચંદ્રગિરિમાં કેટલાય જૈન સાધુઓ તપ કરે છે. આની સામે પેલો વિન્ધ્યગિરિ દેખાય છે. એના શિખર ઉપર બાહુબલી ઊભા ઊભા તપ તપે છે. દુનિયાનું દુઃખ જોઇ કારુણ્યપૂર્ણ આંખે એ બોલે છે: 'कामये दुःख तप्तानां प्राणीनां आर्तिनाशनम' આ ચંદ્રગિરિના શિખર પરથી જો તું એક સોનાનું બાણ ફેંકીશ તો બાહુબલીની મૂર્તિ ત્યાં છતી થશે." રાજપુરુષે રત્નખચિત ધનુષ્ય હાથમાં લીધું. ત્રણ હાથ લાંબુ સોનાનું બાણ એ ધનુષ્ય ઉપર ચઢાવ્યું, સનન્ કરતું બાણ હવામાંથી ચાલ્યું, વિન્ધ્યગિરિનું શિખર ધ્રૂજ્યું, પથરાના પોપડા ખરી પડયા, અને મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાનો બ્રહ્મવિહાર બતાવતું ગોમટેશ્વરનું માથું પ્રગટ થયું. રાજપુરુષ તો આનંદથી બેભાન થયો, એની માતાની આંખોમાંથી ચોધાર આંસુનો પ્રવાહ વહેવા લાગ્યો. તરત અસંખ્ય મૂર્તિકારો ત્યાં આવી પહોંચ્યા. એક એકના હાથમાં હીરાની એક એક છીણી હતી. બાહુબલીના માથાનું દર્શન કરતા જાય અને આસપાસના પથરાઓ ઉતારતા જાય. ખભા ઉઘાડા થયા, છાતી ઉઘાડી થઇ, બાહુ ઉપર – વિશાળ બાહુ ઉપર – વીંટળાયલી માધવીલતા સ્પષ્ટ દેખાવા લાગી. તેઓ પગ સુધી આવ્યા. નીચે પ્રાચીન વલ્મિક (રાફડો) હતું. એમાંથી મહા ભુજંગો બહાર નીકળતા હતા, પણ તદ્દન અહિંસક. મૂર્તિકારો છેક પગ સુધી આવ્યા. પગના નખ ચમકવા લાગ્યા. તેના તળે એક કમળ ખીલ્યું. એ જોઇને સેના સમવેત બધાનાં વદનકમળો પણ ખીલ્યાં. ભકત માતાનું હૃદયકમળ ખીલ્યું. એને હવે વધારે જીવવાની લાલસા ન રહી. એણે કૃતાર્થ થઇ પોતાનું જીવનકમળ ત્યાંને ત્યાં જ પ્રભુના ચરણકમળે અર્પણ કર્યું.

આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ. બધા જ ધન્ય ધન્ય બોલવા લાગ્યા. શી તે મૂર્તિની અંગકાન્તિ! દિગંબર અને પવિત્ર, મોહક અને પાવક, તારક અને ઉદ્ધારક. જેટલા લોકોએ એ મૂર્તિનું દર્શન કર્યું તે બધાનો જાણે પુનર્જન્મ થયો. તેઓ નવી નજરે દુનિયા તરફ જોવા લાગ્યા. તેમના રાગદ્વેષો જાણે ઓગળી ગયા. તેમના હૈયામાં નવો સાત્વિક આનંદ સ્ફુરવા લાગ્યો, અને તેઓ બધા "જય ગોમટેશ્વર, જય ગોમટેશ્વર"નો જયધ્વનિ કરવા લાગ્યા.

## ૪: ગોમટેશ્વરનાં દર્શન

અમે જ્યારે બાહુબલીને દર્શને ગયા ત્યારે શાસ્ત્રની મર્યાદા ધ્યાનમાં રાખી આપાદમસ્તક ફરી ફરી દર્શન કર્યું. ત્યાં મૂર્તિના ચરણની બે બાજુ બે લેખ કોતરેલા છે. એક બાજુ જૂની નાગરી લિપિમાં, બીજી બાજુ જૂની કાનડી લિપિમાં. પણ બંન્ને ઠેકાણે એક જ મરાઠી વાક્ય– "चामुंडराये करविले –ચામુંડરાયે બનાવરાવ્યું." મરાઠી ભાષાના ઇતિહાસકારો કહે છે કે મરાઠી ભાષામાં લખાયેલા પુસ્તકોમાં અને શિલાલેખોમાં આ વાક્ય જૂનામાં જૂનું છે. આજની માહિતી પ્રમાણે મરાઠી ભાષા ફૂટી નીકળી તે આ જ વાક્ય સાથે. ચામુંડરાયના પિતા કોઈ દેવીઉપાસક હશે, એટલે એણે પોતાના દીકરાનું નામ ચામુંડા માતા ઉપરથી પાડયું હોવું જોઇએ. કોઇ શાકતનો દીકરો અહિંસામાર્ગી જૈન ધર્મનો ઉપાસક થયો એ પણ એ સમયનો ઇતિહાસ વ્યકત કરે છે. મરાઠી ભાષાના પ્રારંભમાં, લખવા માટે, બે લિપિઓ એક સામટી ચાલતી હશે. મરાઠી ભાષા અને કન્નડ ભાષા જ્યારે સગી બહેનો જેવી એકત્ર રહેતી હશે, ત્યારે જ એ શિલાલેખો આમ કોતરાયા હશે.

ચામુંડરાય રાજપુરુષ હતો. એની ભાષા મરાઠી હોવા છતાં પ્રજાની બંન્ને લિપિનો એ પુરસ્કાર કરવા માગતો હતો. મારી મીઠી, ભોળી, મરાઠી ભાષાનું આ દ્વિવિધ દર્શન કરીને હું ગળગળો થયો. મરાઠી ભાષાનો ઉદ્દગમ અહીં છે, એ ખ્યાલથી જ મરાઠી ગીરાની આ ગંગોત્રીમાં નહાઇને હું પાવન થયો.

પછી મારું ધ્યાન ગયું રાફડાઓમાંથી નીકળતા મોટા મોટા નાગો તરફ. ગજવેલની તલવારને પારસમણિનો સ્પર્શ થાય તો યે એ સોનાની થએલી તલવાર આકારે તલવાર જ હોય છે. એ કોઇની હત્યા ન કરે. સોનાની તલવારથી પ્રહાર કરવા જાઓ તો સામા માણસને ઘા કરવાને બદલે એ પોતે જ ખંડિત થઇ જાય અને તે રીતે પોતાનું સોનાપણું જાહેર કરે. તેમજ કારુણ્યમૂર્તિ અહિંસાધર્મી બાહુબલીના ચરણ આગળ સ્થાન મળવાથી આ મહાવ્યાલ પણ સાવ અહિંસક થયા છે અને પોતાની ફણા ફેલાવી જાણે દુનિયાને અભયવચન આપે છે.

નજર કંઇક આગળ ચઢી ત્યાં બંન્ને બાજુથી બે માધવીલતાઓ મહાપરાક્રમી બાહુબલીને આધારે પોતાનો ઉન્નતિક્રમ સાધતી દેખાઇ. ધીરોદાત્ત નાયકને કોમળ લતા સમી નાયિકા વળગે તેમ આ માધવીલતા આ સાધનાવીરને વળગેલી છે. એ લતાએ કહ્યું: "આ તપોવીરની હું શી સેવા કરું? મારું કામ કેવળ એની કઠોર તપસ્યા ઢાંકીને એમાંથી દુનિયા માટે પ્રગટ થતી કોમળતા અને પ્રસન્નતા વ્યકત કરવાનું છે. બાહુબલીને હું વીંટળાઇ વળી છું એ ખરું, પણ હું કાંઇ એનું બંધન નથી. બંધનમુક્ત થયેલા એ મુકતાત્માનું હૃદય કેટલું કોમળ છે એનો અંગુલીનિર્દેશ કરવા ખાતર હું એના પગથી માંડીને એના હૃદય સુધી ચઢી છું."

દુન્યવી શિષ્ટાચારમાં રચ્યાપચ્યા આપણે આ મૂર્તિ તરફ જોતાંવેંત મનમાં વિચાર આણીએ છીએ કે આ મૂર્તિ નગ્ન છે. આપણે મનમાં તેમ જ સમાજમાં જાત જાતની મેલી

* અનુસંધાન તા. ૧૫ : ૯ : ૩૯ના અંકથી

વસ્તુઓ સંઘરીએ છીએ. પણ આપણને એની નથી હોતી સૂગ અને નથી હોતી શરમ. પણ નગ્નતા જોઇને માત્ર ગભરાઇએ છીએ અને માનીએ છીએ કે નગ્નતામાં અશ્લીલતા છે. એમાં સદાચારનો દ્રોહ છે. એમાં બધું શરમાવવા જેવું છે. પોતાની નગ્નતા ઉઘાડી પડતી ટાળવા માટે લોકોએ આત્મહત્યા પણ કરી છે. પણ શું નગ્નતા ખરેખર અભદ્ર છે? ખરેખર વિશ્રી છે? એમ હોત તો કુદરતને એની લજ્જા થાત. ફૂલો નગ્ન રહે છે, પશુપક્ષીઓ નગ્ન જ રહે છે, કુદરત સાથેની એકતા જેમણે ખોઇ નથી એવાં બાળકો પણ નાગાં જ ફરે છે. એમને એની શરમ જણાતી નથી અને એમની નિર્વ્યાજતાને કારણે આપણને પણ એમાં શરમ જેવું કશું લાગતું નથી. શરમની વાત જવા દઇએ. એમાં કશું અશ્લીલ, બિભત્સ, જુગુપ્સિત, વિશ્રી, અળખામણું આપણને લાગ્યું છે એવો કોઇપણ માણસનો અનુભવ નથી. તેનું કારણ શું? કારણ એટલું જ કે નગ્નતા પ્રાકૃતિક સ્થિતિ હોઇ સ્વભાવ–સુંદર છે. માણસે વિકૃત ધ્યાન કરી કરીને પોતાના મનના વિકારો એટલા બધા વધાર્યા છે અને એમને અવળે રસ્તે દોર્યા છે કે સ્વભાવસુંદર નગ્નતા એનાથી સહન નથી થતી. વાંક નગ્નતાનો નથી પણ આપણા કૃત્રિમ જીવનનો છે, માંદા માણસ આગળ પરિપક્વ ફળો, પૌષ્ટિક મેવો અને સાત્વિક આહાર પણ છૂટથી રખાતાં નથી એ વાંક એ ખાદ્ય પદાર્થનો નથી, પણ માણસના મંદવાડનો છે. નગ્નતા આપણે ઢાંકીએ છીએ તે નગ્નતાને વાંકે નહિ પણ માણસના માનસિક રોગને કારણે. નગ્નતા ઢાંકવામાં નગ્નતાની શરમ નથી પણ એના મૂળમાં વિકારી માણસ પ્રત્યે દયાભાવ છે, રક્ષણવૃત્તિ છે, તેમ કરવામાં જ્યાં આવી આર્યવૃત્તિ નથી હોતી ત્યાં નર્યો દંભ હોય છે.

પણ જેમ બાળક આગળ નરાધમ પણ સૌમ્ય અને નિર્મળ બને છે તેમ પુણ્યપુરુષો આગળ, વીતરાગ વિભુતિઓ આગળ પણ એ શમાન્વિત થઇ જાય છે. જ્યાં ભવ્યતા છે, દિવ્યતા છે, ત્યાં પણ માણસ દબાઇને વિશુદ્ધ થાય છે. મૂર્તિકારો ધારત તો માધવીલતાની એક શાખા સાથળ ઉપર થઇને કેડ સુધી લઈ જાત અને એ રીતે નગ્નતા ઢાંકવી અશક્ય ન હતી, પણ પછી તો એમને પોતાની આખી ફિલસૂફીનો ઇન્કાર કર્યા જેવું થાત. બાળકો તમારી આગળ આવીને નાગા ઊભા રહે છે ત્યારે કાત્યાયની વ્રત કરતી મૂર્તિઓની પેઠે તેઓ પોતાના હાથવતી પોતાની નગ્નતા ઢાંકતા નથી. એમની નિર્લજ્જતા એમની નગ્નતાને પવિત્ર કરે છે. બીજું ઢાંકણું એમને શા કામનું?



**શ્રી ગોમટેશ્વર : બાહુબલી**

જ્યારે કારકળ પાસે ગોમટેશ્વરની મૂર્તિ જોવા હું ગયો હતો ત્યારે અમે સ્ત્રી પુરુષ બાળક અને વૃદ્ધ અનેક હતાં. અમને કોઇને એ મૂર્તિનું દર્શન કરતાં અસ્વસ્થ જેવું ન લાગ્યું. અજુગતું લાગવાનો સવાલ જ ન હતો. મેં અનેક નગ્ન મૂર્તિઓ જોઇ છે અને મન વિકારી થવાને બદલે ઊલટું એ દર્શનને કારણે જ તે નિર્વિકારી થયાનો અનુભવ કર્યો છે, અને મેં એવી પણ મૂર્તિઓ અને છબીઓ જોઇ છે કે જે વસ્ત્રાભુષણથી ઢંકાએલી છતાં કેવળ વિકારપ્રેરક અને ઉન્માદક જેવી લાગી છે. કેવળ એક ઉપચારની લંગોટી પહેરનાર નાગા સાધુઓ આપણને વૈરાગ્યનું વાતાવરણ પૂરું પાડે છે, જ્યારે માથાથી પગ સુધી ઢંકાએલી વ્યકિતઓ આંખના એક પલકારાથી અથવા નખરાના જરાક સરખા ઇસારાથી માણસને અસ્વસ્થ કરી મૂકે છે, અને નીચે પાડે છે.

આપણી નગ્નતા પ્રત્યેની નજર અને આપણું વિકારો પ્રત્યેનું વલણ બન્ને બદલાવાં જોઇએ. આપણે વિકારને પોષવા માગીએ છીએ અને વિવેકને સાચવવા માગીએ છીએ.

બાહુબલી બાહુબલી છે છતાં તેનું શરીર મલ્લ જેવું કસાયેલું અહીં બતાવ્યું નથી. એ હોંશ તો યવન મૂર્તિકારોની હતી. આપણા મૂર્તિકારો જડદ્વારા ચૈતન્ય પ્રગટ કરવા માગતા હતા. માણસની પાશવી શક્તિ વ્યક્ત કરવાને બદલે, પાશવી વૃત્તિ ઉપર વિજય મેળવનાર વૈરાગ્ય અને પ્રશમની પ્રસન્નતા વ્યક્ત કરવા એ મથતા હતા. બાહુબલીની કેડમાં દૃઢતા છે, એમની છાતી વિશાળ છે, એના ખભા પહોળા છે, આખી દુનિયાનો ભાર વહન કરવો એને માટે રમત વાત છે. એ કમ્બુગ્રીવ હોત, ગૂઢજત્રુ હોત તો આખી મૂર્તિ વધારે શોભત એ ખરું, પણ આ ટૂંકું અને જાડું ગળું અનાયાસે કોલરની શોભા આપે છે અને એ ગળા ઉપરના વિરાજમાન માથાનું કૌમાર્ય વધારે સારી રીતે વ્યક્ત કરે છે.

આખું શરીર ભરાવદાર, યૌવનપૂર્ણ, નાજુક અને કાન્તિમાન છે. આવડી મોટી મૂર્તિમાં પ્રમાણ સાચવવાનું ભાગ્યે જ બને છે. એક જ પથરામાંથી કોતરેલી આટલી ભવ્ય મૂર્તિ દુનિયામાં બીજી કોઇ નથી. મિસર દેશમાં મોટી મોટી મૂર્તિઓ છે પણ તે એવી તો અક્કડ બેઠી છે કે રાજત્વનાં બધાં લક્ષણો અને ચિહ્નો એમના ઉપર હોવા છતાં, પકડી આણીને બેસાડી અને ન છૂટકે બેસવા તૈયાર થઇ હોય એવી જ તે દેખાય છે. અહીં એવું નથી. આવડી મોટી મૂર્તિ એટલી તો સુંવાળી છે કે ભક્તિ સાથે કંઇક વહાલની પણ એ અધિકારી બની છે.

ઘણીવાર મૂર્તિકારો આખી મૂર્તિ મજાની બનાવી દે છે. પણ જેની મારફતે વ્યક્તિત્વ ઉઠાવદાર કરી શકાય છે, તે ચહેરો બનાવવામાં જ હારી જાય છે. એટલે હું તો કોઈ મૂર્તિ જોતી વખતે એની મુખમુદ્રા તરફ નિરાશાની અપેક્ષાથી બીતો

(અનુસંધાન સાતમે પાને)

सच्चस्स आणाए उवठ्ठिओ मेहावी मारं तरई।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

ઓકટોબર, ૧૫ ૧૯૩૯


## જીવનમાં આદર્શને સ્થાન

અમુક વસ્તુઓ અમુક ક્રમમાં મૂકીએ તો વધુ સમજાય છે. જેમકે બાળક, કિશોર અને જુવાનઃ અથવા તો માહિતી, જ્ઞાન અને ડહાપણઃ એમ ગોઠવીને વાત કરીએ તો સમજાય છે કે બાળક અને જુવાન એ બે કોટિ અને તે વચ્ચેનો તે કિશોર. તેવી જ રીતે પહેલાં હકીકતોની માહિતી, પછી જ્ઞાન અને છેલ્લે અનુભવના સારરૂપે આવે છે તે ડહાપણ. હું પણ આજે જે કહેવા ઇચ્છું છું તે આવા ક્રમમાં જ કહીશ.

પહેલાં અંગ્રેજીમાં જેને હોબી એટલે શોખ અથવા ધૂન કહે છે એનો આપણે વિચાર કરીએ. ઘણા માણસોને જુદી જુદી જાતની હોબી હોય છે. કેટલાકને ટપાલની ટિકિટો એકઠી કરવાની હોબી હોય છે. કેટલાકને પ્રાણીઓનો અભ્યાસ કરવાની હોબી હોય છે અને બીજાને બીજી જુદી જુદી જાતની હોબીઓ હોય છે; પણ આપણે ત્યાં ઘણા વેપારીઓ એવા હોય છે કે તેમને વેપાર સિવાય રાતદિવસ બીજું કશું સૂઝતું નથી. રજાનો ઉપયોગ કેમ કરવો એ પણ તેઓ જાણતા નથી અને એ દિવસે ચોપડાનાં પાનાં ફેરવે ત્યારે જ તેમને નિરાંત વળે છે. આવા માણસોના જીવનમાં જો હોબીઓ હોય તો તેમના જીવનનો વિકાસ વધે. આપણે ત્યાં હોબીઓનો શોખ હજી એટલો ફેલાયો નથી. જો હોબીઓ હોય તો જીવનની ઘરેડ ભાંગે અને માણસના જીવનમાં રસિકતા ચાલુ રહે. હોબીઓ, અલબત્ત, સારી તો હોવી જ જોઇએ, તેમ ક્રિયાત્મક પણ હોવી જોઇએ. બીજા સંગીત ગાયન કે નૃત્ય કરે અને તમે તેને વખાણ્યા કરો એ હોબી ન કહેવાય., આવી નિષ્ક્રિયતામાંથી મળતો આનંદ એ ઘણો નજીવો આનંદ છે. તમે સિનેમા રોજ જુઓ અથવા તો બીજા ક્રિકેટ રમતા હોય અને તમે જુઓ અથવા તો બેઠા બેઠા રેડિયો સાંભળ્યા કરો એમાં હોબી જેવું કશું નથી. તમે જાતે કાંઇક કરો; પોતે ગાઓ, વાંચો, નાચો અને કૂદો તે હોબી કહેવાય. પણ માત્ર નિષ્ક્રિય પ્રેક્ષકની જેમ બીજાઓ કરે તેમાં રસ લ્યો એ ખરી રીતે હોબી ન કહેવાય. આ ભેદ રમત અને ગમત જેવો છે. ગમત એટલે કેવળ નિષ્ક્રિય રહીને આનંદ લેવો તે. રમત એટલે પોતે સક્રિય બનીને આનંદ શોધવો તે. આ હોબી એટલે ધૂન. આગળ આપણે જેનો વિચાર કરવાનો છે તેની અપેક્ષાએ તે અતિ સાધારણ વસ્તુ છેઃ જીવનમાં તેને સ્થાન છે, પણ બહુ મહત્વનું નથી.

હોબી કરતાં ધ્યેય એ ઘણી ઊંચી વસ્તુ છે. ધ્યેય અનેક પ્રકારના હોઇ શકે છે. સામાન્ય પ્રકારના ધ્યેયો હોય છે, તેમ ઉચ્ચ પ્રકારના ધ્યેયો પણ હોય છે.

આપણે ત્યાં ધ્યેયવાળા માણસો બહુ ઓછા હોય છે. તેમાં યે ઉત્તમ પ્રકારના ધ્યેયવાળા માણસો ઘણા ઓછા હોય છે. કરોડ રૂપિયા પેદા કરવા એ પણ એક ધ્યેય તો છે જ; પણ તે ઉત્તમ પ્રકારનું ધ્યેય નહિ કહેવાય. સંગીતપ્રવીણ બનવું, ચિત્રકાર થવું, પ્રાચીન શોધખોળ કરવી, શરીરનો સુંદર વિકાસ કરવો, અથવા તો એક સારો શબ્દકોષ તૈયાર કરવો—આવા અનેક પ્રકારના ધ્યેય હોઇ શકે છે, અને તે ધ્યેય ચઢિયાતા છે; પણ આનાથી બીજા મહાન ધ્યેયો પણ સહજ કલ્પી શકાય તેમ છે.

જેમ દુનિયાની અંદર આપણે વસ્તુઓની શોધ કરવી પડે છે, તેમ પોતાની શક્તિની પણ માણસે શોધ કરવી પડે છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ આપણે આપણી શક્તિ અનુસારનું ધ્યેય શોધવું પડે છે. આ માટે પ્રયત્ન કરવો પડે છે. ધ્યેય કદાચ બદલાવવું પડે તેમાં કાંઇ હરકત જેવું નથી. છતાં માણસે પોતાના જીવનમાં અમુક ધ્યેય તો નક્કી કરવું જ પડે છે. ધ્યેય બહારના માણસનું મન અવ્યવસ્થિત ઘર જેવું છે. ઘણા માણસોની શક્તિ ધ્યેય વગર વેડફાઇ જાય છે, તે ઉપર કાટ ચઢે છે. માટે માણસે ધ્યેય ઉચ્ચ પ્રકારનું નક્કી કરી તેની પાછળ સતત લાગ્યા રહેવાનો આગ્રહ ધરવો જોઇએ.

આપણા દેશમાં અનેક નાનામોટા પ્રશ્નો છે તેનો કોઇએ વિચાર નથી કર્યો. દાખલા તરીકે આપણા દેશ માટે કઇ જાતનો પોશાક હોવો જોઇએ. ખાનપાનમાં કઇ વસ્તુઓ પોષક અને ગ્રહણ કરવા યોગ્ય છે અને કઈ વસ્તુઓ હાનિકારક અને તજવા યોગ્ય છે તેનો કોઇ વિચાર નથી કરતા. આપણે સૌ સાધારણ રીતે ફેશનમાં આંધળી નકલ કરીએ છીએ. આ બધી વસ્તુઓની તપાસ અને શોધ કરવી જોઇએ. આપણાં જાજરૂ કેવાં હોવાં જોઇએ તે શોધી આપે તે પણ દેશની એક કીમતી સેવા કરે છે. મારા ઘરમાં મારે જાજરૂ કરાવવું જ હતું, પણ મને કોઇ સલાહ આપી શક્યું નહિ, મહાત્માજીને ગૌછિછેર સંબંધી સાહિત્ય જોઈતું હતું તે અંગ્રેજી સાહિત્યમાંથી જ મળી શક્યું. નહિ તો આપણો દેશ તો ઘણો ખેતીપ્રધાન અને ગૌસન્માનવાળો દેશ ગણાય છે.

બારડોલી તપાસ વખતે મિ. મેક્સવેલ અને બ્રુમફિલ્ડ નામના બે સાહેબો આવ્યા હતા. ફુરસદ વખતે મિ. મેક્સવેલ ડાંગના જંગલમાં જતા અને માખીઓનો અભ્યાસ કરતા, અને માખીઓના જુદા જુદા વર્ગ વિષે તેઓ ઘણું કહી શકતા. આમ પરદેશીઓ આપણા દેશની માખીઓ વિષે આટલું જાણી શકે ત્યારે આપણે કેવળ અજ્ઞાન હોઇએ છીએ એ કેવું આશ્ચર્ય!

આપણા દેશમાં જુવાન વર્ગ માટે ઘણું જાણવાનું અને કરવાનું છે. આપણા દેશમા પંડિત જયકૃષ્ણ ઇન્દ્રજી જેવા વિદ્વાન વનસ્પતિશાસ્ત્રી બીજા હજુ નથી થયા. તેમણે જે શોધો કરી છે તે કરવાનું બીજા કોઇને હજુ સૂઝતું નથી. આપણે જડની માફક જીવીએ છીએ. કોઇ જાતની હોબી કે ધ્યેય વગર બીજા કરે તે પ્રત્યે મોઢું વકાસીને ઊભા રહીએ છીએ.

પ્રથમ આપણે હોબીનો વિચાર કર્યો; પછી ધ્યેયની ચર્ચા કરી પણ જીવન માટે એ બે વસ્તુઓ બસ નથી. ધ્યેયથી પણ ઊંચી કોટિ આદર્શની છે. હોબીમાં એક વસ્તુ લઇને તેના ઉપર કામ કરવાનું હોય છે. આદર્શમાં તેથી ચડિયાતી શક્તિની જરૂર છે. તેમાં આપણે કાંઇક થવું પડે છે, કરવું જ પડે છે. લક્ષ્મીની પૂજા કરવાથી જેમ ઘરમાં પૈસો આવતો નથી, તેમ આદર્શની માત્ર પૂજા કરીએ તેથી આદર્શ સિદ્ધ થતો નથી. આદર્શ માટે પ્રયત્ન અને પુરુષાર્થ કરવો જોઇએ.

આપણે ત્યાં આસ્તિક અને નાસ્તિક વિષે પણ ઘણા ઝઘડા અને વિવાદો ઊભા થયા છે, પણ મારે મન તો જે માણસ પોતે છે તે કરતાં વધારે ઉન્નત સ્થિતિ સંભવે છે એમ માને છે, અને તેને માટે પ્રયત્ન કરવો જોઈએ એમ પણ જે સ્વીકારે છે, તે આસ્તિક છે. પછી તે ઇશ્વરને માનતો હોય કે ન હોય પણ બીજો માણસ જે ઇશ્વરનો માનતો હોય અને મંદિરમાં નિયમિત પૂજા કરતો હોય, પણ તેને કાંઈ કરવાનું સૂઝતું ન હોય તો મારે મન તે નાસ્તિક છે. તેના જીવનમાં શ્રદ્ધા નથી : ઉન્નત જીવનના આસ્તિકત્વની અને તેને પોતાના જીવનમાં ઉતારવાની તેનામાં આસ્થા નથી.

ઘણા માણસના જીવનમાં ધ્યેય હોય છે, પણ આદર્શ ન હોય તો તે ઊંચા પ્રકારનો માણસ થઇ શકતો નથી. માત્ર લખી જાણે અથવા તેનામાં બીજી કાંઇ શક્તિ હોય પણ જો

આદર્શ ન હોય તો માણસ તરીકે તેની કિંમત વધતી નથી. સારા લેખકો તરીકે કેટલાક પંકાયલા હોય પણ તેમના અંગત પરિચયે તમને તેઓ પ્રત્યે ધૃણા આવે એમ ઘણીવાર બને. આનું ખરું કારણ એ હોય છે કે તેઓ લખી જાણે છે પણ તેમનામાં આદર્શ નથી હોતો.

શબ્દકોષ કે બીજી પ્રવૃત્તિને પોતાના ધ્યેય તરીકે લઈ ને ઘણા પ્રવૃત્તિઓ કરે છે, પણ તેમાં આદર્શ ન હોય તો તેના જીવનમાં આપણને ક્ષતિઓ નજરે પડશે. વસ્તુની પકડ આપણે જેમજેમ આદર્શ પ્રમાણે જીવતા જઇએ તેમજ હાથમાં આવે છે. આદર્શમાં જેટલી શ્રધ્ધા હોય તેટલો જ જીવનમાં વેગ આવે છે. બે માણસો મહાવીર વિષે વાત કરે છે, પણ બન્નેમાં સરખું બળ જોવામાં કે અનુભવવામાં આવતું નથી. તેનું કારણ એકમાં શ્રધ્ધા છે અને બીજામાં નથી એ જ છે. શ્રધ્ધા એ જ સાચું બળ છે.

આદર્શમાં બે વસ્તુ આડે આવે છે: એક અભિમાન અને બીજો સ્વાર્થ. આ બાબતની જેમ જેમ આપણે આદર્શને માર્ગે–તેના આચરણને માર્ગે ચાલતા જઈએ છીએ તેમ તેમ આપણને સૂઝ પડે છે.

ઘણા માણસો આગળ ધ્યેયની કે આદર્શની વાત કરીએ ત્યારે તેમની નજર આગળ નૃત્ય, સંગીત, સાહિત્ય, લેખન કે રાજકારણ ખડું થાય છે. આનું કારણ અત્યારનું વાતાવરણ છે. પણ ધ્યેય અને આદર્શ એક રીતે સર્વગમ્ય છે. સર્વના હાથમાં છે.

જીવનના અને જનસમાજના ઉધ્ધારનો સાચામાં સાચો નિયમ તો પોતે જ કામ કરતો હોય તે સારામાં સારી રીતે કરવાનો હંમેશાં આગ્રહ રાખવો એ છે. ઘણા માણસો ફરિયાદ કરે છે કે અમને બધા છેતરે છે. દાણાવાળો કહે છે કે કાપડવાળો છેતરે છે. કાપડવાળો કહે કે વકીલ અમને છેતરે છે. આમ સૌને સૌ કોઈ છેતરતું જ હોય તેમ લાગે છે. આનો ઉપાય એ છે કે દરેક માણસ પાસે પોતાનું જે કાર્ય કે ધંધો હોય તે તેણે સારામાં સારી રીતે અને સાચામાં સાચી રીતે કરવો જોઇએ અને તે ન્યાયે બીજાને છેતરતા હોઇએ તે બંધ કરવું જોઈએ. આમ કરવાથી જ જંગંત કોઈ વખત જીવવા જેવું બનશે. અમસ્તી મોટામાં મોટી આદર્શોની વાત કરવી અને પોતાનો ચાલુ ધંધો પ્રામાણિકપણે ન કરવો અને પૂરા પૈસા લઇને અધૂરી કે ખોડખાપણવાળી ચીજો આપવી એ આપણે ત્યાં વધુ જોવામાં આવે છે. આદર્શ જીવનની શરૂઆત આપણે જ્યાં ઊભા છીએ ત્યાંથી જ થવી જોઇએ. જે ધંધો કરતા હોઇએ ત્યાંથી થવી જોઈએ. આદર્શ કોઈ હવામાંથી કે ઉપરથી નથી આવવાનો.

ઘણા માણસો નોકરચાકર કે તાબાનો માણસ હોય તેનો પૂરો કસ કાઢે છે–ઉપયોગ કરે છે–તે જ પ્રમાણે જીવન જેવી મહત્ત્વની વસ્તુ આપણા હાથમાં આવી છે. તેનો સારામાં સારો ઉપયોગ ન કરીએ એમાં આપણી કેવળ જડતા છે. જડ અને ચૈતન્યનો આ જ ફરક છે. જડને કશું કરવાનું નથી, કશું થવાનું નથી, પણ ચેતન્યને કાંઈક થવાનું છે, કાંઈ બનવાનું છે. આદર્શ વગરનો માણસ એ ચૈતન્યહીન પ્રાણી છે.

કહેવાનો સારાંશ એટલો જ કે ચાલુ જીવનની ઘરેડ તોડવા માટે માણસે કોઇ ને કોઈ પ્રકારની હોબી કેળવવી જોઈએ; જીવનમાં રસ અને વિવિધતા પોષાય તે માટે કોઇ ને કોઈ ધ્યેયપૂર્વક જુદી જુદી પ્રવૃત્તિઓની યોજના થવી જોઇએ, અને જીવન વ્યવસ્થિત અને ઉન્નતગામી બને તે માટે કોઇપણ ચોક્કસ આદર્શને સ્વીકારીને તે મુજબ ચાલવા–જીવન જીવવા–દરેક માણસે આગ્રહી બનવું જોઇએ.*

**રામનારાયણ વિશ્વનાથ પાઠક**

*છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયલા વ્યાખ્યાન ઉપરથી

# જ્ઞાતિમાંથી રાજીનામું

[ શ્રી. મુંબઇ જૈન યુવકસંઘના આગેવાન સભ્ય શ્રી. અમીચંદ ખેમચંદ શાહ, જેમણે પહેલાં કેટલાંક વર્ષ સુધી સંઘના મંત્રી તરીકે સંઘની સેવા બજાવેલી છે, તેમણે પોતાની પાટણ વીશા ઓસવાળ જ્ઞાતિમાંથી રાજીનામું આપ્યું છે. શ્રી મુંબઇ જૈન યુવકસંઘ જ્ઞાતિ સંસ્થાનો પરમ વિરોધી છે, સંઘસભ્યો કોઇ પણ જ્ઞાતિના અધિકારપદ ઉપર રહી શકતા નથી, જ્ઞાતિબંધન તોડવાના કાર્યને સંઘ સદા ઉત્તેજન આપતો આવ્યો છે. આ દૃષ્ટિએ ભાઈશ્રી અમીચંદનું પગલું ખરેખર અનુમોદન અને અભિનન્દનને યોગ્ય છે. બીજા સભ્યોને દિશાસૂચક બને અને અનુકરણની પ્રેરણા આપે એ આશયથી તેમણે પોતાની જ્ઞાતિના શેઠ ઉપર જે રાજીનામાનો પત્ર લખ્યો છે તે આ નીચે પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ** ]

આજસુધી મને આપની જ્ઞાતિના એક સભ્ય તરીકે ગણવામાં આવ્યો છે. જ્ઞાતિબંધારણ અને તેના કન્યા લેવડદેવડના ટૂંક વર્તુળ અંગે મારા કેટલાક વિચારો અને અંગત સંયોગો ધ્યાનમાં લેતાં મને લાગે છે, કે મારે આપની જ્ઞાતિમાંથી પહેલી તકે છૂટા થવું જોઇએ. આ મારા વિચારો અને અંગત સંયોગો નીચે મુજબ છે.

આગળના વખતમાં જ્ઞાતિસંસ્થાની ગમે તેટલી ઉપયોગિતા હશે, પણ આજના આગળ વધેલા જમાનામાં દેશભરમાં સર્વત્ર લગભગ એક પ્રકારની કેળવણીના પ્રચારથી, પ્રાન્ત પ્રાન્ત વચ્ચેના અને માણસ માણસ વચ્ચેના અંતરો તૂટતાં જાય છે અને તેમાં પણ એક જ સમાજમાંથી ઉદ્ભવેલી વિવિધ જ્ઞાતિઓને એકએકથી જુદી પાડે તેવી જે કાંઈ વિશેષતાઓ હશે તે લય પામતી જાય છે. પ્રાન્તભેદ, ભૌગોલિકભેદ કે ધર્મભેદ હું સમજી શકું છું. પણ કન્યા લેવડદેવડની કૃત્રિમ મર્યાદા સિવાય જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચેનો ભેદ જાળવવો જરૂરી લેખાય તેવું જ્ઞાતિના બંધારણમાં કોઇ પણ મૌલિક તત્ત્વ રહ્યું હોય એવું મને કશું દેખાતું નથી. આ કારણે આજની લગ્નસંબંધક જ્ઞાતિવ્યવસ્થા નિરૂપયોગી ભાસે છે.

આજની જ્ઞાતિસંસ્થા માત્ર નિરૂપયોગી છે એટલું જ નહિ પણ સમાજપ્રગતિની દૃષ્ટિએ મને ભારે નુકસાનકર્તા લાગે છે. કન્યા માટે પસંદગીનું ક્ષેત્ર બહુ મર્યાદિત હોવાથી કન્યાને જ્ઞાતિના કોઇ પણ મુરતીઆ સાથે જેમ બને તેમ જલદી વિવાહ સંબંધથી જોડી દેવાની માબાપને ખૂબ ચિન્તા રહે છે. પરિણામે કન્યાને મોટી ઉમર સુધી અવિવાહિત રાખી ઉચ્ચ શિક્ષણ આપવાનું ઘણાખરા માબાપો માટે અશક્ય બની જાય છે. બીજું, ઉચ્ચ શિક્ષણ પામતી કન્યાઓ, અને કુમારોને પરસ્પરની સ્વાભાવિક પસંદગી કરવામાં જ્ઞાતિની સંસ્થા ભારે આડખીલીરૂપ બને છે. ત્રીજું, જ્ઞાતિઓના અસ્તિત્વને લીધે એક જ પિતાના પુત્રોમાં (જૈનોમાં) જ્ઞાતિવિષયક કેવળ મિથ્યાભિમાન પોષાય છે, આ બધી રીતે વિચારતાં આજના સમયમાં જ્ઞાતિની સંસ્થા સમાજપ્રગતિની મને ભારેમાં ભારે બાધક લાગે છે.

આજની પરિસ્થિતિમાં જે માબાપો પોતાના દીકરાદીકરીને મોટી ઉંમર સુધી અવિવાહિત રાખી ઊંચી જાતનું શિક્ષણ આપે છે, તેમની સ્થિતિ જ્ઞાતિના એક અંગ તરીકે ભારે કફોડી બને છે. આવા દીકરાદીકરીને યોગ્ય કન્યા કે વર પોતાની જ્ઞાતિમાં ભાગ્યે જ મળે છે. અને જો કોઇ મળે છે તો તેને ઘણી વખત આવાં દીકરાદીકરી પસંદ કરતા નથી અને માબાપ મોટી ઉંમરના દીકરા કે દીકરીની સંમતિ

સિવાય કોઇપણ વિવાહસંબંધ નક્કી કરે અને પોતાના ફરજંદને એ રીતે પરણવાની ફરજ પાડે એ આજના સંયોગમાં વ્યાજબી નથી, તેમજ ઇષ્ટ પણ નથી.

પોતાનાં વર્તુલમાં જ લગ્નસંબંધ થઈ શકે એવી મર્યાદાની ચોકી કરવી એ જ આજની જ્ઞાતિઓ, ગોળો અને તડોનું એક અને મુખ્ય કાર્ય થઇ પડયું છે. આવી જ્ઞાતિસંસ્થાના સભ્ય તરીકે ચાલુ રહીને મારા પુત્રપુત્રીના હિતને નુકસાન કરું છું એમ મને લાગે છે, તેથી મારા ઉપર જણાવેલા વિચારો અને ઊભા થતા સંયોગો મને એક જ માર્ગ સૂચવે છે કે મારે જ્ઞાતિબંધનથી છૂટા થવું જોઇએ.

આ બધી બાબતો ધ્યાનમાં લઈને આપની વીશા-ઓશવાળની જ્ઞાતિમાંથી હું રાજીનામું આપું છું અને આજથી મારી જાતને આપની જ્ઞાતિમાંથી છૂટી થએલી ગણું છું. આ બાબતની નોંધ લેવા કૃપા કરશો.

અહીં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે આપની જ્ઞાતિમાં મારા પિતાશ્રીના નામનું મતું છે, જ્યારે આ રાજીનામું મારું પોતાનું અંગત છે. આજપછી હું જે કાંઇ કરું તેની જવાબદારી પણ મારી પોતાનીજ રહેશે. મારા બંને ભાઇઓને આ રાજીનામા સાથે કશી લેવાદેવા નથી.

આટલું નમ્રભાવે જણાવી મારા રાજીનામાની જ્ઞાતિજનોને યોગ્ય રીતે જાણ કરવા આપને હું વિનતિ કરું છું.

**અમીચંદ ખેમચંદ શાહ**

---

**શું લખવું ?** ... ... ... દશમા પાનાથી ચાલુ

શાસનસેવાની વાતો જ કરનારાઓથી એ નથી બનવાનું એ સૌ જાણે છે. જેના હૃદયના ઊંડાણમાં ઉત્કટ ભાવના જન્મી હશે એનાથી જ સાચી શાસનસેવા–સમાજસેવા–થશે. એવા સેવાભાવી યુવકો જોઇએ છીએ. યુવકોના સંઘો જોઇએ છે. એ બધાં મળી રહેશે ત્યારે જ ફિરકાભેદ, ગચ્છભેદ, અંધશ્રધ્ધા, ધર્મને નામે ઘૂસી ગયેલી કુરુઢિઓ, બાળલગ્નો, વૃધ્ધલગ્નો, આ સર્વની અટકાયત–નાશ કરી શકીશું; બેકારીનું નિવારણ કરી શકીશું, જૈન વિધવાઓનાં જીવન સુધારી શકીશું, શિક્ષણનો પ્રચાર કરી શકીશું, ધાર્મિક ઘેલછા દૂર કરી શકીશું, દયા અને દાનની વેડફાઇ જતી શકિતને સુમાર્ગે વાળી શકીશું, સમાજને રાષ્ટ્રમાં એકરૂપ કરી શકીશું, તેમજ દરેક જૈનની આર્થિક, સામાજિક, રાજકીય અને શારીરિક તેમજ માનસિક ઉન્નતિ કરી તે દ્વારા ભગવાન મહાવીરના ધર્મની સાચી સેવા કરી શકીશું. એ જ સાચી શાસનસેવા–સમાજસેવા હશે.

આનંદની વાત છે કે મુંબઇ, અમદાવાદ વગેરે સ્થળોએ આવા સ્પષ્ટ આદર્શદ્દષ્ટિવાળા જૈન યુવકસંઘો છેલ્લા કેટલાંક વર્ષોથી કામ કરે છે. પરન્તુ હજુ એ પૂરતું નથી. ગામેગામ ને શહેરે શહેરમાં આવા જૈન યુવકસંઘો ઊભા થવા જોઇએ. કારણ કે કાર્યક્ષેત્ર ઘણું વિશાળ છે અને કાર્યકર્તાઓ બહુ જૂજ છે. જ્યારે સમગ્રપણે જૈન યુવકો આ કામ પાછળ મંડી જશે ત્યારે જ એમાંથી કાંઇક પરિણામ મળતાં જણાશે અને વર્ષો જતાં એક આદર્શ સમાજને નવીન સ્વરૂપમાં જગત સમક્ષ રજૂ કરી શકાશે. પણ જ્યાં સુધી એવા સર્વદેશીય પ્રયત્નો જૈન સમાજમાં ન થાય ત્યાં સુધી ઉપરના પ્રશ્નો અને એથી વધુ બીજા અણલખ્યા પ્રશ્નોની નામાવલિ જોઈ સૌ કોઈ કામ કરવા નીકળનારને પહેલાં તો 'શું કરવું ?' એમ થશે જ. લખવા બેસનારને એ પ્રશ્નોની એક લાંબી હારમાળા મગજમાં આવતાં જ આમાંથી 'શું લખવું ?' એમ થશે જ. એ પ્રશ્ન અત્યારે આપણી સમક્ષ ઊભો છે અને જ્યાં સુધી કામ સંપૂર્ણ નહિ થાય ત્યાં સુધી સૌ કોઇને માટે એ ઊભો રહેવાનો જ છે.

**વિનોદચંદ્ર શાહ**

# : : કેટલાક વર્તમાન : :

## ખાદી હૂંડી

આ વખતે મુંબઇ જૈન યુવક સંઘની કાયવાહક સમિતિએ ગાંધીજયન્તીના દિવસો દરમિયાન ખાદીની હૂંડીઓ બની શકે તેટલી વેચવાનો ઠરાવ કર્યો હતો તે અનુસાર કાર્યવાહક સમિતિના સભ્યો દ્વારા આશરે રૂ. ૨૦૦૦ ની હૂંડીનું વેચાણ થયું છે.

## ગાંધીજયન્તી

તા. ૭-૧૦-૩૯ ના રોજ હીરાબાગ હોલમાં શ્રી. મુંબઇ જૈન યુવકસંઘ તરફથી શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆના પ્રમુખપણા નીચે ગાંધીજયન્તી ઉજવવામાં આવી હતી. જે પ્રસંગે સ્વામી આનંદે મહાત્મા ગાંધીજી ઉપર લગભગ સવા કલાક સુધી બહુ સુન્દર પ્રવચન કર્યું હતું અને ગાંધીજીના મહત્તા દર્શાવનારા અનેક પ્રસંગો રજૂ કર્યા હતા.

## એક વિશિષ્ટ લગ્ન

તા. ૧૦-૧૦-૩૯ના રોજ બહેન સુશીલા નામની એક કચ્છી બહેને ભાઇશ્રી ડુંગરશી કચરાભાઇ શાહ સાથે લગ્ન કર્યું છે. આ લગ્ન સાથે એક વિશિષ્ટ સંયોગ સંબંધ ધરાવે છે. પરણનાર બહેનની ઉમ્મર આજે અઢાર વર્ષની છે. કોઈ કમનસીબ અકસ્માતના પરિણામે આજે તે બહેન એક સોળ માસના બાળકની માતા છે. આવી બહેનને સમાજમાં પરણનાર કોણ મળે? કોઈ કદાચ મળે તો પરણતાં પહેલાં બાળકને કોઇ આશ્રમમાં મૂકી આવવાની માગણી કરે. બહેને તો એવી ગાંઠ બાંધી હતી કે પોતાની સાથે પોતાના બાળકને પ્રગટપણે સ્વીકારે તેની સાથે જ પોતે લગ્ન કરવું. આ સરત મુજબ તેમને સ્વીકારનાર ભાઇ ડુંગરશી મળી ગયા. અને તે બન્ને તા૦ ૧૦-૧૦-૩૯ ના રોજ લગ્નસંબંધથી જોડાયા. પરણનાર ભાઇ ડુંગરશીની ઉમ્મર ૪૨ વર્ષની છે. તેઓ વિધૂર છે અને આગળના સંસારનું કોઇ સંતાન નથી. પરણનાર બાઇ-ભાઇની વચ્ચેની ઉમ્મરનો આ તફાવત બહુ જ મોટો ગણાય. એમ છતાં પણ તેઓ બન્ને સ્વતંત્ર સંમતિથી જોડાયા છે તેથી બહેન સુશીલા બાળકને પ્રગટપણે સાથે રાખવાના આગ્રહ માટે અને ભાઈ ડુંગરશી, સમાજ સાધારણ રીતે જેને અવમાનિત ગણે તેવી એક બહેનને, તેના બાળક સાથે, સ્વીકારવાની જાહેર હિંમ્મત દાખવવા માટે સમાજની શુભાશિષ અને સન્માનને જરૂર યોગ્ય ગણાય.

---

## સામાજિક વાડા તોડો...

આ જ્ઞાતિના વાડાને ભૂલી જજો. આજે જે જ્ઞાતિઓ પડેલી છે, તેનો જ્ઞાતિની આહૂતિ આપવામાં ઉપયોગ કરજો. એ જ્ઞાતિઓનો યજ્ઞ કરજો અને એમાં કશું સંયમરૂપે રહેલું હોય તો તેનું પાલન કરજો. આ નાના વાડાઓના ખાબોચિયાસાં પડયાં રહેશું તો બદબો છૂટશે. માત્ર બદબો છૂટે છે એટલું જ નહિ પણ તેમાં મચ્છરો પેદા થાય છે, અને એ ઘાતક નીવડે છે. તેમજ આ જ્ઞાતિરૂપી વાડાઓ મનુષ્યના ઘાતક છે એમ સમજજો. ઇશ્વર કોઈ દિવસ એવી ઘાતક રચના કરે જ નહિ.

મારા અનુભવનું આ વચન કહું છું, તે માનશો તો સુખી થશો. સમય પોતાનું કામ કર્યે જાય છે. એ સમયની સામે હાથ દેવો હોય તો ભલે દઇએ પણ તે દેવો નિરર્થક છે એમ માનજો. જો આ વાડાઓના બચાવમાં આપણે નિરર્થક કાળક્ષેપ કર્યા કરશું તો તે સૂરજની સામે ધૂળ ઉરાડી પોતાની આંખમાં જ ઉડાડવાની રમત કર્યા બરાબર થશે.

**મહાત્મા ગાંધીજી**

**બાહુબલી**................ત્રીજા પાનાથી ચાલુ

બીતો જ જોઉં છું. સારી સારી મૂર્તિઓમાં પણ ક્યાંક તો બગાડ રહે જ છે, અને દૂધસાકરમાં મીઠાનો કાંકરો ભળી જ જાય છે. આ મૂર્તિનો સહેજ આગળ આવેલો અધરોષ્ટ જોઈ મારા મનમાં બીક પેસી ગઇ કે અહીં આપણો ઉત્સાહભંગ થવાનો છે કે શું ? એટલે વિશેષ ધ્યાનપૂર્વક જોવા લાગ્યો. આગળથી જોયું, બાજુએથી જોયું, ચિકિત્સાની નજરે જોયું અને ભક્તિની નજરે જોયું. કાંઇ પણ નિર્ણય ઉપર આવ્યા વગર છુટકો જ ન હતો. જ્યાં સુધી મૂર્તિના સૌન્દર્ય તરફ હું જોતો હતો ત્યાં સુધી હું કંઇ નિર્ણય કરી શક્યો નહિ. ચિત્તમાં અનિશ્ચિતતાની અસ્વસ્થતા જ ફેલાવા લાગી, પણ તરત જ હું ભાન ઉપર આવ્યો. મેં ઘેલા મનને કહ્યું, “સૌન્દર્યનો તો અહીં ઢગલો છે, પણ સૌન્દર્ય શોધવાનું આ સ્થાન નથી. મુખમંડલ પર જો રૂપ લાવણ્ય હોય અને ભાવ ન હોય તો આ પૂજ્યમૂર્તિ થઇ જ ન શકે. કશી પ્રેરણા આપી જ ન શકે. આ મૂર્તિ અહીં દુનિયાદારીની દીક્ષા આપવા માટે ઊભી નથી થઇ. પૂછ એ મૂર્તિને ! એ પોતે જ તને બધું કહી દેશે.”

નજર બદલાઇ અને એ મૂર્તિના ભાવ તરફ ધ્યાન ગયું. પછી પૂછવું જ શું ? એક ક્ષણમાં વૈરાગ્ય ને કારુણ્યના પ્રવાહ ઝરવા લાગ્યા; ના, ના, વૈરાગ્ય ને કારુણ્યના ધોધ પડવા લાગ્યા અને ચિત્ત એ ધોધમાં નાહીને ક્ષણે ક્ષણે એ ભવ્યતાની ઊંચાઇ સુધી ચઢવા લાગ્યું. એક આચાર્યે આવી જ કોઇ ભવ્ય મૂર્તિનું વર્ણન કરતાં ગાયું છે કે–“यत्कारुण्य कटाक्षकान्तिलहरि प्रक्षालयत्याशयम् ॥ –જેના કારુણ્યપૂર્ણ કૃપાદૃષ્ટિના જલપ્રવાહથી હૃદયના ભાવો ધોવાઇને શુદ્ધ થાય છે.” આ વર્ણનની યથાર્થતાનો અહીં અમને પૂરેપૂરો અનુભવ થઇ રહ્યો. મૂર્તિના મોઢા ઉપર સ્હેજ વિષાદ છે. માણસની દુર્બળતા, એની પામરતા, નિ:સાર જીવન પ્રત્યેની એની ઘેલછા દીર્ઘકાળ સુધી જોઇને માણસ જાતિ વિષેનું પારાવાર દુ:ખ એ આંખોમાં અને એ હોઠોમાં સમાએલું છે. આટલું હોવા છતાં નિરાશા અથવા ચીડ જરાએ દેખાતી નથી. દુનિયા તો આવી જ હોય, આવી છે એટલા માટે તો એના ઉદ્ધારનો સવાલ ઊભો થાય છે. માણસની પાપપ્રવણતા વધારે જોરાવર છે કે મહાપુરુષોની, બોધિ–તત્ત્વોની, તીર્થંકરોની અને અવતારોની ક્ષમાવૃત્તિ અને કારુણ્યવૃત્તિ વધારે છે એ સવાલનો જવાબ માણસને હંમેશ એક જ રીતે મળ્યો છે અને એ જ જવાબ આ મૂર્તિની મુખમુદ્રા પરથી આપણને મળે છે.

નીચે ઊતરતાં કાન શરીરરચનાનું પ્રમાણ સાચવતા નથી, પણ મૂર્તિની પ્રતિષ્ઠા વધારે છે એટલું જ નહિ, પણ સૌંદર્ય–સિદ્ધિનું પ્રમાણ આપણને શીખવે છે. મને તો આ મૂર્તિની આંખો, એના હોઠ, એની હનુ, આંખ ઉપરની ભમ્મર, એના હોઠ ઉપરનું કારુણ્ય–બધું જ અસાધારણ સુંદર દેખાય છે. આકાશના તારાઓ જેમ લાખો વર્ષ સુધી ચળકતા છતાં તાજાના તાજા જ રહે છે, ઉષા જેમ વેદકાળથી આજસુધી પોતાનું લાવણ્ય અને પોતાની તાજગી અખંડ સાચવતી આવી છે, તેવી જ રીતે આ મૂર્તિ પણ લગભગ એક હજાર વર્ષથી અહીં ઊભી રહ્યા છતાં એટલી ને એટલી જ તાજી, એટલી ને એટલી જ દ્યુતિમાન અને સુભગ છે. તડકો, હવા અને પાણીની અસરથી પાછળની બાજુએ ઝીણાં ઝીણાં પોપડા ખરી પડ્યા છે ખરા; પણ એટલાથી એ મૂર્તિનું લાવણ્ય ખંડિત થયું નથી. કહેવાય છે કે અમેરિકાના કોઇ ફંડના ટ્રસ્ટીઓ આ મૂર્તિનો પથ્થર વધારે જીર્ણ ન થઈ જાય એટલા માટે એના ઉપર એક જાતની દવાનું પૂટ ચઢાવવા મથતા હતા. પણ જૈન લોકોએ તેમ કરવા દેવાની ના પાડી. હજાર વર્ષ સુધી જે મૂર્તિ એમ ને એમ ટકી છે તે ભગવાનની કૃપા હશે તો બીજા હજાર વર્ષ સુધી એમ ને એમ રહેશે. અને ન રહી તો યે જેવી સ્થિતિમાં હશે તેવી જ એની પૂજા કરીશું એમ એમનું કહેવું છે. સામી બાજુએ રક્ષણવાદી લોકો કહે છે કે, ‘આ મૂર્તિ ઉપર માલેકી ભલે જૈન લોકોની હોય પણ એ આખા જગતનું અલૌકિક ધન છે, શિલ્પકળાનું અજોડ રત્ન છે, અશેષ માણસજાતિનો એ અમૂલ્ય વારસો છે. હજાર વર્ષ સુધી એ ટક્યો એ ઇશ્વરની કૃપા, પણ કુદરતની અસરથી એને બચાવી હજાર નહિ પણ હજારો અને લાખો વર્ષો સુધી એને ટકાવવો જોઇએ અને ભવિષ્યકાળના અગણ્ય કોટિ માનવીઓને એ પ્રેરણા આપી શકે એ હાલતમાં એને રાખવો જોઇએ એ આપણો ધર્મ છે. વાર્નિશ ચઢાવી એ મૂર્તિને બગાડી નાખવાનું નિંદ્ય કર્મ અમે ન કરીએ. મૂર્તિ છે તેવી ને તેવી જ દેખાય, એની અસરમાં જરા સરખી ઊણપ ન આવે, એમાં જરાપણ પરિવર્તન ન થાય, એટલું સાચવીને જ અમે એની આવરદા વધારવા માગીએ છીએ. વિજ્ઞાનની શોધખોળ જ્યાંસુધી આપણને લઇ જઈ શકે ત્યાં સુધી જઈ, આવી અલૌકિક કૃતિનું રક્ષણ કરવું જોઇએ. બુદ્ધિદાતા જગત્પ્રભુએ નહિ તો આપણને વિજ્ઞાન શા માટે આપ્યું ? એકવાર તો વિજ્ઞાનનો સદુપયોગ થવા દ્યો !

બન્ને બાજુએ કહેવા જેવું ઘણું છે. બન્ને બાજુની દલીલો ઘોળાતાં ઘોળાતાં નજર ફરી ગોમટેશ્વર તરફ ગઇ. અને ત્યાં જોઉં તો મૂર્તિ મૂર્તિરૂપે રહી જ નહિ. ગોમટેશ્વર પોતે જ મૂક વાણીમાં બોલવા લાગ્યા, “કેવા પામર માનવીઓ છે ! મેં વૈરાગ્યનું તપ આદર્યું અને તમે મારી આ મૂર્તિને કૃપાની નજરે નિહાળો છો અને એના લાવણ્ય પર વારી જાઓ છો. આખી દુનિયાનું ચક્રવર્તિપણું એક ક્ષણમાં મેં છોડી દીધું અને તમે આ પથરાની દોલતનો વારસો ભવિષ્યની પેઢીઓ માટે સુરક્ષિત કરવા મથો છો ? તમે જડવાદી આધુનિકો આ પથરાના રૂપલાવણ્યની ઉપાસના કરો છો અને પેલા સનાતની જૈનો મારી જીવનકથા ઉપર વારી જાય છે અને મારે નામે રચાએલાં શાસ્ત્રવચનોના શબ્દાર્થને વળગી રહે છે. મારા જીવનનો બોધ એમને બહુ ઊંચો લાગે છે એટલે પૂજાની લાલચ આપી મને પોતાને જ પોતાની જેટલા નીચે આણવા મથે છે. બન્ને સરખા જ છો. રાખો કોરે તમારી એ ચર્ચા. વૈરાગ્યનો સંદેશો આપતો, પ્રશમનો સંદેશો બોધતો, નવસો એકવીશ વર્ષ સુધી અહીં ઊભો ઊભો હું તપશ્ચર્યા કરું છું એની તમારા ઉપર કશી જ અસર થતી નથી અને દહાડે દહાડે તમે તમારા કલ્યાણથી દૂર દૂર જાઓ છો એ કારણે મારા મુખ ઉપર વિષાદનો ભાવ વધતો જાય છે એ તમે નથી દેખતા ? ટાઢ, તડકો, હવા અને વરસાદથી મારું રક્ષણ કરવા માગો છો, પણ તમારી મૂર્છાની અને ઘેલછાની વધતી માત્રા જોઈ મારી મુખકાન્તિ ઉપર જે દુ:ખ, ગ્લાનિ અને વિષાદ વધુ ને વધુ ફેલાવા લાગ્યા છે, એમાંથી મારું રક્ષણ કરવા માટે તમે શું કરવા તૈયાર છો ? એની ચર્ચા કરો, એની ચિંતા કરો, એનું મનન કરો. પથરાના કોક દિવસે ચૂરા થવાના જ છે, જે મૂર્તિ છે, એ કોક વખતે અમૂર્તિ થવાની જ છે, પણ તમને જે અત્યાર સુધી તક મળી એનો તમોએ શો ઉપયોગ કર્યો ? આ પથરાની મૂર્તિને સાચવવી હોય તો ભલે સાચવો; એને ઘડનાર પ્રાચીન કલાકારો પ્રત્યેનો તમારો એ ધર્મ છે, પણ તમારો મુખ્ય ધર્મ તો જે બોધ મને મળ્યો અને જેને લીધે મારું જીવન સફળ થયું એ બોધની પરંપરા તમે અબાધિત રાખો અને હજારો અને લાખો વરસ સુધી જો તમારી માનવી જીવનની પરંપરા ચાલે તો તે બધાને–અશેષ સત્ત્વોને–કલ્યાણનો બોધ અને કલ્યાણની સાધના પ્રાપ્ત થાય એવી પરંપરા ચલાવો. એમ થતાં જરૂર દરેકનું જીવન કળામય, લાવણ્યમય અને આશીર્વાદરૂપ થઇ જશે.

**કાકા કાલેલકર**

# જ્ઞાતિ અને તેના પેટા વિભાગો

[ ૨ ]

સંકુચિત જ્ઞાતિઓ, ગોળ કે તડાઓના પનારે પડેલો વર્ગ પોકાર પાડે છે પણ તેનો ઉપાય કરવાને બદલે એક જ દલીલ સામે ધરવામાં આવે છે કે જે કાબૂ આજે જ્ઞાતિ ઉપર ગોળથી આવ્યો છે, તે જતો રહેશે તો પરિણામ બુરું આવશે પણ આ દલીલ કેટલી વ્યાજબી છે તે વિચારીએ :

સૌને સમાજ પોતાના સુખ-સગવડતા માટે જોઇએ છે. સૌને તે દ્વારા વિકાસ સાધી પ્રગતિ કરવી છે. સૌને ખૂટતું સમાજમાંથી મેળવી લઇ પૂર્ણ થવાની ઇચ્છા છે. એટલે દબાણથી સામાજિક બંધારણ કોઇના પણ ઉપર લાદવા મથવું એ બરાબર નથી. જે શકિત અને પધ્ધતિથી આજે પ્રજા પાસે ગોળની મર્યાદાઓ પળાવાય છે તે જ શકિત અને પધ્ધતિ કે આવડત ગોળ નાબૂદ થતા પણ પ્રજાને-સમાજને વ્યવસ્થિત રાખશે જ. સમાજ જો સાચે જ ઉપયોગી હશે અને તેમાં રહેવાથી પ્રગતિ સધાતી હશે તો વગર દબાણે પણ સૌ સામાજિક બંધારણને વશ વર્તશે જ! મોટા મોટા એશોસીએશનો કે સંઘ યા સંસ્થાઓ પણ જો ચલાવતા આવડે તો વ્યવસ્થિત નથી ચાલતા શું?

ગોળની ઉપયોગિતા માટે બીજી દલીલ એ કરવામાં આવે છે કે તેનાથી "કન્યાવિક્રય અને અવિવાહિત ગરીબોનાં દુઃખ અટકે છે" પણ પ્રશ્ન એ છે કે આ બે અનિષ્ટો ટાળવા માટે એથી વધુ સારા બીજા કોઇ ઉપાયો નથી જ શું? એક અનિષ્ટને ટાળવા બીજું અનિષ્ટ ઊભું કરવું એ યોગ્ય કે હિતાવહ છે? ખરી રીતે તો જે ઉપાય અનિષ્ટ અટકાવીને ઇષ્ટ સાધી આપે એ જ સાચો ઉપાય ગણાય. પણ એવો કોઇ સાચો ઉપાય કે ઉપાયો અજમાવવાને બદલે જ્ઞાતિ આડે વાડ બાંધીને-તેના વિકાર પ્રગતિ કે વિવેકબુધ્ધિના સઘળા દ્વારો બંધ કરીને કેદખાનામાં પૂરી દઇ જાણે સમાજ ઇતિ કર્તવ્યતા અનુભવતો હોય એમ લાગે છે. શા માટે કન્યાવિક્રય થાય છે? દીકરીને દૂર દૂર વેચીને વધારે પૈસા ઉત્પન્ન કરવા ઇચ્છનારાઓ સમાજમાં શા માટે ઊભા થાય છે? શા માટે ગરીબોનાં સંતાનો પરણ્યા વિના રહી જાય છે? પેટ ભરવાની તાકાદવાળાઓ પણ શા માટે લગ્નના ખર્ચાઓનો બોજો ઉપાડવાને શકિતવાન થઇ શકતા નથી? પરણ્યાની લાયકાત શા માટે ગામડાઓમાં વધતી નથી? શા માટે ગરવા ગામડાંવાસીઓને વ્યવહારમાં મુસ્કેલી અનુભવવી પડે છે? આ બધી વાતોનો સાચો અને ઊંડો વિચાર કર્તવ્યબુધ્ધિથી કદી કર્યો છે? ગોળની દિવાલોથી આ બધું દૂર કરી શકાયું છે, આ દૂર કરી શકાશે? ગોળ પહેલાનો અને ગોળ પછીનો સામાજિક સ્થિતિનો તફાવત કદી તારવ્યો છે? ગોળથી જ્ઞાતિને લાભ થયો છે કે હાનિ વગેરે બાબતોનું સરવૈયું સમાજ-અગ્રગણીઓએ કદી કાઢી ભાવી માર્ગ માટે કદી ગંભીર વિચારણા કરી છે? ના-

ગરીબોના ઘર બંધાવવા માટે લગ્નના ખર્ચો કમતી કરી માત્ર નજીવા ખર્ચે લગ્ન ઉકેલવાની પ્રથાનો જ્ઞાતિએ વિચાર કર્યો છે? સમસ્ત જ્ઞાતિમાં એક જ તિથિએ લગ્નોની પ્રથાથી એક જ ખર્ચે અનેકના લગ્ન પતી જાય તેવી વ્યવસ્થા કરવાનું મહાજનને કદી સૂઝયું છે? ધર્માદા કે મહાજનના લાગા ઘટાડી રજીસ્ટ્રેશન (નોંધણી) પૂરતો એક રૂપિયો જ માત્ર સ્વીકારવાની વાત ક્યારે ય વિચારી છે? દરદાગીના કે કપડાંલતામાં માણસની સમસ્ત શક્તિને ખર્ચાવી ન નાખતા અતિ અલ્પ જરૂરિયાતે લગ્ન કરવાની પ્રથા દાખલ કરી છે? ભોજનસમારંભો કે બીજા ફઝૂલ ખર્ચાઓ કરવાને બદલે એક હંમેશના કાર્યની માફક લગ્ન-પ્રસંગો પણ શાન્તિથી અને વિના આડંબરે શા માટે નથી ઉજવાતા?

ગામડીઆઓ અભણ રહે તે માટે મહાજનો પોતાની જાતને જોખમદાર ગણે છે કે નહિ? એ જોખમમાંથી-જવાબદારી-માંથી છટકવા માટે તો ગોળની-આ મધલાળની ભયંકર ભેટ નથી આપી ને? સુકકું હાડકું કરડતો કૂતરો જેમ પોતાના મોંમાંથી જ નીકળતા લોહીના સ્વાદથી હરખાય છે તેમ એક તરફથી "વિકાસનાં દ્વારો રૂંધીને, તક બંધ કરીને ગોળથી મૂંઝાઇ કન્યાનો બાપ ગમે તેવા મુરતિયાને પણ કન્યા આપશે જ." માટે ઓ ગામડિયાઓ! તમારો વારો પણ પરણવાનો આવશે જ, એવું આત્મઘાતી આશ્વાસન તો ગોળ રચીને અપાયું નથી ને?

ગોળની રચના તે ગામડાનો ઉધ્ધાર કરવાની છે કે માનવીની મહત્ત્વાકાંક્ષા મારી નાખી અહિત કરનારી છે? સમસ્ત જ્ઞાતિનાં બાળકોની કેળવણી માટે જ્ઞાતિસંસ્થાએ પોતાનાં સઘળાં સાધનોનો ઉપયોગ કરી લાયકાતનું ધોરણ વધારવા પ્રયત્ન કે વિચાર સરખો પણ કર્યો છે કે? એ કેળવણી દ્વારા ગામડાઓમાં પણ સંસ્કારબીજ વાવી શકાય, તેમના ઘર ઉજાળી શકાય, ત્યાં પણ ગૃહસ્થજીવનની આનંદમય સુવાસ ફેલાવી શકાય વગેરે વાતો વિચારાય છે કદી?

કન્યાવિક્રય મોટે ભાગે ગામડાઓમાં થાય છે. કારણ કે તેમને વહુ લાવવા માટે દીકરી વેચવી પડે છે, આનો વિચાર સમાજે કર્યો છે?

વરકન્યા વચ્ચે વયનું વધારેમાં વધારે કેટલું અન્તર હોવું જોઇએ તેની સીમા બાંધી, તેના અમલમાં કાળજી રાખવાથી કજોડાં થવાનો જરાય સંભવ નથી. દરેક મુરતિયાની મહાજન તપાસ કરે, અને પાસ કરે પછી જ તે પરણી શકે તેવી પ્રથા શા માટે દાખલ નથી કરાતી? સમસ્ત જ્ઞાતિમાં એક જ સ્થળે અમુક એક જ તિથિએ લગ્નોત્સવો ઉજવાય તો બધું સહેલાઇથી બની શકે.

### કજોડાં અને કન્યાવિક્રય અટકાવવા

(૧) વરની વયની ચોક્કસ મર્યાદા બાંધવી. વરકન્યાની વય વચ્ચે ૮ થી ૧૦ વર્ષનું અંતર રાખવું, તે કરતાં વધુ નહિ.

(૨) દરેક વરની મહાજને તપાસ કરવી અને લગ્ન કરવાને લાયક હોવાનું પ્રમાણપત્ર આપવું.

(૪) બીજવર કે મોટીવયના પંથવર માટે પણ કન્યા સાથેના લગ્નને બદલે પુનર્લગ્નની પ્રથા દાખલ કરવી.

(૪) અમુક ખર્ચને પહોંચી વળવા માટે કેટલાએક દાખલામાં કન્યાવિક્રય કરવો પડે છે. એટલે ખર્ચનું ધોરણ ખૂબ ઓછું કરી સામાન્ય માણસ પણ ઉપાડી શકે તેટલું રાખવું. ધર્માદા કે મહાજનના લાગા એક રૂપિયા કરતાં વધારે ફરજિયાત ન હોવા જોઇએ.

(૫) સમસ્ત જ્ઞાતિમાં એક તિથિનાં લગ્નો લઇ મહાજન હસ્તુ લગ્ન એક જ દિવસે પતી જાય અને ખર્ચ બધા લગ્ન-વાળાઓ વરાડે વહેંચી લે તેવી પધ્ધતિ દાખલ કરવી.

(૬) આટલું કર્યા છતાં પણ કોઇ કન્યાવિક્રય કરે તો જ્ઞાતિએ તેની સાથેનો સંબંધ તોડી નાખવા જેટલું કડક થવું.

### મુરતિયાઓની લાયકાત વધારવા માટે

(૧) લાયકાત કેળવવાનાં સાધનો જ્ઞાતિ ખર્ચે વસાવવા. દરેક યુવક અમુક કેળવણી લીધા વિના ન જ પરણી શકે એવો નિયમ કરવો અને કેળવણીનાં બધાં ક્ષેત્રો અને સાધનો જ્ઞાતિ-ફંડમાંથી જ નિભાવાય તેવો પ્રબંધ કરવાથી શહેરી કે ગામડિયા સૌ લાયક થઇ શકે. કેળવણી લઇ શકે. સારા યુવકો સર્જવા-

# દૃષ્ટિ અને વૃત્તિને વ્યાપક બનાવજો

## ફૂલોનો ઉપયોગ

તમે મને ફૂલની માળા પહેરાવી રહ્યા છો તેમાં તમારો પ્રેમ છે. પણ એ ફૂલનો મારા શરીરને જ્યારે સ્પર્શ થાય છે ત્યારે મને મરણપ્રાય: દુ:ખ થાય છે. ફૂલોને દૂરથી જોવામાં મને મજા પડે છે. એ વૃક્ષ કે વેલી ઉપર ઝૂલી રહ્યાં હોય છે ત્યારે પણ એ પ્રભુને જ ચડેલાં હોય છે. ત્યાંથી એને તોડવામાં અને પાષાણપ્રતિમાને ચડાવવામાં મને સંકોચ થાય છે. એક ભગવાનને માથેથી એ ઉતારવાં અને પછી બીજા ભગવાનને માથે ચડાવવાં એનો શું અર્થ છે? છતાં ભગવાનને ફૂલ ચડતાં હું સહન કરી શકું છું, પોતે તો ફૂલ તોડીને ભગવાનને ન ચડાવું, પણ બીજો કોઇ એમ કરે તો હું સહી લઉં. પરંતુ ફૂલોની માળા કોઇ મનુષ્યને—અને ખાસ કરીને મને પહેરાવવામાં આવે છે ત્યારે મને મૃત્યુથી અધિક દુ:ખ થાય છે. બહુ જ સંકોચ અનુભવું છું. મને આત્મપરીક્ષણની ટેવ છે તેથી હું મારા દોષો જોઇ શકું છું. માટે જો કોઇનો આદર–સત્કાર કરવાનો હોય તો હું તેની પાસે મારું માથું વધેરી નાખું, મારી ચામડીના જોડા બનાવીને પહેરાવું, અથવા તો બીજો કોઇ ઇલાજ ગોતું પણ ફૂલ તો ન જ તોડું. મને તો એમ પણ થાય છે કે મનુષ્ય ફૂલોને અડે જ નહિ તો કેવું સારું?

## મનુષ્યની વિશેષતા

આહારવિહારાદિની દૃષ્ટિથી જોઇએ તો માણસ અને પશુ સમાન છે. માણસ પશુથી પણ નપાવટ બની શકે છે તેમ બીજી રીતે એ પોતાના પરાક્રમથી, પુરુષાર્થથી પરમાત્માની પાસે પણ પહોંચી શકે છે. માણસમાં એ બન્ને શકિતઓ રહેલી છે. માણસ ધારે તો ખૂબ ઈંડા–માંસ પેટમાં પધરાવી, બીજા પ્રાણીઓના રક્ત–માંસથી રાજી થઇ હૃષ્ટપુષ્ટ બની શકે છે, તેમ એ બીજાઓની ખાતર પોતાના દેહનું બલિદાન પણ દઈ શકે છે. અનેકોનો ઘાત કરીને મનુષ્ય પશુ બની શકે છે તો પોતાની જાતનું સમર્પણ કરીને પોતાના નામને પવિત્ર પણ કરી શકે છે. પશુની શકિતને હદ હોય છે. એની બુરાઇઓ પણ મર્યાદિત હોય છે. પરંતુ માણસના પતનની અને ઉન્નતિની કોઈ હદ જ નથી હોતી. કાં તો પશુથી નપાવટ બને અથવા તો ઉપર ચડતો ચડતો દેવતા પણ બની શકે. જે પડે છે તે ઉપર પણ જઇ શકે છે. પશુનું બહુ પતન નથી થતું એટલે તે બહુ ઊંચે જઇ શકતું નથી. બન્ને વિષયોમાં માણસ છેલ્લી ટોચે પહોંચી જાય છે. જેમણે પોતાનાં જીવનસમસ્ત સંસારની ભલાઈ માટે અર્પણ કર્યાં છે તેમનાં નામમાં એક પ્રકારની પવિત્રતા આવી જાય છે. એમનાં નામ આપણા માર્ગમાં તારાની જેમ પ્રકાશ આપે છે.

## ચરિત્ર અને ચારિત્ર્યનો ભેદ

આપણે મહાપુરુષોના ચારિત્ર્યનું અનુકરણ કરવું જોઇએ—ચરિત્રનું નહિ. સાચી વાત ચારિત્ર્યની છે. એ જ મહત્ત્વની વસ્તુ છે. શિવાજી મહારાજે સો-બસો કિલ્લાઓ બનાવી સ્વરાજ્ય મેળવી લીધું. પણ આજે એ પ્રમાણે કિલ્લાઓ બનાવવાથી સ્વરાજ્ય ન મેળવી શકાય. જે વૃત્તિ શિવાજી મહારાજમાં હતી, જે વૃત્તિએ તેઓ જીવ્યા, જે વૃત્તિ રાખી એમણે લડાઇઓ કરી તે વૃત્તિ અથવા ગુણ આપણામાં હોવો જોઇએ. જે વૃત્તિથી શિવાજીએ કામ કર્યું તે વૃત્તિથી આજે પણ સ્વરાજ મેળવી શકીએ. એમના સમયનું સ્વરૂપ આજે આપણા માટે નકામું છે. એમાં જે ભીતરી રહસ્ય સમાયેલું છે તે જ ઉપયોગી છે. ચરિત્ર ઉપયોગી નથી, ચારિત્ર્ય ખરું ઉપયોગી છે. કર્તવ્ય બજાવતી વખતે એમણે જે વૃત્તિ રાખી તે આપણા માટે જરૂરની છે. એમના ગુણોનું સ્મરણ આવશ્યક છે. એટલા માટે તો હિન્દુઓએ ચરિત્રનો બોજો એક કોર મૂકીને માત્ર નામસ્મરણ ઉપર જ ભાર મૂકયો છે. જે જે મહાન વિભૂતિઓ થઇ ગઇ તેમનાં ચરિત્ર ભેજામાં સંઘરવા જઇએ તો ગુંગળાઇ મરીએ. એમના ગુણોનું જ સ્મરણ આપણા સારુ બસ છે. ચરિત્રનું અનુકરણ કરવાની જરૂર નથી.

## એક મજાનો કિસ્સો

એક જાણીતો કિસ્સો કહું. થોડા જુવાનિયાઓએ "સાહસિક મુસાફરી" નામનું એક પુસ્તક વાંચ્યું. એમને એવું થયું કે આપણે પણ આ પુસ્તકમાં લખ્યું છે એવું કરી બતાવીએ. પેલા પુસ્તકમાં પચીસેક જણાની ટોળી હતી, એટલે પુસ્તક વાંચનારે પણ ગમે તેમ કરીને વીસ-પચીસ જણનું એક જૂથ તૈયાર કર્યું. પુસ્તકમાં લખેલું હતું તે પ્રમાણે તેઓ એક મોટા જંગલમાં ગયા. પણ જંગલમાં પહોંચ્યા પછી શું કરવું? પુસ્તકમાં લખ્યું હતું કે એમની ટોળીને એક વાઘ ભેટયો. પુસ્તક વાંચીને જંગલમાં જનારાઓ માટે વાઘ કંઇ ત્યાં રાહ જોઇને નહોતો બેઠો. વાઘ વગર શું કરવું? એમની ટોળીમાં એક બુદ્ધિમાન જુવાન હતો તે બોલ્યો: "આપણી મુસાફરીમાં આપણે પહેલેથી જ મોટી ભૂલ કરી છે. આપણે પેલી સાહસિક ટોળીનું અનુકરણ કરવા માગીએ છીએ, પણ બધું અવળું જ થાય છે. સાચી વાત તો એ છે કે એ લોકો કંઇ આપણી જેમ એકાદ પુસ્તકનાં પાનાં વાંચી બહાદૂરી બતાવવા બહાર નહોતા નીકળી પડયા. આપણે એ વાતનો વિચાર જ ન કર્યો એ આપણી મોટી ભૂલ થઇ ગઇ."

## શ્રદ્ધા અને શ્રાદ્ધ

કહેવાની મતલબ એ જ છે કે આપણે કોઈના ચરિત્રની એક એક ઘટનાનું અનુકરણ ન કરી શકીએ. ચરિત્રો તો ભૂલવા માટે છે. ગુણોનું જ અહોનિશ સ્મરણ કરવાનું છે. ઇતિહાસ પણ ભૂલી જવા માટે છે, અને સાચે જ લોકો એ ભૂલી જાય છે. બિચારા કેટલાક બાળકોને ઇતિહાસ બરાબર યાદ નથી રહેતો તેથી માર ખાવો પડે છે. ઇતિહાસ એટલા માટે છે કે એમાંથી માત્ર ગુણો તારવી શકીએ. જે ગુણ છે તે તો કદી પણ ન ભુલાવો જોઇએ — શ્રદ્ધાપૂર્વક એનું સ્મરણ કરવું જોઇએ. પૂર્વજોના ગુણોનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ એ જ ખરું શ્રાદ્ધ. એવું શ્રાદ્ધ પાવનકારી બને છે.*

(અપૂર્ણ) **સુશીલ**

* શ્રી વિનોબાના એક વ્યાખ્યાનમાંથી

---

વ્યવહારિક દૃષ્ટિએ સારા મુરતિયાઓ સર્જવા માટે જ્ઞાતિએ કેળવણીનું સાધન હાથમાં લીધા વિના લાયક કન્યાઓને લાયક મુરતિયાઓ મળવાના નથી.

દેવદ્રવ્યના નામે પડેલું દ્રવ્ય જ્ઞાતિમાં સંસ્કારમંદિરો રચવામાં ખર્ચાય તો એક કાળે પણ પડતા ધર્મને ટેકો આપે તેવી શકિતશાળી પ્રજા ઊભી કરી શકાશે. સંસારનું વળી જતું સત્યાનાશ અટકાવી શકાશે. પ્રજા જ્યારે સાચો ધર્મ અને સંસ્કાર સમજશે ત્યારે આ બનશે.

(૨) રોટલા રળી શકે એવા—પણ ફજુલ ખર્ચાઓરૂપી રૂઢિના ખપ્પરમાં હોમવા માટે મૂડી ન ધરાવનારા યુવકો પણ સહેલાઇથી પરણી શકે એટલા માટે ૫૦ કે ૧૦૦ રૂપિયામાં લગ્ન ઉકલી જાય એવી ગોઠવણ કરવામાં આવે.

સાધારણ સ્થિતિના કારણે જ કોઇ અવિવાહિત ન જ રહેવો જોઇએ. એવી સ્થિતિ ઊભી કરવામાં સમાજનું–ગરીબનું શ્રેય છે.

આ બન્ને જાતના ઉપાયો અજમાવ્યા પછી જો જ્ઞાતિએ ધોળ બાંધ્યા હોત તો વ્યાજબી હતું. હજુ પણ ભૂલ સમજાતી હોય તો—યુવકો કે ભવિષ્યની પ્રજા સમાજ કે જ્ઞાતિને તજીને ભાગે તે પહેલાં—સમાજ ભૂતકાળની ભૂલ સુધારે તેમાં તેનું ડહાપણ અને વડપણ છે. **વ્રજલાલ ધ. મેઘાણી**

# શું લખવું ?

આજ આપણા જીવનમાં એટલા બધા પ્રશ્નો આપણી સમક્ષ ઊભા છે કે કાર્યકર્તાને જેમ 'શું કરવું ?' એ પ્રશ્ન મૂંઝવે તેમ લખવા બેસનારને 'શું લખવું ?' એ પ્રશ્ન મૂંઝવે જ.

આપણું આધુનિક જીવન તપાસીએ. નરી વિષમતાથી ભરેલું નથી લાગતું ? આપણે સમસ્ત હિંદના જનસાધારણને ન સ્પર્શીએ તો ય એકલા જૈન સમાજની જ શું એ સ્થિતિ નથી ? સમાજજીવનનું બલ્કે આપણા જીવનસમસ્તનું એક પણ અંગ એવું છે ખરું, કે જેના ઉપર જૈનો ગર્વ કરી શકે ? આપણું સમાજ-જીવન, આપણું અર્થકારણ, આપણું રાષ્ટ્ર-જીવન એ બધાં શું પરસ્પરને અનુરૂપ છે ? નથી જ. તેમ નથી આપણું ધર્મ-જીવન સાચું અને ઉન્નત. કેટલાય ઝઘડા, કેટલાય નિસાસાથી જાણે આપણું સમસ્ત જીવન વીંટાઇ ગયું હોય એવું શું નથી લાગતું ?

જૈન સમાજનો એવો કયો પ્રશ્ન છે જે આજે સાંગોપાંગ ચર્ચા માગી લેતો નથી ? આપણી ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકીય અવદશા કેટલી થઇ છે ? જૈન સમાજ આવી જ અંધ અને કૂપમંડુક સ્થિતિમાં ડુબેલો રહેશે તો ભય છે કે બહુ થોડા સમયમાં જૈનત્વ હિંદના સામાન્ય જીવનમાંથી લુપ્ત થઇ જશે.

જે જૈન સમાજે પોતાના મહાઉન્નત સત્ય સિધ્ધાંતોથી જગત આખાના ધર્મજીવન ઉપર અસર કરી છે એ જૈનસમાજ આજે લુપ્ત થવા બેઠો હોય એના જેવું બીજું દુઃખ શું હોઇ શકે? જૈન સમાજના એક શરીરને છિન્નભિન્ન કરી નાખતા ફિરકાભેદ અને ગચ્છભેદ પ્રવર્તે છે. ભગવાન મહાવીરના સંતાનો એના જ નામ પર એકમાંથી ત્રણ થઇ જઈ લડયા કરે છે. એટલું ઓછું હોય એમ જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓનાં સંકુચિત વર્તુળો દિવસે દિવસે વધતાં જ જાય છે. સાધુ-સાધુના ઝઘડા, ગૃહસ્થ-ગૃહસ્થના અંગત ઝેર-વેર આજ જૈન સમાજને મહા શાપરૂપ થઈ પડયા છે. જે સુકાનીઓ ઉપર નૌકા પાર ઉતારવાનો વિશ્વાસ રાખી બેઠા હોઇએ એવા સુકાનીઓ જ પરસ્પર લડવામાં અને પોતપોતાના સ્વાર્થખાતર નૌકાને આડી-અવળી વાળવામાં જ મચ્યા રહે તો કયારે પણ એ નૌકા પાર ઊતરે ખરી ? એવા સુકાનીઓ બદલ્યા વિના નૌકા કદી નિર્ભય ન રહી શકે. આજના જૈન સમાજના સૂત્રધારોએ બધાય પ્રશ્નો આજની વિસ્તૃત દૃષ્ટિએ તપાસવા જોઇએ.

આજ જૈન સમાજ તોતિંગ અજગરની જેમ આળસમાં પડયો પડયો ઘોર્યા કરે છે. કદાચ એને એ સ્થિતિમાં લાવી મૂકવામાં પણ આવ્યો હોય તો તેમ કરનાઓનો દોષ કાંઇ નાનોસૂનો નથી. આજની અવદશામાંથી ઊગરવાનો જાણે કોઇ રસ્તો જ કોઇને દેખાતો નથી ! જૈન સમાજને કે એના આગેવાનોને જાણે ખબર જ નથી કે કાળના ચક્રો એની ઉપર થઇને ફરી રહ્યાં છે, એને કચરી રહ્યાં છે. જાણે કે એ કલોરો-ફોર્મના ઘેનમાં પડેલ ન હોય ! પોતાની અવદશાનું ભાન પણ ન રહે એથી વધુ પડતી બીજી કેવી હોઇ શકે? હવે જૈન સમાજે જાગવું જોઇએ, પોતાની જાતને સંભાળવી જોઇએ અને પોતાના અન્યાય કરનારને શિક્ષા કરવા પણ તૈયાર થવું જોઇએ.

પોતાની અંધતા, આળસ, અને કૂપમંડુકતા છોડી જૈન સમાજે આજે રાષ્ટ્રને અનુરૂપ થવા પ્રયત્ન કરવો રહ્યો. તેણે ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણ્યે જ છૂટકો. હજુ વખત છે. અત્યારે પણ ન ચેત્યા તો કદાચ આગળ વખત નહિ મળે, અને પોતાના જ પ્રમાદ ઉપર આખા જૈન સમાજને આંસુ સારવા વખત આવશે. એવું કાંઇ પણ અનિષ્ટ થાય તે પહેલાં -હિંદના સમસ્ત જીવનમાંથી જૈન સમાજનો હિસ્સો ભૂંસાય તે પહેલાં-તેણે સંભાળી લેવું પડશે. રાષ્ટ્રની કૂચમાં કદમ સાથે કદમ મિલાવી, ખભેખભા અડાડી પોતાનો સરખો હિસ્સો પૂરવો પડશે. જૈન સમાજ હિંદથી કે જગતથી એકલો નહિ જીવી શકે.

છેલ્લા કેટલાય દસકાઓથી આપણે હદ વિનાની અધમ સ્થતિનો અનુભવ કરીએ છીએ. આપણી અંધશ્રધ્ધાએ આપણી વિવેકબુધ્ધિ-જેના મહા પ્રમાણરૂપ અનેકાંતવાદનો સિધ્ધાન્ત જગતમાં જૈન સમાજને ગૌરવાન્વિત કરે છે તેને-ને લુપ્ત કરી નાખી છે. આપણા આળસુ અને બાહ્યાચારી ધર્મપ્રિય સ્વભાવે આપણને 'હશે' 'હોય'વાળા કરી સાવ નિર્માલ્યની કોટિમાં મૂકયા છે. જાણે આપણામાં સ્વતંત્ર વિચાર-શકિત જ ન હોય !

ભૂતકાળના ગૌરવગાન ગાઇને જીવવાનો હવે વખત નથી રહ્યો. જે ભૂતકાળના આપણે ગૌરવ ગાઇએ છીએ એવો મહાન વર્તમાન બનાવી, ભાવી જૈન સમાજ માટે એવો આદર્શ ભુતકાળ આપણે શા માટે ન મૂકતા જઇએ ? શા માટે એવી ઇચ્છા નથી ઉદ્‌ભવતી કે એક વખત ભૂતકાળમાં જૈન સમાજે જીવનના ભૂલ્યાચૂકયાં, પાપીપતીત સૌ કોઇ ઊંચનીચને માર્ગદર્શન કરાવ્યું છે અને જગતના માનવોના ઉધ્ધાર અર્થે સૌ કાંઇ કર્યું છે એમ આજ પણ જગતના ત્રસ્ત જીવો-માનવોના ઉધ્ધારના આપણે નિમિત્ત બનીએ ?' શા માટે આવી ઇચ્છા કોઇ આજના સમાજસુકાનીને નથી ઉદ્‌ભવતી ?

જૈનોના દ્રવ્ય અને શકિતના અવળે રસ્તે વહી જતા પ્રવાહો જોઇ આજ તો કોઇપણ સહૃદયીને દુઃખ થાય. રે ! એ શકિતઓ માનવકલ્યાણ માટે, ત્રાસિતોપીડિતો માટે, ગુલામ પ્રજાની આઝાદી માટે શા માટે ન વપરાય?

આપણા માની લીધેલા સુમાર્ગોએ કલ્પનાના જ સાજ સજ્યા છે, વ્યવહારકુશળ કોમે વ્યવહારમાં રહેલી પોતાની જ ભૂલ જોઇ નથી. અનેક પ્રત્યક્ષ વસ્તુ છોડી પોતાના માની લીધેલ નેતાઓની પાછળ આપણે કલ્પનાબોમમાં-પરીઓના દેશમાં-વિચરીએ છીએ. અને તેમની પાછળ દોડી દોડીને આપણી સર્વકાંઇ શકિત-આપણું જીવન આપણે વેડરી રહ્યા છીએ. એ હદે આપણે પહોંચી ગયા છીએ કે ઊંઘમાં ચાલવાની જ આપણને ટેવ પડી ગઇ છે, જે ટેવ નુકસાનકર્તા જ છે, પાડી નાખનાર છે ને કદાચ નાશ કરનાર પણ છે. સર્વનાશની ખીણ ઉપર ઊભી આપણે ફરી વિચારવું રહ્યું કે આપણે જાગીને ઊગરવું છે કે અંદર પડી નષ્ટ થઈ જવું છે? ઊગરવું હશે તો જાગવું પડશે ને મહેનત પણ કરવી પડશે.

કેટલાય સડાઓ આપણા જીવનમાં પડયા છે, કેટલાય ક્ષેત્રો કામ કરવા માટે પડયા છે, કાર્યક્ષેત્ર પણ ઘણું વિશાળ છે, માત્ર કામ કરનારાઓની જરૂર છે. જો દરેક જૈન-શિક્ષિત જૈન યુવક એની પાછળ મંડી જાય તો થોડા જ વર્ષોમાં જૈન સમાજની સકલ-સૂરત બદલાઇ જાય. કોઇને પણ ગર્વ લેવા જેવો એ સમાજ બની રહે.

(અનુસંધાન છઠ્ઠે પાને)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ ધી સ્ટેટ્સ પિપલ પ્રેસ, ૧૩૮-૪૦, મેડોઝ સ્ટ્રીટ. મુંબઇ

દોઢ આનો

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

REGD. NO. B 4266

# પ્રબુદ્ધ જૈન

[તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ]

વર્ષ : ૧
અંક : ૧૩

મુંબઈ : મંગળવાર ૩૧ ઑકટોબર ૧૯૩૯

ગ્રાહકો : રૂ. ૨
સભ્યો : રૂ. ૧

## દૃષ્ટિ અને વૃત્તિને વ્યાપક બનાવજો [શ્રી૰ વિનોબાના એક વ્યાખ્યાનમાંથી]

૨

રામાયણમાં અહલ્યાની જે વાત આવે છે તે મને બહુ ગમે છે. રામનું ચરિત્ર તો શ્રેષ્ઠ છે જ, પણ રામચરિત્ર સાથે સંકળાયેલી અહલ્યાની વાત ઉપર હું મુગ્ધ બની જઉં છું. આજે પણ આપણી અંદર વસતો રામ (સત્ત્વ) પરવાર્યો નથી. રામનો જન્મ થઈ ચૂકયો છે; કોઇ એને ઓળખે યા ન ઓળખે: પરંતુ આજે રાષ્ટ્રમાં રામ છે. રામ ન હોય તો રાષ્ટ્રમાં જે આટલું તેજ દેખાય છે તે ન દેખાતું હોત. ઊંડા ઊતરીને જે જોઈ શકે છે તેને રાષ્ટ્રમાં રામનો અવતાર થઇ ચૂકયો જણાય છે. ભારતવર્ષમાં આજે જે રામલીલા ચાલી રહી છે તેમાં હું કયો ભાગ ભજવું — કયા પાત્રનો સ્વાંગ સજું — એવો મને ઘણીવાર પ્રશ્ન થાય છે. રામલીલામાં મારે પણ ભાગ તો લેવો જ જોઇએ. લક્ષ્મણ બનું? નહિ — નહિ. લક્ષ્મણની તે જાગૃતિ, તે ભક્તિ હું કયાંથી લાવું? તો પછી ભરત બનું? નહિ, ભરતની કર્તવ્યદક્ષતા, જવાબદારીનું સતત્ ભાન, દયાળુતા અને ત્યાગ કયાંથી લાવું? હનુમાનનું તો નામ લેવાની પણ હિમ્મત નથી ચાલતી. એની એ સેવા, એ નિષ્ઠા, એ શક્તિ હું કયાંથી લાવું? હનુમાન એટલે રામનું હૃદય. પુણ્યનો કોઇ અંશ મારી પાસે સિલકમાં નથી તેથી રાવણ બનું? નહિ, રાવણ બનવું રહેલ નથી. એની ઉત્કટતા, એનું મહત્ત્વ, એની મહત્ત્વાકાંક્ષા મારે કયાંથી કાઢવી? ત્યારે મારે આ રામલીલામાં કયો વેષ કાઢવો? કોનો અભિનય કરું? રામાયણમાં શું એવું કોઇ પાત્ર નથી કે જે મને થોડું પણ બંધબેસતું થાય? જટાયુ થાઉં? શબરી બનું? પણ એ તો બધાં સુસેવકો હતાં. મારી નજર અહલ્યા ઉપર ઠરે છે. અહલ્યા તો પથ્થર બનીને રામની રાહ જોતી બેઠી હતી.

### : અહલ્યાનું આખ્યાન :

અહલ્યાનો અભિનય કરવાનું મને મન થાય છે. જડ પથ્થર બનીને બેસી જઉં. પણ એટલામાં અહલ્યા મારા કાનમાં આવીને કહી જાય છે: "આખી રામાયણમાં શું તું મને તુચ્છ જડમૂઢ પાત્ર માની લે છે? તું બુધ્ધિમાન થઇને અહલ્યાના પાત્રને સૌથી હલકું ગણી કાઢે છે? મારી કોઈ યોગ્યતા તને દેખાતી જ નથી? રામે અયોધ્યાથી માંડી રામેશ્વર સુધી યાત્રા કરી ત્યાં રસ્તામાં હજારો પથ્થર એના પગ સાથે ઠોકરાયા હશે. એકેનો ઉધ્ધાર થયો? હું એવો નાલાયક પથ્થર બનીને થોડી જ બેઠી હતી? મારામાં જે ગુણ હતો તે તને નથી દેખાતો?" અહલ્યાની વાત મારા હૈયા સોંસરવી ઊતરી ગઈ. અહલ્યારૂપી શિલામાં જે ગુણ હતો તે એકલી શિલાનો મહિમા નહતો; તેમ એકલા રામના ચરણસ્પર્શનો પણ એ મહિમા નહતો. અહલ્યા જેવી શિલા અને રામના ચરણ જેવો સ્પર્શ એ બન્નેનો સંયોગ થવો જોઇએ. રામના ચરણથી બીજી શિલાઓનો ઉધ્ધાર ન થયો તેમ અહલ્યારૂપી શિલાનો બીજા કોઈના ચરણથી ઉધ્ધાર ન બની શકયો હોત. હું એને અહલ્યા–રામ–ન્યાય કહું છું. બન્નેના મિલનથી કંઈક સિધ્ધિ મળી શકે. સેવક, ભલે મર્યાદિત સ્થાનમાં રહીને સેવા કરે પણ એની સેવા પાછળની ભાવના તો વિશાળ, વ્યાપક અને અમર્યાદિત રહેવી જોઇએ. ગામડામાં બેસીને પણ વિશ્વેશ્વરની પૂજા થઈ શકે છે. બીજાને દગ્યા વિના જે સેવા થાય તે અણમોલી બની જાય છે. બુધ્ધિ અને ભાવના વ્યાપક હોય તો નાના કામની પણ ઘણી મોટી કિંમત અંકાય.

### : ભકત સુદામો :

સુદામો મૂઠીભર તાંદુલ લઇને ભગવાન પાસે ગયો હતો. પણ એ મૂઠી જેટલા તાંદુલમાં પ્રચંડ શકિત ભરી હતી. ભક્ત સુદામામાં દેવની બુધ્ધિ વ્યાપક હતી. કેટલાક અભ ગિયા એવા હોય છે કે કામ તો ઘણાં મોટાં ઉપાડે, પણ એનું ફળ નજીવું જ મળે છે. સુદામાએ નાની સેવાથી મોટું ફળ હાંસલ કર્યું. મતલબ એ છે કે જેની બુધ્ધિ શુધ્ધ, નિષ્પાપ, પવિત્ર તથા સમત્વવાળી હોય છે; જે પોતે ભકિતમય, પ્રેમમય હોય છે તે નાની જેવી ક્રિયા કરે તોપણ મહાન ફળ મેળવી લે છે. નાની ક્રિયાનું મૂલ્ય ઘણું વધારે હોય છે. એ એક આધ્યાત્મિક સિધ્ધાંત છે. મા પોતાના પુત્રને કાગળમાં બે જ લીટીઓ લખે છે, પણ એનો પ્રભાવ વિલક્ષણ પડે છે. પ્રેમની શાહીથી પવિત્રતાના સ્વચ્છ કાગળ ઉપર એ અક્ષરો આલેખાયેલા હોય છે. સફેદ કાગળોનું ભરેલું એક મોટું થોથું ભલે ચીતરી કાઢો, પણ એમાં જો શુભ્ર–નિર્મલ બુધ્ધિ ન હોય, એમાં પ્રેમનો પ્રવાહ વહેતો ન હોય તો એ થોથું નકામું છે.

### : વ્યાપકતાની મહોર–છાપ :

પરમાત્માને ત્યાં "કેટલી સેવા કરી?" એવો પ્રશ્ન નથી હોતો. "કેવી સેવા કરી" એ જ મુખ્ય પ્રશ્ન હોય છે. વિપુલ અને બહુરંગી સેવાનું મૂલ્ય, તુચ્છ સેવકની સામાન્ય સેવા કરતાં મુદ્દલ વધારે નથી હોતું. જાર કે બાજરાનું એક ભરેલું ગાડું રસ્તા ઉપરથી ચાલ્યું જતું હું જોઉં છું. પણ એની કિંમત હું મારા નાના ખિસ્સામાં સમાવી શકું છું. દસ હજાર રૂપિયાની નાની નોટ મારા ગજવામાં મૂકી શકું છું. નોટ કીમતી છે, કારણ કે એની ઉપર સરકારી મહોર–છાપ છે. સામાન્ય સેવકની સેવા ઉપર પણ વ્યાપકતાની એવી જ મહોરછાપ રહેવી જોઇએ. ભલે કોઇ જબ્બરજસ્ત સેવાનું કાર્ય ઉપાડે, પણ એની દૃષ્ટિ અથવા વૃત્તિ જો વ્યાપક ન હોય તો, નાની પણ વ્યાપક દૃષ્ટિવાળી સેવા એના કરતાં વધુ મૂલ્યવાન બની જાય છે. વ્યાપક દૃષ્ટિથી કરેલી નાની સેવા પણ અણમૂલ બની શકે છે અને એ જ એની મુખ્ય ખૂબી છે. હું તથા તમે એવી સેવા કરવા શકિતમાન થઇ શકીએ એ જ એનું સાચું રહસ્ય છે. તમે ગમે ત્યાં રહો, ગમે તેવી સેવા કરો, પણ સંકુચિત દૃષ્ટિનો ત્યાગ કરજો–વ્યાપકતા કેળવજો, વ્યાપકતાથી જ સેવાને ભરી દેજો. આવી વ્યાપકતા આપણા કાર્યકર્તાઓમાં બહુ ઓછે અંશે દેખાય છે. કુશળ કાર્યકર્તાઓને પણ સંકુચિત દૃષ્ટિએ કામ કરતા જોઇને મને દુઃખ થાય છે.

સુશીલ

# શ્રમજીવીની પ્રભુઉપાસના

જો કે અમારા ડબ્બામાં જરાપણ ભીડ નહોતી. અમે અને અમારો સરસામાન બેસવાની જગ્યા રોકીને પડયા હતા તે છાજલી ઉપર મૂકીએ અને અમે વ્યવસ્થિત ગોઠવાઇ જઇએ તો અમારા જેટલી જ બીજા મુસાફરોને બેસવાની જગ્યા મળી શકે તેમ હતું. છતાં તે મેલાં-ફાટેલાં કપડાંવાળા ડોસાડોસીને અંદર આવતાં અમે અટકાવતા હતા. થોડા સ્ટેશન અગાઉ અમોને પણ આ રીતે અટકાવતા મુસાફરોને અમે નીતિ, માનવતા અને ભ્રાતૃભાવનો મીઠો મીઠો સુંવાળો બોધ આપ્યો હતો. "અમે પણ ટિકિટના પૈસા ખર્ચીને આવ્યા છીએ. તમે મારા મહેરબાન કંઇ વધુ પૈસા નથી આપ્યા, સમજ્યા!" આવો ઠપકો પણ આપેલો. પરન્તુ ડબ્બામાં બેસી ગયા પછી ડોસાડોસીના પ્રસંગમાં બોધ-ઠપકો બધું બીજાને માટે જ હોય, બીજા વગર ટિકિટે જ મુસાફરી કરતા હોય અને અમે આખો ડબ્બો રીઝર્વ્ડ કરાવીને બેઠા હોઇએ તેમ વર્તવા લાગ્યા! આ વૃદ્ધો પાસે નહોતો બોધ કે નહોતો ઠપકો. હતી માત્ર કાકલૂદી-ભરી આરજુ અને ભગવાનનો હવાલો! મેં મારો સામાન નીચે મૂકયો, લાંબા ટાંટિયા સંકોરી લીધા એટલે તે બન્ને માનવીઓ ત્યાં બેસી ગયાં અને હાશ કરીને છુટકારાનો દમ ખેંચ્યો.

આ મેલાં કપડાંવાળાં ડોસા ડોસી પાસે એકેક નાની નાની પોટલી સિવાય બીજું કંઇ નહોતું. ડોસાના છન્નબગલા કેડિયાની ફાટેલી બાંયમાંથી દેખાતો હાથ ખાતરી આપતો હતો કે આ હાથે ભૂતકાળમાં કામ કરવામાં કચાસ નથી રાખી. હથેલીનાં રુઝાઇને મજબૂત થયેલ છાલાં અને લાકડાની મોઇ જેવાં અક્કડ આંગળાં સાક્ષી પૂરતાં હતાં કે સખત વેંતરું આ હાથે કર્યું હશે. મોઢાં ઉપર પડેલી દાઝ કહેતી હતી કે ભયંકર તાપમાં આ ડોસો ઓછું નહિ રખડયો હોય. ચામડીની બરછટાઇ અને તેજોવિહીનતા તેના પોષણની પૌષ્ટિકતાની ખામી બતાવતી હતી. રેલ્વેની ટિકિટો ડોસાએ કેડિયાની કસે બાંધી હતી. રેલ્વેનો બાંકડો પણ રખેને દુભાઈ જાય, પોતાની હાજરીથી કોઇને અગવડતા ઊપજે, પોતાની પાસે બેઠેલા ઉજળા લૂગડાંવાળાને પોતાનાં કપડાંની કાળાશ ઊડીને ચોંટી જાય તેવી કોઇ અગમ્ય ભીતિએ ડોસો અને ડોસી સંકોચાઇને, બહુ જ થોડી જગ્યાએ, માળાના પંખીની માફક લપાઇને બેસી ગયાં. ડોસાની મોટી પણ થાકેલી આંખમાં દઢ શ્રધ્ધા, નિર્દોષતા અને પ્રેમ તરવરતાં હતાં. ડોસી પણ ખડતલ ધણીની ચિંતાનો ભાર પોતાના દિલમાં દબાવીને પોતાની ઝાંખી આંખ કોઇ બાજથી બચેલા પક્ષીની માફક ચારેતરફ ફેરવતી હતી. એના હાથમાં ઘસાઇ ઘસાઇને રૂપા જેવી બની ગયેલી પતરાની બજરની ડાબલી હતી. ડોસીના ગરીબ જીવનમાં કે સામાન્ય રીતે ગામડિયા શ્રમજીવીઓના જીવનમાં ચપટી બજર, પાંદડાની વાળેલી થોડીક બીડિયું, ભજન અને વારતહેવારે લોક-સાહિત્યની લહાણીઓ સિવાય બીજો કોઇ વિલાસ કે વૈભવ માણવા જેવું હોય પણ શું? એ ગાય છે ભજનિયાં-પોતાના કિરતારને યાદ કરી પોતાની પામરતા ભૂલવા! એ જમાવે છે કોઈ કોઇ વખત લોક-સાહિત્યની રમત-ચઢી ગયેલા થાકને વિસરવા! એ સૂંઘે છે ચપટી બજરની કે ફૂંકી બાળે છે બે પાંચ બીડિયું-આળસ અને સુસ્તી ઉડાડવા! એ કામ કરતો કરતો ગાય છે-સખત વૈતરાં અને જંગલની એકાન્તને ભૂલવા માટે! ડોસી કોઇ આવા જ હેતુથી બજરની ચપટી જ્યારે સૂંઘતી હતી ત્યારે તે કોઇ જુદી જ દુનિયામાં વસતી હોય તેમ લાગતું હતું. અચાનક ડોસાએ મને કહ્યું:

"ભાઇ, જરા આ ટિકિટ તો જોઇ આપો, છે તો ચલાળાની ને? ભણેલાઓનો ભરુંસો નહિ. બચારા બેચરા બાવાએ ટિકિટ માંગી કયાંયની અને આપી કયાંયની! નાહકના બચારાના પૈસા પાણી થયા, આબરુ ગઇ અને માથે દંડના બમણા પૈસા આપવા પડયા. આઠ દિવસ સુધી ઘરે રહ્યો, કોઇને મોઢું પણ બતાવ્યું નહિ એટલી ભોંઠામણ થઇ. ભણ્યા નહિ એટલે આમ મૂંડાવાનું! ભણે ઇ ભગવાનને ઓળખે નહિ અને ન ભણે ઇ આમ મૂંડાય. આવું છે આ કળજુગમાં!"

"ટિકિટ તો છે ચલાળાની. તમને મારતરે છેતર્યા નથી લાગતા."

"ભગવાન એનું ભલું કરે!"

"બાપા! ચલાળા કેમ જવાનું થાય છે? છે કોઇ સગાંવાલાં ત્યાં?"

"છે મારો વાલો હાજરાહજૂર. બીજા કોઇ સગાંવાલાં કે નાતીલા પણ ત્યાં કેવાં? ભગવાનની જગામાં પંદર દી ટેલ કરવા જઇએ છીએ."

"ટેલ? માગણી કરવા જાઓ છો? ત્યારે કેવા છો તમે? બાવા કે બ્રાહ્મણ?"

"ના ભાઇ, ના. બાવાએ નથી અને ભામણેય નથી. કણબી છીએ! માગવા નથી જાતા; મારા વાલાની ગાંઠના રોટલા ખાઇને ટેલ કરી, આ કાયાનું કલ્યાણ કરવા જઇએ છીએ. પંદર દિવસ ભગતની જગ્યામાં કામ કરશું, અને ભગવાનનાં ભજન કરશું. અને સાધુસંતની સેવાચાકરી કરશું."

"એમ કેમ?"

"ભાઇ, માનતા છે. શાહુકાર લોકો પૈસા, પરસાદ કે ભેટથી માનતા ઉતારે. અમે ગરીબો પંડ વાપરી ભગવાનની માનતા ઉતારીએ. ગરીબોની જગ્યાઓ પણ અમારા જોગ જ, ત્યાં પૈસો જ ન મળે. સાધુઓ મહેનત કરે, સંત પણ મહેનત કરે. અને જે કંઇ ઊપજે તેમાંથી લૂલાલંગડા, આંધળા-અપંગ, સાધુસંત, રોગી કે એવા અનાથોને રોટલો મળે, ઓટલો મળે, વગર પૈસે જગ્યા ઊભી થાય, વગર પૈસે નભે. બધા અમારા જેવા મજૂર માણસોએ જગ્યા ચણી. જંગલમાંથી આટકાટનાં લાકડાં લાવ્યા. સુતારભકતો અને લુવારભકતોએ બાકીનું કામ પૂરું કર્યું. બે ત્રણ કાઠી ગળઢેરાઓએ ચાર ચાર ભેસું જગ્યામાં છાશ માટે બાંધી દીધી. કોઇ ખડના ભારા, કોઇ ખાંડી બે ખાંડી અનાજનો ભાકોભૂકો આપી ગયું. અમારા જેવા ટેલ નાખનાર આખું વરસ જગ્યા સંભાળે. આવા ગરીબના દેવ, ગરીબની જગ્યા અને ગરીબની ભગતી. સમજ્યાને ભાઇ! હજી સતમાતમ ત્યાં રહ્યું છે! હજુ ત્યાંથી કંઇકના સૂતેલા ઊઠે છે, કંઇકના આડાં ભાંગે છે, અને કંઇકના સતમાતમ તે જગ્યાના પરતાપે રહી ગયા છે!"

"પટેલ, તમે કેમ માનતા કરેલી?"

"ભગતને પરતાપે ધોળિયો ઊગર્યો. અમારા નસીબમાંથી ખડતો'તો પણ ભગતનું સત આડું આવ્યું. નકર એરૂ આભડેલો તે ઊગરે! અમે આખું ઘર બે દિવસ સુધી અન્નજળ વગર બેઠાં હતાં. ભગતની માનતા કરી અને ઉતારનાર આવ્યો. અને ચહક ચહક વીખ ચૂસી લીધાં અને કર્યો બેઠો....

"ચાર ચાર પેઢીના નાતા. ધોળિયાની માની માને આ પટલાણી આણાંમાં લાવેલી. પટલાણીના બાપ ભગા પટેલને ત્યાં ત્રણ પેઢી ગયેલી એટલી જૂની ઓળખાણ. ચોતરિયા કાળમાં ઢોરને તો શું પણ માણસને પણ ખાવાનું નહોતું મળતું ત્યારે બીજા બધાંએ પોતાના ઢોર છાપરિયાળી મોકલી આપ્યાં અને ભગા પટેલે પોતાની ગા ન મોકલી. પટેલના ત્રણ છોકરા અકેક પવાલું જાર માટે સરકારી કામે જાય અને તેની ધણિયાણી અને મારી ઘરવાળી સીમમાં ખડના પૂંખડા, પાંદડા કે જે મળે તે ભેગા કરી કરીને ગાયને ખવરાવે. ગાય પણ જાત ને! આખો દુકાળ છાસ આપી અને ઘરમાં રસ રાખ્યો. તે વખતે પણ નક્કી કર્યું હતું કે જો દુકાળ ઊગરીશ તો આ ગંગાની જમના દીકરીને આણાંમાં આપીશ. ગા માતાના પુણ્યથી દુકાળે ઊતરી ગયા. એ જમનાની રાતડીનો આ ધોળિયો!

"આ ધોળિયો અને મારો કાળિયો બન્ને એક જ દિવસે જનમ્યા હતા. પટલાણી કંઇક અધકચરી રહેતી એટલે રાતડીનું દૂધ પીઇને જ બેઉ ઊછર્યાં અને બેઉ એવા તો લીલ પગલાંના કે ઘરમાં અભરે ભરાણું. ત્રણ ગાયું લીધી, ચાર સાંતી જમીન અને ચાર સાથી રાખ્યા અને રૂડીઓ અને નથુડો પછી ઊછર્યાં. ભગવાનની મહેરબાની વધી. નાતજાતમાં બધાની હારમાં આવી ગયો અને બે પાંદડે થયો. બધા પરતાપ કાળિયા–ધોળિયાના સારા પગલાંનો.

"ગઇ સાતમને દિવસે કોણ જાણે કોના પાપે વાડીના પડામાંથી ધોળિયાને એરૂ આભડ્યો. પોણો ડબો ઘી પીવરાવી દીધું. ઉપાય કરવામાં બાકી ન રાખી. જેટલા માગે તેટલા પૈસા આપીને ઉતારનાર લઇ આવ્યો. ઠેઠ જૂનાગઢથી ચાળીસ રૂપિયા ખર્ચીને મારતી મોટરે ઘોડા–ડાકટરને તેડી લાવ્યો. તેણે પૂંઠેથી દવા ચડાવી, સોયા માર્યાં, કંઇક દવાઓ નાખ્યું ભરીભરીને પીવરાવી, પણ કારી ન ફાવી. ભૂવા, જતી, મંતરતંતરવાળાને પણ અજમાવ્યા, પણ બધું પાણીમાં ગયું. છેવટે એક જણના કહેવાથી ભગતબાપુની ટેલ માની અને તેનું મંત્રેલું પાણી બેચર ભગતે આપ્યું કે આળસ મરડીને બેઠો થાય તેમ તે બેઠો થયો. અને તે માનતા ઉતારવા હું અને મારી ઘરવાળી જઇએ છીએ. ત્યાં જઇ જગ્યામાં જે કંઇ કામ હશે તે કરશું. ચોમાસું માથે આવ્યું છે એટલે જગ્યાનાં ખોરડાં ચાળીશું, ખડની ગંજી કરશું, છાણાંનાં મોઢવાં કરશું, ખેતરમાં કંઇ કામ હશે તે કરશું, નવાણ સાફ કરશું. ઢોરઢાંખર ચારશું અને સાધુસંતની સેવા કરશું. મારી ઘરવાળી ઘરને ગારગોરમટી કરશે, છાસ કરશે, વાસીંદા વાળશે, છાણાં થાપશે. બીજો જે કંઇ ટેલટપો હશે તે કરશે. આ દેહ ભગતના કામમાં આવશે તે પણ ધન્ન ઘડી ને ધન્ન ભાગ સમજવા. ટેલ કરનારા તો ઘણા મળે પણ ટેલ કરાવનારા અને તે સ્વીકારનારા ક્યાં મળે છે? જેનાં પૂન્ય પાધરાં હોય, દનમાન ચડિયાતો હોય તેની જ ટેલ કબૂલ થાય, ભાઇ! તમ સરખા ભાયુંને પરતાપે મારો તો બેડો પાર થયો, જન્મારો તરી ગયો–અમારી ગરીબની આવી કાલીઘેલી માનતા અને ભગતી હોય. અને ભોળીઓ ભગવાન એથીય રાજી રહે!"

આટલું કહી ભોળિયો પટેલ માળા ફેરવવા મંડ્યો અને હું વિચારે ચડ્યો કે ખરો જ્ઞાની કે ખરો માનવી કોણ? આવો ગરીબ નિર્દોષ ગામડિયો કે તેની તરફ ઘૃણાની દૃષ્ટિએ દેખતી સુધરેલી દુનિયા?

ભગવાનને અનાથનો બેલી અને ભક્તનો દાસ ભાવિક જનોએ કહેલો છે. ધનિકો, સત્તાવાનો પોતે જ બીજાના ધરાર ભગવાન બનેલા હોવાથી બીજો ભગવાન તેઓને પરવડતો નથી. તેઓની દૃષ્ટિમાં કે સૃષ્ટિમાં ભગવાન જેવી કોઇ અમાનુષી ગયબી શક્તિ કે સત્તા, નાથ કે નિયંતા, ભાવના કે ભાસ હોતો જ નથી. પરન્તુ તે જ માણસ જ્યારે ધનની શક્તિ કે મહત્તા ગુમાવે છે, જ્યારે શારીરિક જોમ જતું રહી પરવશતા ભરેલું પાંગળાપણું તેના દેહમાં પ્રવેશે છે, જ્યારે વદન પરની મગરૂરીની રેખાઓ ગરીબીની વિષદ છાયા હરી લે છે, જ્યારે સત્તાની અક્કડ રાખનારી ખુમારીને સ્થાને પામરતા, લાચારી કે અનાથ દશા વ્યાપે છે, જ્યારે વારંવાર મળતા સન્માનને બદલે નિરાશા જીવનને ઝેરમય કરી નાખે છે ત્યારે પોતાની ગયેલી સત્તા, શક્તિ, સાહ્યબી કે શારીરિક બળો શોધવા ભગવાનનો તે ઉપયોગ કરે છે. સુખમાં સોની અને દુઃખમાં રામ એ ન્યાયે સોની અને રામ બેની વચ્ચે ધનનો પૂજારી ધક્કા ખાય છે. સુખ, સગવડતા અને સાધન જેમ ધનિકો પૈસાથી ખરીદે છે તેવી જ રીતે પ્રભુને–ભગવાનને કે તેની કૃપાને પણ તે ધનથી, હાથના મેલથી પોતાની સાહ્યબી કે સત્તાથી ખરીદવા માગે છે. ભક્તિ ઉપાસના કે પ્રેમના ખરા સ્વરૂપને તેઓ જાણતા જ નથી! એટલે જ ધનિકોનો સંસાર પ્રભુ વિહોણો શૂન્ય, વેરાન બનેલો નજરે પડે છે.

શ્રમજીવીઓ પેટ ભરવા માટે જેમ પોતાનો પસીનો વહાવી રોટી રળે છે તેવી જ રીતે પ્રભુને પણ પોતાના સાચા શ્રમ અને સેવાથી જ તે મેળવે છે. શ્રમજીવીની દુનિયામાં પેટ અને પસીનો, પંડ અને પ્રભુનો સંબંધ જેવો ને તેવો ચાલુ જ છે.

* * *

બીજડિયા આવ્યું ને પટેલે બે હાથ જોડી રામરામ કરી ગાડી છોડી. અલબત્ત અમારી વાત તો અટકી પરન્તુ મુંબઇ પહોંચ્યો ત્યાં સુધી મનમાં એક જ વાત ઘોળાયા કરતી હતી કે કોણ સાચું? પ્રભુ અને ધાર્મિક માન્યતાને "ઝેર" માનવાવાળા કે પ્રભુપ્રિત્યર્થે જીવનને પવિત્ર, ઉપયોગી અને સેવાપરાયણ રાખતા ધર્મઘેલાંઓ? કોની ભક્તિ વધે? હાથના મેલથી થતી ધનિકોની કે પરસેવો નીતરતા શ્રમથી થતી શ્રમજીવીની?

**વ્રજલાલ મેઘાણી**

---

## કલા એટલે?

જીવન એક કલા છે એવો ખ્યાલ બહુ ઓછા માણસોને આવ્યો હોય છે. સામાન્ય માણસને તો "કલા" શબ્દ સાંભળતા જ મનમાં ગૂંચવાડો ઊભો થશે. તેઓ તો એમ જ સમજશે કે "કલા" એટલે ચિત્રકામ અથવા મૂર્તિઓ કંડારવાનું કામ. તેઓ આમ માને તો; તેમાં તેમનો દોષ નથી. કલાનો સાચો અને સાદો અર્થ તેમને સમજાવવાની તસ્દી કોઇ લેતું નથી. આ રહ્યો એ સાદો અર્થ:

જે વસ્તુ કુદરતે સર્જાવી નથી પણ માનવીની બુદ્ધિ અને કારીગીરીની મદદથી બનાવવામાં આવી છે એ બધી કલાકૃતિઓ કહેવાય. એ બનાવવાની રીત એનું નામ કલા.

કુદરત ફૂલ બનાવે છે, પણ ફૂલોના હાર અને ગજરા બનાવવા એ કલા છે. કુદરત ઝાડ ઉગાડે છે, પણ ઝાડોને અમુક જગ્યાએ અને અમુક યોજનાપૂર્વક ગોઠવી બગીચો બનાવવો એ કલા છે. કુદરત પથ્થર બનાવે છે, પણ તેમાંથી મૂર્તિ બનાવવી એ કલા છે. કુદરત લાકડું બનાવે છે, પણ તેમાંથી પલંગ કે પેટી બનાવવી એ કલા છે. આ બનાવટોમાં જેમ જેમ બુદ્ધિ અને કારીગીરીનો વધારે ઉપયોગ કરવામાં આવે તેમ વધારે સારી કલા કહેવાય.

[પ્રવાસી] **રવિશંકર મહેતા**

सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरई ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

ઓકટોબર, ૩૧ ૧૯૩૯


## મહાવીર જીવનસંદેશ

દુનિયાની આજે વિચિત્ર સ્થિતિ છે. હિંસાથી વધારેમાં વધારે કોઇ ડરતા હોય તો તે આજના યુરોપીઅન લોકો છે. ૨૫ વર્ષ પહેલાંના યુદ્ધમાં થએલો નાશ તેઓ હજી ભૂલ્યા નથી. ફરી યુદ્ધ સળગશે તો બધી જાહોજલાલી, બધા મોજશોખ, ભોગ અને ઐશ્વર્ય છોડી દેવા પડશે. જ્યાં આજે સંસ્કૃતિને નામે વૈભવ મણાય છે ત્યાં ખેદાનમેદાન થશે એ ખ્યાલથી યુરોપનો માણસ ધ્રૂજી ઊઠે છે. યુદ્ધ ટાળવા માટે તે ગમે તે કરવા તૈયાર છે. આપેલાં વચનો એ તોડશે, કરેલા કોલકરારને ભૂલી જશે, અપમાન ગળી જશે, સાથીઓને દગો દેશે, ગમે તેવા અણગમતા લોકો જોડે દોસ્તી બાંધશે. જીવનસિદ્ધાંતોને કુસ્કીની પેઠે પવન ઊપર ઉડાવી દેશે, પણ યુદ્ધ ટાળશે, અને છતાં એ યુદ્ધ ટાળી શકતો નથી. ઇન્દ્રિયપરાયણ જીવન, ભોગ, વાસના, લોભ, બીક, મહત્ત્વાકાંક્ષા, પરસ્પર અવિશ્વાસ એને શાંતિથી બેસવા દે નહિ. હિંસાથી ડરનાર એ આખી દુનિયાને હિંસાની દીક્ષા આપતો જાય છે અને જીવનની બધી શક્તિ મારવાની કળા કેળવવા પાછળ વેડફી નાખે છે. આજે જે વસ્તુને ટાળવા માગે છે તેને જ જોરથી ખેંચી આણે છે.

એવી વિચિત્ર સ્થિતિમાં આપણે ભગવાન મહાવીરનો સંદેશો ફરી એકવાર ઉજળો કરવા માગીએ છીએ.

એ ધાર્મિક સંદેશો આજની દુનિયા ઝીલી લેવા તૈયાર નથી. શાન્તિનો એ સાચો માર્ગ ભલે હોય, પણ એ રસ્તે માણસને હજી રસ પડતો નથી. બીજા બધા ઉપાયો અજમાવશે અને બધી રીતે હાર્યા પછી જ આ સાચા રસ્તા ઉપર આવશે.

જેમાં કશો જ સાર નથી એવી વસ્તુ ઉપર વિશ્વાસ રાખી એ ઉપાયો અજમાવવા એ માણસનો સ્વભાવ છે. યુરોપમાં આજે જે અનેક રસ્તાઓ સૂચવવામાં આવે છે તે જોઇને આશ્ચર્ય થાય છે. આપણે ત્યાંના જૂના લોકો જ્યારે જ્યારે તર્ક અને ન્યાય, દર્શન અને મીમાંસા લઇ બેસે છે અને ઘટત્વ અને પટત્વની અને અવચ્છેદકાવચ્છિન્નનું પીંજણ પીંજે છે, ત્યારે આપણે એમને હસીએ છીએ. જીવન સાથે જેનો સંબંધ નથી, તત્ત્વથી જે વેગળું છે, એવા કૂચાના ચૂંથણા લઇને આ લોકો શું બેસતા હશે? એમાં જીવનસ્પર્શી કશું જ નથી એમ આપણે કહીએ છીએ. યુરોપમાં પણ જ્યારે લોકો વ્યક્તિવાદ અને સમષ્ટિવાદ, સમાજવાદ અને સામ્યવાદની ચર્ચા કરે છે, ત્યારે પણ મને થાય છે, આ અનેક 'વાદો'થી શું દળદર ફીટવાનું હતું? માણસ પોતાના સ્વભાવમાં અને જીવનમાં ફેરફાર કરે નહિ ત્યાંસુધી ગમે તે 'ism–વાદ' ચલાવીએ તો યે આપણે હતા ત્યાં ને ત્યાં જ આવીને પહોંચવાના. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે દુનિયાનું દુઃખ એ સંધિવા જેવું છે. ઉપરના લેપથી એ થોડું જ મટવાનું હતું? માથામાંથી એને હાંકી કાઢો, એ પગમાં પેસી જાય છે. ત્યાંથી એને ખસેડો, એ ખભામાં આવી બેસશે. એ સ્થાનાન્તર કરશે પણ શરીરને છોડશે નહિ. વ્યક્તિવાદ ચલાવશો તો દુનિયાને એક જાતનું દુઃખ શોશવું પડશે. વ્યક્તિવાદ ફેરવીને સમષ્ટિવાદ સ્વીકારો એટલે જૂના દુઃખો મટી જઇ એમને ઠેકાણે નવાં દુઃખો પેદા થવાનાં. દાણ ચુકવવા માટે આખી રાત જંગલમાં રખડ્યા પછી અને અથડાયા પછી સવારે ગાડું રસ્તા પર આવે તે બરાબર દાણઘર સામે જ, ટોલનાકા આગળ જ. પૈસા તો આપવા જ પડે અને આખી રાતની રખડપટ્ટી એ નકામી. એવી જ દશા આજની દુનિયાની છે. પેલા આચાર્ય એલ. પી. જેકસે સાચું જ કહ્યું છે કે આજની દુનિયાને સંપત્તિ સામાજિક બનાવવી છે, રાજસત્તા સામાજિક બનાવવી છે, પણ માણસને અને એના સ્વભાવને સામાજિક બનાવવું એને સૂઝતું નથી. અને એ જ્યાં સુધી થાય નહિ ત્યાં સુધી કોઇ પણ 'ism'–વાદ–સ્થાપિત થવાનો નથી અને જો માણસનું ચારિત્ર્ય સુધરશે તો ગમે તે 'ism' –વાદથી ચલાવી લેવાશે. એનો એક ભવ્ય દાખલો આપું. દારુની બદીથી આખી દુનિયા અકળાએલી છે. અમેરિકાએ કાયદો ઘડીને એ દૂર કરવાનો પ્રયત્ન કર્યો. કાયદો બનાવવામાં એ લોકોએ પોતાની સંમતિ આપી. પણ તેમને પોતાને જ શરાબબંધીની પડી ન હતી. સમાજમાં પ્રતિષ્ઠા ભોગવનારા મોટાં મોટાં સ્ત્રીપુરુષો પણ છડેચોક કાયદો તોડવામાં બહાદુરી માનતાં હતાં અને એકબીજા આગળ પોતે કાયદો કેમ તોડ્યો એની બડાસી હાંકતા હતા. એ જ શરાબબંધીનો આપણે ત્યાંનો ઇતિહાસ સાવ જુદો છે. આપણે ત્યાં વસતા તમામ કોમોના લોકોના હાડમાં દારૂ વિષે તિરસ્કાર છે! રીતસર, છડેચોક દારૂ પીનારા લોકો પણ કબૂલ કરે છે કે શરાબ એ ખરાબ વસ્તુ છે. એમાંથી ભલે છૂટી જવાની શકિત એમને ન હોય, પણ એમાં કોઇ એમને મદદ કરે તો એમને એ જોઈએ જ. આમ રાષ્ટ્રનું ચારિત્ર્ય શરાબબંધીની તરફેણમાં હોવાથી શરાબબંધીનો કાયદો કરવો આપણે ત્યાં સહેલું નીવડ્યું. કેટલાક આધુનિક વૃત્તિવાળા વિકૃત લોકો શરાબની તરફેણમાં દલીલો કરે છે. પણ એવા ગણ્યાગાંઠ્યા જ છે. અને તેમાંથી કેટલાક તો કહે પણ છે કે પક્ષની નીતિ તરીકે જ અમે આવી દલીલો કરીએ છીએ. એમની વાત જવા દઇએ. મારે કહેવાનું એ હતું કે જો રાષ્ટ્રનું ચારિત્ર્ય કેળવી શકયા તો ગમે તેવી સમાજરચનામાં આપણે માણસ જાતને સુખી બનાવી શકીશું!

મહાવીર જેવા સત્‌પુરૂષોએ દુનિયાને એ રસ્તો બતાવ્યો. ચારિત્ર્ય કેળવો, સંયમ સાધો, વાસનાઓ પર વિજય મેળવો, અસામાજિક વૃત્તિઓનો નાશ કરો, રાગ દ્વેષની હીનતા ઓળખી એમને હૃદયમાંથી હાંકી કાઢો, એટલે પછી હિંસાનો રસ્તો એની મેળે બંધ થશે! જો હિંસા ટાળવી હોય, અહિંસા સ્થાપવી હોય તો રાજ્યતંત્ર ફેરવવાથી આરો નહિ આવે. રાષ્ટ્રસંઘો બાંધવાથી ઉકેલ નહિ જડે, માણસના સ્વભાવમાં સુધારો કરો, સંયમરૂપી તપ કરો. એ જ સાચી સાધના છે. એ કામ પામર માણસનું નથી. બહારના શત્રુ સામે ઝૂઝવું સહેલું છે, પણ અંદરના વિકારો મારવા એ કામ અઘરું છે. એને માટે વીરત્વ જોઇએ છે. એ શક્તિ જેણે કેળવી અને દુનિયાને બતાવી તે મહાવીર.

મહાવીર સ્વભાવે પ્રયોગવીર હતા. એમણે જે અનેક પ્રયોગો કર્યા તેને આપણે તપ કહીએ છીએ. એ તપનો રસ્તો દરેકને માટે સરખો જ ન હોય. દરેક જણ પોતપોતાનો પ્રયોગ કરે અને પોતાનો રસ્તો શોધી લે, જેનામાં પ્રયોગવીરતા નથી તે જો કેવળ આંધળો થઇને મહાવીરના વચનો પ્રમાણે બાહ્યતઃ જીવવાનો પ્રયત્ન કરશે તો તેને મહાવીરની સિદ્ધિ નથી મળવાની. ઊલટું જે કોઇ મહાવીર પાસેથી પ્રેરણા લઈ એમના પ્રયોગોનું

રહસ્ય સમજી લઇ એમના પ્રધાન જીવનસિદ્ધાન્તો પ્રમાણે પોતાનું જીવન ઘડવાનો સ્વતંત્ર પ્રયત્ન કરશે તે જ મહાવીરની પરંપરાનો ગણાશે; મહાવીર એને પોતાનો આત્મીય જન સમજશે.

આજે જ્યારે દુનિયા અનેક રીતે અકળાઇ છે, ત્યારે એ વ્યાપક જીવનની મુખ્ય મૂંઝવણનો ઉકેલ આણવાની જરૂર છે. એને માટે મહાવીરો જોઇએ છે, પ્રયોગવીરો જોઇએ છે. તેઓ પોતાની શ્રદ્ધામાં દૃઢ થવા માટે મહાવીરનું જીવન સમજી લેશે અને પોતાની મેળે ઊંચા થવાનો પ્રયત્ન કરશે. આવી પ્રેરણા આપણે મહાવીરના સ્મરણ–ચિન્તનમાંથી મેળવીએ અને આપણા જીવનનો ઉદ્ધાર સાધી લઇએ.*

**કાકા કાલેલકર**

# સામયિક સ્ફુરણ

## યુરોપનું ભેદી રાજકારણ

પોલંડના ભાગલા પડવા સાથે યુરોપીય વિગ્રહનો એક પ્રવેશ પૂરો થયો છે અને બીજો પ્રવેશ શરૂ થવાની અણી ઉપર છે. આ બે પ્રવેશની સંધિમાં બનેલા બનાવોએ યુરોપીય રાજકારણને વધારે ગૂઢ અને ગહન બનાવ્યું છે. હળવા દિલે પોલંડને પોતાની અને રશીઆ વચ્ચે વહેંચી લઇને હર હિટલરે સુલેહ શાન્તિ સ્વીકારવાની પોતાની ઇચ્છા જગત્ આગળ વ્યક્ત કરી હતી. એ સુલેહ શાન્તિની મુખ્ય શરત જે બની ગયું છે તેને સ્વીકારી આગળ ચાલવાની અને જર્મનીની સંસ્થાનોની માગણીઓ તેમજ પોતાના સ્વાભાવિક વિકાસ–વિસ્તાર માટે જે કાંઇ જોઇએ તે પૂરી પાડવાને લગતી હતી. આજની કક્ષાએ મિત્રરાજ્યોથી હર હિટલરની માગણી મંજૂર થઈ શકે તેમ હતું જ નહિ. કારણકે એક તો હર હિટલરની માગણીઓ સંતોષાતાં દુનિયાભરમાં સ્થાયી શાન્તિ સ્થપાશે એવી કોઇને પ્રતિતી પડતી નહોતી અને બીજું, જે મોટી મોટી વાતોથી આ લડાઈ શરૂ કરવામાં આવી હતી તે હિટલરની શરતો મુજબ સુલેહ સ્વીકારવામાં આવે તો અર્થ વિનાની બની જાય અને મિત્ર રાજ્યોનું નાક કપાઇ જાય. વસ્તુતઃ આ લડતની પાછળનો મુખ્ય મુદ્દો પોલાંડ બચે કે નહિ તે નથી પણ પરસ્પરવિરોધી પક્ષોની સર્વોપરિપણાની હરીફાઇનો છે. એક રીતે આ સવાલ ઉભયના જીવનમરણનો છે. જર્મની રશીઆના જોરે ખૂબ પ્રમત્ત છે અને મિત્રરાજ્યોને ખૂબ દમદાટી અને ધમકી આપે છે. પણ રશીઆ જર્મનીને કેટલી મદદ આપશે તે સમજી જ શકાતું નથી. ઊલટું રશીઆ પોતાની જ રમત રમતું દેખાય છે. બાલ્ટિક પ્રદેશના નાનાં નાનાં ત્રણ રાજ્યો લીથુનીઆ, લેટવીઆ અને એસ્થોનીઆને તો રશીઆએ દબાવ્યા અને ત્યારબાદ ફિનલેન્ડ ઉપર રશીઆએ કરડી નજર કરી. ફિનલેન્ડે સામે થવાની તૈયારી બતાવી, નોર્વે–સ્વીડને તેને ટેકો આપ્યો. યુનાઇટેડ સ્ટેટસે રશીઆનો વિરોધ કર્યો અને પરિણામે ફિનલેન્ડ ઉપરના આક્રમણની પ્રવૃત્તિ જરા ઝોળે પડી. રશીઆનો પ્રપંચ યુરોપની આજની પરિસ્થિતિનો બને તેટલો લાભ લઇને પોતાની સત્તા અને સામ્રાજ્ય જમાવવાનો અને ફેલાવવાનો હોય એમ લાગે છે. બીજા છેડે તુર્કી સાથે રશીઆ ભાતભાતની વાટાઘાટ કરી રહ્યું હતું પણ તેમાં તે બરોબર ફાવ્યું લાગતું નથી. મિત્રરાજ્યોએ અને ખાસ કરીને બ્રિટને જર્મની તથા અમુક અંશે રશીઆને શે' પહોંચે એવી તુર્કી સાથે સંધિ કરી. આ પરિસ્થિતિમાં જર્મની પશ્ચિમ સરહદ ઉપર ફ્રાન્સ સામે મોટો હલ્લો લઇ જવાની તૈયારી કરી રહ્યું છે એમ કહેવામાં આવે છે. એક બાજુ ફ્રાન્સની મેજીનોટ લાઇન અને બીજી બાજુએ જર્મનીની સીગફ્રીડ લાઈન. આ બે અભેદ્ય ગણાતી દીવાલો આસપાસ આખી સંગ્રામરચના થઇ રહી છે. આવતી કાલ કેવી હશે તેની આજે કાંઇ ખબર પડતી નથી.

## માગ્યું શું અને મળ્યું શું?

પોલન્ડની હરાઇ જતી સ્વાધીનતાને બચાવવા ખાતર લડાઇમાં ઊતરનાર બ્રિટન પાસે પોતાની સત્તા નીચે દબાયલા હિંદને સ્વાધીન–સ્વતંત્ર જાહેર કરવાની કોંગ્રેસે માગણી કરી. અને તે હમણાં ને હમણાં અને આજની ઘડિએ નહિ પણ જ્યારે લડાઇ પૂરી થાય અને એમાંથી બ્રિટન ફતેહમંદ પાર ઊતરે ત્યારે. દરમિયાન આજે તો બ્રિટને એટલું જ એવું કાંઇક કરી બતાવવું કે જેથી લડાઇ પૂરી થયે હિંદને જરૂર સ્વતંત્ર કરવામાં આવશે એની હિંદને પ્રતિતી પડે. લોકશાસનની રક્ષાની અને પ્રજાસ્વાતંત્ર્યની આવડી મોટી ઉદ્‌ઘોષણા કરનાર બ્રિટન પાસે આ માગણી જરા પણ વધારે પડતી નહોતી. આમાં પ્રતિપક્ષની ગૂંચવણનો લાભ લેવાનો કે કટોકટીના પ્રસંગે સોદો કરી લેવાનો સવાલ નહોતો. આ તો જે વાત બ્રિટન સિધ્ધાન્તમાં સ્વીકારે છે તેનો હિંદુસ્તાન પૂરતો બ્રિટને વ્યવહારિક અમલ કરવાનો જ સવાલ હતો. આ માટે ગાંધીજી વાઇસરોય પાસે જઇ આવ્યા, રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ, પંડિત જવાહરલાલ નહેરુ તેમજ સરદાર વલ્લભભાઇ પટેલ પણ સરસૂબાને મળી આવ્યા. પરિણામ શું આવ્યું? શહેનશાહની સરકારની સહાદત મેળવીને નામદાર વાઇસરોયે એક મોટું નિવેદન બહાર પાડયું. એ નિવેદનમાં શું હતું? એ નિવેદનમાં હતું કે લડાઇના હેતુઓ અને ઉદ્દેશો, આદર્શો અને ભાવનાઓની વાતો લડાઇના અંતે કરીશું. આજે તો સૌ આવો અને આપણે સૌ એકત્ર થઇને દુસ્મનને હરાવીએ. લડાઇના અંતે આપણે ગોળમેજી પરિષદ જેવી સર્વપક્ષ પરિષદ બોલાવીશું. આજના રાજબંધારણ વિષે તમે કહેશો તે અમે સાંભળશું. અમે કહીશું તે તમે સાંભળજો. આપણે એકમેકની ચર્ચા કરીશું અને આજના બંધારણમાં જરૂરી સુધારાવધારા કરીશું. બાકી હિંદુસ્તાન માટેનું અન્તિમ ધ્યેય તો અમે ઇ. સ. ૧૯૧૯ ના જાહેરનામામાં જાહેર કરી દીધું છે. ૧૯૩૫માં પણ એ જ રસ્તે આગળ વધવાની વાત અમે ઉચ્ચારી દીધી છે. અમે તે ચાલેથી કદી પાછા ફર્યા નથી. આથી વધારે તમારે શું જોઇએ છીએ? આજના લડાઈના વાતાવરણમાં તેમજ હિંદુસ્તાનની આજની કેવળ કુસંપ અને અનૈક્યભરી પરિસ્થિતિમાં બીજું વિશેષ કાંઇ શક્ય કે સંભવિત નથી. ગાંધીજીએ આ નિવેદન સંબંધમાં યથાર્થ જણાવ્યું છે કે 'માગ્યો રોટલો અને મળ્યો પથ્થર.' લોર્ડ ઝેટલેન્ડે પણ વાઇસરોયના નિવેદનનું સમર્થન કર્યું, નિવેદન રાષ્ટ્રીય મહાસભાને પોતાના વટ અને સ્વત્વની કસોટીનું નિમિત્ત બન્યું. રાષ્ટ્રીય મહાસભા આગળ બીજો માર્ગ ન રહ્યો. એ નિવેદનના વિરોધ રૂપે પહેલા પગલા તરીકે રાષ્ટ્રીય મહાસભાની કાર્યવાહક સમિતિએ જુદા જુદા પ્રાન્ત ઉપર હકુમત ચલાવતા કોંગ્રેસ પ્રધાનમંડળોને રાજીનામાં સરકાર ઉપર મોકલી આપવા આદેશ કર્યો છે. સંભવ છે કે આ લીટીઓ છપાઇને પ્રગટ થશે તે પહેલાં ભિન્નભિન્ન પ્રાન્તના પ્રધાનો અધિકારમુક્ત બની ગયા હશે. કમનસીબની વાત છે કે દુનિયા આટલી આટલી આગળ વધવા છતાં અંગ્રેજ સરકાર સામ્રાજ્યવાદી મનોદશાથી હજુ મુક્ત થઈ શકતી નથી. તે બોલે છે અને વિચારે છે સલ્તનતની ભાષામાં. સંભવ છે કે સરકાર પોતાના નિવેદન ઉપર મુસ્તાક રહે. અને તો પછી પરિસ્થિતિ ભારે વિષમ ઊભી થવાની જ. ૧૯૩૦–૩૧–૩૨ ના ઇતિહાસનું પુનરાવર્તન થશે, દેશમાં ચોતરફ અશાન્તિ ફેલાશે અને પ્રજાની ભારે કસોટી થશે એવો ભય રહે છે અને આશંકા થાય છે. આગળના સત્યાગ્રહ યુધ્ધના સમાન સંયોગો

* તા૦ ૧૪–૯–૩૯ ના રોજ બ્લાવાટસ્કી લોજમાં અપાયલા વ્યાખ્યાન ઉપરથી.

ઉપરાંત આજે કોમી અંટસનું તત્વ વધારે મૂંઝવનારું અને ચિન્તા કરાવનારું ઊભું થયું છે. દેશને મોટા રાજ્કીય વમળમાંથી પસાર થવું પડશે. એ દરમિયાન કોમી વમળ પણ ઊભું થશે તો દેશનું ભાવી ભારે ચિન્તાજનક બની જશે. હજુ સરકાર ધારે તો દેશને અરાજકતાના અંધારતિમિરમાં ડુબતો અટકાવી શકે છે, પણ આજની સરકારનું વળણ અન્ય પ્રકારનું ભાસે છે. તેમ છતાં પણ આપણે આશા રાખીએ કે ઇશ્વર સૌ કોઇને સન્મતિ આપે અને આવતી આંધીમાંથી દેશને બચાવે અથવા દેશની આખર સુધી ટેક જાળવીને પાર ઉતારે.

પરમાનંદ

# તંત્રીનોંધ

## ભાઇ અમીચંદ: તેમની પુત્રી ચી. બહેન ચંદ્રાનું લગ્ન

આજથી દશ વર્ષ પહેલાં લુહાર ચાલમાં આવેલ મનહર બિલ્ડિંગમાં શ્રી. ફકલભાઇ ભુદરદાસ વકીલને ત્યાં શ્રી. મુંબઇ જૈન યુવકસંઘની સ્થાપના થઇ તે વખતે મલાડનો એક યુવાન આ ચર્ચામાં રસ લઇ રહ્યો હતો. તે જે કાંઇ કહેતો તે બધા શાન્તિથી સાંભળતા. પ્રખર ક્રાંતિકારી વિચારો ધરાવનાર, આજના સાધુસમુદાયમાંના લેભાગુ સાધુઓનો પ્રખર વિરોધી અને સમાજના રુઢિપૂજકો–જ્ઞાતિ પટેલોની સત્તા સામે મજબૂત અવાજ રજૂ કરતા એ યુવાન પ્રત્યે મને હૃદયથી મોહોબત જાગી. ધીમે ધીમે સહકાર વધતો ગયો. બન્ને એક બીજાને ઓળખતા થયા, સંઘના મંત્રીઓ તરીકે છ–સાત વર્ષ સુધી સાથે કામ કર્યું. આ યુવાન તે ભાઈ અમીચંદ. ભાઇ અમીચંદે પોતાના ક્રાંતિકારી વિચારોની ધ્યેયસિધ્ધ માટે પોતાના બાળકોને સુંદર કેળવણી આપવા અને પોતાના જ વિચારો બાળકોમાં પ્રવેશે તે માટે બાળકો સાથે પિતા ઉપરાંત મિત્ર તરીકે સહવાસ સાધ્યો અને ઘરમાં નાનકડું મંડળ સ્થાપ્યું. એમની દીકરી બહેન ચંદ્રા હમણાં જ બી. એ. પાસ થયાં. તેના લગ્ન માટે જ્ઞાતિમાંથી તેમણે રાજીનામું આપ્યું અને કાઠિયાવાડમાં વરતેજના પ્રખ્યાત પારેખ કુટુંબના શ્રી. દેવચંદભાઈના પુત્ર શ્રી. વસંતલાલ સાથે પોતાની પુત્રી ચંદ્રાનું તા. ૨૧–૧૦–૩૯ ના રોજ સિવિલ મેરેજ એક્ટ મુજબ લગ્ન કર્યું. આ લગ્ન–પરણનાર વરકન્યા–ઊભયની સ્વતંત્ર પસંદગીનું પરિણામ હતું. ભાઇ વસંતલાલ મુંબઇ બી. એસસી. છે અને હાલ ડાલમિયા સ્યુગર ફેક્ટરીમાં કામ કરે છે. પ્રસ્તુત લગ્નસમારંભ બહુ જ સાદી રીતે યોજવામાં આવ્યો હતો. સ્વજનો, જ્ઞાતિબન્ધુઓ તેમજ સ્નેહીસંબંધીઓ બહુ જ સારી સંખ્યામાં આ પ્રસંગે હાજર થયા હતા. ભાઈ અમીચંદના પત્ની સૌ. મણિબહેને પણ આ કાર્યમાં તેમને પૂરો સાથ આપ્યો હતો. આ લગ્ન પ્રસંગે ખોટા જમણવારો અને બીજા ભભકા પાછળ પૈસાનું પાણી કરવાને બદલે નીચે જણાવ્યા મુજબ જુદી જુદી સમાજોપયોગી સંસ્થાઓને દાન આપ્યું હતું.

રૂ. ૧૦૦ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ–'પ્રબુદ્ધ જૈન' માટે
,, ૫૧ શ્રી મહાવીર જૈન વિદ્યાલય
,, ૫૧ શ્રી પાટણ જૈન મંડળ બોર્ડિંગ
,, ૫૧ શ્રી ભગિની સમાજ, મુંબઇ
,, ૫૧ શ્રી જૈન મહિલા સમાજ, દાદર સ્ત્રી-શિક્ષણ વર્ગો માટે
,, ૫૧ શ્રી હરિજન સેવાસંઘ, અમદાવાદ
,, ૫૧ શ્રી મહિલામંડળ, પાટણ
,, ૨૫ ડૉ. પંડ્યા અભ્યાસગૃહ, પાટણ

રૂ. ૪૩૧

પોતાના વિચારો મુજબ વર્તવા માટે અને જ્ઞાતિબંધનથી છૂટા થવા માટે ભાઇ અમીચંદ તેમજ તેમના પત્નીને ખરેખર અભિનન્દન ઘટે છે. તેમના આ સ્તુત્ય પગલાંથી તેમણે મુંબઇ જૈન યુવકસંઘના ગૌરવમાં વધારો કર્યો છે. ચિ. બહેન ચંદ્રા મુંબઇ જૈન યુવકસંઘના સભ્ય છે. તેના જીવનના આ મંગળ પ્રસંગે વડિલ તરીકે મારા અંતરની અનેક શુભાશિષો છે. તેને સતત સુખ, દીર્ઘાયુષ અને કલ્યાણ ઇચ્છું છું અને તેનામાં રહેલી શક્તિઓનો સમાજને ખૂબ લાભ મળે એમ હું તેની પાસે માગું છું. વિશેષમાં ભાઈ અમીચંદના પગલે ચાલવાની મુંબઈ જૈન યુવક સંઘના અન્ય સભ્યો પાસેથી અપેક્ષા રાખું છું.

## શ્રી મુંબઇ–માંગરોળ જૈનસભાનો વાર્ષિક મેલાવડો

લાંબા વખત પહેલાં મુંબઇમાં વસતા માંગરોળવાસી જૈન ભાઇઓએ માંગરોળ જૈન સંગીત મંડળીના નામથી એક સંસ્થા સ્થાપેલી. એ મંડલી વખત જતાં, મુંબઇ–માંગરોળ જૈન સભા બની. તેનો દશેરા ઉપરનો વાર્ષિક મેળાવડો શ્રી હેમચંદ મોહનલાલ ઝવેરીના પ્રમુખપણા નીચે તા. ૨૨–૧૦–૩૯ ના રોજ ધોબીતલાવ પરના શ્રી ફરામજી કાવસજી ઇન્સ્ટીટયુટના હોલમાં ભરવામાં આવ્યો હતો. આ મેળાવડામાં શ્રી શકુંતલા કાંતિલાલ ઇશ્વરલાલ મોરખિયા કન્યાશાળાની બાળાઓએ અને શ્રી જૈન મહિલા સમાજની કન્યાઓએ રાસ–નૃત્ય–ગીત–સંવાદ વગેરે રજૂ કરવામાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મહિલા સમાજની કન્યાઓ તરફથી નૃત્ય, રાસ, સરસ્વતીપૂજન વગેરે ઘણી સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા હતા. અને તે પ્રેક્ષકોને બહુ પસંદ પડયા હતા. મયણા અને સુરસુંદરીનો કર્મ વિષેનો સંવાદ પ્રખ્યાત સોલીસિટર શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ રચી આપ્યો હતો. જૂના વિચારના રુઢિપૂજકોને એ સંવાદ પસંદ પડયો હશે, પરંતુ હાલના વાતાવરણમાં ઊછરેલી પ્રજાને આ સંવાદે જરૂર નિરાશ કર્યા હતા. ભાષાની દૃષ્ટિએ પણ એમાં ઊણપ હતી. રાજા અને પ્રધાન જાણે ગામડીઆ–ગમાર હોય તેવા શબ્દો તેમના પાસે બોલાવવામાં આવ્યા હતા. આ ભાષાની દૃષ્ટિએ ઉચિત દેખાતું ન હતું. વળી એ જ કન્યાશાળાની બાળાઓ પાસે લોટસ ડાન્સ કરાવવામાં તો કમિટિએ ગંભીર ભૂલ કરી છે એમ બધાંને લાગ્યું છે. આખા સમારંભમાં શુધ્ધ જૈનત્વ દેખાય તેવું અને રાષ્ટ્રભાવનાથી રંગાયેલ હોય એવું એક પણ દૃશ્ય જોવા મળ્યું નહોતું એ કમનસીબ છે. આપણી બાળાઓને હાલના તબક્કે શુધ્ધ જૈનત્વ કે જેમાં રાષ્ટ્રપ્રત્યેનો પ્રેમ મુખ્ય હોય તેવા વિષયો તરફ વાળવાની અને તેવા પ્રયોગો કરાવવાની અમને ખાસ જરૂર દેખાય છે. માંગરોળ સભાના કાર્યકરો આ વાત લક્ષમાં લેશે એવી આશા રાખવામાં આવે છે.

## શ્રી માટુંગા ગૂજરાતી ક્લબનો ઉજવાએલો દશેરાઉત્સવ

શ્રી માટુંગા ગૂજરાતી ક્લબનો દશેરાનો ઉત્સવ ઓન. શ્રી કનૈયાલાલ મુનશીના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવ્યો હતો. આમાં પણ રાસ, ગરબા, નૃત્ય ઉપરાંત વ્યાયામના પ્રયોગોનો કાર્યક્રમ હતો, પ્રખ્યાત વિદુષી મીરાંબાઇનો પ્રયોગ અત્યંત પસંદગી પામ્યો હતો. મીરાંબાઇનો પાઠ ભજવનાર બાળાએ સુંદર અભિનય સાથે મીરાંનું તાદૃશ્ય દૃશ્ય ખડું કર્યું હતું. વ્યાયામ પ્રયોગોમાં એક સાતેક વર્ષના બાળક ભાઇ પરસોત્તમ પાનાચંદની વ્યાયામક્રિયા ઘણી જ પ્રશંસનીય હતી.

અમુક વજનના પત્થરને માથાના વાળ પકડી અધ્ધર ફેરવવો, ગળાને રૂમાલ બાંધી ગોળ ફેરવવો, દાંતથી રૂમાલ પકડી રાખી તેને ચક્કર ચક્કર ગોળ ફેરવવો આવા અદ્‌ભુત પ્રયોગોને પ્રેક્ષકોએ ઘણા ઉત્સાહથી વધાવી લીધા હતા. વ્યાયામથી મનુષ્ય શરીર કેળવી શક્તિ મેળવી શકે છે એ સમજાયું હતું. આવી રીતના વ્યાયામ અખાડા જૈન સમાજ દરેક ઠેકાણે ઊભા કરે અને તે દ્વારા શારીરિક બળ મેળવે એ ઇચ્છવા યોગ્ય છે. કમનસીબ જૈન સમાજ આ બાબતમાં એટલો પછાત છે કે તેની જૈન વ્યાયામશાળા કે જે શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તરફથી ચલાવવામાં આવતી હતી તે પણ અમુક કારણો દેખાડી લાલબાગના ટ્રસ્ટીઓએ ફરજિયાત બંધ કરાવી દીધી.

### "પ્રબુદ્ધ જૈન"ના વાચકો અને યુવકસંઘના સભ્યો જોગ,

'પ્રબુદ્ધ જૈન' શરૂ થયાને આજે અરધું વર્ષ પૂરૂં થાય છે. આજ સુધીના અંકો ઉત્તરોત્તર ગ્રાહકોને વધારે ને વધારે સંતોષી શક્યા છે અને 'પ્રબુદ્ધ જૈન'ના ઊજળા ભાવી માટે સારી આશા આપે એવું સારૂં વાંચન પૂરૂં પાડી રહ્યા છે, એવા અભિપ્રાયો અમને મળતા રહે છે. આટલા ટૂંક સમયમાં વાંચક બંધુઓમાં તે આદર પામ્યું છે તેથી અમને સંતોષ થાય છે. ભવિષ્યમાં જુદા–જુદા વિષયોને લગતા વિદ્વાનોનો સાથ મેળવી તેને વધુ ને વધુ પ્રગતિમય કરવાની અમારી ભાવના છે. આ ભાવના સંપૂર્ણપણે પૂરી થાય એનો આધાર જૈન સમાજ જેટલા વધુ પ્રમાણમાં તેને અપનાવે–સાથ અને સહકાર આપે તેના ઉપર અવલંબે છે. શ્રી મુંબઇ જૈન યુવકસંઘની આર્થિક સ્થિતિ "પ્રબુદ્ધ જૈન" અંગે ખમવી પડતી ખોટને પહોંચી વળે તેવી નથી. તેના ટકાવ અને વિકાસનો બધો આધાર આખરે યુવક સંઘના સભ્યો અને 'પ્રબુધ્ધ જૈન'નો વાચક વર્ગ વધુ પ્રમાણમાં તેના ગ્રાહક થાય તેના ઉપર છે. દિવાળી પર્વ નજીક આવતું હોઇ નવા વર્ષના શુભ દિવસે અમો યુવકસંઘના સભ્યોને અને 'પ્રબુધ્ધ જૈન'ના વાચકોને 'પ્રબુધ્ધ જૈન'ને ન ભૂલવા વિનતિ કરીએ છીએ, 'પ્રબુધ્ધ જૈન' માટેની અમારી મનોભાવના પૂર્ણ કરવા માટે તેને વધુ વિકસિત અને સુરુચિવાળું બનાવવા માટે નવા વર્ષની બોણી તરીકે તેઓ કાંઇ ને કાંઇ રકમ જરૂર મોકલી આપે; સંઘના સર્વ સભ્યો ગ્રાહક થઇ તેને અપનાવે અને બીજા ગ્રાહકો મેળવી આપવા યથાશક્ત પ્રયત્ન કરે.

### મુંબઇ જૈન યુવક સંઘે કરેલું ખાદી હૂંડીનું વેચાણ

આ વર્ષે ગાંધી સપ્તાહ દરમિયાન શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોએ ખાદીની હૂંડીનું અને તેટલું વેચાણ કરવા નિર્ણય કર્યો હતો તેના પરિણામે નીચે મુજબ વેચાણ થયું હતું.

| | | |
|---|---|---|
| રૂ. | ૪૬૮ | શ્રી. પરમાનંદ કુંવરજી |
| રૂ. | ૩૯૭ | શ્રી. જમ્બુમતી મનુભાઈ |
| રૂ. | ૩૪૦ | શ્રી. મણિલાલ મોકમચંદ શાહ |
| રૂ. | ૨૦૦ | શ્રી. વ્રજલાલ મેઘાણી |
| રૂ. | ૧૯૫ | શ્રી. અમીચંદ ખેમચંદ શાહ |
| રૂ. | ૧૦૦ | શ્રી. કાન્તિલાલ કોરા |
| રૂ. | ૯૫ | શ્રી. લીલાવતી દેવીદાસ |
| રૂ. | ૭૦ | શ્રી. વેણીબહેન વિમલચંદ કાપડિયા |
| રૂ. | ૫૦ | શ્રી. તારાચંદ કોઠારી |
| રૂ. | ૫૦ | શ્રી. રમણલાલ સી. શાહ |
| રૂ. | ૨૫ | શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારી |

રૂ. ૧૯૯૦

પ્રાથમિક પ્રયોગ તરીકે આ વેચાણ સંતોષજનક ગણીએ અને સભ્યો એક સરખા ઉત્સાહથી આવા કાર્યમાં જોડાય તો આપણે કેટલું કાર્ય કરી શકીએ તેનો આ ઉપરથી આપણે ધડો લઇએ.

મણિલાલ મોકમચંદ શાહ

# સામાયિક પ્રતિક્રમણની ભાષા

—:0:—

જૈનોનાં બીજા સૂત્રોની પેઠે સામાયિક, પ્રતિક્રમણની ભાષા માગધી છે. આપણાં અને બૌધ્ધોનાં સૂત્રો લખાયાં તે સમયની શિષ્ટ ભાષા તો સંસ્કૃત હતી. છતાં ભગવાન મહાવીર અને ભગવાન બુધ્ધ, બંનેએ પ્રાકૃત ભાષા જ સ્વીકારી. તેનું કારણ સ્પષ્ટ છે. આમ જનતાને ધર્મનું રહસ્ય સમજાવવું હોય તો તેની જ ભાષા સ્વીકારવી રહી. બ્રાહ્મણોની માન્યતા અને વર્તન એવું હતું કે શાસ્ત્રો જાણવાનો ઇજારો માત્ર બ્રાહ્મણોનો જ રહેવો જોઇએ. તેઓ ધર્મધુરંધરો તરીકે સામાન્ય જનતાને શીખવે અને ઉપદેશે: શાસ્ત્રો વાંચવાનો આમ જનતાનો અધિકાર મર્યાદિત હતો અને તે અધિકાર મર્યાદિત રહે તે માટે શાસ્ત્રોની ભાષા આમ જનતા સમજી શકે એવી પ્રાકૃત નહિ પણ ખાસ અભ્યાસ કર્યો હોય એવાઓ જ સમજી શકે એવી સંસ્કૃત ભાષા રાખવામાં આવી હોય તેમ જણાય છે. જૈન અથવા બૌદ્ધ ધર્મમાં આવો કોઇ પ્રતિબંધ અથવા મર્યાદા નથી.

ત્યારે જો આમ જનતાના સરલ ધર્મબોધ માટે ભગવાને પ્રાકૃત ભાષા સ્વીકારી અને સૂત્રો પણ તે હેતુથી તે ભાષામાં જ લખાયાં તો હવે જ્યારે તે ભાષા આમ જનતાની ભાષા નથી રહી ત્યારે એજ ભાષામાં સૂત્રો અને ખાસ સામયિક પ્રતિક્રમણ શા માટે ચાલુ રાખવા? તે બન્ને સૂત્રોને અત્યારની આપણી ભાષામાં શા માટે ન લખવાં? ભાષા નહિ સમજવાથી માત્ર ગોખી જઇ મોઢે કરવામાં, જે અનર્થો થાય છે તે સુવિદિત છે. સામાયિક પ્રતિક્રમણનું રહસ્ય સમજ્યા વિના તેની કિંમત પણ શું થાય? સામાયિક પ્રતિક્રમણ ગૂજરાતી અથવા હિન્દી ભાષામાં લખાવાથી કેટલો લાભ થાય તેમ છે તે દેખીતી વાત છે.

આ વિષે કેટલાક સાધુ સાથે મારે ચર્ચા થઇ હતી. ઉપરની સૂચના શા માટે અમલમાં ન મૂકવી તેનો તેઓ કાંઇ જવાબ આપી શક્યા નહતા. માત્ર એક મુનિરાજે એમ કહ્યું હતું કે સામાયિક પ્રતિક્રમણ મંત્રો છે અને મંત્રો જે ભાષામાં લખાયા તે જ ભાષામાં રહેવા જોઇએ. આ દલીલ મને તદ્દન લૂલી લાગી. નવકાર મંત્ર વિષે કદાચ એમ કહી શકાય પણ સામાયિક પ્રતિક્રમણ વિષે તેમ કહેવું સ્વીકારી શકાય તેવું નથી. સામાયિક પ્રતિક્રમણની વસ્તુ જ એમ બતાવે છે કે તેમાંનો મોટો ભાગ જૂના સમયનો નથી. આ ચર્ચામાં તેની વસ્તુમાં પણ ઘણો ફેરફાર થવાની જરૂર છે. પણ આ ચર્ચામાં હાલ ઊતરવાની જરૂર નથી. હાલ તુરત મારો પ્રશ્ન ભાષા પૂરતો જ છે. જૈન વિદ્વાનો અને મુનિરાજો આ પ્રશ્ન ચર્ચશે એવી હું આશા રાખું છું.

ચીમનલાલ ચકુભાઇ શાહ

# : : : ચકલી શીલવતા! : : :

[**'અનેકાંત'** માસિકના જેઠ માસના અંકમાં શ્રીયુત અયોધ્યાપ્રસાદ ગોયલીના 'જીવન કે અનુભવ' શિર્ષક લેખમાં કેટલાક સદાચારી પશુઓના બનાવો રજૂ કર્યા છે. તેમાંથી ઉપર જણાવેલ મથાળાનો લેખનો અનુવાદ નીચે રજૂ કરવામાં આવે છે.]

"૧૨મી માર્ચ ૧૯૩૦ ના પ્રાત:કાળનો એ સોહામણો વખત હતો. અમે બધા 'સી' ક્લાસના રાજનૈતિક કેદીઓ માઉન્ટ ગુમરી જેલમાં કપડાનું થાન વણતા હતા. લગભગ આઠ વાગ્યાના સુમારે એક ચકલી સાથે એક ચકલાને સખત રીતે લડતો જોયો. ચકલો તેના પર બળાત્કાર કરવા માગતો હતો પણ તે ચકલી જાન પર આવીને પોતાની જાતને તેમાંથી બચાવી રહી હતી. ચકલાનો મનોરથ સફળ ન થવાથી તેણે ક્રોધાવેશમાં આવી જઇને ચકલીની ગરદન વીંખી નાખી. આથી તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. મરી ગયા પછી ચકલી ઊંચી દીવાલ પરથી નીચે જમીન પર પટકાઇ પડી. અમે બધા કુતૂહલવશ બની–અમારું કામ છોડી–તેની ચારેકોર ફરી વળ્યાં. એક બે મિનિટમાં જ એક બીજો ચકલો ત્યાં આવ્યો અને અમારા પગ પાસે પડેલી ચકલીને અતિ આતુરતાથી અને શોકથી સૂંઘવા લાગ્યો. તેને ઉડાડવા પ્રયત્ન કર્યા છતાં તે ઊડ્યો નહિ. તેનો તરફડાટ કઠોર હૃદયને પણ પીગળાવે તેવો હતો. આ ઉપરથી જણાતું હતું કે નવો આવેલ ચકલો જ મૃત ચકલીનો વાસ્તવિક પતિ હતો. તે એટલો બધો શોકાતુર બન્યો હતો કે તેને અમારા તરફનો લગાર પણ ભય રહ્યો ન હતો. અમે આ કુતૂહલ અથવા આદર્શ પ્રેમને જોઇ રહ્યા હતા. એટલામાં જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ અન જેલર ત્યાં આવી ચડ્યા. તેમણે જ્યારે આ વાત સાંભળી ત્યારે તેમના નેત્રો પણ સજળ બન્યાં. મરેલી ચકલીને જોઈ જોઇને બીજો આવેલ ચકલો કોઇ રીતે શાંતિથી બેસે જ નહિ. આ કારણે અમે ચકલીને ત્યાંથી ઉઠાવી તેની નજરથી દૂર કરી ત્યારે તો એ ચકલો વિશેષ બેચેનીથી આમથી તેમ ઘૂમવા લાગ્યો. તેના ભાગ્યયોગે મરેલી ચકલીની બે નાની પાંખો ત્યાં પડી ગઇ હતી. અંતમાં લાચાર થઈ, સ્મૃતિ–સ્વરૂપ તે બે પાંખોને ચકલો પોતાના માળામાં લઇ ગયો કે જ્યાં ક્યારેક તેઓ પ્રેમથી દામ્પત્યજીવન વ્યતીત કરતા હશે.

આવી રીતે જ્યારે તે ચકલો તરફડતો અમારા પગ પાસે ઘૂમતો હતો ત્યારે પેલો દુષ્ટ કામાતુર ઘાતક ચકલો દીવાલ પર ભયભીતતાથી બેઠો હતો અને સાશંક નજરે અમારી તરફ જોયા કરતો હતો. મરેલી ચકલી પાસે આવવાની તો તેની હિમત જ ન હતી. વાત પણ ઠીક છે કે એક પ્રેમી, જેનું હૃદય પ્રેમથી તરબોળ છે તે પોતાના શત્રુઓની પાસે પણ નિ:શંકતાથી ચાલ્યો જાય છે અને જેના હૃદયમાં પાપ છે તે બધી જગ્યાએ ભયભિત રહે છે. પતિવ્રત, બ્રહ્મચર્ય અને પ્રેમનો આ આદર્શ આજ નવ વર્ષ પછી પણ એક ચિત્રની માફક નજર સામે દેખાયા કરે છે."

અનુવાદક : **રાજપાલ મગનલાલ વ્હોરા**

# "હરિજન હોય ત્યાં અમે નહિ"

[રાજકુમારી અમૃતકુંવરના 'હરિજન' માં પ્રગટ થયેલા એક લેખનો અનુવાદ]

ડુંગરાળ પ્રદેશમાં વર્ષાઋતુના સંધ્યા ટાણે આકાશ ખાસ કરીને ઘણી વખત ભારે સુંદર અને ભવ્ય બની જાય છે. આવી એક સંધ્યાનો સમય મધ્ય હિંદમાં આવેલા નરસિંહગઢના નાના સરખા એક દેશી સંસ્થાનમાં ગાળવાનું મને બની આવ્યું. મહારાજાના જન્મદિવસના માનમાં રમતગમતનો મેળાવડો ભરવામાં આવ્યો હતો. હું આ રમતો જોઇ રહી હતી. અનેક રમતોમાં એક રમત જાડા માણસોની દોડવાની હરીફાઇને લગતી હતી. સારા બાંધાવાળા અને મોટા શરીરવાળા આઠથી દસ માણસો એક હારમાં ગોઠવાયા હતા અને ઉપડવાની તૈયારી કરતા હતા. એવામાં કંઇક ઝઘડો પડ્યો હોય તેમ લાગ્યું. આ હરીફાઈમાં ભાગ લેનારાઓમાંનો મુખ્ય માણસ મહારાજા પાસે દોડતો આવ્યો અને કહેવા લાગ્યો કે હરીફાઈમાં ઉતરનારામાંના બે માણસો હરિજન હોવાથી સવર્ણ હિન્દુ હરીફો તેમની સાથે દોડવાની સાફ ના કહી રહ્યા છે. મહારાજાએ કહેવરાવ્યું કે આમ તે લોકો વર્તે એ અયોગ્ય અને ખેદજનક ગણાય. કારણ કે હરિજનો સાથે હરીફાઈ કરવામાં કશી આભડછેટ લાગવાનો સંભવ હોઇ શકે જ નહિ. પણ આ ઠપકાનો કંઇ અર્થ જ ન હતો. હિંદુ હરીફો તો અટકીને બેઠા એટલું જ નહિ, પણ મુસલમાન હરીફોએ પણ જણાવ્યું કે તેઓ પણ હરિજનો સાથે દોડવાની હરીફાઇ નહિ કરે. જે સ્થળે આ બધી રમતગમતો ચાલી રહી હતી તે સ્થળની આસ-પાસના સૌન્દર્યથી હું મુગ્ધ બની ગઇ હતી. આથમતા સૂર્યના કિરણો લીલા ખેતરો ઉપર અને આસપાસની ટેકરીઓ ઉપર સોનેરી પ્રકાશ વિસ્તારી રહ્યાં હતાં, રંગબેરંગી કપડાંઓ અને બુરખાઓ દૃશ્યની મનોહરતામાં વધારો કરી રહ્યા હતા. અને સામે આવેલી ટેકરીઓમાંની એક ટેકરીના શિખર ઉપર મહાદેવનું મંદિર અમારી ઉપર નજર નાખી રહ્યું હતું. પણ આ મનોહર સંગીતને ઉપરના બનાવે બેસુરું બનાવી દીધું અને અમારામાંનાં કેટલાંકના મન ઉદ્વિગ્ન થઇ ગયાં. જે બે હરિજનો આ હરીફાઇમાં ઊતરેલા હતા તેની સામે કશો પણ વાંધો લઇ શકાય તેવું હતું જ નહિ. તેઓ બીજા જેટલા જ સુસજ્જિત હતા. તેમના સ્વચ્છ પોશાકમાં અને તેમના રંગબેરંગી પાઘડીઓ અને કસબી છોગાઓને લીધે જાણે કે ત્યાંની દુનિયામાં તેઓ શેઠીઆ જેવા લાગતા હતા. અને વિશેષમાં તેઓ જે ટોળામાં બેઠા હતા તેમાંથી કોઇને પણ સાથે બેસવા સંબધે કંઈ વાંધો હોય તેમ લાગતું નહતું. હિન્દુ અને મુસલમાનોનો આ વાંધો ખરેખર ભારે આશ્ચર્યજનક હતો. મહારાજાએ પોતાની નાખુશી દર્શાવી અને અને ધીમેથી મને કહ્યું કે "આ વિચિત્ર અને કઢંગુ માનસ જોયું ને! આવા લોકોમાં સુધારાનું કાર્ય ભારે મુસ્કેલ છે," જ્યારે આપણે આપણા જાતિભાઇઓ સાથે માણસાઇની રીતે વર્તી શકતા નથી તો પછી આપણને એક સરખો અને નિષ્પક્ષ ન્યાય મળે એવી આશા આપણે કેમ રાખી શકીએ?

અનુવાદક :**પરમાનંદ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પિપલ પ્રેસ, ૧૩૮–૪૦, મેડોઝ સ્ટ્રીટ. મુંબઇ

આ અંકના
બે આના

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

REGD. NO. B 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧
અંક : ૧૪

મુંબઈ : બુધવાર ૧૫ નવેમ્બર ૧૯૩૯

ગ્રાહકો : રૂ. ૨
સભ્યો : રૂ. ૧

## • કસોટી •

આપણે સદીઓથી વાતો કરતા આવ્યા છીએ. અહિંસાને આપણે 'પરમ ધર્મ' માનેલ છે. એના વખાણ અને વિવેચનનાં ગ્રન્થોના ગ્રન્થો રચ્યાં છે. પણ આજે અહિંસાને જીવનમાં ઉતારવાની જ્યારે વાત આવે છે, ત્યારે આપણે અહિંસાથી કેટલા આઘા છીએ એ જણાઈ આવે છે. અહિંસાને પરમ ધર્મ માનવા છતાં આપણે—આપણા ઇતિહાસકાર—ગર્વથી કુમારપાલનો સંયમ, ધર્મનિષ્ટા, કે એની કર્તવ્યપરાયણતાના નહિ પરન્તુ એણે જે યુધ્ધો કર્યાં એના વખાણ કરીએ છીએ; અહિંસક ધર્મમાં માનનારો હોવા છતાં કુમારપાળ કેવા જોશથી અને વીરતાથી યુધ્ધના મેદાનમાં લડ્યો એ વાત કરતાં આપણે ગર્વ અનુભવીએ છીએ એનો આપણે ઇન્કાર નથી કરી શકતા. કુમારપાલની આ વીરતાને આદર્શને ન પહોંચી શકવાની માનવની સહજ દુર્બળતા ન ગણતાં જ્યારે આપણે એ વાતના વખાણ કરીએ ત્યારે એ તો સ્પષ્ટ છે કે છૂપે છૂપે પણ આપણા હૃદયમાં કયાંક પણ હિંસાનો મોહ છે ખરો ! 'વ્યવહાર ધર્મ' અને 'નિશ્ચય ધર્મ'નો સગવડતાભર્યો ભેદ પાડી, સમજી આપણે આપણા હૃદયને સંતોષી લઇએ છીએ. આદર્શને ન પહોંચી શકવાની પોતાની કમજોરી ન સ્વીકારતાં આપણે એને 'વ્યવહાર–ધર્મ'નું નામ આપીએ છીએ.

પરન્તુ, આજે જ્યારે અહિંસાના મોટામાં મોટા પ્રયોગની—આજ સુધી ક્યારે પણ ન થયો હોય, ન કલ્પાયો હોય એવા પ્રયોગની—એક એકલ માનવી ચિન્તા કરી રહ્યો છે ત્યારે આપણાંમાંથી કેટલાઓ આ પ્રયોગમાં યોગ આપવા તૈયાર છે? આજે યુરોપમાં હિંસાપ્રતિહિંસાનો દાવાનળ સળગી ઊઠ્યો છે અને જોતાં જોતાં એ આખા સંસારને ઘેરી લેશે એ નિશ્ચય છે. મૂળમાં હિંસાનું આ મૂર્ત તાંડવ આપણા જીવનના પ્રત્યેક ભાગમાં રહેલી હિંસાનું જ પ્રતિબિમ્બ છે—એનું ફળ છે. આપણા વ્યકિતગત જીવનમાં, કૌટુમ્બિક જીવનમાં, આર્થિક સમ્બન્ધોમાં, સામાજિક જીવનમાં અને કહેવાતા 'ધાર્મિક' જીવનમાં છૂપે છૂપે કે પ્રકટમાં હિંસાનો જે વાસ છે એનું જ આ મૂર્તસ્વરૂપ આજે ફાટી નીકળ્યું છે. આપણી અહિંસાની આજે કસોટી છે ! એક મહાન માનવ આ વખતે પણ "વ્યવહાર અને નિશ્ચય" ધર્મના ભેદમાં મોહમાં કે જાળમાં પડયા વગર સંસારની સમક્ષ આ ભયંકર પરિસ્થિતિનો સંપૂર્ણ અહિંસાત્મક રીતિથી સામનો કરવાનો સંદેશ રજૂ કરી ઇતિહાસની રચના કરી રહ્યો છે. ક્યારેય ન સાંભળ્યું, ન કલ્પ્યું, એવું આશ્ચર્ય લાગે છે. લોકો આ દ્રષ્ટાને –visionary– ખાલી સ્વપ્નલોકમાં વિચરનાર એક પાગલ સમજે છે. પરન્તુ એ પોતે નિશ્ચય બુધ્ધિથી, મક્કમતાથી, લોકચર્ચાની પરવા કર્યા વગર હિંસાના આ તાણ્ડવનો મુકાબલો કરવા અહિંસાત્મક ઉપાય–અસ્ત્ર સંસાર સમક્ષ ધરે છે. આપણી ટૂંકી બુધ્ધિમાં આ અસંભવ ગાંડપણ જેવું લાગે છે પરન્તુ એની નજરમાં રાત અને દિવસના ક્રમની જેમ એ અચૂક અસ્ત્ર લાગે છે—સ્પષ્ટ, સાધ્ય અને શકય !

આપણામાંથી કેટલા આ મહાન પ્રયોગમાં સહયોગ આપવા તૈયાર છે?

સિધ્ધરાજ ઢઢ્ઢા

## મહાવીરનો સત્યાગ્રહ

(રાસ)

કોણ ઊભો આ કાળમુખ સામો, જગત્નો વિસામો,
આ એકલો ઊભો સખી !
કોણ નાંખી વિકરાળ ઝાળ સામો એ રાફડે ધાયો, આ એકલો૦
સર્પ સત્તામદ ઘેને ઘેરાઇ રહ્યો,
પંથ લીલો વેરાન જનસૂનો થયો,
મદ તોડી લીલી વાડી કરવા, જગત ભય હરવા, આ એકલો૦
કોણ ઊભો૦

પંથ જાતાં પશુજન ફફડી રહે,
ભય છોડી કો' વીર પંથ દોડી રહે !
જગ કાજે કાયાને ખપાવા, મદાંધતા મીટાવા, આ એકલો૦
કોણ ઊભો૦

નશો જંગલ માલિકીનો ચેરો ચડે,
કોઇ સામો થતાં કાળમુખે પડે,
સર્વ સત્તા નિવારવા કાજે, કો' રાફડે વિરાજે, આ એકલો૦
કોણ ઊભો૦

"કોણ માથા ફરેલો આ આવી ચડે?"
સર્પ ચમકી વિચારમદે માથું ફરે,
એને ડારવા ડંખ ખૂબ મારે, ફુંફાડે હુંકારે, આ એકલો૦
કોણ ઊભો૦

ડંખ ડંખે ઝેરી લાળ ઝરતી રહે,
લાળ લાળે વિકરાળ ઝાળ બળતી રહે,
મહાવીરને દઝાડવા દહતી રહે,
અડગ વીરને નસાડવા મથતી રહે,
અડગ એકલો અભય બની ધ્યાને, ઊભો તપ તાને, આ એકલો૦
કોણ ઊભો૦

વેર ક્રોધે હિંસા લાળ ઝરતી રહે,
વીર નેણે અમી સેર સરતી રહે,
દયાદૂધે હિંસા નવરાવા, વિશુધ્ધિ વરાવા, આ એકલો૦
કોણ ઊભો૦

દયાદૂધે સત્યાગ્રહે વારી રહી,
સર્પ અભય સત્યાગ્રહે વારી જઈ,
તજી સત્તાના મદને નકામો, તે ચરણે વિસામો, આ એકલો૦
કોણ ઊભો૦

પોપટલાલ પૂં. શાહ

# મહાવીરની નિર્વાણભૂમિ

નાલંદા અને રાજગીર જતાં પાવાપુરીનાં દર્શનનો લાભ અમને અણધાર્યો જ થયો. અરુન્ધતિદર્શનન્યાયથી કહેવું હોય તો પાવાપુરી બિહારશરીફ પાસે છે. બિહારશરીફ બખત્યારપુરથી વીસપચીસ માઇલ દૂર છે, અને બખત્યારપુર બિહારની રાજધાની–બાંકીપુર પટનાથી પૂર્વ તરફ મેઇન લાઇન પર આવેલું છે.

બખત્યારપુરથી રાજગીર કુંડ સુધી જે રેલ્વે જાય છે તે નાની છે, અને ટ્રામની માફક ગાડાંઓને રસ્તે ગામડાંના ઘરોની બે હારોની વચ્ચે થઇને જાય છે. દેશદેશાંતરના જિજ્ઞાસુ યાત્રાળુઓ પણ તેનો લાભ લઇ શકે છે.

બિહારશરીફ સુધી પહોંચતા અમારો સંઘ સારી પેઠે વધી ગયો હતો, એટલે પાંચ એક્કાઓ કરી તેમના ઉપર અમે સવાર થયા. આ એક્કાઓનો આકાર કયા સૈકામાં નક્કી થયો હશે એની તપાસ કરવા જેવી છે. માણસનાં હાડકાં સીધી રીતે ભાંગ્યા વગર તે મુકામ સુધી પહોંચાડે છે એમાં શક નથી. આવા એક્કાઓ ઉત્તર હિંદુસ્તાનમાં બધે હોય છે, અને ત્રણત્રણ ચારચાર સુધી માણસો તેના પર સવારી કરે છે. એક્કાનો બોજ હલકો હોવાથી એમાં ઘોડાને સચવડ છે ખરી. આવા એક્કાના અનુભવની સરખામણીથી જ જૂના લોકોએ પાલખીને સુખવાહનનું નામ આપ્યું હશે.

આસપાસનો મુલક લીલોછમ અને રળિયામણો છે. વચમાં ઠેકઠેકાણે નાનાંમોટાં તળાવો આવે છે. તેના ઉપર બાઝેલી લીલ લીલી નથી હોતી, પણ લાલ કે અંજિરિયા રંગની હોય છે, અને તેથી દેખાવે બહુ સુંદર હોય છે. અજાણ્યાને આ વનસ્થલી નીચે પાણી હશે એવી કલ્પના પણ ન આવે.

બાર વાગે નીકળેલા અમે લગભગ બે વાગ્યે પાવાપુરી પાસે આવી પહોંચ્યા. પાવાપુરીનાં પાંચ સુધાધવલ મંદિરો દૂરથી જ એકાદ સુંદર બેટ જેવા લાગે છે. આસપાસ બધે ડાંગરના સપાટ ખેતરો, અને વચ્ચે મંદિરોનું સફેદ જૂથ રસ્તો જરા ગોળ ફરીને આપણને મંદિર તરફ લઇ જાય છે.

પાંચ મંદિરોમાં એક જ મંદિર વિશેષ પ્રાચીન ગણાય છે, મંદિરો જૈનોનાં છે, એટલે પ્રાચીનતા ક્યાંયે ટકવા તો દીધી જ નથી. ખૂબ પૈસા ખરચી ખરચીને પ્રાચીનતાનો નાશ કરવો એ જાણે તેમનો ખાસ શોખ હોય એમ જ લાગે. પાલીતાણાની પણ એજ દશા થઈ ગઇ છે. ફકત દેલવાડામાં જૂની કારીગરીને છાજે એવી મરામત થાય છે.

મુખ્ય મંદિર એક સુંદર તળાવની અંદર આવેલું છે. તળાવમાં કમળોની એક ઘટા બાઝી છે. પાણીમાં માછલાંઓ અને સર્પો આમતેમ સળવળતાં ખૂબ દેખાય છે. અમે ગયેલા ત્યારે તળાવનું પાણી ઓછું થયેલું હોવાથી કમળની ડાંક ઉઘાડી પડી હતી, અને બીચારાં પાંદડાંઓ પાપડ જેવાં થઇ ગયાં હતાં.

અમૃતસરનાં સુવર્ણમંદિરની પેઠે અહીં પણ મંદિરમાં જવાને એક પૂલ બાંધેલો છે. મંદિરો બેઠા ઘાટનાં અને પ્રમાણશુધ્ધ છે. ગર્ભગૃહની આસપાસ ચારે બાજુ પર લંબચોરસ ગુંબજ છે એ આ મંદિરની વિશેષતા છે. કલાકોવિદ લોકો આવાં ગુંબજનો આકાર ખૂબ વખાણે છે. બાકીનાં આસપાસનાં મંદિરો ઊંચાં શિખરોવાળાં છે. શિખરોમાં કંઇ ખાસ કલા જણાતી નથી. છતાં દૃષ્ટિ પર તેની છાપ સારી પડે છે.

આ મંદિરોની કેટલીક મૂર્તિઓ અસાધારણ સુંદર છે. ધ્યાનને માટે આવી જ મૂર્તિઓ હોવી જોઇએ. મૂર્તિની સુંદરતા જોઇ તેમને હું મોહક કહેવા જતો હતો. પણ તરત જ યાદ આવ્યું કે આ મૂર્તિનું ધ્યાન તો મોહને દૂર કરવા માટે હોય છે. ચિત્તને એકાગ્ર કરવાની શક્તિ આ મૂર્તિઓમાં જરૂર છે.

આ મંદિરોની પુજા ત્યાંના બ્રાહ્મણો જ કરે છે. જૈન મંદિરોમાં બ્રાહ્મણોને હાથે પુજા થાય એ એક રીતે અજુગતું લાગ્યું, છતાં हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जिनमन्दिरम् કહેનાર બ્રાહ્મણો ભલે લોભથી–પણ આટલા ઉદાર થયા એવું મનને સમાધાન લાગ્યું. આજે પાવાપુરી એક નાનકડું ગામડું છે. અહિંસા ધર્મનો પ્રચાર કરનાર મહાવીર જ્યારે અહીં વસતા ત્યારે તેનું સ્વરૂપ કેવું હશે ? હિંદુસ્તાનમાં કેટલીયે મોટી મોટી નગરીઓનાં ગામડાં થઇ ગયાં છે; અને કેટલીક નગરીઓનાં તો નામોનિશાન પણ રહ્યાં નથી; એટલે આજના ગામડા ઉપરથી પ્રાચીન પાવાપુરીની કલ્પના થઇ જ ન શકે. પ્રાચીન કાળનો અહીં કશો અવશેષ દેખાતો નથી. ફકત મહાવીરનાં મહાનિર્વાણનું સ્મરણ આ સ્થાનને વળગેલું છે, અને તેથી જ શ્રધ્ધાની દૃષ્ટિ અઢી હજાર વર્ષો જેટલી પાછળ જઇ શકે છે, અને મહાવીરની ક્ષીણ પણ તેજસ્વી કાયા શાંત ચિત્તે શિષ્યોને ઉપદેશ કરતી હોય એવી આંખ આગળ ઊભી રહે છે. આ સંસારનું પરમ રહસ્ય, જીવનનો સાર, મોક્ષનું પાથેય તેમનાં મુખારવિંદમાંથી જ્યારે ઝરતું હશે ત્યારે તે સાંભળવા કોણ કોણ બેઠા હશે ? પોતાનો દેહ હવે પડનાર છે એમ જાણી તે દેહનું છેલ્લું કાર્ય —પ્રસન્ન ગંભીર ઉપદેશ–અત્યંત ઉત્કટતાથી કરી લેવામાં છેલવેલ્લી બધી ઘડીઓ કામમાં લઇ લેનાર તે પરમ તપસ્વીનું છેલ્લું દર્શન કોણે કર્યું હશે ? અને તેમના ઉપદેશનો આશય કેટલા જણ બરાબર સમજ્યા હશે ? દૃષ્ટિને અગોચર એવા સૂક્ષ્મ જંતુથી માંડીને અનંત કોટિ બ્રહ્માંડ સુધી સર્વ વસ્તુજાતનું કલ્યાણ ચાહનાર તે અહિંસામૂર્તિનું હાર્દ કોણે સંઘર્યું હશે ? માણસ અલ્પજ્ઞ છે, તેની દૃષ્ટિ એકદેશી હોય છે; સંકુચિત હોય છે માટે તેને સંપૂર્ણ જ્ઞાન નથી થતું; દરેક માણસનું સત્ય એકાંગી સત્ય હોય છે, તેથી બીજાના અનુભવને વખોડવાનો તેને હક નથી, તેમ કરતાં અધર્મ થાય છે, એમ કહી સ્વભાવથી ઉત્તમ એવી માનવી બુદ્ધિને નમ્રતા શીખવનાર તે પરમ ગુરુને તે દિવસે કોણે વંદન કર્યું હશે ? આ શિષ્યો પછી પણ માનવજાતિને–હા, સમસ્ત માનવજાતિને–તે ઉપદેશ ખપમાં આવશે એવો ખ્યાલ એ પુણ્ય પુરુષના મનમાં આવ્યો હશે ખરો ? જૈન તત્વજ્ઞાનમાં સ્યાદ્‌વાદનો બરાબર શો અર્થ છે તે જાણવાનો હું દાવો કરી શકતો નથી, પણ હું માનું છું કે સ્યાદ્‌વાદે માનવબુદ્ધિનું એકાંગીપણું ઓળખી તે શાસ્ત્રશુદ્ધ રીતે માનવબુદ્ધિ આગળ રજૂ કર્યું છે. અમુક દૃષ્ટિએ જોતાં અમુક વસ્તુ એક દીસે છે, બીજી દૃષ્ટિએ તે બીજી રીતે દેખાય છે. જન્માન્ધો જેમ હાથીને તપાસે તેવી આ દુનિયામાં આપણી સ્થિતિ છે. આ વર્ણન યથાર્થ નથી એમ કોણ કહી શકે ? આપણી આવી સ્થિતિ છે એટલું જેને ગળે ઊતર્યું તે જ આ જગતમાં યથાર્થ જ્ઞાની. માણસનું જ્ઞાન એકપક્ષી છે એટલું જે સમજ્યો તે જ માણસોમાં સર્વજ્ઞ. વાસ્તવિક સંપૂર્ણ સત્ય જે કોઇ જાણતો હશે તે પરમાત્માને આપણે હજુ ઓળખી શક્યા નથી.

આ જ્ઞાનમાંથી જ અહિંસા ઉદ્‌ભવેલી છે. જ્યાં સુધી હું સર્વજ્ઞ ન હોઉં ત્યાં સુધી બીજા ઉપર અધિકાર ચલાવવાનો મને શો અધિકાર ? મારું સત્ય મારા પૂરતું છે. એનો અમલ

(અનુસંધાન ચોથે પાને)

# શ્રી. અણ્ણા બાબાજી લઠ્ઠે



સવારના પહોરમાં દરરોજ ચાલવાનો એમનો નિયમ એમણે કદી તોડયો હોય એવું જાણ્યું નથી. એમની ખાદીની ટોપી કાયમ એક રીતે એમણે પહેરી નથી. એમની ટોપીની જુદી જુદી સ્થિતિઓ એમના સૌ મિત્રોને આનંદનો વિષય થઇ પડતી હતી પણ એ વિષે એણે કદી દરકાર સેવી નથી.

કોઇ પણ એક ખૂણે ગોઠવાયલી ખાદીની ટોપી પહેરી દૃઢ પગલે સ્હેજ ધૂનમાં ચાલતા દરરોજ સવારમાં રીજરોડથી મરીન લાઇન્સ જતા એમને જોનારને ખ્યાલ ન આવે કે આ મહાસભાના અર્થસચિવ છે.

ઇ. સ. ૧૮૭૮ માં કુરૂદવાડમાં દિગંબર જૈન જ્ઞાતિમાં એમનો જન્મ. એ હિસાબે મુંબાઇના પ્રધાનમંડળમાં એ સૌથી વયોવૃદ્ધ હતા. પૂનાની ડેક્કન કોલેજમાંથી ગ્રેજ્યુએટ થયા પછી મુંબાઇની શ્રી. હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડિંગમાં રહી તેમણે એલએલ. બી. નો અભ્યાસ કર્યો.

ત્યાંથી તરત જ કોલ્હાપુરની રાજારામ કોલેજમાં તેઓ અંગ્રેજીના અધ્યાપક નિમાયા, ત્યાર પછી ચાર વર્ષ પછી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર તરીકે રહ્યા અને ૧૯૨૬–૩૦ સુધી કોલ્હાપુરના દિવાનપદે હતા. મહારાષ્ટ્રનાં મરાઠા રાજ્યોમાં કોલ્હાપુર આવક, વિસ્તાર તથા મોભાની દૃષ્ટિએ સૌથી પહેલે નંબરે આવે છે. ઈ. સ. ૧૯૨૧-૨૩ માં તેઓ લેજીસ્લેટીવ એસેમ્બ્લીના મેંબર હતા અને ઇ. સ. ૧૯૨૪ માં યુનિવર્સિટીના સુધારા માટે નિમાયલી સમિતિના સભ્ય હતા. ઇ. સ. ૧૯૩૦ માં સરકારે એમને દિવાન બહાદૂરનો ઇલકાબ આપ્યો અને તે પછી ગોળમેજી પરિષદમાં દેશી રાજાઓના સલાહકાર મંડળના સભ્ય તરીકે એ લંડન ગયા હતા.

લેખક તરીકે એમણે ઠીકઠીક હાથ અજમાવ્યો છે. એમનાં પુસ્તકોમાં "Introduction to Jainism" "Problems of Indian States" અંગ્રેજીમાં છે. મરાઠીમાં "હિંદમાં અંગ્રેજી સામ્રાજ્યનો ઉદય" "શાહુ છત્રપતિનું ચરિત્ર" અને "વિશ્વની ફેડરલ ઘટના" એ છે. 'દક્ષિણ રૈયત' નામના પત્રના એ અધિપતિ પણ હતા.

સધર્ન મરાઠા જૈન એસોસીએશન તથા કર્ણાટક નોન-બ્રાહ્મીન લીગના એ પ્રમુખ હતા અને બેલગામ સેન્ટ્રલ કો–ઓપરેટીવ બેંકના તેઓ પ્રમુખ પણ હતા.

દેશી રાજ્યની નોકરી છોડયા પછી બેલગામમાં વકીલ તરીકે ઠીક ઠીક પ્રતિષ્ઠા જમાવી હતી અને ખાસ કરીને ઘણાં દેશી રાજ્યોના રાજવીઓ એમના અસીલ હતા. દેશી રાજ્યોના પ્રશ્નોમાં એ નિષ્ણાત ગણાતા અને પોલિટિકલ ડિપાર્ટમેન્ટ સાથેના કામકાજમાં એમની સલાહ ઘણી કીંમતી લેખાતી.

ઇ. સ. ૧૯૩૬ માં જ્યારે દિવાનબહાદૂરનો ખિતાબ છોડી એમણે મહાસભામાં પ્રવેશ કર્યો ત્યારે ઘણા મહાસભાવાદીઓ વિચારમાં પડી ગયા. કોઇ શંકામાં ગૂંચવાયા, કોઈક ખુશી થયા પણ સૌને એક વાત તો કબૂલ કરવી જ પડી કે એમના જોડાવાથી મહાસભાનું બળ વધ્યું છે. એમને મહાસભામાં લાવવાનો યશ શ્રી. ગંગાધરરાવ દેશપાંડેને ફાળે જાય છે.

ચૂંટણી પૂરી થયા પછી મહાસભા પક્ષની પહેલી સભા વિલેપારલેમાં મળી ત્યારે એમને મેં જોયા અને શ્રી. ખેરના ઉપર એમણે સુંદર છાપ પાડી એ સભાની ચર્ચામાં એમણે લીધેલા ભાગથી સૌને લાગ્યું કે એ ધીર ગંભીર શાંત વિચારક છે. ત્યાર પછી થોડે મહિને જ્યારે પ્રધાનમંડળની પસંદગીનો વખત આવ્યો ત્યારે જે થોડાં નામ ખાતરીપૂર્વક ગણાતા તેમાં એમનું નામ હતું. રાજ્ય-વહીવટનો અનુભવ એમના સિવાય કોઇને હતો નહિ.

પણ દેશી રાજ્યનો વહીવટ એ એક વાત અને મહાસભા પક્ષના પ્રધાન તરીકે મુંબાઇ ઇલાકાનો વહીવટ એ જુદી જ વાત છે. ગઇકાલના દેશી રાજ્યના ખિતાબધારી દિવાન અબ્રાહ્મણ પક્ષના અગ્રણી મહાસભામાં શી રીતે ભળશે, એની નીતિ કેટલી હદ સુધી અપનાવી શકશે એ વિશે કેટલાક ભાઇઓના મનમાં શંકા હતી પણ અનુભવે એ શંકાઓ દૂર કરી. સૌ પક્ષની વાત સાંભળવી, તર્કશુદ્ધ દલીલ કરવી, દલીલમાં વાણી પર સંયમ રાખવો અને સ્પષ્ટ નિશ્ચય કરી તેને વળગી રહેવું એ એમની વિશિષ્ટતા હતી.

મુંબાઈના અર્થસચિવને શેર બજાર, રૂ બજારના પ્રશ્નો ઉકેલવા પડે. એ શેર બજાર અથવા કાચા પાકાનાં રૂનાં બજારોને એક કરવાના પ્રશ્નની ચર્ચા કરવી પડે. પેટ્રોલના ભાવના અંકુશનો પ્રશ્ન વિચારવો પડે. એવા નવીન અને અપરિચિત પ્રશ્નોનો એમણે ધીરજથી ન્યાયી ઉકેલ કાઢવા પ્રયત્ન કર્યો છે. અને દારૂબંધીની સફળતા મેળવવા માટે જરૂરી નવી આવક શોધવા માટેનો અતિકૂટ પ્રશ્ન ઉકેલ્યો છે. સ્થાવર મિલકત પરના કર વિષેની કાયદાની તકરાર બાજુએ રાખતાં પણ મહાસભાની દૃષ્ટિએ આથી વધુ યોગ્ય કર જડવો મુશ્કેલ છે, એ કર નાખવામાં અને એનો બચાવ અને અમલ કરવામાં જે દૃઢતા એમણે બતાવી તે વિરલ છે. એમનાં બજેટનાં ભાષણો સ્પષ્ટ અને મુદ્દાસર છે. અને એમાં એમનો અંગ્રેજી ભાષા પરનો કાબૂ જણાઇ આવે છે. ક્યા કર નાખવા અને કેમ નાખવા એ વિષેની એમની સાથેની ચર્ચામાં ધીરજ અને જ્ઞાન બંને મળતાં.

પણ એમને મુખ્ય રસ તો ખેતીવાડી, ગ્રામસુધારણા અને સહકારી પ્રવૃત્તિમાં હતો. ઋણરાહતનું એમનું બિલ એ એમની અથાગ મહેનત અને અભ્યાસનું પરિણામ છે. અને લેણદાર તથા દેણદાર વચ્ચે સમતુલા જાળવવામાં પક્ષના સભ્યોની કોઈ વિશિષ્ટ વિચારસરણી કે દબાણને એ વશ થયા નથી. પણ એ વિષયમાં તો એમણે આદરેલાં અધૂરાં રહ્યાં.

જૈન ધર્મના અભ્યાસી હોઇ એ ધર્મના તત્ત્વને બુદ્ધિપૂર્વક અનુસરતા. ચુસ્ત કર્મકાંડી જૈન ન હોવા છતાં એમને ધર્મ પ્રત્યે માન હતું અને તેથી જ શ્રી. હેમચંદ્રાચાર્યની જયંતિ વખતે અમદાવાદ યુવકસંઘના ઉત્સવનું પ્રમુખપદ એમણે સ્વીકાર્યું.

એમની વૃત્તિ હંમેશાં નિરભિમાની, પૂર્વગ્રહ વિનાની હતી: પણ કોઇ આડીઅવળી વાત કરે અથવા મૂળ મુદ્દો છુપાવવાનો યત્ન કરે તો તેને પકડીને ચોકખી વાત તરત જ કહી દેતાં

## મહાવીરની નિર્વાણભૂમિ (બીજા પાનાથી ચાલુ)

મારા જીવન પૂરતો હું અવસ્ય કરું. બીજાને તેનો સાક્ષાત્કાર ન થાય ત્યાંસુધી મારે ધીરજ જ રાખવી જોઇએ. આવી વૃત્તિ તે જ અહિંસાવૃત્તિ.

કુદરતી રીતે જ માણસનું જીવન દુઃખમય છે. જન્મજરા-વ્યાધિથી માણસ હેરાન થાય છે. ઇષ્ટનો વિયોગ અને અનિ-ષ્ટનો સંયોગ પણ જીવનમાં છે જ. પણ માણસે પોતાની મેળે કંઇ દુઃખો ઓછાં ઊભાં કર્યાં નથી. માણસ જો સંતોષ અને નમ્રતા કેળવે તો મનુષ્યજાતિનું નેવું ટકા દુઃખ ઓછું થઇ જાય. આજે જે દેશ દેશ વચ્ચે અને કોમ કોમ વચ્ચે કલહ ચાલી રહ્યો છે અને મૃત્યુ પહેલાં જ આપણે આ સૃષ્ટિ ઉપર જે નરક ઉપજાવીએ છીએ તે એકલી અહિંસાવૃત્તિથી જ આપણે અટકાવી શકીએ. હિંદુસ્તાનના ઇતિહાસનો જો કંઇ વિશેષ સારબોધ હોય તો તો તે એક જ છે કે

सर्वेऽत्र सुखिनः सन्तु । सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु । मा कश्चिद् दुःखमाग्भवेत् ॥

આ વૃત્તિમાં આખું જીવનસાફલ્ય રહેલું છે. હિંદુસ્તાનમાં જેટલા આવ્યા તેટલા બધા અહીં જ રહ્યા છે. કોઇ ગયા નથી. આશ્રિત તરીકે આવ્યા તેઓ પણ રહ્યા છે: અને વિજેતાના ઉન્માદથી આવ્યા તેઓ પણ રહ્યા છે. બધા જ ભાઇ ભાઇ થઇને જ રહ્યા છે, અને રહેશે. વિશાળ હિંદુ ધર્મની, જનકના હિંદુ ધર્મની, વાલ્મિકીના હિંદુ ધર્મની, ગૌતમબુદ્ધના હિંદુ ધર્મની, મહાવીરના હિંદુ ધર્મની. આ પુણ્યભૂમિમાં સૌને સ્થાન છે, કેમકે આ જ ભૂમિમાં અહિંસાનો ઉદય થયો છે. આખી દુનિયા શાંતિ ખોળે છે. આખી દુનિયા ત્રાહિ ત્રાહિ પોકારે છે, છતાં તેને શાંતિનો રસ્તો જડતો નથી. જેઓ દુનિયાને લૂંટે છે, મહાયુદ્ધોને સળગાવે છે તેમને પણ આખરે શાંતિ જ જોઇએ છે, પણ શાંતિ તે કેમ પ્રાપ્ત થાય? બિહારની આ પવિત્ર ભૂમિમાં શાંતિનો માર્ગ ક્યારનો નક્કી થઇ ચૂક્યો છે. પણ દુનિયાને તે સ્વીકારતાં હજુ વાર છે. પાવાપુરીના આ પવિત્ર સ્થળે તે મહાન માનવે પોતાનું આત્મસર્વસ્વ રેડી દુનિયાને તે માર્ગ સંભળાવ્યો હતો અને પછી શાંતિમાં પ્રવેશ કર્યો હતો. દુનિયાનાં શાંતિતરસ્યા લોકો નમ્ર થઇ, નિર્લોભ થઈ, નિરહંકાર થઈ જ્યારે ફરી તે દિવ્ય વાણી સાંભળશે ત્યારે જ દુનિયામાં શાંતિ સ્થપાશે. અશાંતિ, કલહ, વિદ્રોહ એ દુનિયાનો કાનૂન નથી, નિયમ નથી, સ્વભાવ નથી, પણ તે વિકાર છે. દુનિયા જ્યારે નિર્વિકાર થશે ત્યારે જ મહાવીરનું અવતારકૃત્ય પૂર્ણતાને પામશે.

**કાકા કાલેલકર**

---

અચકાતાં નહતા. એમની હાજરજવાબી પણ એવી જ હતી. રાજીનામાં આપવાનાં બે ચાર દિવસ પહેલાં પ્રધાનોની નવી મોટરોનો ખર્ચ ધારાસભામાં મંજૂરી માટે આવ્યો ત્યારે શ્રી. ઝાબવાળાએ સુચના કરી કે પ્રધાનો સાઇકલ વાપરે તો ખર્ચ બચે ત્યારે શ્રી. લઠ્ઠેએ જવાબ દીધો કે હમારા પછી આવનારા મિત્રો આ સુચના ધ્યાનમાં લેશે એમ હું આશા રાખું છું. અને આખી સભા હસી ઊઠી.

આજે તો એ બેલગામમાં પોતાના વકીલાતના ધંધામાં પાછા જોડાઇ ગયા છે. પણ એમને જરૂર એમ કહી શકાય કે ધારાસભામાં, મહાસભા પક્ષના સભ્યોમાં અને એમનો મુંબઇમાં જેને જેને પરિચય થયો છે તે સૌમાં એ પ્રામાણિકતા, એકનિષ્ઠા અને સહૃદયતાની છાપ મૂકતા ગયા છે.

**શાંતિલાલ શાહ**

## પ્રત્યાઘાતી અભિપ્રાય

હિન્દુઓની લગ્નસંસ્થા અનેક પ્રકારની સુધારણા માગે છે તે વિષે બેમત નથી. તેમાં જરૂરી ફેરફારો કરવા માટે પ્રાન્તિક અને મધ્યસ્થ ધારાસભાઓમાં જુદી જુદી જાતના ખરડાઓ રજૂ થયા છે. એવા ત્રણ ખરડાઓ મુંબાઇની ધારાસભામાં રજૂ કરવામાં આવ્યા છે. અસમાન-લગ્ન-પ્રતિબંધક અને એકપત્ની-ત્વને ફરજીઆત બનાવતા બે ખરડાઓ શ્રીમતી લીલાવતી મુનશી તરફથી અને કેટલાક સંજોગોમાં લગ્ન-વિચ્છેદની છૂટ આપતા ખરડાઓ શ્રીયુત ભોગીલાલ લાલા તથા શ્રીયુત શાન્તિ-લાલ શાહ તરફથી. આ ખરડાઓ ઉપર હિન્દુ સમાજનો અભિ-પ્રાય જાણવા માટે સરકાર તરફથી તેની નકલો જુદી જુદી સંસ્થાઓને મોકલવામાં આવી છે. જેમાંની એક સંસ્થા જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆ છે. આ સંસ્થાએ જે અભિપ્રાય આપ્યો છે તે આ અંકમાં અન્યત્ર પ્રકટ કરવામાં આવે છે. સમસ્ત જૈનોની વતી આ અભિપ્રાય આપવાનો એ સંસ્થાનો દાવો હોવાથી એ અભિપ્રાયના ગુણદોષ બારીકાઇથી તપાસ-વાનો જૈનોને અધિકાર છે. એ અભિપ્રાય સદંતર પ્રત્યાઘાતી હોવાને કારણે તેનો વિરોધ કરવો દરેક એ પ્રગતિશીલ જૈનોની ફરજ છે.

જૈન એશોસીએશન ઓફ ઇન્ડીઆ, હું જાણું છું ત્યાં સુધી, છેલ્લાં દશ વર્ષથી કુંભકર્ણની નિદ્રા સેવતી હતી. આવા પ્રત્યા-ઘાતી અભિપ્રાયો આપવા માટે જ કોઇ વખત તે ઝબકી ઊઠતી હોય તેમ જણાય છે. જૂના વખતમાં જ્યારે આ સંસ્થા કાંઇક ક્રિયાશીલ હશે, ત્યારે સરકારના દફતરે જૈનોની સંસ્થા તરીકે તેનું નામ નોંધાયું હશે, જેને પરિણામે તેનો અભિપ્રાય માગવા જેટલું મહત્ત્વ મળ્યું હશે. પણ હવે તો જમાનો બદલાઇ ગયો છે અને એ સંસ્થા જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવતી ક્યારની યે મટી ગઇ છે.

આ અભિપ્રાય આપતાં પહેલાં એ સંસ્થાએ જૈન સમા-જનો મત જાણવા માટે શું પગલાં લીધાં છે તે કાંઇ જાણવામાં નથી. કદાચ એવાં કોઇ પગલાં લેવાની એ સંસ્થાનાં અધિકા-રીઓને જરૂર નહિ હોય.

એ આખા અભિપ્રાયમાં એક એવું માનસ વ્યક્ત થાય છે કે જે ઉપરથી એમ જણાય છે કે એ અભિપ્રાય ઘડનાર ગૃહસ્થો કોઇ જુદી જ દુનિયામાં વસે છે. એ અભિપ્રાયની બે મુખ્ય મુદ્દાઓની જ હું આ સ્થળે ચર્ચા કરીશ.

અભિપ્રાયમાં જણાવ્યું છે કે "સામાજિક બાબતોમાં કાયદાની દખલગીરી એ ગેરડહાપણભર્યું અને અસત્ય લેખાય; કારણ કે આવી બાબતોમાં ફરજ પાડવામાં આવે તેથી સમાજ ઉપર અનેક ઊલટી અસર થવા પામે." આ અભિપ્રાય ઓગણીસમી સદીનો છે. એક સમય એવો હતો કે જ્યારે રાજ્યની ફરજ માત્ર પોલીસ અને લશ્કરથી બાહ્ય અને આંતરવ્યવસ્થા જાળવવા સિવાય બીજી કોઇ વિશેષ માનવામાં આવતી ન હતી. જૂના વખતના વિનીતોનું આ માનસ છે. વ્યક્તિસ્વાતંત્ર્યને નામે દરેક સામાજિક સુધારણાનો વિરોધ કરવામાં આવતો. એ આખો યુગ પલટાઇ ગયો. Liberalism is dead and so is the conception of a police state, સામાજિક ઘડતરનું નિયમન અને વ્યવસ્થા કરવી એ રાજ્યની મોટામાં મોટી ફરજ છે, એ સૂત્ર હવે તો સર્વત્ર સ્વીકૃત છે. થોકબંધ સામાજિક સુધારણાના કાયદાઓ (Social legislation) દરેક દેશમાં થઈ રહ્યા છે. પ્રજાતંત્રવાદી ઇંગ્લાંડ, ફ્રાન્સ કે અમેરિકા

લો અથવા સરમુખત્યારી રશિયા જર્મની કે ઇટલી લો. દરેક સ્થળે, જીવનનાં દરેક ક્ષેત્રમાં, આર્થિક, સામાજિક, ધાર્મિક, કોઇ પણ ફેરફારો કરવા અને પરિવર્તન કરવું એ દરેક સંસ્કારી રાજ્યની ફરજ મનાય છે. અલબત્ત, આવા કાયદાઓ કેવા સંજોગોમાં થઇ શકે તેની મર્યાદાઓ સુવિદિત છે, પણ "સામાજિક બાબતોમાં કાયદાની દખલગીરી એ ગેરડહાપણભરી અને અસભ્ય' તો નથી જ. બલ્કે અનુકૂળ સંજોગોમાં અને જરૂર પડયે પવિત્ર ફરજ છે. સ્થાપિત હિતો જેને જાળવી રાખવા હોય એવા વર્ગો આવા કાયદાઓનો વિરોધ કરે છે. હિન્દુસ્તાનમાં પણ સનાતનીઓ એવી જ દલીલો કરે છે. જૈનોમાં પણ પણ સનાતનીઓ છે એ હકીકત આવા અભિપ્રાયથી માલૂમ પડે છે. જેમણે આ અભિપ્રાય આપ્યો છે એવા ગૃહસ્થોનાં મત મુજબ કદાચ સતી થતા અટકાવવાનો કાયદો, વિધવાવિવાહને કાયદેસર કાયદો ગણતો વગેરે સામાજિક સુધારણાંના કાયદાઓ થવા જોઇતા ન હતા. અત્યારે હરિજનમંદિરપ્રવેશને લગતા, હરિજનો અથવા બીજા વર્ગોની સામાજિક અસમાનતાઓ દૂર કરતા, દારૂબંધી ફરજીઆત કરતા અથવા મૂડીવાદીઓ અને મજૂરો વચ્ચેનાં સંબંધોનું નિયમન કરતા કાયદાઓ આ ગૃહસ્થોના મતે કદાચ થવા ન જોઇએ.

પ્રસ્તુત ખરડાઓ સંબંધી એ અભિપ્રાયમાં જણાવવામાં આવ્યું છે કે "આ ખરડાઓથી જે સામાજિક અન્યાયો દૂર કરવાનું ધારવામાં આવ્યું છે તે એટલી હદ સુધી વ્યાપક નથી કે લોકમત કેળવીને એ અન્યાયો અટકાવી શકાય ત્યાં સુધી સમાજ થોભી ન શકે."

આ અભિપ્રાય એક ભ્રમણા ઉપર રચાયેલ છે. સામાજિક અન્યાયો જ્યારે ઘણા વ્યાપક હોય ત્યારે એનો અર્થ એમ થાય કે લોકમત કદાચ તેવી હકીકતોને અન્યાય નથી લેખતો અથવા એટલે દરજ્જે તો નહિ જ કે જેથી લોકમત તે અન્યાયોને અટકાવી શકે. તેવા સંજોગોમાં કાયદાથી અટકાવવાનો પ્રયત્ન કરવો તે કદાચ સફળ ન થાય. પણ જ્યારે લોકમત એટલો કેળવાયો હોય કે જ્યારે આવા અન્યાયો સામે તેનો ખૂબ વિરોધ હોય અને તેને ઘણે દરજ્જે સફળતાપૂર્વક અટકાવી શકાતો હોય ત્યારે જ કાયદાની જરૂર છે, કે જેથી કાયદો લોકમતને સ્થાયી સ્વરૂપ આપે અને જે કેટલીક વ્યક્તિઓ લોકમતના પ્રબળ વિરોધને અવગણી આવાં કૃત્યો ચાલુ રાખે તેને ફરજિયાત અટકાવી શકાય. એટલે ઉપરની દલીલ આવા કાયદાઓની વિરુદ્ધ નહિ પણ તરફેણની છે. જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆના મતે અસમાન લગ્નો અથવા અનેકપત્નીત્વના દાખલાઓ ઓછા થતા જાય છે અને લોકમત તેની વિરુદ્ધ છે. તો પછી કાયદાથી તેની સદંતર અટકાયત શા માટે ન કરવી? લોકમત તેની તરફેણમાં જ છે એ દેખીતી વાત છે તો લોકમતને માન શા માટે ન આપવું? શા માટે સમાજે અસમાન લગ્ન અથવા અનેકપત્નીત્વનો અન્યાય વધારે વખત સહન કરવો? છેવટ તો એક સમય એવો આવે જ કે જ્યારે કાયદાથી આવા લગ્નોનો પ્રતિબંધ કરવો જ જોઇએ, કે જેથી એક પણ વ્યક્તિ સમાજનો પ્રબળ વિરોધ છતાં એવાં લગ્ન ન કરે. આ અભિપ્રાય આપનારાઓને મતે એ સમય શું નથી આવ્યો?

લગ્નવિચ્છેદના ખરડા વિષે એસોસીએશને ઉપરની દલીલથી વિરોધી દલીલ જ કરી છે. આ ખરડાને લઘુમતીનો અભિપ્રાય માન્યો છે, માટે બહુમતી ઉપર તે લાદી બેસાડવો ન જોઇએ એવી દલીલ કરી છે. જ્યાં બહુમતી તરફેણમાં હોય ત્યાં કાયદો ન કરવો પણ લોકમત કેળવવો અને જ્યાં બહુમતી વિરુદ્ધ હોય ત્યાં પણ કાયદો ન કરવો કારણ કે બહુમતી ઉપર એવા કાયદા લાદવા ન જોઇએ એટલે કે કોઇ સંજોગોમાં સામાજિક સુધારણાના કાયદા ન કરવા. સામાજિક સુધારણાઓની ઉપયોગિતા અથવા જરૂરીઆત શું માત્ર માથાની ગણતરી ઉપર જ અવલંબે છે? સમાજને દોરવણી આપવાનો તેના ચૂંટાયેલ પ્રતિનિધિઓને શું અધિકાર નથી? વડોદરા રાજ્યે આવો કાયદો કર્યો છે તેથી શું સમાજમાં કોઇ અરાજકતા આવી ગઇ? એ ન ભૂલવું જોઇએ કે આ કાયદાથી કોઇને લગ્નવિચ્છેદ કરવાની ફરજ નથી પાડવામાં આવતી. અસાધારણ અને કરુણ સંજોગોમાં એની જરૂર જણાય તો જ તેનો ઉપયોગ છે. આ ખરડાનો બારીકાઇથી અભ્યાસ કરવાની આ અભિપ્રાય આપનારાએ જો પરવા કરી હોત તો તેમને જણાત કે કેટલા અસાધારણ સંજોગોમાં આવી છૂટ આપવામાં આવી છે, અને તેથી કેવા ભયંકર સામાજિક અન્યાયો દૂર થવાનો સંભવ છે.

આ અભિપ્રાય આપનારાઓને ભાગ્યે જ ખબર હશે કે મુંબઈ પ્રાન્તની દરેક પ્રગતિશીલ વ્યક્તિએ અને સંસ્થાએ અને ખાસ કરી દરેક સ્ત્રી સંસ્થાએ આ કાયદાઓને આવકાર્યા છે અને તેની જરૂરીઆત સ્વીકારી છે. જૈનોને માટે એ જરૂરનું છે કે આ અભિપ્રાયનો જાહેર વિરોધ કરવો અને સરકારને જણાવવું કે આ સંસ્થાનો અભિપ્રાય જૈન સમાજનાં લોકમતથી વિરુદ્ધ છે.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

# સ્વાતંત્ર્ય

પારકી સત્તાના નિયંત્રણમાંથી મુક્ત થવું અને પોતાના દેશનું રાજ્યતંત્ર ચલાવવામાં સર્વ પ્રકારની સ્વાધીનતા હોવી એનું નામ રાજકીય સ્વાતંત્ર્ય છે. જ્યારે તમારૂં આખું રાજ્યતંત્ર કોઈ પણ આપખુદ સર્વસત્તાધીશ એક વ્યક્તિની કે વર્ગની સત્તાને આધીન રહીને ચાલતું ન હોય ત્યારે તમે બંધારણસરનું સ્વાતંત્ર્ય ભોગવો છો એમ કહી શકાય. જ્યાં કાયદેસર રાજ્ય ચાલતું હોય અને જ્યાં એ કાયદાનો વ્યવસ્થિત રીતે યોજાયલી ગુંડાગીરી વારેઘડીએ કબજો લઈ લેતી ન હોય તે દેશમાં કાયદેસરનું સ્વાતંત્ર્ય પ્રવર્તે છે એમ કહી શકાય. જ્યાં દરેક મહેનતુ માણસને સુખી અને સ્વાધીન જીવન ભોગવવા જેટલું મળી શકે એવી આર્થિક રચના કરવામાં આવી હોય ત્યાં સાચું આર્થિક સ્વાતંત્ર્ય અસ્તિત્વમાં આવ્યું છે એમ જરૂર કહી શકાય.

પણ આ બધા સ્વાતંત્ર્યોને પોતપોતાની મર્યાદા છે અને ચોકક્સ પ્રસંગોમાં અને ચોકક્સ સંયોગોમાં પ્રત્યેકના ક્ષેત્ર પ્રદેશને મર્યાદિત કરવાની જરૂર ઊભી થાય છે. જો દુનિયામાં કોઇ પણ આંતરરાષ્ટ્રીય યોજના અને વ્યવસ્થાનો અમલ થાય એમ તમે ઇચ્છો તો તમારે તમારા દેશની થોડીક સ્વતંત્રતા—થોડીક સ્વાધીનતા જતી કરવી પડે જ; અસાધારણ કટોકટીના પ્રસંગે રાજ્યબંધારણની ચાલુ રચના ઊંચે મૂકવી પડે; સમાજજીવનનો ચાલુ ક્રમ અટકાવી દેવો પડે અને પ્રજાજનોની આર્થિક સ્વતંત્રતા પણ ખેંચી લેવી પડે.

પણ એક એવું સ્વાતંત્ર્ય છે કે જે છોડવાની તમને કોઇ પણ સત્તા કદી ફરજ પાડી શકે નહિ અને જે તમારા જીવનના ભોગે પણ તમારે કદી છોડવું જોઇએ નહિ. કારણ કે તેમ કરવામાં તમારા પોતાના સ્વત્વનો જ નાશ રહેલો છે—અને તે સ્વાતંત્ર્ય માણસનું પોતાનું આધ્યાત્મિક સ્વાતંત્ર્ય છે.

**સર સર્વપલ્લી રાધાક્રીષ્ણન**

सच्चस्स आणाए उव्वठ्ठिओ मेहावी मारं तरई।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

નવેમ્બર, ૧૫ ૧૯૩૯


# આત્મસ્વાતંત્ર્ય અને સંયોગોનાં બંધનો

## ગાંધીજી વિષે એક દૃષ્ટિ

આપણે સૌ સાધારણ રીતે માનતા આવ્યા છીએ કે માનવીનું જીવન જે સ્થાનિક અને સામાજિક ચોગઠામાં ગોઠવાયું હોય છે તે ચોગઠું જ એક બેડીનું કામ કરે છે અને માનવીના વિચાર તેમજ આચારના સ્વાતંત્ર્યને મોટે ભાગે હરી લે છે તો પછી આદર્શપરાયણ માનવીએ શું કરવું? એ ચોગઠામાં પુરાઇ રહીને પોતાના કહેવાતા સ્વધર્મનું પાલન કરતાં કરતાં પોતાના જીવનને રૂંધી નાખવું કે એ ચોગઠું અને તેના આનુષંગિક ધર્મો ફગાવી દઇને તેણે ત્યાગી સંન્યાસીનું જીવન ગ્રહણ કરવું? આ પ્રકારની એક મોટી તાત્વિક ગૂંચ ઊભી થાય છે. આ ગૂંચનો નિકાલ ગાંધીજીએ પોતાના જીવન દ્વારા જગત સમક્ષ રજૂ કર્યો છે. જગતને તેમણે આપેલા બોધપાઠોમાં આ એક અતિ મહત્ત્વનો બોધપાઠ છે.

સમાજસંસ્થાની ચિત્રવિચિત્રતા ઉપર બહુ બહુ વિચાર કરનારને માટે એક પરિણામ એ આવે છે કે તેની નજર આગળ સમાજની અનેક ત્રુટિઓ ખડી થાય છે, એ ત્રુટિઓમાંથી સમાજ કદી પણ ઊંચે આવે એવો સંભવ તેને દેખાતો નથી અને તે રીતે સમાજસંસ્થામાંથી તેનો રસ કે આકર્ષણ ઓસરવા માંડે છે. વળી ઉદાર શિક્ષણ પામેલ કોઇપણ માણસની શ્રદ્ધા પોતાના ધર્મસંપ્રદાયમાં પણ લાંબો વખત ટકી શકતી નથી; કારણકે આજની પ્રચલિત ધાર્મિક માન્યતાઓ તેની વિકસિત બુદ્ધિ સ્વીકારી શકતી નથી. કોઇપણ રાજકારણી પક્ષમાં પણ તે જોડાઈ શકતો નથી, કારણકે ત્યાં પણ તેને જ્યાં ત્યાં સ્વાર્થ ખટપટ અને કુટિલતા નજરે પડે છે. તત્ત્વચિન્તનમાં તે જેમ જેમ ઊંડે ઊતરતો જાય છે તેમ તેમ તે સામાજિક ધાર્મિક તેમજ રાજકીય વિષયોથી વધારે ને વધારે અળગો થતો જાય છે અને કુટુંબ કે દેશ પ્રત્યેનું મમત્વ દિન-પ્રતિદિન શિથિલ બનતું જાય છે. તેને સમાજ સાથે જોડી રાખનારાં આસક્તિ બંધો ધીમે ધીમે છૂટતાં જાય છે. તત્ત્વવેત્તા બનતાં તે કોઈપણ વિષય કે પ્રવૃત્તિનો પક્ષકાર બની શકતો જ નથી. જ્યાં મતભેદ કે પક્ષાપક્ષીની મારામારી ન હોય એવી ઊર્ધ્વ ભૂમિકા ઉપર જ વિચરવાનું જ તે પસંદ કરે છે. આ પ્રકારની નિવૃત્તિપરાયણ ઉદાસિન મનોદશાને ધાર્મિક વિચારો અને આધ્યાત્મિક ભાવનાઓ વળી વિશેષ પુષ્ટિ આપે છે. ધર્મ તેને વિશ્વબંધુત્વની કલ્પના તરફ ખેંચે છે; આધ્યાત્મ તેને સંસારની ખીણમાંથી છૂટીને બ્રહ્મમય બનવાનું કહે છે. ને કેવળ બ્રહ્મમય બનતાં તેના સર્વ ભેદ નાશ પામે છે, મારાતારાનો ભેદ તેને રહેતો નથી. દિશા ને કાળથી પર એવી એની દૃષ્ટિ સૃષ્ટિ બને છે. કુટુંબ, પ્રાન્ત, દેશ કે ખંડના વર્તુલો તેને બાંધી શકતા નથી. એમ બનતે બનતે સામાજિક તેમજ સાંસારિક સર્વ વસ્તુવિષયમાંથી તેનો રસ ઊડી જાય છે. તે નિરસ, ઉદાસિન શૂન્ય બનતો જાય છે. સમાજ માટે તે કેવળ નિરૂપયોગી અર્થ વિનાનો થઇ પડે છે.

ગાંધીજી પણ ઇશ્વરને સત્યના નામે ઓળખાવે છે અને આ સત્યનું તત્ત્વ દેશકાળની મર્યાદાથી અબાધિત છે અને સર્વ સંપ્રદાયોથી પર છે એમ તેઓ માને છે. તેઓ ઇશ્વરને રામના નામે ઓળખાવે છે અને રાજકારણ દ્વારા પણ તેઓ સત્યની–ઇશ્વરની જ શોધ કરી રહ્યા હોય છે અને ઇશ્વરની પ્રાપ્તિ તરફ જ તેમની ગતિ વહેતી દેખાય છે. આમ છતાં પણ તેમનું સ્થાન અને સંચાર આસમાનમાં નથી, પણ જ્યાં સામાન્ય જનતા બોલે છે અને ચાલે છે તેવી ધરતી ઉપર જ તેઓ ઊભા છે અને અનેક માનવીઓ સામે વ્યવહાર કરી રહ્યા છે. કાર્યપદ્ધતિ તેમજ ધ્યેયની દૃષ્ટિએ તેમનાથી અત્યન્ત જુદા પડતા માણસો સાથે ચર્ચા કરતાં અને વિચારોની આપલે કરતાં તેઓ કદી થાકતા નથી. તેઓ પોતે જ અમુક એક પક્ષના નેતા છે; તેઓ પોતે જ એક વેગવાન વિચારપક્ષ છે એમ કહીએ તો પણ ખોટું નથી. તેઓ જ્ઞાની છે છતાં અજ્ઞાની જનતા વિષે જરા પણ ઉદાસિન નથી. તેઓ ત્યાગી છે છતાં સંસારી જનોના સુખદુઃખ વિષે તેમની અનુકંપા જરા પણ ઓછી નથી. તેઓ નિષ્પાપ છે છતાં પાપ અને દુરાચારમાં ડૂબેલા માણસો પ્રત્યે તેમની મમતા કે સહાનુભૂતિ જરા પણ મંદ નથી. પ્રતિપક્ષીઓ પ્રત્યે તેઓ એક સરખા ઉદાર અને પ્રેમાળ છે. તેઓ સામેના માણસને સમજવા પૂરો પ્રયત્ન કરતા હોય છે. પોતે તેની સાથે કઇ કઇ બાબતમાં એકમત છે અને કઈ કઇ બાબતમાં તેનાથી જુદા પડે છે તેના મુદ્દાઓની તારવણી તેઓ કરતા રહે છે. અને પોતાનાં મન્તવ્યોના સમર્થનમાં 'હરિજન' તેમજ બીજાં સામયિક પત્રોમાં તેમની ચર્ચા અને વિવેચનો ચાલ્યાં જ કરે છે. તેઓ તત્ત્વચિન્તક છે, ધર્મપરાયણ છે એમ છતાં પણ ઉપર વર્ણવેલા તત્ત્વચિન્તક તેમજ ધર્મપરાયણ ગણાવા છતાં સમાજ માટે કેવળ નિરૂપયોગી અને અર્થશૂન્ય બની બેઠેલા યોગીઓ તેમજ મહાત્માઓ તેમજ ગાંધીજી વચ્ચે જમીન આસમાનનો ફરક છે.

ઊલટું ગાંધીજીએ તો પોતાના જીવન દ્વારા બતાવી આપ્યું છે કે ત્યાગી સંન્યાસીની અનાસક્ત મનોદશા રાજકારણને ભારે ઉપકારક બને છે અને અનેક મહત્ત્વનાં પરિણામો નિપજાવી શકે છે. અને એ પણ તેમણે બતાવી આપ્યું છે કે જેનું ચિત્ત ખોટા રાગદ્વેષ અને મમત્વથી મુક્ત થયું છે અને ગીતામાં વર્ણવેલ છે તેવા સ્થિતપ્રજ્ઞની સ્થિતિ જેણે પ્રાપ્ત કરી છે તેનું અંગત સ્વાતંત્ર્ય તે ગમે તેવી સ્થાનિક કે સામાજિક જવાબદારીઓ સ્વીકારે તો પણ લેશમાત્ર ઘટતું નથી. ઊલટું આ જવાબદારીઓ જ તેના સ્વતંત્ર્યને વ્યક્ત કરવામાં અને વિકસાવવામાં મદદરૂપ બને છે. ગાંધીજીએ ઐહિક અને આધ્યાત્મિક જીવનતત્ત્વનો અપૂર્વ સમન્વય રજૂ કર્યો છે. ઇશ્વરચિન્તનમાં સદા નિમગ્ન છતાં એક સાધારણમાં સાધારણ માણસના દુઃખે તે દુઃખી છે અને તે દુઃખ દૂર કરવામાં તેમને એટલો જ રસ છે જેટલો રસ તેમને ઇશ્વરનો સાક્ષાત્કાર કરવામાં છે. આટલી ઉચ્ચ કોટિનો મહાપુરુષ હોવા છતાં દુન્યવી અનેક જવાબદારીઓને અંગે ઊભા થતા કામકાજમાં પૂરો રસ ધરાવતો હોય અને જે કાંઇ કરવાનું આવી પડે તે પૂરી ચીવટથી કર્યે જતો હોય –આવો બીજો કોઈ મહાપુરુષ આ દુનિયાના ઇતિહાસમાં જોવામાં જાણવામાં કે સાંભળવામાં આવ્યો નથી.

આ પ્રકારની જીવનઘટના તેમના માટે કેવળ સાદી અને સીધી વાત છે એમ છતાં આને લગતી ચોખ્ખટભરી સમજણના અભાવમાંથી જ આ દુનિયામાં પારાવાર અસુખ અને ગોટાળા

ઊભા થાય છે. આજે આપણા દેશમાં એવા અનેક માણસો જોવામાં આવે છે કે જેઓ પોતે જ ઊભો કરેલો પરિગ્રહ વિસ્તાર અને તેને લગતી જવાબદારીઓ, પોતે સમજણપૂર્વક સ્વીકારેલા કે ઉપસ્થિત કરેલા કૌટુંબિક સંબંધો, રાજકારણની ગડમથલ, ધર્મ, સંપ્રદાય અને આખરે સર્વ પ્રકારના સામાજિક તેમજ ઐહિક સંબંધો : આ સર્વથી નાસી છૂટીને સ્વાતંત્ર્ય, સ્વાધીનતા–મોક્ષ–મેળવવાની આશા સેવી રહ્યા છે. આજે લોકશાસનનો પ્રયોગ વ્યર્થ બની રહ્યો છે, કારણકે જેઓ સમાજને તેમજ સમગ્ર જનતાને ખરેખરી નિઃસ્વાર્થ સેવા આપી શકે તેમ હોય છે તેઓ વિચારના ચગડોળે ચઢીને આખરે સમાજથી દૂર ને દૂર ભાગે છે અને તેથી જનસમાજ તેમની સેવાથી સદા વંચિત રહે છે. આપણે જે હજુ અધૂરું છે, અપૂર્ણ છે તેનું માહાત્મ્ય, તેની ભવ્યતા, સમજવાની–શિખવાની જરૂર છે અને એ પણ સમજી લેવાની જરૂર છે કે જે ઐહિક અને સામાજિક સંબંધોથી છૂટો થઇને મોક્ષ મેળવવા માંગે છે તે સાચા જીવનથી પણ સદાને માટે અળગો થાય છે; કારણકે સાચું જીવન તો આખરે સામાજિક અને સ્થાનિક સંયોગો સાથે જ સંબંધ ધરાવતું તત્વ છે.

ગાંધીજી આપણને શિખવે છે કે સમાજસંબંધથી અળગી એવી કોઇ માનવજીવનની મહત્તા હોઇ શકે જ નહિ, પોતે જ્યાં વસે છે અને હરેફરે છે તે ક્ષેત્રના હિતકલ્યાણ સાથે બિલકુલ સંબંધ ન હોય એવું કોઇ વિશ્વબંધુત્વ હોઇ શકે જ નહિ અને પોતાના આપ્તજન વચ્ચે રહીને જે અનુભવી શકાય નહિ તેવો કોઇ મોક્ષ પણ હોઈ શકે જ નહિ.*

પરમાનંદ

# સામાયિક સ્ફુરણ

## નૂતન વર્ષ પ્રવેશ

આજે વિક્રમ સંવત્ ૧૯૯૫ વિદાય લે છે અને ૧૯૯૬ નો પ્રારંભ થાય છે. શરદ્ ઋતુ સમાપ્ત થઈ અને હેમન્તનો પ્રારંભ થયો. વર્ષાન્ત અકળામણ ગઇ; શરદની ગરમી ગઇ; હેમન્તની ખુશનુમા હવા શરૂ થઈ. દિવસે દિવસે ઠંડી વધતી જશે. હવા આરોગ્યપોષક બનતી જશે. દિવાળી આવી; વેપારીઓએ વર્ષભરનાં સરવૈયાં કાઢયાં; કેટલાંએ જૂનાં ખાતાં ખલાસ થયાં; નવા ખાતાં શરૂ થયાં. જાણે કે બેસતા વર્ષના આરંભ સાથે કેટકેટલી નવી આશાઓપૂર્વક સૌઇ કોઇએ નવા વહીવટનો આરંભ કર્યો. નવા વર્ષમાં સૌ કોઇ ગત વર્ષમાં નિરાશ બનેલા ભૂતકાળને વિસરીને અને અણધારી સફળતા પામેલા સવિશેષ પ્રોત્સાહિત બનીને આગામી ભવિષ્યમાં–આવતા વર્ષમાં–હસતે મોઢે પ્રફુલ્લ વદને પ્રવેશ કરે છે. મનુષ્યસ્વભાવમાં રહેલી આશા અમર છે; પછડાતો–અથડાતો માનવી પણ આશાનું અવલંબન લઇને એક બંદરથી બીજે બંદર પોતાની જીવનનૌકા ચલાવતો રહે છે. બેસતા વર્ષના મંગળ પ્રભાતે સૌ કોઈનું સુખ કલ્યાણ વૃધ્ધિંગત થાય એમ આપણે ઇચ્છીએ; વધારે સામર્થ્યભર્યું–વધારે પુરૂષાર્થભરેલું, અહિંસા અને સત્યના સાનિધ્યથી પુનિત બનેલું જીવન માનવજાત અખત્યાર કરે એ જ આજે આપણ સર્વની પ્રાર્થના હોવી જોઇએ.

આમ શુભેચ્છા અને સુરમ્ય વિચારોમાં રમણ કરતું મન જ્યારે હાલ થોડા સમય થયાં આરંભાયલા યુરોપીય વિગ્રહ તરફ નજર દોડાવે છે ત્યારે એકાએક ગ્લાનિગ્રસ્ત બની જાય છે. આ રીતે વિચારતાં આ વર્ષ કેટલી બધી ભયાનક શકયતાઓ સાથે શરૂ થાય છે તેની કંઈ કંઇ કલ્પનાઓ મગજમાં સ્ફુરવા માંડે છે અને બે ઘડિ બેચેન બની જવાય છે. આ વિગ્રહ શું થોડા સમયમાં પતી જશે કે લાંબા સમય સુધી લંબાયા કરશે અને વિગ્રહની જ્વાળા ચોતરફ ચારે દિશાએ ફેલાઇ જશે? આજે આપણે નવી જગરચનાની–નવી સમાજરચનાની કંઇ કંઇ વાતો કરીએ છીએ–કલ્પના કરીએ છીએ પણ એ રચનાનો જન્મ થયા પહેલાં આ જગત્‌ને કેટકેટલી આહૂતિ આપવી પડશે–કેટકેટલો મનુષ્ય અને મિલકતનો સંહાર થવા દેવો પડશે એનો વિચાર આજની શસ્ત્રસામગ્રી અને હિંસક વૃત્તિની હરીફાઈ જોતાં હૃદયને ખૂબ કંપાવી રહેલ છે. આ રીતે શરૂ થતું વર્ષ ભારે કસોટીનું અને કલ્પ્યા–અણકલ્પ્યા–અનેક સંકટોથી ભરેલું દેખાય છે. આવતા કસોટીના સમયમાં આપણે અસહાય અને નિર્માલ્ય ઘેટાંઓની માફક ન જીવીએ અને ન મરીએ પણ આપણે જે ક્ષેત્ર ઉપર ઊભા છીએ તે ક્ષેત્ર જે જે કર્તવ્યધર્મ ઉપસ્થિત કરે તે તે કર્તવ્યધર્મ આચરતાં આચરતાં જીવીએ અને વિધિની એવી જ મરજી થાય ત્યારે પણ એ જ કર્તવ્યપથ ઉપર ઊભાં ઊભાં હસતે મોઢે મૃત્યુની ભેટ કરીએ.

## ભારતીય રાજકારણનો પલટાતો રંગ

આજ સુધીમાં લગભગ બધાં જ કોંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપી દીધાં છે. ભારતીય રાજકારણમાં આ એક ભારે મહત્વનું પગલું લેવાયું છે. ગાંધીજી કહે છે તેમ સવિનય સત્યાગ્રહની લડત હજુ શરૂ થઇ નથી પણ અંગ્રેજ સરકાર સાથે અસહકારનો આપણે પ્રારંભ કરી દીધો છે. ‘સત્તાનો આપણને મોહ થયો છે–હાથમાં આવેલા અધિકાર આપણે છોડવા નથી’ આવો આક્ષેપ આપણા મિત્રો તેમજ પ્રતિપક્ષીઓ આપણી ઉપર કરતા હતા. તે આક્ષેપ આજે નિર્મૂળ બન્યો છે. શિસ્તનો આ ભારેમાં ભારે વિજય થયો છે. જેવી રીતે માણસ શરીર ઉપરનું ઉત્તરીય વસ્ત્ર ફેંકી દે તેવી જ સરળતાથી આપણા પ્રધાનોએ પ્રધાનપદો ફેંકી દીધાં છે. સરકારે સર્વ સત્તા હાથમાં લીધી છે. જે જે પ્રાન્તમાંથી લોકનિયુક્ત પ્રધાનો વિદાય થયા છે તે તે પ્રાન્તોનો રાજ્યવહીવટ સરકાર હવે એક-હથ્થુ આપખુદ સત્તાથી કરી રહી છે. સૂબા, સરસૂબા અને હિંદી પ્રધાન આ પરિસ્થિતિ ચકિત થયા છે. સરસૂબાને થયું કે ‘લાવને એકવાર ફરીને દેશનેતાઓ સાથે વાટાઘાટ કરી જોઉં.’ તેણે ગાંધીજીને બોલાવ્યા; રાજેન્દ્રબાબુ તેમજ ઝીણાને બોલાવ્યા, વાતો કરી, ચર્ચા કરી. ‘કોમી એકતા કરી લાવો પછી મધ્ય-વર્તી સરકારમાં તમને કાંઇક ગોઠવું.’ એમ સરસૂબાએ દરખાસ્ત કરી. ‘લડાઇ પછી હિંદુસ્તાનનું શું? તેને સ્વરાજ–સ્વાધીનતા આપવા કોઇ ચોક્કસ તિથિ–તારીખ ખરી કે નહિ?’ ‘ના, એ બાબત ન બોલશો. એ સંબંધમાં કહેવાજોગું કહેવાઈ ગયું છે.’ રાષ્ટ્રપતિએ તેમજ ગાંધીજીએ જણાવી દીધું છે કે ‘અમારા મતભેદોનો અમે નિકાલ લાવીશું પણ અમારા સ્વાતંત્ર્યના પ્રશ્નની ચોખવટ કરો અને અમારો ઘરમેળે નિકાલ લાવવાના પ્રયત્નમાં અંગ્રેજ સરકારની કશી દખલગીરી નહિ થાય અને જે નિકાલ આવે તે અંગ્રેજ સરકાર કબૂલ કરશે એવી ખાતરી આપો.’ વાટાઘાટના સંદેશા ભાંગી પડ્યા અને નામદાર સર-સૂબાએ કોમી મતભેદને આગળ ધર્યો. આપણે જણાવ્યું કે ‘આ કેવળ લોકવંચના છે. સંદેશા ભાંગી પાડવાનું કારણ કોમી મતભેદ નથી પણ વિગ્રહના અન્તે હિંદને સ્વતંત્ર દેશ તરીકે સ્વીકારવાની સરકારની આનાકાની જ પરસ્પરના સંપર્કમાં અન્ત-રાયભૂત બની રહી છે.’ આજ આ પરિસ્થિતિ ઉપર આપણું રાજકારણ થંભી ગયું છે. વાઇસરોય ફરીથી વાટાઘાટ કરવાની

* શ્રી વિલિયમ અર્નેસ્ટ હોકિંગના અંગ્રેજી લેખ ઉપરથી સૂચિત.

વાત વિચારી રહેલ છે. સંભવ છે કે દેશની-રાષ્ટ્રીય મહાસભાની દરખાસ્ત સરકાર સ્વીકારી લે અને આજના અસહકારમાંથી આપણી અને સરકારની વચ્ચે સમાધાનતાની ભૂમિકા ઉપર રચાયલા સહકારનો જન્મ થાય અને એવો પણ સંભવ છે કે સરકાર પોતાના સ્થાન ઉપર અણનમ રહે અને ગાંધીજી જેનાથી દૂરના દૂર રહેવા માંગે છે તે સવિનય સત્યાગ્રહના જોખમી માર્ગ ઉપર દેશને મને કમને ખેંચાવા સિવાય બીજો કોઇ વિકલ્પ ન રહે.

## ઘનઘોર અંધકારમાં આશાનું એક કિરણ

કોમી મતભેદના ખડક સાથે આજે આપણું રાજકીય નાવ અથડાઇ રહ્યું છે અને જે ઘડિએ માગ્યું સ્વરાજ આપણે મેળવી શકીએ તેમ છે તે ઘડિએ લઘુમતીની ભૂતાવળ આપણ સર્વને ભડકાવી અને મૂંઝવી રહી છે તેવા વખતે એક બનાવ એવો બન્યો છે કે જે કદાચ નિરાશામય ભાવીને ઉજ્વળ અને આશાદાયી બનાવવામાં નિમિત્તભૂત બને. રાષ્ટ્રીય મહાસભાના પ્રતિપક્ષી તરીકે ઓલ ઇન્ડીઆ મોસ્લેમ લીગ અને તેના સરનશીન મહમદઅલી ઝીણાને આજે કોણ નથી ઓળખતું? એક વખતના પ્રખર રાષ્ટ્રવાદી શ્રી૦ ઝીણા આજે એક કોમી સંસ્થાના અનન્ય અગ્રણી થઇ બેઠા છે અને કોમી ઝેર સતત સીંચાયા કરે તેવાં લખાણો અને ભાષણોનો વરસાદ વરસાવી રહ્યા છે. આમાં પણ ગાંધીજી અને પંડિત જવાહરલાલ સાથે તો શ્રી૦ ઝીણાનો કદી મેળ બાઝતો જ નથી. આ બન્ને ઉપર તો ઝીણાના પ્રહારો ચાલુ જ હોય છે, પણ આ વખતે દિલ્લીમાં કાંઇક બીજું જ બન્યું. આ ત્રણે અગ્રણીઓ આ વખતે મળ્યા એટલું જ નહિ પણ ત્રણે વચ્ચે ઘણી નિખાલસતાથી વાતે થઇ. આજ સુધી જ્યાં સંપર્ક ઊભો જ થઇ શકતો નહોતો ત્યાં સંપર્કની પ્રતિષ્ઠા થઇ. શ્રી૦ ઝીણાએ એક છાપાવાળાને એમ જણાવ્યું કે 'તેઓ જવાહરલાલને ખૂબ ચાહતા થયા છે.' જવાહરલાલે પણ જણાવ્યું કે 'આ વખતના પરિચયથી તેમને માલૂમ પડયું છે કે તેમની અને ઝીણા વચ્ચે ઘણું જ વિચારસામ્ય વર્તે છે.' આપણે આશા રાખીએ કે આમ અણધારી રીતે ઉપસ્થિત થએલો સંપર્ક નજીકના ભવિષ્યમાં કોમી એકતાનો ઉત્પાદક બને. એ દિવસ આવશે ત્યાર પછી આપણી અને સ્વરાજ્ય વચ્ચે લાંબુ અન્તર નહિ રહે.

## નિવૃત્ત થએલું મુંબઇ ઇલાકાનું પ્રધાનમંડળ

મુંબઇ ઇલાકાનું કોંગ્રેસ મંડળ સત્તાવીશ માસની ભારે ઉજ્જવળ કારકિર્દી સાથે થોડા દિવસો પહેલાં જ નિવૃત્ત થયું. આ પ્રધાનમંડળે કરેલાં કાર્યોની એક યાદી હમણાં જ પ્રગટ થઇ છે. આ પ્રધાનમંડળે પોતાને માથે આવી પડેલી જવાબદારીને પહોંચી વળવા પાછળ નથી જોયો દિવસ કે નથી જોઇ રાત. અવિરત શ્રમ, અસાધારણ કુશળતા અને સાચી સેવાબુધ્ધિ નિવૃત્ત થતા પ્રધાનમંડળની કારકિર્દીના વિશિષ્ટ અંગો છે. જ્યારે સાચું સ્વરાજ આવશે અને આપણા દેશની રાજકીય તેમ આર્થિક ઘટના ઘડવાનો સર્વ અધિકાર આપણા હાથમાં આવશે ત્યારે આપણે શું કરી શકીએ તેમ છે તેનો ખ્યાલ ચાર દિવસના ચાંદરણા જેવા આપણા પ્રધાનમંડળની ટૂંકી છતાં કાર્યભરપૂર કારકિર્દી ઉપરથી આવી શકે તેમ છે. માન્યવર ખેર ઉપર તો મુંબઇ ઇલાકાની પ્રજા અત્યંત મુગ્ધ જ છે. માન્યવર લઠ્ઠે સાહેબે અર્થસચિવ તરીકે ભારે નામ કાઢયું છે. અન્ય પ્રધાનોએ પણ પોતાપોતાના ક્ષેત્રમાં ખૂબ સ્વત્વ દાખવ્યું છે. નિવૃત્ત થતા પ્રધાનમંડળને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

## બાર વર્ષે બાવો બોલ્યો-ધૂ-ધૂ-ધૂ

વર્ષો થયાં સૂતેલી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કેટલાક પ્રયત્નોના પરિણામે અને એડવોકેટ જનરલના દબાણને વશ થઇને કાંઇક જાગી અને જ્યારે જાગી ત્યારે તેને જે કામ ખરું હાથ ધરવાનું હતું તે બાજુએ રાખે છે અને મુંબઇની ધારાસભામાં શ્રીમતી લીલાવતી મુનશી તરફથી રજૂ થએલા અસમાનવય લગ્ન તથા એક પત્ની હયાત છતાં બીજી સ્ત્રી સાથેનું લગ્ન અટકાવવા માટેનાં બિલો તેમજ હિંદુઓને છૂટાછેડા આપવા માટેનો શ્રી. બી. ડી. લાલાના બિલ ઉપર-અલબત્ત મુંબઇ સરકારના નિમંત્રણને અનુલક્ષીને-એસોસીએશન વતી અભિપ્રાય આપવા માટે એસોસીએશન બે મંત્રીઓ ઉપરાંત નીચેના સભ્યોની એક સમિતિ નીમે છે.

શ્રી. પ્રસન્નમુખ સુરચંદ બદામી, બેરિસ્ટર
,, હીરાલાલ હાલચંદ દલાલ, બેરિસ્ટર
,, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલીસીટર
,, મોહનલાલ દલીચંદ દેસાઇ, બી. એ; એલએલ. બી.

આ સમિતિએ ઉપરના સામાજિક મુદ્દાઓ ઉપર જે અભિપ્રાય ઘડીને મોકલ્યો છે તે 'પ્રબુદ્ધ જૈન' ના વાંચકોની જાણ માટે નીચે આપવામાં આવે છે.

"અસમાન લગ્ન પ્રતિબંધક બિલ અને એક પત્ની હયાત છતાં બીજું લગ્ન અટકાવવા માટેના બિલના સંબંધમાં એસોસીએશન એવો અભિપ્રાય ધરાવે છે કે સામાજિક અન્યાયો અગર સામાજિક અસમાનતા અટકાવવા માટેનો યોગ્ય ઉપાય તેમની વિરુધ્ધ લોકમત કેળવવાનો અને લોકોના સામાન્ય શિક્ષણની કક્ષા ઉન્નત કરવાનો છે. આવી બાબતમાં કાયદો એ ઘણું જ કડક પગલું લેખાય કે જ્યારે એ અન્યાયો એટલા ગંભીર બની તાત્કાલિક પગલું માગે ત્યાં સુધી તેનો ઉપયોગ કરી શકાય નહિ.

સામાજિક બાબતોમાં કાયદાની દખલગીરી એ ગેરડહાપણભરી અને અસભ્ય લેખાય કારણ કે આવી બાબતોમાં ફરજ પાડવામાં આવે તેની સમાજ ઉપર ઊલટી અનેક અસર થવા પામે. કાયદાની દખલગીરી એ વૈયાકિતક સ્વાતંત્ર્યની સાથે એ રીતે બંધબેસતી હોવી જોઇએ કે જ્યાં સુધી એ સ્વાતંત્ર્ય પર નિયમન તદ્દન જરૂરી ન હોય ત્યાં સુધી કાયદાની દખલગીરી ન કરી શકાય.

એસોસીએશન એમ માને છે કે પ્રસ્તુત કાયદાઓના ખરડાથી જે સામાજિક અન્યાયો દૂર કરવાનું ધારવામાં આવ્યું છે તે એટલી હદ સુધી વ્યાપક નથી કે લોકમત કેળવીને એ અન્યાયો અટકાવી શકાય ત્યાં સુધી સમાજ થોભી ન શકે. ખરી રીતે જોતાં છેલ્લાં ૨૦ વર્ષોમાં લોકોમાં શિક્ષણ અને અસમાન લગ્ન તેમજ એક પત્ની છતાં બીજી પત્ની સાથેના લગ્નની કુપ્રથાની વિરુધ્ધ લોકમત કેળવવા માટેના સુધારકોના પ્રયાસો એટલા પરિણામકારક નિવડયા છે કે આવતા થોડાંક વર્ષોમાં તો એ બન્ને બદીઓ જડમૂળથી ઉખડી જશે. આજે પણ એવા લગ્નોના દાખલાઓ જૂજ છે.

લગ્નવિચ્છેદને લગતા બિલ સંબંધમાં એસોસીએશન એમ માને છે કે હિંદુ જાતિના મોટા ભાગને છૂટાછેડાનો વિચાર પણ અણગમો પેદા કરનારો છે અને છેલ્લાં કેટલાક વર્ષોના સુધારકોના પ્રયાસો છતાં હજુ સમાજને વિચ્છેદક લગ્નોનો વિચાર બંધબેસતો નથી તેથી એસોસીએશન એવો મત ધરાવે છે કે જૂજ વ્યકિતઓના વિચારોને સમાજ એથી વિરુધ્ધ હોય તેના પર લાદવા જોઇએ નહિ. એસોસીએશન માને છે કે સ્પેશીઅલ મેરેજ એકટમાં જેઓ ઇચ્છે તેમને માટે વિચ્છેદક લગ્નો કરવા માટે પૂરતી સગવડ છે તે કાયદા હોવા છતાં પણ તે સંબંધમાં કશી મુશ્કેલીઓ અનુભવાય તો તે કાયદાને અનુકૂળ રીતે સુધારવો જોઇએ.

વળી એસોસીએશનને એમ પણ લાગે છે કે પ્રસ્તુત ખરડાનો વિષય હિંદની સમગ્ર હિંદુ જનતાને લાગુ પડે છે. એટલે માત્ર પ્રાન્તિક પ્રજાને જ લાગુ પડી શકે તેવો પ્રાન્તિય કાયદો ઇચ્છવા યોગ્ય નથી અને તેથી ઘણો ગૂંચવાડો ઊભો થવાનો સંભવ છે.

આવો કાયદો જો કદાચ જરૂરી હોવાનું મનાય તો પણ મધ્યસ્થ ધારાસભાએ તે હાથ ધરવો જોઇએ, કે જેથી એ વિષયના કાયદાઓ આખા હિંદમાં સમગ્ર હિંદુ જાતિને એકસરખી રીતે લાગુ પડી શકે. જો આ બદીઓના ઉપાય તરીકે કાયદો આવશ્યક મનાય તો એને માટેના કાયદાના ખરડામાં લગ્ન સાથે સંબંધ ધરાવતી બધી બાબતોનો સમાવેશ થઇ જવો જોઇએ અને તેવા કાયદાની વારસા વગેરેના કાયદા પર અને ભરણપોષણ વગેરે વિષયોને લગતા કાયદા પર થતી અસરનો ખ્યાલ રાખવો જોઇએ. આવો કાયદાનો એક ટુકડો સમાજમાં અનેક ગૂંચવણો પેદા કરશે.

આ નિવેદનમાં કેળવાયલી ગણાતી જૈન આગેવાન વ્યક્તિઓએ જૂનવાણીની જે ધગશપૂર્વક અભ્યર્થના કરી છે તે ભારે આશ્ચર્યજનક છે. તેમની દલીલ પરસ્પર વિરોધી બે સૂર કાઢે છે. એક ઠેકાણે તેઓ એમ દલીલ કરે છે કે અમુક સુધારો લગભગ સર્વજનસ્વીકૃત છે માટે તેવી બાબતમાં કાયદો કરવાની જરૂર નથી, બીજે ઠેકાણે એમ દલીલ કરે છે કે અમુક વિચાર હજુ સમાજના મોટા ભાગે સ્વીકાર્યો નથી તેટલા માટે જ તેને લગતા કાયદાની જરૂર નથી. વાત મૂળ મુદ્દે એ છે કે તેમને ઘૃણા છે કાયદાની. ગમેતેવી ઘૃણાજનક સામાજિક કે ધાર્મિક પ્રથાઓ વર્ષો થયાં સમાજમાં નભ્યે જતી હોય તો તેનો તેમને બહુ વાંધો નથી. સ્થિતિચુસ્તતાની આ સર્વસામાન્ય ખાસિયત છે. જે એસોસીએશન ઓફ ઇન્ડીઆનાં પુનર્જન્મનું આવું મંગળાચરણ થઇ રહ્યું છે તેનું ભાવી બહુ આશાજનક નથી લાગતું. આ પ્રત્યાઘાતી નિવેદન સ્વતઃ જ બોલી રહ્યું છે તેથી વિશેષ સમાલોચનાની આવશ્યકતા નથી.

## આથમતી પેઢીના એક સંસ્કારસ્વામીનું અવસાન

સદ્‌ગત અમરચંદ ઘેલાભાઇ ગાંધી જેમને આજની જૈન જનતા બહુ જ ઓછું જાણે છે તેઓ થોડા દિવસો પહેલાં સીત્તોતેર વર્ષની વયે વિદેહ થયા. અંગ્રેજી રાજ્યસત્તાની ઇ. સ. ૧૮૫૭ પછી આપણા દેશમાં જે પાકી પ્રતિષ્ઠા થઇ તે દરમિયાન આપણા દેશના ઉષઃકાળનો પ્રારંભ થયો. એ ઉષઃકાળ જેમ અન્ય સર્વ સમાજનો હતો તેમજ આપણા જૈન સમાજનો પણ હતો. આ ઉષઃકાળના અનેક આદ્યનિર્માતાઓમાંના એક મુરબ્બી શ્રી અમરચંદ ઘેલાભાઇ ગાંધી હતા. તેઓ મારા પિતાના ખાસ મિત્ર થાય. તેમણે અભ્યાસ તો માત્ર ચાર અંગ્રેજી સુધી કરેલો પણ વાંચનનો તેમને ભારે શોખ હતો. ભાવનગરના તેઓ વતની હતા. તેમની સ્થિતિ ઘણી જ સાધારણ હતી. બહુ જ ઓછા પગારની નોકરીથી તેમણે જીવન શરૂ કરેલું તે ભાવનગર બેંતાળીશ વર્ષની ઉમ્મરે તેમણે મુંબઇ જવા માટે છોડેલું ત્યાં સુધીમાં તેઓ પોતાના શેઠ સાથે ભાગીદાર થવાની સ્થિતિએ પહોંચેલા. ભાવનગરના દાળબજાર ઉપર છગનલાલ લાઇબ્રેરી હતી તે લાઇબ્રેરીનાં બધાં પુસ્તકો બહુ નાની ઉમ્મરે તેમણે વાંચી કાઢેલાં. તેમની ૧૯ વર્ષની ઉમ્મર હતી ત્યારે અમુક નાટક વાંચતાં તેમને એક સભા સ્થાપવાનો વિચાર આવ્યો; તે વિચાર પોતાના એક સમીપ મિત્રને જણાવ્યો. તે બન્નેએ મળીને મારા પિતા સાથે આ બાબતની ચર્ચા કરી અને એ ત્રણે મિત્રોએ મળીને આજે જૈન સમાજની જૂનામાં જૂની શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની સં. ૧૯૩૭ માં સ્થાપના કરી. આ સભાના વિકાસ સાથે તેમના જાહેર જીવનની શરૂઆત થઇ. થોડા સમય બાદ એ સભા તરફથી તેમના ખૂબ આગ્રહના પરિણામે 'જૈન ધર્મ પ્રકાશ' નામના માસિકની શરૂઆત કરવામાં આવી. આ માસિકને સંભાળવાનું કામ તેમણે ઘણાં વર્ષો સુધી કર્યું. તેમનો જૈન ધર્મનો અભ્યાસ બહુ સારો હતો, સાધુ મુનિરાજોનો તેમને સારો પરિચય રહેતો. ગુજરાતી સાહિત્યનું તેમનું વાંચન ખૂબ વિશાળ હતું. તેમણે કેટલાંય સંસ્કૃત કે માગધી પુસ્તકોનાં ભાષાન્તરો કર્યાં. 'જૈન ધર્મ પ્રકાશ'માં તેમના લેખો આવ્યા જ કરતા. તેમની લેખનશૈલી તેમજ તેમનું વક્તૃત્વ બન્ને બહુ ઉત્તમ પ્રકારનાં હતાં. બન્નેમાં પ્રવાહ હતો તેમજ સંયમ હતો. જૈન ધર્મ પ્રસારક સભાના રૌપ્ય મહોત્સવ પ્રસંગે સભાનો પચ્ચીસ વર્ષનો ઇતિહાસ તેમણે આલેખેલો. એ પ્રસંગે પ્રમુખસ્થાન ઉપર આરૂઢ થયેલ સદ્‌ગત સર પટણી તેમને જરાપણ ઓળખતા નહોતા એમ છતાં આ રિપોર્ટ ઉપર તેમણે ધન્યવાદનો વરસાદ વરસાવેલો. સદ્‌ગત અમરચંદભાઇનો માત્ર આ એક જ સંસ્થા સાથે સંબંધ નહોતો. દશા શ્રીમાળી બોર્ડિંગ તેમજ લાઇબ્રેરી, જૈન બોર્ડિંગ, ત્રિભોવનદાસ ભાણજી કન્યાશાળા, સિદ્ધક્ષેત્ર બાળાશ્રમ વગેરે અનેક સંસ્થાઓ ઉપસ્થિત કરવામાં તેમનો સંગીન ફાળો હતો. જૈન શ્વેતાંબર કોન્ફરંસમાં પણ તેઓ મૂળથી રસ લેતા. ભાવનગરમાં ભરાયલી કોન્ફરન્સને તેમણે સારી સેવા આપી હતી.

તેઓ બેંતાળીશ વર્ષની વયે મુંબઇ આવ્યા. મુંબઇમાં તેમણે કરિયાણા બજારમાં વ્યાપાર વ્યવસાય શરૂ કર્યો અને વિધિની તેમની ઉપર એકસરખી કૃપા વરસતી રહી. મુલુંદના પરામાં તેમણે બંગલો બંધાવ્યો અને જિંદગીના અન્ત સમય સુધી તેઓ ત્યાં જ રહ્યા. મુંબઇ આવ્યા બાદ કામધંધાની ઉપાધિએ તેમનું જાહેરજીવન સંકોચી લીધું એમ છતાં મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવાહક સમિતિમાં ઘણાં વર્ષ સુધી તેઓ ચૂંટાતા રહ્યા અને એ સંસ્થાને સારી સેવા આપતા રહ્યા. તેમનું વિવિધદેશીય વાંચન તો ઠેઠ સુધી ચાલુ જ રહ્યું. તેઓ જૂના જમાનામાં ઊછરેલા છતાં તેમના વિચારોમાં પૂરી આધુનિકતા હતી. હું કોલેજમાં ભણતો ત્યારે અને ત્યાર પછી અનેકવાર તેમના પરિચયનો મને લાભ મળતો. તેમની સાથે વાર્તાલાપ કરવો એટલે જ્ઞાન અને અનુભવના પાઠો શીખવા. આપણા કોઇ પણ ઉદ્દામ વિચારને તેઓ કદી રૂંધે નહિ–તેઓ સાંભળે, સ્વીકારે અને જ્યાં આપણી કાંઇક ભૂલ થતી દેખાય ત્યારે મમતાથી આપણને સુધારે. મારા ધાર્મિક કે સામાજિક વિચારોનું હું તેમની પાસે સમર્થન શોધતો અને એમનું મને સમર્થન મળતું ત્યારે મારા વિચારમાં મને પાકી પ્રતીતિ થતી. જૂના છતાં નવા સાથે દિલનો તેમજ બુદ્ધિનો સુમેળ દાખવનાર આવી વ્યક્તિ આજે આપણા સમાજમાં વિરલ છે. તેમના જવાથી એક શાણી ધર્મપરાયણ વ્યક્તિની સમાજને ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને આપણે પરમ શાન્તિ ઇચ્છીએ! તેમના પુનિત, સુચરિત અને સંસ્કારી જીવનને સંભારીને આપણા જીવનને ઉજ્જવલ કરીએ!

## મુંબઇ અને માંગરોળ જૈન સભાનો વાર્ષિક ઉત્સવ

ગઇ વિજયાદશમીએ મુંબઇ–માંગરોલ જૈન સભાએ ઝવેરી હેમચંદ મોહનલાલના પ્રમુખપણા નીચે વાર્ષિક ઉત્સવ ઉજવ્યો હતો. મુંબઇની જૈન જનતાએ આ ઉત્સવમાં ખૂબ રસપૂર્વક ભાગ લીધો હતો. શ્રી શકુન્તલા કાન્તિલાલ કન્યાશાળા તરફથી રજૂ કરવામાં આવેલા સંગીત, નૃત્ય અને અભિનયના કેટલાક રસપ્રદ પ્રયોગો એ ઉત્સવનું મુખ્ય અંગ હતું. આ સભા દર વર્ષે આવા ઉત્સવો કરે છે અને એ પ્રસંગે કન્યાશાળાની બહેનો સંગીતનૃત્યનો કાર્યક્રમ રજૂ કરે છે. આગળના કાર્યક્રમો સાથે સરખાવતાં આ વખતનો કાર્યક્રમ વિવિધતા તેમજ કળાની દૃષ્ટિએ જરૂર પ્રગતિસૂચક હતો. આગળ જે કાંઇ રજૂ થતું તેમાં મોટે ભાગે સાખીઓવાળા જૂની ઢબના ગરબા, ચાલુ ઢબના

નાટયપ્રયોગો અને પારસીઅંગ્રેજી ઢબના નૃત્યો જોવામાં આવતા. આજે શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલની ઉદારતાના પરિણામે ઉક્ત કન્યાશાળા જે મહત્ત્વનું રૂપાન્તર પામી રહી છે તેજ રૂપાન્તરની છાયા કન્યાશાળાએ રજૂ કરેલા કાર્યક્રમમાં પણ નજરે પડતી હતી. આમ છતાં હજુ જૂની ઢબ અને જૂની પરંપરામાંથી આ કન્યાશાળા તદ્દન છૂટી થઇ શકી નથી એમ કહ્યા વિના નહિ ચાલે. મયણા સુન્દરી અને સુર સુંદરીનો સંવાદ અને તેની ગોઠવણ વસ્તુ તેમજ વિગતની દૃષ્ટિએ કેવળ જૂની ઘાટીની જ હતી. લોટસ ડાન્સ બહુ જ સુન્દર હતો પણ એ નૃત્યપ્રયોગના નિર્માતાઓએ જરાક વધારે કલ્પના વાપરી હોત તો એ પ્રયોગની આખી પાશ્ચાત્ય ઢબને બદલી નાંખીને એ નૃત્યને પૌર્વાત્ય રંગ આપી શકાત અને વધારે મનોહર બનાવી શકાત. આસપાસની પરીઓને અપ્સરાઓ બનાવી શકાત. વચ્ચેના મોટા કમળમાંથી નીકળી આવતી પરીને લક્ષ્મીનો વેશ પહેરાવી શકાત. આ રીતે જે સુંદર હોવા છતાં જેની સાથે આપણી રસવૃત્તિનો મેળ નથી ખાતો એમ આપણને લાગતું હતું તેના સ્થાને સમુદ્રમંથનમાંથી લક્ષ્મીના ઉગમની કલ્પના-પૂર્વક આખા પ્રસંગની યોજના કરવામાં આવી હત તો આખું નૃત્ય કેટલું વધારે મનોહારી બની જાત? આવી રીતે સેલર્સ ડ્રીલ એટલે કે નાની કન્યાઓને અંગ્રેજી ખારવાઓનો યુનીફોર્મ પહેરાવીને જે ડ્રીલ કરાવવામાં આવી હતી તે ભારે કઢંગી અને અર્થશૂન્ય લાગતી હતી. કોઇ મીશનરીઓ હબસી છોકરીઓની કન્યાશાળા ચલાવતું હોય અને તેમને બીજું કાંઈ ન સૂઝે એટલે એવા કોઇ પ્રસંગે સેલર્સ ડ્રીલ જેવું જ તેઓ રજુ કરે એવી આ ડ્રીલ લાગતી હતી. સૌથી વધારે કઢંગું અને કદરૂપું તો આ સંમેલનમાં હાજર કરવામાં આવેલું અંગ્રેજી ઢબનું બેંડ હતું. આ બેન્ડ માંગરોળ કન્યાશાળાનું દર વર્ષે એક અનિવાર્ય અંગ હોય છે. આ બેન્ડ આખા વાતાવરણમાં કોઇ રીતે ભળતું જ નથી. શું આપણી પાસે શરણાઇ, બંસી સીતાર, ઢોલક વગેરે વાજિંત્રો નથી કે આવા પ્રસંગે આપણે આવું નાનખટાઇ બેંડ લાવવું પડે?

કળા, નૃત્ય અને સંગીતના વિષયમાં આપણે બહુ જ પછાત છીએ અને હજુ આપણે બીજી અનેક સંસ્થાઓની પાછળ પાછળ જ ચાલવાનું હોય છે એ છાપ તો આ કે એવા બીજા કોઈ જૈન સંસ્થાઓના કૉનસર્ટ જોતાં આપણાં મન ઉપર પડયા વિના રહેતી જ નથી એનું કારણ એ છે કે આપણા જીવનમાં સંગીત કે કળાની જરા પણ ઉપાસના હોતી નથી. આપણી કેળવણીની સંસ્થાના વાતાવરણમાં પણ હજુ આ તત્ત્વ વ્યાપેલું નથી. વાર્ષિક ઉત્સવ આવ્યો: કાંઇક કાર્યક્રમ તો રજુ કરવો જ જોઇએ. મહીના બે મહીનાની મહેનતના પરિણામે જે તૈયાર થઈ શકે તે રજૂ કરવામાં આવે છે. એટલે આવા કાર્યક્રમોમાં નથી હોતી મૌલિકતા, નથી હોતી ઊંચી કળાદૃષ્ટિ. એ મૌલિકતા અને કળાદૃષ્ટિની જમાવટ ત્યારે જ થાય કે જ્યારે શાળાના ચાલુ શિક્ષણમાં સંગીતને, નૃત્યને, અભિનયને તેમજ અન્ય લલિતકળાઓને મહત્ત્વનું સ્થાન આપવામાં આવે. ગયા વર્ષ કરતાં આજે જે રજૂ થઇ શક્યું છે તે બે ડગલાં આગળ છે અને હવે પાછળ નહિ રહેતાં અન્ય સુપ્રતિષ્ઠિત શિક્ષણસંસ્થાઓની હરોળમાં એટલુંજ નહિ પણ અગ્રસ્થાને આ કન્યાશાળાને મૂકવાનો સંસ્થાના મુખ્ય સંચાલકોને મનોરથ જાગ્યો છે તેથી આપણને આશા રાખવાને જરૂર કારણ રહે છે કે આપણે અન્યનું અનુકરણ કરીએ છીએ તેના સ્થાને સત્વર એ સમય આવીને ઊભો રહેશે કે જ્યારે આપણી સંસ્થા અન્ય સંસ્થાઓને અનેક બાબતો અને વિષયોમાં દોરવણી આપી શકશે અને રસસૃષ્ટિના નવસર્જનમાં સંગીન ફાળાની પુરવણી કરી શકશે.

## ઠક્કર બાપાની થેલી

ઠક્કર બાપાને સીત્તેર વર્ષ થોડા સમયમાં પૂરા થાય છે તે પ્રસંગે તેમને સીત્તેર હજારની થેલી ભેટ ધરવી એવી દરખાસ્તને મહાત્મા ગાંધીજીએ દેશ આગળ રજૂ કરી છે. દલિત વર્ગોમાં જીવનભર કામ કરનાર અને સૌથી મોટામાં મોટા હરિજન સેવક ઠક્કરબાપાને કોણ નથી ઓળખતું? એ સેવા અને સાધુતાની મૂર્તિ છે. બોલવું ઓછું અને પોતાના ક્ષેત્રની મર્યાદાને વળગી રહીને અખંડ સેવા કર્યા કરવી એ ઠક્કરબાપાના જીવનનો સાર છે. આજે એમની સેવાની કદરરૂપે જે દ્રવ્યની માગણી થઈ છે અને જે દ્રવ્ય આખરે તો હરિજન સેવામાં જ વપરાવાનું છે તે દ્રવ્યની ઝોળીમાં સૌ કોઇ યથાશક્તિ કાંઇ ને કાંઇ આપે એવી 'પ્રબુદ્ધ જૈન'ના વાચકોને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

## મુગટની ચોરી

છેલ્લાં પર્યુષણ પર્વ દરમિયાન ગોડીજી પાર્શ્વનાથના મંદિરમાંથી સાંજે સાત વાગે એક મૂર્તિના માથે મૂકેલો મુગટ કોઇ ચોરી ગયું. આવી ચોરી થાય ત્યારે આપણું દિલ દુભાય અને ચોરી કરનારને શોધી કાઢી તેને યોગ્ય શિક્ષા કરવી જોઇએ એવા વિચારો મનમાં આવ્યા વિના ન રહે. વળી આવી ચોરી ફરીને ન થાય એ માટે વધારે ચોકીદારો મૂકવાની યોજનાઓ વિચારવામાં આવે તો તે પણ સ્વાભાવિક છે. પણ મિલકત હોય ત્યાં ચોકી અને ચોરી ચાલ્યા જ કરવાની. આપણાં મંદિરોને આપણે આવી ચોરીઓથી નિર્ભય બનાવી ન શકીએ? એ નિર્ભયતા વધારે ચોકીદારોથી મળવાની નથી કારણ કે કહેવત છે કે ચોકીદારની એક નજર અને ચોરની સો નજર. તો પછી બીજો શું ઉપાય? આપણે

### 'સેના નૂતન બાલ અમારી'

પન્થહીણે જગ ચાલી,
સેના નૂતન બાલ અમારી.
રંગ પરાગે પૂરવ કેરે,
પશ્ચિમ કેરે સાદે ઘેરે,
ઉત્તર તેજે દક્ષિણ લ્હેરે.
સેના એ અમ જાગી ! સેના.
નિર્ધન ધનીની દુનિયા છોડી,
પાપ પ્રપંચની પાળો તોડી,
યુગ યુગ કેરાં તિમિરો ફોડી,
ચાલી એ જગ તારી ! સેના.
શ્વાસ થકી યે અતિશય પાસે,
સૂરજ ચંદરથી યે આઘે,
વિશ્વ-મુક્તિને મંગળ ઘાટે,
ચાલી એ મિટ માંડી ! સેના.

—સ્નેહરશ્મિ

[શેઠ ચીમનલાલ ન. વિદ્યાવિહારના છાત્રોનું વૈતાલિક ગાન]

આપણા મંદિરની એવી ઘટના કરી ન શકીએ કે જેથી ચોરને ચોરી કરવાનું પ્રલોભન જ ન રહે? દુનિયામાં અનેક સાધુસન્તો ઉઘાડે બારણે સૂએ છે. જૈન મંદિર પણ એવું અભંગદ્વાર બની ન શકે? જિનમૂર્તિને આંગીઆભૂષણનો પરિગ્રહ અનિવાર્ય છે? નિષ્પરિગ્રહી ભગવાનની મૂર્તિ પરિગ્રહ બંધનોથી વીંટળાયલી હોય અને શસ્ત્રસજ્જ સિપાઇઓથી સુરક્ષિત હોય એ ભગવાનની અને તેમની મૂર્તિની મોટામા મોટી આશાતના અને કદર્થના નથી? ઓછીવધતી યોગ્યતાવાળા માનવીઓને જેવો પૂજાવિધિ કરવો હોય તેવો ભલે કરે પણ એટલી એક વાત પાકી કરી લેવામાં આવે કે એ મંદિરમાં એવું કાંઈ મૂકવા કે રાખવામાં ન આવે કે જેથી ચોરમાં ચોરીની અને લૂંટારામાં લૂંટ કરવાની વૃત્તિ જાગ્રત થાય. આટલું કરવામાં આવે તો જૈન મંદિરો ખરેખર નિર્ભય બની જાય અને જે શાન્તિ અને સાદાઇ જૈન મંદિરમાંથી આજે અલોપ થઇ ગયાં છે તે શાન્તિ અને સાદાઇ પુનઃ પ્રતિષ્ઠિત બને. આવી મુગુટચોરી પણ જો આપણી આંખ ઉઘાડી શકે અને જિનમૂર્તિના મૂળ આદર્શ તરફ આપણને જો લઇ જઇ શકે તો એ ચોરીનો અનર્થ પણ આપણા માટે ખરેખર સાર્થક અને ઉપકારક બની જાય.

## 'પ્રવાસી'ને અભિનન્દન

સ્ટેટ્સ પીપલ લિમિટેડ તરફથી ત્રણેક અઠવાડિયાં થયાં 'પ્રવાસી' નામનું સાપ્તાહિક પત્ર શરૂ કરવામાં આવ્યું છે. 'પ્રવાસી' આજે નવા જન્મેલા બાળક જેવું છે. તાજેતરમાં અવતરેલા બાળકને જોઇને તેના રૂપ રંગ તેમજ અવયવની ઘટના કેવી થશે તે જેમ કોઇ નિશ્ચિતપણે કહી શકતું નથી અને છતાં તે બાળકને જોનાર માણસો જાતજાતની કલ્પના કરવા મંડે છે તેવું જ કાંઇક તાજેતરમાં શરૂ થતા કોઇ પણ સામયિક પત્ર વિષે બને છે. 'પ્રવાસી'–આજે જેવું છે તેવું–ચાલુ સાપ્તાહિકોથી કાંઇક જુદું પડે છે. છતાં હજુ આજના અન્ય સાપ્તાહિકોને ઘણે અંશે મળતું છે. સંભવ છે કે ચાલુ ઘરેડમાં ખેંચાતાં ખેંચાતાં બીજા સાપ્તાહિકોની જ એક નવી આવૃત્તિ 'પ્રવાસી' બની જાય. સંભવ છે કે સુધરતે સુધરતે 'પ્રવાસી' આજના સાપ્તાહિકોમાં પોતાનું કોઇ જુદું જ વ્યક્તિત્વ દાખવે. 'પ્રવાસી'ના પ્રયોજકો 'પ્રવાસી'ને એક સુન્દર સંસ્કારપ્રચૂર સાપ્તાહિક બનાવવાનો મનોરથ સેવે છે. એ મનોરથ સાથે મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે; આ શરૂ થયેલા 'પ્રવાસીને મારૂં સહર્ષ અભિનન્દન છે; પણ સાથે સાથે એટલું જણાવવું જરૂરી છે કે મનોરથ મુજબ 'પ્રવાસી'ને ઘડવા માટે આજના છાપાઓ પાછળ રહેલી વ્યાપારીવૃત્તિનો ત્યાગ કરવો પડશે એટલું જ નહિ પણ આવકજાવકના આંકડા સરખા કરવાનો આગ્રહ પણ બાજુએ મૂકવો પડશે અને તે ઉપરાંત એ પત્રના જે જે પ્રયોજકો અને પ્રેરકો હોય તેમણે પોતાનો આત્મા 'પ્રવાસી'ને ખીલવવા પાછળ રેડવો પડશે. 'પ્રવાસી'ને સર્વ પ્રકારે હું સફળતા ઇચ્છું છું.

**પરમાનન્દ**

# સં. ૧૯૯૫ નું સરવૈયું

### કેટલીક જૈન સંસ્થાઓની સમાલોચના

વીર સંવત ૨૪૬૬ અને વિક્રમ સંવત ૧૯૯૬ નું નવું વર્ષ ગયા રવિવારના પ્રભાતથી શરૂ થયું. ૧૯૯૫ ના વર્ષ દરમિયાન આપણી જુદી જુદી જૈન સંસ્થાઓ સંબંધમાં શું શું બન્યું તેનો હિસાબ આપણે તપાસીએ. વેપારી ગયા વર્ષનો અનુભવ લઇ નવા વર્ષના પોતાના વ્યાપારમાં ફેરફાર કરવા પ્રયત્ન કરે છે એમ આપણા સમાજના પરિવર્તનો ધ્યાનમાં લેઈ તેમાં અનુભવ પ્રમાણે ફેરફાર કરવાની વેપારી કોમ તરીકે આપણી ફરજ છે.

### જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ

સૌથી પ્રથમ આપણી સમાજની દૃષ્ટિ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ તરફ ખેંચાય છે. લાંબા વખતથી કોન્ફરન્સનું અધિવેશન ભરાતું નહોતું. કેટલાક જૈન યુવાનોએ એ સાહસ માથે ઉપાડી ભાવનગર ખાતે અધિવેશન ભરવાનું નક્કી કરી, કોન્ફરન્સની સ્થાયી સમિતિ ઉપર નિમંત્રણ મોકલ્યું. સ્થાયી સમિતિએ તેનો સ્વીકાર કર્યો. ભાવનગરમાં સ્વાગત સમિતિ નિમાઈ; પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીઓ અને અધિવેશનને અંગે વ્યવસ્થા કરનારી જુદી જુદી કમિટીઓ નીમાઇ અને સમાજ કોન્ફરન્સના અધિવેશન માટે રાહ જોઇ રહ્યો. એવામાં એક ઓચિંતો ધડાકો થયો અને કોન્ફરન્સના સુકાનીઓની નિર્બળતાએ અધિવેશનની વાત ઢીલમાં પડવા લાગી અને તારીખો લંબાવા લાગી. સમાજમાં ઐક્ય કરાવવાના કોડ ઘણા ભાઇઓને ઉત્પન્ન થયા અને એ તરફ પ્રયાસ શરૂ થવા લાગ્યો. આજ લગભગ છ સાત મહિનાથી આ પ્રયાસ ચાલતો હોવા છતાં પરિણામ કંઇ આવ્યું નથી. છ મહિનાનો લાંબો ગાળો પસાર થવા છતાં રીતસર જોડાણ થાય એવી જાતનું કાંઈપણ સૂચન જોખમદારીથી રજૂ કરી શકાયું નથી. આ સમાજના કાર્યવાહકોની નિર્બળતાનું સૂચન છે. જો કોન્ફરન્સના અધિકારીએને અધિવેશન ભરવાની તાલાવેલી હોય તો તેમણે ઐક્ય માટેનો દરેક પ્રયાસ કરી લેવો જોઇએ. છ મહિનાનો સમય ઘણો જ વધુ કહેવાય. આપણે ઇચ્છીએ કે આ કામ માટે મહેનત લેનારા હવે વધુ ઢીલ ન કરતાં ટૂંક વખતમાં નિર્ણય લાવવા ઝડપી પ્રયત્ન કરશે.

### શ્રી ગોડીજીનું દેરાસર અને દેવસુરસંઘ

ગોડીજી દેરાસરના ટ્રસ્ટીઓ અને દેવસુર સંઘના સભ્યો વચ્ચે આજ લગભગ દોઢ વર્ષથી ઝઘડા ચાલે છે; પણ તેનું સંતોષકારક નિરાકરણ થઇ શક્યું નથી એ ખેદજનક બીના છે. સમજાતું નથી કે સેવાભાવિ કામ કરનારા ટ્રસ્ટીસાહેબો આવા ઝઘડા લાંબો વખત કેમ ચલાવી લેતા હશે. વળી દેવસુર સંઘના સભ્યો પણ આ વાટાઘાટનો કાંઈ નિર્ણય લાવી શકતા નથી એ તેમના માટે પણ શોભારૂપ નથી. જો ટ્રસ્ટીઓ આનાકાની કરતા હોય તો ખરી હકીકતો મુદ્દા સહિત જૈન સમાજ આગળ મૂકી પોતે છૂટા થવાની જરૂર છે. જેથી સમાજ ટ્રસ્ટીઓ કે સંઘના સભાસદોના ખરાખોટાપણા વિષે ન્યાય કરી શકે.

### શ્રી શાન્તિનાથજીનો વહીવટ

શ્રી શાન્તિનાથના દેરાસરના જૂના ટ્રસ્ટીઓ અને સાગર સંઘના સભ્યો વચ્ચે ચાલેલા કોર્ટના ખટલામાં સોલીસીટરોના ચોસઠ હજારના બિલો આવ્યાં છે, એ રકમ જૂના ટ્રસ્ટીઓ

પાસેથી વસૂલ કરવા માટે નવા ટ્રસ્ટીઓ ઉપર રીતસરનું લખાણ થયું છે. આ ઝઘડો પાછો કોર્ટમાં જાય અને બીજા વધુ પાંચપચાસ હજારનું દેરાસરના દ્રવ્યનું પાણી થાય એમ વાતાવરણ ગૂંચવાયલું દેખાય છે.

### શ્રી નેમિનાથજીનો વહીવટ

શ્રી. નેમિનાથના દેરાસરના અંગે શ્રી. જામનગર સંઘ અને ઝાલાવાડી મૂર્તિપૂજક સંઘ વચ્ચે ઝઘડો થતાં કોર્ટમાં કેસ થયો છે; છતાં બન્ને સંઘના સભ્યોએ સાથે મળી સાદી સમજ વાપરી પતાવટ કરવાની શરૂઆત કરી છે અને પ્રમુખ નીમવાની નજીવી બાબતને લીધે પતાવટ વાંધામાં પડી છે. અમો બન્ને સંઘના સભ્યોને વધુ ઉદાર બની કોર્ટોના થતા ખર્ચમાંથી બચી જવા વિનંતિ કરીએ છીએ.

### શ્રી મુંબઇ માંગરોળ જૈન સભા

શ્રી મુંબાઇ માંગરોલ જૈન સભાનું ચકડોળે ચડેલું વહાણ તેની નવી ચૂંટણી પછી કાંઇક સ્થિર થયું છે. સભા અંગેની હાઇસ્કૂલનું ઠંડુ પડેલું કાર્ય વધુ પ્રગતિમય બને અને તેના કાર્યકરો હાઇસ્કૂલ માટેનું જોઇતું વધુ ફંડ આ વર્ષમાં મેળવી લે એમ અમો ઇચ્છીએ છીએ.

### શ્રી પન્નાલાલ પૂ. જૈન હાઇસ્કૂલ

શ્રી. પન્નાલાલ પૂનમચંદ જૈન હાઇસ્કૂલ એ એક જ એવી સંસ્થા છે કે જેના સંચાલકે પોતાની સંસ્થાને હાલના જમાનાને અનુરૂપ સાધનસંપન્ન બનાવવા પાછળ ખૂબ જ ખર્ચ કર્યું છે અને પરિણામે આ હાઇસ્કૂલે બીજી હાઇસ્કૂલની હરોળમાં પહેલું સ્થાન મેળવ્યું છે. આ હાઇસ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોને સુંદર શિક્ષણ આપી ઉત્તમ નાગરિકો બનાવવા શક્ય પ્રયત્ન કરે છે. જે માટે તેના સંચાલકોને અને ખાસ કરીને મરહૂમ બાબુ સાહેબ જીવણલાલજીને ધન્યવાદ ઘટે છે.

### શ્રી મહાવીર જૈન વિદ્યાલય

શ્રી. મહાવીર જૈન વિદ્યાલય તેના પચ્ચીશમા વર્ષમાં પ્રવેશે છે. આ વર્ષમાં તેની રૂપેરી જયંતિ ઉજવવાની યોજના વિચારાય છે. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં જૈન બાળકોને ભવિષ્યમાં ઉચ્ચ સંસ્કારી કેળવણી આપવાની જરૂર આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરીએ પીછાણી હતી અને તેમની ચાલુ પ્રેરણાના પરિણામે આ વિદ્યાલય સ્થાપાયું હતું. મુંબાઇના તે વખતના જૈન આગેવાનોએ તેમની સૂચનાને વધાવી લીધી હતી. એ વખતની પરિસ્થિતિને અનુસરીને સંસ્થાનું એક બંધારણ ઘડવામાં આવ્યું હતું. એ બંધારણમાં હાલના સમયસંજોગો અનુસાર ફેરફાર કરવાની જરૂર વિદ્યાલયના કાર્યવાહકો પીછાને એવી વિનંતી છે. વિદ્યાલયને અનેક જાતની અથડામણમાં ઉતારવાના પ્રયાસો થયા હતા છતાં તેના કાર્યવાહકોએ એવા કઠણ સંયોગોમાં પણ વિદ્યાલયને ટકાવી રાખ્યું હતું. વિદ્યાલય દિન દિન વધુ પ્રગતિ કરતું જાય છે અને આ પ્રગતિમાં તેના કુશળ સેક્રેટરીઓ અને કાર્યવાહી સમિતિનો સુંદર ફાળો છે. આપણે એને વધુ પ્રગતિવાળું ઇચ્છીએ.

### શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર

જૂજ સંખ્યામાં વિદ્યાર્થીઓથી અમદાવાદ ખાતે ચીમનલાલ નગીનદાસ જૈન બોર્ડિંગની સ્થાપના થઇ હતી. તે વખતે બોર્ડિંગની પ્રગતિ ટૂંક સમયમાં આશ્ચર્ય ઉપજાવે તેવી થશે એની સ્વપ્ને પણ આશા રાખવામાં આવતી નહોતી. પણ તેમના બે સેવાભાવી આત્માઓ શ્રી. માણેકબહેન અને તેમનાં પુત્રી શ્રી. ઇન્દુમતીબહેને અથાગ પરિશ્રમ લઇને બોર્ડિંગને શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારમાં ફેરવી નાંખી અને જૈન સમાજના અને ઇતર સમાજના બાળકોને મેટ્રિક સુધીના અભ્યાસની તથા આર્ટ અને ટેકનિકલ કેળવણી સાથે વણાટકામ, રંગકામ, સુતારી અને દરજીકામ શિખવવાની જોગવાઇ કરી આપી. આ રીતે તેમણે જૈન સમાજના બાળકોના અંતરના આશીર્વાદ મેળવવા ઉપરાંત જૈન સમાજની પ્રશંસા પ્રાપ્ત કરી છે.

### શ્રી રત્નચિંતામણી સ્થાનકવાસી જૈન કન્યાશાળા

ઘણા લાંબા સમય પહેલાં આ શાળા કેટલાક સ્થાનકવાસી ભાઇઓના શુભ પ્રયાસથી સ્થાપવામાં આવી હતી. હાલ એ કન્યાશાળામાં ત્રણસો ઉપર બાળાઓ અભ્યાસ કરે છે. સાથે સાથે ધાર્મિક અભ્યાસ પણ કરાવવામાં આવે છે. અમો આ કન્યાશાળાની વધુ પ્રગતિ થાય અને હાઇસ્કૂલનું રૂપ લે એમ ઇચ્છીએ છીએ.

### શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆ

શ્રી. જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆને દશ દશ વર્ષની કુંભકર્ણની નિંદ્રામાંથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘે એડવોકેટ પાસે જઇને જગાડી છે, તેના હસ્તકના ફંડો બેંકોમાં અને લોનમાં નિરૂપયોગી પડી રહ્યાં હતાં એ લગભગ બાસઠ હજાર જેટલી મોટી રકમ ટ્રસ્ટીઓના નામ ઉપર ચડી ગઇ છે. આપણે આશા રાખીએ કે દશ દશ વર્ષની કુંભકર્ણની નિંદ્રામાંથી જાગ્યા પછી તેના કાર્યવાહકો સમાજની પ્રગતિ થાય તેવી પ્રવૃત્તિ આદરશે અને પોતાની હસ્તકના ફંડોનો લાભ જૈન સમાજને આપવા માંડશે.

### શ્રી મુંબઈ જૈન મહિલા સમાજ

આ સંસ્થા પોતાની શક્તિ મુજબ ધીમે ધીમે સમાજસેવાનું કામ કરી રહી છે. કોટ અને દાદરમાં સ્ત્રી શિક્ષણ આપવાનું તેમજ ભરતકામ શિખવાડવાનું કાર્ય આ સંસ્થાએ હાથ ધર્યું છે. એવી જ રીતે બીજા લત્તાઓમાં પણ વર્ગો ઉઘાડી બહેનોને વધુ શિક્ષણ આપવાનું કામ મહિલા સમાજ હાથમાં લે એવી અમારી માંગણી છે.

**મણિલાલ મોકમચંદ શાહ**

---

## તંત્રીસ્થાનેથી

---

'પ્રબુદ્ધ જૈન' દરેક અંગ્રેજી માસની પહેલી અને પંદરમી તારીખે પ્રગટ થાય એવો અમારો ખાસ આગ્રહ હોવા છતાં આ અંકનું દળ વધી જવાથી તેમ દીવાળીના દિવસો દરમિયાન છાપખાનાં ઉપર કામનું દબાણ અસાધારણ હોવાથી આ અંક પ્રગટ કરવામાં ત્રણ દિવસ મોડું થયું છે તે માટે 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકોની અમો ક્ષમા માગીએ છીએ.

'પ્રબુદ્ધ જૈન'ના કેટલાક પ્રશંસકો તરફથી છુટક છુટક મળીને આશરે રૂ. ૧૫૧ જેટલી રકમ દિવાળીની બોણી તરીકે મળી છે જે માટે તે સર્વ પ્રશંસકોના અમો આભાર માનીએ છીએ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી-મુદ્રક-પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઈ.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પિપલ પ્રેસ, ૧૩૮-૪૦, મેડોઝ સ્ટ્રીટ. મુંબઇ

કિંમત દોઢ આનો    શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર    REGD. NO. B 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧
અંક : ૧૫
મુંબઈ : બુધવાર ૩૦ નવેમ્બર ૧૯૩૯
ગ્રાહકો : રૂ. ૨
સભ્યો : રૂ. ૧

## અ હિં સા

૧

હિંસા અને અહિંસા બન્ને વિરોધી પ્રવૃત્તિઓ છે. હિંસા નહિ તે અહિંસા. જૈન દૃષ્ટિએ કઇ કઇ પ્રવૃત્તિ હિંસારૂપ છે, એ સમજવાથી અહિંસાનું સ્વરૂપ સરળતાથી સમજાશે. સામાન્યત: હિંસાના બે પ્રકાર છે: એક દ્રવ્યહિંસા અને બીજી ભાવહિંસા.

સ્વભાવને છોડીને પરભાવ તરફ આત્માના પ્રવર્તનને ભાવહિંસા કહેવામાં આવે છે. સમભાવ, સરળતા, અક્રોધ, અમોહ, અલોભ, નિરાભિમાનિતા, અપ્રપંચ, સર્વથા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મરમણ વગેરે અનેક પ્રકારના આત્માના સ્વભાવો છે. તે સ્વભાવનો પરિત્યાગ કરી તેથી વિરુદ્ધ ભાવ તરફ વહેતો આત્મા ભાવહિંસામાં વર્તે છે એટલે એ ભાવ હિંસક છે એમ કહેવાય.

મનુષ્યથી લઇ અનેક પ્રકારના નાનાંમોટાં પ્રાણીઓનાં શરીરાદિકને એ ભાવહિંસાપૂર્વક દુ:ખ ઉપજાવવું, તેઓની આજીવિકાનો ઉચ્છેદ કરવો, વા તેમનો સમૂળગો વિનાશ કરવો તે દ્રવ્યહિંસા છે. ઉકત સ્વરૂપની દ્રવ્યહિંસાનું કારણ ભાવહિંસા છે માટે ભાવહિંસા અને દ્રવ્યહિંસામાં પ્રધાનપદ પહેલીને છે. ભાવહિંસાને તારતમ્ય પ્રમાણે રોકવા વિના દ્રવ્યહિંસા રોકાવી કઠણ છે. તેથી શાસ્ત્રકારો પદે પદે ભાવહિંસાને ઉપદેશી ગયા છે.

દ્રવ્યહિંસાનું વિશેષ સ્વરૂપ અને ભેદ સર્વપ્રતીત છે. સરાગ મનુષ્યની કઇ પ્રવૃત્તિ દ્રવ્યહિંસા વિનાની છે, તે જ કહેવું મુશ્કેલ છે; એટલી બધી દ્રવ્યહિંસા જીવનવ્યવહારના ક્ષેત્રમાં વ્યાપક છે. તેને રોકવા માટે એના મૂળ બીજરૂપ ભાવહિંસાને દગ્ધ કર્યા વિના જીવનનો આંશિક કે સર્વથા વિકાસ અસંભવિત છે.

બન્ને પ્રકારની હિંસા અને તેના કારણો વગેરેને લગતું વર્ણન પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં સવિસ્તર આપેલું છે. તેમાં હિંસાના ભાવને સૂચવનારા અર્થપૂર્ણ અનેક શબ્દો જણાવેલા છે, જેમાંના (૧) **બીહનક**, (૨) **નિરપેક્ષ**, (૩) **નિષ્કરૂણ**, (૪) **અકૃત્ય**, (૫) **લોભ**, (૬) **ગુણવિરાધના** (૭) **અસંયમ**, એ સાત શબ્દોને મુખ્ય રાખી અહીં એ દરેક શબ્દ ઉપર વિવરણ કરવાનું છે.

વિવરણનો ઉદ્દેશ હિંસાના સ્વરૂપને વિશેષ સ્પષ્ટ કરવાનો છે. સમાજમાં કેટલીક એવી પ્રવૃત્તિ ચાલે છે, કે જે છે તો હિંસારૂપ, પણ સમાજ તેને તેવા સમજતો લાગતો નથી, અને એથી જ તે એ પ્રવૃત્તિ ચલાવીને સ્વ અને પરનો ઘાણ કાઢતા સંકોચાતા નથી. એવી પ્રવૃત્તિઓ છે તો ઘણી, પણ તે પ્રત્યેક વિષે અહીં લખવાનું સ્થાન નથી, માત્ર તેમાંની મુખ્ય મુખ્ય વિષે ઉકત સૂત્રના શબ્દો જે જાતનો પ્રકાશ નાખે છે, તેને અહીં જણાવવાનો છે.

### ૧ : બીહનક

**બીહનક** એ હિંસાનો ભાવ બતાવનારો શબ્દ છે. તેનો અર્થ 'બીવડાવનાર' થાય છે. એ શબ્દ દ્વારા હિંસાનો ભાવ સૂચવી સૂત્રકાર ભય ઉપજાવવાની પ્રવૃત્તિને હિંસારૂપ જણાવે છે. કોઈ પ્રાણીના શરીરને નુકસાન પહોંચાડવું વા શરીરના કોઈ અવયવનો છેદ કરવો વા તેનો સમૂળગો નાશ કરવો, એ પ્રવૃત્તિને હિંસારૂપ માનવાને ટેવાયેલા લોકો ભય ઉપજાવવાની પ્રવૃત્તિને હિંસારૂપ સમજે છે કે કેમ એ કહી શકાતું નથી, પરંતુ સામાજિક પ્રવૃત્તિ જોતાં એટલું તો સ્પષ્ટ માલૂમ પડે છે કે લોકો કોઇનો નાશ કરતાં જેટલા અચકાય છે, શરમાય છે, તેટલા કોઇને બીવડાવતાં જરાય સંકોચાતાં નથી. એથી તેઓના મનમાં પ્રાણનાશની પ્રવૃત્તિની પેઠે બીવડાવવાની પ્રવૃત્તિ સર્વથા હિંસારૂપ છે એવો નિર્ધાર થયો જણાતો નથી.

ભય એ માનસિક ભાવ છે. શરીરના વિવિધ પ્રકારના આકારો અને ચેષ્ટાઓથી તે પ્રગટ કરી શકાય છે. સામાન્ય લોકો એમ સમજે છે કે ભયથી કોઇના શરીરને વા શરીરના ભાગને કશું નુકસાન પહોંચતું નથી એટલે તે હિંસારૂપ શી રીતે હોય?

પણ શાસ્ત્રકાર તો કહે છે કે ભય કદાચ શરીરને વા શરીરના કોઈ ભાગને નુકસાન પહોંચાડતો ન દેખાતો હોય છતાં તે એવા એક મર્મભાગને હાનિ પહોંચાડે છે કે જેથી ભયભીત થયેલો મનુષ્ય હંમેશને માટે બેકામ થઇ જાય છે--જડ થઇ જાય છે અને જીવનના વિકાસ માટે સર્વથા અયોગ્ય નીવડે છે. એટલું જ નહિ પણ ભયવૃત્તિમાંથી બીજા અનેક પ્રકારના દોષો સમાજમાં પ્રચાર પામે છે. જેથી અનીતિ અને અનાચારની પ્રબળતા વધે છે.

ભયનું આ પરિણામ જોતાં તે દ્રવ્યહિંસા અને ભાવહિંસા બંનેનું કારણ છે. એથી જ એ હિંસારૂપ હોઇ હેય કોટીનો છે. બાળકોમાં સુસંસ્કારો રોપવા, તેમને શિક્ષિત કરવા અથવા ધાર્મિક બનાવવા ભયની પધ્ધતિનો ઉપયોગ સમાજમાં ચાલે છે. બાળકોની ભૂલો માટે શિક્ષકો યા માતાપિતાઓ તેમને સુધારવા ડરાવે છે, ધમકી આપે છે, તેમના ઉપર વારંવાર ચિડાય છે અને તેમને મારતાં પણ અચકાતા નથી. આ વિષે જરા વિશેષ ગંભીરતાથી વિચારીએ તો જણાશે કે જે જે પરિણામો નીપજાવવા ભયની પધ્ધતિ પ્રવર્તે છે, તે પરિણામો અને ભયની પદ્ધતિ એ બન્ને વચ્ચે કાંઇ મેળ છે ખરો?

બાળકોનું જીવન અનુકરણશીલ છે. તેઓ બોલતાંચાલતાં, ખાતાંપીતાં અને બીજી બધી પ્રવૃત્તિઓમાં ઘણું જ અને ખાસ કરીને માતાપિતાનું અનુકરણ કરી તે તે પ્રવૃત્તિઓ શીખે છે. હવે જ્યારે આપણે તેમને સુસંસ્કારી, વિનયી, ધાર્મિક અને સદાચારી બનાવવા છે, તો ઘરમાં કેવું વાતાવરણ હોવું જોઇએ એ વિષે વિચારવું આવશ્યક નથી?

માતા ઘડીએ ઘડીએ બાળકો તરફ ગાળો કાઢતી હોય, પિતા ઘડીએ ઘડીએ માતા ઉપર ચિડાતો હોય, અને ઉધ્ધતપણે વર્તતો હોય, ત્યાં બાળકોને હજાર ભયોથી બીવડાવીએ વા મારકૂટ કરીએ તો પણ તેઓ કદી સુસંસ્કારી વા વિનયી થવાના નથી. બાળકોને બીવડાવનાર માતાપિતા કે સમાજ પૂછશે કે બીવડાવવામાં હિંસા શું થઇ? જો કે આ પ્રવૃત્તિમાં ચોકખી બાળહત્યા છે, છતાં વિશેષ સ્પષ્ટીકરણ માટે એ ભયની પધ્ધતિનું જરા વિશેષ પૃથક્કરણ કરીએ.

બાળક રડે, હઠે ચડે વા કહ્યું ન માને તો બાળકના હિતેચ્છુઓમાં સૌથી પહેલાં બાળકો તરફ આવેશ આવે છેઃ આવેશ આવતાં જ મુખથી ગાળોની વૃષ્ટિ વરસે છેઃ હાથ વગેરેના મારથી બીચારાં અણસમજુ બાળક ઉપર હલ્લો કરવામાં આવે છે. આમાં આવેશવૃત્તિ, આવેશવૃત્તિથી થતાં ગાલીપ્રદાન અને દંડ એ બધું પ્રત્યક્ષ હિંસારૂપ છે.

આવેશ આવતાં આવેશી મનુષ્ય સારાસારનું ભાન ભૂલી જાય છે. એ ભાન જતાં, ભાષાનો વિવેક ખતમ થાય છે. અને સાથે જ ઊગતા છોડને છૂંદવા પણ દોડી જવાય છે. વળી વધારામાં આ પ્રવૃત્તિથી બાળકને તો લાભને બદલે હાનિ જ થાય છે. બાળક ગાળો કાઢતાં શીખે છે; બીજાને બીવડાવતાં કે મારતાં શીખે છે; અને ભયભીત બાળકનું મગજ કેટલીકવાર ભયથી એવું બહેર મારી જાય છે કે પછી તે હમેશને માટે ધીઠ બને છે. અને એ ધીઠાઇમાંથી બીજા અનેક દુર્ગુણો બાળકમાં પેદા થાય છે. આ રીતે બાળકની આખી જિંદગી બરબાદ જાય છે. શું આ બધું હિંસારૂપ નથી?

આવેશનો ત્યાગ કરવો, બાળકની પરિસ્થિતિ સમજવી અને તેની મનોદશાનો અભ્યાસ કરી તેને સુધારવા ઘરમાં સુંદર વાતાવરણ ઊભું કરવું જેથી માતાપિતા અને બાળક એ બધાં શાંતિથી જીવનનો વિકાસ કરી શકે. અને નિશ્ચિત ધ્યેયને પણ પાર પડી શકે. પણ ઘણાખરા માતપિતા પોતાની ભૂલોને લીધે એવું નથી કરી શકતા એટલે જ તેઓ ડરામણી અને મારફાડના પ્રયોગોથી ટેવાયેલા હોય છે. તેઓ શાસ્ત્રના આ વાકયથી સમજી લે કે તેમની એ પ્રવૃત્તિ ચોકખી હિંસારૂપ છે. અને તેથી તેમનો કે બાળકોનો વિકાસ થવાનો સંભવ નથી. કેટલીકવાર ભય બીજાના પ્રાણનો પણ નાશ કરે છે. આજે એવાં અનેક ઉદાહરણો આપણી સામે દિનપ્રતિદિન આવ્યાં કરે છે, જેમાં માણસોએ માત્ર ભયને લીધે પોતાના પ્રાણો ગુમાવ્યા હોય.

બીવડાવનાર વા બીનારના અંતરંગ વા બહિરંગ મર્મ ઉપર ભય આમ અનેક રીતે ઘા કરે છે. માટે હવે એ હિંસારૂપ છે કે કેમ એ પ્રશ્ન જ ઊઠતો નથી. જે પ્રાણી આત્મગુણનો ઘાત થાય એવી પ્રવૃત્તિ કરે તેને જૈનાગમ હિંસક કહે છે. ધૈર્ય ગુમાવી, ઉતાવળ કરી બીવડાવીને કાર્ય સાધવા જતાં કદાચ તે થઇ જતું જણાય તો પણ તેની પાછળ અનેક આત્માઓના ચૈતન્યને બહેરું કરવારૂપ વા નાબૂદ કરવારૂપ હિંસા છુપાએલી છે.

કુતૂહલ, મશ્કરી, હાસ્ય કે એવા બીજા કોઇ શોખ માટે બીવડાવવાની પ્રવૃત્તિનાં પરિણામ પણ ઘણાં નઠારાં આવે છે. એટલે કોઇપણ હેતુથી કોઇપણ જાતની બીવડાવવાની પ્રવૃત્તિ હિંસાથી ઊતરતી નથી. શાસ્ત્રકારે ભયને મોહનું સ્વરૂપ બતાવીને ભાવહિંસાની કોટીનો તો બતાવેલો જ છે. અને ઉપર્યુક્ત રીતે તે દ્રવ્યહિંસા-સ્થૂલહિંસાનો જનક છે. માટે તે હિંસારૂપ છે કે નહિ તે વાચકો પોતે જ વિચારી લેશે.

### ૨ : નિરપેક્ષ

હિંસાના સ્વરૂપને સમજનાર આ શબ્દનો અર્થ કરતાં ટીકાકાર જણાવે છે કે – निर्गता अपेक्षा परप्राणविषया यस्मिन् असौ निरपेक्षः – અર્થાત જે પ્રવૃત્તિમાં બીજાના પ્રાણોની દરકાર ન કરાય-ન લેવાય તે પ્રવૃત્તિ નિરપેક્ષ કહેવાય.

એ પ્રવૃત્તિમાં બીજાઓ તરફ બેદરકારવૃત્તિ છે. માટે તે હિંસારૂપ છે. જીવનને ટકાવી રાખનાર વા પોષણ આપનાર શારીરિક, વાચિક વા માનસિક પ્રત્યેક પ્રવૃત્તિમાં બીજાના પ્રાણોની દરકાર મુખ્યતઃ રહેવી જોઇએ. તો જ અહિંસા ધર્મની સાધના સુશક્ય છે.

ઉક્ત પ્રવૃત્તિઓમાં મનુષ્યો વા અન્ય પ્રાણીઓ તરફ બેદરકારીથી વર્તન કરનારા સાક્ષાત વા પરંપરાએ હિંસાને પોષે છે. પરિણામે જગતમાં અનેક દુર્વૃત્તિઓ વધે છે, કષાયો ફેલાય છે, અને શાંતિનો લોપ થતાં માનવસમાજ, પશુપક્ષિઓનો સંઘ વા બીજાં નાનાંમોટાં પ્રાણીઓ રીબાઇને મોતના પંજામાં સપડાય છે. નિરપેક્ષવૃત્તિ એ રીતે ભાવહિંસા અને દ્રવ્યહિંસાને વધારનારી છે. માટે જ તેને શાસ્ત્રકારે હિંસારૂપ જણાવી છે.

નિરપેક્ષવૃત્તિને કારણે નીપજનારા હિંસારૂપ ભયંકર પરિણામોનો ખ્યાલ આ નીચેનું ઉદાહરણ વાંચતાં આવી શકે એમ છે. ૫૦૦ ઘરનું નાનું ગામ હોય. જેમાં બેચાર વણકર, બેચાર દરજી, બેચાર લુહાર, બેચાર સુથાર, બેચાર મોચી, બેચાર ઘાંચી, વગેરે કારીગરો હોય. ઉપરાંત ૨૫-૫૦ કાંતનારી અને દળનારી હોય. એ બધાં અને ગામના લોકો પરસ્પર સહકારથી શાંતિપૂર્વક રહેતા હોય, સૌની આજીવિકા પ્રામાણિકપણે ચાલતી હોય, ત્યાંના વેપારી લોકો એ કારીગરોએ બનાવેલો માલ ગામને પૂરો પાડી પોતાની અને કારીગરોની રોજી ચલવતા હોય એ રીતે અન્યોઅન્ય પ્રેમપૂર્વક એક બીજાની દરકાર રાખતું ગામ આખું અલ્પારંભથી પોતાનો વ્યવહાર ચલાવતું હોય અને શક્યતાપૂર્વકના જીવનવિકાસ તરફ પગલાં પણ માંડતું હોય. તેવી સ્થિતિમાં ગામના કોઇ મનુષ્યમાં ધન અધિક મેળવવાનો લોભ પ્રગટે. લોભવશ થયેલો એ મનુષ્ય શાંતિમય ચાલુ સ્થિતિ, પરસ્પર સહકારથી બંધાતું થતું પોષણ, ને એથી સુખમય ચાલતું સૌનું જીવન – એ બધાં તરફ બેદરકાર બની માત્ર પોતાનો સ્વાર્થ મુખ્ય કરી કોઇ એવી પ્રવૃત્તિ શોધે કે જેથી બીજાઓની આજીવિકાનો નાશ થઇ પોતાની રોજી અને પૂંજી વધે. એ ધનલોભીની બીજાઓની આજીવિકા તરફની આ બેદરકારી અને પોતાનો ધનસંચય માટેનો લોભ એ બન્ને પ્રવૃત્તિ હિંસારૂપ નથી એ કોણ કહેશે?

એ અસંતુષ્ટ ગૃહસ્થના મનમાં ભાવહિંસા રૂપ લોભનો ઉદય થતાં તેણે બીજાઓની આજીવિકા લેતાં તેમના પ્રાણો પણ હણ્યા જ એટલું જ નહિ, પણ જેમની આજીવિકા છીનવી લેવામાં આવી છે, એવા તેઓ આજીવિકા વિના તરફડે, બીજી અનીતિમય આજીવિકામાં પડી જીવનની શાંતિ ગુમાવે વા ચોરલૂંટારા જેવું અનીતિમય જીવન ગાળી બીજા લોકોને રંજાડે. એ બનાવનું કારણ પેલા ગૃહસ્થનો ધનલોભ જ છે, આ રીતે પોતાના મનુષ્યબંધુઓ અને પશુઓ તરફ બેદરકારી રાખનારો લોભી પોતાના અને પરના દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણનો ઘાતક બને છે.

આ જાતની બેદરકારીને લીધે વર્તમાનમાં શાંતિનો લોપ થયેલો છે. મનુષ્યો, પશુઓ, પક્ષીઓ અને બીજાં પણ નાનાંમોટાં જંતુઓ ઉક્ત બેદરકારીના ભોગ થઇ નિત્ય રીબાયાં કરે છે. ભિખારીઓ, રોગીઓ, ચોરો, ધાડપાડુઓ, દરિદ્રો અને દેશ વા સમાજમાં અશાંતિ ઉપજાવનારા બીજા અનેક અનિષ્ટો એ બેદરકારીને આભારી છે. આ બધું જોતાં બેદરકારીની વૃત્તિ કેટલી ભારે હિંસાને વધારનારી છે, એ વિષે આથી વધારે કહેવું જરૂરી નથી.

**બેચરદાસ દોશી**

# ખાદી મોંઘી છે ?

[હિંદના અર્થશાસ્ત્રી શ્રી મનુ સુબેદારના એક અંગ્રેજી લેખ ઉપરથી અનુવાદિત.]

કાપડની કિંમતનો જ ફક્ત ખ્યાલ મનમાં રાખીને કોઈ માણસ ગજવામાં પૈસા લઈને કાપડ ખરીદવા નીકળે તેના અભિપ્રાયે તો સ્વદેશી કે મીલ કાપડની સરખામણીમાં ખાદી મોંઘી પડે એ તો સ્પષ્ટ છે.

સામાન્ય રીતે એ કહેશે કે ખાદી તેને મોંઘી પડે—ખીસામાંથી તેને વધારે પૈસા કાઢવા પડે. તેવી જ રીતે દેશનો વિચાર કરતી વખતે પણ મર્યાદિત રાષ્ટ્રભાવનાવાળા અને સમસ્ત જનતાના કલ્યાણની દૃષ્ટિના અભાવવાળા માણસો રૂપિયા આના પાઈનો જ વિચાર કરે અને એ વિચારસરણીએ તેઓ એમ જ કહે કે દેશને સારૂ અમુક પ્રમાણમાં કાપડ ઉત્પન્ન કરવાનું હોય તો એ રૂપિયા આના પાઈની ગણતરીએ યંત્રથી મિલોમાં બનાવવું જરૂર સસ્તું પડે. આવા ઉદ્યોગપતિઓ અને તેમના પાસવાનો દલાલો, બેન્કરો, વીમાકંપનીવાળા અને બીજાઓ પણ એમ જ કહેશે કે આર્થિક દૃષ્ટિએ ખાદી મોંઘી છે.

* * *

પણ આ સિવાય બીજું પણ એક દૃષ્ટિબિન્દુ છે અને એ વધારે યોગ્ય છે. આપણી નજર સામે આપણે ગ્રામપ્રજા રાખીને વિચાર કરીએ. તેમાંના કરોડો લોકોને નવરાશનો સમય મળે છે પણ તેમની પાસે કામ કરવાનાં સાધન કે કાચો માલ બિલકુલ નથી. તેઓ સાવ બેકાર છે. જેમની પાસે મૂડી છે, જેમની પાસે કાચો માલ છે તેઓ આ ગ્રામપ્રજાની મજૂરી માગતા નથી, તેમને કામ આપતા નથી. આ કરોડો માણસોની શક્તિનો ઉપયોગ થાય તો ફક્ત રૂપિયાની ગણતરીએ તેની કિંમત કરોડોની થાય. આ બધી મહામૂલી શક્તિ દેશને માટે અને તેમની પોતાની જાતને માટે આજે તો હંમેશને સારુ આપણે એળે જવા દઈએ છીએ.

જો આમાંથી એક કરોડ માણસોને એક આનાના રોજે જો કામ આપીએ તો વર્ષની (રૂ. ૨૦) કમાણી ગણતાં કુલ રૂપિયા વીસ કરોડની કમાણી દેશને થાય—પ્રજાની સાધન સંપત્તિમાં વીસ કરોડનો વધારો જ થાય. બીજા એક કરોડ માણસો જો કામ કરે તો દેશની સંપત્તિમાં ફક્ત રૂપિયાની ગણતરીએ ચાળીસ કરોડનો વધારો થાય. અને તેમને અને તેમના આશ્રિત બાળકો અને વૃધ્ધોને જીવનમાં જે સુખ અને સાર્થકતાનો આનન્દ મળે તે લાભનું તો મૂલ્ય કેવી રીતે ગણી શકાય ?

કેટલાકના મન પશ્ચિમના સંસર્ગથી કઠણ બની જાય છે અને તેઓ ફક્ત પૈસાના જ સ્વરૂપમાં આવી બધી બાબતોનો વિચાર કરે છે. તેઓ કહેશે કે આ આખીએ વિચારસરણી અને કાર્યસરણી અર્થશાસ્ત્રની દૃષ્ટિએ સુસંગત નથી. આમ કહેવું એ એક હેત્વાભાસ છે. તેમની ભાષામાં આપણે વાત કરીએ તો તેઓ સમજી શકશે: નાદાર થયેલી દુકાન અથવા કારખાનાનો માલ અડધી કિંમતે ખરીદનારનો સોદો ભારે નફાવાળો ગણાય. એ જ ભાષામાં આગળ ચાલીએ તો એમ પણ સાર નીકળે કે ચોરીનો માલ તો ચોથા ભાગની કિંમતે વેચાય તો તે ખરીદનારને તો ઘણો જ વધારે ફાયદો થાય. આ ઉપરથી બધા જ ખરીદનાર એમ નક્કી કરી શકે કે આવા નાદાર અને ચોરેલા માલ આગળ કારખાનાનો માલ મોંઘો પડે છે માટે ચોરેલો અને નાદાર માલ ખરીદવો એ જ વધારે યોગ્ય અને ડહાપણ ભરેલું છે. આવી વિચારપદ્ધતિ ટકી શકે ખરી? આવી વિચારસરણી કાર્યસાધક છે ખરી? અમુક હદથી આગળ જતાં એ ભાંગી પડ્યા વિના રહે ખરી? તે મુજબ વ્યવહાર કરતાં મૂડીની ખોટ, સમાજમાં અવ્યવસ્થા અને બેકારીમાં વધારો થવા સિવાય બીજું શું પરિણામ આવે?

* * *

છેલ્લા સો વર્ષથી ફક્ત રૂપિયા આના પાઈના ધ્યેયથી અંજાઈને આપણે જોરપૂર્વક એક આર્થિક નીતિને વળગેલા છીએ. તે નીતિના અનુસરણમાં જમીનની પેદાશ સિવાયની બધી જરૂરીયાતો પહેલા પરદેશી અને હાલ હિન્દી કારખાનાઓ પૂરી પાડે છે. સામાન્ય કરવેરામાંથી નાણાં લઈને ઈરાદાપૂર્વક સસ્તા કરેલા દરે રેલ્વેઓ દ્વારા એ ચીજો ખેડૂતના આંગણામાં આવી પડે છે. હિન્દની અંદર પોતાના દેશની પેદાશના વેચાણ વધે એ અંગ્રેજોનો એક માત્ર હેતુ હતો અને એ જ હેતુથી બધાં જ પાસાનો ઉપયોગ કરતાં તેઓ અચકાતા નથી—પહેલા ઈંગ્લાંડનાં કારખાનાના લાભાર્થે પછી હિન્દના કારખાનાનાં લાભાર્થે.

ગામડાને ભોગે હિન્દી કારખાના સમૃદ્ધ થવા માંડયા છે. ત્યારે પણ ઘણી મૂડીનો નિકાસ પરદેશ થાય છે અને આજે હિન્દમાં આવેલા ઘણાં કારખાનાં પરદેશી મૂડી અથવા પરદેશી કાબૂ નીચે ચાલે છે.

એટલે કારખાનાની પેદાશ અને ખાદી અને ગ્રામઉદ્યોગની પેદાશ માટે એકલી કિંમતની જ સરખામણી રાખવી અને બીજો કોઈ ખ્યાલ ન રાખવો તે ભારે અનર્થકારી છે. ગ્રામપ્રજાની વિરુદ્ધ આજે સૌ ભરેલા પાસાથી દાવ માંડે છે. આ નીતિના ચલણથી ભૂતકાળમાં કારખાનાઓ અન્યાયી ફાયદા મેળવીને સરતમાં આગળ નીકળી ગયા છે, તે બધા ફાયદા ભૂંસી નખાય ત્યાર પછી જ એ બેની સરખામણીને કાંઇ સ્થાન રહે. આ ઉપરાંત ખેડૂતને જાતમહેનતની પેદાશની પૂરી કિંમત ન મળે અને સામાન્ય કિંમત ઘટે એ માટે પણ સરકારે વિચારપૂર્વક નાણાવિષયક નીતિ યોજેલી છે.

* * *

અનેક વહેણ વાટે હિન્દમાંથી સંપત્તિ બહાર ઘસડાઈ જાય છે. યુરોપની નવી નવી એક એક શોધમાં હિન્દને એક બે કરોડની ખોટ સહેજે સહેવી પડે છે. હાથમાં આવેલા ધનને આવગા ગણીને ધનવાનો આવા અવનવા શોખોમાં રાચે છે. ઘડિયાળ, ફન્ડીપેન, સાયકલ, મોટર, રેડિયો, રેફ્રીજરેટર, સિનેમા, લિફ્ટ, ટાઈપરાઈટર, કાચનો સામાન વગેરે અનેક સ્વરૂપોદ્વારા પશ્ચિમના દેશો હિન્દના ધનનું શોષણ કરી રહ્યા છે.

અર્થશાસ્ત્રની દૃષ્ટિથી જેઓ વિચાર કરવા ઈચ્છતા હોય તેમણે સૌથી પહેલા તો દેશમાં જે ધન છે એ બધી હિન્દની સંપત્તિ છે એ સૂત્ર અને હિન્દી રાષ્ટ્ર એ એક કુટુંબ છે એ માન્યતા સ્વીકારવી જોઈએ. એક કુટુંબના કેટલાક માણસો ભૂખે મરતા હોય તે વખતે એ જ કુટુંબના બીજા માણસો મોજશોખમાં પૈસા બહાર વેડફે એ માન્યામાં આવે એવી બિના છે? અને છતાંય આ વસ્તુ હિન્દમાં બને જ છે. વિજ્ઞાનની મદદથી, ઉત્તમ યંત્રવિદ્યાદ્વારા, સુન્દર ઝગમગતા રંગવાળી અનેક નાની નાની ચીજો પરદેશથી અહીં આવે છે. આ બધી ચીજો આપણે

( અનુસંધાન છઠ્ઠે પાને )

सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरई ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

નવેમ્બર, ૩૦ ૧૯૩૯


# વિનાશકાળના મહાજનો

સમાજની મૂળ રચના, વ્યવસ્થા, અને ઉપયોગ કે હેતુને જ્યારે આજના હેતુશૂન્ય અને ઉપયોગી અને ધાંધલિયા સમાજ સાથે સરખાવીએ છીએ ત્યારે ત્યારે જણાય છે કે આજના સમાજમાં પોકળતા વધુ છે; કંઇ કરવા કરતાં લડવાપણું વધુ છે; ઉપયોગ કરતાં ઉપયોગિતા મટાડવાપણું વધુ છે; સાચા કલ્યાણ કરતાં કલ્યાણ માટેના ઝઘડા વધુ છે; સાધ્ય કરતાં સાધનના વિવાદો વધુ છે. બુરાઇ માટે તો ઝઘડા હોય પણ આજે તો ભલાઇ કરવા માટે પણ ઝઘડા છે. આજના યુગમાં વ્યક્તિ અને સમાજ એકરૂપ દેખાતા નથી. ક્યાંય ક્યાંય હેતુવશાત્ એકરૂપતા દેખવામાં આવે છે, પણ તે અમુક સમય પૂરતી જ. આથી જ માનવી ખરી રીતે તો ભર્યાભાદર્યા સમાજમાં એકલોઅટૂલો જ છે. કેમ જાણે તેને અન્ય માનવીનો સાથ ન હોય! આનું પરિણામ માનવશક્તિ — સમજસહૃદયતા કુંઠિત થવામાં જ આવ્યું છે.

કોઇના દિલમાં બીજાને માટે જવાબદારી કે જોખમદારી લઇ ઝૂઝવાની ધગશ નથી! જેને પડે તે ભોગવે તેવી સ્થિતિ સર્વ સ્થળે છે. આમ શાથી થયું? સકળ સમાજ માટે ઝૂઝનારા અને સૌના દિલ દર્દ કે દુઃખનો ભાર પોતાના દિલમાં દપટી આળાં આળાં જખ્મો પંપાળનારા ક્યાં ગયા? સૌથી વધારેમાં વધારે સેવા આપી, જોખમ ખેડી, ભોગ આપી ઓછામાં ઓછો લાભ લેનારા મહાનુભાવો ક્યાં ગયા? એક નાનકડા સમાજમાં કે ગામમાં, એક પ્રાંતમાં કે દેશમાં આવા મહાનુભાવોએ જ માનવજાતને અનેક આપાદાઓમાંથી, અનેક આંધીમાંથી, અનેક ગેરસમજુતીમાંથી બચાવી છે. અને તેના દુઃખ આડે હાથ દઇ છાતીમાં ઘા ઝાલ્યા છે. આવા ઘા ઝીલનારા મહાજનો — જાતે મરીને સમાજને મહાન બનાવે તે મહાજનો — ક્યાં ગયા?

“કેલે” નગર કાં તો મેદાનમેદાન થવા તૈયાર થાય કાં પોતાના છ ચૂંટાયેલા ચુનંદા નાગરિકોને (મહાજનોને) “કેલે” નગરની ચાવીઓ સોંપવા અને જીવન ન્યોછાવર કરવા મોકલી આપે! — “પ્રજા ખાતર મરવામાં પણ હક્ક માનવાવાળા” સકળ પ્રજાજનોની હરીફાઇમાં પહેલા આવવા તૈયાર થયા. — આખું ગામ બચાવ્યું — મરવાની — મહાજનપણાની મોટાઇ ન જાણનારા ક્ષુલક માનવીઓએ ભાખ્યું કે તે બિચારા ગામ માટે મુઆ પણ ઇતિહાસ — જગતનો સદાય જાગતો ઇતિહાસ — ભાખે છે કે, માનવજાતને ભીરુતાઓથી બચાવવા તેઓ આજે પણ જગતભરમાં જીવે છે!

આ મહાજનોને આપણા આજના મહાજનો સાથે સરખાવું છું ત્યારે આજની માનભૂખી, કર્મધર્મભીરૂ, સ્વાર્થલંપટ અને બિનજવાબદાર અગડેલી સંસ્થા ઉપરથી શ્રધ્ધા અને માન ઊઠી જાય છે.

આપણી દુર્દશાનું મુખ્ય કારણ પ્રજાજીવનની રક્ષા અને ચોકી કરનારા આપણા માર્ગદર્શક અને જ્ઞાનદાયક ગુરુઓ અને વ્યવસ્થા જાળવી ભય સામે ઢાલ બનનારા મહાજનોની શિથિલતા જ છે. ‘જેનો ગુરુ આંધળો તેના શિષ્યો ખાડામાં. અને જેનો પટેલ પાગલ તેની જમાત વેરણછેરણ.’ આ તદ્દન સાચું છે.

આપણો આધુનિક સમાજ ઘણી બાબતોમાં આંખના કણા જેવી થઇ પડેલી પરદેશી સત્તા જેવો અળખામણો થઇ પડયો છે. દેશની રક્ષા કરવાને બહાને વણનોતર્યા ધરાર પટેલ થઇ જેમ પરદેશીઓએ આપણી નબળાઇ, અજ્ઞાનદશા અને આંતરકલહોનો લાભ લઇ તેને સત્ત્વહીન સ્વત્વહીન કરવા માંડયો છે તેવી જ રીતે આપણા સમાજે — સમાજના બડેખાં મહાજનોએ વ્યવસ્થા જાળવવાને બહાને, ધર્મરક્ષણને બહાને, સંસ્કૃતિ કે સનાતનતાને બહાને મનુષ્યની ઈશ્વરદત્ત શક્તિઓને અતિ અંકુશમાં રાખી મારી નાખી છે; માનવજીવન સત્ત્વહીન કરી નાંખ્યું છે. પરિણામે જેમ રાજ્યદ્વારે જેલ, માર, દંડ, દેશનિકાલે સાચી રાજવટને દૂર કરેલ છે તેમ માનવસમાજમાં—સંસારમાં તેની શક્તિને બદલે રૂઢિ, સમાજને ભાવતાઅભાવતા ફરમાનો, ધર્મની ખરીખોટી મર્યાદાઓ અને નબળાઇના આશ્વાસનરૂપ નસીબનું જ રાજ્ય છે.

સંસારમાં પેસતા વિકારો આડે વાડ કરી સામાજિક શુધ્ધતા રાખવાનું કાર્ય સમાજનું હતું, નિષ્ક્રિયતા કાઢી કર્મમગ્નતા લાવવાનું કામ સમાજનું હતું, વિકાસની આડે પડેલા અંતરાયો દૂર કરવાનું બન્ધુતુલ્ય — ગુરુતુલ્ય સ્થાન સમાજનું હતું તેને બદલે પેઠેલી વિકૃતિ કાઢવા બહારથી લવાતી શુધ્ધતા અને ઉપયોગી તત્ત્વોની આડે પણ સમાજ ભયંકર વાડ રચીને ઊભો છે. સીધા સરળ માર્ગ ઉપર અંતરાયોની અભેદ્ય દિવાલો ચણી રહેલ છે. સમાજ કોહી ઊઠયો છે. પણ “નાક જેવી નેકીલી વસ્તુ” ગૂમ થઇ ગયેલી હોવાથી કોહવાટની દુર્ગંધ સમાજને જરાપણ અકળાવતી નથી.

* * *

એક વ્યક્તિ પોતાના વ્યક્તિગત સ્વાતંત્ર્યનો ઉપયોગ કરે કે ઉપયોગ કરવાનો વિચાર વ્યક્ત કરે તેમાં જેમ પરદેશી સત્તાને પોતાના વિનાશની — દ્રોહની ગંધ આવે છે તેવી જ રીતે સમાજના બડેખાંઓ વ્યક્તિસ્વાતંત્ર્યનું પ્રાકટ્ય ભયભીત આંખે જ જુએ છે. સ્પષ્ટતા કે સ્વાતંત્ર્ય જેટલા પ્રમાણમાં વધે તેટલા પ્રમાણમાં એક રાજ્યની કે સમાજની તાલીમ કે વિકાસની ગણતરી થાય છે તે વાત બન્ને—રાજ્ય અને સમાજ—એકસરખી રીતે ભૂલે છે. સમાજ આ બાબતમાં રાજ્યસત્તા કરતાં પણ વધુ ભયંકર છે. તેથી તેવી વાતોની સામે ધર્મ, નીતિ અને એવા બીજાં તત્ત્વો રજૂ કરી માનવજીવનમાં એવો તો ભ્રમ પેસાડે છે કે, ‘કોણ સાચું’ તેનો નિર્ણય કરવાની બુધ્ધિ પણ માનવીની રહેતી નથી. ધીમે ધીમે તે પોતાના પગ ઉપર ઊભવાને બદલે બીજાના અભિપ્રાય ઉપર જીવતો થઇ જાય છે. આ ભ્રમજાળ તોડતાં તો કવિ મહારાણીશંકર કહે છે તેમ—

રૂઢી રાક્ષણી મારતાં મહાભારતો લડવાં પડે,
એ સાત કિલ્લા તોડતાં કંઇ જંગ ખેડવા પડે.
સ્વાતંત્ર્ય સાચું સાધતાં કંઇ બત્રિસા દેવા પડે,
પૂજ્ય લ્યુથર સુધારકોને આગમાં બળવાં પડે.

* * *

અબજોની આવક હોવા છતાં પણ પ્રજાહિતના કાર્યમાં રાજ્યસત્તાનું જેમ નર્યું દિવાળું જ છે તેવી જ રીતે પ્રજા પાસેથી અનેક પ્રસંગોએ, અનેક બહાના નીચે, અનેક સ્વરૂપે એકઠું થએલું નાણું ચોકખી રીતે પ્રજાના હિતમાં સમાજે હાલમાં વાપર્યું હોય તેમ કોઇ ડાહ્યો, સ્વસ્થ દૃષ્ટિવાળો માણસ તો ન જ કહે! લડાઇ, લશ્કર, દારૂગોળો, મહેલાતો અને મોટા પગાર તથા ભથ્થામાં રાજ્યના દ્રવ્યનો તેમ ધાર્મિક જલસા, ખાણીપીણી, મંદિર, મઠો, ભોજનસમારંભો અને વરઘોડા કે તેવા દેખાવો પાછળ સમાજના દ્રવ્યનો મોટો ભાગ આજે તો વહી રહેલો છે. સમાજ તંગ બનતો જાય છે — માનવી બેહાલ બનતો જાય છે તેની કંઇ પડી નથી.

રાજ્યનું નાણાંપ્રકરણ જેમ આજે પ્રત્યેક સમજુ પ્રજાજનને શલ્યની માફક સાલે છે તેમ જો આપણા સમાજહસ્તુના નાણાંનો હિસાબ અને ઉપયોગ તપાસીએ અને તેના બદલામાં મળેલા લાભનો મુકાબલો કરીએ તો હૃદયનું લોહી ઊકળ્યા વિના

ન રહે. દુનિયા કહે છે કે કોમ પાસે કરોડો રૂપિયા ફાલતુ પડયા છે–આનંદ અને કલ્યાણ માટેના પડયા છે–તે સાચું હશે? કયાં છે તેની નિશાનીઓ? તેનું તેજ પ્રજાના મોઢા ઉપર કેમ દેખાતું નથી? આનંદ અને કલ્યાણના નામને સાર્થક કરે તેવું કંઇ કેમ દેખાતું નથી? માનવજીવન ધન્ય બને એવી સંસ્થા કયાં છે? સંસ્કારમંદિર, શકિતમંદિર, પ્રગતિમંદિર કયા છે? માનવસિધ્ધિ મંદિર કયાં છે?—જો આવું કંઇ ન હોય તો પ્રજાનું કરોડોના હિસાબે ભેગું થયેલું અને થતું દ્રવ્ય કયાં છે?

જે સંસ્થાની ભીખ આપણે બીજા પાસે માગવી પડે છે, જે સાધનો વગર આપણો વિકાસ અટકયો છે, જે સહાયતા વિના છૂપાં રત્નો પ્રગટ થઇ શકતાં નથી, જે સહકાર અને યોજના વડે માનવજીવન ધન્ય બનાવી શકાય, જે બળ વડે આપણા અનેક માર્ગો ખુલ્લા થઇ શકે અને જેનાથી કર્મ–ધર્મના માર્ગ અજવાળી શકાય તે સૌ સમાજ પાસે છે, અને હતું; પરંતુ અયોગ્ય રીતે વેડફાઇ રહેલું છે. આના માટે શું? **"પ્રજાહિત નહિ તો કર નહિ"** એ જેમ રાજ્ય સામે એક જ **માર્ગ** છે, તેમ હવે સમાજના બડેખાંઓને પણ સ્પષ્ટ સંભળાવી દેવાની અનિવાર્ય ફરજ દરેક સમજુ વ્યકિતની છે. યુવકો આ કાર્ય કરી શકશે? સમાજના મોવડીઓ અને મંદિરના **માંધાતાઓને** કહી શકશે કે સંસારીઓનું હિત નહિ તો કોઇ પણ નિમિત્તે એક પાઇ પણ નહિ!

રાજ્યની આટલી જબરી આમદાની છતાં વ્યર્થ વ્યયને કારણે દેણાંનું વ્યાજ પણ પુરું ભરી શકાતું નથી, તેવી જ રીતે સેંકડો વર્ષ થયા પ્રજાનું લોહી નિરંકુશપણે ચૂસવા છતાં સમાજ ખરે પ્રસંગે ભિખારીનો ભિખારી જ છે. તેને પોતાની કહેવા જેટલી સંસ્થા કેટલી છે? થોડીઘણી હશે તો કાયમ ભીખ ઉપર નભતી હશે! અનેકના પાપને ઢાંકતા દાન ઉપર નભતી હશે! વાંઝિયાઓના વારસા ઉપર નભતી હશે! અનેક જરૂરિયાતવાળા ખરા વારસોને રડાવીને તેમ જ વેવલી વિધવાઓને છેતરીને એકઠી કરેલી મિલકત ઉપર નભતી હશે!

* * *

રાજ્યકર્તાઓની કૂટનીતિમાં એક રીત તો એવી અજબ જેવી છે કે ભલભલાને તે નમાવી નાખે છે, આપસઆપસમાં અફળાવી નરમ કરી નાંખે છે–તે Devide and Rule–ભાગલા પાડી રાજ્ય કરવું. દેશની જનતા પોતાના ભાગલા પાડવા દેવા જેટલી નબળી રહેશે ત્યાં સુધી વિદેશી રાજ્યસત્તા જવાની નથી. આપણા સમાજના થાંભલા મહાજનો પણ રાજ્યધૂરાધારીઓ જેટલી જ પોતાની સત્તા ટકાવવા આતુર છે. અને તેથી જ સર્વ પ્રકારની ચાણકયનીતિ રમી રહેલા છે. આપણા સમાજના ભાગલા પાડી, ધોળો રચી, પેટા તડાં જન્માવી. સ્પૃશ્યઅસ્પૃશ્ય, ઊંચનીચના ભેદો સૃજાવી સત્તા ચલાવે છે.

પ્રજા જ્યાં સુધી Devide થશે,–ભાગલામાં વહેંચાશે ત્યાં સુધી વિદેશીઓ Rule કરશે–રાજ્ય કરશે–સ્વરાજના સુવર્ણપગલાં નહિ થાય. તેવી જ રીતે જ્યાં સુધી સંસારીઓ ભાગલામાં વહેંચાઈ, ધોળમાં ઘેરાશે કે તડાંમાં કે વર્ગભેદના વાડામાં પડયા રહેશે ત્યાં સુધી આજના–વિનાશકાળનું મહાજનની–જુલમી આંધળી એકહથ્થુ સત્તા જશે નહિ અને વિકાસના માર્ગો ખૂલશે નહિ!

* * *

જુલમી રકતપિપાસુ જહાંગીરીને નોકરશાહી જ ટકાવી રાખે છે, તેવી જ રીતે આપણા સામાજિક વહીવટના આપખુદીભર્યા અમરપટાઓ, અને અંધવ્યવસ્થા જ્ઞાતિના ખાંધિયાઓ, ધર્મના મુખીઓ અને સ્વર્ગના એપીઆઓ જ ટકાવે છે. તેઓના માર્ગમાં જરા અગવડતા આવી, સત્તાના મિનારા ડોલી જવાની ભીતિ દેખાણી કે તુરત જેમ બેપાંચ નિર્દોષોને જુલમી તેગથી રેંસી નાખી, નીતિ અને નબળાઇ ઉપર રાજ્યના પ્રાસાદની ફકત મરામત થાય છે, તેવી જ રીતે જરા પણ વ્યવહારમાં – સત્તામાં ખલેલ લાગી તો જરૂર ધર્મની, નીતિની અને પ્રણાલિકાની તલવારથી થોડાકને દાબ્યા એટલે કામ પતી ગયું! સમાજની સત્તા નબળાઇ અને ભીતિ, દંડ કે દાબ ઉપર જ ચાલે છે, પ્રેમ ઉપર નહિ; વ્યવસ્થાની સુંદર ભવ્યતા ઉપર નહિ; ઉપયોગના આધારે નહિ.

* * *

આજે વ્યવસ્થા પીંખાવાની બીતિએ અને નમાલા નિરંકુશ ઘૂમતા નરમર્કટોના ઘર ટકાવી રાખવાની વૃત્તિએ સ્ત્રીસમાજને કચરી નાંખી છે. રખેને યુવકો પરદેશમાં જઇ વિશાળતા વહોરી લાવે, સ્વાતંત્ર્યની ભાવના ભરતા આવે અને અજડ મહાજનોનો આંધળો કારભાર ન નિભાવી લે તેટલા માટે પરદેશગમનની ઉપર પ્રતિબંધ ઠોકી દેવાય છે! ધોળની રચનામાં, લગ્નપ્રથામાં મહાજનસંસ્થાના બંધારણમાં કે જ્યાં જ્યાં જુઓ ત્યાં ત્યાં એકહથ્થુ સતા ટકાવી રાખવાનો જ પૂરો સંકલ્પ હોય છે. 'દે લાડુનો ભૂચ મુખ કદી ન ખૂલે' એ સમાજના બડબડતા પટેલોને બંધ કરવાનો સ્વ. અમૃત કેશવ નાયક લખે છે તેમ સારામાં સારો અજમાવેલો ઉપાય છે.

* * *

દેશવાસીઓ પોતાના દેશનો વિચાર કરે, પોતાના સુખદુ:ખનો વિચાર કરે, પોતાના રડતા ભાઈઓના આંસુ લૂછવાનો વિચાર કરે. આજે રાજયસત્તાને રાજ્યદ્રોહની–બળવાની ગંધ આવે છે તેમ જો આજે જ્ઞાતિજનો એકત્ર થાય, પોતાની સ્થિતિનો સ્પષ્ટપણે વિચાર ચલાવે, અનુભવીઓ પોતાનો અનુભવ વ્યકત કરે કે દુ:ખના પ્રચલિત ઉપાયોને બદલે બીજો નવો ઉપાય બતાવે કે દુ:ખી પ્રત્યે આશ્વાસનના બે શબ્દ ઉચ્ચારે તો તેમાં જ્ઞાતિદ્રોહ, સમાજદ્રોહ, ધર્મદ્રોહ કે મહાજનદ્રોહ આજે તો ભાસે છે. આ ઉપરથી એમ તો લાગે છે કે જ્યાં જ્યાં સહકાર અને પ્રેમમયતાને બદલે સત્તાનાં પગલાં પડે છે ત્યાં ત્યાં હમેશાં પ્રજાજીવનને કચરાવું જ નિર્માએલું હોય છે!

* * *

આપણું મહાજન પણ આ સંક્રાન્તિકાળમાં આપણને પરદેશી જેવું જ લાગે છે. અને જેમ પરદેશી સત્તા થોડો વખત પણ નિભાવી લેવા જેવી લાગતી નથી તેવી જ રીતે આ મહાજન સત્તાને પણ હવે તો નિભાવી લેવાય તેમ નથી જ.

સ્વાતંત્ર્ય મેળવવા જેમ આજે દેશવ્યાપી આંદોલન ચાલે છે તેવી જ રીતે સમાજ જેવી સુંદર, પ્રેમમય, કલ્યાણમય, ઉપયોગમય સંસ્થાને આપખુદોના ફાંસલામાંથી છોડાવવા, અનેક ચગદાતી માનવવ્યકિતઓને બચાવવા, અજ્ઞાનના કીચડમાં ગોથાં ખાતા અનેકને પ્રકાશમાં લાવવા, પશુતુલ્ય કે તેથી પણ નફાવટ બનાવી દીધેલા ભાઈઓને પુન: માનવ બનાવી સત્કારવા, અનેક છૂપા પાપો, અત્યાચારો, ભ્રુણહત્યાઓ, આત્મહત્યાઓ અટકાવવા, પ્રજાના દ્રવ્ય અને શકિતને નિરર્થક વહેતી બચાવવા કંઇક કરી છૂટવાની આ યુગમાં દરેક સંસારીની ફરજ છે.

યુવકો આ કડવી પણ અતિ જરૂરની ફરજ અદા કરશે? જ્યાંસુધી સમાજવ્યવસ્થા સ્વાતંત્ર્યપોષક, વિકાસવર્ધક અને કલ્યાણમય સંસ્થા ન બને ત્યાં સુધી યુગને ઓળખવાનો દાવો કરતો યુવક કેમ શાન્ત બેસી શકે? યુવકોમાં યુગને ખૂબ આશા છે. યુવકો! બહારના દુશ્મનોને કાઢો તે સાથે ઘરના ઘરફાડુઓ, આપણા વિનાશકાળના મહાજનોને જરૂર કાઢજો. નહિતર તેઓ સ્વર્ગને પણ નર્ક કરી નાખશે. અણમૂલા આત્મભોગો નિરર્થક થશે. કારણ કે વ્યકિતજીવનનો મોટો ભાગ સમાજમાં વિતાવવાનો છે.

**વ્રજલાલ મેઘાણી**

## ખાદી મોંઘી છે? (ત્રીજા પાનાથી ચાલુ)

પણ બનાવી શકીએ. પણ જ્યાં સુધી પ્રજાનો એક મોટો સમૂહ બેકાર અને ભૂખ્યો પડયો છે, અને તેની વધતી જતી કંગાલિયત, શારીરિક દુર્બળતા અને માનસિક વ્યથા જયાંસુધી હિન્દની પ્રગતિને હંમેશ રૂંધ્યા કરે છે, ત્યાં સુધી આપણે આવું કશું જ નિષ્પન્ન કરી ના જ શકીએ. જો આપણે કાંઇ યોજના કરવી જ હોય તો આજની પરિસ્થિતિના બીજે છેડેથી શરૂ કરવું જોઈશે—આપણી સામે એ પ્રશ્ન રજૂ કરવો જોઇશે કે આ દેશમાં એક પણ એવો મનુષ્ય બાકી રહે છે કે જેનામાં કામ કરવાની ઇચ્છા છે; શક્તિ છે, પણ પોતાની મજૂરીનો ઉત્પાદક ઉપયોગ કરીને એ થોડું પણ ઉપાર્જન નથી કરી શકતો.

* * *

એ દૃષ્ટિએ વિચાર કરતાં આપણને એમ ચોકકસ લાગવું જોઇએ કે દેશની અર્થવ્યવસ્થા એવી તો હોવી જ જોઇએ કે જે માણસો બેકાર હોય તેમને માટે કામ ઉત્પન્ન કરે. એવી વ્યવસ્થાથી એ માણસો જાતકમાણી સાથે જીવન-સાર્થકતાનો સંતોષ મેળવે, જીવનસમસ્તની યોજનામાં પોતાનું કાંઇક નિશ્ચિત સ્થાન છે, પોતે નક્કામા નથી એ ગૌરવ મેળવે એ ઉપરાંત કામના ફળથી દેશની સંપત્તિમાં કાંઇક ઉમેરો થાય. જો આ પ્રયત્નોને વિજ્ઞાનની સહાય હોય, સમર્થ કાર્યકર્તાઓની દોરવણી હોય, પીઢ અર્થશાસ્ત્રીઓ એ રાષ્ટ્રશક્તિને યોગ્ય વળેણ આપવા તત્પર હોય અને સરકાર—એટલે પ્રજા—પૂરેપૂરા બળથી એને ટેકો આપતી હોય તો પછી એ પ્રયત્નોનું સ્વરૂપ આજની ધર્માદાની દયામૂલક ભાવના જેવું નહિ દેખાય.

સૌને કામ આપવું એ દરેક સુધરેલી સરકારની મહત્ત્વની જવાબદારી છે. ખાદી મોંઘી છે એમ જેઓ કહે છે તેમને આ જવાબદારીનું મહત્ત્વ નહિ સમજાયું હોય. અમુક વિશાળ ઊંડી સંસ્કારિતાની ભૂમિકાના અભાવે આવા પ્રશ્નો ઊભા થાય છે એમ લાગ્યા વિના રહેતું નથી. ખાદીકામ સુવ્યવસ્થિત થશે ત્યારે તેની અને મિલકાપડ વચ્ચેનો કિંમત ફેર નહિ રહે પણ શરૂઆતથી જ એ પરિણામે ન પહોંચાય. લગભગ દોઢસો વર્ષથી જે નુકસાનકારક આર્થિક નીતિ સરકારે ગ્રહણ કરી છે તેના સમગ્ર બળને પાછું હઠાવવા માટે દરેક જિલ્લાનું પ્રજા-જીવન વ્યવસ્થિત કરવું જરૂરી થઇ પડશે. દરેક જિલ્લો પોતાની થોડી જરૂરિયાતો ઉત્પન્ન કરે એ ધોરણના પાયા ઉપર જ આ વ્યવસ્થાની ઇમારત ઊભી થઇ શકે.

કોઇ જિલ્લામાં ઉત્પન્ન થતા કાચા માલ ઉપર તેનો ઉપયોગ કરવા ઇચ્છનારાઓનો પહેલો હકક રહે અને એ જિલ્લાના ખરીદનારાઓ ઉપર એ ઉત્પાદકોનો—એ કારીગરોનો—પહેલો હકક રહે. એ જિલ્લાના બજારોમાં કોઇ પરદેશી વસ્તુને પોતાના વિનાશકારી સસ્તાપણાનું છડેચોક પ્રદર્શન કરવાની પરવાનગી જ ન મળે. આજ સુધી કારખાનાઓની સંપત્તિ અને ઉત્પાદક શક્તિનો ઉપયોગ વ્યક્તિઓએ પોતાના જ સ્વાર્થ માટે કર્યો છે. હવે જો એનો જે કાંઇ ઉપયોગ થશે તો તે રાજ્ય જ પ્રજાહિતાર્થે કરશે.

સીધી રીતે મિલ કાપડની જગા ફરજિયાત ખાદીથી પૂરવાને બદલે મિલ ફેકટરીમાંથી ઉપાર્જિત થતા ધનના પ્રમાણ ઉપર ધીમે ધીમે વધતો જતો કર નાખવાનો રસ્તો વધારે શ્રેયસ્કર છે એમ મને લાગે છે. કારખાનાનાં ઉદ્યોગોથી ઉત્પન્ન થતા ધન ઉપર આ કર નંખાય અને ગ્રામપ્રજા પ્રત્યેની પોતાની પ્રાથમિક ફરજ અદા કરવામાં જ એ કરમાંથી આવેલા પૈસાનો ઉપયોગ સરકાર કરે એમ નિયત થવું જોઇએ—કામ કરવા ઇચ્છા અને આતુરતા ધરાવનાર માણસને કોઇપણ ઉપાયે કામ પૂરું પાડવું એ કોઇપણ સુધરેલ રાજ્યની પ્રાથમિક ફરજ છે.

* * *

હિન્દમાં કેવું અમાપ દારિદ્રય છે એ કહેવું બિનજરૂરી છે. ખાદી મોંઘી છે એમ કહેનારે એક જ પ્રશ્નનો જવાબ આપવાનો છે. આ દારિદ્રય હિન્દમાં વધતું જાય છે કે નહિ? કારખાનામાં મોટા પાયા ઉપર દ્રવ્યનું ઉત્પાદન થવા છતાં પણ સમાજમાં દારિદ્રયનું પ્રમાણ વધતું જાય છે એ ભયંકર વિસંવાદથી કોઈ પણ ચોંકી ઊઠશે—એક તરફ અતિ સમૃદ્ધિ, ઉડાઉપણું, વ્યસન અને મોજશોખની લૂંટ અને બીજી તરફ ત્રાસદાયક ભૂખમરો, પ્રાથમિક જરૂરિયાતનો સદન્તર અભાવ, શારીરિક ખુવારી અને રોગો નજરે પડે છે.

આ વિનાશકારી વિસંવાદ ટાળવા માટે જેઓ કાંઇક સુસંપન્ન છે તેમનું જીવનધોરણ નીચું કરવા માટે અને જેઓ તદ્દન કંગાલ છે તેમનું જીવનધોરણ ઊંચું કરવા માટે બધા જ ઉપાયો લેવા પડશે. સુસંપન્નની પાસેથી પૈસા મેળવીને કંગાલોને આપવા પડશે પણ એકની પાસેથી સીધા લઇને બીજાને આપીને જીવનધોરણનું સમતોલન કરવું એ સૂચના તો અસ્વીકાર્ય છે, કંગાલોને કામ આપવું, એ એક જ ઉપાય રહે છે—તેમને કામ આપવું, તેમને કાચો માલ અને સાધનો આપવા, તેમનો તૈયાર થયેલો માલ ખરીદી લેવો, તે માલની વહેંચણી જિલ્લામાં સૌથી વધારે લાભદાયી ધોરણે કરવી એ એક જ ઉપાય રહે છે. એક મધ્યસ્થ કેન્દ્રમાંથી સરકારની સંપૂર્ણ સહાયથી એ આખી યોજનાની વ્યવસ્થા થાય અને નિઃસ્વાર્થી સેવાભાવી કાર્યકર્તાઓ તેના સૂત્રધાર હોય એ જરૂરી છે.

આવા ઉપાયોમાં સૌથી પ્રથમ સ્થાન ખાદીનું છે. વ્યક્તિના વ્યવહારુ જીવનમાં પસંદગી મેળવવાનો ખાદીનો હક્ક અહીં જ છે. માનવી ભાવના અને જીવમ સમસ્ત અર્થશાસ્ત્રમાં પર્યાપ્ત નથી થતું. ફરી ફરીને કેટલીએ વાર કહેવાઇ ગયું છે કે અર્થિક હેતુને દબાવવાથી અથવા છેવટે એને સંયમમાં રાખવાથી જ સમાજનું હિત સચવાય છે. તેથી ખાદી **મોંઘી છે કે નહિ** એ વિતંડાવાદ ઊભો કરવાનો કાંઇ અર્થ નથી. પ્રશ્ન તો એ છે કે ખાદી જરૂરી છે કે નહિ? અને જો જરૂરી હોય તો ખર્ચની ચિન્તા કર્યા વિના જેવી રીતે રક્ષણને માટે લશ્કરી વ્યવસ્થા ચારે તરફ પ્રસરેલી છે તેવા વિશાળ ધોરણે તે કામ સુવ્યવસ્થિત કરવું જ જોઇએ.

થોડાંક વર્ષો વીતતાં ગ્રામ વિસ્તારમાં વધારાનો માલ ઉત્પન્ન થશે અને યંત્રઉદ્યોગ અને ગ્રામઉદ્યોગ વચ્ચે કાંઇક વધારે સુમેળ અને યોગ્ય કાર્યવિભાગ થશે એમાં કાંઇ શંકા નથી. પણ આજે તો સામાન્ય ગ્રામઉદ્યોગોની તરફેણમાં અને ખાસ કરીને ખાદીની તરફેણમાં જ ત્રાજવાનું પલ્લું ખૂબ ઢળેલું રહેવું જોઇએ એમ વર્તમાન પરિસ્થિતિ માંગી પુકારી રહી છે.

# ધાર્મિક શિક્ષણ

ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન અઘરો જ છે. તેમાંય, અનેક ધર્મોના સંમેલન-સ્થાન જેવા આપણા દેશમાં તે ખાસ અઘરો બને છે. જો ધર્મસંપ્રદાયવાર શિક્ષણસંસ્થાઓ ચાલતી હોય તો કદાચ આ પ્રશ્ન એટલો અઘરો ન લાગે પરંતુ આજે મોટે ભાગે સર્વ નાગરિકો માટે સમાન ભાવે શિક્ષણસંસ્થાઓ ચલાવાય છે; તેથી નાગરિકધર્મનું કે રાષ્ટ્રધર્મનું શિક્ષણ કદાચ સહેલું બને. પરંતુ ધર્મોનું શિક્ષણ તો અશક્ય જ નહિ તો ય અટપટું અને અઘરું તો બને જ છે.

આ સ્થિતિમાંથી ગયા જમાનામાં એક એવો ઉકેલ અજમાવાયો જણાય છે કે, કોમી છાત્રાલયો ધર્મશિક્ષણનું કામ કરી શકશે, કેમ કે ત્યાં ઉપર બતાવેલું અટપટાપણું નહિ હોય. કેટલીક કોમના બુજરગો કદાચ આવા શિક્ષણનો લાભ જોઈને પણ કોમી છાત્રાલય કાઢવા કે ચાલુ રાખવા પ્રેરાયા હોય તો નવાઈ નહિ.

હવે આ યોજનામાં પણ મુસ્કેલી દેખાવા લાગી છે. જ્યાં સુધી જ્ઞાતિના જુવાન છાત્રો પોતાના બુજરગોના આચાર-વિચારમાં શ્રદ્ધાવાળા, કે તે વિષે ખાસ વિરોધ વગરના હોવાથી રૂઢિને નભાવી લેનારા હતા, ત્યાં સુધી તો કોમી છાત્રાલયની યુક્તિ કામ દઈ શકી. આજ હવે જમાનો ફર્યો છે; છાત્રોના વિચારોમાં ક્યાંક અરાજક તો ક્યાંક બંડવૃત્તિ તો ક્યાંક અશ્રદ્ધા અને શંકાવાદ વગેરે અનેકવિધ આંદોલનો જાગ્યાં છે. કારણ ગમે તે હો, પરિણામ એ આવ્યું છે કે, ધર્મશિક્ષણના જે રસ્તા યોજાય છે તેમાં એમને શ્રદ્ધા રહી નથી. છાત્રાલયોના વ્યવસ્થાપકો, જૂની પ્રથા પ્રમાણે, અમુક આચાર કે વિચાર યા ધર્મ-વિધિ ફરજરૂપે રાખે છે; એમાં તેઓ એક પ્રકારની શિસ્ત પણ જુએ છે. સામેથી છાત્રોને આ બધામાં કશું સત્ત્વ ન જણાવાથી તેઓ તેમાં મનપૂર્વક સહકાર દઈ શક્તા નથી. આથી ઉભય પક્ષે અસંતોષ અને ઊણપની લાગણી રહે છે. અને તેથી છાત્રાલયનું જીવન તેની સંસ્કારપ્રદતામાં ઓછું ઊતરે છે, એ કેળવણી પર આફતરૂપ છે.

આ એક સાચી મુસ્કેલીને લઈને "પ્રબુદ્ધ જૈન" ના તા. ૧-૮-૩૯ ના અંકમાં એક બહેનનો પત્ર ટાંકી શ્રી પરમાનંદ કાપડિયા જણાવે છે કે, "કોઈ ચોક્સ સમાધાન આપણને હજુ મળતું નથી. છાત્રાલયોમાં આજે ચાલી રહેલી પરિસ્થિતિ સંશોધન માગે છે." અને તેઓ આ બાબત 'વિધાયક વિચાર-સરણી' રજૂ કરવા વિચારકોને અને મીમાંસકોને નોતરે છે. કેળવણીમાં રસ લેનારા સૌ કોઈ તેમની આ માગણીમાં સાથ પૂરશે એમાં શંકા નથી.

૨

રાષ્ટ્રીય કેળવણીના ઉદયકાળથી ધાર્મિક કેળવણીને તેમાં સ્થાન અપાયું છે. ગાંધીજીએ તો ઇ. સ. ૧૯૧૭ માં ભરૂચ મુકામે ભરાયેલી બીજી ગૂજરાતી કેળવણીને પ્રમુખસ્થાનેથી ચાલુ કેળવણીની ટીકા કરેલી કે, "જે વિષયોની કેળવણી મુદ્દલ નથી અપાતી તે વિચારીએ. કેળવણીનો મુખ્ય હેતુ ચારિત્ર્ય હોવો જોઈએ. ધર્મ વિના ચારિત્ર્ય કેમ બંધાય એ મને સૂઝી શકતું નથી. આપણે 'અતો ભ્રષ્ટઃ તતો ભ્રષ્ટઃ' થતા જઈએ છીએ.' (જુઓ 'ખરી કેળવણી' પુસ્તકઃ પાનું ૩૮). એ ટીકાસ્થાનને સુધારીને વિદ્યાપીઠે પોતાના ધ્યેયમાં એક કલમ એવી મૂકી છે કે, "વિદ્યાપીઠની નીચે ચાલતી સંસ્થાઓમાં બધા પ્રચલિત ધર્મોને વિષે સંપૂર્ણ આદર હોવો જોઈએ અને વિદ્યાર્થીઓના આત્મવિકાસને અર્થે ધર્મનું જ્ઞાન અહિંસા અને સત્યને દૃષ્ટિમાં રાખીને આપવામાં આવશે."

આ ધ્યેયની પૂર્તિ માટે શું કરવું ઘટે એની ચર્ચા પણ ગાંધીજીએ અનેક વાર કરેલી છે. વિદ્યાપીઠમાં પણ તેને અંગે તેઓશ્રીએ પોતાના વિચારો રજૂ કર્યા છે. તે બધા અહીં ઉતારવા અપ્રસ્તુત થશે. રસ લેનાર વાચકને હું ગાંધીજીનું 'ખરી કેળવણી'નું પુસ્તક જોવા સૂચવું છું.

૩

ધાર્મિક શિક્ષણની આખી ચર્ચામાં આપણે ધર્મનો કયો અર્થ સમજીને વાત કરીએ છીએ એ મોટો મુદ્દો છે. અને ઉપરની બધી ચર્ચામાં અત્યાર સુધી એને અડકવામાં નથી આવ્યો, એ કબૂલ કરું છું. અમુક પૂજાપાઠ, અમુક આચારવિધિ, અમુક મંત્રોચ્ચાર એટલે ધાર્મિક શિક્ષણ એવો અર્થ પણ કરાય છે અને તે પાળવો સહેલો પડે છે. એક છાત્રાલયનો પ્રાતર્વિધિ મેં જોયો છે કે, સવારે ઊઠી બધા છાત્રો છાત્રાલયમાં એક દેરું હતું ત્યાં જતા. જૈન છાત્રાલયોમાં આવું દેરું સામાન્ય રીતે રખાય છે. તેની છાત્રો ત્યાં રોજ જાય એમ અપેક્ષા રખાય છે. તેની સાથે જ, ત્યાં અમુક ધર્મગ્રંથનું અધ્યયન પણ ચાલતું હોય છે. તેને માટે 'ધર્મશિક્ષક' રાખેલા હોય છે. આ જાતની ધર્મશિક્ષણવ્યવસ્થા એક અમુક ચોક્સ વ્યાખ્યાને ધોરણે કરાય છે, અને એવી વ્યાખ્યા કોમી છાત્રાલયોમાં જ નભી શકે, એ સ્પષ્ટ છે.

પણ પ્રશ્ન એ છે કે, ધર્મની એ વ્યાખ્યા લઈને ચાલી શકાય? એ વ્યાખ્યા પ્રમાણે તો ધર્મસંપ્રદાયવાર શાળા કાઢવી પડે. એ તો આજ અશક્ય ગણીને જ ચાલવું જોઈએ. તો પછી જ્યાં સર્વ ધર્મના લોક ભેગા થાય ત્યાં ધર્મશિક્ષણ આપવા માટે સર્વગ્રાહ્ય થાય એવી કોઈ પદ્ધતિ વિચારવી જોઈએ. પણ તે પરથી એમ કોઈ ન માની લે કે, હું કોઈ સાર્વત્રિક વિશ્વ-ધર્મનો એક નુસખો ખોળવો જોઈએ એમ કહું છું. કેમકે, એવો નુસખો પણ પોતે એક અલગ ધર્મ બની બેસે છે, જેમ કે થિયોસોફી, બ્રહ્મસમાજ વગેરે. ધર્મ વસ્તુ જ એવી છે, અથવા કહો કે, માનવચિત્તનો સ્વભાવ કે મર્યાદા જ એવાં છે કે જેથી આમ જ બની જાય છે. ત્યારે શાળાઓમાં ધર્મશિક્ષણ આપવું હોય તો તે બાબત શો રસ્તો લેવો જોઈએ?

૪

ધર્મશિક્ષણ જ્યારે આપણે ઇચ્છીએ છીએ ત્યારે તેમાં ત્રણ વસ્તુઓ આપણે ચાહીએ છીએ:

(૧) હિંદુ, ખ્રિસ્તી, ઇસ્લામી ઇ૦ ધર્મો કે અનુગમોના શિક્ષણનું જ્ઞાન આપણે વિદ્યાર્થીમાં ચાહીએ છીએ. એમાં ઓછું, પોતાના ધર્મનું જ્ઞાન તો તેને જોઈએ જ.

(૨) પણ ધર્મ પુસ્તકિયા જ્ઞાનનો વિષય નથી. તે આચરાવો જોઈએ. એટલે, અમુક માન્યતા મુજબ કશીક ધર્મવિધિ હોવો જોઈએ. ઉપાસના, અર્ચનપૂજન વગર ધર્મ શો? એમ કેટલાકને લાગે છે.

(૩) એક ત્રીજો વર્ગ એમ કહે છે કે, ઉપરનાં બેઉ લક્ષણો હોવા છતાં જો નીતિધર્મ ન હોય, ચારિત્ર્ય ન ખીલે, તો ઉપલાં બે અંગો હોવા છતાં પણ ધર્મનું મુખ્ય રહસ્ય જ જીવનમાંથી માર્યું ગયું ગણાય. પરંતુ, ઉપરનાં બે અંગ અને ચારિત્ર્ય વચ્ચે એવો પરસ્પર ભાવ રહેલો છે કે જેથી ગાંધીજીએ ઉપર એક જગાએ ટાંક્યું છે ત્યાં કહ્યું કે 'ધર્મ વિના ચારિત્ર્ય કેમ બંધાય એ મને સૂઝી શકતું નથી.'

જ્યારે ધર્મશિક્ષણની વાત થાય છે ત્યારે આ ત્રણેય કે તેમાંની એકાદ વસ્તુ આપણે ચાહતા હોઈએ છીએ. એ ત્રણેને

અંગે કેટલીક વિચારવા જેવી સૂચનાઓ જ ટપકાવીને આ ચર્ચાસ્પદ વિષયને તેટલે છોડવો ઠીક થશે.

(૧) એક વસ્તુ બરાબર યાદ રાખવી જોઇએ કે, જો સમાજ અને બાળકોનો સમીપમાં સમીપ સમાજ જે એનું કુટુંબ, એ ખરેખર ધાર્મિક નહિ હોય, તો તે બાળક ધાર્મિક નહિ થાય આજના સમાજની ધર્મકક્ષા સામાન્ય રીતે તેના નાગરિકોની પણ આપોઆપ બનવાની.

(૨) સામાજિક જવાબદારીનું ભાન કેળવાવું જોઇએ. આ ભાન કેળવવા માટે સમૂહ કે સમાજ સાથેની પોતાની આત્મીયતાનો અનુભવ એ સાચામાં સાચી ને સંગીન ભૂમિકા છે. બીજી ભૂમિકાઓમાં કોમી તત્વો કે ગચ્છબુદ્ધિ હોય તો તે ત્યાજ્ય ગણાય.

(૩) વિદ્યાભ્યાસ એક તપ કે સાધના છે એવી ઉગ્રતા અને તન્મયતા હોય તો ધાર્મિકતાનાં ઘણાં લક્ષણો વિદ્યાર્થી સહેજે મેળવી શકશે. આજ શાળાઓમાં શાસ્ત્રીય શિક્ષણને નામે ચાલતી સ્રોપાસના આ બાબતમાં ઘાતક થાય, એમ પૂરી ભીતિ રહે છે.

(૪) ધર્મોનું જ્ઞાન જો આપવામાં આવે તો તે પ્રત્યે આદરવૃત્તિથી તે થવું જોઇએ. તેમાં ઝનૂન કે એકાંતિક આગ્રહ ન હોવાં જોઇએ. પણ તેનો અર્થ જો તે બાબતોમાં અસ્થિરતાનું મોળાપણું કે બેપરવાઇ કે ઉપેક્ષા એવો કરવામાં કે કરી મૂકવામાં આવે તો બરાબર નથી. ઇતિહાસનું શિક્ષણ જેમ ભયંકર ને અનિષ્ટ બની શકે તેમ ધર્મનું પણ બને. પણ તેથી એને ત્યાજ્ય ન મનાવું ઘટે. પણ એના વ્યવસ્થિત વર્ગો ન રાખતાં જો પ્રસંગોપાત્ત કે પ્રશ્નો પરથી અપાય તો ઉત્તમ.

(૫) ખરી ધાર્મિકતા તો સમાજ અને શિક્ષકોના પ્રત્યક્ષ પરિચયથી જ નવનાગરિક શીખે છે. એ બે વર્ગોએ જવાબદારી લેવી ઘટે.

(૬) ધાર્મિકતાનું છેવટનું રહસ્ય સત્યનિષ્ઠ, પ્રામાણિક જીવનમાં રહેલું છે, પછી તે જીવન ભલે હિંદુ હો, ખ્રિસ્તી હો, કે મુસ્લિમ યા પારસી હો. સામાન્ય શાળાએ આવી સત્યનિષ્ઠાનું વાતાવરણ જમાવવું જોઇએ.

(૭) યુનિવર્સિટીમાં ધર્મતત્વનો સમભાવપૂર્વક અભ્યાસ થવો જોઇએ. એને ઉત્તેજન મળવું જોઇએ. અને તેનો અભ્યાસ વધારવાને માટે તે જીવંત બનવો જોઇએ.

(૮) આચારવિચારના લૂખા નિયમો ઉપર આંધળું જોર દીધા કરવાથી તે પ્રત્યે, લાંબે ગાળે જઇને, ઘૃણા જ ઊપજે. ઓછામાં ઓછું તે નિયમો પળાવનારે તો તેમાં જીવંત શ્રદ્ધા ધરાવવી જ જોઇએ. તો જ તેનાં અનિષ્ટ ફળોમાંથી બચી શકાશે. ન માનવા માગનારને પણ મનાવવું કે ન આચરવા માગનારને આચરાવવું, એ કરવા માટે અહિંસા જ, એટલે કે પોતાનું જાત-ઉદાહરણ જ, એક માત્ર સાધન છે. કશા આર્થિક કે એવા લાભ કે ડરથી ધર્મની બાબતમાં કામ ન લેવાય તો ધર્મ સુરક્ષિત રહેશે.

આ આખો પ્રશ્ન જ અઘરો છે એમ મેં શરૂમાં જ કહ્યું છે. તે બાબત કેટલીક છૂટક બાબતો જ અહીં સૂચવવાનો ઇરાદો છે, જેથી એની ચર્ચા થાય, અને એમાંથી કાંઇક તોડ શક્ય બને.

**મગનભાઇ દેસાઇ**

# મારપરાજય

"આ જ આસન પર મારું શરીર સુકાઇ જાઓ, મારા શરીરનાં ચામડી, માંસ અને હાડકાંની માટી થઇ જાઓ, પણ અનેક કલ્પોમાં મળવું મુશ્કેલ એવું મોક્ષદાયી જ્ઞાન મને ન મળે ત્યાં સુધી આ આસન ઉપરથી આ કાયા ખસવાની નથી." આવી ભીષણ પ્રતિજ્ઞા લઇ શાક્યમુનિ સિધ્ધાર્થ એક પીપળાનાં ઝાડ નીચે બેઠા. દેવો, યક્ષો અને ગંધર્વો આ અલૌકિક લોકનાયકને જોવા આકાશમાં એકઠા થયા. માર-મનુષ્યમાત્રનો માર-પોતાનું કર્તવ્ય સમજી આ પ્રતિજ્ઞા તોડાવવા કટિબધ્ધ થયો. ઘનઘોર યુધ્ધ ચાલ્યું. મારે બીક, મમતા અને પ્રલોભન બધું બતાવ્યું, પણ સિધ્ધાર્થની દઢતા આગળ મારનું કશું ચાલ્યું નહિ. સિધ્ધાર્થ મારજિત થયો, અને કૃતાર્થ થયો. બોધિનો આનંદ એટલો બધો ઉત્કટ હતો કે કેટલાયે દિવસ સુધી બુધ્ધ ભગવાનને એ સમાધિમાંથી ઊતરવાનું મન જ ન થયું.

પણ શાક્યમુનિનો ગૃહત્યાગ બોધિનો આનંદ મેળવવા પૂરતો જ ન હતો. દુનિયાનું દુ:ખનિવારણ કરવાના વિરાટ સંકલ્પથી જેની તપશ્ચર્યા શરૂ થઇ હોય તેને આમ સમાધિમાં બેસી રહે કેમ પાલવે? સમાધિને અન્તે એક અવાજ હૃદયમાંથી ઊઠ્યો: "આ દુ:ખી જનોની વેદનાનું શું?" તરત જ શંકા ઊઠી, "વેદનાનું ઓસડ મળ્યું, પણ તે લે એવા છે કોણ? મારી સાધના દુનિયાની પ્રવૃત્તિથી અવળી જ છે. એને કોણ ગ્રહણ કરે? નેવાંનાં પાણી મોભે કેમ ચડે?"

"હાય! ત્યારે શું આ અલૌકિક તપશ્ચર્યા, આ દિવ્યજ્ઞાન એળે જ જવાનું?" આકાશમાં દેવોનાં વિમાન થરથર કંપવા લાગ્યાં, સૃષ્ટિ સ્તંભિત થઇ. સાધુસંતોની આંખમાંથી દડદડ આંસુ વહેવાં લાગ્યાં. આ ક્ષણે લોકોનો ઉધ્ધાર નહિ થાય તો પછી ક્યારે થવાનો? નિરાશાનું સામ્રાજ્ય ફેલાયું. એટલામાં ચતુર્મુખ બ્રહ્મા ત્યાં ઊતર્યા. તેમના ચારે મુખનાં જુદાં જુદાં નામ છે: મૈત્રી, કરૂણા, મુદિતા અને ઉપેક્ષા. આ ચાર મુખથી સિદ્ધાર્થના હૃદયમાં બ્રહ્મા બોલ્યા: "ગૌતમ, ઊઠ! તું બુધ્ધ થયો છે, તથાગત છે, તું મારજિત થયો છે, હવે લોકજિત થા. આખી દુનિયા તારી વાટ જુએ છે. તેં શોધી કાઢેલો રસ્તો ભલે અપૂર્વ હોય, પણ તે વ્યર્થ તો નથી જ. કેટલાક લોક એવા છે કે જેઓ તારે રસ્તે ચાલશે અને તારો ઉપદેશ દુનિયામાં ફેલાવશે. તેમના પર શ્રધ્ધા રાખ અને તારા વિશાળ હૃદયની ગંભીર કરૂણાને સફળ કર!"

તથાગત ઊઠ્યા અને ધર્મચક્ર ચલાવવા માટે આ ભૂમિ ઉપર વિચરવા લાગ્યા, જ્યાં જ્યાં તેમનો પગ પડ્યો ત્યાં ત્યાં કરૂણા-અહિંસા-પ્રેમનાં કમળ ઊગી નીકળવા લાગ્યાં, અને તેમનાં વિહારની વિહારભૂમિ તેમના મંગળ ઉપદેશથી સુવાસિત થઇ.

સનાતન ઇતિહાસને પણ આનંદાશ્ચર્યમાં ડુબાડે એવી એ ઘટના થયે અઢી હજાર વરસ વીતી ગયાં, પણ ધર્મચક્ર ચાલુ જ છે. જેના હૃદયમાં તે મહાઉપદેશનો પડઘો પડ્યો છે તે દુ:ખમુક્ત થઇ જાય છે અને ફરી એકવાર મારનો પરાજય થાય છે.

**કાકા કાલેલકર**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પિપલ પ્રેસ, ૧૩૮-૪૦, મેડોઝ સ્ટ્રીટ. મુંબઇ

કિંમત દોઢ આનો　　શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર　　REGD. NO. B 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧　　મુંબઈ : શુક્રવાર ૧૫ ડિસેમ્બર ૧૯૩૯　　ગ્રાહકો : રૂ. ૨
અંક : ૧૬　　　　સભ્યો : રૂ. ૧

## અહિંસા : ૨

### ૩ : નિષ્કરુણતા

નિષ્કરુણતા એટલે કરુણા વિનાની દશા. હૃદય કોમળ ન હોવું એ તો દેખીતું જ હિંસારૂપ છે. સામે કે આસપાસ દુઃખથી કોઇ તરફડતું હોય વા કોઇના અરેકારા સંભળાતા હોય ત્યારે તેના તરફ હૃદયની કોમળતા ન દાખવાય એ તો મનુષ્યહૃદયની નિષ્ઠુરતાની હદ કહેવાય. નિષ્ઠુરતા કહો કે હિંસા કહો તેમાં કશો તફાવત છે ખરો ?

માંદા નોકરો વા અશકત પશુઓ તરફ ઘણીવાર નિષ્કરુણતાને લીધે માણસ નિષ્ઠુર બની જાય છે. જેથી કેટલીયે વાર તેઓનો સંહાર પણ થઈ જાય છે. નિષ્કરુણતાવૃત્તિ, ભાવહિંસામાંથી પેદા થઈ દ્રવ્યહિંસાને વધારેમાં વધારે પેદા કરે છે. અને તેથી જે અનિષ્ટ પરિણામ આવે છે તેનો ભોગ આખો સમાજ થાય છે. આનું ઉદાહરણ સંસારમાં ચાલતી દરેક પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષપણે અનુભવાય છે.

### ૪ : અકૃત્ય

નહિ કરવા યોગ્ય કાર્ય કરવું તે અકૃત્ય. શાસ્ત્રકારે આ પ્રવૃત્તિને હિંસારૂપ જણાવી છે. અને તે છે પણ તેવી જ. માણસ અકૃત્યથી પ્રેરાઇ પોતે અનેક પ્રકારની હિંસા કરે છે. અને તેને અનુકરણશીલ બીજાઓ પણ હિંસામાં પ્રવર્તે છે માનસિક, વાચિક અને શારીરિક અકૃત્યની પ્રવૃત્તિ અસંયમની જેટલી જ હિંસારૂપ છે. આ પ્રકારે શાસ્ત્રકારે હિંસાની વ્યાખ્યા કરતાં એના અનેક પર્યાયો જણાવી હિંસાના સ્વરૂપની ચોખવટ કરેલી છે. છતાં માત્ર વનસ્પતિ કે માત્ર નાના નાના જીવજંતુઓ તરફ આપણે લક્ષ્ય કરી ખરા અહિંસક થઇ શકતા નથી. અહિંસક થવાની શરૂઆત તો અંદરથી કરવી જોઈએ. મન, ઇન્દ્રિય અને શરીરનો સંયમ કેળવવા લક્ષ્ય કરવું જોઇએ, એ સંયમ કેળવવાથી પ્રાણરક્ષારૂપ અહિંસા આપોઆપ પ્રગટ થવાની. પણ પહેલેથી માત્ર બાહ્ય હિંસા તરફ જ લક્ષ્ય રાખવાથી અંતરંગ હિંસા મટાડવી મુશ્કેલ પડે છે. વળી શાસ્ત્રકારે હિંસાના જે જે ભાવો ઉપર જણાવ્યા છે તેમાં મુખ્યતઃ અંતરંગ હિંસા રોકવાનો ખાસ ઉદ્દેશ છે.

અંતરંગ અહિંસાને સાધતો મુમુક્ષુ પોતાની મર્યાદા જોઇ જીવરક્ષાની પ્રવૃત્તિમાં પડે તો તો શોભારૂપ છે. અન્યથા કેટલીક વાર તો એ જીવરક્ષાની પ્રવૃત્તિ હાંસીરૂપ થઇ જાય છે. ઉદાહરણ તરીકે એક કુટુંબી ગૃહસ્થ પોતાનાં બાળકોને કેળવવાની બાબતમાં બેદરકાર રહે છે. પોતાના કુટુંબની વિધવા બહેનને પાવિત્ર્ય જાળવવાપૂર્વક પોષવામાં દુર્લક્ષ કરે છે, જે સમાજમાં તે વસે છે તે તરફ તે લાગણીશૂન્ય બને છે, એટલું જ નહિ પણ જે ભૂમિ સાથે તેના અન્ન–જળનો સંબંધ છે તે ભૂમિ અને તેમાં વસનારા માનવીઓ તરફ તે સર્વથા ઉપેક્ષાવૃત્તિ દાખવે છે. આવો એ ગૃહસ્થ માછલાં છોડાવવા કે ક્યાંકની બેચાર ગાયોને બચાવવાની પ્રવૃત્તિને અહિંસાની અવધિ માનીને બેસી રહે તો તે જિનાગમની દૃષ્ટિએ બરાબર છે કે કેમ તે અવશ્ય વિચારણીય છે. વર્તમાનમાં તો મર્યાદાનો વિચાર કર્યા વિના અહિંસક જનતા અને અહિંસાની સંસ્થાઓ દોડધામ કરીને જીવરક્ષાની પ્રવૃત્તિ કરી રહી છે. તેથી કેટલા જીવ બચે છે, તેનો કોઇ સરવાળો કાઢે તો ખબર પડે કે એ પ્રવૃત્તિ અહિંસારૂપ છે કે અહિંસાભાસ છે

કુસંસ્કારને દૂર કરી જેમાં સુસંસ્કારો નાખી શકાય એવો એક માત્ર મનુષ્યપ્રાણી છે. એ મનુષ્યને સુસંસ્કારી બનાવાય એટલે તેના તરફથી આહિંસાની પ્રવૃત્તિ આપોઆપ ઓછી જ થવાની. એ પ્રમાણે જેમ જેમ મનુષ્યસમાજમાં વધારે સુસંસ્કારો ફેલાય એવી પ્રવૃત્તિ, એવા આચરણો અને એવું વાતાવરણ વધારીએ તેમ તેમ અહિંસાધર્મનો વધારેમાં વધારે આચાર–પ્રચાર વધવાનો. આ જોતાં અહિંસાની દૃષ્ટિએ તેના પ્રવૃત્તિક્ષેત્ર રૂપ પહેલો મનુષ્યપ્રાણી પસંદ કરવા જોગ નથી ? આ વિચાર નવીન નથી પણ મનુષ્ય દેહને દુર્લભ બનાવી શાસ્ત્રકારે આપણને એ માટે વારંવાર ચેતાવ્યા છે.

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ઉપર્યુક્ત રીતે જે રીતે હિંસાનું સ્વરૂપ વર્ણવ્યું છે તે ઉપરથી હિંસા વિરુદ્ધની પ્રવૃત્તિનો અર્થાત્ અહિંસાના સ્વરૂપનો ખ્યાલ આવી શકે એમ છે. ઉપર્યુક્ત હિંસા જે પ્રવૃત્તિમાં ન હોય તેનું નામ અહિંસા છે, સંયમ છે, તપ છે.

સંયમ અને તપ એ બન્ને અહિંસાના અંગો છે અને અહિંસામાંથી પ્રગટેલાં છે. સંયમ અને તપ ન હોય તો અહિંસાની પાલના થઈ શકતી નથી. જેમ જેમ માનસિક, વાચિક અને કાયિક સંયમ અને તપની વૃધ્ધિ તેમ તેમ અંતરંગ અને બાહ્ય બન્ને પ્રકારની અહિંસાની વૃદ્ધિ અને પરિણામે આત્મશાંતિ ઉપરાંત સંસારમાં પણ શાંતિ ફેલાવાની અને એ રીતે જ અહિંસા ધર્મની અધિકાધિક વૃદ્ધિ થવાની.

### ૫ : લોભ

લોભને શાસ્ત્રકારે હિંસાના પર્યાયરૂપે જણાવેલો છે. લોભ કરનારો એમ સમજતો હોય કે હું તો પૈસા ખરચી આરંભ–સમારંભ કરતો નથી. મળે તેવું મોળુંમીઠું ખાઉં છું. કપડાં પણ એવાં જ પહેરું છું. અને સાધારણ ઘરમાં રહું છું. એટલે હું ઓછામાં ઓછો હિંસક છું. ત્યારે શાસ્ત્રકાર લોભને હિંસારૂપ બતાવીને લોભીને મહાન હિંસક જણાવે છે.

હજારોના કોળીઆ ખૂંચવી, હજારોને નાગા રાખી અને ઘર વિનાના કરી લોભીએ સંપત્તિ એકઠી કરેલી હોય છે. એથી જ એ સંપત્તિ પ્રાણીઓના રક્તરૂપ છે. સંતાનોને અશિક્ષિત રાખી તેમની આખી જિંદગી બરબાદ કરનાર અને રોગી રાખી જિંદગી પર્યંત અશક્ત રાખનાર લોભી હિંસક નથી એમ કોણ કહેશે ?

પરવસ્તુને સ્વરૂપ સમજવાથી લોભ પ્રગટે છે. અને પરવસ્તુમાં જેમ જેમ આસક્તિ વધે છે તેમ તેમ લોભ વધતો જાય છે. તે એટલે સુધી કે ચમડી તૂટે પણ દમડી ન છૂટે એ દશા પણ આવી જાય છે. લોભને લીધે માતા, પિતા, સ્ત્રી, પુત્ર વગેરે સ્વજનોનો નાશ કરતાં પણ લોભી અચકાતો નથી. આ સ્થિતિ આજે પણ પ્રત્યક્ષ છે. એ લોભવૃત્તિને લીધે સમસ્ત સંસારમાં ચારે ખૂણે અશાંતિ ફેલાઇ રહી છે. એ વૃત્તિને લીધે અનેક પ્રકારના છળકપટ અને પ્રપંચો પ્રવર્તી રહ્યાં છે. શાંતિસ્થાપક મોટી મોટી સંસ્થાઓ પણ એક માત્ર લોભને લીધે નિષ્ફળ નીવડી છે. જે જે પ્રવૃત્તિમાં લોભનો પ્રવેશ છે, તે બધી પ્રવૃત્તિઓ પરિણામે સમાજની સંહારક નીવડેલ છે, નીવડે છે. ધનના લેભની પેઠે પ્રતિષ્ઠાનો લોભ, શિષ્યોનો લોભ, વિદ્યાને બ્હાને પુસ્તકોનો લોભ વગેરે અનેક પ્રકારનો લોભ પણ અશાંતિનો જનક છે. દુઃખનું કે કષાયોનું મૂળ લોભમાં છે એમ કહેવું જરાય અનુચિત નથી. લોભની પેઠે ક્રોધ પણ એટલો જ સંહારક છે. એ બંને કષાયો માનસિક અને વાચિક વિશુધ્ધનો વિઘાત તો કરે જ છે; પણ એનાથી શરીરનો પણ સંહાર થાય છે. કષાય કરનારનું શરીર સંતપ્ત રહ્યા કરે છે. લોહી પણ વિકૃત થાય છે. તેથી છેવટે મગજ દૂષિત થઈ એ કષાયના ભોગ થએલા લોકો ચીડિયા અને અડધા ગાંડા જેવા બની જાય છે. અને આંતર કે બાહ્ય હિંસા તેથી વધ્યા કરે છે. માટે જ લોભ જેવી હત્યારી વૃત્તિઓને શાસ્ત્રકારે હિંસારૂપ જણાવી છે.

### ૬ : ગુણવિરાધના

આત્માના સ્વભાવભૂત ક્ષમા, સમભાવ વીતરાગતા, નિર્ભયતા, સત્ય વગેરે ગુણોની વિરાધના એટલે જેમનામાં એ ગુણો પ્રગટેલાં છે તે તરફ અવિનીતપણું દાખવવું અથવા પોતામાં એ ગુણો જે પ્રયત્નથી પ્રગટે તેવા પ્રયત્ન કરવા તરફ ઉદાસિનતા સેવવી અને ઊલટું એ ગુણોનું વિરાધન થાય એવી પ્રવૃત્તિમાં મચ્યા રહેવું વા એવી પ્રવૃત્તિને ધર્મને નામે ચડાવી ભુલાવામાં પડવું. ખરી રીતે વિચારીએ તો આ ગુણવિરાધનાની વૃત્તિ જ ભયંકર હિંસારૂપ છે. તેથી જ સંસારમાં પ્રપંચ, કલહ, સંઘર્ષણ વગેરે અનર્થકારી પ્રવૃત્તિ ચાલી રહી છે. ધર્મને નામે, વ્યાપારને નામે, કોમને નામે, સંપ્રદાય કે ગચ્છને નામે, ધાર્મિક ક્રિયાકાંડોને નામે, રાજવ્યવસ્થાને નામે, શિક્ષાપ્રચારને નામે, ગુરુપૂજાને નામે દેવપૂજાને નામે એમ અનેક પ્રકારે જે વાગ્યુદ્ધ, માનસિક સંતાપ અને શારીરિક યુદ્ધો પ્રવર્તી રહ્યાં છે તેનું કારણ આ ગુણવિરાધના જ છે. એટલે એ રીતે જોતાં એ ગુણવિરાધના વધારેમાં વધારે હિંસારૂપ છે.

(અપૂર્ણ) **બેચરદાસ દોશી**

---

## અમદાવાદ યુવકસંઘને ધન્યવાદ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘની કાર્યવાહક સમિતિએ તા૦ ૧૦-૧૨-૩૯ ના રોજ મળેલી સભામાં અમદાવાદમાં અયોગ્ય દિક્ષાના બનેલા બનાવો પ્રત્યે ઘૃણા દર્શાવનારો અને એ બાબતમાં અમદાવાદ જૈન યુવકસંઘે ઉપાડેલી હિલચાલ અને કરેલા કાર્ય માટે તે સંઘને ધન્યવાદ આપવાનો ઠરાવ કર્યો છે.

## લીલોતરીનો ત્યાગ

"આજકાલ જૈન સમાજમાં લીલોતરીનો ત્યાગ કરવાનો રિવાજ ખૂબ જોર કરી ગયો છે. જૈન ધર્મના સ્વરૂપને સમજ્યા વિના, સમ્યકત્વ કે મિથ્યાત્વની મુદ્દલ પરવા કર્યા વિના, લીલોતરીનો ત્યાગ કરવાથી સાચા જૈન બની જવાતું હશે એમ તેઓ માની લે છે. બીજ, પાંચમ, આઠમ, ચૌદશને દિવસે અને પર્વ તિથિઓમાં તો શાક-ભાજી કે લીલોતરીનો ત્યાગ કરવો જ જોઇએ એવી આપણે ગાંઠ વાળી લીધી છે. એવા ત્યાગથી જીભની લોલુપતા ઓછી થતી હશે એમ જો કોઇ માને તો લીલોતરી સૂકવીને, નિરાંતે સૂકવણીમાંથી શાકનો રસ લેનારા પણ પડયા છે એ હકીકત તરફ એમનું ધ્યાન ખેંચવું જોઇએ. અન્ય ધર્મીઓ જ્યારે આ લીલોતરીની સૂકવણીનો કોઠીઓ જુએ છે અને આપણી દલીલો સાંભળે છે ત્યારે એમને જૈન ધર્મનો અહિંસાવાદ બચ્ચાંઓની રમત જેવો જ લાગતો હશે." આવી મતલબની પ્રસ્તાવના સાથે, બાબુ સૂરજભાનુજી વકીલે "અનેકાંત" માસિક-(વર્ષ ૨, કિરણ ૯-૧૦)માં એક લેખ પ્રકટ કર્યો છે. વિક્રમની પહેલી, બીજી સદીથી માંડી દસમી, અગિયારમી ને બારમી સદી સુધીમાં થઇ ગયેલા સમર્થ જૈન આચાર્યોના ગ્રંથોમાંથી અવતરણો રજૂ કરી, શુધ્ધ શ્રધ્ધાવાળા શ્રાવકની ત્યાગ સંબંધી મર્યાદા એમણે સ્પષ્ટપણે બતાવી આપી છે. શાસ્ત્રીય સમીક્ષાનો ઉપસંહાર કરતાં તેઓ કહે છેઃ

"એ રીતે પુરાણ શાસ્ત્રો પૂરેપૂરા તપાસી લીધા પછી પણ પહેલી પ્રતિમાવાળા શ્રાવકને માટે લીલોતરી એટલે કે એકેન્દ્રીય સ્થાવર કામના ત્યાગનો વિધિ કયાંઇ દેખાતો નથી. એમણે ફરીફરીને સમ્યકત્વની શુધ્ધિ ઉપર જ ખાસ ભાર મૂકયો છે. પાછળના આચાર્યોએ માંસ, દારૂ, મધ અને ઉદુમ્બર ફળનો ત્યાગ કરવાની, અહિંસાની દષ્ટિએ હિમાયત કરી છે—એ પછી ક્રમે ક્રમે એમાં માખણ અને ફૂલોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ સ્થાવરકામ એકેંદ્રિય-લીલી વનસ્પતિ કે શાક-પાનના ત્યાગનું વિધાન કયાંઇ લાધતું નથી. પહેલી પ્રતિમાનો ધારક દાર્શનિક શ્રાવક અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો ચોથા ગુણઠાણે વર્તતો અવિરત સમ્યગ્ દષ્ટિ, એકેંદ્રિય જીવની હિંસાથી બચી શકે એવી એની સ્થિતિ જ નથી હોતી. પહેલી પ્રતિમાનો ધારક તો ઠીક, પણ અહિંસા અણુવ્રતનો ધારક પણ એકેંદ્રિય સ્થાવર જીવોની હિંસાથી બચી શકતો નથી."

હવે જે માણસ પહેલી પ્રતિમાનો ધારક પણ નથી—જે પોતાને સમ્યકત્વી તરીકે ઓળખાવવાનો દાવો નથી કરતો તેના લીલોતરીત્યાગનો અર્થ શું હોઇ શકે ? જે જીવ-અજીવ, પાપ-પુણ્ય, આશ્રવ સંવર, બંધ કે નિર્જરાને પણ સમજતો નથી, જે શાસ્ત્રીય ક્રમ પ્રમાણે શ્રધ્ધાની શુદ્ધિ અને આચરણાને તાલબધ્ધ રાખી શકતો નથી ને લીલોતરીના ત્યાગનો દેખાવ કરે તો એક રીતે દંભ જ સેવે છે—અથવા તો રુઢિની ગુલામી ગળામાં પહેરી લઇ ધર્મને હાસ્યાસ્પદ બનાવે છે એમ જ કહેવું પડે.

બાબૂ સૂરજભાનુજીએ (૧) અવિરત સમ્યગ્ દષ્ટિ (૨) અહિંસા-અણુવ્રત અને (૩) ભોગોપભોગ પરિમાણવ્રતની દષ્ટિથી આ વિષય પ્રમાણપુરઃસર ચર્ચ્યો છે, ત્યાગને પણ એનો સ્વાભાવિક, શાસ્ત્રીયક્રમ હોય છે, એમ બતાવવાનો એમણે પ્રયત્ન કર્યો છે, દુઃખની વાત તો એ છે કે ઘણીવાર જે શુદ્ધિ કે ત્યાગનો રંગ આપણા અંતરમાં નથી હોતો તે કૃત્રિમપણે બહાર દેખાડવાનો આપણે મિથ્યા પ્રયાસ કરીએ છીએ. જે ઘરમાં આપણે રહેતા હોઇએ તે ઘર અનેક પ્રકારની ગંદકીથી બદબો મારતું

હોય અને છતાં આપણે આસોપાલવના તોરણ બાંધી કે ફૂલની માળાઓથી શણગારી, સ્વચ્છતા અને કળાના ઉપાસક હોઇએ એવો આડંબર કરીએ તો એ નરી છેતરપીંડી જ ગણાય. ત્યાગમાં કોઇને છેતરવાનો કે વસ્તુસ્થિતિ છુપાવવાનો હેતુ ન હોઇ શકે. શ્રી. સૂરજભાનુ, ભારે સંતાપ સાથે એક સ્થળે કહે છે કે: “જે લોકો જાનવરો ઉપર પણ દયાભાવ બતાવી શકતા નથી, કૂતરા–બિલાડા કે ગાય–ભેંસને નિર્દયતાપૂર્વક મારવામાં જરાયે સંકોચ નથી કરતા, પોતાની પુત્રીનો ભવ બગાડવામાં જેમને મુદ્દલ અરેકારો નથી હોતો, ગરીબ–કંગાળ વિધવાનાં ઘરબાર વેચાવીને પણ કારજ કરાવવામાં જેઓ આગળ પડતો ભાગ લે છે અને ધન કમાવા માટે સાચું–ખોટું કરતાં પાછું વાળીને જેઓ જોતા નથી તેવાઓને પણ હું જ્યારે લીલોતરીનો ત્યાગ કરતા જોઉં છું ત્યારે આ લોકો જૈન ધર્મના ત્યાગની જાણે કે મશ્કરી જ કરતા હોય એમ મને લાગે છે.”

ગમે તેમ પણ સમજણપૂર્વક કે સમજણ વગર ત્યાગ કરે છે તેમનો એ ત્યાગ શું આપણી સ્તુતિ કે અનુમોદના નથી માગી લેતો? એમ કોઇક પૂછશે. પહેલી વાત એ છે કે ત્યાગ-ભાવનામાં અકસ્માત ભરતી આવે એ વાત યુક્તિ અને બુદ્ધિ સાથે અસંગત છે. એટલે કે જીવનમાં સામાન્ય શુદ્ધિ કે સંસ્કારના અંશો પણ ન હોય અને છતાં અસામાન્ય ત્યાગ બતાવવાનો દેખાવ થાય ત્યારે એકડિયાનો અભ્યાસી આચાર્યની પરીક્ષામાં બેસવાનો ઉદ્યમ કરતો હોય એમ લાગે. બીજી વાત એ છે કે કૂડ–કપટ, જૂઠાણા અને પ્રપંચમાં ગળા સુધી ડૂબી રહેલો માનવી લીલોતરીનો ત્યાગ કરે છે ત્યારે પોતાની રસલોલુપતા ઉપર જેવો જોઇએ તેવો અંકુશ તે મૂકી શકી શકતો નથી. લીલોતરીને સ્થાને એ દુર્જર કઠોળનો અભિષેક કરે છે અને પરિણામે એ અનારોગ્યને આમંત્રે છે.

લીલોતરીનો ત્યાગ કોઇ કરી શકે યા ન કરી શકે એ પ્રશ્નને એક બાજુ રાખીએ પણ લીલોતરીને બદલે કેવળ ખેસારુ લોકોને માટે ભયરૂપ મનાતી વાલ–ચણા જેવી વસ્તુઓ અથવા તો એમાંથી બનતી વસ્તુઓનો છૂટથી ઉપયોગ કરવો એ તો બકરીને બદલે ઊંટને દાખલ કરવા જેવું અથવા તો મિત્રને બદલે દુશ્મનને ઘરમાં ઘાલવા જેવું અનિષ્ટ છે, એ વાત હજી આપણાથી પૂરી સમજાઇ નથી. જેઓ આજના આહાર અને આરોગ્યના ધોરણો વાંચતા–વિચારતા શીખ્યા છે અને લીલી વનસ્પતિમાં રહેલા પ્રાણપોષક તત્ત્વો સંબંધી કંઇક જાણે છે તેમને ફળ–ફૂલ અને શાક–ભાજીના ખોરાકની ઉપયોગિતા સમજાવવાની જરૂર નથી. જૈન સમાજ આહાર સંબંધી પુનર્ઘટનામાં પણ ઘણો પછાત રહ્યો છે અને તેથી જ “એક હાથમાં ઝોળણી (દેરાસર લઇ જવાની ચોખા–બદામની નાની થેલી) અને બીજા હાથમાં દવાની શીશી” એ આપણા ધર્મશ્રદ્ધાળુઓ–સ્ત્રીઓ અને પુરુષો–નું એક સામાન્ય લક્ષણ બની ગયું છે.

ત્યાગ–સંયમની ક્રમે ક્રમે પ્રગતિ કરતાં, આંતરશુદ્ધિને કેળવતાં જેઓ લીલોતરીના ત્યાગની ઊંચી કક્ષાએ પહોંચ્યા છે તેઓ સાચે જ સ્તુતિ અને ભક્તિને યોગ્ય છે; એમને માટે અહીં કંઇ જ કહેવા જેવું નથી, પરંતુ શ્રી૦ સૂરજભાનુજી કહે તેમ જેઓ માત્ર દેખાદેખીથી, રુઢિવશ બની, એવો ત્યાગ કરવા પ્રેરાય છે અને જ્યાં એવો ત્યાગ નથી ત્યાં જૈનત્વ નથી એવી કાગારોળ કરી મૂકે છે તેઓ પોતાને અને જૈન દર્શનને પણ અન્યાય કરે છે. શાસ્ત્રીય યુક્તિ તથા પ્રમાણો અવધારવા જેટલી જેમની શક્તિ નથી, એટલો સમય નથી તેમને સારુ શ્રી૦ સુરજભાનુજીએ ઉપસંહારમાં જે નિષ્કર્ષ નીચોવ્યો છે તે હવે પછીના લેખમાં રજૂ કરવામાં આવશે. —ભી૦

# છેલ્લા વાચનાચાર્ય

## (એક દર્શન)

પટણાના પ્રથમ ધર્મસંમેલન પછી મથુરામાં શ્રીમાન્ સ્કંદિલાચાર્યે શાસ્ત્રવાચના કરી. પણ તેમાં શાસ્ત્રો લિપિબદ્ધ થયાની હકીકત સ્પષ્ટ કે અસ્પષ્ટ દેખાતી નથી. શાસ્ત્રોની પરંપરા કંઠસ્થ ચાલી આવતી હતી અને તેને કંઠસ્થ રીતે જ વધારે સંકલિત કરવામાં આવ્યાં હશે એમ લાગે છે.

પણ આજ જે આગલો–શાસ્ત્રો–સૂત્રો–આપણી સમીપ મોજુદ છે, જે આપણને વારસામાં મળ્યાં છે તે તો ત્યાર પછી કેટલાય કાળે થયેલા વ્યવસ્થિત લિપિબદ્ધ સંસ્કરણનું પરિણામ છે.

શ્રીમાન્ સ્કંદિલાચાર્યજી પછી કેટલોક કાળ વીતી ગયો હતો, મહાવીરનિવાર્ણને હજાર વર્ષ થવા આવ્યાં હતાં, વિક્રમનો છઠ્ઠો સૈકો બેસી ચૂકયો હતો, મહાસંત ઇસુનો પાંચમો સૈકો અધવારી ચૂકયો હતો એ સમયે વલ્લભીપુર નગર એક વાર પતન પામીને ફરી સમૃદ્ધિને શિખરે ચડવાનો આરંભ કરી ચૂકયું હતું. ગૂર્જર સામ્રાજ્યનું એ પ્રથમ પાટનગર વ્યાપાર, કલા–સૌંદર્ય અને શૌર્યથી તેમ જ ધર્મધીરતા, ધર્મશોધકતા અને ધર્મ-સહિષ્ણુતાથી શોભી રહ્યું હતું.

એ નગરનાં મહામંદિરો એની કલાની શાખ પૂરતાં હતાં, એના વ્યાપારની સાત્વિક ધમાલ અને એનાં સમુદ્રપર્યટનો એની સાહસિક વ્યવહારકુશળતાની ઝાંખી કરાવતાં હતાં અને એની ધર્મચર્ચાઓ ગૂર્જરોની નાડમાં વહેતા સર્વધર્મસમભાવનાં દર્શન કરાવી રહી હતી.

એ નગરના મધ્યભાગમાં એક ઉપાશ્રય હતો. એમાં ન હતાં આડંબરનાં ચણતર કે કળાને નામે ખર્ચાળ બને એવાં મકાનનાં રૂપ. છતાં તેમાં સુંદરતા હતી. સાદા હવાઉજાસથી ભર્યા ભર્યા અને મોટા ચોગાનવાળા એ અતિ વિશાળ ઉપાશ્રયમાં મનભર મોહકતા ભરી પડી હતી. જે કલા કલામંદિરોને ચણતરની વિવિધ અને કુશળ કારીગીરીના શણગારથી શોભાવી રહી હતી, તે જ કળા ઉપાશ્રયને સાદાઇની સુંદરતાથી શણગારી રહી હતી અને સ્વાભાવિકતાને પણ શરમાવી રહી હતી.

અતિ મોટી પરશાળવાળા અને ખાસ વિશાળ ચોગાન-વાળા એ ઉપાશ્રયમાં એક તેજસ્વી પુરુષ બેઠો હતો. એની મુખમુદ્રા ગંભીર ને ચિંતનશીલ લાગતી, એની આંખો નિર્મલ નિશ્ચલ દેખાતી, એની ભુજાઓ ચેતનશાળી અને જયણાશીલ હતી અને એનાં ચરણો સંયમશીલ, ઉપયોગશીલ હતા તેમજ બેઠાડુપણાંના દોષથી મુક્ત જણાતા હતા.

એનો દેહ કોઇને પણ ખપ ન લાગે એવાં જીર્ણ, જાડાં, સફેદ વસ્ત્રથી ઢંકાયેલો હતો, એનો ચોળપટ્ટો અને એનું ઉત્તરીય (પછેડી) બંને જીર્ણ છતાં સ્વચ્છ હતાં, સ્વલ્પાલ્પમૂલ્ય છતાં સુઘડ હતાં. એનાં પરિધાન કહેતાં હતાં કે એને શરીરશોભાનો કે વસ્ત્રસુંદરતાનો કે મુલાયમપણાનો શોખ ન હતો; પણ એ માત્ર શુદ્ધ સંયમનો જ ખપી હતો. એને આકર્ષક સાફાઇ કે ઝીણી કુમાશ નહોતાં ગમતાં પણ ધર્મકરણી માટે, વ્યક્તિ અને સમાજ ખાતર ખપજોગી સભ્ય દેહરક્ષા માત્ર તેમણે આવશ્યક ગણી હતી.

એની આસપાસ એટલી જ સાદાઇવાળું અને સંયમશીલ શિષ્યવૃંદ શાંત ચિત્તે, પ્રમોદપૂર્વક સ્વાધ્યાય–અભ્યાસ–કરતું બેઠું હતું. શિષ્યોને ભણાવવા એને અન્ય પંડિતોની વિદ્યા વેચાતી લેવાની જરૂર જણાતી ન હતી.

એની પાસે વ્યાખ્યાનસમય સિવાય–સંઘકાર્ય માટેના ટાણાં વિના કે શાસ્ત્રસદ્બોધના ચર્ચાત્મક અવસર વગર શ્રાવકોનું ટોળું કદી બેસતું દેખાતું નહિ, એને વાતોડીઆવેડાની ટેવ જ નહતી. (અનુસંધાન સાતમે પાને)

सच्चस्स आणाए उव्ट्ठिओ मेहावी मारं तरई ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

ડિસેમ્બર, ૧૫ ૧૯૩૯


## આવતી આંધી

### વળી પાછી દીક્ષા!

આટલા ઉગ્ર પ્રચાર અને વડોદરા રાજ્યની અયોગ્ય દિક્ષાની અટકાયત કરનારા કાયદા પછી એમ આશા રાખવામાં આવી હતી કે દિક્ષાધેલા સાધુઓની સાન કાંઈક ઠેકાણે આવી છે અને અયોગ્ય દિક્ષાના બનાવો હવે સમાજમાંથી નાબૂદ થયા છે. કેટલાંક વર્ષો પહેલાં અમદાવાદ ખાતે ભરાયલાં મુનિસંમેલનમાં વડોદરા રાજ્યના પડધારૂપે પસાર કરવામાં આવેલ દિક્ષાને લગતો ઠરાવ પણ આ જ બાબતનો અમુક રીતે સૂચક હતો.

પણ એ આશા અને એ કલ્પના પાયાદાર નહોતી એમ આજકાલ અમદાવાદમાં બની રહેલા દીક્ષાને માટે ભગાડવામાં આવતા છોકરાઓને લગતા કિસ્સાઓ ઉપરથી સિદ્ધ થાય છે. તાજેતરમાં આવી દિક્ષા અપાયેલ બે સાધુઓમાંથી એકનું સંસારી નામ છન્નાલાલ ગોપાળદાસ છે અને તેનાં માબાપ વગેરે અમદાવાદ શાહપુરમાં રહે છે. બીજાનું નામ શંકર પટેલ છે, જે દિક્ષા લીધા પહેલાં કોઇને ત્યાં ઘરકામની નોકરી કરતો હતો. દિક્ષા આપનાર સાધુ 'સુરિચક્ર–ચુડામણિ' શ્રીસાગરાનંદજીના શિષ્ય દેવેન્દ્રસાગર છે. એકની ઉમ્મર આશરે વીશ વર્ષની છે, બીજાની ઉમ્મર આશરે સોળ વર્ષની છે. પ્રગટ થયેલા સમાચાર મુજબ તે બંનેને છૂપી રીતે સાબરમતીના કાંઠા ઉપરના સાધારણ રીતે અગોચર ભાગ ઉપર દિક્ષા આપવામાં આવી છે. બંનેના માબાપ હયાત છે, તેમની કે સંઘની કશી સંમતિ લેવામાં આવી નથી. આ બાબતમાં અમદાવાદનો જૈન યુવકસંઘ તનતોડ મહેનત કરી રહેલ છે અને એક છોકરાને તો એના માબાપને પાછો સોંપાવેલ છે. આ રીતે બીજી દિશાએથી પણ આવી દિક્ષાઓ અપાવાની તૈયારીઓ સંભળાઇ રહી છે.

દિક્ષા સંબંધમાં જૈન સમાજમાં ચાલી રહેલી અરાજકતાનો હવે અન્ત આવવો જ જોઈએ. આ અરાજકતા ખાસ કરીને જૈન સમાજના શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં જ પ્રવર્તતી જોવામાં આવે છે. દિગંબર સમાજમાં કે સ્થાનકવાસી સમાજમાં અઘટિત દિક્ષાના પ્રસંગો ભાગ્યે જ સાંભળવામાં આવે છે. ચિરતિરસ્કૃત તેરાપંથી સંપ્રદાયમાં પણ દિક્ષા આપવાના સંબંધમાં સખ્ત પ્રકારનું નિયમન અને શિસ્તપાલન અખત્યાર કરવામાં આવ્યું છે. જૈન ધનવાનને જેટલો કરોડપતિ થવાનો મોહ હોય છે તેટલો જ કોઈ 'આચાર્ય સમ્રાટ' કે 'સુરિચક્ર ચુડામણિ'ને ૧૦૮ શિષ્યો કરવાનો મોહ વળગેલો દેખાય છે. ચોર જેમ કયા ઘરમાં કેમ દાખલ થઈને શું વસ્તુ ચોરી શકાય તેમ છે તેની જ ચીવટમાં ચોતરફ પોતાની નજર ફેરવતો રહે છે તે જ રીતે આજના શિષ્યઘેલા જૈન સાધુની નજર કયા છોકરાને કયાંથી ભગાડી શકાય તેમ છે તે ઉપર જ લાગેલી હોય છે. વાણિયો બ્રાહ્મણ નહિ તો કણબી, કોળી, કુંભાર જે છોકરો મળે તેને આવા સાધુ મૂંડી નાખવા હંમેશા તત્પર હોય છે. જે નિકટમાં નિકટ રહીને સેવા કરતા હોય તેની જ આંખમાં ધૂળ નાંખીને તેના છોકરાને ભગાડયાના દાખલાઓ અનેકવાર બનતા સાંભળ્યા છે. જેને તમે આવતી કાલે આખા જૈન સમાજને વંદન–યોગ્ય બનાવો છો તેની યોગ્યતાનો કશો વિચાર જ કરવાનો નહિ. આજે જે રખડતોરઝળતો છે–જેને વાંચતા કે લખતાં આવડતું નથી–જે નવકારમંત્ર પણ શુધ્ધ રીતે બોલી શકતો નથી, તેને ભોળવીને સાધુવેશ પહેરાવી દેવામાં આવે છે અને આવતી કાલથી તે 'ધર્મલાભ' પોપટની માફક બોલવા લાગે છે. સડેલા સાધુવર્ગમાં આમ પાંચ દશ વધ્યા કે ઘટયા તેનો વિચાર આપણે બાજુએ રાખીએ પણ માબાપની સંભાળ નીચે ઉછરતા કાચી ઉંમરના છોકરાને આવી રીતે ઝૂંટવી લેવાનો–ભોળવીને નસાડવાનો–જેનામાં ક ખ ગ ઘ પણ સમજવાની તાકાત નથી એવી જૈનદિક્ષા જેવા આજીવન કઠિન વ્રતથી તેને બાંધી લેવાનો–કોઇ પણ સાધુને જરા પણ હકક નથી. જૈન સાધુ આ આચારમર્યાદા ઓળંગીને અહિંસા અને સત્યનું–સભ્યતા અને સામાજિક સર્વસ્વીકૃત વ્યવહારનું–ખૂન કરે છે. કેટલાક સાધુઘેલા જૈનો આ તો ધર્મની બાબત છે–એમાં સાધુઓને ફાવે તે કરવા દેવું જોઈએ–આપણાથી તેમાં વચ્ચે ન પડાય–આવી ગાંડી વાતો કરે છે અને ધર્મના નામે ભોળી જનતાને છેતરે છે. પણ આવી વાતો કરનારા સમજી લે કે આમ છોકરાઓ ભગાડવા, લોકોના સંસાર ભાંગવા, નાલાયક માણસોને–બેકાર અને ભુખમરાના ભોગ બનેલા નિરૂદ્યમીઓને–સાધુવેશ પહેરાવીને પ્રતિષ્ઠિત સ્થાને બેસાડી દેવા–આ બધું કેવળ સામાજિક વિદ્રોહ છે અને તે કોઇ પણ શિષ્ટ સમાજ નિભાવી શકે જ નહિ. કરવો કેવળ સામાજિક અત્યાચાર અને તેને ભળતા રૂપિયા માફક ધાર્મિકતાનો ઓપ આપી તેની ઉપર ઔચિત્યની છાપ મારવી એ નર્યું પાખંડ અને ધૂર્તતા છે. તેઓ એ પણ સમજી લે કે આજની જનતા જાગ્રત છે અને ધર્મના નામે છેતરાય તેવી રહી નથી. આ કાર્યોથી તેઓ જે સંસ્થાની સેવા કરવા ધારે છે તે સંસ્થાનાં માન, મોભો દરજ્જો–સર્વનો લોપ થવાનો છે અને આજે જે સાધુ ગૃહસ્થના ઘરે સન્માનાય છે, અને સાદર ભિક્ષા પામે છે તે આવતી કાલે હડધૂત થવાનો છે. માટે હજુ પણ આવી સમાજ અને કુટુંબને છિન્નભિન્ન કરતી અઘટિત દિક્ષાઓ દેવાથી સાધુઓ અને તેમના અનુયાયીઓ અટકે અને સાધુ સમાજને પાયમાલીથી બચાવે. નહિ તો પછી તેમનો વિનાશ-લેખ તો કયારનો યે લખાઇ ચૂકયો છે.

### યુવકો, સાવધાન !

આજે પાછા કેટલાક જૈન સાધુઓ અને સાધ્વીઓ છોકરા-છોકરીઓને ભગાડીને દિક્ષા આપવાની પેરવીમાં પડયા દેખાય છે. સંભવ છે કે આપણી વર્તમાન નિષ્ક્રિયતા અને મંદતા જોઇને તેમના પગમાં વધારે જોર આવ્યું હોય અને આજે જે ધારશું તે થઇ શકશે એમ તેઓ માનતા થયા હોય. આ માટે આજે યુવકોએ સાવધાન થવાની જરૂર છે અને આવા સામાજિક અને ધાર્મિક અત્યાચારનો સખ્ત સામનો કરવાની અસાધારણ અગત્ય ઊભી થઇ છે. અઘટિત દિક્ષા સામેના વિરોધનો ઇતિહાસ જૈન સમાજની યુવકપ્રવૃત્તિ સાથે ગાઢપણે સંકળાયલો છે. એ વિરોધમાંથી ઊભા થયેલા આંદોલને આખા સમાજમાં ભારે ખળભળાટ ઉત્પન્ન કર્યો હતો અને સમયની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સામાજિક તેમ જ ધાર્મિક બાબતોમાં જે રાજ્ય અનેક કાયદાઓ ઘડતું આવ્યું છે તે વડોદરા રાજ્યે અયોગ્ય દિક્ષાની અટકાયત કરનારો કાયદો કર્યો એ ઉપર જણાવેલ ભીષણ આન્દોલનનું જ યશસ્વી પરિણામ હતું. આજે આપણી નિદ્રાનો લાભ લઇને દબાયલો રાક્ષસ ઊભો થયો છે

અને અયોગ્ય દિક્ષાનું તાંડવ આરંભે છે. એટલા માટે આળસ અને પ્રમાદ છોડીને સૌ કોઇએ સચેત થવાની એકાએક જરૂર ઊભી થઈ છે. એક પણ સાધુ કે સાધ્વી છૂપી રીતે કે જાહેર રીતે કોઇ પણ છોકરા કે છોકરીને દિક્ષા આપવાની હિંમત ન કરે એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવી તે આપણું પરમ કર્તવ્ય બને છે. કાળ અને વિચારપ્રવાહ આપણને અનુકૂળ છે. જરૂર છે આપણને આપણી શિથિલતા અને મન્દતાથી મુક્ત થવાની. આશાઃ છે કે આજનો યુવક સક્રિય બનીને આવા બનાવોનો પૂરેપૂરો સામનો કરી બતાવશે.

## એકતાનો પ્રયત્ન અને આજની પરિસ્થિતિ

આજ કાલ અયોગ્ય દિક્ષાના બનાવો સાંભળવામાં આવતા નહોતા એ ઉપરથી આ પ્રશ્ન ઉપર બે કક્ષા ઉપર ઊભેલા બે વર્ગને કોઇ પણ પ્રકારની માંડવાળ કરીને એકત્ર કરવાનો પ્રયત્ન કોઇ કોઈ દિશાએથી થઇ રહેલો સંભળાય છે. આ પ્રયત્નના પ્રયોજકો આ તાજેતરના બનતા બનાવો ઉપરથી ધડો લે અને સંભાળીને આગળ વધે. જ્યાં સુધી શિષ્યો વધારવાના છંદથી અને આવ્યું તેને યોગ્યતા કે અયોગ્યતાનો વિચાર કર્યા સિવાય, કશી પણ તાલીમની અપેક્ષા કર્યા સિવાય અને નજીકના સગાંવહાલાંની સંમતિની પરવા કર્યા સિવાય મૂંડી નાખવાની વૃત્તિથી સાધુઓ મુક્ત ન થાય ત્યાં સુધી આ પ્રશ્ન ઉપર એકતા કોઇ કાળે સંભવતી નથી. આ બાબતમાં યુવકોની નીતિ સ્પષ્ટ છે. આજના સાધુમાનસને શિષ્યઘેલછાથી મુક્ત કરવું અશક્ય છે; દિક્ષા લેવામાં નહિ પણ દિક્ષા અપાવવામાં જ ધાર્મિકતાની પરિપૂર્તિ માનનાર તેમના અનુયાયી વર્ગને પણ નવા વિચાર તરફ વાળવો અતિ મુશ્કેલ છે. આજે આ બાબતમાં જે દિશાએ વડોદરા રાજ્યે પગલું ભર્યું છે તે દિશાએ અન્ય રાજ્યોએ તેમજ સરકારે સખ્ત પગલાં ભરવાની જરૂર છે એમ આજના યુવકો માને છે. આપણા દેશમાં જૂની પ્રથા અને રૂઢિઓની એવી જડ એટેલી છે અને ધર્મના નામે એટલી બધી અનિષ્ટ પરિસ્થિતિ વર્ષો થયા ટકી રહી છે કે તેનો વિનાશ રાજ્યના અનુશાસન સિવાય અન્યથા શક્ય છે જ નહિ. સતી અને બાલલગ્ન આ રીતે અટક્યાં. આજે દિક્ષાના નામે ચાલી રહેલો સામાજિક અત્યાચાર આ રીતે જ અટકવો જોઇએ. તેથી આ દિશાએ સિદ્ધાન્તના ભોગે કશી માંડવાળ શક્ય નથી એટલું એકતા-પ્રયોજકો સમજી લે તો ખોટી આશા અને કલ્પના ઉપર તેમની શક્તિ અને લાગવગનો ખર્ચ ન થાય અને એકતાની વધારે વ્યવહારુ અને સંગીન ભૂમિકા શોધવામાં તેમને સરળતા થાય.

**પરમાનંદ**

# સામયિક સ્ફુરણ

## વરુધેટાનો ન્યાય

સામ્યવાદી રશિયાએ આટલાં વર્ષ સુલેહશાન્તિ અને અનાક્રમણ રાજદ્વપતિના ખૂબ બણગા ફૂંકેલાં. કોઇ દેશે અન્ય દેશ ઉપર આક્રમણ કરવું નહિ, આક્રમણ કરીને મેળવેલા હક્કો જતા કરવા, દરેક દેશ બને ત્યાં સુધી પોતા ઉપર જ નિર્ભર રહે; પોતાની જરૂરિયાતો પોતે જ ઉત્પન્ન કરે અને બિનજરૂરી માલ મોટા પ્રમાણમાં ઉત્પન્ન કરી બીજા દેશો ઉપર લાદે નહિઃ આવી અનેક શાણી શાણી વાતો કરી રશિયાએ જગતભરમાં એવી એક ભ્રાન્તિ ઉત્પન્ન કરી હતી કે સાચી શાન્તિ કોઇ ખરેખર ચાહતું હોય તો તે રશિયા અને ત્યાંની રાજ્યપધ્ધતિ જ છે એમ સૌ કોઇને લાગે. દબાયલા દેશો અને છૂંદાતી પ્રજાઓ રશિયા સામે આશાની મીટ માંડીને જોવા લાગી હતી-એમ કલ્પીને કે રશિયાને તો પોતાની સીમા કે સત્તા-વિસ્તાર વધારવાનો જરા પણ મોહ નથી એટલું જ નહિ પણ પરાધીનતાગ્રસ્ત અન્ય દેશોને સ્વતંત્ર બનાવવામાં બની શકે તેટલી મદદ કરવાને તે હંમેશાં આતુર છે. પણ યુરોપની પરિસ્થિતિમાં ફેરફાર થયો, અને જર્મની અને મિત્રરાજ્યો વચ્ચે વિગ્રહનાં મંડાણ મંડાયા કે રશિયાએ ધાર્મિકતા અને અનાક્રમણનો લેબાશ બાજુએ મૂકી દીધો અને એક પછી એક નાના દેશો ઉપર આક્રમણનો જોરદાર પંજો ફેલાવવા માંડયો. લીથુનીઆએ, લેટવીઆએ, એસ્થોનીઆએ, એક પછી એક પોતાના માથાં નમાવી દીધાં અને રશિયાએ માગ્યું તે આપી દઇને છુટકારાનો દમ ખેંચ્યો. પછી વારો આવ્યો ફિન્લેન્ડનો. ફિન્લેન્ડે રશિયાનું માગેલું આપવાની ના કહી. એટલે ફિન્લેન્ડનું પ્રધાનમંડળ દુષ્ટ છે, પ્રજામતનું સાચું પ્રતિનિધિ નથી, આવાં એક યા બીજાં બહાને ચઢાઈ કરી. પરિણામે રશિયા આજે ફિન્લેન્ડનો ગ્રાસ કરી રહ્યું છે અને આસપાસના દેશો-નોર્વે, સ્વીડન, ડેન્માર્ક અને હોલેન્ડને ભયભીત બનાવી રહ્યું છે. આજે જે સ્થિતિ ફિન્લેન્ડની તે આવતી કાલે બાકીના દેશોની. યુરોપમાં થોડાક મહિનાથી આરંભાયલા હત્યાકાંડનું આ નવું પ્રકરણ આથી પણ વધારે ભીષણ અને ભયાનક પ્રકરણોની આગાહી આપે છે.

## કોમી ઝેરપ્રચાર

થોડા દિવસ પહેલાં હું લખનૌ હતો ત્યારે ત્યાં જે પ્રાન્તોમાં મુસલમાન બહુમતિના અંગે મુસલમાન પ્રધાનોનો રાજ્યવહીવટ છે તે પ્રાન્તોનું એક મુસલમાન પ્રતિનિધિમંડળ લખનૌમાં આવ્યું હતું. જે જે પ્રાન્તોમાં કોંગ્રેસની બહુમતી હતી તે તે પ્રાન્તોના મુસલમાનો પ્રત્યે સહાનુભૂતિ દાખવવાના આશયથી આ પ્રતિનિધિમંડળ ઊભું કરવામાં આવ્યું છે અને 'મેજોરીટી પ્રોવીન્સીઝ ગુડવીલ ડેપ્યુટેશન'ના નામથી પોતાને ઓળખાવે છે. આ પ્રતિનિધિ મંડળનું મુસલમાનો તરફથી લખનૌ ખાતે મોટું સ્વાગત કરવામાં આવ્યું હતું અને મોટા સરઘસના આકારમાં તેને આખા શહેરમાં ફેરવવામાં આવ્યું હતું. સાંજે મોટી જાહેરસભા હતી. આખા સરઘસનું વાતાવરણ અને જાહેરસભામાં થયેલાં ભાષણો કોમી ઝેરવેરથી ભરેલાં હતાં. હિંદુઓ વિરુધ્ધ અને કોંગ્રેસની વિરુધ્ધ ફાવે તેમ બોલવું-જે વધારે અતિશયોક્તિ કરી શકે તે વધારે માનનીય-સત્ય કે સભ્યતા જાળવવાની કશી પરવા જ ન મળે. કોઈ ઠેકાણે વન્દેમાતરમ ગીત ગવાયું, કોઇ ઠેકાણે રાષ્ટ્રધ્વજ ચઢાવવામાં આવ્યો, કોઇ ઠેકાણે રાષ્ટ્રીય મહાસભાએ લીગના પ્રતિનિધિ સામે ઊભા રહેલ હિંદુ પ્રતિનિધિને ટેકો આપ્યો, કોઇ ઠેકાણે હિંદી ફરજિયાત કરવામાં આવી કે વર્ધાશિક્ષણ યોજના દાખલ કરવામાં આવી, વગેરે અનેક બહાનાં શોધવાં ને આ બધાને કોંગ્રેસના અત્યાચારો-અને જુલ્મ તરીકે વર્ણવવા. આવો કેવળ ગંદકીથી ભરેલો પ્રચાર જોઇ કોઇ પણ રાષ્ટ્રપ્રેમી માણસને અસાધારણ વેદના થયા વિના ન રહે. મુંબઇ આવીને સાંભળ્યું કે શ્રી. મહમદઅલી ઝીણાએ ડિસેંબરની બાવીશમી તારીખને મુસલમાનોના મુક્તિદિન તરીકે ઉજવવાની જાહેરાત બહાર પાડી છે. કોંગ્રેસના જુલ્મમાંથી ભિન્ન ભિન્ન પ્રાન્તની મુસલમાન પ્રજા મુકત થઈ એ ખાતે ઇશ્વરનો ઉપકાર માનવા સ્થળે સ્થળે સભાઓ ભરીને ઠરાવો કરવાનું તેમાં કહેવામાં આવ્યું છે. આ પણ ચોર કોટવાળને દંડે એવી જ કોઇ નીતિ અખત્યાર કરવામાં આવી છે. કેટલાક વખતથી ઉત્તર હિંદુસ્તાનમાં 'ખાકસાર' નામની એક હિલચાલ ચાલી રહી છે આ હિલચાલનો બાહ્ય આશય તો મુસલમાનોને સંગઠીત કરવાનો કહેવામાં આવે છે પણ તેનું સ્વરૂપ ભારે ભયસૂચક લાગે છે, તેની રચના નાઝી કે ફેસીસ્ટ

# માતાની હાય

શ્રી૦ અમદાવાદ જૈન યુવક સંઘના મંત્રી જણાવે છે કે શંકર પટેલ નામનો સોળ વર્ષનો છોકરો જેને મુનિ દેવેન્દ્રવિજયે છૂપી રીતે દિક્ષા આપી હતી તેને છોડાવીને યુવક સંઘના કાર્યકર્તાઓએ તેના સગાંવહાલાંઓને સુપ્રત કર્યો હતો. તે છોકરાએ વળી ત્યાંથી નાસીભાગીને દેવેન્દ્રવિજય પાસે ફરીને દિક્ષા લીધી છે એવા સમાચાર તેઓને મળ્યા છે. વિશેષમાં સંઘ તરફથી એક ભાઇને અમદાવાદ પાસે જેતપર ગામમાં રહેતી તેની મા પાસે મોકલવામાં આવેલ હતા. તે બાઇએ 'જૈન સાધુઓને ચેતવણી' એ નામનો એક પત્ર અને તે ગામના પોલીસપટેલ અને બીજા એક ગૃહસ્થની સાક્ષીમાં કરેલું નિવેદન આપ્યું છે જે આ નીચે અમો પ્રગટ કરીએ છીએ. નિવેદનમાં રજુ થયેલી ચોંકાવનારી હકીકતો વિષે વિશેષ ટીકા લખવાની જરૂર નથી.

–તંત્રી

## બાઇ દિવાળિનું સ્ટેટમેન્ટ

મહેરબાન જૈન યુવક સંઘના મંત્રી સાહેબ જોગ. અમદાવાદ.

નીચે સહી કરનાર બાઇ દિવાળી તે પા. ગલા ડોસાની ઓરત.

જત આપના તરફથી તા. ૪-૧૨-૩૯ ના રોજની બહાર પડેલી પત્રિકા મેં વાંચી છે તેથી આપનું ધ્યાન નીચેની બાબત ઉપર ખેંચુ છું. મારો છોકરો નામે શંકર છેલ્લાં ચાર વરસથી નોકરી કરતો હતો, તે દરમિયાન અમને એવી ખબર મળી હતી કે શાહપુરમાં એક મહારાજ છે તે મારા છોકરાને જૈન સાધુ બનાવવા માગે છે. ત્યાર પછી અમે તપાસ કરતા તેને દીક્ષા લીધેલી માલમ પડી જેથી અમો તાબડતોડ અમદાવાદ આવી અમારા છોકરા શંકરને અરૂણ સોસાયટીના નજીકના રસ્તા ઉપરથી અમો જેતપર લઇ આવેલા. ત્યાર બાદ અહીંયાં બે દિવસ રહી તા. ૬-૧૨-૩૯ ને બુધવારના રોજ કોઇને ખબર આપ્યા સિવાય જેતપરથી પાછો દીક્ષા લેવા માટે નાસી ગયેલો છે.

મારો છોકરો શંકર બે દિવસ રહ્યો તે વખતે મને એમ કહેતો હતો કે બા, શા માટે ચિંતા કરે છે! મહારાજ પાસેથી રૂપિયા બે હજાર અપાવીશ એમ મને એ રીતે લાગે છે કે એ જૈન સાધુએ મારા છોકરાને કંઇક લાલચમાં નાખી દીધેલો હોવો જોઇએ. તેથી મારી પાસે રજા માગતો હતો, એ બે દિવસના તેના વસવાટ દરમિયાન એમ કહેતો હતો કે બા, આ કોરા કાગળિયા ઉપર અંગૂઠો પાડી આપ અને ખોટું—સર્ટીફીકેટ અપાવ. મેં તેને અંગૂઠો ન કરી આપ્યો તથા સર્ટીફીકેટ ન અપાવ્યું, તેથી મને કહ્યા વગર ખેતરમાં જવાનું નામ દઇ નાસી ગયો છે જેથી હું કફોડી સ્થિતિમાં આવી પડી છું કે મારે શું કરવું? કોઈ આધાર નથી. હું વિધાવા છું. તેમ નાનાં-નાનાં છોકરાંઓ આશરે ઉમર ચાર પાંચ વર્ષના ત્રણ છોકરાંઓ છે, તેમ એક છોકરી છે તેની ઉમર ૧૦ દશ વર્ષની છેં. તે બધાંએ બાલકો હાલમાં ભણે છે જેથી મારે કોઈ આવક નથી. અને એક શંકરના પગારની દર માસની રૂ. ૨-૮-૦ અંકે રૂપીઆ અઢીની આવક તથા જેતપર જેવા નાના ગામમાં દરણું હાથે દળી મારૂં તથા મારા બાલકોનું ગુજરાન ચલાવું છું. એટલે બધીએ મારો આધાર મોટા છોકરા શંકર ઉપર છે. તો આપ એક ગરીબ વિધવા ઓરત ઉપર દયા લાવી મને મારો છોકરો શંકર પાછો મારે ત્યાં આવે એવી દરેક જાતની આપ ગોઠવણ કરી આપશો અને આ એક નિરાધાર વિધવા બાઇ ઉપર અંધાર્યા આવી પડેલા આફતમાંથી ઉગારશો. નહિતર મારા માટે કૂવા તળાવ સિવાય રસ્તો નથી.

મારા છોકરા શંકરની ઉમર આશરે વર્ષ ૧૬ સોળની છે અને તેને કંઇપણ ધર્મનું જ્ઞાન નથી ને ચાર ચોપડી ગુજરાતી ભણેલ છે. અને તેને તેની બાર માસની ઉંમરે પરણાવેલો છે, તેને અંગે રૂપિયા એક હજારનું દેવું છે. તો આપ ઉપરની બધીએ હકીકત ધ્યાનમાં લઈ આ એક નિરાધાર બાઇને આફતમાંથી છોડાવશો ને મારો છોકરો મને પાછો અપાવશો જેથી આપનો મારી જિંદગી સુધી આભાર નહિ ભૂલું.

એ જ. મેં મારી રાજીખુશીથી મારી ઉપર લખેલી સાચી હકીકત રજુ કરી છે તે બદલ મેં મારા ડાબા અંગૂઠાનું નિશાન બે માણસોની રૂબરૂ કરી આપ્યું છે તે અમારે કબૂલ છે.

(૧) **પા. માધાભાઈ શામળદાસ**ની સહી
દ: પોતે. બાઈ દીવાળીએ મારી રૂબરૂ અંગુઠાનું નિશાન કર્યું છે.

> બાઇ દીવાળીના અંગુઠાનું નિશાન છે.

(૨) **પા નથુ શંકર** ની સહી દ: પોતે.
બાઇ દીવાળીએ અંગૂઠાનું નિશાન કર્યું છે.

## જૈન સાધુઓને ચેતવણી

હું નીચે સહી કરનાર બાઇ દિવાળી તે પા. ગલા ડોસાની વિધવા જત આથી તમામ જૈન સાધુઓને ચેતવણી આપું છું કે મારો છોકરો નામે શંકર કે જેના ઉપર મારો આધાર છે તેને કોઇ પણ સાધુ દીક્ષા આપશે અગર કોઇપણ શ્રાવક તથા હિંદુ દીક્ષા અપાવવામાં મદદ કરશે, તેના ઉપર કાયદેસર પગલાં લઇશ તથા તેના ખર્ચના તમામ પૈસા તેની પાસેથી વસૂલ લઇશ તે આ પત્રિકાથી જાણવું. એ જ તા૦ ૧૧-૧૨-૩૯.

> બાઈ દીવાળીના અંગુઠાનું નીશાન છે.

બાઇ દીવાળી તે પા. ગલા ડોસાની વિધવાની સહી દ. ડાહાલાલ મોદી. બાઇ દીવાળીએ મારી રૂબરૂ અંગુઠાનું નિશાન કર્યું છે.

---

સંસ્થાઓને મળતી છે. સખ્ત શિસ્ત અને નિયમન. હમણાં જ એક ખાકસાર સભ્યને ભોપાળમાં શિસ્તભંગ માટે જાહેરમાં કોરડાથી મારવામાં આવેલો. તેઓ ચોક્કસ યુનિફોર્મ પહેરે છે અને પાછળ પાવડો બાંધે છે. આ સંસ્થામાં હજારોની સંખ્યામાં મુસલમાનો જોડાઇ રહ્યા છે. આવા કટોકટીના વખતમાં, જ્યારે એકત્ર અને એકરૂપ બનવાની સૌથી વધારે આવશ્યકતા છે ત્યારે, રાષ્ટ્રશરીરમાં એવા ઉપદ્રવો ઊભા થઇ રહ્યા છે કે જેનાં માઠાં પરિણામોની આજે કશી કલ્પના થઇ શકતી નથી. એક બાજુથી આ બધું જોઇને આપણું લોહી ઉકળી આવે છે; બીજી બાજુએ જેઓ આ પ્રકારનું કોમી વૈમનસ્ય ચોતરફ વિસ્તારી રહ્યા છે તેઓ આપણામાંના જ છે એ જોતાં આપણી બુદ્ધિ મૂઢ બને છે અને વાણી અવાક બની જાય છે. આટલું બધું વેરઝેર શા માટે? અને કોના લાભ માટે? જે દિવસને મુક્તિદિન તરીકે ઉજવવાનું ઝીણા કહે છે તે મુક્તિદિન હશે કે 'અમે અમારૂં રાજ્ય નથી માંગતા પણ અમારી ઉપર સરકારી રાજ્ય અમર રહે' એવી આપણી શરમ અને નાલાયકી જાહેર કરનારો એ દિવસ હશે–એટલો પણ વિવેક આજે ઝીણા ગુમાવી બેઠેલા છે. આજે ઊભા થતા કોમી વમળમાંથી પરમેશ્વર બચાવે તો જ દેશ બચે.

**પરમાનંદ**

## છેલ્લા વાચનાચાર્ય (ત્રીજા પાનાથી ચાલુ)

એક વેળા એને કાંઈક વિચાર આવ્યો, એનો ચહેરો ઘડિવાર ખિન્ન થઇ ગયો, એની આંખો વધારે નિશ્ચળ અને ઘેરી બની અને તે ઊંડા વિચારમાં લીન થઇ ગયો. એનો શિષ્ય-સમુદાય ઘડીકવાર આ દૃશ્ય જોઇને સ્તબ્ધ થઇ ગયો અને અવાક બની રહ્યો. પછી એક વડા શિષ્યે વિનયપૂર્વક ધીરે રહીને હાથ જોડીને પુછ્યું:

"મહારાજ! હમણાં હમણાં આપ ઉદ્વિગ્ન જણાઓ છો. કૃપા કરીને કહેશો? આવો ઉદ્વેગ શાનો છે દેવ?"

"તાત, ખબર છે ને કે ઓછીવધારે પીડાથી ભરેલ દુકાળી હજી ગઈ કાલે જ વીતી છે? એને પ્રતાપે આપણી સ્મરણ શક્તિ ઘટી ગઇ જણાય છે. તેમ અન્ય મુનિઓની યાદદાસ્ત ઘટી જતી દેખાય છે. એટલે સૂત્રોને મૂળ સ્વરૂપે કંઠાગ્ર રાખવાનું કાર્ય સૌ કોઇને માટે અશક્ય બનતું જાય છે."

"પણ પ્રભો! એને માટે આટલો બધો વિષાદ કરવાથી શું વળે?"

"બાપ! એ વિષાદનું કારણ એ છે કે મને ભય પેઠો છે કે આ વધતી જતી વિસ્મૃતિ–ધારણા શક્તિની ખામી–સાધુઓને પીડવા લાગી છે તે ટાળી નહિ ટળે. આ દુકાળીએ એ સ્પષ્ટ કરી દીધું છે."

"પણ એમાં એ દુકાળીને આટલું મહત્ત્વ શા માટે આપવું? પંચમઆરાનો પ્રભાવ હવે દેખાવાનો છે તો ઉદાસ થયે શું વળે? બનવાનું છે તે બન્યાં જ કરશે."

"તાત! છદ્મસ્થતાનો દોષ હવે વધતો જવાનો, ધારણા શક્તિ ઘટવાની અને તેથી સ્મૃતિદોષ થતાં વાદવિવાદ અને મમત વધવાનો. પાંચમો આરો કઠણ છે એમ માનીને હાથ જોડીને બેસી રહેવાનો નિયતિવાદ જૈનોથી પોષી શકાય નહિ. કઠણ આરાનાં કઠણ કાર્યોની કિંમત પણ અમૂલ્ય બની રહેશે."

"તાત! દુકાળી તો મહાનિમિત્ત બની છે. અશક્ત સંસારીઓ કે મોહાંધ માનવો જેને બેદરકારીથી ઉવેખે તેનો ચકોર સાધુ તો ભાવિ કલ્યાણમાં સફળ ઉપયોગ કરે. માટે આપણે પણ આ દુકાળીના નિમિત્તથી ચેતી લેવું ઘટે."

"દેવ! આપ શું સૂચવો છો?"

"જો! વલ્લભીપુરને દુકાળી બહુ નડી નથી. અહીંનો સંઘ સેવાપરાયણ અને સર્વધર્મસમભાવી તેમજ સરળ છે, તેથી આપણે અહીં સર્વ સાધુઓને આમંત્રણ આપીએ અને શાસ્ત્રોને લિપિબદ્ધ કરીએ. હવે શાસ્ત્ર કંઠાગ્ર કરીને સાચવવાની રૂઢિને બદલવી પડશે. આ ભયંકર દુકાળી સૂત્રોને કંઠસ્થ રાખવાની રૂઢિને પલટાવવાનું નગારું છે. આવતી કાલે સંઘની આજ્ઞા લઇને, સંઘની ઇચ્છા જાણીને, તેની અનુજ્ઞા મેળવીને આપણે આપણું કાર્ય શરૂ કરી દઇએ."

આટલું કહીને એ મુનિશ્રેષ્ઠ ઊભો થયો. સંઘ મળ્યો અને આમંત્રણપત્રિકાઓ લખાઇ ગઇ. નાના અને મોટા, વિદ્વાન અને પંડિત, અનુભવી અને જાણકાર સર્વ મુનિઓને વિનતિ-પત્ર મોકલાઈ ગયાં.

આમ એ મુનિશ્રેષ્ઠે દુકાળીની પીડાથી સ્મૃતિદોષ વધ્યો તે જાણી લીધું અને તેને તેને લીધે શાસ્ત્રરક્ષણ વિપત્તિમાં આવી પડશે એમ પણ સમજી લીધું. તેથી તેનો ઉપાય કરવા તેણે વલ્લભીપુરના સંઘની આજ્ઞા લઇને સર્વ સાધુઓને સૌરાષ્ટ્રની ભૂમિને આંગણે નોતર્યા.

દેશવિદેશથી સાધુઓ ઉતાવળા ઉતાવળા વિહાર કરીને આવવા લાગ્યા અને એ ક્ષમાશ્રમણ ગણિવરે તેમને સૌને ભાવ-ભીનો આવકાર આપ્યો,

સાધુપરિષદ્ બેઠી. એક બે ત્રણ દહાડા નહિ, દિવસોના દિવસો. નહોતું એ તમાસાનું સંમેલન કે નહોતી એ ઠરાવોના ઠાઠમાઠની પરિષદ્; નહોતો એ કોઈ ધામધૂમનો ઉત્સવ કે નહોતી એ કોઇ મહાપર્વની ઉજવણી: એ તો હતી ભગવાન મહાવીરના નામનાં હૈયાસ્મરણ કરી કરીને તેને ચરણે–શરણે તપતપીને, હજાર વર્ષ પહેલાં તેણે ઉચ્ચારેલાં સત્યોને સાચવવા માટે, એ એકલમલ અહિંસકની હજાર વર્ષ પહેલાંની હજારો હૈયે સંઘરેલી અને હજારો જીભે બોલાતી અહિંસા અને સત્યનો અજોડ આદેશ સુણાવતી સૂત્ર–વાણીને સ્મરણલુપ્ત થતી અટકાવવા માટે અને એ અમૃતવારસો જગતને આપવા માટે એકત્ર થયેલી સાદાઇના અવતારો સમી તપોનિધિ મહાત્માઓની સાધુસભા.

(અપૂર્ણ)

પોપટલાલ પું. શાહ

## વ્યોમ વિહાર

### પૂર્વરંગ

થોડા સમય પહેલાં મને ભાવનગરથી મુંબઇ એરોપ્લેનમાં બેસીને આવવાનું બન્યું. એરોપ્લેનનો આ મારો ચોથો પ્રવાસ હતો. મારા માટે જીવનમાં સાથી વધારે રોમાંચક વસ્તુ હોય તો તે પ્રવાસ છે. આમાં પણ એરોપ્લેનદ્વારા આકાશઉડ્ડયન કોઇ જુદો જ અનુભવ છે. આપણે એરોપ્લેનમાં બેસીએ અને એરોપ્લેન ઉપડવાની તૈયારી કરે, ઘરૂરૂઘરૂર્ કરતું યંત્ર ચાલવા લાગે, આગળનો પંખો ફરવા લાગે અને એરોપ્લેન આગળ જાય, પાછળ જાય એ વખતે આપણને એમ ભાસ થાય કે એરોપ્લેન ઇચ્છે છે, પ્રયત્ન કરે છે, છતાં ભૂતળ તેને પકડી રાખે છે. આવો વિચાર આવે છે એટલામાં તો કોઇ ઉગ્ર વૈરાગી સ્વજન–સંબંધીનો ત્યાગ કરીને એકાએક સંસાર છોડીને અધ્યાત્મને માર્ગે અલોપ થઇ જાય છે તેમ એરોપ્લેન ભૂતળને છોડીને આકાશમાં ક્યાંનું ક્યાં આગળ વધતું દેખાય છે. વળાવવા આવેલાં સ્વજનો એરોડરોમ–ભાવનગર શહેર થોડી જ વારમાં દેખાતાં બંધ થાય છે. ગોઘા–પીરમનો બેટ–ઓળંગતા ખંભાતના અખાત ઉપર એરોપ્લેન આકાશમાં તરવા લાગે છે. ગતિ અને ઊંચાઈ દર્શાવવાની ઘડિયાળો જોતાં માલૂમ પડે છે કે આપણે લગભગ ૩૦૦૦ ફીટની ઊંચાઇએ કલાકના ૧૩૦ થી ૧૫૦ માઇલની ગતિએ માર્ગ કરી રહ્યા છીએ. આમ છતાં નીચે કે આજુબાજુએ જોતાં જેવી રીતે રેલ્વેની ઝડપ દૃશ્ય અને સ્થૂળ પદાર્થો વચ્ચે થઇને પસાર થતાં આપણે સહેજે અનુમાની શકીએ છીએ તેવી રીતે એરોપ્લેનમાં બેઠાં બેઠાં આપણી ગતિનો આપણને કશો ખ્યાલ આવતો જ નથી. નીચેની ધરતિ–પછી જમીન હોય કે પાણી–આપણને ધીમે ધીમે સરતી દેખાય છે અને અનન્ત નીલ આકાશમાં આપણું વાહન મન્દ મન્દ ગતિએ વહેતું આપણે અનુભવીએ છીએ. ખંભાતનો વિશાળ અખાત, જેના એક કિનારે ઊભાં ઊભાં બીજો કિનારો કદી પણ માન-વીની આંખે જોઇ શકાતો નથી તે અખાતનો પટ એરોપ્લેનમાં બેઠેલા માનવીની દૃષ્ટિએ સાંકડો બની જાય છે અને આકાશમાં ઊડતાં ઊડતાં એ પટના બન્ને છેડાઓ ચોખ્ખા નજરે પડે છે. આ બાજુએ કાઠિયાવાડનો દ્વિપકલ્પ, બીજી બાજુએ ગૂજ-રાતનો કિનારો. આ ત્રીશેક માઇલના જળપટ ઉપર એરો-પ્લેન કાઠિયાવાડને છોડીને ગૂજરાતને ભેટવા લગભગ તીરકસ લાટીએ દોડે છે. કાઠિયાવાડના કિનારાની સમીપમાં પડેલો, આસપાસ સમુદ્રજળથી ઘેરાયલો, લીલી હરિયાળી અને વચ્ચે એક ભવ્ય ધવલવર્ણી દીવાદાંડીથી શોભતો પીરમનો બેટ–સુન્દર સુસજ્જિત સુન્દરીની કરપલ્લવી ઉપરથી હમણાં જ ખરી પડેલા કંકણ સમો–એરોપ્લેનમાં બેસીને જોનારને કોઇ જુદો જ આનંદ આપે છે અને માનવકલ્પનાને અવનવા પ્રદેશો ઉપર ઊડતી કરે છે. મને એમ થયું કે સમસ્ત ભૂતળ કરતાં પણ વધારે વિસ્તૃત પેસીફિક મહાસાગરના ચોતરફ પથરાયલા અગાધ

જળપટ વચ્ચે આવેલો હોનોલુલુનો સુપ્રસિધ્ધ બેટ એરોપ્લેનમાં બેસીને નીહાળનારને કેવો લાગતો હશે? ઉપર ભૂરું અનન્ત આકાશ, નીચે નીલવર્ણો અસીમ મહાસાગર—અને વચ્ચે મરકત-મણિ જેવો શોભતો એ બેટ—જાણે કે નગ્નારાયણ વિષ્ણુના વક્ષસ્થળ ઉપર આવેલ કૌસ્તુભ મણિ! સ્થૂળ આંખોએ તો એ સ્થળ અને એ પ્રદેશ જોવા મળે ત્યારે ખરા; પણ કલ્પનાની આંખો વડે તો એરોપ્લેનમાં બેઠાં બેઠાં અને પીરમનો બેટ જોતાં જોતાં એ રમ્ય સ્થળનો મને જાણે કે સાક્ષાત્કાર થઈ ગયો!

સમુદ્રકિનારે ઊભાં ઊભાં સમુદ્રપટ આપણને એકસરખો દેખાય છે. તેના જુદા જુદા વિભાગની ઓછીવધતી ઊંડાઇ આપણે કિનારા ઉપરથી નરી આંખે જરા પણ કળી શકતા નથી. એરોપ્લેનમાં બેઠાં બેઠાં આપણને જુદોજ અનુભવ થાય છે. સમુદ્રના પાણીની ઊંડાઇ બધે એક સરખી હોતી નથી. તેમાં પણ અખાતના પાણીની ઊંડાઇ અણસરખી અને અનિયમિત હોય છે. નીચેની રેતી એક ભાગમાંથી સરતી જાય છે અને બીજે થરના થર બંધાતા જાય છે. કેટલેક ઠેકાણે કિનારાની નજીકનો જળપટ વધારે ઊંડો હોય છે, જ્યારે દૂરનો ભાગ કેટલેક ઠેકાણે બહુ છીછરો હોય છે. આ પ્રકારની પાણીની ઓછી-વધતી ઊંડાઇ એરોપ્લેનમાંથી સ્પષ્ટ દેખાય છે. કેટલેક ઠેકાણે નીતરું ઊંડુ પાણી નજરે પડે છે; કેટલેક ઠેકાણે રેતી મળેલું પીળું ડોળું છીછરું પાણી જોવામાં આવે છે. ઊર્ધ્વસ્થિત માણસને આવું ઘણુંએ દેખાય છે કે જે સપાટી ઉપર વિચર-નાર માનવીની નજરે પડી શકતું નથી.

અમારું એરોપ્લેન ઊપડયું તે સમય સાંયકાળનો હતો; પશ્ચિમ આકાશમાં સૂર્ય ધીમે ધીમે નીચે ઊતરતો હતો અને તેજકિરણોનો લીલાપીળા સમુદ્રપટ ઉપર અખંડ વરસાદ વરસાવી રહ્યો હતો. પ્રારંભમાં પશ્ચિમ બાજુએ શિહોરની ટેકરીઓ અને શત્રુંજયની નીલવર્ણી ભવ્ય પર્વતરેખા તેજોમય પશ્ચિમાકાશને આવરી લેતી દૃષ્ટિગોચર થતી હતી. પણ ધીમે ધીમે એ શિહોરની ટેકરીઓ, એ શત્રુંજયની શિખરમાળા, એ કાઠિયાવાડનો કિનારો અગોચર બની ગયાં, નર્મદા જ્યાં અરબ્બી સમુદ્રને મળે છે, ખંભાતનો અખાત જ્યાં અરબ્બી સમુદ્રને ભેટે છે ત્યાં આગળ ગૂજરાતના કિનારા ઉપર અમારું એરોપ્લેન આવી પહોંચ્યું અને ઘડિ જમીન ઉપર, ઘડિ સમુદ્ર ઉપર—એમ લગભગ સમુદ્રતટની આ બાજુએ કે એ બાજુએ દક્ષિણ દિશાએ આગળ માર્ગ કરવા લાગ્યું. સમય શરદ્ ઋતુની સંધ્યાનો હતો; શરદ્ ઋતુમાં દિવસે બહુ જ ગરમી પડે; રાત્રી ઠંડી થતી જાય. આખા દિવસની ગરમીને લીધે હવાના થર જાડાપાતળા બની જાય છે. પાણીના પરપોટા માફક ગરમીને લીધે હવાના પણ ગાળે ગાળે પોલાણ બનેલા હોય છે. આવા પોલાણમાંથી પસાર થતાં એરોપ્લેન બસોત્રણસો ફીટ એકાએક નીચે ઊતરી જાય છે. નવો બેસનાર અકસ્માતની આશંકાએ એ ઘડિ ભયભીત બની જાય છે, પણ હોડી જેમ નાનામોટા મોજાં ઉપર આરુઢ થતી આમતેમ ઝોલાં ખાતી રહે તેવી જ રીતે હવાના પોલાણને અંગે થતું આવું એરોપ્લેનનું અધોગમન અને ઊર્ધ્વગમન તદ્દન સ્વાભાવિક અને એ અનુભવથી ટેવાયા બાદ વિશેષ રોમાંચકારી લાગે છે.

એરોપ્લેન આગળ જતાં તાપી નદી સમુદ્રને મળે છે તે ઉપર આવ્યું. દૂર સૂરત શહેર દેખાયું, નીચે ડુમસ નજરે પડયું. દરિયામાં તરતાં વહાણો આબેહૂબ નાનાં બાળકો કાગળની હોડીઓ બનાવે છે તેવાં દેખાવા લાગ્યાં. એક એક બંદર આવતું જાય અને સફેદ સઢથી શોભતા પચીસપચાસ સો વહાણોનું જૂથ નજરે પડે. ઉપરથી જે કાંઇ જુઓ તે સર્વ મુલાયમ અને મોહક લાગે. લહેરિયાવાળી લીલા રંગની સાડીની કોરે નાનામોટા રૂપેરી કસબના ઝુમખાં જેવાં સમુદ્રની કોરે જ્યાં ત્યાં વેરાયલાં આ વહાણો દેખાય છે. સાગર વસુધાને કોઇ જુદી જ નાજુકતાથી મળતો દેખાય છે. નાનામોટા વળ લેતી, ભૂતળનું સંવનન કરતી સમુદ્રની લાંબી વિસ્તરેલી ઊર્મિમાળામાં કોઈ જુદું જ લાવણ્ય અનુભવગોચર થાય છે. ઉપર બેઠાં બેઠાં સમુદ્રનું નિરવ સૌન્દર્ય અનુભવવા મળે છે: સમુદ્ર શાન્ત હોય કે તોફાને ચઢેલો હોય તેની સાથે એરોપ્લેનમાં બેસીને જોનારને કશી નિસબત નથી હોતી. જેવી રીતે આપણે કોઇ ચિત્રકારનાં ચિતરેલા જુદાં જુદાં નિસર્ગ દશ્યો કશા પણ ક્ષોભ વિના કેવળ આનંદ અને સૌન્દર્યાનુભવનો આસ્વાદ લેતા લેતા જોઈએ છીએ તેવી જ રીતે આ પ્રકાશ, પ્રતિબિંબ અને વર્ણ-વૈચિત્ર્યને દાખવતો લીલાવિસ્તાર આપણા ચિત્ત ઉપર કેવળ ભવ્યતા અને પ્રસન્નતાની અનેરી છાપ પાડે છે.

નવસારી ગયું, વલસાડ ગયું, દમણ ગયું. એરોપ્લેને સમુદ્ર છોડીને ભૂતળ ઉપર સંક્રમણ આરંભ્યું. નદી, નાળાં, સરોવરો, નાનીમોટી વનરાજીઓ, નાનાંમોટાં ગામડાંઓ દૃષ્ટિગોચર થવા લાગ્યાં; સમુદ્ર ક્ષિતિજના ઉપાન્ત ભાગને શોભાવવા લાગ્યો. આ આખો પ્રદેશ લીલી હરિયાળી અને વનસ્પતિથી ખૂબ ભરેલો છે. જાણે કે કોઇ ગાલીચો પથરાયલો પડયો ન હોય—એવું આંખો નીચે સરકતું ભૂતળ અરુક્ષ—મુલા-યમ—ભાસે છે. ક્ષણ બે ક્ષણમાં એક ગામડું પસાર થઇ જાય છે. ઘરો ગંજીપાના કે કાર્ડબોર્ડના બંગલા જેવા દેખાય છે; વૃક્ષો કૂંડામાં ઉગાડેલા નાના છોડ જેવા લાગે છે. નદી, નાળાં અને ઉપરના પૂલો દરિયાકિનારે રેતી અને પાણીથી બનાવ-વામાં આવતી બાળરમતો જેવા દેખાય છે. કોઇ નન્દનવનમાંથી પસાર થતા હોઇએ એવો જ આપણને ભાસ થાય છે. જ્યાં ત્યાં નાળિયેરીઓનાં વન જોવામાં આવે છે. પશ્ચિમાકાશમાં ઊતરતા જતા અને ક્ષિતિજની સમીપ આવી રહેલા લાલ સૂર્યના લાલ કિરણો પવનલહરિથી ડોલતી નાળિયેરીઓનાં પાન ઉપર નાચી રહે છે અને આખા દશ્યની મનોહરતામાં અવનવી વૃદ્ધિ કરે છે. પશ્ચિમઘાટના પર્વતો સમીપ આવતા દેખાય છે; એક એક ટેકરીને ઓળંગતું એરોપ્લેન આગળ વધે જાય છે. પગે ચાલનારને મન ટેકરા અને ટેકરી—પર્વત ચઢવાનો અને ઊતરવાનો. એરોપ્લેનને મન તો સપાટ ભૂમિ અને ટેકરાળ ભૂમિ બન્ને સરખાં. કોઇ ઉંચું શિખર સામે દેખાય અને આપણને ભીતિ લાગે કે રખેને એરોપ્લેન તે શિખરની ટોચ સાથે અથડાઇ પડશે. પણ એરોપ્લેનને પાંચસો હજાર ફીટ ઊંચે જવું રમત વાત હોય છે. ઘાટમાંથી વહેતા નાનામોટા જળપ્રવાહો લીલી વનરાજીમાં શોભતા રૂપેરી પટા જેવા લાગે છે. તાનસા, તુલસી, વિહાર, પવઇ, જાણીતાં જળ—સરોવરો કે જે મુંબઈને અખૂટ જળ પૂરું પાડે છે તે એક પછી એક દેખાવા લાગ્યાં. મુંબઇનાં પરાંઓ—તેનાં સુશોભિત મકાનો—સાયંકાળના આછા આછા તેજમાં કોઈ નાની સરખી અલકાપુરીનો ખ્યાલ આપી રહ્યાં હતા. અંધેરી, વીલેપારલે, જુહુતટ સમીપ આવી પહોંચ્યા; સાન્તાક્રુઝ ઉપર ચક્કર મારીને એરોપ્લેન નીચે આવ્યું અને જે ધરતિથી અમે દોઢ કલાક પહેલાં છૂટા પડયા હતા તે ધરતિતલ ઉપર આવીને અમે ઊભા.

(અપૂર્ણ) **પરમાનંદ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ ધી સ્ટેટસ પિપલ પ્રેસ, ૧૩૮-૪૦, મેડોઝ સ્ટ્રીટ. મુંબઇ

કિંમત દોઢ આનો
શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર
REGD. NO. B 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧
અંક : ૧૭
મુંબઈ : ૩૧ ડિસેમ્બર ૧૯૩૯ રવિવાર
લવાજમ રૂપિયા ૨

## અહિંસા : ૩

### ૭ : અસંયમ

સંયમ વિનાનું જીવન—અસંયમ—હિંસારૂપ છે.

જીવકાય અસંયમ, અજીવકાય અસંયમ, મન અસંયમ, વચન અસંયમ અને શરીર અસંયમ એ પાંચ મુખ્ય અસંયમોમાં સર્વ પ્રકારના અસંયમો આવે છે અને તે સર્વ પ્રકારની હિંસાનું કારણ છે.

શરીર અસંયમ એટલે શરીરથી થનારી દરેક પ્રવૃત્તિમાં સંયમ ન જાળવવો. એટલે ખાવાપીવામાં, પહેરવા-ઓઢવામાં અને આનંદભોગ વગેરે શરીર સંબંધી પ્રવૃત્તિઓમાં સંયમ રહિતપણે વર્તવું. આ પ્રવૃત્તિ મનુષ્ય માટે હિંસારૂપ છે.

ખાનપાનમાં સંયમ નહિ રાખવાથી મન ચંચળ રહે છે, બુધ્ધિ અસ્થિર થાય છે અને પરિણામે બધી પ્રવૃત્તિ અવ્યવસ્થિત થતાં દ્રવ્યહિંસા અને ભાવહિંસા કદી અટકી શકતી નથી. જીભ ઉપર જય મેળવવા અમુક પદાર્થના ત્યાગનો નિયમ કરી અને પાછળથી મન અને જીભની પ્રબળતા થતાં તેને જીતવા પ્રયાસ ન કરતાં જે પદાર્થનો ત્યાગ કરેલ છે, તેનું રૂપાન્તર કરી ખાવાની લાલચમાં પડવું એ શું ભાવહિંસા નથી? એવી ભાવહિંસામાં પડતાં અટકાવેલી દ્રવ્યહિંસા પણ ટકી શકતી નથી. ઉક્ત રૂપાન્તરના ઉપભોગમાં પચ્ચખાણના શબ્દો કદાચ સચવાતા હોય પણ આત્મા તો પડે જ છે, ઠગાય છે, અને દંભની વૃદ્ધિ થાય છે. બીડીનો ત્યાગ કરી સિગારેટને શરૂ કરવામાં જેટલો સંયમ છે તેટલો સંયમ ત્યાગેલા પદાર્થને છોડી તેના રૂપાન્તરો ગ્રહણ કરવામાં છે.

અષ્ટમી વગેરે મહાતિથિઓને દિવસે કેટલાંય ઉદ્દીપક વ્યંજનો લેતાં ભારેમાં ભારે અસંયમ નથી પોષાતો? 'ઘી, મલાઇ, મીઠાઇ વગેરે ખાતાં કોઇ જીવ ક્યાં મરે છે?' એવું સમજનારા સંયમને સમજવા જેટલી ભૂમિકા પણ ધરાવતા નથી. ખાનપાનની પેઠે પહેરવાઓઢવા બાબત પણ સંયમ ન રખાય તો તેથી હિંસાની અભિવૃધ્ધિ થવાની. જે વસ્ત્રોની ઉત્પત્તિ પાછળ મનુષ્યથી માંડી બીજાં મોટાં અનેક પ્રાણીઓનાં જીવનનો સંહાર થઈ રહ્યો છે, તેવાં વસ્ત્રો વાપરવાં એ શું અસંયમ નથી? એ બાબત ઊંડું વિચારી પ્રવૃત્તિ કરનાર અહિંસા ધર્મનો અધિકારી હોઇ શકે છે. જે વસ્ત્રોની ઉત્પત્તિ માટે પ્રત્યક્ષ રીતે લાખો કીડાનો સંહાર થતો જોઇને પણ તેવાં વસ્ત્રોનો મોહ ન મૂકવો અને નિત્ય નિત્ય એવાં વસ્ત્રોનો ઉપયોગ કરી સંવર કે પૂજન વગેરે ધાર્મિક કૃત્યો કરવાં એ પરસ્પર વિરોધી પ્રવૃત્તિ નથી? અને એવાં સંવર કે પૂજન ચિત્તશુદ્ધિ માટે કાંઇ કામનાં છે ખરાં? વળી જે પોશાક બીજાની સુપ્ત વૃત્તિઓને ઉદ્દીપિત કરે, ઉદ્‌ભટપણું, ઉચ્છૃંખલતા અને સ્વચ્છંદતાને ટકાવી રાખવાનું નિમિત્ત બને તથા ચોરીની વૃત્તિને ઉત્તેજક બને તેવો પોશાક પહેરવો એ પણ જિનાગમના અનુયાયીઓ માટે અસંયમ રૂપ છે, હિંસા રૂપ છે. એવો પોશાક દ્રવ્યહિંસા અને ભાવહિંસા બન્નેનો પોષક છે. માટે વ્યાવહારિક કે ધર્માનુષ્ઠાનની દરેક પ્રવૃત્તિમાં પોશાકનો સંયમ કદી પણ ન ભુલાય.

જે પોશાક શારીરિક સ્વાસ્થ્યનો બાધક છે, તે પણ એક રીતે હિંસાને વધારનારો છે. પોશાકના અસંયમથી જેટલી હિંસા વધે છે તેથી વધારે હિંસા આનંદભોગમાં અને કુટુંબ-વ્યવસ્થામાં અસંયમ રાખવાથી વધે છે એ દીવા જેવું છે. વ્યાપારવ્યવહારમાં સંયમ નહિ જાળવવાથી હજારો ત્રસો, સ્થાવરો, તિર્યંચો અને મનુષ્ય સુધ્ધાંના ઘાતના કારણરૂપ થવું પડે છે. એ ઘાત કદાચ વ્યાપારીની નજર સામે દેખાતો ન હોય પણ અસંયમી વ્યાપારી એ ઘાતથી બચી શકતો નથી. અને ઘાત આપણે ક્યાં કરીએ છીએ એમ કહી એ તેના આસ્રવથી બચી શકતો નથી. કોઇ વ્યાપારી સંસ્કારેલ માંસમાંથી બનેલી વસ્તુ કે જે માંસની બનેલી છે કે નહિ તેની ખબર સામાન્ય લોકોને પડે તેમ ન હોય તે રીતે વેચે; અને તે દ્વારા લોકોમાં માંસાહારનો પ્રચાર કરે છતાં તે એમ કહે કે મારા વ્યાપારમાં ક્યાં કોઇ પશુ વગેરેનો ઘાત થાય છે. તો શું એ હિંસાધર્મી નથી?

કન્યાવિક્રય કરનારો, ચરબીવાળા પદાર્થનો વ્યાપાર કરનારો, અફીણ, ગાંજો, શરાબ, ચડસ, બીડી, સિગરેટ તથા બીજાં પણ અનેક વ્યસનોને ઉત્તેજન આપનારી વસ્તુનો વ્યાપારી એ બધા શું હિંસાવૃત્તિને વધારનારા નથી? એ જાતના વ્યાપારોથી મનુષ્યસમાજમાં દુર્ગુણો—વ્યસનો વધે છે, તેથી મનુષ્યો અને તેના કુટુંબો ખુવાર ખુવાર થઇ જાય છે અને લોકો માંસાદિકમાં લોલુપ અને શોખીન બની નીતિ—અનીતિનો વિચાર ન કરી પૈસા કમાઇ શોખમાં ખર્ચવા દોડે છે.

ગંભીર વિચાર કરતાં આ બધી માનુષિક હત્યા તે વ્યાપારીઓને શિર છે એ કહેવું અનુચિત છે? એ વ્યાપારીઓની કહેવાતી ધાર્મિક પ્રવૃત્તિ તેમની ધૃષ્ટતા અને દંભની પોષક થાય છે.

રસ્તે ચાલતાં જ્યાં ત્યાં ગંદકી કરવી, જાહેર રસ્તાઓ વા જાહેર સ્થાનોને ગંદકીથી ગંદા કરવાં એ પણ એક હિંસા છે. ગંદા વાતાવરણથી અનેક રોગો ફેલાઈ મનુષ્યોની માનસિક અને શારીરિક સમાધિનો ભંગ થાય છે. એ ભંગનું નિમિત્ત તે ગંદકી હોવાથી ગંદકી કરનારો મનુષ્ય સમાજનો ઘાત નથી કરતો?

કેટલાક શોખીનો રસ્તે ચાલતાં કે ગાડીની મુસાફરીમાં ધુમાડા કાઢતા જાય છે. પણ એ ધુમાડાથી આજુબાજુના બંધુઓને કેટલો ક્લેશ પહોંચે છે તેનો તેમને વિચાર સરખોય આવતો નથી. એટલું જ નહિ પણ સળગતી બીડી રસ્તા પર ફેંકતા પણ તેઓ સંકોચાતા નથી. જ્યારે બીજા ચાલનારાઓ બીચારા દાઝીને પીડા પામે છે. આપણી ચાલુ પ્રવૃત્તિમાં આવો અનેક પ્રકારનો શારીરિક અસંયમ પેસી ગયો છે. જે આપણો અને આપણી જેવાં બીજાં અનેક પ્રાણી–બંધુઓનો ઘાત કરનારો છે.

ભાષામાં સંયમ ન જાળવવો તે વચન અસંયમ છે. બોલનારો પોતે કષાયપૂર્વક બોલે છે કે નહિ, તેનું વાક્ય સાંભળનારના કષાયોને જગાડે એવું છે કે નહિ, તે સાચું બોલે છે કે ખોટું, મધુર છે કે કર્કશ–આ જાતનો વિચાર કર્યા વિના ભાષાના પ્રયોગ કરનારા વચનનો અસંયમ સેવે છે. માત્ર એક વચનના અસંયમથી આજે ઘરઘરમાં પિતાપુત્રમાં, સાસુવહુમાં ગુરુશિષ્યમાં અનેક પ્રકારની ભાવ અને દ્રવ્યહિંસા વધતી જાય છે.

જીભમાં અમૃત પણ છે અને ઝેર પણ છે. જીભ મિત્રને શત્રુ અને શત્રુને મિત્ર બનાવી શકે છે પણ વચનનો અસંયમ દૂર થાય તો જ જીભનો સદુપયોગ થવો શક્ય છે. વચનનો અસંયમ ઘણાં એવાં અનિષ્ટ પરિણામો નીપજાવે છે, જેને ભૂંસવા માટે લાખ પ્રયત્ન થાય તો પણ તે ભૂંસાઇ શકતા નથી, અને સદાને માટે વૈરપરંપરા વધારે છે.

મનનો અસંયમ મનની ચંચળતા છે. તે ચંચળતા વધતા વધતા આત્મભાનને ભુલાવી માણસને ક્યાંય ને ક્યાંય ઘસડી જઇ ભારે અનર્થમાં પાડે છે. ચંચળતા ભાવ અને દ્રવ્ય બન્ને પ્રકારની હિંસાની ઉત્તેજક છે. કોઇ એક વૈષયિક સુખને મેળવવાનો વિચાર થતાં માણસ તેમાં આસક્ત થાય છે, આસક્તિ વધતાં તેને તીવ્ર ઇચ્છા જાગે છે. તેથી ઉત્તરોત્તર ક્રોધ, મૂઢતા, સ્મૃતિભ્રંશ, બુદ્ધિનાશ અને આત્મપતન વગેરે પરિણામ આવે છે. આ બધાનું મુખ્ય કારણ મનનો અસંયમ છે. મન ભારે ચંચળ છે, દુર્જેય છે, મોટા મોટા ઋષિઓને પણ તાબે કરવું તે ભારે થઇ પડે છે

એ મનનો અસંયમ માનવસમાજ માટે તો વધારેમાં વધારે હાનિકારક છે. સંયમી મન મુક્તિનું અને અસંયમી મન બંધનું કારણ છે. પ્રવૃત્તિ માત્રની શરૂઆતમાં મૂળ કેન્દ્ર મન છે. માનસપ્રવૃત્તિનું તીવ્ર સ્થૂલ રૂપ બાહ્ય પ્રવૃત્તિ છે. મનને સ્થિરતામાં લાવવા વા શુભ પ્રવૃત્તિમાં રોકવા વા અશુભ પ્રવૃત્તિથી હઠાવવા અનેક ઉપાયો તે તે અનુભવી શાસ્ત્રકારોએ બતાવેલા છે. તે ઉપાયોમાંના કોઈ પણ એક અનુકૂળ ઉપાયદ્વારા મનનો સંયમ કેળવાય તો જ અહિંસા ધર્મની પ્રાપ્તિ થઇ શકે એમ છે. મનનો અસંયમ જે જાતની હાનિ ઉપજાવે છે, તેવી હાનિ બીજા કશાથી ભાગ્યે જ થતી હશે.

અજીવકાય અસંયમનો અર્થ કથતાં શાસ્ત્રકાર લખે છે કે, 'सुवर्ण बहुमूल्य वस्त्र पात्र पुस्तकादि ग्रहणम्' અર્થાત્ બહુમૂલ્ય વસ્ત્રો, પાત્રો, પુસ્તકો અને સુવર્ણાદિ કીમતી પદાર્થો પાસે રાખવા તે અજીવકાયનો અસંયમ છે.

આ કથન ત્યાગી શ્રમણો માટે લખ્યું છે. પણ વર્તમાન કાળમાં તો તે મનુષ્ય માત્ર માટે લાગુ પાડી શકાય એમ છે. મનુષ્યો–જૈન જનતા એમ સમજતી હોય છે કે બહુમૂલ્ય વસ્ત્ર, પાત્ર વગેરે રાખવામાં કે સુવર્ણાદિકને સંઘરવામાં ક્યાં કોઇ જીવ મરે છે? હિંસા તો જીવને મારવામાં છે. તેમને ઉદ્દેશીને શાસ્ત્રકાર અજીવકાયનો પણ અસંયમ રાખવાનું કહે છે.

બજાર સામે બહુમૂલ્ય વસ્ત્રાદિ માટે કોઇ જીવ મરતો ન જણાતો હોય તો પણ તેની પાછળ કેટલા હજારો જીવના જાન જાય છે અને ભાવહિંસા પણ કેટલી વધારે થાય છે એ વિચારવું પણ જરૂરી છે. એ દૃષ્ટિએ અજીવકાયનો અસંયમ વર્જવાનું જણાવ્યું છે. શરીરાદિક માટે અજીવ પદાર્થોનો ઉપયોગ કરતાં પણ અવશ્ય સંયમ જાળવવો જોઇએ. અજીવ પદાર્થોનો ઉપયોગ કરતાં કોઈ જીવ મરતો નથી એ કલ્પના તદ્દન અસંગત છે. અજીવ પદાર્થો મનની ચંચળતાને વધારી તેને સ્વચ્છંદી કરી મૂકે છે. તે સ્વચ્છંદી મન માણસજાતને કેવા ઊંડા ખાડામાં ઉતારે છે, વા માણસ જાત ચંચળ મન દ્વારા શું શું અનર્થો કરે છે, તે શું આપણી બધાની જાણમાં નથી?

અનેક પ્રકારની દ્રવ્યહિંસા અને ભાવહિંસાનું કારણ અજીવકાયનો અસંયમ છે, એ તો પ્રત્યક્ષ પ્રતીત છે. માટે જ ઉભય પ્રકારની હિંસાને રોકવા શાસ્ત્રકારે અજીવકાયનો અસંયમ પણ વર્જવાને બતાવ્યું છે.

જીવકાય અસંયમ એટલે જીવકાયની સાથેના વ્યવહારમાં વા તેના ઉપયોગમાં સંયમ ન રાખવો તે. આ પણ દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારની હિંસાનો વર્ધક છે.

સ્ત્રી કે પુરુષ પરસ્પર પોતાના વ્યવહારમાં સંયમ ન જાળવે તો કેટલાં અનિષ્ટ પરિણામો આવે છે તે કોણ નથી જાણતું? તે જ પ્રમાણે વ્યવહારમાં આવતા અનેક મનુષ્યો સાથે સંયમપૂર્વક વ્યવહાર ન ચલાવાય, કુટુંબવ્યવહારમાં પણ સંયમ ન જળવાય તો કષ્ટો અનુભવવા પડે છે એ શું ખોટી વાત છે?

સંસારમાં અશાંતિનું ખરું કારણ આ જીવકાયનો અસંયમ છે. એ અસંયમ કષાયોને, વૈરવૃત્તિઓને, લડાઇઝગડાઓને વધારે છે. એટલે એથી વધારે હિંસારૂપ બીજું શું કહેવાય?

માણસના બધા વ્યવહારમાં હાલતાં અને ચાલતાં જીવકાયનો ઉપયોગ થઈ રહ્યો છે. અને તે દ્વારા હિંસાપ્રવૃત્તિ પ્રતિક્ષણ પ્રવર્તી રહી છે. પણ જો જીવકાય તરફનો અસંયમ દૂર થાય, જીવકાયના થતા ઉપયોગમાં તે પ્રતિના વર્તન તરફ પ્રતિક્ષણ સંયમ જળવાય તો મનમાં મૈત્રીવૃત્તિ વધતાં ધીમે ધીમે અહિંસા અને અભયને પહોંચી શકાય. અન્યથા એ અસંયમ વધારતા તો મન કઠોર થતાં ક્રૂરતા વધવાની અને તે દ્વારા સર્વસંહારની વૃત્તિ પોષાવાની. આ રીતે બધું જોતાં અસંયમ કેટલો ભયંકર પાપજનક અને હિંસારૂપ છે તે સમજી શકાય એવું છે.

સૂત્રોમાં લખેલું છે કે આત્મા પોતે નરકની વૈતરણી નદી છે, દેવનું નંદનવન છે, કામદૂધા ગાય છે. એક આત્માને તાબે કરી શકાય એટલે બધું આપોઆપ તાબે થઇ જાય. એક આત્મા ઉપર જીત મેળવાય એટલે બધું આપોઆપ જિતાઇ જાય. આત્મા પોતે જ મિત્ર છે અને પોતે પોતાનો શત્રુ છે.

બીજા શબ્દોમાં કહીએ તો આત્માનો અસંયમ એ જ હિંસા છે, અને તેનો સંયમ એ જ સાચી અહિંસા છે.

ઉક્ત રીતે પ્રશ્નવ્યાકરણ સૂત્રગત હિંસાના ભાવને જણાવનારા કેટલાક શબ્દોનું વિવરણ અહીં કરવાથી જૈન દૃષ્ટિએ હિંસાના સ્વરૂપનો ખ્યાલ સ્પષ્ટપણે આવી શકે એમ છે.

(સમાપ્ત) **પંડિત બેચરદાસ જીવરાજ**

# વ્યો મ વિ હા ર

(અનુસંધાન આગળના અંકથી)

કોઇ એમ ન સમજે કે આ અનુભવવર્ણન એરોપ્લેનના પ્રચાર અર્થે કરવામાં આવ્યું છે. એરોપ્લેનને મારી પ્રચારસહાયની જરૂર છે જ નહિ. એ આ જગતમાં આવ્યું છે અને એનો ઉપયોગ વધવાનોજ છે. કોઇ એમ પણ ન કલ્પે કે એરોપ્લેનને હું ઉત્તમોત્તમ વ્યહન તરીકે રજૂ કરૂં છું. દુનિયામાં એક સ્થળેથી અન્ય સ્થળે પર્યટન કરવા માટે અનેક પ્રકારનાં વાહનો યોજાયાં છે. પ્રત્યેક વાહનની અમુક વિશેષતા છે અને અમુક ત્રૂટિ છે. દરેક વાહનના પ્રવાસ સાથે ચોક્કસ સૌન્દર્યાનુભવ સંકળાયલો છે. દરેક વાહન સાથે અમુક કાવ્યકવિતા જોડાયલી છે. આખરે સૌન્દર્યાનુભવક કાવ્ય કે કવિતા કોઇ વાહનમાં કે વિમાનમાં નથી રહેલાં; પણ સ્થિત્યન્તર કે સ્થાનાન્તર પ્રસંગે માણસના મનમાં ઉત્થાન પામતા આરોહઅવરોહમાં જ એનું ઊગમ સ્થાન રહેલું છે. જેની જેટલી વધારે સંસ્કારિતા અને જેટલી વધારે કલ્પનાશીલતા તેટલું કાવ્ય તે બળદગાડીમાં બેઠાબેઠા, રેલ્વે ટ્રેનમાં દોડતો કે એરોપ્લેનમાં ઊડતો અનુભવવાનો. બળદગાડીમાં જનતા અને જનસ્થાનોનો જે નિકટ પરિચય મળે છે તે અન્ય વાહનમાં પ્રવાસ કરતાં દુર્લભ બને છે. રેલ્વે ટ્રેનમાં પૃથ્વીતલનું વિશિષ્ટ સ્વરૂપ જે ઝીણવટથી જોવા મળે છે તે એરોપ્લેનમાં અપ્રાપ્ય છે. એરોપ્લેનમાં ફરતાં ફરતાં પૃથ્વીની રુક્ષતા જેમ લય પામી જાય છે તેવી જ રીતે પૃથ્વી પરના અનેક સુન્દર વિભાગો પર અગોચર જ રહે છે. લાંબા પ્રવાસે જતાં એરોપ્લેનો સાધારણ રીતે દશ દશ હજાર ફીટ ઊંચે ઊડે છે. એટલી ઊંચાઇએ પૃથ્વીનું આછું આછું સપાટ તલ અથવા તો પૃથ્વીને ઢાંકી દેતી વાદળોની બિછાવટ જોવા મળે છે અને કલાકના કલાક સુધી લગભગ એક સરખું દેખાતું દૃશ્ય જોનારને કંટાળો પણ આવે છે. બીજી રીતે વિમાનવિહાર જે આનંદ અનુભવ કરાવે છે તે અન્યત્ર શક્ય જ નથી. એરોપ્લેનમાં બેઠાં બેઠાં ક્ષિતિજસીમા એકદમ વિસ્તૃત બની જાય છે. કોઇ પણ પર્વતના ઊંચા શિખર ઉપરથી પણ આવું જ વિસ્તૃત ક્ષિતિજ જોવા મળે છે, પણ એ ક્ષિતિજ સીમાસ્થિર અને નિશ્ચળ હોય છે, જ્યારે એરોપ્લેનની ક્ષિતિજસીમા ક્ષણે ક્ષણે બદલાતી જાય છે; અને તેથી જ વિશેષ મનોહર લાગે છે. આસપાસ પચાસ પચાસ માઇલ સુધીનો પ્રદેશ એક સાથે જોઇ શકાય છે. પૃથ્વીપટના ઊંચાણની અણીનો સમગ્ર ખ્યાલ એરોપ્લેનમાં ફરવાથીજ આવી શકે છે. આગામી કાળમાં એરોપ્લેન સોંઘા થવાના જ છે અને આમજનતા તેમાં ફરવાની છે. શિક્ષણના પ્રદેશમાં–ખાસ કરીને ભૂગોળશિક્ષણમાં એરોપ્લેન અસાધારણ ભાગ ભજવવાનું છે. જે ભૂગોળરચના ખંડ ખંડ અને દેશ દેશના નાનામોટા નકશાઓમાં આલેખેલી આપણે જોઇએ છીએ તે નરી આંખે પ્રત્યક્ષ કરવાનું સાધન એરોપ્લેન જ છે. પહેલીવાર હું એરોપ્લેનમાં બેસીને મુંબઇથી ભાવનગર ગયેલો એ પ્રસંગ મને યાદ છે. સવારનો સમય હતો. આકાશ નિર્મળ હતું. દમણ, વલસાડ, સૂરત વટાવતાં અર્ધગોળાકાર ભૂમિ પ્રદેશ જેવું કાંઇક પશ્ચિમ દિશાએ જોવામાં આવ્યું. જેવો આપણે કાઠિયાવાડના નકશામાં આકાર જોઇએ છીએ તેને મળતી જ તે પ્રદેશરેખા લાગતી હતી. સહેજે અનુમાન થયું કે એ કાઠિયાવાડ હોવું જોઇએ. આજે એ ત્રણ પ્રવાસના પરિણામે મારી આંખ સામે મુંબઇથી ભાવનગર સુધીનો ગૂજરાતના કિનારાની આસપાસનો પ્રદેશ ખૂબ સ્પષ્ટતાથી દેખાય છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને કલકત્તાથી કરાંચી સુધી હિંદુસ્તાનનું આબેહૂબ દર્શન –મોટી મોટી નદીઓ અને નાનીમોટી પર્વતમાળાઓ, જંગલો અને કોતરો, શહેરો અને ગામડાંઓ, સપાટ મેદાનો અને વિશાળ રણો, આકાશચુંબી હિમગિરિનાં શિખરો અને ત્રણે બાજુથી ધોવાતો કન્યાકુમારીનો કિનારો, ગંગાયમુનાનો સંગમ અને ગોદાવરી કાવેરીનાં જળપ્રવાહો, કુતુબમિનાર અને મદુરાનું મંદિર, મધ્યમાં આવેલ જૂના જોગી જેવો વિન્ધ્યાચલ અને દક્ષિણ પ્રદેશના બે બાહુ સમાન પૂર્વ પશ્ચિમના ઘાટો–આવું સમગ્રવ્યાપી અને સિનેમાની ફિલ્મ માફક આંખો સામે ફર્યા કરતું દર્શન જેવું વિમાનવિહારીને સંભવે છે તેવું દર્શન અન્ય કશા સાધન કે વાહન વડે સંભવતું નથી.

અને ઉપરાંત આકાશમાં જે સૌન્દર્યલીલા વિસ્તરે છે તેનો ખરો અનુભવ તો વિમાનમાંથી જ થઇ શકે. પૃથ્વીની સપાટી ઉપરથી સૂર્યોદય કે સૂર્યાસ્ત જેવા દેખાય છે તે કરતાં પણ અનેકગણાં વધારે ભવ્ય સૂર્યોદયો અને સૂર્યાસ્તો ઊંચે નભપ્રદેશમાં વિચરતાં જોવા–માણવા મળે છે. દાર્જીલીંગ હિમાલયનું સુપ્રસિધ્ધ હવા ખાવાનું ઠેકાણું છે. ત્યાંથી કેટલેક દૂર સવારના ત્રણેક વાગે પ્રવાસીઓ એક એવા સ્થળે જાય છે કે જ્યાંથી જગતમાં ભાગ્યે જ અન્યત્ર એટલો ભવ્ય અને રોમાંચકારી સૂર્યોદય જોવા મળી શકે. આ સૂર્યોદય નજરે નિહાળવાના બબ્બે ત્રણ ત્રણ પ્રયત્નો પણ ઘણીવાર અતિ ધુમ્મસને લીધે નિષ્ફળ જાય છે. એ સ્થળ લગભગ સમુદ્રની સપાટીથી દશ હજાર ફીટ ઊંચે છે. એટલો ઊંચો પ્રદેશ એટલે વાદળોથી પણ ઊર્ધ્વતર ભૂમિકા. પ્રાતઃકાળે નીચે અગણિત ગિરિશૃંગો ધવળ વાદળોથી કેવળ ઢંકાઇ ગયેલાં હોય છે. એટલે નીચે તો અગાધ અને અમાપ એવાં આમતેમ આળોટતાં વાદળોનો જ દરિયો નજરે પડે છે. પૂર્વ દિશાએ સૂર્યનું લાલ બિંબ ઊંચે આવતાં તેનાં કિરણો નીચેના વાદળસાગર ઉપર પડવા માંડે છે અને ભાતભાતના રંગો અને રંગરંગના પ્રકાશપટો રચાવા પથરાવા લાગે છે. આવું અનુપમ અને અસુલભ દૃશ્ય વિમાનવિહારીને સુલભ બને છે. કારણ કે ઊંચી ઊંચાઇએ ઊડતાં વિમાનો ઉપરથી નીચેની ધરતી ઉપર તો ઘણીવાર વાદળોની જ ચાદર બિછાયલી જોવામાં આવે છે. મેઘધનુષ્યના વિવિધવર્ણી આકારો જ્યાં ત્યાં પ્રગટે છે અને લય પામે છે. એરોપ્લેન પવન અને વાદળની ગતિથી વધારે ઝડપે ચાલે છે તેથી વરસાદ વીજળીનાં આવતાં તોફાનો ઓળંગી શકે છે. મેઘની ગર્જના અને વીજળીના ચમકારાનો અનુભવ વિમાનમાં બેસનારને તો કોઇ અલૌકિક જ લાગતો હશે. કદી કદી કોઇ તોફાનમાં વિમાન સપડાય ત્યારે તો જીવનમરણનું જ યુધ્ધ જામતું હશે. એ યુધ્ધમાંથી સહીસલામત નીકળી આવતાં આરંભાતું નવજીવન કેવું મધુર લાગતું હશે? કોઇ શુક્લપક્ષની રાત્રી કે જ્યારે ભૂતળ ઉપર અને આકાશમાં ચંદ્રમાની શીતળ રોશની પથરાયલી પડી હોય અને મંદ મંદ વહેતી હવા પણ સર્વત્ર વ્યાપેલી ધવળતા વડે મૂર્તિમન્ત બની રહી હોય ત્યારે આ તે પૃથ્વી છે કે સ્વર્ગ એવી ભ્રાન્તિ વિમાનમાં ઊડતા કોઇને પણ થયા વિના રહેતી નહિ હોય. કોઇ કૃષ્ણપક્ષની શ્યામલ રાત્રીના સમયે ઊડતું વિમાન કોઇ યાત્રી જેમ અમરનાથથી માંડીને શ્વેતબિંદુ રામેશ્વર સુધીનાં સર્વ તીર્થસ્થાનોની યાત્રાએ નીકળે તેમ અનેક સુપ્રસિધ્ધ ગ્રહનક્ષત્રોની યાત્રાએ જાણે કે નીકળી પડયું ન હોય અને સ્વાતિથી ચિત્રા અને ચિત્રાથી હસ્તનક્ષત્ર એમ આકાશનાં સીમાચિહ્નોને સ્પર્શતું સ્પર્શતું અનન્ત આકાશમાં આગળ ને આગળ વહી રહ્યું ન હોય એવી કલ્પના વિમાનવાસીને આવ્યા વિના રહેતી નહિ હોય. અગાધ મહાસાગરમાં આમતેમ ઝોલાં ખાતાં વહાણમાં બેઠેલા

નાવિકની માફક અગાધ તિમિરમાં ઘરરરઘરરર અવાજ કરતા એરોપ્લેનના યંત્રવાહકને એવી કોઈ ભીષણ એકલતાનો અનુભવ થતો હશે કે જેની કલ્પના ઘર અને બજારના પાંજરાઓમાં પુરાયલા અને અનેક સ્વજનસંબંધીઓથી વીંટળાયેલા આપણા જીવનમાં ભાગ્યે જ આપણને આવી શકે. એરોપ્લેનને ઊર્ધ્વગમન કે અધોગમન અતિ સહેલ હોય છે. નીચેના પ્રદેશ ઉપર જ્યારે વર્ષાનાં વાદળો એકધારાં જળ વરસાવી રહેલ હોય છે ત્યારે ઉન્નત આકાશમાં એરોપ્લેન સૂર્યના આતપમાં સ્નાન કરતું હોય છે. પૃથ્વીના એક બિન્દુ ઉપર ઊભેલા આપણે વાદળોને વીંધી શકતા નથી પણ હનુમાન માફક મોટી મોટી ફાળ ભરતું એરોપ્લેન ઘડિ વાદળોની ઘનઘટામાંથી અને ઘડી સ્વચ્છ નીલ આકાશમાંથી પસાર થઈ શકે છે અને તે રીતે તડકાછાંયાનો કોઇ અન્ય પ્રકારનો અનુભવ કરાવી શકે છે. આવી રીતે વિમાનવાસીના આકાશી અનુભવોની કથાનો મહિમા અપાર છે.

## અપૂર્વરંગ

પશુત્વ અને દિવ્યતાનો સંધિકાળ એટલે માનવતા. પશુ–કોટિમાંથી માનવકોટિમાં આવ્યા એ સંચાર કર્યે તે દેવ બનવા માટે. એક વિચારકે કહ્યું છે તેમ માણસ પોતે જ્યાં છે ત્યાંથી ઊંચે ચઢી ન શકે તો પછી તે ખરેખર કેટલો પામર છે? આપણી સ્થિતિ વર્ણસંકરની છે. આપણે પશુત્વને છોડી શકતા નથી; દેવ બની શકતા નથી. પણ આપણને કલ્પના અને ચિન્તનની બે પાંખો મળી છે. એ બે પાંખો વડે આપણે અગમ્યમાં અગમ્ય પ્રદેશને પ્રાપ્ત કરી શકીએ છીએ અને જડ પ્રાર્થિવ જીવનમાં સ્વર્ગીયતાનો સંચાર કરી શકીએ છીએ. 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ.' કવિ અને કળાકાર કલ્પનાની પાંખે ઊડે છે અને કલ્પનાતીત રસ અને સૌન્દર્યની સીમાને સ્પર્શી શકે છે. વિજ્ઞાનશાસ્ત્રી અભ્યાસ અને ચિન્તન વડે વસ્તુતત્ત્વના ગહનમાં ગહન નિયમોને શોધી કાઢે છે અને માનવજીવન સાથે તેનો મેળ સાધી સુખ-પ્રાપ્તિનાં સાધનોમાં ઉમેરો કરે છે; એવી જ રીતે ફિલસૂફ કે તત્ત્વાન્વેષી ચિન્તનની પાંખો વડે અગમનિગમના પ્રદેશમાં નિમગ્ન રહે છે અને જીવ, જગત અને ઇશ્વર—એ ત્રણ તત્ત્વનું પૃથક્ત્વ શોધવા અને સમન્વય સાધવા મથે છે. અને આખરે સચ્ચિદાનન્દમય ઇશ્વરસ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે. આનું નામ તે માનવસુલભ વ્યોમવિહાર. હૃદય અને બુધ્ધિ, કલ્પના અને ચિન્તન, પ્રેમ અને જ્ઞાન આ માનવ પ્રાણીની વિશિષ્ટ સંપત્તિ અને સાધનસામગ્રી છે. આ સાધનો વડે માનવી પોતાની પામરતાને છેદે છે અને દિવ્યતાને પ્રાપ્ત કરે છે. પાંખો તો પંખીઓને પણ છે અને તે પાંખો વડે આકાશમાં તેઓ દિનરાત ઘૂમ્યા કરે છે. પણ એ પાંખો સ્થૂળ છે અને એ ઉડ્ડયન શાન્ત અને સંકીર્ણ છે. જેવી રીતે કોઇ મહાનુભાવની સ્થૂળ આંખો લૂપ્ત થતાં તેની પ્રજ્ઞાચક્ષુ ઉઘડી જાય છે તેવી રીતે કુદરતી વિકાસક્રમમાં આગળ વધતાં પ્રાણી સ્થૂળ પાંખો ગુમાવે છે અને માનવદેહ સાથે કલ્પના અને ચિન્તનની સૂક્ષ્મ પાંખો મેળવે છે. જે વડે અનન્ત ચિદાકાશમાં તે વિચરી શકે છે અને સ્વ–પરનો ભેદ તૂટતાં અનન્ત વિશ્વવ્યાપી પ્રેમને અનુભવગોચર કરી શકે છે. આ માર્ગ સાધુ અને સન્તોનો છે; કવિઓ અને કલાકારોનો છે; વૈજ્ઞાનિકો અને તત્ત્વવેત્તાઓનો છે. ગરીબ અને તવંગર ઉભયને કલ્પના અને ચિન્તનની શકિતઓ મળેલી છે. તે વડે તે પાર્થિવતાના તિમિરને વીંધી શકે છે, અન્તર્મુખ બની અનન્ત તેજોમય તત્ત્વનું સાન્નિધ્ય સાધી શકે છે અને એ સાન્નિધ્યમાંથી પ્રકાશ અને પ્રેરણા મેળવીને પોતાના ઐહિક પરિમિત સંસારજીવનને ઉજાળી શકે છે.

માણસ જન્મે છે, જીવે છે અને મરે છે. બાળવય, યૌવન અને જરાનું ચક્ર ચાલ્યા કરે છે. પુરૂષ અને સ્ત્રી લગ્નથી જોડાય છે અને સમાજને સંતાનો આપી સંસારપ્રવાહને વહેતો રાખે છે. પુરૂષ સાધારણ રીતે દ્રવ્યોપાર્જનની અને સ્ત્રી સાધારણ રીતે બાલસંવર્ધનની અરઘટ્ટ ઘટિકામાં જીવનનો મોટો ભાગ પૂરો કરે છે. પણ આ સર્વનો આખરે અર્થ કાંઇ નથી. મનુષ્યજીવનની સાર્થકતા ચાલુ ચીલે કેવળ ભૌતિક જીવન જીવવામાં અને ભૌતિક નિમિત્તો વડે જીવન પૂરું કરવામાં નથી રહેલી. જીવન ત્યારે જ સાર્થક બની શકે કે જ્યારે તે જીવન પાછળ કોઈ ભવ્ય આદર્શની ઉપાસના હોય, કળા અને સૌન્દર્યનો સતત સ્પર્શ હોય, અને જીવનનું પ્રત્યેક પદ કલ્પના અને ભાવનાના રંગે રંગાયલું હોય. આવો વ્યોમવિહાર આપણા પૂર્વજોમાં હતો; આપણા ઋષિ મુનિઓ, સાધુસન્તો અને કવિઓ તેમજ કલાકારોમાં હતો. અને તેથી તેમના જીવનમાં કળા અને ભાવનાની કોઇ અનેરી છટા નજરે પડતી હતી. આજે આપણું જીવન કેવળ સ્થૂળ બની ગયું છે. આપણી ધર્મભાવના પણ એટલી જ પામર અને સંકુચિત બની ગઇ છે. ઘર અને વ્યાપાર કે એવી જ કોઇ દ્રવ્યોપાર્જનની મામૂલી પ્રવૃત્તિ—આટલામાં જ આખું જીવન ઓતપ્રોત બનેલું રહે છે. નથી કોઇ સંતસાધુનો સમાગમ, નથી સમાજસેવાની કશી ધગશ, નથી વિચારપ્રેરક કે કલ્પનાપ્રોત્સાહક સાહિત્યક્ષેત્રમાં પરિભ્રમણ, નથી કોઇ લલિતકળાનો કે કોઇ જ્ઞાનવિજ્ઞાનનો અભ્યાસ. ચાલુ ઘરેડમાંથી ઊંચે લઇ જાય અને ઐહિક જીવનના ચિત્રવિચિત્ર વમળોમાંથી ઉન્મુખ રાખે એવી કોઇ પ્રવૃત્તિ સાથે જીવન સંકળાય નહિ ત્યાંસુધી જીવનમાં ઉન્નતિ સંભવે જ નહિ. આ રીતનો વ્યોમવિહાર આપણામાંથી લૂપ્ત થયો છે અને તેથી આપણે કેવળ પામર દેખાઇએ છીએ. એક વખત ફરી આપણે સ્થૂળ ધરતિ ઉપરથી ઊંચે મીટ માંડતા થઇએ, જડ અને રસહીન જીવનમાં ચૈતન્ય અને કલામયતનાં અંશો પ્રગટાવીએ, સ્વાર્થપરાયણ જીવનને બને તેટલું સેવાપરાયણ બનાવીએ, દ્રવ્યના સ્થાને જ્ઞાનની પ્રતિષ્ટા કરીએ, બહિર્મુખ મટી અન્તર્મુખ બનીએ, સ્થૂળ ભૂતળ છોડી કલ્પનાની પાંખો વડે અનન્ત આકાશમાં વિચરતા થઇએ. —આપણું પામર જીવન સહજમાં દિવ્ય બની જશે અને આપણા સ્થૂળ માટીના બનેલા દેહમાંથી કોઇ અનેરી આત્મદ્યુતિ પ્રગટશે જે સ્વપર—સર્વ કોઇના જીવનને અજવાળશે અને ઉધ્ધારશે.

**પરમાનંદ**

## શ્રી પોપટલાલ શાહને અભિનન્દન

[ જગ્યાને અભાવે ગયા અંકમાં આ નોંધ લઇ શકાય નહોતી—તંત્રી ]

પૂનાનિવાસી રાષ્ટ્રીય મહાસભાના જાણીતા કાર્યકર્તા અને જૈન સમાજના એક ભાવનાશાળી આગેવાન શ્રી. પોપટલાલ રામચંદ શાહ પૂના મ્યુનિસિપાલિટીના પ્રમુખપદે ચૂંટાયા છે તે જૈન સમાજ માટે આનંદ અને ગૌરવનો વિષય છે. તેમની રાષ્ટ્રસેવા અને અખંડ કાર્યતત્પરતાને જ તેમનું એ વિશિષ્ટ પદારોહણ આભારી છે. તેમની સ્થિતિ સાધરણ અને યુનિવર્સિટીના શિક્ષણનો પણ અભાવ એમ છતાં એકસરખી નિષ્ટા અને કાર્યપરાયણતાને લીધે તેઓ આજે આટલા આગળ વધી શકયા છે અને પુના જેવા દક્ષિણી કેન્દ્રમાં પણ, એક ગૂજરાતી હોવા છતાં, આટલું વર્ચસ્વ મેળવી શકયા છે. આ માટે તેમનું જેટલું અભિનન્દન કરીએ તેટલું ઓછું છે. રાષ્ટ્રકાર્ય સાથે જૈન સમાજને પણ તેમણે આજ સુધીમાં અનેક સેવાં આપી છે. પૂનામાં જૈન સમાજને લગતું કાંઇ કામકાજ હોય તો પોપટલાલ શાહને જ શોધવા પડે. ભાઇશ્રી પોપટલાલની કારકિર્દી ઉત્તરોત્તર વિશેષ ઉજ્વળ બનતી રહે અને દેશ અને સમાજને તેઓ વધારે ને વધારે સેવા આપતા રહે એમ આપણે ઇચ્છીએ.

**પરમાનંદ**

# છેલ્લા વાચનાચાર્ય

## (એક દર્શન)

(અનુસંધાન આગળના અંકથી)

એ સાધુવરોની વ્યવસ્થા કરવાનું મહાકાર્ય એ ક્ષમાશ્રમણે ઉપાડી લીધું હતું. તેનો શિષ્યસમુદાય એ સર્વની વૈયાવચ્ચ કરતો અને વળી સૂત્રચર્ચામાં સાથ દેતો.

વલ્લભીપુરનો શ્રાવકશ્રાવિકાસંઘ તે અવસરે ધન્ય હતો, ગૂર્જરોનું એ પાટનગર એ પવિત્રાત્માઓની ચરણરજથી પુનિત બન્યું હતું અને સૌરાષ્ટ્રની તે સમયની શૌર્યભકિતભરી ભૂમિ એ સંતોના વિહારથી અને આગમનથી પવિત્ર થઇ રહી હતી.

આહારપાણીની તો સકળસંઘે સફળ વ્યવસ્થા કરી લીધી હતી. પણ સ્વાશ્રયની મૂર્તિ સમા એ સાધુવરોને નહોતી વૈયાવચ્ચની જરૂર, નહોતી સેવાની આવશ્યકતા કે નહોતો માનપાનનો અભખરો. જીભને વશ કરનાર એ સર્વેન્દ્રિયસંયમીઓને મિષ્ટાન્ન ખપતાં નહોતાં, વિરામત્યાગી એ વિરાગીઓને રસાસ્વાદ ગમતો નહોતો, અરે! એની વાસના એ રૂચતી નહોતી અને વચન–ગુપ્તિને વરેલા એ યતિશ્રેષ્ઠોને વાતોડીઆ થવાની તો નવરાશે નહોતી સાંપડતી અને ઇચ્છાએ નહોતી થતી.

અને આ સર્વ મુનિશ્રેષ્ઠોનો અધિરાજ કોણ?

અભિમાનથી આમડાતો, આડંબરને ડારતો, સત્તાના શોખને ઉવેખતો અને સરલતાને પૂજતો, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો સાધુપૂર્વજ ગૂર્જરીનો સૂત્ર સંપાદક જ્યોતિર્ધર મહામુનિ ક્ષમાશ્રમણ શ્રી દેવર્દ્ધિગણી.

એણે નાનામોટા પ્રત્યેક વિદ્વાન મુનિની સ્મરણપેટી ઊઘડાવી, એણે દરેક મુનિપંડિતોના સ્મરણપટારા ખોલાવ્યા અને તેમાં સચવાયેલાં ભગવાન વીરની વાણીનાં મહામૂલાં સૂત્ર–રત્નોને સાચવી સાચવીને બહાર કઢાવ્યાં.

સૌ કોઈના સ્મૃતિભંડારો રજૂ થયા, પણ આ સર્વને મેળવીને–મૂલવીને–સાચુંખોટું પારખીને વ્યવસ્થાબદ્ધ અને સુંદર રીતે ગોઠવવાનું ખૂબ જ કપરું હતું.

ન ચાલે એમાં સ્વરુચિનો શોખ કે ન નભે એમાં કોઇ લાગણીની લાલચ. પોતાને લાગે કે અમુક મુનિ વિદ્વાન છે માટે તેની સ્મૃતિમાંથી લાધેલાં વચનો તો નિ:સંશય સ્વીકારવાં જ જોઇએ અથવા તો પૂરો વિચાર કરતાં જણાય કે અમુક વચનો તો તર્કસિદ્ધ ને યોગ્ય જ છે; તો પણ એ મુનિમંડળીની કસોટીમાંથી ઉત્તીર્ણ કરાવ્યા સિવાય એક પણ વચન સ્વીકારી લેવામાં આવતું નહોતું.

જેટલું એકસરખું નિરપવાદ મળી ગયું તેટલું તો સરસ રીતે સંગ્રહાઇ ગયું, પણ જ્યાં થોડો પણ વિરોધ થયો, વિરોધાભાસ જણાયો, પ્રામાણિક મતભેદ દેખાયો ત્યાં શું થાય?

એ મહામુનિ ક્ષમાશ્રમણે વિરોધોને અને વિરોધાભાસોને પરમશાંતિપુર્વક સમજવા અને સમજાવવા માંડયા અને જ્યાં જ્યાં પ્રામાણિક સત્યાંશ જણાયો ત્યાં તેનો સંગ્રહ સ્વીકાર્યો અને પાઠાન્તરો સ્વીકારી લીધાં.

કોઇ મુનિ હઠાગ્રહી તો નહતા, પણ કોઇ કોઈ પ્રામાણિક મતાગ્રહી તો હતા–હોય જ. તેમને સમજાવવા એ કઠિન કાર્ય હતું. તેમને સમજાવવાની અદ્‌ભુત શકિત ધરાવનાર એ સરલ સ્વભાવી મહાત્માએ પોતાને અધૂરાં લાગતાં, મોટા ભાગને પણ અપૂર્ણ કે વિસંવાદી જણાતાં એવાં થોડાંક વચનો પણ સંગ્રહી લીધાં હશે. કારણ કે એને લાગ્યું હશે અને તેણે આગ્રહી મુનિઓને સમજાવ્યું હશે કે:

"આપણી બુદ્ધિ પરિમિત છે, તર્કશાસ્ત્ર મર્યાદિત છે. કોઇ વચન સાચું હોય કે તેમાં સત્યાંશ હોય. પણ આપણે છદ્મસ્થ રહ્યા તેથી તે ન સમજીએ છતાં એનો સાચો અર્થ ભવિષ્યમાં કોઇ ન સમજે એમ નહિ; માટે એ બધું ભલે રહ્યું. કારણ કે હવે પછી સૌ કોઇને પોતાથી સ્વતંત્ર અંતરાત્મ બુધ્ધિ પર જ આધાર રાખવાનો રહેશે."

અનેક પ્રામાણિક વિરોધોને શમાવી, કોઇ કોઈવાર પ્રામાણિકપણે ઊપજતી કડવાસને ગળી જઈ, સૌને શાંત રાખીને, સમજાવીને એ મહામુનિએ–એ ક્ષમાશ્રમણે–વાચના પૂર્ણ કરી અને ભગવાન વીરનાં વચનો સ્મૃતિપટેથી ઉતારી તાડપત્રે આસનસ્થ કર્યાં.

અહિંસાવાદી ગૂજરાતને આંગણે આમ જિન ભગવાન મહાવીરની વાણીનો પુનરુધ્ધાર થયો અને એક મુનિશ્રેષ્ઠ ક્ષમાશ્રમણ–એક ગૂજરાતી–વીરવચનોમાં રહેલી અહિંસક આર્ય–સંસ્કૃતિને લિપિબધ્ધ કરીને અને સર્જકને છાજે તેમ એ શ્રેષ્ઠ અને મંગલમય સાહિત્યનું સંપાદન કરીને ગૂજરાતનો અને જૈનશાસનનો જ્યોતિર્ધર બન્યો.

"શાસ્ત્રો તે વળી લખાય? એ તે લિપિબદ્ધ થઈ શકે? એમ કરવાથી જ્ઞાનને આશાતના નહિ થાય? જો એમ કરવાનું હોત તો ભગવાન વીરજ એવું કાંઈ સૂચન–એવો ઇસારો ય ન કરત? એમની પાટે થઇ ગએલા મહાન આચાર્યોને પણ એ કાં ન સૂઝયું? સૂંઠનો ગાંગડો કાને રહી જતાં અનશન કરનાર વજ્રસ્વામી કે તેમના શિષ્યને પણ એ સ્મૃતિદોષની સમજણ નહિ પડી હોય? એમને પણ એનો ઉપાય નહિ જડયો હોય? એમણે કાં કાંઇ ન કહ્યું? શું એમની બુદ્ધિ આપણા કરતાં ઓછી હતી? શું આપણા કરતાં એમની દૃષ્ટિ વધારે જોઇ શકતી નહોતી? શું આપણે એમનાં કરતાં વધારે ડાહ્યા?"

આવાં વચનો એ ધીર ગંભીર મુનિને નહિ સાંભળવાં પડયાં હોય? જે ચાલતું હોય તેમાં નાનો સરખો પણ ફેરફાર કરવાની નવી વાત–નવા ચીલા–સામે કંઇ કંઇ પ્રકારના વિરોધ ઊઠયા હશે.

પણ એ વિરોધનો એ રુઢિચુસ્તોનો ઇતિહાસ એ ક્ષમાશ્રમણે આલેખ્યો જ નથી. કારણ કે એને એનો કશો ઉપયોગ જ નહોતો. એને એ વિરોધ અને એને શમાવવાનો ઇતિહાસ આલેખીને પોતાની મોટાઇ બતાવવાની જરા પણ ઇચ્છા નહોતી.

છતાં એ જેવોતેવો વિરોધ નહિ હોય. રુઢિપલટો અને તે પણ શાસ્ત્ર પરત્વે, સૂત્ર સંબંધે તરત સૌને ગળે પણ નહિ ઊતર્યો નહિ હોય. ઘણો વિરોધ થયો હશે, ખૂબ જ ઉહાપોહ થયો હશે.

એ સર્વ વિરોધ, એ ઉહાપોહ એ રુઢિચુસ્તતાનાં વાદળ શમાવનારની શકિત કેવી નિરભિમાન, કેટલી શાંત અને કેવી ધીર તથા દૃઢ નિશ્ચયી હશે?

નહોતું એને માન ખાટવું, નહોતી એને પ્રતિષ્ઠા કે નહોતું એને ભાવિની સ્મૃતિમાં ચિરંજીવ રહેવું, પણ એનામાં પોતાની મર્યાદાનું ભાન હતું, એને ભાવી સાધુ કે વાચકો આડમાર્ગે ન જાય એની ચોકીદારીની ખેવના હતી.

નથી એણે લાંબા નિવેદનની જરૂર જોઇ કે નથી એને ટૂંકા પ્રસ્તાવની આવશ્યકતા લાગી. છતાં એનાં સંપાદનમાંથી પ્રત્યેક વિચારકને એનું મૂગું નિવેદન સાંપડી રહે છે કે:

(અનુસંધાન દશમે પાને)

सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरई ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

ડિસેમ્બર, ૩૧ ૧૯૩૯


## દ્યૂત પ્રતિષ્ઠા

કાળ બળવાન છે. કાળના બદલાવા સાથે અનેક પ્રકારના મૂલ્યપરિવર્તનો થાય છે, એક કાળે રશિયા ધર્મપરાયણ મનાતું અને ઇશ્વરીતત્ત્વને સ્વીકારતું. આજે ત્યાં અનિશ્વરવાદની પ્રતિષ્ટા થઇ છે અને ધર્મસંસ્થાનો એ દેશમાંથી બહિષ્કાર કરવામાં આવ્યો છે. એક વખત યજ્ઞક્રિયા જ આર્યાવર્તમાં ધર્મસાધન મનાતું અને યજ્ઞ નિમિત્તે અનેક પશુઓનાં બલિદાન દેવાતાં. આજે યજ્ઞ અપ્રતિષ્ઠિત બનેલ છે અને ધાર્મિક જીવનની કલ્પનામાં ઘણું પરિવર્તન થયું છે. એક વખત સતીની પ્રથા ધાર્મિક ગણાતી; આજે એ નિન્દનીય બની છે. ખાનપાનના ઇતિહાસમાં પણ આવાં અનેક મૂલ્યપરિવર્તન થયાં છે. એક વખત જ્યાં માંસાહાર અને મદિરાપાન સમાજસંમત હતો ત્યાં આજે માંસાહાર અને મદિરાપાન નિષિધ્ધ બન્યાં છે. દ્યુત વિષયમાં પણ પૂર્વકાળનાં લોકવલણમાં અને આજના લોકવલણમાં મહત્ત્વનો ફરક નજરે પડે છે. દ્યુતનું વ્યસન કંઇ કાળથી લોકજીવનને વળગેલું છે. જ્યાં માણસ છે, મિલકત છે અને શ્રમ વિના શ્રીમાન બનવાની વૃત્તિ છે ત્યાં દ્યુત અનિવાર્ય છે. નળરાજા જુગારમાં રાજ્ય હારી ગયો હતો; પાંચ પાંડવોએ જુગારમાં સર્વ કાંઇ ગુમાવ્યું હતું. આ પુરાણપ્રસિધ્ધ દૃષ્ટાંતો દ્યુતની પુરાતનતા સિધ્ધ કરવા માટે પૂરતાં છે.

આમ દ્યુત પુરાતનકાળથી પ્રચલિત હોવા છતાં એ દ્યુતને સમાજમાં કદી પ્રતિષ્ઠિત સ્થાન નહોતું મળ્યું: દ્યુતની કોઈ ઠેકાણે પ્રશસ્તિ જોવામાં આવતી નથી: તેમ જ જુગારી સન્માન પામ્યો સાંભળ્યો નથી. દ્યુતની હંમેશા શાસ્ત્રકારો અને સ્મૃતિકારો, ધર્મોપદેશકો અને નીતિશાસ્ત્રવેત્તાઓ નિન્દા જ કરતાં આવ્યા છે અને લોકોને તેથી ચેતાવતા આવ્યા છે. જૈન ધર્મમાં સાત પ્રકારના વ્યસનથી સદા દૂર રહેવા ફરમાવવામાં આવ્યું છે તે સાત વ્યસનમાં એક દ્યુતવ્યસન છે. જેમ સમાજમાં કોઈ ઊંચી જ્ઞાતીનો માણસ દારૂ પીતો તો છૂપી રીતે અને શરમાઇને પીતો તેમજ કોઇ દ્યુત રમતું તો શરમાઇને અને છૂપી રીતે જ રમતું.

વર્તમાન સમાજમાં દ્યતનું વ્યસન જુદી રીતે અને જુદા માર્ગે પ્રવેશ કરે છે. આજે ચોતરફ જુદી જુદી ચીજોનો ચાલી રહેલો સટ્ટો આવો એક પ્રકાર લાગે છે. વિજ્ઞાનની નવી શોધો તાર, ટપાલ તેમ જ ટેલીફોનોની સગવડો, આન્તરરાષ્ટ્રિય વ્યાપારની ખીલવણી, એક દેશમાં બનતી કે ઊગતી ચીજોની અન્ય દેશમાં મોટા પ્રમાણમાં આયાત કે નિકાશ, જુદી જુદી ચીજો તેમજ સોનારૂપાના ભાવોનું પરસ્પરાવલંબીપણું આ બધાં તત્ત્વોએ દેશદેશના વ્યાપારોને જેમ ખૂબ વધાર્યા છે તેમ જુદી જુદી ચીજોના સટ્ટાને પણ ખૂબ ઉત્તેજન આપ્યું છે. ચીજોના ભાવની અનિશ્ચિતતાનું તત્ત્વ વ્યાપાર અને સટ્ટામાં સમાન છે. વધારે ભાવ મળવાની આશાએ કોઇ પણ વસ્તુ ખરીદવી અને સંગ્રહવી એ વ્યાપારનું તત્ત્વ છે. આવી જ રીતે આગળ ઉપર ભાવ ઘટશે એવી ગણતરી ઉપર અમુક મુદત બાદ અમુક માલ પૂરો પાડવાનો સોદો કરવો અને તે મુદત વીત્યે ભાવો ઘટયા હોય તો તેટલી નુકસાની ખાઇને વખતસર માલ પૂરો પાડવો એ પણ વ્યાપારના અંગમાં સમાયલું છે. સટ્ટામાં પણ આ જ તત્ત્વ રહેલું છે. પણ ફરક માત્ર એટલો જ કે વ્યાપારમાં ખરીદેલો માલ નાણાં આપીને ઘરમાં લાવવાનો હોય છે અને વાયદે વેચેલ માલની પણ લેનારને ડિલિવરી આપવાની હોય છે જ્યારે સટ્ટામાં કોઇ પણ સંયોગમાં નાણાં ભરીને માલ રીતસર પૂરો પાડવાની વાત હોતી નથી. સટ્ટાની અંદર ગાળે ગાળે ચાલુ ભાવ મુજબ ઊભા સોદા ખલ્લાસ કરીને નફાનુકસાનીનો તફાવત જ ભરવાનો હોય છે. આને લીધે સટ્ટો કરનારને ખરીદેલ માલના નાણાં ભરવાની તાકાતનો બહુ વિચાર કરવાનો રહેતો જ નથી. તે હંમેશા અમુક ભાવ વધ્યેઘટયે નુકસાની ભરવાની તાકાતનો જ વિચાર કરતો રહે છે. પણ આ વાત આટલેથી જ અટકતી નથી. આજની ચિત્રવિચિત્ર આન્તરરાષ્ટ્રિય પરિસ્થિતિ અને આસપાસની અસ્થિર રાજકીય અને આર્થિક હવાના પરિણામે સટ્ટાની ચીજોના ભાવોમાં મોટી વધઘટ ચાલ્યા જ કરે છે અને એ ભાવોની ગણતરીમાં ગમે એવા મોટા નિષ્ણાતો પણ ભારે છક્કડ ખાતા જ આવે છે; બીજું સટ્ટો કરનાર જલ્દી શ્રીમંત બનવાની ઘેલછામાં કોઇ પણ સંયોગમાં ચોક્કસ નુકસાની ભરવાને લગતી પોતાની જે તાકાત હોય તેની મર્યાદાની અંદર રહી શકતો જ નથી. ઘણી વખત મોટી ઊથલપાથલમાં નુકસાનીનું જલદી માપ આવતું નથી અને કાંઇક વિચાર અને ગણતરી કરી કાપવા જાય ત્યાં તો ધારેલી નુકસાની કદી કદી દોઢી બમણી કે તેથી વધારે આવી બેસે છે. કશો પણ શ્રમ કરવો નહિ અને કેવળ અકસ્માત ઉપર દ્રવ્યની હારજીત કરવી એ આ દ્યુતની મોટામાં મોટી ખાસિયત છે. વ્યાપાર એટલે માલની વાસ્તવિક લેવડદેવડ–સટ્ટો એટલે માલની કાલ્પનિક લેવડદેવડ. બન્ને પ્રવૃત્તિઓને આસપાસની પરિસ્થિતિની ગણતરી સાથે ચોક્કસ સંબંધ છે. સટ્ટો એ આજની મૂડીવાદી પધ્ધતિ–Capitalism–અને વ્યાપારરચનાનું સ્વાભાવિક પરિણામ છે અને તેથી સટ્ટાની પ્રવૃત્તિ કેવળ અકસ્માતો ઉપર જ નિર્ભર છે અને તેને કોઇ પણ પ્રકારની ગણતરીઓ સાથે કશો સંબંધ છે જ નહિ એમ કહેવું કદાચ વધારે પડતું ગણાય. એમ છતાં પણ સટ્ટાનું સમગ્ર સ્વરૂપ જોતાં કોઇને પણ માલૂમ પડશે કે સટ્ટાની ચીજોના ભાવોના નિર્માણમાં અકસ્માતો જ ઘણો મોટો ભાગ ભજવે છે અને સટ્ટાના ખેલાડીઓ પણ અકસ્માતોની જ રાહ જોયા કરતા હોય છે અને ઘડિમાં ગરીબી અને ઘડિમાં તવંગરપણું એ જ સટ્ટાની સામાન્ય લીલા છે. આ રીતે સટ્ટો કરનારમાં દ્યુતમાનસ જ ખીલતું જાય છે અને મોટા અકસ્માતો સાથે પોતાની મિલકતમાં ભરતીઓટ થાય તેમાં જ તેને મજા પડે છે. આજથી ત્રીશચાળીશ વર્ષ ઉપર આવો સટ્ટો ખેલનારા માટે આપણા સમાજમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન નહોતું. ‘એ ભાઇ તો બીજી રીતે ઠીક, પણ સટોડીયો છે: એને કન્યા કોણ આપે?’ એમ એ કાળમાં જ્યાંત્યાં બોલાતું. આજે એ પ્રતિષ્ઠા લય પામી છે અને સટ્ટો કરનાર જ્યાંત્યાં સન્માનાય છે અને વ્યાખ્યાનશાળામાં સાધુઓ પણ તેમને આગળ બોલાવીને બેસાડે છે. શ્રાવકને ત્યાં ધન હોય, વૈભવ હોય, એનો કાંઇ ધર્મશાસ્ત્રોમાં અનાદર નથી પણ કોણ ગૃહસ્થ શ્રાવક આદર યોગ્ય અને કોણ અનાદર યોગ્ય એ વિષે એક સાચું અને પ્રમાણભૂત ધોરણ શાસ્ત્રકારોએ આપણી સમક્ષ રજૂ કર્યું છે. જે ગૃહસ્થનો વૈભવ ન્યાયસંપન્ન હોય, જેની

પાછળ પ્રામાણિકતા અને પરસેવો હોય, જેની પ્રાપ્તિમાં દ્યુતનું ઝેર ભળેલું ન હોય–તે ગૃહસ્થ અને તેની ગૃહસ્થાઇ આદરયોગ્ય. સટ્ટાથી મળતી લક્ષ્મી ન્યાયસંપન્ન છે કે નહિ તે વિષે ધર્માધર્મનો વિવેક કરનાર પાસે બીજો મત હોઈ શકેજ નહિ.

આ તો સટ્ટાની વાત થઇ. સટ્ટા માટે એમ પણ કહી શકાય કે સટ્ટાની પ્રવૃત્તિ કેવળ દ્યુત નથી પણ તેમાં વ્યાપારનું તત્ત્વ અમુક રીતે જોડાયલું હોઇને તે વ્યાપારમિશ્રિત દ્યુત છે. કેટલાક લોકોની ચાલુ પ્રવૃત્તિ વ્યાપારની જ હોય છે પણ કોઇ મોટા ફેરફારને પ્રસંગે એ જ વ્યાપારી બુદ્ધિ તેને સટ્ટા તરફ ખેંચી જાય છે અને કદી કદી તે તેમાંથી ઠીક લાભ પણ ઉઠાવે છે. આજની સમાજવ્યવસ્થામાં ફેરફાર ન થાય ત્યાં સુધી સટ્ટો અનિવાર્ય રહેવાનો. તેની વિરુદ્ધ બોલ્યા કરવાથી તે એકદમ અટકી શકે તેમ નથી એ બરોબર છે પણ આમ છતાં પણ આજે સટ્ટાને અંગે અનેકનાં જીવનની બરબાદી થઇ રહી છે તેથી સટ્ટાની પ્રવૃત્તિ ઉપર સખ્તમાં સખ્ત અંકુશો મૂકવાની ભારે જરૂર ઉભી થઈ છે. સટ્ટામાં આર્થિક દૃષ્ટિએ કોઇ ગુમાવે છે તો કોઇ કમાય છે પણ ખરો. પણ નૈતિક દૃષ્ટિએ કમાનાર અને ગુમાવનાર બન્ને અધઃપતનને માર્ગે સરતા જાય છે. પહેલું તો મહેનત કર્યા સિવાય અને ઉદ્યોગ કે વ્યાપારની જહેમત ઉઠાવ્યા સિવાય દ્રવ્ય મેળવવાની વૃત્તિ રાખવી એ જ અનૈતિક છે; બીજું દ્રવ્યની અણધારી ભરતી માણસને અનેક દુર્વ્યસનો તરફ સાધારણ રીતે ખેંચ્યા વિના રહેતી નથી; ત્રીજું ચાલુ ખોટ આવવા માંડતાં લેણદારોને નવરાવીને પોતાનું ઘર સાજું રાખવાની વૃત્તિથી કોઇ પણ સટોડીઓ મુકત હોતો જ નથી; ચોથું ઘરના આવા વાતાવરણમાં ઊછરતી સંતતિ ઉપર ભારે ઘાતક અસર થાય છે. સટ્ટો કરવા છતાં જે ધર્મનિયમઉપનિયમ, શિસ્ત અને સાદાઈ પૂર્વ સંસ્કારના બળે માબાપોના જીવનમાં કદાચ ઓછાવધતા જળવાઇ રહેવા પામ્યા છે તેની છાયા જુદા જ વાતાવરણમાં મોટા થતાં બાળકો ઉપર લાંબો વખત ટકી શકતી જ નથી. આમ છતાં આજે તો સર્વત્ર સટ્ટાનું જ પ્રભુત્વ દેખાય છે.

આપણા સમાજમાં પ્રવેશતા દ્યુતનો આ એક પ્રકાર છે. બીજો પ્રકાર ઘોડદોડની શરતોમાં છે. આમાં તો વ્યાપારનું કશું યે તત્ત્વ શોધ્યું જડતું નથીઃ કેવળ અકસ્માત ઉપર જ નાણાંની હેરફેર થયા કરે છે. આ ઘોડદોડની શરતોમાં પણ સમાજનો શિષ્ટ અને શ્રીમાન ગણાતો ઘણો મોટો વર્ગ ભાગ લે છે. બાપ અને દીકરો, ધણી અને ધણિયાણી, શેઠ અને નોકર સૌ કોઇ આ જલસા તરફ દોડે છે અને કોઇ જુદી જ મજા માણતા દેખાય છે. આ સરતના હવસમાં અનેક માણસો પાયમાલ થાય છે એમ છતાં આ સંસ્થાને સૌથી મોટો ટેકો સરકારનો છે. ગવર્નરો અને વાઈસરોયો પોતાની માનવંતી હાજરીથી આ સંસ્થાને અને આ પ્રવૃત્તિને મોટો મોભો આપે છે. આ ઘોડદોડ અને તવંગરો તેમજ ગરીબોને ધનના ભારથી હળવા કરે છે. ઉપર વર્ણવેલ સટ્ટાને અને આ ઘોડદોડની શરતને સીધો સંબંધ નથી. એમ છતાં સટ્ટાનો ખેલનાર ઘણુંખરૂં ઘોડદોડની સરતોમાં નજરે પડયા વિના રહેતો નથી. દ્યુતવૃત્તિ સંતોષવાની અને બેઘડિ મોજમજાહ અને ફુટડા માણસો નિહાળવાની તક આજનો સટોડિયો ભાગ્યે જ જતી કરે છે.

દ્યુતની ખરી શિક્ષણશાળા આજની કલબો છે. કલબો નિર્દોષ આનંદવિહારનાં સ્થળો હોવાં જોઇએ કે જ્યાં માણસ આખા દિવસના કામકાજના ભારથી છૂટો થઇને બે ચાર ઘડિ રમતગમતમાં ગાળે અને પ્રફુલ્લ બનીને ઘરમાં રાહ જોતાં સ્ત્રી બાળકોને મળે. શહેરના અતિ ઉદ્યોગઘન જીવનમાં આવી કલબોની ઉપયોગિતા સ્વીકાર્યા સિવાય ચાલે જ નહિ. પણ આવી કલબોના આનંદવિહારો આજે કેવળ નિર્દોષ રહ્યા નથી. ત્યાં જઇને એવું પણ માણસ ઘણું શીખે છે કે જેની સમગ્ર જીવન ઉપર માઠી અસર નિપજ્યા વિના રહેતી નથી. કોઇ કોઇ કલબો ત્યાં જનારઆવનાર સભ્યોને માંસાહાર કે મદિરાપાન ભણી ખેંચી જાય છે. કલબમાં જનારા સિગારેટના વ્યસનથી ભાગ્યે જ મુકત હોય છે. આ ઉપરાંત કલબોમાં રમાતી ગંજીપાની રમત સાથે જુગાર ઘણુંખરૂં જોડાયલો જ હોય છે. ઘણાય માણસો નાનપણમાં ગંજીપાની રમતો રમ્યા હશે અને એ નિર્દોષ આનંદમાં કલાકના કલાક પસાર કર્યા હશે પણ એ રમતોને રસમય બનાવવા માટે દ્રવ્યની કાંઇ ને કાંઈ હોડ હોવાની આવશ્યકતા કદી કોઇને પણ ભાસી નહિ હોય. પણ આજે પશ્ચિમે–યુરોપની સભ્યતાએ–આપણા ગળે વળગાડી દીધું છે કે 'સ્ટેઇક' વિના–હોડ વિના પાના રમવામાં કદી મજા આવે જ નહિ. યુરોપ અમેરિકાના પ્રવાસે જઇ આવેલા અનેક શ્રીમાન વિદ્વાન યુવાનો પણ આ અનુભવનું સમર્થન કરે છે અને આજની અહીંની કલબોમાં ટેબલે ટેબલે પાનાની રમત સાથે જુગાર ખેલાય છે. કોઇ ગલ્લીને નાકે કે રસ્તાને ખૂણે બે ચાર રખડતા માણસો ફૂટી તીડી ઉપર પૈસા બે પૈસાનો ખેલ ખેલે છે તો પોલીસ તેને પકડી જાય છે, જ્યારે આજની કલબોમાં ઉઘાડે છોગે હજારો રૂપીઆની હારજીત થાય છે અને ત્યાં કોઇ કોઇનું નામ સરખું લેતું નથી. આવી રમતનો અનભિજ્ઞ અથવા તો રમત સાથે જુગાર ખેલવાનો અણગમો દાખલનાર આવી કલબોમાં જઇ ચઢે તો બુડથલ જેવો અને ચૌદમી સદીના કોઇ માનવી જેવો લાગે છે. આવી કલબોમાં બાપ અને દીકરો કે ભાઇ ભાઇ સાથે મળીને કે જુદા જુદા સ્થાને ગોઠવાઈને પાનાં રમતાં હોય છે અને કોણે કેટલું જીત્યું કે કોણે કેટલું ખોયું તેની ગૌરવ અને રસપૂર્વક વાતો કરતા હોય છે. સાધારણ રીતે પાનાંની રમતોમાં 'સ્ટેઇક' નાની હોય છે તેથી તેવી રમતોના આર્થિક પરિણામો બહુ જ હળવાં હોય છે અને ચાલુ સ્થિતિમાં તે કશો મહત્ત્વનો ફરક પાડતાં હોતાં નથી પણ તે કારણને લીધે જ દ્યુતની પ્રાથમિક દીક્ષા આવી કલબોમાંથી જ સાધારણ રીતે માણસો મેળવે છે. કોઇ પણ અવગુણ કે દુર્વ્યસનનો પ્રારંભ એટલો બધો નિર્દોષ અને પરિણામશૂન્ય લાગે છે કે તેમાં નવા દિક્ષિત થનારને ભાવી પરિણામોની કશી કલ્પના જ આવી શકતી નથી.

આવી રીતે દ્યુતને આપણા ચાલુ જીવનમાં વધારે ને વધારે વ્યાપ્ત બનતું દેખું છું અને આપણા મનમાં જે દ્યુતવિરોધી સજજડ ખ્યાલો નાનપણથી જડ ઘાલીને બેઠા છે તેના ઔચિત્ય અનૌચિત્ય વિશે મનમાં બે ઘડિ શંકા આવે છે. કારણ કે ઉપર વર્ણવેલા દ્યુતના કોઇ ને કોઇ પ્રકારમાં શાણા, સમજુ તેમજ ધર્મપરાયણ ગણાતા અનેક માનવીઓ આજે રસપુર્વક સામેલ થઇ રહ્યા દૃષ્ટિગોચર થાય છે. સંભવ છે કે મારા જેવી જૂની ઘરેડમાં ઉછરેલાને દ્યુતનું વર્તમાન સમ્યકત્વ યોગ્ય આકારમાં નજરે પડતું ન હોય. આ લેખ ઉપર વર્ણવેલા દ્યુતને કે દ્યુતમાં ભાગ લેનારાઓને કેવળ વખોઠી કાઢવાના આશયથી લખાયો નથી પણ આજની પરિવર્તન પામતી સમાજઘટનામાં એક કાળે અતિ નિન્દિત અને તિરસ્કૃત દ્યુતનું શું સ્થાન છે તે તરફ સમાજવિવેચકોનું ધ્યાન ખેંચવાના હેતુથી આટલું લાંબુ વિચરણ કર્યું છે. જો દ્યુત સર્વકાળ માટે નિન્દનીય અને તિરસ્કરણીય હોય અને જો દ્યુતના માનસનો કોઇ પણ આવિર્ભાવ સમાજને આખરે ઊંચે લઇ જવાને બદલે નીચે જ પાડે છે

# કોમી ક્રિકેટ-સંગ્રામ

છેલ્લાં પંચાંગી ક્રિકેટસંગ્રામે મુંબઇના જીવનને ઘેરી લીધું હતું અને લોકો ક્રિકેટમેચ જોવામાં ગાંડાતૂર બની ગયા હતા. ક્રિકેટ મારો વિષય નથી તેથી તે ઉપર મને કશું લખવાનો અધિકાર નથી. પણ આ સંબંધમાં બે ત્રણ આનુષંગિક વિચારો રજૂ કરું તો તે અસ્થાને નહિ ગણાય.

એક તો લોકજીવનમાં આવા રમતગમતના પ્રસંગો અવારનવાર યોજાવા જોઇએ કે જેથી એકધારા પ્રવૃત્તિમય જીવનમાં જરા ગાળો પડે અને માણસોનાં દિલ વધારે પ્રફુલ્લિત અને હળવા બને—એની આવશ્યકતા વિષે બે મત છે જ નહિ.

બીજું મોટા સમુદાયમાં સંખ્યાબંધ સ્ત્રીપુરૂષો એક સાથે બેસીને જોઇ અને માણી શકે તેવી કેટલીક રમતોમાં ક્રિકેટ સૌથી મોખરે છે. આવી દેશી રમત તો કોઇ છે નહિ અથવા તો આપણા જાણવામાં નથી. ફૂટબોલ કે ટેનીસની રમત સાત આઠ હજારથી વધારે મોટું પ્રેક્ષકવૃંદ એકસરખા રસથી માણી શકતું નથી. અન્ય વિદેશી રમતોનો હજુ આપણને પૂરો ખ્યાલ નથી. ક્રિકેટનું સમરાંગણ હોય છે. અને રમનારા આખા સમરાંગણમાં છૂટાછવાયા ગોઠવાયલા હોય છે. મુંબઇના સ્ટેડિયમમાં એક સાથે પચાસ હજાર માણસો આ રમત બરોબર જોઇ શકે છે અને આનંદ અને આવેશનાં સંવેદનો અનુભવી શકે છે. આ કારણે ક્રિકેટ પરદેશી રમત છે એટલા જ માટે તેને ઉતારી પાડવાનું મન થતું નથી.

આમ છતાં પણ એ રમત પરદેશી છે અને અતિ ખર્ચાળ છે એને બદલે દેશી અને ઓછી એવી કોઇ રમતે પ્રજામાનસને જીતી લીધું હત તો આપણને જરૂર વિશેષ આનંદ અને ગૌરવનું કારણ રહેત. આ રમતના ચુનંદા અંગ્રેજ ખેલાડીઓ જ્યારે જ્યારે અહીં રમવા આવે છે ત્યારે ત્યારે સાધારણ રીતે આપણને સારો માર મારી જાય છે અને આપણા ખેલાડીઓ તેમની ભૂમિ ઉપર પણ એવી જ હાર લઇને પાછા ફરે છે અને આ રીતે 'ગમે તેટલું કહો પણ અંગ્રેજ તે અંગ્રેજ. તેને આપણાથી ન પહોંચાય. ક્યાં તે અને ક્યાં આપણે' આ જાતની અંગ્રેજ સત્તાના ઉદય સાથે આપણામાં રૂઢ થયેલી મનોદશા—જેને અંગ્રેજીમાં 'uinferiority complex' કહે છે—તે જ સુદૃઢ થતી જાય છે. જેને સ્વાધીનતા મેળવવી છે અને જેને અંગ્રેજ સત્તાને આ દેશમાંથી નિર્મૂળ કરવી છે તે આપણી પ્રજામાં ઉપરની મનોદશા પોષાય એવી કોઈ પણ પ્રવૃત્તિને અનુમોદન આપી ન શકે.

બીજું, આ પંચાગી સંગ્રામ જાહેર સમયની ભારે બરબાદી કરે છે. આ રમત વેપારધંધાના સમય સાથે જ શરૂ થાય છે અને એ સમય પૂરો થવા સાથે જ પૂરી થાય છે. એક બાજુએ સામુદાયિક આનંદસંમેલનોની ઘણી ઉપયોગિતા છે એમ કબૂલ કરૂં છું પણ બીજી બાજુએ આ પંચાગી ક્રિકેટની ઘટના બીજે છેડે જઇને ઊભી રહે છે અને લોકોનો ઘણો જ ઉપયોગી સમય અને તે પણ લગભગ એક પખવાડીઆ સુધીનો ઝૂંટવી લે છે. આ પ્રમાણભંગ કોઈ ને કોઈ પ્રકારની અટકાયતની અપેક્ષા રાખે છે.

ત્રીજું, આ સંગ્રામની જે કોમી વ્યુહરચનના કરવામાં આવે છે તે પણ આજના વધતા જતા કોમી વિખવાદના કાળમાં ચલાવી લેવી યોગ્ય છે કે નહિ તે એક વિચારણીય પ્રશ્ન છે. અલબત્ત, આવી રમતો બે પક્ષો વચ્ચે જ રમી શકાય છે અને આ બે પક્ષો દરેક પક્ષ સાથે પ્રેક્ષક વર્ગના અમુક ભાગને આત્મીયતાનો કાંઈક ખ્યાલ કે ઓછો વધતો અનુભવ હોય એવી રીતે રમાય નહિ ત્યાંસુધી પ્રેક્ષક વર્ગને આવી રમતો કેવળ તટસ્થ ભાવે જોવામાં રસ પડતો નથી એ પણ વાસ્તવિક છે. પણ આજે હિન્દુસ્તાનને સૌથી વધારે જરૂર કોમી એકતાની છે અને તેથી રાષ્ટ્રદૃષ્ટિએ કોમી એકતાને પરિપોષક હોય તેટલું જ ગ્રાહ્ય અને અન્ય સર્વ ત્યાજ્ય—આ આજનો એકાન્ત અને અપરિહાર્ય પરમ ધર્મ છે. આજના પંચાંગી ક્રિકેટ સંગ્રામમાં લોકો આટલો બધો તીવ્ર રસ અનુભવે છે તેની પાછળ કોમી ભાવનાનું તત્ત્વ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે એની કોઇ ના કહી શકે નહિ. ભાષા પણ અમુક કોમની હાર જીતને લગતી વપરાય છે અને અભિનંદનના મેળાવડાઓ પણ જીતનારી કોમ જીતેલા ખેલાડીઓને આપે છે. આજે એ બધું રમતગમતનાં નામે નિર્દોષ અને નિરૂપદ્રવી લાગે છે, પણ જીવનના બીજા વિભાગોમાં જે કોમી ભાવના આટલું બધું ઘાતક પરિણામ નિપજાવી રહી છે તે કોમી ભાવનાથી ક્રિકેટના રમનારા કે જોનારા અસ્પૃષ્ટ રહે એ માનસશાસ્ત્રની દૃષ્ટિએ અસંભવિત છે. આમ ને આમ ચાલ્યા કરે તો એક કાળે ક્રિકેટના મેદાનમાંથી જ કોમી રમખાણ ફાટી નીકળવાનું છે એવી ભીતિ અવાસ્તવિક ન ગણાય. તેથી ક્રિકેટના જંગ ભલે ખેલાય અને હજારો અને લાખો માણસો ભલે તેમાં ખૂબ રસ લે અને આનંદ અનુભવે પણ કોમી ધોરણે રચાતી ક્રિકેટ મેચોની યોજના સદન્તર બંધ થવી જોઇએ અને જે વિભાગો હજુ સુધી વેરઝેરના નિમિત્તો બન્યા ન હોય અને જે વિભાગો પછી તે ભાષાના, પ્રાન્તના કે અન્ય કારણને લઈને ઊભા થયેલા હોય પણ જેની પાછળ તીવ્ર ભેદક બુદ્ધિ જાગ્રત થઇ ન હોય એવા વિભાગો વચ્ચે આવી મેચો યોજાતી રહે એ વધારે આવકારદાયક અને આદરણીય છે. બાકી આજના વાતાવરણમાં કાં તો કોમી ધોરણે યોજાતી ક્રિકેટ તદન બંધ થવી જોઇએ અથવા તો તેમ ન બને ત્યાં સુધી રાષ્ટ્રપ્રેમી સજ્જનો અને સન્નારીઓએ આવી કોમી ક્રિકેટ મેચોથી બને તેટલા અળગા રહેવું જોઇએ.

**પરમાનંદ**

---

એ મન્તવ્ય આજે પણ એટલું જ સાચું હોય તો સમાજ વિચારકો પાસે આજની દ્યુત વિષયક પરિસ્થિતિ ગંભીર વિચાર માગી લે છે અને જીવનના જે જે વિભાગમાં દ્યુત પ્રવેશવા પામ્યું હોય ત્યાંથી તેનો ઉચ્છેદ કરવાનો પ્રયત્ન હાથ ધરવાની જરૂર ખાસ ઊભી થઇ છે. જે જૈન સમાજની આજની જાહોજલાલી ઉપર જણાવ્યું તેમ સટ્ટા જેવા એક પ્રકારના દ્યુતને મોટે ભાગે આભારી છે એમ આજના અગ્રગણ્ય શ્રીમાનોની વ્યાપારપ્રવૃત્તિ જોતાં કોઈને પણ કબૂલ કર્યા સિવાય ચાલે તેમ નથી તે જૈન સમાજના સૂત્રધારો અને સમયદર્શી સાધુઓએ પણ આ આજની પરિસ્થિતિ ઉપર ગંભીર વિચાર કરીને સામાન્ય જનતાને દ્યુતવિમુખ બનાવવાની અને શુદ્ધ અને સમાજઆરોગ્યને પોષક વ્યાપારઉદ્યોગના માર્ગે વાળવાની એટલી જ આવશ્યકતા ઊભી થઇ છે. સમાજહિતચિન્તક સૌ કોઈ આ વાંચે, વિચારે અને દ્યુતપ્રચારને અટકાવવા પોતાથી બનતું કાંઈ ને કાંઇ કરે એ જ નમ્ર વિજ્ઞાપના !

**પરમાનંદ**

# શાસ્ત્રોધ્ધારક સ્વ. મુનિશ્રી ચતૂરવિજયજી

ડિસેમ્બરની ચોથી તારીખે અણધાર્યો જ પરમાનંદભાઇ મારી કોટડીમાં આવી ઊભા રહ્યા. હું મિત્રો સાથે કાંઇક વિદ્યા-ગોષ્ઠિમાં જ પડેલો હતો. પ્રસંગ નીકળતાં મેં મુનિશ્રી ચતૂરવિજયજીના સ્વર્ગવાસ વિષે આવેલ તારની તેમને વાત કહી, અને તેમણે તુરત માગણી કરી કે તમે 'પ્રબુદ્ધ જૈન' વાસ્તે તેમને વિષે કાંઇક લખી આપો !

હું ઉકત મુનિશ્રીના સ્થૂલ અને સૂક્ષ્મ જીવનથી પૂર્ણ તો પરિચિત નથી જ. પણ હું અમુક લાંબા વખત લગી તેમના થોડા પરિચયમાં આવ્યો છું. ખાસ કરી મારી અને તેમની વચ્ચે સાહિત્યક અને શાસ્ત્રીય સંબંધ વધારે હતો તેથી મારા ઉપર તેમના જીવનના જે સંસ્કારો પડેલા મને યાદ છે તેનું ટૂંકમાં પ્રદર્શન કરાવીને જ ભાઈ પરમાનન્દભાઇની ઇચ્છાને મૂર્તરૂપ આપી શકું.

પ્રવર્તક અને સર્વાધિક વયોવૃદ્ધ તરીકે પ્રસિદ્ધ પૂજ્ય મ૦ શ્રી કાન્તિવિજયજીના એ શિષ્ય હતા. સમભાવમાં અને જૈન સાહિત્યના ઉદ્ધારમાં પ્રસિદ્ધ મુનિશ્રી પૂણ્યવિજયજીના એ ગુરુ થાય. કાળધર્મ સમયે એમની ઉમર કેટલી હતી તે ચોક્કસ નથી જાણતો. પણ આશરે સીત્તેરેક વર્ષની તો હશે. એમના કૌટુંબિક તેમજ શિષ્યપરિવારને લગતી હકીકત તો કોઇ તજજ્ઞ જ લખશે. હું કાશીમાંથી વિદ્યાભ્યાસ કર્યા બાદ જ્યારે ગૂજરાતમાં સર્વપ્રથમ કામની દૃષ્ટિએ ગયો ત્યારે મને થયેલ અનુભવ ઉપરથી મેં નક્કી કર્યું છે કે મારે સાધુ વર્ગને ભણાવવા ક્યાંઇ તેમના પાસે ન જવું અને ન રહેવું. ખાસ કરી અમુક બંધન સ્વીકારીને તો કોઇ સાધુઓને ન જ ભણાવવા. જો તેઓ જિજ્ઞાસા દૃષ્ટિથી મારી પાસે આવે તો તેમને પૂર્ણ કાળજી અને આદરથી શિખવવું. આ વિચારને પરિણામે મેં મારું કાર્યક્ષેત્ર બદલવાનો જ નિર્ણય કર્યો. દરમિયાન અમુક પ્રામાણિક વ્યક્તિઓ તરફથી મને કહેવામાં આવ્યું કે મારા એ નિર્ણયને અમલમાં મૂકવા પહેલાં મારે એક વાર પ્રવતર્કજીનો તો પરિચય કરવો. મેં એ સલાહ સ્વીકારી અને પ્રવર્તકજીના પત્રને લીધે હું પાટણ ગયો. ત્યાં જ તેમના શિષ્ય સ્વર્ગવાસી મુનિ ચતૂરવિજયજીનો પ્રથમ પરિચય થયો.

તેમની નમ્રતા, જિજ્ઞાસા અને નિખાલસતાએ મને બાંધી લીધો. ત્યાં તે વખતે મારું કામ તેમના લઘુતમ શિષ્ય મુનિશ્રી પૂણ્યવિજયજીને શિખવવાનું હતું, પણ મેં જોયું કે અહીં તો જિજ્ઞાસા અને કાર્યપદ્ધતિની વિશેષતાનું રાજ્ય છે. તિલકમંજરી શિખવતો હોઉં કે કાવ્યાનુશાસન, પણ તે વખતે શિખનારાઓનું એક મંડળ જામે, તેમાં સાધુઓ સાથે અધિકારી શ્રાવકો પણ રહેતા. એટલું જ નહિ પણ સાથે સાથે શિખવાતા ગ્રન્થનું સંશોધન પણ થતું. તાડપત્ર અને કાગળની જૂની તેમજ સારી સારી પ્રતિઓ જુદા જુદા મુનિઓ સામે રાખે અને સંશોધન સાથે પાઠ ચાલે. મારે વાસ્તે આ રીતે પુસ્તક સંશોધનનો માર્ગ પ્રથમ જ હતો પણ મને એમાં વધારે રસ પડયો અને ભણવા-ભણાવવાનું સ્થિર ફળ વધારે જણાવા લાગ્યું. તે વખતે પણ મુનિશ્રી પૂણ્યવિજયજી છેક નાના. જો કે પાઠમાં કેન્દ્રસ્થાને એ જ હતા, છતાં સંશોધન કાર્યમાં કેન્દ્રસ્થાન ઉક્ત સ્વર્ગવાસી મુનિનું હતું. તેમના સહવાસમાં હું આવ્યો તે અગાઉ તો તેમણે કેટલાંય સંસ્કૃત-પ્રાકૃત પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં હતાં અને અનેક ભંડારોની ધરમૂળથી સુધારણા અને વ્યવસ્થા કરી હતી. હું જોતો કે તેઓ જેમ એક બાજુ એક સાથે અનેક પુસ્તકો શોધતા અને છપાવતા જાય છે તેમ બીજી બાજુ સૈકાઓ થયાં સડતા અને અવ્યવસ્થાથી નાશ પામતાં કીંમતી લિખિત પુસ્તકોનું નવું લેખનકાર્ય પણ સતત કર્યે જાય છે.

તે જમાનામાં એટલે ઇ. સ. ૧૯૧૪-૧૫ ની આસપાસ સુધીમાં પુસ્તકપ્રકાશનમાં બે પ્રથાઓ ખાસ રૂઢ હતી એક: તો પુસ્તક ગમે તે વિષયનું હોય છતાં જૈન પરંપરા એને પત્રાકારે જ પ્રસિધ્ધ કરતી. અને બીજી પ્રથા એ હતી કે જો પ્રસ્તાવના જેવું કાંઈ લખવું હોય તો તે સંસ્કૃતમાં જ લખવામાં મહત્તા મનાતી. એકવાર સ્વ૦ મુનિશ્રીએ પોતાની લખેલ સંસ્કૃત પ્રસ્તાવના મને જોઈ જવા કહ્યું. મેં તે જોઇ તો લીધી; પણ સાથે જ તેમને કહ્યું કે પ્રસ્તાવના આદિ સંસ્કૃતમાં લખો છો તેનો શો હેતુ? તેમણે જવાબમાં બીજા અનેક પ્રસિધ્ધ મુનિઓનાં ઉદાહરણ આપી એ પ્રથાની પૂષ્ટિ કરી. મેં કહ્યું : જુઓને, અમુક અમુક પ્રસિધ્ધ વિદ્વાનોની સંસ્કૃત પ્રસ્તાવના: એમાં શબ્દાડંબર સિવાય શું હોય છે. વળી અમુક પ્રસ્તાવનાઓ જુઓ ! એમાં કોઇ શિષ્ય કે આશ્રિત પંડિત અમુક સાધુની ભારોભાર પ્રશંસા કરતો દેખાય છે. પછી ભલે તે છેક જ જૂઠાણાથી ભરેલી હોય. લચ્છેદાર વિશેષણ સિવાય તેમાં બીજું શું હોય છે? જો એ જ સંસ્કૃતના લેખકોને એમ કહેવામાં આવે છે કે મહેરબાની કરી તમે એનો અનુવાદ સંભળાવો તો કાં તો એમાંથી સાંભળનાર શૂન્ય જ મેળવવાનો અને સંભળાવનાર પોતે શરમાવાનો. વળી મેં વધારે સખત ટીકા કરતાં એ પણ કહ્યું કે સંસ્કૃતમાં લખવું એનો અર્થ આશ્રયદાતાઓ અને અભણ દુનિયાની દૃષ્ટિમાં મહત્ત્વ સાચવવું અને સાથે સાથે પોતાનું અજ્ઞાન પોષ્યે જવું, એ જ છે. જો, લેખકને કાંઇ સાચું અને નક્કર કહેવાનું જ હોય તેમજ જો અનેક વાંચનાર સમક્ષ કાંઇ મૂકવા જેવું સાચે જ હોય તો તેઓ ચાલુ લોકભાષામાં લખતા શાને સંકોચાય છે? અલબત્ત પાંડિત્ય પ્રકટ કરવું જ હોય તો તેઓ સાથે સાથે ભલે સંસ્કૃતમાં પણ લખે. પરંતુ જેઓ માત્ર સંસ્કૃતમાં પ્રસ્તાવના વગેરે લખે છે, તેઓ મોટે ભાગે વાચકોને અંધારામાં રાખવા સાથે પોતાના અજ્ઞાનને છુપાવે છે. મારી આ ટીકા સાચી હતી કે નહિ તે કહેવાનું આ સ્થાન નથી. અણ અહીં તો એટલું જ કહેવાનું છે કે મારા કથનનો જરા પણ અવિચારી સામનો કર્યા સિવાય સ્વ૦ મુનિશ્રીએ ત્યારબાદ મોટે ભાગે પ્રસ્તાવના સંકૃતમાં લખવાનો શિરસ્તો બદલી નાખ્યો અને પરિણામે તેમના પ્રકાશનોમાં તથા તેમના શિષ્યના પ્રકાશનોમાં આજે અનેક મહત્વની ઐતિહાસિક વસ્તુઓ ગૂજરાતી ભાષા દ્વારા જાણવી સુગમ બની છે. આ એમની સત્યગ્રાહી પ્રકૃતિએ મને વિશેષ વશ કર્યો.

પત્રાકારે પુસ્તક છપાવવું એમાં જેટલી સગવડ સાધુઓની હતી તેટલી જ અગવડ વિદ્યાર્થીઓ, પ્રોફેસરો અને લાયબ્રેરીના સંચાલકોની હતી. પણ પત્રાકારે છપાવવું એ જાણે ધર્મનું વાસ્તવિક અંગ જ હોય તેમ ત્યારે કડક રીતે મનાતું. જ્યારે મેં અને બીજા સમયજ્ઞ મિત્રોએ સ્વ૦ મુનિનું ધ્યાન આ બાબત ખેંચ્યું ત્યારે તેઓ તરત સમજી ગયા અને પછી એમણે એવો માર્ગ સ્વીકાર્યો કે સાધુઓની પત્રાકારની રુચિ પણ સચવાય અને દેશવિદેશના વિદ્વાનોની

પુસ્તકાકાર પુસ્તકની માગણી પણ સંતોષાય. એકરીતે જોતાં તો આ બાબત નજીવી લાગે છે. પણ વિદ્વાનો અને પુસ્તકાલય સંચાલકોની દૃષ્ટિએ આ બાબત કેટલી ઉપયોગી છે તે સહેજે સમજાશે. આજે પણ સનાતન પ્રકૃતિના સંખ્યાબંધ સાધુઓ ને આચાર્યો છે. જેઓ ગમે તેવી ઉપયોગિતા છતાં પુસ્તકાકાર પ્રકાશનને ઘૃણા નહિ તો ઉપેક્ષાની દૃષ્ટિથી અવશ્ય જુએ છે. પરિણામ એ આવ્યું છે કે પત્રાકાર ગ્રન્થ મોજુદ છતાં એની પુસ્તકાકાર આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં કેટલીક સંસ્થાઓ અને વિદ્વાનોને શ્રમ અને ખર્ચ બન્ને કરવાં પડે છે.

સ્વ૦ મુનિશ્રીની ખાસ ધ્યાન ખેંચે એવી એક વિશેષતા એ હતી કે તેઓ જ્યાં જતા ત્યાં પ્રથમ ત્યાંના ભંડારનું કામ હાથમાં લેતા. જો સૂચિ ઠીક ન હોય તો તે બનાવતા, પોથીઓને નવાં અને મજબૂત બંધનોથી બાંધતા, ક્રમવાર ડાબડામાં ગોઠવતા એટલું જ નહિ પણ નવાં ગ્રન્થો રાખવા માટે કબાટ કે એવી બીજી સારી સગવડ ન હોય ત્યાં તે તૈયાર કરાવતા, ડાબડાઓ સુધારતા અને નવી ઢબની લાકડાની નાની નાની પેટીઓ કરાવતા. એ રીતે ત્યાંના ભંડારને વ્યવસ્થિત અને ટકાઉ બનાવતા. પુસ્તકસૂચિ પ્રસિદ્ધ કરતા. આની સાથે સાથે તેઓશ્રીએ નવા કે જૂના ભંડારમાંથી મળી આવતાં નાંનામોટાં બધાં જ ગ્રંથોની નવી લિખિત નકલો કરાવી તેનો એક પૂર્ણ અને ઉપયોગી સંગ્રહ કર્યો છે, જે આજે વડોદરામાં વિદ્યમાન છે અને ગમે તે વિદ્વાનનું મસ્તક નમાવવા માટે બસ છે.

પુસ્તકો છપાવવા અને જૂના ઉપરથી નવાં લખાવવાં તેમજ પોતે હોય ત્યાંના ભંડારોને સુસંસ્કૃત કરવા એ કામ જેવું-તેવું અગર ગમે તે કરી શકે તેવું સરળ નથી. વળી આ જ કામના અંગ તરીકે જે બીજાં કેટલાંક કામ છે તેમાં પણ સ્વ૦ મુનિશ્રી સતત રોકાયલા રહેતા. કાગળ અને તાડપત્રની જૂનામાં જૂની લિપિઓ અને તે ગમે તેવી જટિલ, ધસાયેલી કે છેક જ ભૂંસાયેલી હોય તેને વાંચવી, એ કામ સાહિત્યોદ્ધારનું પ્રથમ અંગ છે અને કોઈ પણ ખરો ઐતિહાસિક એ ન જાણે તો એનું કામ લંગડું જ રહે. એ જ રીતે નકલો કરવાનું અને સુંદરતમ અક્ષરોમાં યોગ્ય રીતે પ્રેસ કોપી કરવાનું કામ પણ વિદ્વાન માટે તેટલું જ આવશ્યક છે. સ્વ૦ મુનિશ્રીએ એ બન્ને કળાઓ અસાધારણ રીતે સાધેલી, ઈ. સ. ૧૯૨૧થી ૧૯૩૫ સુધીમાં મને અનેક ગ્રન્થોના સંશોધન પ્રસંગે તેમની આ બન્ને કળાઓની કિંમત આંકવાની તક મળી. તેઓશ્રી જિજ્ઞાસુ અને ધંધાર્થી શિખાઉને પણ આ વસ્તુ શિખવતા. તેમના હાથે પ્રતિવાચન અને સુંદર લેખનનું કામ શિખેલ કેટલાય સાધુ અને ગૃહસ્થોને હું જાણું છું કે જેઓ આજે કાં તો સાહિત્ય-સેવાના ક્ષેત્રમાં રોકાયલા છે અથવા તો નિર્વાહ અર્થે એ કળાનો ઘેર બેઠે સરસ ઉપયોગ કરી રહ્યા છે. મેં બે ચાર યોગ્ય વિદ્યાર્થીઓને એમની પાસે પ્રતિવાચન અને પ્રતિલેખનની કળા શિખવા મોકલેલ અને તેમણે ખૂબ ધૈર્યપૂર્વક એ આગન્તુકોને એ વસ્તુ શિખડાવેલી.

સ્વ૦ મુનિશ્રી પ્રવર્તક કાંતિવિજયજીની ભંડારસુધાર અને ભંડારરક્ષણની ભાવનાને મૂર્તરૂપ આપનાર મૂગા સેવક હતા. વિશેષમાં પોતાની બધી આવડતને યોગ્ય પાત્રમાં તેઓ અમર કરી ગયા છે એ વાત જેઓ મુનિશ્રી પુણ્યવિજયજીને જાણે છે અને જેઓને તેમના જીવિત કાર્યોનો પરિચય છે તેમને કહેવાની ભાગ્યે જ જરૂર જણાય.

સ્વ૦ મુનિશ્રીમાં એક વિદ્વાનને છાજે અને ઐતિહાસિકને શોભે એવી અનેક બાબતો પરત્વે જીવતીજાગતી માહિતી તેમજ ચોકસાઈ હતી. અમુક ગ્રન્થકારની કૃતિઓ આજે કેટલી અને કઈ ઉપલબ્ધ છે અને તે ક્યાં ક્યાં છે, અમુક ગ્રન્થકારનો સમય શો અને એક જ નામના અનેક ગ્રન્થકારો હોય ત્યાં તેમની વિશેષતા શી, અગર ઓળખાણ શી, કોઈ સ્ત્રી અગર સાધ્વી જૈન પરંપરામાં ગ્રન્થકાર કે ગ્રન્થલેખિકા થઈ છે કે નહિ, અમુક રાજ્યકર્તાના સમયમાં જૈન સાધુ કે શ્રાવકની સ્થિતિ શી હતી, જૂના વખતમાં તાડપત્રો ક્યાંથી આવતાં, કેમ સુધારાતાં, કેમ લખાતાં, લખનારાઓની સ્થિતિ શી હતી વગેરે અનેક પ્રશ્નો વિષે ઉક્ત સ્વ. મુનિશ્રી એક પ્રમાણભૂત ગ્રન્થ જેવા હતા.

એમનો સ્વર્ગવાસ ગૂજરાતની અને જૈનસાહિત્યની રાજધાની પાટણ કે જ્યાં એમનું દીર્ઘકાળ જીવનકાર્ય ચાલી રહ્યું હતું ત્યાં ડિસેમ્બરની પહેલી તારીખે રાત્રીના થયો. પાટણના સંખ્યાબંધ ભંડારો, પ્રાચીન મંદિરો, ત્યાંનું વિવિધ શિલ્પ, પાટણની ચડતી-પડતીના પ્રસંગો, એ બધા વિષે એમનું જે વિપુલ જ્ઞાન હતું તે તેમનાથી પરિચિત એવા કોઇથી ભાગ્યેજ અજાણ્યું છે. તેઓશ્રી એક રીતે પોતાનું જીવનકાર્ય ઠેઠ પાકી ઉમર સુધી કરી ગયા છે. અને બીજી રીતે તે પોતાની આવડતને બ્યાજ સાથે યોગ્ય પાત્રમાં મૂકી પણ ગયા છે. ઉમ્મરની દૃષ્ટિએ તેમનો સ્વર્ગવાસ એટલો અકાળ ન ગણાય, પરંતુ તેમના અતિ વયોવૃધ્ધ ગુરુ શ્રી પ્રવર્તકના વૃદ્ધતમ જીવનની દૃષ્ટિએ જોતાં એમ જરૂર મનમાં થઇ આવે કે સ્વર્ગવાસી મુનિનું સ્થૂલ જીવન થોડુંક વધારે ચાલ્યું હોત તો સારું. તેઓશ્રીના શિષ્યો સંખ્યામાં બહુ નથી. પણ જે છે તે ગુણદૃષ્ટિએ ખૂબ ઊંચું સ્થાન ધરાવે છે.

હું ધારું છું આટલાં પણ મધુર સ્મરણો તેમના પ્રત્યે આદર ઉત્પન્ન કરવા માટે અને તેમનું જીવનકાર્ય જાણવા માટે બસ છે. પુસ્તકનું સંશોધન અને સંપાદનકાર્ય કરવામાં મને જે અનેક પ્રેરક બળો પ્રાપ્ત થયાં છે તેમાં સ્વર્ગવાસી મુનિશ્રીનું સ્થાન મહત્ત્વ ભોગવે છે, એ દૃષ્ટિએ હું હંમેશ તેમનો કૃતજ્ઞ રહ્યો છું.

કાશી, તા૦ ૯-૧૨-૩૯ **પંડિત સુખલાલજી**

---

## છેલ્લા વાચનાચાર્ય : : ( પાંચમા પાનાથી ચાલુ )

"અમે છદ્મસ્થ છીએ, અમારામાં ત્રૂટીઓ હોવાનો સંભવ છે. એટલે અમારી અપૂર્ણ સ્મૃતિમાં રહ્યાંસહ્યાં વીરવચનો પણ સંપૂર્ણપણે સચવાયાં ન હોય એ બનવાજોગ છે.

"કોઇ એમ પણ માને કે સ્મૃતિદોષ પછી લખાએલાં સૂત્રોમાં બહુ તથ્યાંશ નહિ હોય. વળી કોઈને એમ પણ લાગે કે આ સૂત્રો નિઃસ્વાર્થ અને પરમાર્થરત અધિક બુધ્ધિશાળી મુનિઓએ સંગ્રહેલાં હોવાથી જે છે તે-જે રહ્યાં છે તે-સર્વાંગ સંપૂર્ણ હોવા જોઇએ અને તેમાં કશી અપૂર્ણતા કે ઉણપ જ ન હોય. આ બંન્ને માન્યતા એક સરખી આધારરહીન અને ભૂલભરેલી છે.

"છદ્મસ્થતા પોતે કોઇની બુધ્ધિના ઇજારાની જોખમદારી લઇ શકે નહિ, અને કોઇની સ્વતંત્ર વિચારશક્તિને આવરી શકે પણ નહિ"

કાંઇક આવી જ સ્પષ્ટ નિરભિમાન, ચોખીચટ્ટ અને નીડર ઉદ્‌ઘોષણા જાણે એ મૂગા નિવેદનમાંથી નીકળી રહી હોય, એ સર્વવંદ્ય ક્ષમાશ્રમણ આવો જ સહેતુક, અગર્વ અને પ્રામાણિક પણ શૌર્યભર્યો મૂક એકરાર કરી રહ્યો હોય અને એ રીતે ધાર્મિકતામાં પણ સાત્વિક અને સ્વતંત્ર વિચાર, અંતરાત્માને લાગતી સાચી અને સ્પષ્ટ વાણી, તેમજ સ્વતંત્ર અને શુભ-શુધ્ધ-વર્તનને અવકાશ છે એમ જૈન જનતાને, સારાયે ગૂજરાતને, જગતને સાદ પાડીને સાંભળાવી રહ્યો હોય એમ નથી લાગતું?

(સમાપ્ત) **પોપટલાલ પું. શાહ**

# ગૃહઉદ્યોગ !

## (એક કટાક્ષચિત્ર)

ગૃહદ્યોગનો ખ્યાલ જ્યારે આપણા દેશમાં પ્રચલિત થવા લાગ્યો ત્યારે એ પાછળ બે મહાન હેતુ મુખ્યપણે દેખાતાં હતા. એક તો પોતાને જોઇતી વસ્તુ ફુરસદના વખતે ઘરમાં બનાવી લઇ પરદેશની વસ્તુની તેટલા પ્રમાણમાં આયાત ઓછી કરાવવી અને ફાલતુ સમયનો આમ ઉપયોગ કરી ઘરમાં પ્રવૃત્તિનું વાતાવરણ દાખલ કરવું. અને બીજું ગરીબ ગૃહસ્થીમાં આવા ઉદ્યોગથી આમદાનીમાં થોડોક વધારો કરી કમાનાર મુખ્ય વ્યક્તિના બોજાને હલકો કરવો. સુંદર હેતુ! પડેલા દેશો આવી રીતે જ ઊંચા આવ્યા છે અને દેશમાં કારીગીરી અને કામગીરી વધવા સાથે જીવનનું ધોરણ પણ ઊંચું આવ્યું છે.

મારાં ગૃહલક્ષ્મીને પણ આ ગૃહઉદ્યોગનો પવન લાગ્યો. તેણે ઉદ્યોગ શરૂ કર્યો. જ્યારે જોઉં ત્યારે કંઇ ને કંઈ કામમાં લાગેલાં જ હોય. કોઇ વખતે તો ઘરનાં આવશ્યક કામના ભોગે પણ! મને ઊંડો ઊંડો આત્મસંતોષ થતો હતો કે હવે આખું ઘર ઉદ્યોગપરાયણ બનશે. કેટલીક વસ્તુઓ ઘરમાં બનશે, થોડોક ખર્ચ ઘટશે એટલું જ નહિ, પણ જો કોઇ સારાં ઉપયોગી કામ ઉપર હાથ બેસી જશે તો બીજાને તેવી વસ્તુઓ પૂરી પાડી આમદાની પણ કરી શકાશે. કલ્પના કંઇ ખોટી નહોતી!

* * * *

રવિવારે કપડાં બદલવાનો રીવાજ મારે ત્યાં છે. કપડાં મારાં પત્ની જાતે ધોતાં અને ઈસ્ત્રી પણ જાતે કરતાં. આ વખતે કપડાં મેં લોંડ્રીમાં ધોવાયેલાં જોયાં. ખાસ ધ્યાન તો ન ગયું, પણ એટલું થયું કે કદાચ સમય નહિ મળ્યો હોય તેથી લોંડ્રીમાં કામ કરાવ્યું હશે. પત્યું—

મારી નાની કુસુમ અને બાબો ભણવાની શરૂઆત કરતાં હતાં, તેઓને મારાં પત્ની રોજ સવારસાંઝ શીખવતાં. છોકરાંઓ પણ ઠીકઠીક પ્રગતિ કરતાં હતાં. બાળમંદિરમાં જે પદ્ધતિથી કેળવાયેલા માસ્તર શીખવે છે તે રીતે જ તે શીખવતાં. શિક્ષણની બાબતમાં મારાં પત્ની કુશળ હતાં. બાળમંદિરનો ખર્ચ બચતો અને માતૃત્વની મમતાભરી તાલીમ મળતી હતી. મારી સાધારણ સ્થિતિમાં બાળમંદિરનો ખર્ચ પરવડે તેમ હતું જ નહિ તેથી મારાં પત્નીનાં કામમાં આર્થિક અને નૈતિક લાભ મને દેખાતો હતો.

એક વખતે મારાં પત્નીએ કહ્યું કે આ બન્ને છોકરાંઓને બાળમંદિરમાં મૂકીએ તો ઠીક થશે. ઘરે વખત મળતો નથી એટલે નાહકના ભટકે છે અને બગડે છે. આ વાત સામે મારી અલ્પ કમાણી સિવાય બીજો કંઇ વધુ વાંધો નહતો. છતાં મેં ન પૂછ્યું કે અત્યાર સુધી તમે પોતે ભણાવતા હતાં તે કેમ એકાએક અટકી ગયાં અને બાળમંદિરનો આશરો લેવા નીકળ્યાં! માન્યું કે થાકી જતાં હશે. એટલું યાદ ન રહ્યું કે ગૃહઉદ્યોગનું ભૂત તેના શિર ઉપર સવાર થયું છે.

* * * *

છેલ્લા બે વર્ષ થયાં મારી પ્રકૃતિ અસ્વસ્થ રહેતી. બારીક આટો ખાવાની વૈદ્યની ના હતી. તેથી રોજરોજનો દાણો ઘંટીયે મારા પત્ની જ દળી નાંખતાં તે એકદમ બંધ થઇ ચક્કીનો આટો જ્યારે ઘરમાં જોયો ત્યારે પૂછ્યું તો જણાયું કે કામકાજના બોજાથી થાકી જવાય છે અને સમય મળતો નથી તેથી અનાજ ચક્કીમાં દળાવવામાં આવે છે. ક્યું કામ! શું કામ! એ ખ્યાલ તો ન હોતો જ. જાણ્યું: હશે, મુંબઇનું પાણી છે. શરીર નરમગરમ રહેતું હશે!

* * * *

એકવાર સાંજે વહેલાં ઘેર આવવાનું બન્યું. ત્યાં તો ઘરનો આચાર બદલી ગયો હતો. મારી ૧૮૦ ચોરસ ફુટની એ ઓરડીને મહેલ બનાવી નાખવાની મારાં પત્નીએ શરૂઆત કરી દીધી હતી. મારાં પત્નીના ગૃહઉદ્યોગનું પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. બે બારીએ સુંદર તોરણ અને વચલા દરવાજે કાચના ફ્રીડીઆનો પડદો લટકતો હતો; ઘરમાં ટિપાઇ તો નહોતી પણ એક નાનકડું સ્ટૂલ હતું તેના ઉપર ગૂંથેલો રૂમાલ મૂકી મોતીના કૂંડામાં એક ફુલદાની મૂકી કપડાંનાં રંગીન ફૂલ મૂક્યાં હતાં. બારીને ગૂંથેલા પડદા લગાડ્યા હતા. મારા બાળકો આનંદમાં આવી નાચતાં નાચતાં ગાતાં હતાં કે 'બાપાની ઓરડી બંગલો બની!—'

મારી સવિતાએ કહ્યું કે 'બાપુજી! મારી બાંએ આ બધું ગૃહઉદ્યોગનું કામ કર્યું છે. જુઓ કેવું મઝાનું છે. હું ફાટે ડોળે જોઇ રહ્યો કે શું સુંદરતા છે! આ રાત્રે અમે બહુ જ મોડા જમ્યા—કારણ કે રસોઈ મોડી થઇ:—ગૃહઉદ્યોગ ભૂખ શાની લાગવા દે!—.

* * * *

મારી પુત્રી સુશીલા રાષ્ટ્રિય શાળામાં ભણે છે. તેણે આવી થોડીક માગણી કરી: 'ટેબલના રૂમાલ, ગાલીચો તથા ઊનનાં સ્વેટર, ગલપટો અને મોજાં ગૂંથવાનું આ વર્ષ આવશે. એટલે તેના માટે દોરા, ઊન, સુતળી, સુયા, ચોગઠું અને રંગ લાવવાનાં છે. આ વર્ષથી આ ગૃહઉદ્યોગ નિશાળમાં દાખલ કરવામાં આવ્યો છે માટે રૂપિયા સાત આપો, નહિતર મારા માર્ક જશે.'

મેં કહ્યું કે મોજાં, ગલપટો અને સ્વેટર વાપરે એવું આપણે ત્યાં કોણ છે અને ટેબલરુમાલ રાખવા માટે ટેબલ પણ ક્યાં છે કે આવું ખપ વગરનું ખર્ચ કરવું. આપણા જેવા જેવા ગરીબને એ ન પરવડે.

'બાપુજી, આપવું પડશે. મારી બેને બધાને કહ્યું છે. મારા માર્ક જશે અને સુખે ભણવા નહિ દે' આટલું કહેતાં તે રડી પડી! દીકરીને ભણાવવાની હતી. બીજા કોઇ હેતુસર નહિ તો મૂરતિયાનું મન પસંદ કરવા માટે પણ...તેથી જ મારાથી તેના માર્ક કેમ જવા દેવાય, કારણ કે વખતે મૂરતિયો માર્ક પૂછે તો!—મારી રાંકડી કમાણીમાંથી રૂપિયા સાત આપ્યા—જાઓ બેટા! શીખો ગૃહઉદ્યોગ અને મેળવો માર્ક! નિસાસો મૂકાઇ ગયો!

* * * *

ઘરમાંનું સ્ટૂલ કાંઈ થોડું ટેબલક્લોથ માટે સારું લાગે? અને સ્ટૂલ ઉપર નાખીને ટેબલ ક્લોથની કારીગરી બીજાને દેખાડાય પણ કેમ? ગૃહઉદ્યોગના લોકો વખાણ કરે તો જ તે ધન્ય થયો ગણાય! એટલે એક વખતે જરીપુરાણા પાસેથી રૂપિયા અઢી આપીને જૂની ટીપોઇ ખરીદી—પત્નીએ રંગી અને ઘરની વચમાં મૂકી...જ્યારે બ્હારથી આવ્યો ત્યારે બાબાએ કહ્યું કે જુઓ જુઓ કેવું સારૂં લાગે છે? સુંદરતા જોઈ વિચાર્યું કે હવે તે શું બાકી છે!—આ ગૃહઉદ્યોગ તો ભારે સુંદર. પણ અચાનક આરસીમાં જોતાં મારી સુંદરતા ઝાંખી પડતી કેમ લાગી હશે!

* * * *

નાની મધુએ રમકડું સમજીને એક પતરાની ડાબલી ઉઘાડી નાખી તો તેમાંથી સતારા, ઝીક, ટીકી અને ઝરી નીચે વેરાઇ ગયાં. મારા પત્નીની આંખ લાલ થઇ ગઇ. ગૃહઉદ્યોગ ભાંગી

જતો લાગ્યો. હાથકારીગીરી વેરાઇ જતી લાગી. તેથી રાડ પાડી કે 'ચબાબલી, ક્યાંય સુખે બેસતી નથી. ભાંગફોડ કર્યા જ કરે છે. અને તમે પણ કેવા ટાઢા હિમાળા જેવા થઇને બેઠા છો તે આ લાડકીને જરા વારતા પણ નથી.' મેં પૂછયું: 'શું છે?'

'શું છે! આ જોતા નથી! મખમલની કોર અને પોલકાની બાંયો ભરવાના ઝરી સતારા ઉડાડી નાખ્યા તે. ઘરમાં ક્યાંય સુખ નથી. બધાય લોહીના તરસ્યા છે. જરા વીણી તો લો. નહિતર આ ઘડીએ ઓલ્યો બાબો ઉપાડી જશે.'

મેં વાંચવું પડતું મૂકી તે વીણી લીધા અને મૂગો રહ્યો. કારણ કે ગૃહઉદ્યોગનાં પવિત્ર કાર્યને લાડકીએ ખલેલ પહોંચાડી હતી તેથી ગૃહદેવીની આગ સામે ઊભવાની મારી તૈયારી કે ત્રેવડ નહોતી. મધુ તે દિવસે તો બચી ગઇ પણ ભવિષ્યમાં ગૃહઉદ્યોગને છંછેડશે તો જરૂર માર ખાઇ બેસશે તેટલી ખાતરી થઈ! અહા! કેવો ઉદ્યોગપ્રેમ!

* * * *

**આ** સાલ ટાઢ વધુ હતી એટલે મેં મારાં પત્નીને બે ત્રણ ગોદડાં શીવી રાખવાનું કહ્યું હતું. ઊતરેલા ધોતિયાના પડ પડયા હતા અને રૂ પણ લાવી મૂકયું હતું. રાત્રે સૂતી વખતે રોજ યાદી આપું કે ગોદડાની બહુ જ જરૂર છે. મારાં પત્નીએ સંભળાવી દીધું કે એવું કોણ કરે. બજારેથી બનુસ લઈ આવો. હમણાં કોર ભરતાં નવરાશ નથી. હું સમજ્યો કે ગોદડાં શીવવા તે ગૃહઉદ્યોગ નહિ હોય. બીજે દિવસે સાડીબાવીસના ત્રણ બનુસ આણ્યા. સૌ હૂંફમાં સુતાં. માત્ર હું જ એકલો તે બનુસ નીચે ધ્રૂજતો હતો. કેમ?—

* * * *

**લ**ડાઇના કારણે કાપડના ભાવ વધી ગયા હતા. એટલે જેમ તેમ કરીને ચલાવવાનું હતું, બપોરે અચાનક ભૂલી ગયેલા ઓફિસના કાગળો લેવા આવ્યો. ત્યાં મારા માળાના બીજા બૈરાંઓની સાથે મારા પત્ની પણ જૂના કપડાંનો ઢગલો કરી ફેરિયા પાસેથી કાચની બરણી, પ્યાલા વગેરે લેતાં હતાં. મેં કહ્યું કે આ કપડાં તો સારાં છે. થોડાક સાંધવામાં આવે તો પહેરી શકાય તેમ છે. મારા મોટા કપડામાંથી બાબા અને બેબી માટે પેટી કરી શકાય. ખમીસના પાછળના ભાગમાંથી ચડી અને આગળના ભાગમાંથી નેપકીન બનાવી શકાય. આ ફેરિયો શું આપવાનો છે?

'મને ફુરસદ નથી એવા ગાભા વીખવાની! કરે છે મારી બલારાત! કરવું હોય તો કરો હાથે. હાથે થાય નહિ અને બીજાના માટે ઢાંકણી ભારે. આટલું કહેતાં દેવી ગળગળાં થઈ ગયાં. મેં વાત પડતી મુકી. ફેરીઓ એક બરણી અને બે રકાબી પ્યાલા આપીને કપડાં લઇને ચાલતો થયો. કપડાં સાંધવા, રફુ કરવાં તે કંઇ થોડા શાબાશી અપાવે કે બીજા વખાણે તેવા ગૃહઉદ્યોગ છે! તે માટે કંઇ થોડા નેતાઓ બોધ આપે છે!

* * * *

**મ**હિને આખરે મારાં પત્નીએ લપાતાં લપાતાં, ડરતાં ડરતાં રૂપિયા ૧૭ નું મોતી–સળી–જરી વગેરે ગૃહઉદ્યોગની સામગ્રીનું બિલ રજૂ કર્યું. ગૃહઉદ્યોગની કારીગરીનું પ્રદર્શન ઘરમાં પડયું હતું તેની કંઈ ના કહેવાય તેમ નહોતું. બિલ જોઇને વીજળીનો આંચકો લાગે તેમ થયું પણ ઉપાય શું? ચૂકવી આપ્યા. મારાં પત્ની ઝંખવાઇ ગયાં! મારો પગાર રૂપિયા ૫૫) જેમાંથી માંડમાંડ પૂરું થાય છે. મકાનભાડાના: રૂ. ૧૫, સરેરાસ ડોકટરને રૂપિયા પાંચ, રેલ્વેની પાસના પાંચ જતાં બાકી રૂપિયા ત્રીસ રહે છે જેમાંથી કપડાં, કેલવણી અને ગૃહવ્યવહાર ચલાવવો પડે છે. હું સમજ્યો કે ગૃહદેવી ગૃહઉદ્યોગ શીખશે તો જરૂર પાંચ દસ રૂપિયાનો વધારો થશે અને સુખેથી રહીશું, પરન્તુ મારા ગૃહઉદ્યોગે પંચાવનના ૩૮ કરી નાંખ્યા. છોકરીના ગૃહઉદ્યોગે તેમાંથી સાત ખેંચી લીધા, મામલો વિકટ બન્યો.

મારા પત્ની પણ સમજ્યાં. પણ થાય શું?

'હવે શું કરવું? કેમ આ મહિનો ચલાવવું?'

તારી બંગડી વેચીને કે મારી વીંટી વેચીને. આપણે થોડું ખેતર છે! ગૃહઉદ્યોગ આટલું નૈવેદ માગે ને!' ગૃહદેવી રડી પડયાં.

**વ્રજલાલ મેઘાણી**

---

# શ્રી મુંબઈ જૈન યુવકસંઘની
# સામાન્ય સભા

શ્રી મુંબઇ જૈન યુવકસંઘની સામાન્ય સભા તા૰ ૨૪–૧૨–૩૯ રવિવારના રોજ મળી હતી જે પ્રસંગે સંઘના બંધારણમાં કેટલાક મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યા હતા. આ ફેરફારોના પરિણામે વિભાગી કાર્યવાહક સમિતિઓ રદ કરવામાં આવી છે, અને એમ છતાં પણ બધા વિભાગોનું પૂરું પ્રતિબિંબ પડે એવી કાર્યવાહક સમિતિની રચના સ્વીકારવામાં આવી છે. કા. બા. સમિતિની નવી રચના મુજબ સંઘનાં પ્રમુખ એક વિભાગના હશે તો ઉપપ્રમુખ બીજા વિભાગના હશે અને બે મંત્રીઓ પણ ભિન્ન ભિન્ન વિભાગના રહેશે. આ ઉપરાંત કા. બા. સમિતિમાં ઓછામાં ઓછા ચાર સ્ત્રી સભ્યો ચૂંટવામાં આવશે.

સંઘનું વાર્ષિક લવાજમ પુરુષ સભ્ય માટે રૂ. ૨) ને બદલે રૂ. ૩) અને સ્ત્રી તેમજ વિદ્યાર્થી સભ્ય માટે રૂ. ૧) ને બદલે રૂ. ૨) નકકી કરવામાં આવ્યું છે.

વિશેષમાં 'પ્રબુધ્ધ જૈન' ચાલે ત્યાં સુધી સભ્યને વિના લવાજમે આપવાનું ઠરાવવામાં આવ્યું છે અને જે સભ્યે ગયા મે માસથી આવતા એપ્રીલ માસ સુધીનું 'પ્રબુધ્ધ જૈન' નું લવાજમ ભર્યું હોય તેને નવા વર્ષના સંઘના વધારેલા લવાજમમાંથી આઠ આના કાપી આપવા એમ નિર્ણય કરવામાં આવ્યો છે. અને સંઘની તરતમાં થનારી વાર્ષિક ચૂંટણી સુધારેલા બંધારણ અનુસાર કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

**મણિલાલ મોકમચંદ શાહ**
**વૃજલાલ ધ. મેઘાણી**
મંત્રીઓ

---

## ભૂલસુધાર

ગયા અંકમાં 'લીલોતરીનો ત્યાગ' એ નામના લેખમાં જ્યાં જ્યાં સમ્પકત્વ છપાયું છે ત્યાં ત્યાં **સમ્યકત્વ** વાંચવું તેમજ 'છેલ્લા વાચનાચાર્ય' એ નામના લેખમાં બીજા પારિગ્રાફની પહેલી લીટીમાં આગલો શબ્દ છે તે **આગમો** વાંચવું.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પિપલ પ્રેસ, ૧૩૮–૪૦, મેડોઝ સ્ટ્રીટ. મુંબઇ